આપણા મોટાભાઈ



આપણા
મોટા ભાઈ

મોટાભાઈના
સહુ ગુણાનુરાગી

યજ્ઞ પ્રકાશન
ભૂમિપુત્ર હુજરાતપાગા વડોદરા ૩૯૦૦૦૧

પ્રથમ આવૃત્તિ
એપ્રિલ ૨૦૦૬ પ્રત ૧૫૦૦

પ્રકાશક :
યજ્ઞ પ્રકાશન સમિતિ વતી જગદીશ શાહ
ભૂમિપુત્ર હુજરાતપાગા વડોદરા ૩૯૦ ૦૦૧

અન્ય પ્રાપ્તિ સ્થાન :
ગુજરાત સર્વોદય મંડળ
ગૂજરાત વિદ્યાપીઠ આશ્રમ રોડ અમદાવાદ ૩૮૦૦૧૪

મુદ્રક :
મધુ પેકેજિંગ
બહુચરાજી રોડ કારેલીબાગ વડોદરા ૩૯૦૦૧૮

૫૦ રૂપિયા

સંપાદકીય

'આપણા મોટાભાઈ' માટેનો અનવધિ આદર અને સ્નેહ આ પાનાંઓમાં છલકાય છે. 'મોટાભાઈ' હોવા માટેનો આદર અને 'આપણા' હોવા માટેનો સ્નેહ. આ મોટપ ન ઉંમરની છે, ન પદ કે પૈસાની છે, ન મોભ્ભાની કે સત્તાની છે. એ મોટપ છે, માણસાઈની, મૂઠી ઊંચેરા માનવી હોવાની. આ આપણાપણું ન લોહીની સગાઈનું છે, ન સંગઠનનું છે, ન કશા સ્વાર્થ કે લોભ-લાલચનું છે. આ આપણાપણું છે, સહૃદયતાભર્યા સંબંધનું, અવિચળ શ્રદ્ધાનું, પોતીકાપણાની અનુભૂતિનું. આને લીધે આદર ને સ્નેહથી છલોછલ અભિવ્યક્તિઓ આપણા મોટાભાઈ માટે આ બધાં પાનાંઓમાં થઈ છે.

આ બધી અંતરની અભિવ્યક્તિઓ પ્રત્યે પૂરો આદર ને માન જાળવીને આ ગ્રંથનું સંપાદન કરવાની કોશિશ મેં કરી છે. આમાં ખ્યાતનામ સિદ્ધહસ્ત લેખકો પણ છે અને જેમને લખવાની ક્યારેય ટેવ નહીં એવીયે વ્યક્તિઓ છે. એ બધાંને જ સમુચિત ન્યાય આપવાનો પ્રયાસ અહીં કર્યો છે.

મોટાભાઈનું જીવન કેટલાય માટે ખરેખર ઘણું પ્રેરણા રૂપ બની રહ્યું છે. એ બધાંએ પ્રેરણામૂર્તિ, પારસમણિ વગેરે કહીને પોતાનું ઋણ વ્યક્ત કર્યું છે. કોઈક નાનકડો પ્રસંગ, કોઈક નાનકડું વચન, કોઈક સામાન્ય સલાહ પણ ઘણું મોટું કામ કરી ગઈ છે.

તેમાંયે મોટાભાઈએ જરીક આંગળી ચીંધી અને કેટલાકના જીવનના રાહ એકદમ બદલાઈ ગયા. વસંતભાઈ, રમીલાબહેન, શ્યામસુંદર અને માલતીબહેને આની વાત ભારોભાર ભાવના ને ઉષ્મા સાથે અહીં કરી છે. સત્ય, પ્રેમ, આત્મીયતા વગેરે જ્યારે કોઈકના વ્યક્તિત્વમાં ઘનીભૂત થઈ જાય છે, ત્યારે એ વ્યક્તિત્વ તેના સંપર્કમાં આવનારાને અનાયાસ ઘણી પ્રેરણા આપી જાય છે. સાચૂકલા આદર ને સ્નેહની ગંગોત્રી પણ આ જ છે.

અને આદર ને સ્નેહ પોતાનામાં પૂરેપૂરો ઘનીભૂત થઈ જાય ત્યારે ? ત્યારે અનાયાસ અંતરતમમાંથી ડૉ. વસંત પરીખ જેવી અનેરી અભિવ્યક્તિ નીપજે છે. રતનબહેન માટેનો એમનો લેખ આનું સમોજ્જવલ ઉદાહરણ છે. ત્રણેક વરસ પહેલાં ખુદ મોટાભાઈએ વિસનગરથી વડનગર જઈ આ લેખ માટે વસંતભાઈને પ્રેમથી થાબડેલા. તેમાં રતનબહેનના વ્યક્તિત્વનું સર્વાંગી નિરુપણ સાહિત્યની દૃષ્ટિએ પણ ઘણું ઊંચેરું છે, પણ તેમાં એક વ્યક્તિનો બીજી વ્યક્તિ માટેનો સ્નેહ-આદર જ્યારે પોતાના રોમ રોમમાં પચી ગયો હોય, ત્યારે હૈયું કેવું કૂજી ઊઠે છે અને વક્તવ્ય કેવું હૃદયંગમ બની જાય છે, તેનું આ ઉદાહરણ છે. માનવ-સંબંધોનું આ અમૃત છે. મોટાભાઈ માટેનો પણ વસંતભાઈનો આવો જ સ્નેહ-આદરભર્યો ભાવ —તામ્રપત્ર મળ્યાનો અહેસાસ અનુભવતો.

સામાન્ય રીતે સમાજ-સેવક બહાર તો ઘણો સ્નેહ-આદર પામતો હોય, પણ ઘરમાં તેની ઊણપ વરતાતી હોય છે. કમ સે કમ બહારનાઓથી અદકેરો તો મોટે ભાગે નહીં જ. પરંતુ અહીં એવું જણાય છે કે કૌટુંબિક સ્વજનોનો મોટાભાઈ માટેનો સ્નેહ-આદર જરીકે ઊણો ઊતરે એવો તો નથી જ, પરંતુ અત્યંત નિકટથી ચોવીસે કલાક એમને જોયા-જાણ્યા પછીયે બે મૂઠી ચઢે એવો જ જણાય છે. તેના વિના આવડા મોટા સોથીયે વધારે સભ્યવાળા બહોળા કુટુંબમાં પરિવાર-મિલનની પરંપરા આટલાં વરસોનાં વરસ અખંડ ચાલી ન હોત. ભાઈ મિહિરકેટલા સંતોષ ને સમાધાનથી લખે છે! —"આનાથી અમને કેટકેટલું મળ્યું છે !..... જીવનના પરોઢથી આજ સુધી પરિવાર-મિલનથી દીક્ષિત થતો આવ્યો છું." નાનુભાઈનાં પત્ની વિદ્યાબહેને પણ કેટલી તૃપ્તિ ને હૈયા ઊલટથી લખ્યું છે ! —'સાર્થક કર્યું બિરુદ મોટાભાઈનું'. પોતાને ખૂબ ગમતા ને વહાલા લાગતા દાદા વિશે પૌત્રી ધેનુ કેવી ઉલ્લાસભેર કહે છે ! —'એક ઉત્તમ મિત્ર જેવા'. અને પેલો ગટુજી વિતાનિયો ! થોડું ખાટું-મીઠું પીરસીને છેવટે તો એમ જ કહેશે —"મારા દાદા એટલે બસ, મારા દાદા !"

દૂરે તેમ જ અન્તિકે જે વ્યક્તિ આવો સમાદર-સ્નેહભાવ મેળવી શકી છે, તે ખરે જ આદર-સ્નેહને ઉજાળી શકી છે અને તેની ઉચિત ભાજન બની શકી છે, એમ કહી શકાય.

મહેસાણામાં સર્વોદયનો બૃહદ્ પરિવાર વિસ્તર્યો છે, તેનું વર્ણન ઘણા મિત્રોએ સુચારુપણે કર્યું છે, અને તેનું શ્રેય મોટાભાઈને જ છે, એમ નોંધ્યું છે. અનેક મિત્રોએ નાના-નાના પ્રસંગો ને કિસ્સાઓ ને સંસ્મરણો વગેરે ટાંકીને આમાં સાખ પૂરી છે. આ બધું મોટાભાઈના માર્ગદર્શનમાં જ થતું

રહ્યું છે. મોટાભાઈના નેજા હેઠળ પાંગરતી ને પરિપુષ્ટ થતી રહેલી મહેસાણા જિલ્લાની સર્વોદયની વિધવિધ પ્રવૃત્તિઓનું મનભર વર્ણન ઘણી ઝીણવટથી ઈશ્વરભાઈએ અને જયંતભાઈ ભાવસારે કર્યું છે. એક સંનિષ્ઠ, સક્રિય અને સન્માનિત વ્યક્તિત્વ બીજા કેટલા બધાને સક્રિય રાખી શકે છે !

મોટાભાઈની રાહબરી હેઠળ ભરૂચ જિલ્લામાં લાંબા વખત સુધી એકધારું જે સઘન કામ થયું, તેની સરસ ઝાંખી જમુબહેન ચૌધરીએ કરાવી છે. દૂર મુંબઈમાંયે જે થોડુંક કામ થયું, તેની વાત સુરેશ મણિયારે કરી છે. આવી જ રીતે વડોદરા શહેરમાં સર્વોદયનગરી બનાવવા સંદર્ભે જે કામ થયેલું તથા ગુજરાત આખામાં ઘૂમી વળીને ગ્રામદાનનું તૂફાન અભિયાન ચાર-પાંચ વરસ ચાલેલું, તેનું વિગતે વિવરણ કરવા જેવું હતું, પણ તે થયું નથી. એટલી ઊણપ રહી ગઈ. મારે મન મોટાભાઈનું સૌમ્ય, સહજ, આડંબરવિહીન છતાં અત્યંત સક્રિય, સતેજ ને પ્રેરક નેતૃત્વ આ ગાળામાં જ ખીલી ઊઠેલું. એવી જ રીતે રાકુ કેન્દ્ર દ્વારા થયેલા તાજેતરના કામનું વિવરણ પણ કંઈક પાંખું રહ્યું છે. મોટાભાઈના આ ગાળાનો ગ્રામસ્વરાજનો જપયજ્ઞ અને અવિરત પુરુષાર્થ હજી વધારે ઘૂંટાવો જોઈતો હતો.

આ ઉપરાંત, જરીક સૂક્ષ્મમાં જઈને અંતરમાં અવગાહન કરી થોડુંક મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરવાની કોશિશ થઈ છે, તે રસપ્રદ છે. વિઠ્ઠલભાઈ પ્રજાપતિએ મોટાભાઈની મનોભૂમિકાને સમજવા-સમજાવવાનો સરસ પ્રયાસ કર્યો છે. પોતાનો પરિચય હજી પર્યાપ્ત નથી એવા સ્વીકાર સાથે એમણે તારણ કાઢ્યું છે કે મોટાભાઈ આજે નિર્ગ્રંથ અવસ્થાને કદાચ પામ્યા છે. રમેશ સંઘવી પણ કહે છે : ''આ વ્યક્તિ મનમાંથી અ-મન પ્રતિ જાણે ગતિ કરી રહી છે.''

આવા આપણા મોટાભાઈની ભીતરમાંથી પાંગરતી જીવનકળાનું અને એમના વ્યક્તિત્વને સદાય સીંચતા રહેતા અંત:સ્રોતનું સુચારુ આલેખન વિધવિધ ક્ષેત્રોની વિધવિધ દૃષ્ટિકોણ ને વલણ ધરાવતી વિધવિધ વ્યક્તિઓએ કર્યું છે. તેમાં અનેકવિધ રીતે મોટાભાઈનું ગુણકીર્તન થયેલું છે. તેમાં ઔપચારિકતા નહીં, અંતરની ઉષ્મા છે.

અલબત્ત, બે-ત્રણ નારાજીના, કચવાટના ને અસહમતિના સૂર જરૂર ઊઠ્યા છે — નામોના સન્માન-સમારંભમાં હાજરી આપવા અંગેના. એ બાબત વિવાદાસ્પદ જરૂર છે. ખુદ મોટાભાઈએ એ સમારંભ બાદ અઢી-ત્રણ મહિના પછી તા. ૧૯-૯-૨૦૦૨ની પોતાની ડાયરીમાં નોંધ્યું છે : ''નરેન્દ્ર મોદી વિશે તેની ઘણી ઊણપો દેખાઈ છે. તેના લીધે મુસલમાનોની ઘણી મોટી હત્યાઓ થઈ છે. સમદૃષ્ટિ ન રખાઈ —મુખ્ય પ્રધાન હોવા છતાં.''

આ સિવાય આ પાનાંઓમાં ગુણકીર્તન જ ગુણકીર્તન છે. અને એ જીરવી શકે એવું આપણા મોટાભાઈનું વ્યક્તિત્વ છે. ગ્રંથના આરંભમાં જ ૧૯૬૭નો પ્રસંગ નોંધાયો છે, જ્યારે વન-પ્રવેશ નિમિત્તે મોટાભાઈનું અભિવાદન થયેલું. દાદા ધર્માધિકારીએ ત્યારે કહેલું : ''આટલી બધી વાતો એમના વિશે કહેવાઈ. પણ મેં ન તો એમને સંકોચથી સંકોડાતા જોયા, ન ખુશીથી ફુલાતા જોયા. આ જે સહજતા હતી, તે સહજતાની મારા પર બહુ અસર થઈ. એમના ભાષણમાંયે કોઈ કૃત્રિમ વિનય નહોતો, અથવા કોઈ હર્ષ પણ નહોતો કે આટઆટલી વાતો મારા વિશે કહેવામાં આવી. આ સહજતાનું જીવનમાં ઘણું મોટું સ્થાન છે. આ સહજતામાંથી જે કાર્ય થાય છે, તે કાર્યથી જ આત્મોન્નતિ થાય છે.''

આજે બીજા ચારેક દાયકા બાદ તો આપણા મોટાભાઈની આ અવસ્થા વિશેષ પરિપક્વ બની છે. એટલે જ એમનું આ ગુણકીર્તન અંતતોગત્વા જે વિચાર અને કાર્ય સદાય પ્રતિ ક્ષણ એમના હૈયે છે, તે વિચાર અને કાર્યનું જ ગુણકીર્તન બની રહે છે.

ભાઈ મિહિરે અમને રોકેલા. છતાં તેની ઉપરવટ જઈને પણ અમે આ કાર્ય પાર પાડવાનું મુનાસિબ માન્યું, તે આવી શ્રદ્ધા ને વિશ્વાસને કારણે જ. અમને શ્રદ્ધા હતી કે આ એક ચીલાચાલુ ઔપચારિક સન્માન-ગ્રંથ કે અભિનંદન-ગ્રંથ નહીં બને, પણ મોટાભાઈની સાત્ત્વિક, સમત્વશીલ રાહબરી હેઠળ ગાંધીની હત્યા બાદ વિનોબાકાળમાં ને ત્યાર બાદ આપણે સહુએ 'સર્વોદય' માટે જે મથામણ કરી છે, તેનું જ આ એક નાનકડું આલેખન સંભારણા રૂપ, પ્રેરણારૂપ ને દિશા-સૂચન રૂપ બની રહેશે. હું માનું છું કે ગ્રંથનું આ અંતિમ સ્વરૂપ મહદ્ અંશે આવું જ બની રહ્યું છે.

ભાઈ મિહિરની વાત તેની જગ્યાએ ઉચિત હતી અને આજે પણ છે. તા. ૨૮-૩-૨૦૦૫ના રોજ એક પત્ર લખીને મિહિરે જણાવેલું કે આપણે ભાવના ને લાગણીના પ્રવાહમાં તણાઈ જઈને આપણા એક એક સાથીના આવા ગ્રંથો પ્રગટ

કરવા પાછળ ન પડવું જોઈએ. છેવટે તો આપણા બધાંનો પ્રેરણા-સ્રોત ગાંધી-વિનોબા જ છે. તો પછી ગાંધી-વિનોબાના વિચારો ને કાર્યોને જ સમાજ સમક્ષ મૂકતા રહીએ અને આગળ વધારતા રહીએ. થડને જ પકડીએ. ડાળાં-પાંખળાઓને બહુ રંગી-વર્ણવીને સમાજ સમક્ષ મૂકવાનો શો અર્થ ? તેમાં આપણાં સમય-શક્તિ-અર્થનો વ્યય શું કામ કરીએ ? આપણે તો મૂલ્યો આધારિત જીવન જીવવામાં જ માનીએ છીએ, તો આપણા અસ્તિત્વના લીસોટા સચવાઈ રહે એવો પ્રયત્ન શું કામ કરીએ ? એવી ખોટી પ્રણાલિકા ને પરંપરા ઊભી ન જ કરીએ.

મિહિરભાઈના આ વિચારો ખરે જ ચિંતનીય છે અને અમારા દિલમાં તેની ભારે કદર છે. આ ગ્રંથની રચના તેમ જ સંપાદનમાં આ વિચારો ને વલણ અમને ઠીક ઠીક આંગળી ચીંધ્યા રૂપ પણ બન્યાં છે. મોટાભાઈના જીવન-કવનનું ચિત્રણ આખરે તો ગાંધી-વિનોબાના વિચારો ને કાર્યોનું જ વિવરણ બની રહે, એવી અમારી નેમ ને કોશિશ રહી છે. ગુજરાતમાં મોટાભાઈ આ કાર્યના મોભી-અગ્રણી અને પ્રતિનિધિ સ્વરૂપ રહ્યા છે. એમના જીવન-કવનમાં આ કાર્યનું સગુણ-સાકાર રૂપ પ્રગટ થયું છે. એટલે એમને કેન્દ્રમાં રાખીને આ ગ્રંથ રચાયો છે, તે પણ યોગ્ય જ થયું છે. તેને લીધે આમાં સ્વાભાવિકપણે એમનો ગુણાનુવાદ આવી જાય છે. પરંતુ સરવાળે તો એમના જીવન-કવન દ્વારા એમના પોતાના જીવનમાં આત્મસાત્ થઈ ગયેલ સર્વોદય વિચાર અને સર્વોદય પ્રવૃત્તિઓના જ આલેખન રૂપ આ ગ્રંથ બન્યો છે.

નારાયણભાઈએ મોટાભાઈને યથાર્થપણે સર્વોદયના અગ્નિહોત્રી કહ્યા છે અને કાન્તિભાઈએ 'વિનોબાના વાણોતર'. રજનીભાઈએ પણ એમને અગ્નિહોત્રી જ કહ્યા છે. પરંતુ એમણે સાથોસાથ સર્વોદય વિચારને જગતના ચોકમાં ખડો કરી દઈને 'અગ્નિહોત્રીના હવનકુંડમાંના અગ્નિને પ્રજ્વલિત રાખવા' –ની સહુને હાકલ કરી છે તથા તે અંગેનું પોતાનું ચિંતન અને ચિંતા રજૂ કરી છે. આમ કરીને એમણે વર્તમાન સાથેનો અનુબંધ પણ જોડી આપ્યો છે. એવા અનુબંધ વિના આવા ગ્રંથોનું ઔચિત્ય એટલું ઓછું થઈ જાય.

મોટાભાઈના પત્રો અને ડાયરીઓમાંથી જે સામગ્રી ગ્રંથમાં અપાઈ છે, તે ઘણી વાંચનીય છે. પત્રો તો ઘણા હશે, પણ બધાં પાસેથી તે મેળવી શકાયા નથી. અહીં અપાયા છે, તે થોડાક નમૂનારૂપ પત્રો છે. ડાયરીઓ પણ માત્ર ૧૯ વરસની જ ઉપલબ્ધ થઈ છે. પરંતુ તેમાંથી સારવીને જેટલું આપી શકાયું છે, તે આપણને મોટાભાઈનો અંતરંગ પરિચય કરાવી જાય છે અને ઘણું રોચક, રસપ્રદ ને બોધપ્રદ વાંચન પૂરું પાડી જાય છે. તેમાં સતત અંતર-નિરીક્ષણની તેમજ સમાજ-પરિવર્તન માટેનાં કાર્યો તેમજ કાર્યપદ્ધતિની ખોજની એક અસ્ખલિત સેર પણ જોવા મળે છે.

આવા આ ગ્રંથનું સંપાદન-કાર્ય આજે પૂરું થાય છે, ત્યારે ઘણી બધી હળવાશ અનુભવાય છે. દોઢેક વરસથી આ ગ્રંથની વાત ચાલી રહી હતી. તેના સંપાદનની જવાબદારી અદા કરવાની છે, તેનું ભાન સતત રહ્યા કરતું હતું. તેમ છતાં અન્ય વ્યસ્તતાઓને કારણે આ કામ હાથમાં લેવાતું નહોતું. તેમાં હમણાં તો વધારે ઊંડા અધ્યયન-લેખનના કાર્યમાં ગરકાવ થઈ ગયો છું. એટલે આ કામ ઠેલાતું જતું હતું, અને હરવિલાસબહેન પાછળ ન પડ્યાં હોત તો હજીયે ઠેલાતું રહેત. પરંતુ હમણાંની હરવિલાસબહેને રઢ જ લીધી —બસ, બીજું બધું બાજુએ મૂકીને આને જ પ્રાથમિકતા અપાવી જોઈએ. એટલે દોઢ-બે મહિનાથી મારે આ કામ સાથે ઓતપ્રોત થઈ જવાનું થયું. તેમાં જ ડૂબી ગયો. ઊઠતાં-બેસતાં, સૂતાં-જાગતાં આનું જ ચિંતન. આમ, આજે આ ગ્રંથ આવી રીતે તૈયાર કરીને સમાજ સમક્ષ મૂકી શકાયો છે, તેનું ઘણું બધું શ્રેય બહેનને ફાળે જાય છે.

આ કામ છેવટે પાર પડી શક્યું, તેથી ઘણી બધી હળવાશ અનુભવાય છે. મારે કહેવું જોઈએ કે આ સંપાદન-કાર્યના આ બધા દિવસો મારા માટે ઘણા ખુશી-આનંદના દિવસો રહ્યા છે. ઉદાત્ત જીવનનો અને ઉદાત્ત વિચારોનો સતત પળેપળ સત્સંગ રહ્યો. તેણે મને પાવન કર્યો છે અને વધુ સમજુ-શાણો કર્યો છે. મને ખાતરી છે કે ગ્રંથના સહુ વાચકોને પણ આવો સત્સંગ-લાભ થશે.

આ ગ્રંથ માટે એક સમિતિ રચાયેલી. તેમાં સર્વશ્રી ઈશ્વરભાઈ પટેલ, શ્યામસુંદર પરીખ, કાન્તિભાઈ, જગદીશ શાહ, અમૃત મોદી, રઘુવીર ચૌધરી, વિક્રમ સવાઈ અને કનુભાઈ રાવલ હતા. તે સહુનો આમાં સાથ-સહકાર મળ્યો છે.

મોટાભાઈના આપણ સહુ ગુણાનુરાગી વતિ આ ગ્રંથ સમાજને ચરણે ધરું છું.

પિંડવળ, ૨૦ માર્ચ ૨૦૦૬ **– કાન્તિ શાહ**

અનુક્રમ

સાધો, સહજ સમાધ ભલી !

ફૂલ તો એની ફોરમ ઢોળી રાજી !	દાદા ધર્માધિકારી	૧
બૃહદ્ પરિવારમાં બોલાતું નામ — ननन	ડૉ. વસંત પરીખ	૩
મારી રતન અને દ્વારકાદાસ	શર્મિષ્ઠાબહેન પટેલ	૫

સર્વોદયના અગ્નિહોત્રી

યજ્ઞનો અગ્નિ અખંડ પ્રજ્વલિત	નારાયણ દેસાઈ	૬
વિનોબાના વાણોતર	કાન્તિ શાહ	૭
સર્વોદય વિચાર હવે વિશ્વચોકમાં	રજની દવે	૯

યાત્રી ગાંધીચીંધ્યા પથના (સંકલિત) ૧૪

ઘસી જાત, ફેલાવી સુવાસ

વિરલ દંપતીની થોડી નજીકથી ઝાંખી	શ્યામસુંદર પરીખ	૨૧
સહયાત્રીની નોંધપોથીમાંથી	અમૃત મોદી	૨૪

અમારા સહુના મોટાભાઈ

નિર્ગ્રંથ વ્યક્તિત્વ	જગદીશ શાહ	૩૦
વરિષ્ઠ સાથી	મીરા ભટ્ટ	૩૩
સૌજન્યમૂર્તિ	હરવિલાસબહેન	૩૫

સદાય સીંચતો અંત:સ્રોત

અધ્યાત્મ-પ્રવણ વ્યક્તિત્વ	ચુનીભાઈ વૈદ્ય	૩૮
માનવતાનો સિક્કો જ બસ છે !	બદ્રીભાઈ જોષી	૪૦
ડૉક્ટરસાહેબની મનનીય વાતો	સુખાભાઈ રાવળ	૪૨

ગરીબોના હામી

કચડાયેલા-દબાયેલા કાજે ઊકળતો લાવા !	કીર્તિભાઈ પંડ્યા	૪૩
નિરંતર ગરીબોનું જ ચિંતન	ડાહ્યાભાઈ પટેલ	૪૫
માણસોનાં હૃદયમાં પ્રવેશ મેળવવો છે	રસિકલાલ દવે	૪૬

અવગાહન થોડુંક અંતરમાં

જોષીસાહેબની મનોભૂમિકા : એક આચમન	વિઠ્ઠલભાઈ પ્રજાપતિ	૪૭
મન રે મૂકીને તમે આવો મેદાનમાં !	રમેશ સંઘવી	૪૯
સંચાર કરો સકલ કર્મે, શાંત તોમાર છંદ !	લાલજીભાઈ પટેલ	૫૦
યથાર્થ મૂલ્યાંકન થવું ઘટે	સુરેશ સોની	૫૨

અમને જીવનનો રાહ ચીંધ્યો

નિમણૂક-પત્ર નહીં, તામ્રપત્ર	ડૉ. વસંત પરીખ	૫૩
સર્વમંગલમ્ પથે સંચરી	રમીલાબહેન ગાંધી	૫૪
સંતના સાંનિધ્યે જીવન ઉજાળી શકી	માલતીબહેન ચૌધરી	૫૫
સેવાધર્મની મને દીક્ષા મળી	શ્યામસુંદર પરીખ	૫૮

ભીતરમાંથી પાંગરતી જીવનકળા

'એકત્વ કા દર્શન નિરંતર જો કરે !'	મંજુલા શાહ	૬૦
પ્રસન્નચિત્ત યજ્ઞમય જીવન	કરસનદાસ વાછાણી	૬૧
પ્રસન્નાત્મા	ઉષા વોરા	૬૨
સોનાની શલાકા	પ્રવીણા દેસાઈ	૬૨
કોઈનો ન પડે પડછાયો	ભાવિની	૬૪
ભીતર-બાહર એક હી જનો !	હીરાભાઈ	૬૪
સાકર અને તેની મીઠાશ	હીરજીભાઈ પટેલ	૬૫

તદપિ તવ ગુણાનામ્ પારં ન યાતિ

નમ્રતાની સાક્ષાત્ મૂર્તિ સમા	જયાબહેન શાહ	૬૬
મહારાજની હરોળના	દેવેન્દ્રકુમાર દેસાઈ	૬૭
સૌમ્ય મૂર્તિ જોષીસાહેબ	ભીખુ વ્યાસ	૬૮
સાચા સેવક ને સાચા આગેવાન	હરિવલ્લભ પરીખ	૬૮
દીપકે અનેક દીપકો પ્રગટાવ્યા	ગિજુભાઈ ત્રિવેદી	૬૯
ગ્રામસંસ્કૃતિના અઠંગ ઉપાસક	પરમાનંદ રાવલ	૬૯
સેવાની સુગંધ	કરસનભાઈ	૬૯
અનેરો પ્રેરણાસ્રોત	કાન્તિ દેસાઈ	૭૦
પ્રેરણાદાયી વ્યક્તિત્વ	કાન્તિભાઈ ત્રિવેદી	૭૦

વિધ વિધ નજરે

કેટલાક યાદગાર પ્રસંગો	રઘુવીર ચૌધરી	૭૧
અજાતશત્રુ એવા ડૉ. જોષી	ઈશ્વરભાઈ પટેલ	૭૪
પુણ્યશ્લોક દંપતી	ગોવિંદભાઈ રાવલ	૭૫
મને લકુંબો જરૂર મળ્યો	હરીશ વ્યાસ	૭૭
ઉચ્ચ કક્ષાના ગાંધીવાદી	જશવંત દાણી	૭૮
આપણા સાચા રાહબર	હરિભાઈ ચૌધરી	૭૯
સુગંધનું સરનામું — જોષીસાહેબ	શંકરભાઈ ચૌધરી	૭૯
સત્ત્વગુણી સૌમ્ય વ્યક્તિત્વ	ડૉ. બચુભાઈ આચાર્ય	૮૦
સાદાઈ-સચ્ચાઈ ને આચરણના માણસ	બુદ્ધિધન ત્રિવેદી	૮૧
હે દ્વારકેશ !	ધેમરભાઈ	૮૨

કેટલાંક સંસ્મરણો

ખોટું કામ કરતા નહીં	કાન્તિલાલ ગુરુ	૮૩
દ્વારિકાના દાસને વંદન !	મનુ પંડિત	૮૩
એ ધન્ય પળ !	બેચરભાઈ ઘોણિયા	૮૫
અમે એક જ તાંસળીમાં ખાધું	મણિભાઈ સંઘવી	૮૫
સ્વાધ્યાય-પત્રોનો સુધારસ	રાજુ-દીપ્તિ	૮૬
માણસની પરખ વર્તનથી	સરલાબેન દવે	૮૬
— તો કેવી મજા !	સુમનભાઈ વ્યાસ	૮૭
ડૉક્ટરસાહેબના આશીર્વાદ મળ્યા	સાવિત્રી વ્યાસ	૮૭
તેન ત્યક્તેન ભુંજીથા:	સુરેશભાઈ ભાવસાર	૮૮
કામ સિવાયની આલતુફાલતુ વાતો નહીં	નટવરલાલ રાવળ	૯૦

અમારો બૃહદ્ સર્વોદય પરિવાર

આનું શ્રેય ડૉક્ટરસાહેબને	ધેમરભાઈ ચૌધરી	૯૧
ઝીલીઆ અને જોષીસાહેબ	માલજીભાઈ દેસાઈ	૯૨
ગ્રામસ્વરાજનો મંત્ર ગુંજતો રાખ્યો	કાન્તિભાઈ શાહ	૯૩
જિલ્લા સર્વોદય મંડળની જવાબદારી	રામજીભાઈ પટેલ	૯૪
સતત માર્ગદર્શન	વસંતભાઈ શાહ	૯૫
ભગવાં વિનાના સાધુ	શંભુભાઈ યોગી	૯૬
સત્પુરુષની ઓળખ	સઈબેન પટેલ	૯૭
શ્રદ્ધાનો કળશ	મહેન્દ્ર પટેલ	૯૭
ગુજરાતના ને દેશનાયે	ડૉ. રજનીકાન્ત જોષી	૯૮
ગુજરાત ને ભારતનું ગૌરવ	રાજાભાઈ – આયશાબેન	૯૯
વડનગર કો ધન્ય બનાયો !	કવિ ચિમનલાલ મોદી	૯૯

પારસમણિના સ્પર્શે

રગેરગમાં વ્યાપી ગયેલ સુસંસ્કારો	હરિપ્રસાદ પટેલ	૧૦૦
સાચા સંતપુરુષ	જયંત ભાવસાર	૧૦૧
એમની પ્રેરણા મળતી રહી છે	ગોપાલભાઈ પટેલ	૧૦૩
જીવનનું ખરું શિક્ષણ પામ્યો	મફતભાઈ પટેલ	૧૦૩
આ બધું જોષીસાહેબના જ પ્રતાપે	પશાભાઈ સોલંકી	૧૦૪
એના કદમ કદમ પર કાશી	શંકરભાઈ ચૌધરી	૧૦૫

મોટાભાઈની રાહબરી હેઠળ

ભરૂચ જિલ્લામાં	જમુબહેન ચૌધરી	૧૦૬
થોડુંક મુંબઈમાં	સુરેશ મણિયાર	૧૦૮

ફૂલ તો એની ફોરમ ઢોળી રાજી !

(૧૯૬૭નું વરસ. ગુજરાતના સહુ કાર્યકર-મિત્રોનું એક મિલન દાદા ધર્માધિકારીના સાંનિધ્યમાં તા. ૧૩-૧૪-૧૫ ફેબ્રુઆરીએ સંસ્કાર તીર્થ, આન્ધેલમાં રાખેલું. જોગાનુજોગ તા. ૧૪ ફેબ્રુઆરીએ વસંતપંચમી —ડૉ. જોષીનો જન્મ-દિવસ. એમને ૫૦ વરસ પૂરાં થયાં. ડૉક્ટરના વન-પ્રવેશ નિમિત્તે સંસ્કારતીર્થનાં ધર્મિષ્ઠાબહેન અને બાબુભાઈએ અમારી અને સંસ્થાના સહુ ભાઈ-બહેનો સાથે એક નાનકડો ઉત્સવ ઊજવ્યો. સમારંભમાં થોડા મિત્રો બોલ્યા. ડૉક્ટરે પ્રતિભાવ આપ્યો. છેવટે દાદાએ સમારોપ કર્યો. તે દિવસનું દાદાનું વકતવ્ય નીચે આપ્યું છે.

આજે ૪૦ વરસે પણ દાદાની વાતો એટલી જ પ્રસ્તુત જણાય છે. ગ્રંથનો આરંભ દાદાના આશીર્વચનથી કરીએ.)

ડૉક્ટર દ્વારકાદાસ જોષી અંગે સહુ મિત્રોએ સ્વયંસ્ફૂર્તિથી જે બધું કહ્યું તે સાંભળી મેં ઘણી ધન્યતા અનુભવી. અને અધિક ધન્યતા તો એમના પોતાના ભાષણથી અનુભવી. આટલી બધી વાતો એમના વિશે કહેવાઈ. પણ મેં ન તો એમને સંકોચથી સંકોડાતા જોયા, ન ખુશીથી ફુલાતા જોયા. આ જે સહજતા હતી, તે સહજતાની મારા પર બહુ અસર થઈ. આ સહજતામાં ઘણી શક્તિ છે. એમના ભાષણમાંયે કોઈ કૃત્રિમ વિનય નહોતો, અથવા કોઈ હર્ષ પણ નહોતો કે આટઆટલી વાતો મારા વિશે કહેવામાં આવી. આ સહજતાનું માણસના જીવનમાં ઘણું મોટું સ્થાન છે. આ સહજતામાંથી જે કાર્ય થાય છે, તે કાર્યથી જ આત્મોન્નતિ થાય છે.

બીજી એક વાત હું વિચારી રહ્યો હતો. શું આપણે ડૉક્ટર સાહેબને એમની ઉંમરનું ભાન કરાવવા સારુ આ ઉત્સવ ઊજવ્યો ? સહજતામાં કાળનું ભાન નથી હોતું. જે જીવનમાં કાળનું ભાન હોય છે, તે જીવનને કાળવશ જીવન કહે છે. કાળવશ જીવનમાં જીવન ક્ષીણ થતું જાય છે અને કાળની પ્રતીતિ, તેને વિશેની સભાનતા વધતી જાય છે. કાલ: ક્રીડતી, ગચ્છતિ આયુ: એમ શંકરાચાર્યે કહ્યું છે. કાળને મન ખેલ થાય છે, અને આપણો જાન જાય છે, આપણું જીવન ક્ષીણ થતું જાય છે.

ભૂદાન-ગ્રામદાન આધ્યાત્મિક કાર્ય છે. તેમાં ક્રાંતિની, સમાજ-પરિવર્તનની વાત છે. આપણા કામનો સાર એ છે કે તમે, હું બધા એક છીએ. આપણા સહુનું જીવન એકરૂપ હોવું જોઈએ. કોઈ સુખી અને કોઈ દુ:ખી, એવો ભેદ સમાજમાં હોય, એ ઇષ્ટ નથી. તે આત્મજ્ઞાનની વિરુદ્ધ છે. આવા ભેદ બધા ખતમ કરવા માટે જ આ આંદોલન છે. તેથી મૂળમાં આ આધ્યાત્મિક આંદોલન છે. હું સર્વમાં છું અને સર્વ મારામાં છે, એવો એકત્વનો રંગ આપણે દુનિયા પર ચઢાવવો છે.

જેને આપણે સર્વોદય વિચાર કહીએ છીએ, તે આ પહેલાંના કોઈ પણ આધ્યાત્મિક વિચારથી ઓછો ઊંડો નથી.

૦ વિનોબા ૦

સૈનિક અંગે એમ કહેવાય છે કે તે મૃત્યુના રાજ્યનો નાગરિક છે. પણ સમય પાસેથી તે કોઈ પ્રકારનો લાભ નથી ઇચ્છતો. જે માણસ સમય સાથે તડજોડ કરે છે, તેને સમયનું ભાન રહે છે. તેના જીવનમાં સમય કાળ બનીને ખડો થાય છે, અને જીવનનું સતત ભક્ષણ કરતો રહે છે. પરંતુ જે માણસ સમય સાથે આવી તડજોડ નથી કરતો, તેના માર્ગમાં સમય વચ્ચે નથી આવતો. જ્યાં સહજતા હશે, ત્યાં સમયનું ભાન નહીં હોય. માટે તમારે ને મારે, સહુએ આજે એવી પ્રાર્થના કરવી જોઈએ કે ડૉક્ટરના જીવનમાં સમયનું ભાન ન આવે, તથા સમય સાથે કોઈ પ્રકારની તડજોડ કરવાની વૃત્તિ, આવશ્યકતા કે પ્રસંગ ન આવે.

ખરું જોતાં, આજનો અવસર એમના અભિનંદન માટેનો નહીં, પણ આપણા અભિનંદન માટેનો છે. આપણે આપણને પોતાને અભિનંદન આપવાં જોઈએ કે એમના જેવી વ્યક્તિ આપણી વચ્ચે છે, અને આપણી વચ્ચે આપણા જેવી થઈને રહી છે. એ દૃષ્ટિએ આપણે આપણને પોતાને અભિનંદન આપવાં જોઈએ.

એમણે હમણાં કહ્યું કે અત્યાર સુધીનું મારું જીવન સ્વાભાવિકપણે વીત્યું છે. બબલભાઈએ પણ આ સ્વાભાવિકપણાનો ઉલ્લેખ કર્યો. ત્યારે આ સ્વાભાવિકતા વચ્ચે આપણે શું એમ કહીએ કે તમે ૧૦૦ વરસ જીવો ? ઋષિએ પ્રાર્થના કરી છે કે અમે ૧૦૦ વર્ષ જીવીએ, ૧૦૦ વરસ સાંભળીએ, ૧૦૦ વર્ષ જોઈએ, અર્થાત્ આ બધી સાબૂત શક્તિઓ સાથે અમે ૧૦૦ વર્ષ જીવીએ. પરંતુ એ પણ સાર્થક ક્યારે કહેવાય ? તો કહે, ૧૦૦ વર્ષ સુધી અમે અ-દીન રહીએ. કાળની સામે અમે નમીએ નહીં. કોઈ પણ પ્રકારનું દૈન્ય અમારામાં ન આવે, દીનતા ન આવે. તો જ તો આ બધી શક્તિઓનો આપણે લાભ લઈ શકીશું. આ બધું ત્યારે થઈ શકે, જ્યારે માણસની વયમર્યાદાનું તેને ભાન ન હોય.

વૃદ્ધાવસ્થા એક ચીજ છે, અને જરા બીજી ચીજ. વૃદ્ધ શબ્દ જે ધાતુ પરથી બન્યો છે, તેનો અર્થ છે વૃદ્ધિ થવી, વિકાસ થવો. ઉંમર વધતી જાય છે, જીવન પણ આગળ વધતું જાય છે. આજેયે ઘણા મહાપુરુષ એવા હશે, જેઓ તમને કહેશે કે ઉંમર ભલે વધતી હોય, પણ અમારા જીવનનો વિકાસ થતો જાય છે, વૃદ્ધિ થતી જાય છે. ઉંમર વધવાને લીધે શરીરમાં જરા આવતી હોય છે, પણ ચિત્ત, બુદ્ધિ વગેરે બધી શક્તિઓ ક્ષીણ નથી થઈ રહી, બલ્કે દિવસે દિવસે વધુ ને વધુ ખીલી રહી છે. બબલભાઈએ કહ્યું કે ડૉ. જોષી સ્વસ્થ જીવન જીવનારા એક સજ્જન છે. જીવનની સ્વસ્થતાનું એ લક્ષણ છે કે ઉંમર વધવાની સાથે જીવન ક્ષીણ નથી થતું. શરીર તો ક્ષીણ થતું જાય. એ તેનો ધર્મ છે. પરંતુ શરીરની સાથે જીવન ક્ષીણ થવું ન જોઈએ. ઈશ્વરને આવી પ્રાર્થના કરીએ.

એમ કહેવાય છે કે દુનિયામાં માનવોની સંખ્યા વધી રહી છે, પણ માનવતાનો હ્રાસ થઈ રહ્યો છે. બહુ પહેલાં શાસ્ત્રકારોના મનમાં પ્રશ્ન ઊઠેલો કે જો કળિયુગમાં સજ્જનતા અને ધાર્મિકતાનો નાશ થઈ જશે, તો પછી સત્યયુગમાં તે ફરી ક્યાંથી આવશે ? કારણ કે આપણે ત્યાં શાસ્ત્રની એવી એક માન્યતા છે કે ઈશ્વર કદી અ-પૂર્વ સૃષ્ટિ નથી કરી શકતો. અગાઉ બીજ રૂપે હોય તેનો વિકાસ થઈ શકે, પણ જેનું અસ્તિત્વ જ ન હોય એવું કાંઈ નવું ઈશ્વર પણ ન કરી શકે. ત્યારે પછી શાસ્ત્રકારો બહુ ખોજને અંતે એવા નિર્ણય પર આવ્યા કે કળિયુગમાં સજ્જનતા ને ધાર્મિકતા નષ્ટ થઈ જશે એ ખરું, પણ માનવતા બીજ રૂપે અવશેષ રહી જશે. ખેતરમાં બીજના દાણા બીજા દાણાઓ કરતાં વધારે સત્ત્વવાન હોય છે. આ પ્રકારની વ્યક્તિઓનું બીજ રૂપે કાળ પણ સંરક્ષણ કરે છે. આવા મનુષ્યોમાં તમારી ગણના થાય, જેમનું ભગવાન પણ સંરક્ષણ કરે, એ જ પ્રાર્થના આજના અવસરે આપણે કરી શકીએ.

૦ દાદા ધર્માધિકારી

બૃહદ્ પરિવારમાં બોલાતું નામ – ननन

ન બેઠી દડીનો બાંધો, ના ઝાઝેરી ઊંચાઈ. ગૌર-શ્યામ બેઉની વચ્ચેનો વાન. ચહેરો વાર્ધક્યનું સૌંદર્ય વેરતો. આયખે આઠ દાયકા પાર, તોય આઠ અડધું ચારની તાજગી હદ્દબહારી.

'ઢાઈ અક્ષરે' જીવનપોતનું વણાટ. ચોપડીઓની જાણકારી, ઉધાર જ્ઞાનના ભાર વિનાનું મસ્તક. નામે રતન. કામે હીરો-પન્ના-મોતી.

માતાના પદે. રાજવી પદ ડૉ. મિહિરભાઈની જનેતા. એકે હજારાં. મિહિરભાઈએ ઘૂંટણિયે ચાલ્યા પછી જે શબદથી સંબોધ્યા — રતનને બદલે ननन —એ બૃહદ્ પરિવારમાં બોલાતું નામ.

પત્ની તરીકેનું કાઠું ઘણા મોટા ગજનું. ડૉ. દ્વારકાદાસનાં જીવન-સહચરી.

સાસુ તરીકે ગૃહમંદિરે પ્રાણપ્રતિષ્ઠા કરનાર, હેમુનાં સાસુ.

રતનબહેનની એક ઝાંખી –ઝલક આંખો આંજી દે, મનને મૂંઝવે. એ પિયરિયે મબલખ ધનમાં આળોટેલું પલોટાયેલું-પાંગરેલું પુષ્પ. તો ડૉક્ટરને વરીને આવ્યાં ત્યાંય અભાવ નહીં — લગભગ સાહ્યબી.

બેઉ દ્વારે લક્ષ્મી પેસતાં-નીકળતાં. છતાં સાદગીની મૂરતી. હા, પૂર્વ પશ્ચિમ બેઉ બાજુનો સૂરજ, ત્રેવડ કરતા એમને શીખવી ગયો. તેથી સ્વેચ્છાએ સાદગી. તોય માંગો તે એમને ત્યાંથી ટાણે નીકળે — સૌના માટે.

અભણ નહીં, ननन તો ભારે સાક્ષર. મરમી જબરાં. જુગુકાકા, દાદા ધર્માધિકારી, વિનોબાજી, બધાની વાત, કાળજે ચોંટાડે. પુસ્તકો વાંચે-કાગળ લખે.

આખું વ્યક્તિત્વ પ્રેમાક્રમણથી છલોછલ. કોઈની દેન નથી કે એમના સ્નેહાગ્રહ, પ્રેમાક્રમણને ખાળી શકે.

મુંબઈની મોજ પછી સાચા જીવનની ખોજે એમને મંજિલ નજીક લાવી મૂક્યાં. જ્યાં-જ્યારે જે ઘર બનાવ્યું, ત્યાં ઘર મહેમાનોથી ઓપતું. આવનારા કેવા ! પૂ. રવિશંકર મહારાજ, પૂ. બબલભાઈ, પૂ. વિમલાતાઈ, પૂ. શિવાજી ભાવે, જીવરાજ મહેતા કે જયાબહેન શાહ, હરિશ્ચંદ્ર બહેનો કે કાન્તિભાઈ શાહ. સૌની સાથે ઘરોબો.

તો બીજી કોર, દુ:ખિયારી બહેનો કે અકિંચન જરૂરતમંદ-સૌનો વિસામો. ભલા, આવું દોન-ધ્રુવનું Exposure મળ્યું હોય, એને ભમરડાના 'ભ' રહેવાનું દુર્ભાગ્ય કયાંથી ? અન્નપૂર્ણા સાક્ષાત્. રસોઈએ પાવરધાં. હાથ મોટો. પીરસે માની કાળજીથી. આ તો ચાર દીવાલે મઢાય એનું ચિત્ર.

પ્રવાસનાં જબરા ચાહક. ફરંદા જ કહો ને ! ''જતાની સાથે જવું, ને આવતાની સાથે આવવું.'' મોટા 'માણહ' ગણાય એટલે એમના આવા પ્રવાસોને સહુ વધાવે. 'લિફ્ટ' આપનાર ધન્ય ધન્ય. રસ્તે આખે અનુભવોનો ખજાનો વેરે.

નેત્રયજ્ઞ કે પ્રવચન, પ્રદર્શન કે ઉદ્ઘાટન, સઘળે એ હોય. કંટાળે નહીં. બગાસાં ખાતાં કદી જોયાં નથી. કાર્યક્રમની ટીકા ન કરે. ધ્યાને સાંભળે. પૂછો, કશું સાંભળ્યું ? તો આપણી નજર ચૂકી ગઈ હોય, એ એમણે ગાંઠે બાંધ્યું હોય.

જાહેર ક્ષેત્રે ઘૂમતી – ચરૈવેતિ ચરૈવેતિ કાર્યકર્ત્રી. હરતી ફરતી 'પ્રેમ યુનિવર્સિટી'. યાદી બનાવીએ યોગદાનની, તો લેખ ચોવડાય.

કઈ આફતે આ વિભૂતિ અડીખમ નહીં ઊભી હોય ! સમય, સાથ, હાથ, સદાય તૈયાર.

દુકાળ કે રેલ, વાવાઝોડું કે દાવાનળ, ગોહત્યા વિરોધી આંદોલન કે હુલ્લડ. ભૂદાન-ગ્રામદાન તો જાણે પોતીકાં કામ.

બિહાર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર બધે, એમનાં ચરણ, ઉત્તમ આચરણ સહ ઘૂમ્યાં છે.

દાન લેવાનો એમનો કીમિયો 'સહજતા'. એક સાથી-ભોમિયો આપો. બસ, ક્યાંય ''આ ક્યાં આવ્યાં ? છૂટીએ તો સારું'' —એવી લાગણી જન્માવ્યા વિના થેલો ભરીને આવે. ખૂબી તો એ છે કે એ સઘળા દેનારાઓ સાથે, ઘણાખરા સાથે, કાયમી નાતો જોડે-જાળવે. ફરીથી પણ કોઈ 'ટાળે' નહીં.

પ્રવચન ફાવે નહીં. છતાં બહુશ્રુત એટલે મહારથીઓની વાતોના મુદ્દા તળપદી ભાષામાં રસાળ રીતે કહે.

નથી વિકાસગૃહ, ના જ્યોતિ સંઘની શાખા ચલાવી. છતાં કેટલાંનાં જીવન જોડ્યાં હશે ! કેટલાંય કુટુમ્બોની તિરાડો કે ગાબડાં એમણે પૂર્યાં હશે ! કોઈ પરિવારે આભ ફાટ્યું, તો ફટ પહોંચીને, પ્રેમના વીંઝણે શાતા આપે. માંદગી - ગાયની કે ગોવાળની, સ્નેહીની કે કાર્યકર્તાની, ત્યાં હાજર.

ચાતરાયેલી જવાનીને 'હોડ હોડ' ન કરે. પંપાળે ય નહીં. 'રતનીય' રીતે ઠેકાણે આણે. કાર્યકર્તાઓની ફિસલન જુએ તો, આગવી રીતે ટપારે. પેલાને ભોંઠપનો દામન ન અડે, ન ઠપકાની અણી ખૂંચે. બહેન-માનો પાવન સ્પર્શ પેલાને ઉજાગર રાખે.

કામચોરી, લઘરવઘર કામ, જૂઠ એ બધાંથી છંછેડાય. અવાજનું Volume ઊંચું. પણ શબ્દ ઠેસ ન ખાય. ફૂંફાડો લાગે, પરંતુ વાગે નહીં. છણકો કરે, રણકો 'મા'નો.

હા, ગમા-અણગમાની યાદી ખરી. ગમતાની ગંજાવર. અણગમતા આંગળી વેઢે. આ બેઉ ન્યાતમાં એમનો વર્તાવ સરખો, પ્યાર દુલાર સરખો. ટપારે ખરાં.

ચોકસાઈને વરેલાં. સૂવાની ચાદરથી માંડી, કપડાંની ધોલાઈ, પોશાક, બધામાં શુચિતાની છાપ ઊપસે. ભભક-ભપકો ક્યાંય નહીં. સાદગી કેવી રૂપાળી લાગે, એનો નમૂનો.

આસ્થા-શ્રદ્ધામાં એક સામાન્ય સ્ત્રી. મા અંબાનું ઘેલું. માંદો હું પડું —બાધા એની.

હાક પડે એ પહેલાં હડી કાઢે. ખૂબી એમની જબરી. ગમે તેવા ઠેકાણે — ઝૂંપડે, ફ્લેટે, બંગલે કે જંગલે, મંદિરે, જાતને ગોઠવી શકે. આપણી સગવડેય કરે. ક્યારેય 'ઉતાવળ' નહીં. વ્યામોહથી કાંય 'ચીટકે' પણ નહીં.

સંસ્કૃત-અંગ્રેજીથી દૂર, છતાં સંસ્કૃતિ, રીતભાતોથી ભરેલાં. નનનથી ડરે ભડકે કોઈ નહીં. મળવા માટે કોઈને લઈ જવા જરૂર નહીં. સમય માંગવો ના પડે. 'મા'ના બારણે મારો ટકોરા, પીઓ પ્રેમના કટોરા જેવું. કાળના થપાટા એમણે જીરવ્યા છે.

સાચું તો એ છે કે આ સામાન્ય નારીમાં, અસામાન્ય ઊર્જા છે, કોઠાસૂઝ છે. પોતીકાં-પારકાંની ભેદ-રેખા ભૂંસવા એ મથ્યાં છે.

જીવનનું શાસ્ત્ર આવડું —

નાનાં મોટાં કર્મને ધર્મ સમજી કરો.

પ્રેમ એ જ એક ઉપકરણ.

નિરાવરણ, નિર્દંભ પ્રતિભા સર્જો.

જાત સાચવો.

જીવો બધાં માટે.

ખપે શોભે એટલું રાખો.

બાકી સઘળું આપો જ આપો.

એમનાં ચરણોમાં છોરુને નાતે, અદના સેવકને નાતે વંદના !

૦ ડૉ. વસંત પરીખ

મારી રતન અને દ્વારકાદાસ

યાદ તો ઘણું આવે છે. કારણ, હું દ્વારકાદાસને જ્યારથી ઓળખતી થઈ, ત્યારથી જેમ જેમ પરિચય થતો ગયો તેમ તેમ એક ત્યાગી આત્મા ફરી સંસાર-જીવનમાં કંઈક લેણાદેણી પૂરી કરવા કુદરતની આજ્ઞાથી આવી ગયો છે, એવી છાપ મારા મનમાં એમના માટે પડી છે.

એમનો પરિચય મને ખાસ પ્રસંગથી થયો. મારી નાની બહેન રતનના સગપણનો પ્રસંગ. ત્યારે વઢવાણ તેઓ એકલા જ આવેલા. બરાબર યાદ નથી, પણ એક-બે દિવસ થયા, પણ રતનબહેન તો સંતાતા જ રહેતાં. હું સમજતી હતી, પણ હું તેને કહું અને તે ન માને તો ! મેં દ્વારકાદાસભાઈને કહ્યું, ''મારું કહેવું છે કે તમે રતન સાથે વાત કરો અને તેને મળો.'' એમની પણ ઇચ્છા તો ખરી જ. મને પૂછે, ''કેવી રીતે ?'' એટલે મેં વ્યવસ્થા કરી. રતનને લઈને ઉપરના રૂમમાં ગઈ. એમને પણ ઉપર બોલાવ્યા. અને પછી હું નીચે આવી ગઈ.

એમને મેં એટલું જ કહ્યું હતું કે તમે રતનને એટલું કહેજો કે તે વાંચવાની આદત રાખે. અને આ એમણે કહ્યું હશે. કેમકે તેનું આચરણ થયું. રતને છુપાઈ-છુપાઈને વાંચવાનું શરૂ કર્યું હતું. દ્વારકાદાસ સાથેના મારા પરિચયની આ શરૂઆત.

મને ચિંતા થતી હતી કે બંને વચ્ચેની આટલી અસમાનતા કેમ નભશે ? પરંતુ કોઈ વાદ-વિવાદ વિના મારી નાની બહેન એમને અનુકૂળ થઈ ગઈ. આસમાન-જમીન એક થયાં. અને આજે એકમેકના ત્યાગ, સંતોષ સાથે સંસાર સાગર એકમેકને અનુકૂળ થઈને પાર કર્યો.

મારે કોલ્હાપુર જતાં-આવતાં તેઓને ત્યાં મુંબઈ રોકાવાનું થતું, ત્યારે મને ઘણો આનંદ થતો. તેઓની સંતોષી રહેણીકરણીથી મને તેઓ માટે માન થતું. મિહિર નાનો હતો. ત્યારે તે અરસામાં તેઓનું વિનોબાજીના સર્વોદય વિચાર માટે આકર્ષણ થયું. મંથન શરૂ થયું. અને આખરે એમણે મુંબઈ છોડ્યું.

એક ગમ્મતની વાત કરું. એક વાર હું મુંબઈમાં એમને ઘરે ગયેલી. રસોઈ હું કરું. અમે સાથે જ જમવા બેસીએ. હું પૂછું, કેવું થયું છે ? એમનો કાયમ એક જ જવાબ —બહુ સરસ. એક દિવસ મને ગમ્મત કરવાનું મન થયું. તાંદળજાની ભાજી કરી હતી. તો એક વાટકો ભાજીનું શાક. તેમાં મેં ભારોભાર મીઠું નાખી દીધું. સાથે જમવા બેઠાં. પેલો વાટકો ભરેલું શાક એમની થાળીમાં મૂક્યું. તેઓ તો ખાવા લાગ્યા. મેં પૂછ્યું, ભાજી કેવી થઈ છે ? રોજનો જવાબ — ''બહુ સરસ.'' કહી એમણે તો ખાવાનું ચાલુ રાખ્યું. હવે મારી ધીરજ ખૂટી. મેં એમનો વાટકો ખેંચી લીધો. તો હસવા લાગ્યા, ''કેમ, ધીરજ ખૂટી ગઈ ને !''

આમ જ તેઓ લગભગ મોજશોખ, લોભમોહથી દૂર છે, તેમ આપણને લાગે. પછી તો તેમણે ભૂદાન-કાર્ય માટેની પ્રવૃત્તિ શરૂ કરી. તેમાં જ એમનું મનોમંથન ચાલતું હોય. તેને અનુરૂપ વિચારો અને પ્રવૃત્તિ ચાલી. બીજી બાજુ, પોતાનું ડૉક્ટરી જ્ઞાન ભૂલી ન જવાય, માટે તેનો સદ્‌ઉપયોગ કરવો જ રહ્યો. તે માટે વડનગરમાં દવાખાનું કર્યું. સાથે ભૂદાનકાર્ય તો ચાલતું જ રહ્યું.

હવે, લોકો પાસે જઈને તો કહીએ કે આ છોડો ને તે છોડો. પણ એ જ વિચાર પહેલાં પોતે પોતાનાથી અમલમાં મૂકવો જોઈએ ને ! આનું મનોમંથન ચાલ્યું. પોતે પોતાને તો સમજાવી શકે જ. પણ રતનને ફરજ કેમ પાડવી ? એમનો કોઈને દબાણ કરવાનો તો સ્વભાવ જ નહીં. એટલે મનમાં ને મનમાં મૂંઝાયા કરે. તેની મન ઉપર અસર રહી. માનસિક દબાણ રહેવા લાગ્યું. મનની અસર શરીર ઉપર પણ થાય. અને આ રતનથી છૂપું તો ન જ રહે. એમને કારણ પૂછતાં ખુલાસો થયો કે ભૂદાનના કામમાં લોકોને કંઈક છોડવાનું કહીએ છીએ, ત્યારે આપણે પોતે પહેલાં છોડવું જોઈએ કે નહીં ? તારી પાસે સોનું વધારે હોય તે આપી દેવું જોઈએ. તેના વિના બીજાને કેમ કહેવાય ? પણ તને કેમ કહું ? દબાણ કેમ કરું ? તને ગમે ન ગમે. આનો મૂંઝારો છે.

પણ મારી નાની બહેન તો ખરું રતન. આ માટે પણ તૈયાર થઈ ગઈ. મિહિર નાનો. તેને ભણાવવાનો, વરાવવાનો, પરણાવવાનો. બધું જ બાકી. છતાં તૈયાર થઈ ગઈ. મને તેને માટે પણ એટલું જ માન થયું. સંસ્કારી માબાપનું લોહી કુદરતી રીતે જ અહીં આવે વખતે કામ કરે છે.

૦ શર્મિષ્ઠાબહેન પટેલ

જે ખરો કાર્યકર્તા છે, તે એકધારો સતત કામ કરતો રહેશે. સતત એટલે કઈ રીતે ? જેમ ગંગા સતત વહેતી રહે છે, સૂરજ રોજ ઊગતો રહે છે, તેમ કાર્યકર્તા પણ સતત કામ કરતો રહેશે.

કાર્યકરમાં ધૃતિ ને ઉત્સાહ બેઉ જોઈએ. ઉત્સાહ એવો હોય કે મારું કામ હું ઓછામાં ઓછા સમયમાં, જલદીમાં જલદી પૂરું કરી નાખીશ. પણ તેની સાથોસાથ એવી પણ તૈયારી હોય કે જિંદગીના અંત સુધી મારે મારા મિશન માટે કામ કરવું પડશે, તોયે હું તૈયાર છું. આ રીતે ધૃતિ પણ જોઈએ.

કાર્યકરે નિરંતર કાર્યરત રહેવાનું છે, પણ સાથોસાથ ક્ષણભર માટે પણ તેણે ચિંતાયુક્ત રહેવાનું નથી. કામનો ભાર કે ચિંતા લગીરે રાખવાનાં નથી. ચિંતા કરવી એ નાસ્તિકતાનું લક્ષણ છે, અને પછી નાસ્તિક થઈને પોતે જ ઈશ્વર બની જઈ દુનિયાનો બોજ આપણા માથે વેંઢારવો પડે છે !

આપણે સામાજિક મૂલ્યોમાં પરિવર્તન કરવા માગીએ છીએ, અને તે માટે સતત મથતા રહીએ છીએ; પરંતુ એ બધું ઈશ્વરી યોજના મુજબ જ્યારે થવાનું હશે ત્યારે થશે. આપણે તેનો બોજ લઈને ફરવાનું નથી. કામમાં લગીરે આળસ ન કરીએ, પણ સાથે ઉતાવળા પણ ન થઈએ. આપણું કામ ઈશ્વરને સમર્પિત કરી દઈએ અને નચિંત થઈ જઈએ. આપણી બાદશાહી કદીયે ન ખોઈએ.

આ અનંત કોટિ બ્રહ્માંડ,
તેમાં મગતરા જેવી આપણી પૃથ્વી,
પૃથ્વી ઉપર કરોડો-કરોડો માણસો,
તેમાં આપણે એક.
આ અનંત કોટિ બ્રહ્માંડના વ્યાપક પરિપ્રેક્ષ્યમાં
થાય તેટલું અનાસક્ત ભાવે કરી છૂટવું.

૦ વિનોબા ૦

યજ્ઞનો વહ્નિ અખંડ પ્રજ્વલિત

ગુજરાત સર્વોદય મંડળનું એ એક સદ્‌ભાગ્ય છે કે તેને ડૉ. દ્વારકાદાસ જોષી જેવા સચ્‌ચરિત્ર મહાભાગના, સામાન્યપણે આશીર્વાદ અને વિશેષ સંજોગોમાં માર્ગદર્શન સાંપડ્યાં છે. મંડળને અર્ધી સદીથી વધુ લાંબા ગાળા સુધી દાક્તરની શીલયુક્ત શીળી છાયા મળી છે.

વીસમી સદીના મધ્યમાં લાંબા ચિંતન-મનનને અંતે દાક્તરે આંખના દાક્તર તરીકેનો ધીખતો ધંધો છોડી, મુંબઈથી ગામડે જઈ ત્યાંના લોકોની સેવામાં ખૂંપી જવાનું નક્કી કર્યું. લગભગ એ જ ગાળો એવો હતો જ્યારે વિનોબાજીએ, સ્વરાજ પછી, સમાજ સેવા સારુ પોતાના આશ્રમમાંથી બહાર નીકળી જાહેર કામમાં ઝંપલાવવાનું નક્કી કર્યું. જાણે રામ-અહલ્યા સંપર્ક થયો.

એમ તો દાક્તર આંખના તબીબ. પણ બહાર જેમ તેઓ હજારોને નવી દૃષ્ટિ આપતા, તેમ એમની અંતર્દૃષ્ટિ પોતાના અંતરની અંદર અજવાળાં પાથરતી. સર્વોદયની એક મોટી લાક્ષણિકતા —બાહ્યાભ્યંતર સમદૃષ્ટિ —દાક્તરને સર્વોદય આંદોલનમાં જોડાયા તે પહેલાં જ લાધેલી. શેષ આખું જીવન દાક્તરને ભીતર-બહાર ઉજાસ જ ઉજાસ !

વિનોબાનું નેતૃત્વ દાક્તરને સહેજે લાધેલું અને એટલી જ સહજ રીતે સામાન્યપણે ઉત્તર ગુજરાતને અને વિશેષે કરીને મહેસાણા જિલ્લાને દાક્તરનું નેતૃત્વ લાધ્યું. એમ તો ભૂદાન-સર્વોદયના કામથી આડુંઅવળું દાક્તર ક્યાંય ન જુએ, પણ ઉત્તર ગુજરાતને મન કોઈ પણ જાહેર કામમાં દાક્તર જોષીના આશીર્વાદ 'શ્રી ગણેશાય નમઃ' જેટલા અનિવાર્ય થઈ ગયા. અને દાક્તરને ના કહેતાં તો આવડે જ ક્યાંથી ? એટલે સુધી કે અનુ-ગોધરાકાંડ પછી પણ 'ગામના દીકરા' મુખ્યમંત્રીના સન્માન-સમારંભમાં દાક્તરની હાજરી અનિવાર્ય ગણાઈ અને દાક્તરને પણ તે સ્વીકાર્ય હતી !

મુખ્ય વાત એ હતી કે દાક્તરની ભૂમિકા તર્કને

આંબીને શ્રદ્ધા સુધી પહોંચી ગઈ હતી. પૂર્વાશ્રમમાં મુખ્ય આધાર વિજ્ઞાનનો હશે. ઉત્તરાશ્રમમાં તે આધાર અધ્યાત્મનો બન્યો. શ્રદ્ધાએ દાક્તરને ટકી રહેવાની શક્તિ આપી. ભૂદાન-ગ્રામદાન આંદોલનના ઓસરતાં પાણીના દિવસોમાં પણ દાક્તરના ઉત્સાહની ભરતી કદી ઓસરી નહીં. તર્ક કરનારાઓ, પૃથક્કરણ કરનારાઓ જુદા જુદા કાર્યક્રમો સુઝાડતા રહ્યા. પણ દાક્તર નિરંતર ગ્રામસ્વરાજનો મંત્ર જપતા રહ્યા.

દાક્તરનો એક ઔર ગુણ અનાસક્તિ —જાણે જળમાં કમળ. સમાજનાં વમળોમાં તેઓ લેપાયા નહીં. કૌટુંબિક મુશ્કેલીઓ (દા.ત. યુવા વયે પુત્રવધૂની લાંબી બીમારી અને નિધન) તેમને વિચલિત કરી શકી નહીં. તેમની શ્રદ્ધા તેમને સ્થિતપ્રજ્ઞ અવસ્થાની લગોલગ લઈ ગઈ અને તેમના નિર્વેદ સ્નેહે તેમને અજાતશત્રુ બનાવ્યા. જાન જોખમાય એવી બબ્બે બીમારી પછી પણ તેમની કેટલીયે પ્રવૃત્તિઓ વણથંભી ચાલતી રહી. સાતત્ય એ દાક્તરનો એવો ગુણ છે કે જેણે ગુજરાતના સર્વોદય આંદોલનને ટકાઉપણું આપવામાં મદદ કરી છે.

અખૂટ શ્રદ્ધા સાથે દાક્તરનો સ્વાધ્યાય પણ નિરંતર ચાલતો જ રહ્યો છે. અલબત્ત, અનેકવિધ પ્રવૃત્તિઓ અને ઢળતી ઉંમરને લીધે સ્વાધ્યાયના વિષયો કદાચ પહેલાં કરતાં થોડા સીમિત થયા હશે. પરંતુ તાજા વાચનમાંથી દોહન કરીને ઉત્તર ગુજરાતના કાર્યકર્તાઓ અને મિત્રોને એમાંથી કેટલાક ઉતારાઓ તેઓ નિયમિત રીતે પાઠવતા રહ્યા છે. જે સાથીઓ પાસે તેઓ શારીરિક રીતે પહોંચવા નહીં પામતા હોય એવાય અનેકો પાસે દાક્તરે વીણી વીણીને મોકલી આપેલા ઉતારાઓ એમની યાત્રામાં પાથેય બની રહે એવા રહ્યા છે.

ગુજરાતમાં ગાંધીજીના ગયા પછી કાર્યકર્તાઓને પોતાના જીવનના નમૂના દ્વારા પ્રેરણા આપતા રહેવાનું કામ રવિશંકર મહારાજે અને બબલભાઈએ કર્યા કર્યું. એ રીતે યજ્ઞનો વહ્નિ અખંડ પ્રજ્વલિત રહ્યો. દાક્તર જોષીએ ચૂપચાપ પોતાના જીવન દ્વારા એ યજ્ઞમાં સમિધ અર્પી જ્વાલાને જલતી રાખવાનું અગ્નિહોત્રીનું કામ વણથંભ્યું ચાલુ રાખ્યું છે.

૦ નારાયણ દેસાઈ

વિનોબાના વાણોતર

ડૉક્ટર જોષી એક એવા કાળના પ્રતિનિધિ છે, જ્યારે ગાંધીના તત્ત્વને પકડી લઈને વિનોબાના નેતૃત્વ હેઠળ કેટલાક ગાંધીજન ગાંધીની સેરને આગળ વધારવાનો ભગીરથ પુરુષાર્થ કરી છૂટ્યા. ગાંધીની હત્યા બાદ ૧૯૪૮માં ગાંધીજનો જ્યારે સેવાગ્રામમાં ભેળા મળ્યા હતા, ત્યારે પોતાની બિરાદરીનું નામ 'સર્વોદય સમાજ' રાખવામાંયે કેટલાકને ખચકાટ થતો હતો કે 'સર્વોદય' તો અઘરો શબ્દ થઈ પડશે, ગામડે ગામડે તેને કોણ સમજશે. એવા સંજોગોમાં વિનોબા અને એમના સાથીઓએ તેને પ્રત્યક્ષ કૃતિથી એવો આસાન બનાવી દીધો કે દૂર-સુદૂરનાં ગામડાંઓમાં તેમજ દુનિયાભરમાં આજે 'સર્વોદય' શબ્દ લોકજીભે ચઢી ગયો.

સ્વરાજ બાદ તુરત જ્યારે રાષ્ટ્રનું નવનિર્માણ આરંભાયું, ત્યારે આ જમાતે 'સ્વરાજ બાદ હવે સર્વોદય જ' –ની ધૂન જગાવી. આ કાળમાં સર્વોદયનું વિચાર-બીજ ગ્રામસ્વરાજની એક સમગ્ર પરિકલ્પના સુધી વિકસિત થયું. ગ્રામસ્વરાજના પાયા ઉપર અહિંસક સમાજ-રચનાની રૂપરેખા સામે આવી. સર્વોદય વિચારધારાની ઘણી છણાવટ થઈ. ઘણા નવા આયામ સામે આવ્યા. નેશનલ પ્લાનિંગ, વિકાસની તરાહ, લોકશાહીને તેના યથાર્થ સ્વરૂપમાં કેમ ચરિતાર્થ કરવી, વિજ્ઞાન અને ટેકનોલોજીને માનવ-કલ્યાણ માટે કઈ રીતે પ્રયોજવાં, વગેરે કેટલીયે મહત્ત્વની બાબતો વિશે સર્વોદયની એક વૈકલ્પિક વિચારધારા વિકસિત થઈ. 'સર્વોદય' સમાજના એજન્ડા ઉપર આવ્યો તથા સમાજ-પરિવર્તનના પરિબળના રૂપમાંયે સર્વોદયના સ્થાન બાબત કાંઈક આસ્થા ઊભી થઈ. ગ્રામસ્વરાજથી લઈને જય જગત સુધી સર્વોદયની વિચારસૃષ્ટિ બહુ શક્તિશાળી ઢબે સમાજ સામે રજૂ થઈ. વિજ્ઞાન અને અધ્યાત્મના સમન્વયનો નારો ઊઠ્યો. ગાંધીએ 'હિંદ સ્વરાજ'માં 'આધુનિક સુધારા' સામે જે જેહાદ પોકારેલી, તેના વિકલ્પ રૂપ સર્વોદયી અહિંસક સમાજ-રચના કેવી હોય, તેની બ્લ્યૂ પ્રિન્ટ દુનિયા સામે આવી ગઈ. વિનોબાના નેતૃત્વ હેઠળ થયેલ આવા ભગીરથ પુરુષાર્થના આ કાળના પ્રતિનિધિ છે, આપણા મોટાભાઈ.

ગુજરાતમાં વિનોબાના ભૂદાન આંદોલનનો આરંભ કર્યો, નારાયણ દેસાઈએ તથા તેને વિકસિત ને પરિપુષ્ટ કર્યું રવિશંકર મહારાજ, જુગતરામ દવે, બબલભાઈ જેવા તપસ્વી જીવન-સાધકોએ તેમજ અનેક નામી-અનામી નવદીક્ષિત લોકસેવકોએ. તેમ છતાં વિનોબાકાળની આ આખીયે સર્વોદય બિરાદરીના નિર્વિવાદ પ્રતિનિધિ રૂપે જો કોઈ એક જ નામ લેવું હોય, તો તે ડૉક્ટર જોષીનું જ લેવું પડે. ગુજરાતમાં આજ સુધી વિનોબાના આંદોલનનું ધ્રુવપદ કોઈએ અખંડપણે અવિરત ઘૂંટ્યા કર્યું હોય, તો તે ડૉક્ટરે જ. ભૂદાન હોય, ગ્રામદાન હોય, વડોદરાને સર્વોદયનગરી બનાવવાની વાત હોય, સર્વોદય-પાત્ર હોય કે ઉપવાસ-દાન હોય, ગોરક્ષા અભિયાન હોય કે તૂફાન અભિયાન હોય કે ગ્રામસ્વરાજ હોય, વિનોબાની વાતને તત્કાળ ઉપાડી લઈને તેમાં સર્વ ચિત્ત-પ્રાણ પરોવીને મચી પડનારા, ડૉક્ટર જોષી જ. ગુજરાતમાં યજ્ઞનો વહ્નિ અખંડ પ્રજ્વલિત રાખનારા ડૉ જોષી જ. જે-તે વખતે એમને ઝાડ ઉપરના પંખીની એક આંખ સિવાય બીજું કાંઈ દેખાય જ નહીં. પૂરેપૂરા અર્થમાં અક્ષરશ: તેઓ વિનોબાના વાણોતર બની રહ્યા. બસ, ઉપરથી માલિકનો રુક્કો આવ્યો છે !

સાથોસાથ નોંધપાત્ર વાત એ પણ છે કે આવા વાણોતર બનવાની સજ્જતા એમણે વિનોબા પાસે આવ્યા તે પહેલાંથી જ અને ભૂદાન આંદોલનનાયે જન્મ પહેલાંથી જ કેળવવા માંડેલી. ૧૯૪૨માં ગાંધીના આંદોલનથી સ્પંદિત થયા. પણ તત્પૂરતી શહીદી કે ત્યાગ-બલિદાનનો માર્ગ લેવાને બદલે એમણે આજીવન સેવા-સાધના માટે સજ્જ થવાનો માર્ગ લીધો. હેટ-નેકટાઈ છોડી, ખાદી અપનાવી, કૉંગ્રેસની રચનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માંડ્યો. ૧૯૪૬માં ગાંધીએ કુદરતી ઉપચારની વાત મૂકી, તો એમને મળી આવેલા. જો કે એમના વૈજ્ઞાનિક અભિગમ સાથે ત્યારે આનો મેળ ન પડ્યો. પણ પોતાની ડૉક્ટરી પ્રેક્ટિસમાં ધીરે ધીરે સેવાભાવના અપનાવી. અનોખી યોજના કરી. વરસે એક કુટુંબ પાસેથી રૂ. ૨૫૦ લેવાના અને આખું વરસ કુટુંબનાં બધાં જ સભ્યોની સારવાર કરવાની. આ યોજનામાં દોઢસો જેટલાં કુટુંબો જોડાયેલાં. સુખ-સાહ્યબીમાં રહેતા મોટા ડૉક્ટર. નવી ઇમ્પોર્ટેડ 'મોરિસ માયનોર' મોટરકારમાં ફરે. મુંબઈના કાલબાદેવી વિસ્તારમાં એમની ભારે નામના. છતાં મ્યુનિસિપાલિટીના સફાઈ કામદારોની હડતાલ પડે, અને ડૉક્ટર હાફપેન્ટ પહેરી ઊભા ઝાડુ સાથે ડૉ. વિગાસ સ્ટ્રીટની સફાઈ કરવા નીકળી પડે. મારા જેવા કિશોરો ને યુવાનોનેય સાથે ભેળવે. ખરું કહું તો સમાજસેવાના પહેલા પાઠ મને ગાંધી-વિનોબા પાસેથી નહીં, પણ ૧૩-૧૪ વરસની ઉંમરે ડૉક્ટરના જીવનમાંથી મળ્યા. અને ૧૯૪૯માં જ્યારે એમણે મુંબઈ છોડ્યું, ત્યારે તો સમાજસેવાનો એક અનુકરણીય ઉજ્જવળ દાખલો જ આંખ સામે ઊભો થઈ ગયો.

ખેર, આ બધું વિનોબાના આંદોલન પહેલાંનું. રાજકારણ નહીં લોકકારણ, કેરિયર નહીં જનસેવા, શહેર નહીં ગામડું —વિનોબાકાળનાં આવાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો ડૉક્ટર વિનોબા પાસે આવતા પહેલાં આત્મસાત્ કરી ચૂક્યા હતા. જો કે ૧૯૪૯ના ઑક્ટોબરમાં દશેરાએ નવાપુરા જઈ વસ્યા, તે પહેલાં ૧૯૪૯ના એપ્રિલમાં વેડછી શિબિરમાં ડૉક્ટર વિનોબા-વિચારની દીક્ષા મેળવી ચૂક્યા હતા.

ભરયુવાન વયે વિનોબા-વિચારથી દીક્ષિત થયેલા ડૉક્ટર સમાજમાં બધે વિનોબા-વિચારને જ પ્રસરાવતા રહ્યા છે અને યથાર્થપણે આજીવન વિનોબાના વાણોતર બની રહ્યા છે. આજે પણ 'ગ્રામસ્વરાજ'ના જપયજ્ઞ સિવાય એમને બીજું કશું સૂઝતું નથી, કેમ કે વિનોબાના ગાંધી-દર્શનમાં અને ગાંધી-નિરીક્ષણમાં અવિચળ શ્રદ્ધા છે કે આત્મનિર્ભર ગામડાંઓ જો નહીં ઊભાં કરી શકીએ, તો ગાંધીનું નામ અને કામ બેઉ ભૂંસાઈ જશે. ગાંધી જો જીવશે, તો આવાં ગામડાંઓ મારફત જીવશે.

ગાંધીનું નામ ને કામ ઉન્નત કરવાની ખેવના રાખનાર સહુ કોઈએ વિનોબાની આ વાત અને ડૉક્ટર જોષીનો તેનો અખંડ જપ કાને ધરવો જ રહ્યો.

૦ કાન્તિ શાહ

સર્વોદય વિચાર હવે વિશ્વચોકમાં

ડૉ. જોષીમાં શું છે તે માટે આપણે વિષ્ણુ-સહસ્રનામાવલી ફાળવી દઈએ તો ખાસ વાંધો ન આવે. તેમાંનાં થોડાંક નામો પ્રમાણેના બાકીના ગુણ પ્રાપ્ત કરવા માટે તેમને લાંબો આયામ ન કરવો પડે. સામાજિક ક્ષેત્રે કામ કરવાવાળાઓને તેમજ વિશિષ્ટ ઉપલબ્ધિ પ્રાપ્ત કરવાવાળાઓને વિવિધ દેશની યુનિવર્સિટીઓ ઉચ્ચ ડિગ્રીથી નવાજતી હોય છે. આવું ઈશ્વર તેમને વિષ્ણુસહસ્રનામાવલીના બાકીના ગુણો માટેનું પ્રમાણપત્ર આપીને કરી શકે છે.

ડૉ. જોષી શું નથી, તેનો પણ વિચાર કરી લેવો જોઈએ. તેઓ લાખોની મેદનીને જકડી રાખવાવાળા ફાયરબ્રાન્ડ વક્તા નથી. જેમના સભા-સ્થળે કે પ્રસંગ-સ્થળે આવવાથી ટીવી કેમેરાવાળા તૂટી પડે તેવા ફ્લેશ ન્યૂઝ માટેના ચહેરા નથી. આપણી બુદ્ધિને થોડો ચમચમાટભર્યો મસાલો મળી જાય, તેવી વાદ-વિવાદસભર ચર્ચાને છેડનારા તેઓ નથી. કોઈ ભવ્ય ઓફિસમાં મળવા જઈએ અને કેબીન બહાર બેસી રહેવું પડે — ''સાહેબ હમણાં કામમાં છે'' તેવું સાંભળવું પડે, તેમ તેમને મળવા જનારને અનુભવવું પડતું નથી, મિટિંગમાં તેમની ઉપસ્થિતિમાં ''આપણાથી થોડું કંઈ બોલાય ?'' તેવો સંકોચ કોઈ કાર્યકરને થતો નથી.

ડૉ. જોષી રવિશંકર મહારાજ નથી, જે જરૂર પડે રાજ્યસત્તાને પણ હલાવી નાંખે. તેઓ જે.પી. નથી કે જેના નામે સાહસની ઘણી બધી 'સ્ટોરી'ઓ મળી રહે. ઘણી બધી ચોપડીઓના લેખક તરીકેની પણ તેમની ઓળખાણ નથી. તેઓ ચૂનીભાઈ વૈદ્ય નથી, જે થોડા થોડા દિવસે રણશિંગું ફૂંક્યા કરે. જો કે મને લાગે છે કે ડૉ. આ નથી, તે નથી તે જ ડૉક્ટરનું હોવું છે.

ગુજરાતના સામાજિક કાર્યકરોનાં દિલ પર એકચક્રી શાસન જમાવનાર તેઓ બેતાજ બાદશાહ છે. છેલ્લી અડધી સદીમાં તેમના આ શાસનની કોઈ કાંકરી હજુ ખરી નથી અને ખરવાની પણ નથી. માત્ર સામાજિક કાર્યકરો જ નહીં, લોકોનાં દિલમાં તેમણે જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તે 'યાવત્‌ચંદ્ર દિવાકરૌ' રહેશે.

ડૉ. જોષી 'ગાંધી-વિનોબા દર્શન'ને સમાજમાં પ્રસ્થાપિત કરવા માટે કરેલા પ્રયત્નોના ઇતિહાસનું એક મહત્ત્વનું ચેપ્ટર છે, જે વણલખાયેલું છે, પણ જિવાયું છે અને જીવંત પણ છે.

ગાંધીએ અંગ્રેજોને 'ભારત છોડો'નું એલાન આપ્યું ત્યારે જેમની ઉંમર ૨૦ વર્ષની પણ હશે તેઓ અત્યારે ૮૪ વર્ષ પર પહોંચ્યા હશે. આજે ડૉક્ટર ૮૯ વર્ષના છે. ધીરે ધીરે ગાંધીયુગમાં સક્રિય રહેલી વ્યક્તિઓ જેઓ 'આંખો દેખા હાલ' કહેવા માટે ઉપલબ્ધ હોય, તેઓ હવે લુપ્ત થઈ જશે. જેમણે ગાંધી-વિનોબાના વિચારના તંતુને આગળ ચલાવવા માટે પોતાની જાતને હોમી દીધી હશે, તેઓ પણ વિરમી જશે. આવી પળોમાં ડૉ. જોષી જેવી વ્યક્તિઓ અંગેની વિગતો ઇતિહાસને સમજવા માટે મહત્ત્વની કડી બની જશે.

જ્યારે કોઈ પણ જીવનચરિત્ર વાંચીએ ત્યારે સહેજે પ્રશ્ન થાય, શું આવું બીજા જીવી શકે ? જે ચરિત્રે હીરોઈક છલાંગો મારી હોય તે વાચકને આકર્ષી જાય, પરંતુ પોતાનામાં તેનું પ્રતિબિંબ ઝીલી ન શકે. સૂરજ સામે આંખ ન મિલાવી શકાય, પરંતુ ચંદ્રની સામે તો ટગર ટગર જોઈ શકાય. પાછો ચંદ્ર આપણા માટે નાનો નાનો ઊગીને મોટો મોટો થયા કરે, જાણે આપણને સાથે સાથે વધવાની પ્રેરણા ન આપતો હોય ! પૂર્ણ સ્વરૂપે થયા પછી ફરી પાછો તેનો આ ખેલ ચાલુ જ રહે.

ડૉ. જોષીમાં નાના-નાના કાર્યકરો સાથે ચાલી તેમને પૂર્ણતાના આરે લઈ જવાની જબરદસ્ત આવડત છે, ધીરજ છે, સમાજને ઘડવા માટેનું વિજ્ઞાન પચાવેલા ઋષિનું શાણપણ છે. પોતાની પાસે આવેલાને

વાક્‌પટુતાથી આંજીને, બેહોશ બનાવીને ધાર્યું ઇંજેક્શન તેના શરીરમાં દાખલ કરી દેનાર આ ડૉક્ટર નથી. આ તો મા જેમ પોતાના વાત્સલ્યના બળે બાળકને ક્યારેક દૂધ આપે, ક્યારેક પોચો પોચો ખોરાક આપે, ક્યારેક બાળા-ગોટી કે ઘૂટી આપે, તેમ આ ડૉક્ટર વાર્તાલાપ કરતાં કરતાં ઘણું બધું જીવનામૃત આપી જાય છે.

ડૉ. જોષીના દાયરામાં મારા જેવાને ક્યારેક અકળામણ થાય, કે આ શું નેરો ગેજની ટ્રેઈન માફક ધીમે ધીમે સભા ચલાવે છે ! ડૉક્ટરને બોલવા કરતાં બોલતા કરવામાં વધારે રસ. આ એમની કદાચ વોરસ્ટ્રેટેજી હશે. લડવા માટે માત્ર સરસેનાપતિ જ પૂરતો કે મોટું સૈનિકબળ જોઈએ ? ડૉ. જોષીએ કમસેકમ ઉત્તર ગુજરાતમાં તો સૈનિકદળ તૈયાર કર્યું જ છે.

ડૉ. જોષીની બીજી વિશિષ્ટતા એ છે કે પોતે જેમાંથી પામ્યા છે તે સ્રોત પણ સૌની સામે ધરે છે. તેઓ કોઈ ખાસ દર્શનશાસ્ત્રના ગ્રંથો કે તંત્રમંત્ર યોગ વિદ્યામાંથી પામ્યા હોય તેવી ગૂઢ વાત મૂકતા નથી; પરંતુ ગાંધી-વિનોબાની આજુબાજુનું સાહિત્ય કાર્યકરો સામે ધરે છે. પોતે વાંચે છે, ક્યારેક બીજા પાસે વંચાવે છે, ક્યારેક સમૂહમાં વાંચે છે. વાંચનને વચ્ચે અટકાવીને પ્રશ્નો પૂછીને પાકું કરાવે છે. તેમની આસપાસ આવનાર કોઈ વ્યક્તિ ન નાની છે ન મોટી છે, ન વધુ ઉપયોગી છે ન ઓછી ઉપયોગી છે.

ડૉ. જોષી આદેશ આપનાર કમાંડર નથી બનતા; 'સહનાવવતુ.... સહવીર્યમ્ કરવા વહૈ...' કહેતા કાર્યકર્તાની સાથે ચાલે છે, ફૂંક પૂરી પાડે છે. જ્યારે કોઈ વિશિષ્ટ વ્યક્તિની જીવનયાત્રાનો વિચાર કરીએ ત્યારે આપણને સહજ ત્રણ પ્રશ્નો થાય :

(૧) વ્યક્તિના જીવનમાં પરિવર્તન માટેના સંકલ્પનો પ્રથમ ફણગો કેવી રીતે ફૂટ્યો ? તેનું ટેક ઓફ પોઇન્ટ કયું ? શું નિમિત્ત બન્યું ?

(૨) તેણે વ્યક્તિ-પરિવર્તનનું કયું શાસ્ત્ર પોતાનું બનાવ્યું ?

(૩) તેણે સમાજ-પરિવર્તનના પ્રવાહો કેવી રીતે નિર્માણ કર્યા ?

ડૉ. જોષી મૂળમાં ઓછાબોલા અને એમાં પણ પોતા વિષે વાતો કરવાનું સામાન્ય રીતે પસંદ ન કરનારા. વાતમાં 'મેં' અને 'હું'નો લગભગ લોપ થયેલો લાગે. ક્યારેક સ્નેહીજનો વાતવાતમાં પૂછે અને જે કંઈ હાથ આવે તેમાંથી સંતોષ માનવો રહ્યો.

જિંદગીમાં શરૂઆતનાં શિક્ષણનાં વર્ષોમાં જે કંઈ થોડીઘણી મુશ્કેલીઓ પડી હશે તે, પરંતુ ડૉક્ટરની ડિગ્રી પ્રાપ્ત કરીને સારી આવક કરતા થયેલા હતા. પોતાનું વાહન ઇંગ્લેન્ડથી મંગાવેલું. જીવનમાં કોઈ અભાવ સપાટી પર ન હતો. ૪૫-૪૭ના ગાળામાં નાની મોટી માંદગી દરમ્યાન ગાંધી-સાહિત્યનું વાંચન કર્યું. વાતાવરણમાં ગાંધીયુગનો પરિવર્તનનો વાયરો તો વાતો જ હતો. આ વાંચન કેટલું ગહન હશે, તે તો ડૉક્ટર જ બતાવી શકે. પરંતુ તે પછી જીવનનો રંગ બદલાવા લાગ્યો. મુંબઈ શહેરનું જીવન તેમનામાં બેચેની પેદા કરવા લાગ્યું. તેમના જીવનસાથીથી આ કેમ અજાણ્યું રહે ? જીવનસંગિનીએ ગામડામાં જઈને રહેવામાં પોતાની સંમતિ આપી.

શું તેઓ પર ગાંધીની ભૂરકી બરાબર કામ કરી ગઈ ? તેમનું પોતાનું આગવું વ્યક્તિત્વ તે વખતે હતું ?

મેલેરિયાના ઉપચાર અંગે ગાંધીજી સાથે વાત થાય છે, ચર્ચા થાય છે. પરંતુ તેમાં ગાંધીની ઉપચાર-પદ્ધતિના સ્થાને પોતાની ડૉક્ટરી વિદ્યામાંથી તેઓ જે શીખ્યા હતા તેને જ તેમણે સેવાના ક્ષેત્રમાં વાપરવાનું નક્કી કર્યું. ગુજરાતના કોમી દાવાનળ પછી વિસનગરમાં મળવાનું થયું ત્યારે જાણ્યું કે મેડિકલ વિજ્ઞાનનાં પુસ્તકો હજી પણ ક્યારેક ક્યારેક ઊથલાવીને તેઓ વિજ્ઞાન અંગે update જાણકારી રાખવા પ્રયત્ન કરે છે.

ગ્રામજીવનની પસંદગી કરી સેવાક્ષેત્રમાં ઝંપલાવવાનું નક્કી કરતાં પહેલાં તેઓ સંપૂર્ણ રીતે

સ્વસ્થ અને સભાન સ્થિતિમાં હતા. માંદગી દરમ્યાનનું વાંચન તેમના માટે Take off point બને છે.

વ્યક્તિ પરિવર્તન માટે સંસાર વચ્ચે રહી કામ કરતાં કરતાં સાધકનાં શક્ય તેટલાં લક્ષણો તેમણે અપનાવ્યાં છે. નિયમિતતા, પ્રાર્થના, વાંચન, નિત્યપાઠ કરવા જેવી સૌ કોઈ અપનાવી શકે તેવી પ્રક્રિયા તેઓ કરતા રહ્યા. ગાંધી-વિનોબા, વિમલાતાઈનું વાંચન કરતા રહ્યા. અંતરમાં વધારે પ્રશ્નો થાય તો ક્યારેક વિમલાબહેન સાથે પત્રવ્યવહાર કરે. એક કર્મયોગી જેટલો શક્ય સમય ફાળવી શકે તેટલો જ તેઓ ફાળવી શકતા હશે. કોઈ અલગ અધ્યયન માટે લાંબો ગાળો ફાળવ્યો હોય કે સાધનાની કોઈ તીવ્ર વિધિ માટે એકાંત સેવ્યું હોય તેવું દેખાતું નથી. વિનોબાના ગ્રંથોમાં ડૂબકી સતત મારતા રહ્યા છે.

સામાજિક પરિવર્તન માટે પણ તેમણે ગ્રામસ્વરાજને કેન્દ્રમાં રાખ્યું. ભૂદાન આંદોલનના વિવિધ કાર્યક્રમો માટે તેમજ જરૂરી સેવાઓ પહોંચાડવા માટે ધરમપુર, ભરૂચ અને ઉત્તર ગુજરાતમાં સઘન કામગીરી કરતા રહ્યા. રાષ્ટ્રસ્તરે સર્વોદય સમાજના જે જે પ્રસંગો ઊજવવાના હોય તે ઊજવતાં ઊજવતાં પરિવર્તનનું કામ કરતા રહ્યા. ગાંધી શતાબ્દી, ગાંધી સવાસો, જે.પી.શતાબ્દીની ઉજવણીમાં ભળ્યા અને અન્યને ભેળવતા રહ્યા. સાથીદારોની મદદથી ગાંધી-વિનોબાનું સાહિત્ય પણ પહોંચાડતા રહ્યા. આ બધું જ કામ કરવા ન મોટી ગર્જનાઓ કરે, ન ભવ્ય ચકાચોંધ કરી નાખનારા પ્રસંગો યોજે. આ કામ માટે ન આવેગ, ન ઉદ્વેગ, ન કોઈ વાદવિવાદ. સૌને મળે, વાત કરે અને કામને આગળ ધપાવે.

પોતાની આવડતવાળા કામને કેવી રીતે પ્રજાના ઉપયોગ માટે જોડીને પ્રજાનાં દિલમાં પ્રવેશ કરવો, તે વાત તેઓ સારી રીતે કરતા રહ્યા. આરોગ્યધામમાં સેવા આપી. સેંકડો નેત્રયજ્ઞો કરવાની પ્રેરણા આપી અને પોતે પણ ખડે પગે તેમાં સેવા આપતા રહ્યા. સેવા માટે માળખાં બનાવ્યાં, પરંતુ તેમાં તેઓ જકડાઈ ન રહ્યા. કાર્યભાર બીજાને સોંપીને પોતે વ્યાપક કાર્યભાર ઉઠાવવા તૈયાર રહેતા ગયા. ડૉ. જોષી તેમજ તેમના જેવા અન્ય વડીલ કાર્યકર મિત્રોના અથાગ પરિશ્રમથી ગુજરાતમાં ભૂદાનમાં ૫૦ હજાર એકર જેટલી જમીનનું સારી રીતે વિતરણ પણ થયું છે.

પ્રજા પાસે દાન માંગતાં પહેલાં પોતે પણ પહેલાં ફકીરી ધારણ કરી છે. આ માટે પરિવારને તેઓ સમજાવતા રહ્યા અને તેમનો સારો પ્રતિસાદ પણ મેળવ્યો છે.

ગાંધી પછી પરિવર્તનના આંદોલનને વિનોબાજીએ ચલાવ્યું. અને વિનોબાના આંદોલનને ગુજરાતમાં ઘણા કાર્યકરોએ આગળ ચલાવ્યું. તેમાં ડૉ. જોષી મોખરે છે.

આ માટે ડૉ.જોષી વાતાવરણમાં કોઈ મોટો ઇસ્યુ હોય કે ન હોય, પોતે સતત નાના-નાના સામાજિક કાર્યકરોના જૂથની સાથે સંવાદ કરતા જ રહ્યા છે. સર્વોદય-સમાજની સ્થાપના માટેના તીવ્ર-મંદ પ્રયત્નો એમના ચાલતા જ રહ્યા છે. જ્યારે વાતાવરણ શુષ્ક હોય, ત્યારે પણ તેમણે પરિવર્તનના અગ્નિને જલતો જ રાખ્યો છે. સર્વોદય વિચાર માટેના તેઓ એક અગ્નિહોત્રી રહ્યા છે.

વિનોબાજીનું ભૂદાન આંદોલન ગ્રામદાન-જિલ્લાદાનના તૂફાન આંદોલન પછી ખાસ્સું મોળું પડ્યું. જે કંઈ ગ્રામદાન મળ્યાં, તેમની પુષ્ટિ કરવાનો કાર્યક્રમ ચાલ્યો અને મંદ પડ્યો. ફરી પાછું કટોકટી વખતે વાતાવરણ ગરમ બન્યું. તે પછી વિશ્વીકરણ સામેના વિરોધનું એક મોજું આવ્યું, પરંતુ આંદોલનમાં કૃતિનો અભાવ સર્જાયો.

આવે ટાણે દેશસ્તરે ઠાકુરદાસ બંગસાહેબે ગ્રામસ્વરાજ અભિયાન છેડ્યું. સમગ્ર દેશમાં તેઓ ફરી વળ્યા. ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનમાં તેનો થોડો પ્રતિસાદ સાંપડ્યો. પરંતુ પછી તેમાં મંદ ગતિ આવી. સર્વસેવા સંઘના પ્રમુખ તરીકે નારાયણ દેસાઈએ

કાર્યભાર સંભાળ્યો. ગુજરાતમાં સર્વોદય મંડળના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ ભટ્ટ બન્યા.

સમગ્ર ગુજરાતમાં નાનાં મોટાં ઘણાં સંમેલનો થયાં. અમે મિત્રો પણ તેમાં ભળ્યા અને સજીવ ખેતી, પર્યાવરણ-રક્ષા, જળ-જમીનના હક્ક ગ્રામજનોને મળે તે વાત અમે કરતા રહ્યા, રાજ્યમાં-દેશમાં અને કેટલાંક વિશ્વસ્તરે ચાલતાં આંદોલનોની વાતો કરતા રહ્યા. શ્રી કાંતિભાઈએ ભૂદાનનાં ૫૦ વર્ષ, 'ભૂમિપુત્ર'ની યાત્રાનાં ૫૦ વર્ષ, જે.પી. શતાબ્દી જેવા પ્રસંગોને ખ્યાલમાં રાખી સર્વોદય વિચારનું નવનીત 'ભૂમિપુત્ર'ના વિશેષાંકોમાં પીરસ્યું. ચુનીકાકાએ ગ્રામસભાને અધિકારો અપાવવાનું આંદોલન છેડ્યું.

આ બધાંની સાથે ડૉ. જોષીએ ઉત્તર ગુજરાતનાં ગામોમાં ગ્રામસ્વરાજ માટેના સંકલ્પ-પત્રો પર હજારો સહીઓ ભેગી કરાવી એક વાતાવરણ ઊભું કર્યું. એમણે 'ફરી પાછા ચલો ગામ ભણી'નું સૂત્ર ચલાવ્યું. ચાલો, એક જિલ્લો લઈને, બધા જ સામૂહિક શક્તિથી પરિવર્તનનો પ્રયોગ ફરી આરંભીએ. અને સમી તાલુકાનાં આશરે ૧૦૦ જેટલાં ગામોમાં પદયાત્રાઓ કરાવી. જિલ્લામાં શું શું કરવા જેવું છે તેનો તથા ધરતી પરના પ્રશ્નોનો અભ્યાસ થયો. રાફુ ગામે એક નાની ટુકડીએ થાણું નાખ્યું. હાર્ટ એટેક પછીની જૈફ ઉંમરે ડૉકટરે રાફુમાં રહેવાનું ચાલુ કર્યું. ઈશ્વરભાઈ, કનુભાઈ, અભેરામ, કૌશિક, શ્યામસુંદરભાઈ તેમજ અન્ય મિત્રોએ નાનાં મોટાં કામ ચાલુ કરાવ્યાં. આજે ફરી પાછું તેમાં મંદીનું મોજું આવ્યું છે.

આ સમગ્ર ચઢાવ-ઉતારમાં ડૉ. જોષી સતત તેમની ઊર્જા ઠાલવતા રહ્યા. ન તેમને વગડો નડ્યો, ન ઉત્તર ગુજરાતની ગરમી નડી, ન શુષ્ક વાતાવરણે તેમનો ઉત્સાહ તોડ્યો. બસ, ચાલતા જ રહ્યા અને ચલાવતા જ રહ્યા.

વસંત પંચમીના દિવસે જન્મેલા ડૉકટરે ભગવાને આપેલા બધા જ દિવસોમાં વસંતોત્સવ માણ્યો છે. સર્વોદય સમાજ સ્થાપવાની મથામણમાં ક્યારેય તેમના માનસપટમાં પાનખર આવી નથી. ઉત્તર ગુજરાતની કાળઝાળ ગરમીથી બચવા છત્રી, ગોગલ્સ અને ટોપીની સજ્જતા સાથે તેઓ વર્ષોથી કાર્યરત રહ્યા છે. આંતરિક રીતે તેઓ ગાંધી-વિનોબા અને જે.પી.ના વિચાર-વારસાથી પણ સજ્જ છે. તેમનું પ્રેરણાબળ તેમને ચલાવતું રહ્યું છે. તેમને માટે કોઈ કપરી પળ નથી. ગજબની ધીરજ તેમનામાં છે !

વર્ષો પહેલાં સિદ્ધપુરથી નીકળેલી પદયાત્રામાં કોઈ વચ્ચેના ગામેથી હું જોડાયો હતો. પ્રાર્થના-વાંચનનો સમય થયો. ગરમીના દિવસો હતા. ખેતરના શેઢે થોડાક છાંયડામાં બેસી કોઈ પુસ્તકનું વાંચન ચાલતું હતું. વાંચન પછી સમજાવતા બોલ્યા, ''ઈશ્વરપ્રાપ્તિ માટે હજારો લાખો વરસ મથવું પડે.'' રતનબહેને તરત જ ટોણો માર્યો, ''પુસ્તકમાં હજારો વર્ષ લખ્યું છે ? નાહકનું શેનું તેમાં ઉમેરો છો ?''

ડૉકટરનું કહેવું હતું તે એ કે ઈશ્વરપ્રાપ્તિ માટે અખૂટ ધીરજ સાથે સતત મથતા રહેવું જોઈએ, ધીરજ ખોવી ન જોઈએ. આજે પણ પરિણામને પામવા માટેનું સાતત્ય અને ધીરજ તેમનામાં દેખાય છે. પરિવર્તનના કામમાંથી તેમણે હાથ ખંખેર્યા નથી. ભૂદાનમૂલક, ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિ માટે તેઓ અવિરત મથતા રહ્યા છે. તેઓ માત્ર કાર્યકર તરીકે કામ કરતા નથી રહ્યા, પરંતુ જીવનસાધક પણ બન્યા છે. તેમનામાં અધ્યાત્મનિષ્ઠા જળવાઈ રહી છે. જ્યારે પણ કોઈ કાર્યકર મળે, ત્યારે તરત જ તેને પૂછે ''આજકાલ શું ચિંતન ચાલે છે ?'' સર્વોદય-ઇતિહાસનાં ૫૦ વર્ષનાં પાનાં ઊથલાવતાં મનને થોડો ભાર પણ લાગે છે. રવિશંકર મહારાજથી માંડી ડૉ. જોષી જેવા ધૂરંધરોએ એકધારો પરિવર્તનનો ચાક ચલાવ્યા કર્યો. પણ હવે આને કેમ આગળ ચલાવવો ? ઇતિહાસ તો વાંચ્યો, પણ નવા ઇતિહાસના સર્જન માટેની હવે તૈયારી કેવી રીતે કરવી ? આ બધાં પાત્રોએ જે કંઈ કર્યું તેનું વિશ્લેષણ કરીએ ? તેમના કામનાં સૂક્ષ્મ લેખાંજોખાં

કરીએ ? આજકાલ મીડિયા જે રીતે ગમે તે વ્યક્તિનું આડેધડ ડિસેક્શન કરે છે, અને પાણીમાંથી પોરા કાઢે છે, તેવું કરીએ ?

પરિવર્તન પૂર્ણ થયું નથી તે હકીકત છે. માટે હજી ઘણું કરવાનું છે તે પણ હકીકત છે. જે કંઈ થઈ ગયું અને તેમાંથી જે કંઈ પામ્યા તેનું ખાતર બનાવીને આગળ ચાલવું છે કે માત્ર તેમની નકલ કરીને નિભાવ્યે રાખવું છે ? સાથે સાથે એ પણ ખરું કે આવતી પેઢી આ બધા મહાપુરુષો જીવનમાં કેવું તવાયા છે, કેવું મથ્યા છે, અને શૂન્યમાંથી કેવું સર્જન કરી શક્યા છે, તે વાતને ઝીણવટથી નહીં સમજે, તો ઇતિહાસના અભ્યાસુ તરીકે મોટી થાપ ખાશે. માટે ઇતિહાસ પણ જાણવો છે, સમજવો છે, સાચવવો છે.

કદાચ હવે માત્ર 'ગ્રામસ્વરાજ-ગ્રામસ્વરાજ' રટવાથી કામ નહીં ચાલે. તેના જૂના માળખાને પણ પુનઃ જીવિત નહીં કરી શકાય. શું કરવું જોઈએ, તેનું સ્પષ્ટ ચિત્ર તો નજર સામે નથી આવતું, પરંતુ વિશ્વસ્તરનાં પરિવર્તનો, પ્રજાની આકાંક્ષા, ધરતીનું બદલાઈ રહેલું પર્યાવરણનું પાસું, એક વિચિત્ર વિચારસરણીનું કે વિચારસરણીઓનું આવી રહેલું ઘોડાપૂર —આ બધું આજે સમાજને અવળી જ દિશામાં ઢસડી જઈ રહ્યું છે. કામ વધુ ને વધુ કપરું બનતું જઈ રહ્યું છે. પરિવર્તન માટેનો કયો પ્રવાહ આપણા માટે અનુકૂળ થઈ રહ્યો છે, તે કહેવું આજે શક્ય નથી. પરંતુ એટલું જ સમજવાનું છે કે કંઈ જ ન સૂઝે એટલે ચાલો જૂનું વાજું ફરી વગાડીએ, તે વાત હવે કદાચ નહીં ચાલે — ન ચલાવવી જોઈએ.

આપણે આપણા વિચારનાં ને આચારનાં ક્ષેત્રો વ્યાપક બનાવવાં પડશે. બહુઆયામી પ્રયત્ન કરવો પડશે. એક સાધે સબ સધાઈ જશે, તેવું નહીં થાય. માણસ ગોઠવાઈ જશે એટલે બધું ગોઠવાઈ જશે, તેમ કહેવામાં તથ્ય છે, પરંતુ તે આંશિક તથ્ય છે, અને તેને જ માત્ર રટ્યા કરવાથી તો તેમાં રહેલો સત્યનો અંશ પણ મરી પરવારે છે ! ગાંધી-વિનોબા વિચારમાં પોન્ટેન્સીયાલિટી ઘણી છે, પરંતુ તેને વર્તમાન સંદર્ભમાં કેવી રીતે ઉપયોગમાં લેવી, તે ખાસ્સી મથામણનો વિષય છે.

આપણે અત્યારના સમાજને સમજવા માટેનું શાસ્ત્ર વિકસાવવું પડશે. વિજ્ઞાનના પ્રવાહો, ટેકનોલોજીના પ્રવાહો, બજારના પ્રવાહો, રાજસત્તાના પ્રવાહો, વિશ્વસ્તરની વિવિધ Conflict ના પ્રવાહો, વગેરેને સમજવા પડશે. ગાંધી-વિનોબાના દર્શનના પ્રકાશમાં તેમ કરીએ. જરૂર પડ્યે તેમાં પણ આગળ ખેડાણ કરીએ. પરંતુ હવે ડાબલાં બાંધી ગોળ ગોળ ફરવાથી પરિવર્તન નથી થતું, તે પણ સમજવું પડશે. આમ કરવાથી આપણે આપણા સન્માન-પાત્ર વડીલોને છેહ નથી દેતા, પરંતુ અધૂરા કામને પૂરું કરવાના સંકલ્પ સાથે નમ્રતા સાથે આમ કરીએ છીએ.

ડૉક્ટરના એક પત્રથી વસંત પરીખ શહેર છોડે છે. ડૉક્ટરના એક કહેણને કાન પર ધરી પોંડીચેરીના સાધક તરીકે જવાનું માંડવાળ કરીને ઉત્તર ગુજરાતની ધરતીમાં રમીલાબહેન જેવાં દટાઈ જાય છે. કંઈ કેટલાય લોકો માટે ડૉક્ટર પ્રેરણાસ્રોત રહ્યા છે. તેમની સલાહ સૌ તેમને મોટાભાઈ ગણીને માથે ચઢાવે છે. નાની મોટી અનેક સંસ્થાઓ સ્થાપીને તેમના કાર્યકરોને પ્રેરણાનાં પીયૂષ તેમણે પાયાં છે. ઉત્તર ગુજરાતની પ્રજાએ પરિવર્તના ઇતિહાસને ચાલુ રાખવા માટે હવે આગળ ઉપર શું કરીશું, તેનો ઉત્તર આપવાનો છે. ડૉ. જોષીના તંતુને આગળ વધારવાનો છે. તેમાં નવા નવા આયામો જોડી નવો ઇતિહાસ રચવાનો છે. પરિવર્તનની પરંપરાને આગળ ધપાવવાની છે. આ કામ માત્ર મારે નહીં, કે માત્ર તમારે નહીં, આપણે સૌએ કરવાનું છે. અગ્નિહોત્રીના હવનકુંડમાંના અગ્નિને આપણે પ્રજ્વલિત રાખવાનો છે. છે ને સૌની તૈયારી ?

૦ રજની દવે

ડૉ. દ્વારકાદાસ જોષીના દાદા બાલમુકુંદ વૈકુંઠરામ સાદોક રાજસ્થાનથી ઊતરી આવેલા બ્રાહ્મણ કુટુંબના વંશ-વારસ. તે સમયે વડનગરના વેપારધંધા સમગ્ર પ્રદેશમાં મોખરે. પણ દાદા પાસે પોતીકી મૂડી નહીં, એટલે મહારાષ્ટ્રમાં અમરાવતી જઈ વસેલા. ત્યાં બે પૈસે સુખી થયા. એમને એક દીકરો અને બે દીકરી. દીકરો ડાહ્યાલાલ ઉંમરલાયક થતો હતો ત્યારે બાલમુકુંદદાસને થયું કે સ્વદેશ જઈએ, દીકરાને વરાવીએ -પરણાવીએ અને ત્યાં જ હવે ઠરીઠામ થઈએ. તેથી અમરાવતીનો વ્યાપાર સંપૂર્ણ સમેટી લઈ ટ્રેન દ્વારા સ્વદેશ આવવા નીકળ્યા.

ત્યારે વગડાના એક ફ્લેગ સ્ટેશન પર જ્ઞાતિના એક સભ્ય સ્ટેશન માસ્તર તરીકે ફરજ બજાવે. દાદાને થયું, લાવ ને જ્ઞાતિભાઈને મળતા જઈએ. એમ વિચારી તે સ્ટેશને ઊતરી ગયા. વગડાનો વિસ્તાર એટલે જોખમ સાથે હતું તે એમને સાચવવા આપ્યું. પણ આ જ્ઞાતિબંધુના પેટમાં પાપ પેઠું. સાંજે ગુડઝ ટ્રેન આવી, ત્યારે તેણે બાલમુકુંદદાસને કહ્યું, શેઠ જવું હોય તો આ ટ્રેનમાં જતા રહો, કાલ કોણે દીઠી છે ! બાલમુકુંદભાઈ સમજી ગયા. કોથળી માગી. પેલો કહે, થેલી કેવી ને વાત કેવી ? જીવતા રહેવું હોય તો નીકળી જાવ.

આમ, વડનગર પહોંચ્યા, ત્યારે બાપ-દીકરો ખુલ્લા હાથે પગે હતા. ઉછીના-પાછીના કરી પાલનપુરમાં નસીબ અજમાવ્યું, પણ કારગત ના નીવડ્યું. ત્યાં હારીજમાં એક પ્રસ્થાપિત વ્યાપારની મંડી બનેલી. ત્યાં છેક પાકિસ્તાનની સરહદ નગરપારકર-સિંધ વગેરેથી વેપાર માટે પોઠ્યોની પોઠ્યો આવતી. ત્યાં જઈને બાપ-દીકરાએ રામજી મંદિરની પરસાળમાં કાપડની દુકાન ખોલી. ત્યાં નસીબે યારી આપી. આજે ૧૦૦ વર્ષોનો જોષી કુટુંબનો નાતો હારીજ સાથે છે. કુટુંબના એક વડીલનો દીકરો આજે ત્યાં ઠરીઠામ થયો છે.

આ આંદોલનમાં કોઈ જોડાયું, તો ભગવાને તેને પ્રેરણા આપી એટલે જોડાયું. ભગવદ્-પ્રેરણા સિવાય બીજી કોઈ પ્રેરણા દુનિયામાં કામ કરતી હોય, એમ હું નથી માનતો. એક ભગવદ્-પ્રેરણા જ દુનિયામાં કામ કરે છે, એવો મને વિશ્વાસ છે.

કોઈ માણસ કેવો હતો અને તેને પ્રેરણા કઈ રીતે મળી ! ઓરિસ્સાનો એક પ્રોફેસર, સામાન્ય માણસ. તેને ઇચ્છા થઈ કે ભૂદાન-ગ્રામદાનનું કામ કરું. તેણે રાજીનામું આપી દીધું અને આ કામમાં લાગી ગયો. નિર્મલા નાગપુરમાં પ્રોફેસર હતી. તેય નીકળી પડી. મેં તો પટનાયકને પ્રેરણા નહોતી આપી, નિર્મલા પણ મને પૂછવા નહોતી આવી. આવાં દૃષ્ટાંત હું આપવા બેસું, તો સહજ અનેક આપી શકું. એમને આ કામમાં આવવાની પ્રેરણા મેં નહોતી આપી. નવકૃષ્ણ ચૌધરી. એક દિવસ અચાનક મુખ્ય મંત્રીપદ છોડીને આ કામમાં લાગી ગયા.

આ બધા ઉપરથી મારો વિશ્વાસ દૃઢ થઈ ગયો કે દુનિયામાં ભગવદ્-પ્રેરણા સિવાય બીજી કોઈ પ્રેરણા કામ નથી કરતી.

*

આજકાલ આત્મકથા/જીવનકથા લખવાનો એક રિવાજ થઈ ગયો છે. અસલમાં લખાય છે, શરીરકથા ! આત્મકથા તો ત્યારે જ લખી શકાય, જ્યારે અનેક જન્મ-પ્રવાહોનું જ્ઞાન હોય. તેના વિના કેવળ આખરી ટુકડાની જાણકારી બહુ જ અધૂરી ગણાશે.

૦ વિનોબા ૦

ડાહ્યાલાલ ત્યારે જુવાન જોધ. રૂપાળા પડછંદ શરીરવાળા. બુદ્ધિશાળી અને કુશળ વ્યાપારી. સમય જતાં નામ કમાયા અને ત્યાં જ હારીજમાં ઠરીઠામ થયા. વડનગરના ગર્ભશ્રીમંત મોતીલાલ વ્યાસનાં દીકરી કસ્તૂરબાઈ સાથે તેમણે પ્રભુતામાં પગલાં માંડ્યાં. તેમનું પ્રથમ સંતાન તે આ દ્વારકાદાસભાઈ. તા. ૨૦-૧-૧૯૧૭ ને સંવત ૧૯૭૩ના મહાસુદ પાંચમ-વસંત પંચમીને મંગલ દિવસે. આ દંપતીને કુલ છ દીકરા —દ્વારકાદાસ, જગન્નાથ, લક્ષ્મીપ્રસાદ, રમણિકલાલ, રમાકાન્ત, નાનુભાઈ – અને એક દીકરી –કીકીબહેન.

દ્વારકાદાસનું બચપણ હારીજમાં પસાર થયેલું અને પ્રાથમિક શિક્ષણ પણ ત્યાં જ થયું. ત્યાર બાદ તેને વડનગર દાદી તારામા પાસે મોકલી આપ્યો. દાદી તારામા સ્વમાની અને સ્વાશ્રયી. પોતાની આજીવિકા પોતે રળી લેતાં. તે વખતે પડિયાં-પતરાળાં બનાવવાનો ગૃહ ઉદ્યોગ હતો. તે દ્વારા દાદી પોતાનો રોટલો રળી લેતાં. તેઓ ભજનિક ને સેવાભાવી હતાં. કોઈની પણ મુસીબતમાં તેને પડખે ઊભાં રહેતાં. આ ગુણ ડૉક્ટર-સાહેબમાં સીધો જ ઊતર્યો હોય એવું લાગે છે.

વડનગરમાં એમનું શિક્ષણ એ. વી. સ્કૂલમાં થયું. આ બાલ્યકાળ એટલે કે ૮ થી ૧૩ વર્ષની ઉંમર સુધીનો સમય વડનગરમાં વીત્યો. વડનગરમાં એક સુંદર ને સમૃદ્ધ લાયબ્રેરી શ્રી સયાજીરાવ ગાયકવાડે સ્થાપેલી. તે લાયબ્રેરીનાં મોટા ભાગનાં પુસ્તકો દ્વારકાદાસે વાંચી કાઢ્યાં હતાં.

ગાંધીજીના દાંડીના મીઠાના સત્યાગ્રહ વખતે દ્વારકાદાસની ઉંમર ૧૩ વર્ષની. વડનગરના એક પ્રતિષ્ઠિત શુદ્ધ ખાદીધારી સજ્જન બાલમુકુંદદાસ મહારાજે ત્યારે વડનગરમાં શાળામાં ભણતાં બધાં જ બાળકોને તકલી ને પૂણી આપેલાં અને સૂતર કાંતતાં શીખવેલું. દ્વારકાદાસનો ખાદીનો આ સૌ પ્રથમ પરિચય. એક વર્ગશિક્ષક નાથાભાઈ પણ શુદ્ધ ખાદીધારી. એમના વ્યક્તિત્વની છાપ પણ દ્વારકાદાસના બાળમન ઉપર ખરી.

ત્યાર બાદ આગળનો અભ્યાસ વિસનગર જી.ડી. હાઈસ્કૂલમાં થયો અને બૉર્ડિંગમાં રહેવાની ગોઠવણ થઈ. તે જમાનામાં વડોદરા રાજ્યમાં વિસનગર હાઈસ્કૂલ આગળ પડતી ગણાતી. તેનું શિક્ષણ વખણાતું. ત્યાંના હેડમાસ્તર હરિલાલ રામદાસ શાહ ઘણા જાણીતા, ખૂબ વિદ્વાન, અંગ્રેજી અને સંસ્કૃતિનું ઊંડું જ્ઞાન, ધાર્મિક પ્રકૃતિના, શિસ્તમાં બહુ માનનારા. ખૂબ ખંતથી અને રસપૂર્વક ભણાવે. બાળકોને અક્ષરજ્ઞાન આપવા ઉપરાંત એમનાં ચારિત્ર્ય ઘડવાં, પરોપકારી સેવાભાવી જીવન જીવતાં શીખવવું, તે એમનો જીવનમંત્ર. આ શાહસાહેબના સંસ્કારે દ્વારકાદાસનું જીવન ઉચ્ચ શ્રેણીનું બનાવવામાં ઘણો ભાગ ભજવ્યો. શાહસાહેબની એક આધ્યાત્મિક વ્યક્તિ તરીકેની છાપ આજ દિવસ સુધી જોષીસાહેબના મન પર છે.

૧૯૩૨માં દ્વારકાદાસ મેટ્રિકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા અને વડોદરા કૉલેજમાં દાખલ થયા. પ્રિવિયસ પાસ થયા બાદ પહેલાં તો એમને પ્રાધ્યાપક થવાની ઇચ્છા થયેલી, એટલે આર્ટ્સ ફેકલ્ટીમાં પ્રવેશ મેળવ્યો. પરંતુ મહિના-માસમાં ખ્યાલ આવી ગયો કે આ આર્ટ્સના વિષયો પોતાને ફાવશે નહીં. તેથી ડૉક્ટર થવાના ધ્યેયથી ઇન્ટર સાયંસમાં દાખલ થયા. આમ તો એક વખત દાખલ થયા પછી આવી રીતે ફેરફાર કરવો અઘરો હતો, પણ ફિઝિકસના પ્રોફેસર આપ્ટેસાહેબની કૂણી લાગણી અને ભારે મહેનતથી સાયન્સમાં પ્રવેશ મળ્યો. ત્યાં ફાવી ગયું. અને ઇન્ટર સાયન્સમાં સારી રીતે ઉત્તીર્ણ થયા.

હવે આગળ દાકતરીનું ભણવા મુંબઈની કૉલેજમાં પ્રવેશ મેળવવા અરજી કરી. ત્યાંની જી.એસ. મેડિકલ કૉલેજમાંથી પ્રવેશ મળ્યાનો તાર હારીજ આવ્યો. પિતાજીને વાત કરી કે મારે ડૉક્ટર થવું છે. પિતાજીને ખૂબ લાંબો પહોળો વસ્તાર. બધાંનું જ વિચારવાનું હોઈ આર્થિક સહાય કરવાની ના પાડી. છતાં હિંમત ના હારતાં દ્વારકાદાસ મુંબઈ ગયા. ત્યાં એમના મામા નટવરલાલ વ્યાસે હૂંફ અને આર્થિક સહાય આપી. સમય જતાં બે ટ્યુશન પણ મળી ગયાં,

એટલે જરૂરિયાત જેટલું મળી રહેતું. જી.એસ. મેડિકલ કૉલેજમાં ડૉ. જીવરાજ મહેતા ડીન હતા.

૧૯૩૫માં ફર્સ્ટ એમ.બી.બી.એસ.માં ઉત્તીર્ણ થયા. ત્યારે વડનગરના એક ગર્ભશ્રીમંત અને લબ્ધપ્રતિષ્ઠ શ્રી નટવરલાલ ધનજી મહેતાનાં બીજા નંબરનાં સુપુત્રી રતનબહેન સાથે દ્વારકાદાસનાં લગ્ન થયાં. પહેલો દીકરો પરણતો હોવાથી પિતાજીએ બહુ ધામધુમથી લગ્નનો ઉત્સવ ઊજવ્યો. વરઘોડામાં ૪૦ સાથબેલા હતા. એટલે કે વરરાજા સિવાયના બીજા ૪૦ ઘોડા કે જેના ઉપર કુટુંબનાં નાનાં બાળકો બની-ઠનીને વરઘોડામાં મહાલતાં હોય.

કૉલેજકાળ દરમ્યાન દ્વારકાદાસનું જીવન સંયમી રહેલું. ઘણા વિદ્યાર્થીઓ માંસ, ઈંડાં વગેરે ખાતા હોય. પણ દ્વારકાદાસ કદી તેને અડક્યા નહોતા. વળી, જેમ જેમ એમનામાં સ્વદેશીની ભાવના જાગ્રત થતી ગઈ, તેમ તેમ ખાદી પહેરવાનું શરૂ કર્યું. સ્વદેશી વસ્તુઓ વાપરવાનુંયે વલણ રહ્યું. ત્યારે ગાંધીજીનાં સ્વદેશી અને અસહકારનાં આંદોલનો પૂરબહારમાં ચાલતાં હતાં. યુવાન દ્વારકાદાસ ઉપર તેનો રંગ લાગવા માંડ્યો હતો.

૧૯૩૯માં એમ.બી.બી.એસ.ની ડીગ્રી પ્રાપ્ત કરી. ડૉક્ટર થઈને પહેલાં તો હારીજ ગયા. પણ હજી નવા નવા જ ડૉક્ટર થયેલા. એક-બે કેસમાં નિદાન-સારવાર બહુ સફળતાપૂર્વક ન કરી શકયા. એટલે નોકરી શોધવા માંડી. 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'માં જાહેરાતો વાંચી અરજીઓ મોકલી. પણ કાંઈ મેળ ન પડ્યો.

એટલે મુંબઈ જવા વિચાર્યું. પિતાજીએ દસ રૂપિયા ગાડીભાડાના આપેલા. વચ્ચે વડોદરા ઊતરી જઈને સયાજી હોસ્પિટલમાં કંઈક કામ મળી જાય તે માટે કોશિશ કરી. પણ ત્યાં કંઈ કામ ન મળ્યું. છેવટે મુંબઈ પહોંચ્યા. ત્યારે ખિસ્સામાં બે આના હતા. જૂના મિત્ર જાડેજાને મળ્યા. થોડું દેવું કર્યું. એક્સ-રે ફોટા પાડવાના કમિશનમાંથી ખર્ચ કાઢ્યું. પછી કે.ઈ.એમ. હોસ્પિટલમાં ડ્રેસિંગ સુપરવાઈઝરની નોકરી મળી. મહિને રૂપિયા ૭૫ પગાર.

અહીં સારો અનુભવ મળ્યો. માઈનોર સર્જરીનું કામ પણ મળતું. નોકરી સવારે કરવાની હતી. તેથી સાંજે અંગત દવાખાનું શરૂ કરવાનું વિચાર્યું. હોસ્પિટલ નજીક પરેલ વિસ્તારમાં ભાડેથી જગ્યા રાખી અને સાંજે ૫ થી ૮ સુધી ડૉક્ટર તરીકે બેસતા થયા. ઠીક ઠીક આવક થવા લાગી. વિશ્વાસ આવવા માંડ્યો. આમ બારેક મહિના ચાલ્યું. પછી નોકરી છોડી મુંબઈના ગીચ ગુજરાતી વિસ્તાર કાલબાદેવીમાં ડૉ. વિગાસ સ્ટ્રીટમાં પોતાનું દવાખાનું ખોલ્યું. દશેરાના દિવસે ઉદ્‌ઘાટન કરેલું. અને પછી તો ડૉક્ટરનો ઘોડો પૂરપાટ દોડતો રહ્યો. વચ્ચે ૧૯૪૨માં થોડી આંધી આવી ગઈ. ગાંધીજીની ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળથી ડૉક્ટર પણ આંદોલિત થયેલા. તા. ૯ ઑગસ્ટના એ યાદગાર દિવસની યાદમાં એમણે હેટ-નેકટાઈ વગેરેનો સદાયને માટે ત્યાગ કર્યો, સંપૂર્ણપણે ખાદી પહેરવાના શપથ લીધા અને કૉંગ્રેસની રચનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય ભાગ લેવા માંડ્યો.

એ વખતે બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું. જાપાન હિંદુસ્તાન ઉપર ચઢી આવશે, એવા ભણકારા વાગતા હતા. તેને લીધે ઘણા લોકો મુંબઈ છોડી ગયા. મુંબઈ ખાલી થવા માંડ્યું. આની અસર ડૉક્ટરના દવાખાના ઉપર પણ થઈ. આર્થિક સ્થિતિ ફરી થોડી ડામાડોળ થઈ ગઈ. પણ એકાદ વરસમાં પરિસ્થિતિ થાળે પડી ગઈ અને ડૉક્ટરનું દવાખાનું ફરી ધમધોકાર ચાલવા માંડ્યું. હારીજથી નાના ભાઈઓને મુંબઈ બોલાવી લીધા.

ડૉક્ટરનો અભિગમ વૈજ્ઞાનિક. ટૂંક સમયમાં જ એક્સ-રે મશીન ખરીદ્યું. લેબોરેટરી શરૂ કરી. એક આસિસ્ટન્ટ ડૉક્ટર રાખી લીધો. દરદીઓનેય લાભ થાય એવી એક યોજના શરૂ કરી. વાર્ષિક. રૂ. ૨૫૦ એક કુટુંબ પાસેથી લેવાના અને આખું વરસ કુટુંબનાં બધાં જ સભ્યોની સારવાર કરવાની. આ યોજનામાં દોઢસો જેટલાં કુટુંબો જોડાયેલાં. મુંબઈના એક મજૂર

લત્તામાં એક મજૂર સંસ્થામાં ઓનરરી મેડિકલ ઑફિસર તરીકે સેવા આપતા. ગુજરાતી સમાજ નામની એક સંસ્થા અને યુવક મંડળ સાથે જોડાઈને સમાજસેવાની પ્રવૃત્તિઓમાંયે રસ લેતા.

ડૉ. જોષી જોતજોતામાં મુંબઈના આ વિસ્તારના અત્યંત લોકપ્રિય ડૉક્ટર બની ગયા. એમના સ્વભાવની સરળતા, નમ્રતા, નિખાલસતા, સહુ સાથેનો એમનો અત્યંત પ્રેમભર્યો વ્યવહાર, એમની સેવાવૃત્તિ, આ બધાંને લઈને એમનું દવાખાનું દરદીઓથી ઊભરાવા માંડ્યું. અને ધીકતી કમાણી થવા લાગી. મહિને ચાર-પાંચ હજારની પ્રેક્ટિસ હતી.

આમ, દાક્તરી વ્યવસાયની સંપૂર્ણ જાહોજલાલી હતી. અદ્યતન દવાખાનું, ટેલિફોન વગેરે. જીવન અમીરીથી જિવાતું હતું. આ ગાળામાં એમનું મન એક બાજુ મોજશોખ અને બીજી બાજુ સ્વદેશીની ને રાષ્ટ્રીયતાની ભાવના વચ્ચે ઝોલાં ખાતું હતું. જો કે પૈસાનો મોહ હતો, પણ બહુ લોલુપતા નહીં. તેવામાં એક ડૉક્ટર-મિત્ર આડતિયા એક જૂની મોટર લાવ્યા. તે જોઈ ડૉ. જોષીને થયું, ''આપણે પણ મોટર કાં નહીં ?'' અને ડૉ. જોષીએ ઇંગ્લેંડથી નવી મોટરકાર 'મોરિસ માયનોર' સ્ટીમરમાં મુંબઈ મંગાવી. ૧૯૪૬નું એ વરસ. નવી નકોર ઇમ્પોર્ટેડ મોટરકારની કીમત રૂપિયા છએક હજાર ! આની સાથોસાથ રોજ રેંટિયો કાંતવાનો નિયમ બરાબર પળાતો. કૉંગ્રેસ સંસ્થાની પ્રવૃત્તિઓમાંયે વધુ ને વધુ ભાગ લેવાતો. સફાઈ કામદારોની હડતાલ વખતે હાફપેન્ટ પહેરી હાથમાં ઝાડુ અને સૂંડલા સાથે શેરીઓ અને રસ્તા વાળવાયે નીકળી પડતા.

વચ્ચે એક વાર ૧૯૪૫માં કમળાની બીમારીમાં પટકાયા. ખૂબ તાવ આવ્યો. રાતે ઊંઘ ન આવે. 'હમણાં મરી જઈશ, હમણાં મરી જઈશ,' એમ લાગ્યા કરે. મરણ જાણે આવી જ રહ્યું છે ! એક દિવસ તો બહુ જ નબળાઈ આવી ગઈ. કુટુંબીજનો બધાં એકઠાં થઈ ગયાં. સાત દિવસ આમ ચાલ્યું. મન તો મનનું કામ કરે, ચિંતન ચિંતનનું કામ કરે. આ અરસામાં ગાંધી-સાહિત્યનું વાંચન ઘણું થયેલું. તેની અસર હેઠળ મનમાં એમ નક્કી થયું કે મરીશું તો કંઈ વાંધો નહીં, અને જીવીશું તો મુંબઈ છોડી વડનગર જઈ ગામડાંની સેવા કરીશું. પૈસા કમાવા કરતાં દેશસેવામાં જીવન અર્પવું, એ જ જીવનની ઉન્નતિનો ઉત્તમ રાહ છે. પણ ગામડે જઈ શું કરવું ? પછી તો માંદગીમાંથી બેઠા થયા.

તે વારમાં ગાંધીજીએ કુદરતી ઉપચારની વાત ઉપાડેલી. ઉરુલી કાંચનમાં તેના પ્રયોગો શરૂ કરેલા. ડૉ. જોષીને આ વાત ગમી. એમણે ગાંધીજીને પત્ર લખ્યો. ગાંધીજીએ જવાબ આપ્યો. થોડો પત્ર-વ્યવહાર ચાલ્યો. ગાંધીજીએ એમને પૂના મળવા બોલાવ્યા. ડૉક્ટર પૂના ગયા. પણ ગાંધીજી ક્યાંક જવા નીકળતા હતા એટલે બહુ તો ન મળાયું. ગાંધીજીએ કહ્યું, દિનશા મહેતા જોડે વાત કરો. ડૉક્ટર કેટલાક મુદ્દા નોંધી લાવેલા, તે નોંધ આપી. ત્યાર બાદ ગાંધીજીએ ઉરુલી કાંચનથી લખેલા તા. ૧-૮-૧૯૪૬ના પોતાના પત્રમાં જણાવ્યું —

ભાઈ જોષી,

....કુદરતી ઉપચારમાં સૂક્ષ્મદર્શક યંત્ર, 'ક્ષ' કિરણો વગેરેને કશું સ્થાન નથી. ક્વિનાઈન, ઈમેરિન, પેનિસિલીન જેવી દવાઓને પણ નેચર ક્યોરમાં સ્થાન નથી. ગ્રામસફાઈ, ઘરસફાઈ, અંગસફાઈ અને આરોગ્યરક્ષણને પ્રથમ સ્થાન છે. અને તે પૂરતાં છે. એટલું થઈ શકે, તો વ્યાધિ ન આવી શકે, એ એની પાછળ કલ્પના છે. અને વ્યાધિ આવ્યો હોય તો તેને કાઢવાને ખાતર કુદરતના બધા નિયમોને જાળવવા છતાં રામનામ એ મૂળ ઉપચાર છે. એ ઉપચાર સાર્વજનિક ન થઈ શકે, જ્યાં લગી રામનામની સિદ્ધિ પોતાનામાં ઉપચારકને ન આવી હોય. એટલે રામનામ રૂપી ઉપચાર એકાએક સાર્વજનિક ન થઈ શકે. પણ પંચમહાભૂતોમાંથી એટલે કે પૃથ્વી, પાણી, આકાશ, તેજ અને

વાયુમાંથી જે દોહન કરી શકાય, તે શક્તિનું દોહન કરીને વ્યાધિ મટાડવાનો આ પ્રયાસ છે, અને ત્યાં મારી દૃષ્ટિએ કુદરતી ઉપચારનો અંત આવી જાય છે. એટલે જે પ્રયોગ અત્યારે ઉરુલી કાંચનમાં ચાલી રહ્યો છે, તે ગ્રામવાસીઓને સ્વાસ્થ્ય-રક્ષાની કળા શીખવવાનો અને રોગી છે તેનો રોગ પંચમહાભૂત મારફત મટાડવાનો છે. એમાં જરૂર જણાતાં ઉરુલીની ઉપસ્થિત વનસ્પતિઓનો ઉપયોગ થશે, ને આમાં પથ્યાપથ્યનો સમાવેશ થઈ જાય છે.

મો. ક. ગાંધીના આશીર્વાદ

ડૉ. જોષીના ત્યારના વૈજ્ઞાનિક અભિગમ સાથે આનો મેળ ન બેઠો, અને એમણે કુદરતી ઉપચારના કામમાં જવાનો વિચાર માંડી વાળ્યો. ત્યારે હજી ગાંધીકાર્યમાં ઝંપલાવવા માટેની ઘડી નહોતી પાકી.

વડનગરમાં અવારનવાર મેલેરિયાનો ઉપદ્રવ ફેલાતો. તેના અનુસંધાનમાં મુંબઈમાં રહેતા વડનગર-વાસીઓએ 'વડનગર નાગરિક મંડળ'ની સ્થાપના કરી હતી અને વડનગરમાં એક દવાખાનું પણ ખોલ્યું હતું. એમણે મેલેરિયાને અંકુશમાં લેવાનું એક અભિયાન પણ છેડ્યું હતું. ફરી પાછો ૧૯૪૭માં વડનગર અને તેની આસપાસનાં ગામડાંઓમાં વ્યાપકપણે મેલેરિયા ફાટી નીકળ્યો. ડૉ. જોષી નાગરિક મંડળના સહકાર્યકરો સાથે વડનગર દોડી ગયા. ત્યાં તત્કાળ બધે ફરીને દરદીઓને સારવાર આપી. 'ક્વિનાઈન' વગેરે દવાઓ ઘરે ઘરે જઈને ખવડાવી. મેલેરિયા તો કાબૂમાં આવ્યો, પણ આ દરમ્યાન ડૉક્ટરના જીવનમાં એક મહત્ત્વનું સોપાન ઉમેરાયું.

આ દરમ્યાન ડૉક્ટરને અત્યંત ગરીબ નીચેના વર્ગમાં તેમજ અંત્યજ વર્ગમાં ફરવાનું થયું. ત્યાં ફરતાં ફરતાં જોયું કે એ લોકોમાં આંખોના રોગોનું પ્રમાણ ઘણું બધું છે. ઉંમરલાયક લોકોમાં મોતીબિંદુનું પ્રમાણ પણ સારું એવું છે. પણ આ માટેની ચિકિત્સાની કોઈ સગવડ આ વિસ્તારમાં નથી. આને લીધે ઘણાને અકાળે અંધત્વ આવી જતું, અને લોકો આંખના જાતજાતના રોગોથી પીડાતા.

તેવામાં આ જ અરસામાં ડૉક્ટર પોતે પણ પેરાટાઈફોઈડમાં સપડાયા. માંદગી વધતી ગઈ અને જીવલેણ નીવડે એવા અણસાર જણાવા માંડ્યા. આ માંદગીમાં ફરી અગાઉ કમળાની બીમારી વખતે ચાલેલું તેવું તીવ્ર મનોમંથન ચાલ્યું. અને મનોમન નિર્ણય થઈ ગયો કે મુંબઈ હવે છોડવું જ અને ગામડાંમાં જ વસવાટ કરી ગ્રામજનોની સેવામાં જ જીવન વીતાવવું. આની સાથોસાથ મનમાં એમ પણ નક્કી કર્યું કે આંખોની ચિકિત્સા માટે જરૂરી તાલીમ પોતે મેળવી લેવી.

માંદગીમાંથી ઊઠ્યા કે તુરત એમણે એક વર્ષ આને માટે આપ્યું. આમેય ડૉક્ટરને આંખ માટે પહેલેથી થોડો પક્ષપાત. આંખની ચિકિત્સા માટે પ્રેમ. એટલે કે. ઈ. એમ. હોસ્પિટલમાં આંખના વિભાગમાં હાઉસમેનશિપ મેળવી. છ મહિના એક્સટર્ની તરીકેની અને પછી ઇન્ટર્ની તરીકેની પોસ્ટ મળી. ત્યાંના અન્ય ડૉક્ટરોનો પણ સારો સાથ-સહકાર મળ્યો. અને આ રીતે ૧૯૪૮ના ડિસેમ્બરમાં ડૉ. જોષીએ D.O.M.S.ની ડીગ્રી મેળવી લીધી. તેઓ હવે આંખના નિષ્ણાત થઈ ગયા. ગામડાંમાં જઈને સેવા કરવાનો એક વિશેષ કસબ હાથ લાગી ગયો.

પરંતુ એમનો માંહ્યલો હવે માત્ર બાહ્ય આંખની ચિકિત્સાથી સંતોષ પામે એવો નહોતો, લોકોની આંતરિક આંખો ખોલવામાંયે તેને લાગવું હતું. મનોમન સંકલ્પ થઈ ગયેલો કે જૂન ૧૯૪૯માં મુંબઈ છોડવું.

અને આ નવપ્રયાણ માટેની દીક્ષા પણ એમને એકાએક મળી ગઈ. ૧૯૪૯ના એપ્રિલમાં ગુજરાતમાં સુરત જિલ્લાના વેડછી આશ્રમમાં અ.ભા.ચરખા સંઘ તરફથી એક શિબિર યોજાયેલો. તે શિબિરમાં વિનોબા ખાસ આવેલા. જુગતરામ દવે, બબલભાઈ મહેતા, રવિશંકર મહારાજ જેવા ગુજરાતના નિષ્ઠાવાન સેવકો તો ખરા જ. આ શિબરમાં ડૉ. જોષીને પોતાના નવા સેવાજીવન માટેની દીક્ષા મળી ગઈ. ત્યાં એમણે

જુગતરામકાકાનું 'આશ્રમી જીવન અને આત્મરચના' પુસ્તક વાંચ્યું, જે સેવાધર્મ માટેના એક પાઠ્યપુસ્તક સમાન છે. અને ત્યાં એમણે વિનોબાનું સાંનિધ્ય માણ્યું તેમજ એમનું વિચાર-જગત જાણ્યું. વિનોબાનો બહુ ઘેરો ને ઊંડો પ્રભાવ ડૉક્ટરના ચિત્ત પર પડ્યો. આ માણસ અન્ય સેવકોથી કંઈક અનોખો છે અને સમાજમાં માત્ર સેવા નહીં, ઘરમૂળથી પરિવર્તન કરવા માગે છે, એવી એમના ઉપર છાપ પડી. સર્વોદય વિચારમાંની એમની શ્રદ્ધા પાકી થઈ. વેડછીના આ શિબિરમાં ડૉ. જોષીએ જે દીક્ષા મેળવી, તેનું જ અનુસરણ એમણે પછી જીવનભર કર્યું છે. એમણે તે દીક્ષા દીપાવી છે, તેનું સુચારુ સંગોપન ને સમર્થન કર્યું છે. ત્યારથી વિનોબાએ એમના અંતરમાં થાણું નાખ્યું છે, એ આજીવન વિનોબાના વાણોતર બની ગયા છે.

બસ, હવે એ ઘડી આવી ગઈ. ડૉ. જોષીએ પોતાના સંકલ્પ મુજબ ૧૯૪૯માં ૩૨ વર્ષની ભર યુવાન વયે મુંબઈ અને મુંબઈની ધીકતી કમાણી છોડી વડનગર તરફ પ્રયાણ કર્યું. કાલબાદેવીનું દવાખાનું પોતાના સાથી ડૉ. દેસાઈને આપી દીધું, અને પોતે નીકળી પડ્યા. એ આખા વિસ્તારમાં એમના વ્યક્તિત્વની સુવાસ એટલી બધી પ્રસરી ગઈ હતી કે સેંકડો લોકોએ એમનું સન્માન કર્યું, સભાઓ ભરી, ફૂલહારથી એમને નવાજ્યા અને રેલવે સ્ટેશન ઉપર સેંકડો લોકો એમને વળાવવા આવ્યા.

એમના મિત્રો, શુભેચ્છકો, દરદીઓ વગેરેએ મળીને એક વિદાય સમારંભ યોજ્યો. આખો હૉલ ચિક્કાર ભરાઈ ગયો હતો. તેમાં મુંબઈના કેટલાક નામાંકિત ડૉક્ટરો પણ આવ્યા હતા. રૂપિયા ચાર હજારની થેલી થઈ હતી, તેમાંથી આંખની ચિકિત્સા અંગેનાં સાધનો ખરીદીને ડૉ. જોષીને અર્પણ કર્યાં હતાં. બધાંએ મળીને એક અભિનંદન-પત્ર તૈયાર કરેલો, તે ત્યાં વંચાયો અને ડૉક્ટરને અપાયો. તેમાં એમના નવપ્રયાણ માટે સહુની હાર્દિક શુભેચ્છા વ્યક્ત કરવામાં આવી હતી. તા. ૧૦-૭-૧૯૪૯ના રોજ એ સમારંભમાં જે અભિનંદન-પત્ર આપવામાં આવેલો તે જોઈએ —

''આપે મુંબઈમાં દસ વર્ષથી પણ વધુ સમય દરમ્યાન ઉત્કટ સેવાભાવથી અનેક દરદીઓ, દુઃખી-પીડિતો અને જનતાની સતત સેવા બજાવીને જે સુવાસ પ્રસરાવી છે, તેના યત્કિંચિત્ પ્રતીક રૂપે આ માનપત્ર આપશ્રીને અર્પણ કરવા તક લઈએ છીએ.

''આપે જ્ઞાતિ, જાતિ કે સ્થિતિના ભેદભાવ વગર આબાલવૃદ્ધની પ્રેમ, સત્યનિષ્ઠા અને સમાનભાવે સારવાર કરી છે અને આપના પરિચયમાં આવનારને સાદાઈ અને વાત્સલ્યના ગુણોથી આકર્ષી લીધા છે તેમજ મુંબઈ જેવા વિશાળ ક્ષેત્રની બહોળી કારકિર્દી'' અને કમાણી છોડી આપ આપના વતનમાં ગ્રામસેવાર્થે વિદાય લઈ રહ્યા છો, એ ખરેખર પ્રશંસનીય છે.

''અમો આપના આ વિદાયપ્રસંગે આનંદ તેમ જ શોકની મિશ્ર લાગણી અનુભવીએ છીએ. આનંદ એટલા માટે કે આપ સંતોષ માની ગ્રામસેવા માટે જઈ રહ્યા છો, અને શોક એટલા માટે કે આપ અમારાથી વિખૂટા પડો છો.

''જનતા અને દેશના આરોગ્ય-સંરક્ષણાર્થે આપ જે પ્રવૃત્તિ કરી રહ્યા છો, તે એક ઇતિહાસના રૂપમાં પરિણમે, એવું અમો ઇચ્છીએ છીએ. આપના ભાવિ કાર્યક્ષેત્રને સંપૂર્ણતા વરે, આપ સહકુટુંબ લાંબું આયુષ્ય ભોગવો અને અત્રે ફરી અમોને લાભ આપો, એવી આશા રાખી વિરમીએ છીએ.

લિ. અમો છીએ
આપના ગુણાનુરાગી''

વડનગર આવી વડનગરથી ચારેક કિલોમીટર દૂર આવેલા નવાપુરા નામના ગામમાં નિવાસ કરવાનો નિર્ણય કર્યો. નવાપુરામાં મોટાભાગની વસ્તી આર્થિક રીતે પછાત એવી ઠાકરડા કોમની. માત્ર ૩૩ જ ઘરો. ૧૯૪૯ના ઑક્ટોબરમાં દશેરાના દિવસે નવાપુરામાં મુકામ નાંખ્યો. ઘેમરજીની ઓસરીમાં ઓટલા ઉપર ધામો. રાત્રે ત્યાં જ રહ્યા. બીજા દિવસે એક ડોશીમાનું ઘર મળ્યું. ઘરને ધીમે ધીમે રીપેર કરાવ્યું. બારી-બારણાં મુકાવ્યાં. ચોકડી કરાવી. નાનો વંડો કરાવ્યો.

જાજરૂ બનાવડાવ્યું. રતનબહેન અને દીકરો મિહિર પણ સાથે જ.

આની સાથોસાથ વડનગરમાં નાગરિક મંડળના દવાખાનામાં આંખની હોસ્પિટલ શરૂ કરી. ત્યાં પણ પોતે કામ કરવાનું ગોઠવ્યું. ગ્રામસેવાનું કાર્યક્ષેત્ર નવાપુરા અને આજીવિકાનું અને સેવાનું ક્ષેત્ર વડનગર આંખની હોસ્પિટલ. રોજ સવારે ચાલતા વડનગર જાય, દરદીઓને તપાસે, સારવાર આપે અને સાંજે ચાલતા નવાપુરા પાછા આવે. આ નિત્યક્રમ થઈ ગયો. આંખની હોસ્પિટલમાંથી મહિને રૂ. ૨૫૦ લેતા. આમાં કેસ ફી જે ઓછી આવે તો ઓછા લેતા. એક વર્ષનો હિસાબ થયો ત્યારે પહેલા વરસે રૂ. ૨૭૦૦ મળ્યા હતા.

નવાપુરામાં બાળકોની કેળવણી, પ્રૌઢશિક્ષણ, ગ્રામસફાઈ, રેંટિયા વગેરે કામો શરૂ કર્યાં. ત્યાં શિબિરો વગેરે પણ થતા રહ્યા.

વડનગરમાં હોસ્પિટલ ચાલતી રહી. તેમાં ડૉ. વસંત પરીખ ભળ્યા. તેમણે તેની જવાબદારી સંભાળી લીધી. અને તેનો ઉત્તરોત્તર વિકાસ થતો રહ્યો. આજુબાજુનાં નાનાં-નાનાં ગામડાંઓમાંથી દર્દીઓની વણઝર ત્યાં ઊભરાતી રહી.

વળી, ડૉક્ટરે જોયું કે ઉત્તર ગુજરાતમાં ક્ષયરોગનું પ્રમાણ ખૂબ છે. એ વખતે ક્ષયના દર્દીને સેનેટોરિયમમાં રહી ઘનિષ્ઠ સારવાર લેવાની જરૂર પડતી. એટલે વડનગર ખાતે આવું ટી.બી.નું સેનેટોરિયમ ઊભું કરવાનું નક્કી કર્યું. તે માટે શહેરથી થોડેક દૂર પાંચ વીઘાં જમીન દાનમાં મળી. મકાન-બાંધકામ માટે દાન પણ મળી રહ્યું. આમ, વડનગરમાં આશ્રમ આરોગ્યધામ ઊભું થયું.

આનું સંચાલન વ્યવસ્થિત થઈ શકે, દર્દીઓને હૂંફ મળી શકે તથા દર્દી સાથે આત્મીય સંબંધ જળવાય, તે દૃષ્ટિએ ડૉક્ટરે ત્યાં જ રહેવાનું મકાન તૈયાર કરાવી પોતાનો નિવાસ ત્યાં રાખ્યો. એમનું આ રહેઠાણ-સ્થળ ધીરે ધીરે કરતાં જિલ્લાની સર્વોદય પ્રવૃત્તિઓ માટેનું એક વિશિષ્ટ કેન્દ્ર બની રહ્યું.

દરમ્યાન દેશમાં ૧૯૫૧થી વિનોબાજીનું ભૂદાન આંદોલન શરૂ થયું હતું. એકાદ-બે વર્ષમાં ગુજરાતમાંયે તેનો આરંભ થઈ ગયેલો. ડૉક્ટરે પણ તેમાં ઝંપલાવ્યું. શરૂમાં મહિને પાંચ દિવસ ભૂદાન આંદોલન માટે આપતા. પછી મહિને દસ દિવસ આપતા થયા, પછી પંદર દિવસ અને ૧૯૫૭માં વિનોબાજીએ આ કામમાં પૂરી શક્તિ લગાવવાની હાકલ કરી ત્યારથી ડૉક્ટર પૂરો સમય આંદોલનમાં આપતા થયા.

ડૉક્ટર પદયાત્રા કરતા ગામેગામ જતા અને ભૂદાનનો સંદેશો પહોંચાડતા. રવિશંકર મહારાજ અને બબલભાઈ સાથે પણ ડૉક્ટર પદયાત્રામાં ફર્યા. આ દરમ્યાન મહેસાણા જિલ્લામાં કુલ ૧૧ હજાર વીઘાં જેટલી જમીન ભૂમિદાનમાં મળેલી. ડૉક્ટરે તે જમીન ભૂમિહીનોને વહેંચી દેવાનું આયોજન કર્યું. આ જમીન ગરીબ, વંચિત, દલિત ભૂમિહીનોને આપવામાં આવી. આ રીતે એમને પરસેવો પાડીને રોટલો રળવાનું પોતાનું સાધન મળ્યું. જમીન ઉપરાંત એમને હળ, બળદ, ગાડું, કૂવો વગેરે માટે સાધનદાનની પણ સહાય અપાઈ.

રવિશંકર મહારાજની પ્રેરણાથી મોતિયાનાં મફત ઓપરેશન કરી આપવાની નેત્રયજ્ઞની વ્યાપક પ્રવૃત્તિ શરૂ થઈ. તેમાં ચિખોદરાના ડૉ. રમણિકલાલ દોશીને ડૉ. જોષીએ ઘણો સાથ આપ્યો.

આ પછીનું એમનું જીવન સર્વોદયની વિવિધ પ્રવૃત્તિઓ સાથે એકરૂપ થઈ ગયું છે. ગુજરાતમાં સર્વોદય આંદોલનના એ એક મુખ્ય પ્રણેતા છે. ઘણાં વરસો સુધી તેઓ ગુજરાત સર્વોદય મંડળના અધ્યક્ષ રહ્યા છે. ૧૯૯૭માં જલગાંવ નજીક સાકેગાંવમાં મળેલ અ.ભા. સર્વોદય સંમેલન ડૉ. જોષીના અધ્યક્ષપદે થયેલું.

છેલ્લાં ૫૦ વરસથી ડૉક્ટર જોષી સર્વોદયમય બની ગયા છે. એમની વિવિધ સર્વોદય પ્રવૃત્તિઓનું વિવરણ અન્યત્ર અપાયું છે.

(સર્વશ્રી નાનુભાઈ ડી. જોષી, ભીખાભાઈ પટેલ, મનુભાઈ જે. પટેલ, અશ્વિનકુમાર ડા. વૈદ્ય, ભગુભાઈ મહેતા અને શ્યામસુંદર પરીખનાં લખાણો પરથી સંકલિત – સંપાદિત)

વિરલ દંપતીની થોડી નજીકથી ઝાંખી

૧૯૫૪માં શિક્ષકની નોકરી છોડી હું ડૉ. જોષી પાસે નવાપુરા પહોંચ્યો. નવાપુરા મહેસાણા જિલ્લાનું વડનગર નજીક ઠાકરડા કોમની સોએક ઘરની વસ્તીનું નાનકડું ગામ. મુંબઈની ધીકતી કમાણી છોડી ડૉ. જોષી ત્યાં આવી વસેલા. વિસનગરથી બસ-ટ્રેન ન મળતાં ૨૦ કિલોમીટર ચાલીને રાતે બાર વાગે હું નવાપુરા પહોંચેલો. સખત થાકેલો. ભૂખ પણ કકડીને લાગેલી. પણ ત્યાં બધાં ભરઊંઘમાં હતાં. મકાન બહાર ખુલ્લા આકાશ નીચે ખાટલા નાખીને સૂતેલા. એમને જગાડવાનો સંકોચ થતો હતો.

ત્યાં કોઈ બોલ્યું, "કુણ છે ? આટલી મોડી રાતે કોનું કામ છે ?" —એક બહેનનો અવાજ હતો. મને થયું, મારી વહારે ભગવાન ધાયા !

એ રતનબહેન હતાં. મને બધું પૂછ્યું. મેં કહ્યું. એમને થયું, છોકરો કેટલે દૂરથી ચાલીને થાક્યો-પાક્યો આવ્યો છે ! તુરત ઊઠ્યાં. પાણી પાયું. અને બાજરીનો રોટલો, ઘી, ગોળ, અથાણું પીરસી પાસે બેસી પ્રેમપૂર્વક જમાડ્યો. ખાટલો પાથરી ઓઢવાનું આપી સુવાડ્યો. ઘર-કુટુંબથી દૂર આવી રીતે પહેલી જ વાર બહાર રહેવાનું થયેલું. પણ પહેલો જ અનુભવ અપાર માતૃવાત્સલ્યનો થયો. બીજે દિવસે મારી માને પત્રમાં લખ્યું : "તારા જેવી જ મને બીજી પ્રેમાળ મા મળી છે. મારી ચિંતા કરતી નહીં."

આ મારો રતનબહેન સાથેનો પ્રથમ પરિચય. પછી તો મને એમની સાથે એક પરિવારના બનીને રહેવાનો મોકો મળ્યો. એમને ગાયની સેવા કરતાં, કૂવેથી પાણી ભરી લાવતાં, તળાવે કપડાં ધોવા જતાં, કચરા-પોતાં કરતાં, વાંસણ માંજતાં, ઘરનું લીંપણ કરતાં મેં બહુ નજીકથી જોયાં છે, અને ઘણી વાર આ બધાં કામોમાં એમની સાથે ભળવાનો, થોડોક

સર્વોદય સમાજની સ્થાપના કરવી હોય, તો ખુદ પોતાની જાતથી જ આરંભ કરવો જોઈએ. સર્વોદય સમાજનું કામ આમ વ્યક્તિગત રીતે શરૂ થઈ જાય છે. પછી ધીરે ધીરે બે-ચાર મિત્ર તૈયાર થઈ જાય છે, આખો સમાજ તૈયાર થઈ જાય છે.

મૂળમાં અંત:પ્રેરણાથી અને સ્વાભાવિક રીતે જ સર્વોદય સમાજ ઊભો થશે. એટલે પહેલાં એ જ જોવામાં આવે કે કઈ રીતે ઠેર ઠેર સર્વોદય મનોવૃત્તિવાળા લોકો નિર્માણ થાય.

૦ વિનોબા ૦

હાથવાટકો થવાનો અનેરો આનંદ પણ મને મળ્યો છે. હાથછડના ચોખા, ઘરઘંટીનો હાથે દળેલો લોટ, ઓછા તેલ-મરચાનું સાદું ભોજન, નિત્ય સવાર-સાંજની પ્રાર્થના, અને હંમેશાં ઊંચા વિચારોમાં જ રસ લેતા ડૉ. જોષી અને રતનબહેનના આ પરિવારમાં થોડોક વખત સાથે રહેવાનો અનેરો લહાવો મને મળ્યો છે, તેને મારા જીવનની મોટી ધન્યતા માનું છું.

આમ તો રતનબહેન બહુ મોટા ઘરનાં. વૈભવમાં ઊછરેલાં. સુખ-સમૃદ્ધિનો પાર નહીં. પાણી માગે તો દૂધ મળે. સેવામાં ઘરે નોકર-ચાકર. પણ પરણીને મધ્યમ પરિવારના સાસરિયામાં રહેવાનું થયું. તો ત્યાં દૂધમાં સાકરની જેમ ભળી ગયાં. પોતાનાં વાણી-વર્તનમાં ક્યારેય પિયરની મોટાઈ દેખાવા ન દીધી. કંઈ કષ્ટ કે અગવડ પડી, તો ક્યારેય તેની ફરિયાદ ન કરી.

જોકે મુંબઈ રહેવાનું થયું, ત્યારે ડૉક્ટરનીયે સાહ્યબી હતી. મુંબઈમાં પણ નોકર-ચાકર, મોટર, સુખ-સમૃદ્ધિભર્યું જીવન. સરસ મજાનું દવાખાનું ચાલે. ડૉક્ટર દાક્તરી સેવામાં પૂરા કાર્યરત. દરદીઓ પણ એમના તરફ બહુ માન-આદરથી જુએ. ડૉક્ટર દરદીઓમાં ભગવાનનાં દર્શન કરે.

પરંતુ આ બધું છોડીને ડૉક્ટરે નાનકડા ગામડામાં જઈને રહેવાનું નક્કી કર્યું, ત્યારે રતનબહેને એમને ઊલટભેર સાથ આપ્યો. ખરા અર્થમાં સહધર્મચારિણી બનીને રહ્યાં. મોહમયી મુંબઈ નગરી અને ત્યાંની સુખસગવડ છોડતાં એમને લગીરે આંચકો ન લાગ્યો. પતિની સાથે ખભેખભા મિલાવીને એ સેવાકાર્યમાં ખૂંપી ગયાં. ડૉક્ટરની જેમ રતનબહેનની સાધનાયે ઓછી નથી. નવાપુરા જેવા બહુ ઓછી સુખ-સગવડવાળા ગામમાં રહ્યાં અને પાછળથી વડનગર ગામની બહાર જીનના નામે ઓળખાતી એક ખંડિયેર જેવી જગ્યાને ઠીકઠાક કરીને રહ્યાં. મને તો એમની પાસેથી તપસ્વી ગૃહસ્થ જીવનની દીક્ષા મળી.

અનેક ત્યક્તા, વિધવા, પીડિત બહેનોના તેઓ રાહબર અને સહાયકર્તા બની રહ્યાં. વડનગરના એક દાક્તર પોતાની પત્નીને તેડતા નહીં. ત્યારે તે બહેનને વગર બોલાવ્યે પતિગૃહે પહોંચી જવા સમજાવી અને તેનું સ્વાગત કરવા પતિદેવને પણ સમજાવ્યા. રતનબહેને એક ઘર ભાંગી જતું અટકાવ્યું, એવી આ ઘટનાનો હું નજરોનજરનો સાક્ષી છું. એમણે તો આવાં કેટલાંય કુટુંબોને તૂટતાં બચાવ્યાં છે. કેટલીયે બહેનોને એમણે કામે ચઢાવી આર્થિક રીતે પગભર કરી છે. કેટલાંયનાં જીવન ઉજળ્યાં છે.

અસંખ્ય નેત્રયજ્ઞોમાં જેમ ઓપરેશનમાં ડૉ. જોષી અને ડૉ. દોશીની જોડી, તેમ દરદીઓની સેવા-સુશ્રૂષામાં રતનબહેન અને ભાનુબહેનની જોડી. નેત્રયજ્ઞોમાં બંનેને તનતોડ મહેનત કરતાં મેં જોયાં છે. દરિદ્ર, દુઃખી દરદીઓને અને એમનાં કુટુંબીજનોને મદદ કરવા બંને હંમેશાં ખડે પગે હાજર હોય. એમનો ભાવ દરિદ્રનારાયણમાં નારાયણનું સ્વરૂપ જોવાનો તેમજ જીવસેવામાં શિવસેવા અનુભવવાનો રહેતો.

રતનબહેન એટલે એક તપસ્વી સેવાસંપન્ન સન્નારી, ત્યાગ-સમર્પણની મૂર્તિ, પ્રેમ અને વાત્સલ્યની સદાય અમીવર્ષા કરતી રહેતી માતૃરૂપિણી બહેન.

એમની સાથે ઘણી વાર સર્વોદય સંમેલનોમાં જવાનું થયું છે. ગાડીની લાંબી મુસાફરી હોય. ત્યારે રસ્તામાં બજારુ આચર-કૂચર ખાવું ન પડે તે માટે ભરપૂર નાસ્તો — ભાખરી, થેપલાં, મૂઠિયાં અને સૂકો નાસ્તો બનાવીને રતનબહેન સાથે લાવ્યાં જ હોય. અને એ મારા જેવા અનેકોને વહેંચીને જ એમણે ખાધું હોય. ડબ્બામાંનાં સહુને બહેનનો પ્રસાદ મળે જ. મને થાય, લારીમાંથી મેં સીંગ-ચણા લીધા હોય, તો બધાંને ક્યાં વહેંચવા જઉં એમ કરીને મેં એકલપેટા થઈને જ ખાધા છે. પણ આ બહેન તો ઓછો નાસ્તો હોય કે વધારે હોય, પણ બધાંને ખવડાવતાં જ રહે

છે ! આ યાદ આવે ત્યારે હંમેશાં એકલા-એકલા ખાવાનો સંકોચ થતો.

પદયાત્રાઓમાં સાથે આવે, ત્યારે સભાની પૂર્વ-તૈયારી, લોકસંપર્ક, સાહિત્ય-પ્રચાર વગેરમાં સક્રિય હોય. સભામાં બહેનો વધારે આવે તે માટે ઘરે ઘરે જઈને સમજાવે. બહેનોની સભામાં પોતે પણ સરસ રીતે બહેનોને વાતો કરે. ગામમાં બીડી-સિગારેટ અને બીજાં વ્યસનો છોડાવવા બહુ જહેમત ઉઠાવે. અને પદયાત્રામાંયે પેટી રેંટિયો એમની સાથે હોય જ. સમય મળે કે રેંટિયો કાંતવા બેસી જાય.

નવાપુરાનો એક પ્રસંગ મને બહુ યાદ રહી ગયો છે. અમદાવાદથી ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ નવાપુરા આવેલા. સાંજની પ્રાર્થનામાં બધા બેઠા હતા. પ્રાર્થના પછી ડૉક્ટરે પૂછ્યું, ''સ્નાતક થયા પછી શું કરશો ?''

કોઈએ કહ્યું, શિક્ષક થઈશું, કોઈકે કહ્યું, જ્યાં મળે ત્યાં નોકરી કરીશું. એક વિદ્યાર્થીએ કહ્યું, ''જોષી સાહેબ, પહેલાં તમારી જેમ પૈસા ભેળા કરીશ અને પછી તમારી જેમ સેવામાં લાગી જઈશ.''

વાત તો સામાન્ય હતી, પણ તે ડૉક્ટરના ચિત્ત ઉપર ભારે અસર કરી ગઈ. આખી રાત એમનું આત્મ-ચિંતન ચાલ્યું. વહેલી સવારે મેં બાજુની રૂમમાં થતો એમનો અને રતનબહેનનો સંવાદ સાંભળ્યો —

''આપણી પાસે થોડીઘણી બચત છે, તે સમાજને આપી દઈએ. આપણે હવે લોક-આધારિત બની જઈએ. ઉત્તમ સમાજ-સેવક અપરિગ્રહી અને કાંચનમુક્ત હોય.''

''એ તો ભલે, એમ જ કરીએ. પણ મિહિરને ભણાવવા થોડી રકમ રાખીએ. ભવિષ્યમાં તેની જરૂર પડશે.''

''પરંતુ એમ કરવાથી એક ખોટો દાખલો પડે. બીજાઓને પણ ધન-સંગ્રહ કરવાનો વિચાર આવે. તેમાં ભગવાન ઉપરની શ્રદ્ધાનોયે ભંગ થાય. ભગવાન જેવો ધણી છે, એ જ બધું ધ્યાન રાખશે. સેવકમાં તો આવી શ્રદ્ધા હોય.''

આવી ભારે ગડમથલ થતી મેં સાંભળી. અને છેવટે એક સાચી સહધર્મચારિણી રૂપે ડૉક્ટરને આ વાતમાં સંમતિ આપી. આ બધું મેં મારા કાનોકાન સાંભળ્યું છે. અને ત્યાર બાદ મેં જોયું છે કે આવી રીતે પૈસા ન રાખ્યા, તેનો વસવસો એમને ક્યારેય નથી થયો.

સવાર પડી અને ડૉક્ટર લાગલા પોતાની બચતના વિતરણમાં લાગી ગયા. વડનગર નાગરિક મંડળનું સેનેટોરિયમ બંધાતું હતું. ત્યાં સર્વોદય કાર્યકરો માટે એક હૉલ બનાવવામાં પૈસા આપ્યા. ગામના મહિલા મંડળને સિલાઈ મશીન આપ્યાં. પોતાની સાથે ખેતીનું કામ કરતા બે સાથીઓને ભૂમિદાન આપવાનું ગોઠવ્યું. આ બધામાં રતનબહેનનો પૂરેપૂરો સાથ-સહયોગ રહ્યો. અકિંચન બન્યાનો અનેરો આંતરિક આનંદ એમના ચહેરા ઉપર ચમકતો હતો.

પછી ખરેખર એવું બન્યું કે મિહિરભાઈ મોટા થયા અને એમને મેડિકલ કૉલેજમાં જવું હતું ત્યારે મોટા ખર્ચની જરૂર પડી. માતાપિતા તો લોક આધારિત. સાવ અકિંચન બની ગયેલાં. પણ બંનેની શ્રદ્ધા પણ ફળી. આ વખતે ડૉ. વસંતભાઈએ આગળ આવીને મિહિરને ડૉક્ટર બનાવવાનું બીડું ઝડપ્યું.

વસંતભાઈએ દર રવિવારે ગોઝારિયાની હોસ્પિટલમાં પોતાની સેવા આપવા માંડી, અને તેને માટે મળતો પુરસ્કાર મિહિરભાઈને ભણવા માટેના ખર્ચ ખાતર નિયમિત મોકલતા રહ્યા. એ મિહિરના મોટા ભાઈ બની ગયા. રતનબહેનના સ્નેહને કારણે જ એક વાણિયો અને બીજો બ્રાહ્મણ એક જ પરિવારના સ્વજન બની ગયા હતા. વસંતભાઈએ નાનપણમાં જ પોતાનાં માબાપ ગુમાવેલાં. પોતે એટલા નાના હતા કે માબાપનો ચહેરો-મહોરોયે એમને યાદ નથી. પણ એમને

આ પ્રેમાળ માબાપ મળી ગયાં. વસંતભાઈને મળ્યાં માતૃવત્સલ રતનબહેન અને રતનબહેનને મળ્યો આવો સેવાભાવી કર્મયોગી દીકરો વસંત. એમનો પરસ્પરનો પ્રેમ-વહાલ જોઈને બંને આબાદ મા-દીકરો જ લાગે. વસંતભાઈ ડૉક્ટરનોયે પડ્યો બોલ ઉપાડી લે.

આવો અજબ ને અનેરો છે, ડૉ. જોષી અને રતનબહેનનો સંસાર !

૦ શ્યામસુંદર પરીખ

સહયાત્રીની નોંધપોથીમાંથી

કોઈ એક પ્રવૃત્તિમાં જીવન-સમર્પણ કરનારા સેવકોથી ગાંધીયુગ ઊજળો બન્યો છે. યુગપુરુષની આસપાસ અનેક વિશિષ્ટજનોની મંડળી રચાતી હોય છે. ગાંધીજીને અનેક શ્રદ્ધાવાન, નીતિવાન, કાર્યક્ષમ, કાર્યદક્ષ અને સમર્પણભાવથી સમાજસેવા કરનારા સેવકો મળ્યા. એવા સેવકોને ગાંધીજી આકર્ષી શક્યા એ પણ એમની એક વિશેષતા છે. આ ગાંધીયુગની એક દેણ છે. મોર પીંછાંથી રૂડો લાગે છે. આવા સેવકોએ ગાંધીચીંધ્યાં રચનાત્મક કામોમાં આખું આયખું હોમીને હાડ ગાળ્યાં છે. એવા સેવકોથી ગાંધીજી સહસ્રબાહુ બન્યા હતા. ગાંધીજીના ગયા પછી પણ એ પરંપરા ચાલુ રહી એ સદ્‌ભાગ્ય છે. આઝાદીની લડત પૂરી થયા પછી પણ ગુજરાતમાં આવા ઋષિઓ રચનાત્મક ક્ષેત્રે પ્રકાશ ને પ્રેરણા આપતા રહ્યા. લોકસેવાના ક્ષેત્રે રવિશંકરદાદા, લોકશિક્ષણના ક્ષેત્રે બબલભાઈ મહેતા, આદિવાસી સેવાના ક્ષેત્રે ઠક્કરબાપા, હરિજનસેવાના ક્ષેત્રે પરીક્ષિતભાઈ મજમુદાર, નઈ તાલીમના ક્ષેત્રે નાનાભાઈ ભટ્ટ, ખાદીના ક્ષેત્રે નારણદાસ ગાંધી, એક વિસ્તારની સમગ્ર સેવાના ક્ષેત્રે જુગતરામભાઈ દવે તેમ ગાંધી-વિનોબા-સીંચ્યા સર્વોદય, ભૂદાન, ગ્રામદાન, ગ્રામસ્વરાજના ક્ષેત્રે ડૉ. દ્વારકાદાસ જોષીનાં નામ અને કામ પ્રાત:સ્મરણીય છે. આ નક્ષત્રમાળા ઉપરાંત હજારો સમર્પણભાવનાવાળા કર્મઠ સેવકોએ કર્મ, જ્ઞાન અને ભક્તિનો સમન્વય સાધી ગાંધીયુગને ઉજાળ્યો છે.

ડૉ. દ્વારકાદાસ જોષીએ સેવાભાવી દાક્તર અને સમર્પિત સર્વોદય સેવકનો સમન્વય સાધી એક આદર્શ ખડો કર્યો. દાક્તરી કામ દ્વારા માનવીનાં ચર્મચક્ષુનો તેજપૂંજ ખોલ્યો તો સર્વોદય વિચાર દ્વારા માનવનાં અંત:ચક્ષુ પણ ખોલ્યાં. શ્રેયસાધક ડૉ. જોષીએ નિષ્કામ કર્મયોગની સાધના કરતાં કરતાં કર્મયોગ, જ્ઞાનયોગ ને ભક્તિયોગનો સમન્વય સાધ્યો. આ ત્રણે યોગ સાથે ધ્યાનયોગ જોડીને એ સાધના કરતા રહ્યા. આ બધું સહજ રીતે છૂટી જાય ત્યારે સાક્ષીભાવ આવે. માત્ર હોશ, જાગૃતિ જ શેષ રહે. આ અવસ્થાએ ડૉક્ટર સાહેબ પહોંચી ગયા હોય એમ લાગે છે. બધાં જ દેખીતાં કામો કરતા રહે છે પણ એમાં લેપાતા નથી. 'જળકમળવત્' જીવે છે. સર્વોદય-ગ્રામસ્વરાજના ચિંતનમાં ગળાડૂબ લાગે છે પણ અંતે તો 'આ બધું નાટક છે' એમ કહી બધાથી અલિપ્ત છે. અનેક વાર નિર્વિચાર સ્થિતિમાં એ રહી શકે છે. રજોગુણ ને તમોગુણથી પૂર્ણતયા મુક્ત, કેવળ શુદ્ધ સત્ત્વગુણથી પરિપૂર્ણ અવસ્થા આવે ત્યારે માનવ પ્રસન્નતાથી જીવે છે. ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ એમના સૌમ્ય, સરળ મુખ ઉપર સ્મિત ફરકતું જોઈ આપણામાં પ્રસન્નતા વધે છે.

છોડવું એ એમનો સ્વભાવ છે. રજોગુણ-તમોગુણ જાગૃતિપૂર્વક છોડ્યા, સત્ત્વગુણની સાધના કરતાં કરતાં સજાગ, સભાન, સક્રિય નવ દાયકાનું જીવન જીવી શક્યા. ગાંધી, વિનોબા, વિજ્ઞાન ને ગીતાનો અદ્‌ભુત સમન્વય એમના જીવનમાં જોવા મળે છે. આ ચારેની એ જીવનભર સાધના કરતા રહ્યા છે. ગુણસંપન્ન સમર્પિત વ્યાપક વ્યક્તિત્વ ધરાવતા આચારનિષ્ઠ, ત્યાગી, તપસ્વી, ગૃહસ્થ જોષીસાહેબ સ્થિતપ્રજ્ઞની સાધના કરતા રહ્યા છે. સૌમ્ય, શાંત,

પ્રસન્ન એમનો ચહેરો સાત્ત્વિકતા, સમતા, કરુણા, પ્રેમ, સ્નેહનાં સ્પંદનો પ્રસરાવતો રહે છે. એમની પાસે વડીલના વાત્સલ્યની અમીવર્ષા અનુભવાય છે. વિવિધ વિચારો ધરાવતા લોકો વચ્ચે, મતભેદના વાયરા વહેતા હોય, તણખા ઝરતા હોય ત્યારે પણ એ પરસ્પર સ્નેહ, સદ્‌ભાવના કેળવવા પ્રયત્ન કરતા હોય છે. જરૂર પડે દૃઢતા, મક્કમતા, ને નિશ્ચયનું એમનું સ્વરૂપ પ્રગટતું હોય છે. સતત સ્મિત વેરતા જોષીસાહેબનો ક્યારેક સાચને માટે પુણ્યપ્રકોપ પણ પ્રગટતો હોય છે. એમની ધીરજ આપણી કસોટી કરાવે એવી પણ હોય છે. લાગણીવેડા નહીં પણ વિચારપૂર્વકની દૃઢ લાગણીશીલતા મેં અનુભવી છે. નમ્રતાની મૂર્તિ છે. અહંકારથી મહદંશે અળગા રહ્યા છે. નમ્રતા અને અહંકારમુક્તિ એ આ મોટાભાઈ-રતનબહેન માટે સહજ બની ગયું છે. સેવા, સ્વાશ્રય ને સાદાઈ આ પરિવારના સ્વભાવમાં વણાઈ ગયેલા ગુણો છે. નિયમિત કાંતણ, પ્રાર્થના, હળવો પણ શરીરશ્રમ, ખેતીકામ, વ્યસ્ત દૈનિક ક્રમ, એકધારું સતત વહેતું ઝરણું એમના જીવનમાં જોઈ ધન્યતા અનુભવી છે.

જે વિચાર, એ પ્રમાણે સંચાર, એ પ્રમાણે આચાર અને પછી સ્વાભાવિક રીતે એનો પ્રચાર ને પ્રસાર થવો હોય તો થાય. એવી નિસ્પૃહતા, અનાસક્તિ મોટાભાઈ કેળવી શક્યા છે. ગીતાના સાંનિધ્યમાં એ જીવ્યા છે. સવારે ઈશાવાસ્યની પ્રાર્થના અને પ્રેરક વાંચન, બપોરે ૪ વાગે સ્થિતપ્રજ્ઞદર્શનનું વાચન, રાત્રે સ્થિતપ્રજ્ઞનો ગીતા પાઠ એમ ગીતામાતાના ખોળે એ બેઠા છે.

એટલે જ સાપ કાંચળી ઉતારે તેટલી સહજતાથી દબદબાભરી સાહ્યબી, ધીકતી કમાણી, મુંબઈની માયા છોડી વતન વડનગરની સેવા કરવા શહેરથી ચાર કિલોમીટર દૂર નવાપુરાના ખેતરમાં વસ્યા. દ્વારકેશમાંથી દ્વારકાદાસ બન્યા. કોટ-પાટલૂન, કાલબાદેવીનું મકાન, સંગીત વાદ્ય-સંગીત રમતોનો શોખ છોડ્યો. વિચાર-પરિવર્તન થયું ને જીવન-પરિવર્તન થયું.

આવા એક વૈજ્ઞાનિક વલણ ધરાવતા, અદ્યતન રહેણીકરણીમાં રહેલા ડૉક્ટરનો પુનર્જન્મ થયો. એ પછીના વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય કરતા સાધક ડૉ. જોષીના સાંનિધ્યમાં જૂન ૧૯૫૫ થી ૧૯૬૦ સુધી રહેવાનુ મળ્યું, એ મારું મોટું સદ્‌ભાગ્ય છે. ભૂદાન પ્રવૃત્તિની ટહેલ વહેતી થઈ હતી. સર્વોદય આશ્રમ વાલમમાં દાદા ધર્માધિકારીની વિચાર શિબિરમાં ભાગ લેવા હું રાજકોટના સચિવાલયમાંથી રજા લઈને આવ્યો હતો. ૧૯૫૫ની આ વાત છે. એ અગાઉ આઠેક વર્ષથી ગાંધીવાચનનો, સેવાદળનો, રાષ્ટ્રીય કાર્યક્રમોનો, વિદ્યાર્થી-પ્રવૃત્તિઓનો, ગ્રામસફાઈ, રાત્રી છાત્રાલયનો રંગ લાગેલો. એને વાલમ શિબિરે દિશા બતાવી. ડૉ. દ્વારકાદાસ જોષીનો પરિચય થયો. અને વાલમથી રાજકોટને બદલે વડનગર ડૉ. જોષીની સાથે ચાલ્યો ગયો. રાજકોટમાં રાષ્ટ્રીય શાળા પાસેના એક આઉટ હાઉસમાં મૂકેલો સામાન લેવા પણ ન ગયો. ડૉ. જોષી -હવે મોટાભાઈ, રતનબહેન અને નાના મિહિરભાઈના કુટુંબમાં જોડાઈ ગયો. એ વખતે નવાપુરામાં જમીન ખરીદી ખેતરમાં રહેવાના એ ઘરમાં ભાઈ ભગવાન બજાજ, શ્યામસુંદર પરીખ અને મારી ત્રિપુટી મોટાભાઈના ઘરમાં ભળી ગઈ. પાંચેક વર્ષનો એ આશ્રમવાસ હતો ? ના, આશ્રમ આરોગ્યધામ તો દસેક વર્ષ પછી વડનગરના જીનમાં બન્યું. નવાપુરા તો રતનબહેનનું ઘર હતું. પણ અમને ત્રણેને મિહિરભાઈ સમાન રતનબહેને સાચવ્યા.

મોટાભાઈ ૧૦ દિવસ ભૂદાનયાત્રામાં આવે. બાકીના દિવસોમાં અમારી યાત્રાઓ ચાલે. મહેસાણા જિલ્લામાં ત્યાગી-તપસ્વી ડૉક્ટરના નામે અમારાં ઊછળતા યુવાનોનાં આછાંવાનાં ગામેગામ થાય. ડૉક્ટરના માણસો તરીકે બધી રીતે સાથ-સહકાર મળે. અરે ! જમીનનાં દાન પણ મળે. ૨૫ દિવસ યાત્રા, ૫ દિવસ દાનપત્રો-દાન લેખો અને કાર્યાલયને ઠરીઠામ કરવાનું ચાલે. ત્યાં ૧૯૫૭માં 'સત્ આવન'નો નાદ પ્રબોધ ચોકસીએ ગજવ્યો. વિનોબાની હાકલ થઈ

અને દેશમાં ભૂદાન-ગ્રામદાનની ચેતના જાગી. 'મન રે મૂકીને તમે આવો મેદાનમાં'એ ગંગાસતીના પદ પ્રમાણે મોટાભાઈએ ૧૯૫૭માં વડનગર નાગરિક મંડળનું ધમધમતું દવાખાનું છોડ્યું. આખું વર્ષ પદયાત્રા કરી. એક વર્ષનો સંકલ્પ પછી તો અત્યાર સુધી ચાલતો રહ્યો. સર્વોદયનું ક્ષેત્ર આ વિજ્ઞાનીની પ્રયોગશાળા બની ગયું. ગામડાંમાં જઈએ ત્યાં સવારે ગામફેરી, સ્વાગતસભા અને પછી મોટાભાઈનું દવાખાનું કોઈની ચોપાળમાં કે ફળિયામાં ચાલુ થઈ જાય. લોકોની લાઈન લાગે. આંખો તપાસતા જાય, યોગ્ય સલાહ-સૂચન કરતા જાય, હોસ્પિટલમાં જવા જેવો કેસ હોય તો નજીકના સાર્વજનિક દવાખાને ચિઠ્ઠીઓ લખી આપે. કોઈને વડનગર મોકલે. પછી નહાવાનું, કપડાં જાતે ધોવાનાં. ખાઈને આરામ કરી ત્રણેક વાગે બહેનોની, આગેવાનોની સભાઓ થાય. ગામફેરી ચાલે. હરિજનો, ઠાકોરો, કારીગરો, વાઘરી, શેનવા બધાના વાસમાં જાય. ગામના આગેવાનો સાથે હોય. કરવા જેવાં કામો સૂચવતા જાય. રાત્રે ગ્રામસભા થાય. મોકળા મને ભૂદાન-ગ્રામદાન-ગ્રામ સ્વરાજ-સર્વોદયની વાતો રજૂ કરે. સાથેના યાત્રિકો ગીતો વગેરેથી વાતાવરણ જગાવે. એમની દાક્તરી સેવાનો, એમનાં કાર્યોનો અને એમના જીવનનો પ્રભાવ જોવા મળે. જમીનનાં, સાધનોનાં, રોકડ રકમનાં દાન મળતાં જાય. દાતાની ઇચ્છા પ્રમાણે ગામના ગરીબોમાં જમીનની વહેંચણી થતી જાય. એના અદ્‌ભુત ને પ્રેરક પ્રસંગો કેટકેટલા છે !

વડાવલીના ખેંગારજી રણછોડજી પોતાની બધી જમીન (પંદર એકર જેટલી) આપી દે. કડીનું જાસલપુર ગામ કે વિસનગરનું રામપુરા જેવાં ગામો ગ્રામદાનના સંકલ્પ કરે. હારીજ, સમી, સાંતલપુર તાલુકામાં પૂ. રવિશંકરદાદા અને ડૉ. જોષીની સેવાની સુવાસ અનુભવવા મળી. એક ગામથી બીજા ગામના અર્ધે સુધી ગ્રામજનો કાપડની મોદો પાથરતા જાય અને યાત્રિકોને એની ઉપર ચલાવે. અર્ધે રસ્તે સામેનું ગામ ઢોલ-ત્રાંસાં સાથે વાજતે ગાજતે સ્વાગત કરે. દાનોની સરવાણી વહે. ગામના ઉમંગ છલકાય. સેવાનો પ્રભાવ જોવા મળે. દાનપત્રો અને રોકડની થેલીઓનો હિસાબ કરતાં અમે બાર-એક વાગે સૂઈએ. સવારે છ-સાત વાગે યાત્રા શરૂ થાય. આ ત્રણ તાલુકામાં સાથે ૨૫ જેટલા યાત્રિકો હોય. ૫૦-૬૦ જણની રસોઈ ગ્રામજનો કરે. ગામ હેલે ચડે. ઉમંગ-ઉત્સાહ જોઈ ધન્ય થવાય.

ગામેગામ મોટાભાઈનાં ઠામઠેકાણાં નક્કી હોય. જેમના ઘેર ઊતરે તે હરખાય. દિલથી દિલના સાંધા મળેલા હોય. કેટલાંય ગામોમાં મોટાભાઈના પ્રેમાળ મિત્રો, સાથીઓ, આગેવાનો હોય જ. એ ગમે તે પક્ષના કે ધર્મના, પંથના હોય મોટાભાઈ અને એ આગેવાનો સ્નેહના સંબંધે બંધાયેલા હોય.

ચંદ્રમાં કાળું ટપકું હોય એમ ક્યાંક જુદો અનુભવ પણ થાય. પાટણ તાલુકાનું એ ગામ. ગિરિજાબહેન ત્રિવેદી તાલુકા કૉંગ્રેસના પ્રમુખ. ઘોડેસવારી કરીને ફરે. જુગતરામકાકા, બબલભાઈ, ડૉ. જોષી, ગિરિજાબહેન અને અમે બધાં થઈ આઠેક જણાં. સાંજે એ ગામે પહોંચ્યાં. ગ્રામજનોએ બહિષ્કાર કરેલો. વાળુની વ્યવસ્થા ન થઈ. શ્યામસુંદર અને હું ઘેરઘેર જઈ રોટલા-શાક માગી લાવ્યા. ગામમાં બે તડાં પડી ગયેલાં. છતાં ડૉ. જોષીએ સભાનો આગ્રહ રાખ્યો. થઈ. બબલભાઈ અને ડૉ. જોષીનો સ્નેહ, સદ્‌ભાવ સફળતા પામ્યો. બે પક્ષ એકઠા થયા. મોં મીઠાં થયાં અને એ દુકાળના વર્ષે રાત્રે વરસાદ થયો. ગ્રામજનોએ સવારે યાત્રાને રોકી. પરિવર્તન થઈ ગયું. ગ્રામજનોએ લાડુનું ભોજન બનાવ્યું. આવા અનુભવો પણ થતા.

વિનોબા કહેતા "ભાવનગરમાં ના જાવ, અભાવ નગરમાં જજો." એવાં અભાવ-ગરીબ ગામોમાં ડૉ. જોષી મહેસાણા જિલ્લાના એક પછી એક તાલુકામાં યાત્રાઓ ગોઠવે. સામૂહિક યાત્રાઓનો પણ ૧૯૫૭થી ઈડર તાલુકાથી પ્રારંભ થયેલો. ભાતભાતના અનુભવો થતા. વાગરા તાલુકાના એક ગામમાં બપોરે ઘરે કોઈ

હોય નહીં. નાનાં છોકરાં અને ઘરડાં ઘેર હોય. ઘરને બારણાં નહીં. ઘરમાં બકરીઓ, મરઘાં, કૂતરાં ફરતાં હોય, એ ગામમાં મેં ચા પીવાની શરૂ કરેલી. 'ચા પીતા નથી' એમ કહેતાં ભેંકડો તાણતા બાળકને માએ તમાચો મારતાં કહ્યું, ''પેલા બહાર બેઠેલા ચા પીતા નથી, એમને દૂધ આપું કે તને આપું ? શાનો ભેંકડો તાણે છે ? દૂધની જીદ કરે છે ?''

એ પછી મેં ચા પીવા માંડી. એક ગામમાં એક ભોળી બહેન શીરાનો આગ્રહ કરતાં કરતાં બોલી ગઈ, ''લ્યો લ્યો ખાઓ ને. અમે બધાંએ ખાઈ લીધું છે. વધેલું ઢોરાંને નાખવું પડશે.'' એવો ભોળો મીઠો આગ્રહ સાંભળી સૌ હસવા લાગ્યા.

શેરથાથી કલોલ જવાનું હતું. રસ્તો લાંબો હતો. વરસાદ પડ્યો હતો. નેળિયાના રસ્તાઓ. ગાડાંમાર્ગ હતો. બે બાજુના ચીલામાં પાણી ભરાયેલાં. જમીન દેખાય નહીં. ફલાંગ જેટલું પાણી ભરાયેલું. અમે બે જણ જ. બંને પાસે સામાન અને દસ દસ કિલો જેટલાં પુસ્તકોનો થેલો. એમાં મોટાભાઈનો પગ ગાડાવાટમાં પડી ગયો. ભોંય પછડાયા. પુસ્તકો-કપડાં પાણીથી તરબોળ. બે કિલોમીટર ચાલીને કલોલમાં મહાદેવ દેસાઈને ઘેર પહોંચી નાહ્યા. મહાદેવભાઈનાં કપડાં પહેર્યાં. એક વાર મહેસાણાથી જોટાણા જવા ગાડીના ડબામાં ચડ્યા. એક ભાઈ નિરાંતે સૂતેલા. એમને જગાડ્યા તો પિત્તો ગયો. મોટાભાઈને તમાચો માર્યો. પણ મોટાભાઈએ મોટું મન રાખી વાત વણસવા ન દીધી. જોટાણા, કડી, ખેરવા, બલોલ, જગુદણ, મહેસાણા, ગામેગામ મોટાભાઈના ભક્તોને ઘેર ઉતારો હોય. જેમના ઘરે રહીએ એ પ્રસન્ન પ્રસન્ન થઈ જાય.

ડૉ. જોષી પ્રયોગશીલ. વિનોબાનાં પ્રવચનો વાંચતા રહે. એમાં જે નવો વિચાર વિનોબાએ મૂક્યો હોય તેનો અમલ મોટાભાઈ યાત્રામાં તેમજ વડનગરમાં કરતા રહે. વિનોબાએ કહ્યું : જે ગામમાં જાવ, જેના ઘેર ખાવ, તેને ત્યાં કંઈક શ્રમનું કામ કરો. એ વખતે યાત્રા વિજાપુર તાલુકામાં. માણેકપુરમાં મોતીભાઈના ખેતરમાં, ઇન્દ્રપુરમાં જેશંગભાઈ ચૌધરીના ખેતરમાં એમ એ વીસેક દિવસ ખેતરોમાં બાજરી વાઢવાનો પ્રયોગ કરેલો, જે ફાવેલો નહીં. એક વાર ગ્રામ સફાઈનો કાર્યક્રમ ચાલ્યો. એક વાર વળી ગામાત કૂવા આસપાસના કાદવ-કીચડ-ગંદકીની સફાઈનું અભિયાન ચાલ્યું. ગામેગામ શાળાના વિદ્યાર્થીઓ સાથે કે અમે એકલા સફાઈ કરીએ.

એક વર્ષે ગાંધી જયંતીના દિવસથી એક માસ માટે વડનગરનાં ડબાજાજરૂની સફાઈનો પ્રયોગ મોટાભાઈએ આદર્યો. આંખની હોસ્પિટલવાળા કુણિયાંના વાસનાં ઘરઘરનાં સંડાસની સફાઈ કરવા માંડી. ઊંચા ઓટલા પરનાં ઘર. જાજરૂ પણ ઊંચે. નીચે મૂકેલા ડબા તૂટેલા ફૂટેલા હોય. એ ઊંચકીને મળની ગાડીમાં ઠાલવીએ. શરીર પર પણ મળ ખરડાય. ડૉ. જોષી અને અમે એમના બટુકો પહેલાં જોડાતા. પછી ગ્રામજનો પણ થોડાક ભળ્યા. જે વાસમાં ડૉ. જોષી આંખનાં ઓપરેશન કરે એ જ વાસમાં સવારે સંડાસનો મળ ઉપાડે. કહે : ''આવા કાર્યક્રમોથી આપણા મનમાં છુપાયેલો અહંકાર ઓગળતો જાય. આવાં કામ માટેની આપણી સૂગ ઓછી થતી જાય. સંડાસ-સફાઈ થાય સાથે સાથે આપણી આંતરિક સફાઈ થતી જાય.'' ક્યારેક વળી નવો વિચાર સૂઝે. ગામલોકોને એક ઠેકાણે રસોઈ બનાવવાનું ફાવે. પણ પ્રયોગવીર મોટાભાઈ ઘેર ઘેર બે જણાના જમવાનો આગ્રહ રાખે. વડનગરમાં એક પાંચસો જણના સંમેલન વખતે ઘેર ઘેર બધાનું બે-ત્રણ-ચાર જણાનું ગોઠવાયેલું -આ પ્રયોગ સિદ્ધપુરમાં દામોદરભાઈ ભાવસાર, જોટાણામાં હરિભાઈ પટેલ, બલોલમાં મગનભાઈ પટેલ, કડીમાં કુબેરકાકા વ્યાસે કરેલો અને બીજાં ગામોમાં પણ સફળ રીતે થયેલો.

એક વળી બીજો પ્રયોગ. મોટાભાઈ તો દવાખાનામાંથી ૨૫૦ રૂપિયા માસિક લેતા. ૧૯૫૭ થી

૧૦૦ રૂ. લેવા લાગ્યા. મારો મહિને ૭૦ રૂપિયા પગાર. એ સર્વોદય મંડળના ચોપડે ખર્ચ પડે. પણ વડનગર-વિસનગરમાં ૭ ઘરેથી દર મહિને મારે ૧૦-૧૦ રૂપિયા લઈ આવવાના. એ ઘર સાથે નાતો બંધાય. માગવાની શરમ તૂટે. આપણો સૂક્ષ્મ અહમ્ ઓછો થાય.

જિલ્લાના બધા પક્ષોના આગેવાનો મોટાભાઈ સાથે આદરનો નાતો રાખતા. અરસપરસ ખૂણા એકબીજાને નડતા હોય એવા જિલ્લાના અગ્રણી કાર્યકરો મતભેદની વાતો મોટાભાઈને કહે. મોટાભાઈ મતભેદો-મનભેદો શમાવવાના પ્રયત્નો કરે. ક્યારેક કોઈને કડવું કહેવા જેવું હોય તો પણ ઠંડા મિજાજે કહી નાખે. એમના મોઢા પરના સ્મિત ને પ્રેમાળ હૃદયને કારણે એ કડવી ગોળી પણ ગળાઈ જાય. લોકોને પોતાની વાત ને વેદના ઠાલવવાનું મોટાભાઈ ઠામ. ક્યાંક ગામના ઝઘડાનું, તો ક્યાંક કુટુંબના ઝઘડાનું સમાધાન કરાવે. યુવાનોને રાષ્ટ્રીય કામો માટે પ્રોત્સાહન આપે. મહેસાણા જિલ્લાના કસબા અને મોટાં ગામોમાં ઠેરઠેર એમના ભક્તો જોવા મળે. એમના નામે અમને પણ સર્વોદયના કામ માટે ફંડ મળે. રતનબહેન સાથે હોય તો ફાળો આપનારનાં હૈયે હરખ ન માય.

ગર્ભશ્રીમંત રતનબહેનના પિતા શ્રી નટવરલાલ ધનજીભાઈનો પરિવાર પૈસાપાત્ર. વરેઠામાં ફળાઉ વાડી, વઢવાણમાં વીજળીઘર, વડનગરમાં વિશાળ ઘર —ધનદોલતમાં ઊછરેલાં રતનબહેને પણ હસતે મોઢે ફકીરી સ્વીકારી. મુંબઈની કમાણી સમાજને અર્પણ કરી. ભૂદાન માગતાં પહેલાં જમીન, સંપત્તિનું, ઘરેણાં, સ્ત્રીધન બધાનું સમર્પણ કર્યું. મિહિરભાઈના અભ્યાસ માટે રતનબહેને રાખેલા છેલ્લા દસ હજાર રૂપિયા પણ રહેવા ના દીધા ત્યારે મોટાભાઈને જંપ વળ્યો. મિહિરભાઈ વસંતભાઈ અને અન્ય મિત્રોના ટેકે ભણી શક્યા. બસ, ધન-દોલત, અહંકાર, રાગદ્વેષ, માન-અપમાન, મોહ, માયા —બધું મોટાભાઈ છોડતા જ રહ્યા. ૧૦૦ જણનું એમનું કુટુંબ. એ વિશાળ ને વિશાળ થતું ગયું. અને અસંખ્ય લોકોના એ મોટાભાઈ બની રહ્યા.

બધું છોડતા ગયા એટલે નિર્ભયતા કેળવાતી ગઈ. અમે અંધારું થયા પછી વડનગરથી નવાપુર જવા નીકળેલા. વરસાદ વરસેલો. રસ્તામાં એક તળાવ આવે. ચોમાસામાં પાણીમાં થઈને જવું પડે. ઢીંચણ સુધીનું પાણી. અંધારામાં અમે ચાલીએ ત્યાં પાણીમાં અવારનવાર સાપ અડકે. દસેક મિનિટ પાણીમાં ચાલેલા. પાણીનાં ડેડાં કરડે તો પગ સડે. મોત ના આવે. પાટણ, સમી, સાંતલપુરનાં ગામડાંમાં એક જ તળાવમાંથી પીવાનું પાણી આખું ગામ ભરે. કપડાં ધોવાય, નહાવાનું ત્યાં જ. ઢોર ને માણસ સાથે સાથે નહાય. અમે એકબીજાની પીઠ ઉપર કપડાં ધોઈએ. એ પાણીથી પગમાં વાળા થાય. ૩-૪ માસનો ખાટલો થાય. ભગવાનની દયાથી અમને કાંઈ ન થયું. પરંતુ મોટાભાઈને કાયમ સાપોનો સથવારો રહ્યો. નવાપુરામાં અને વડનગરના આશ્રમ આરોગ્યધામમાં અવારનવાર સાપનાં દર્શન થયા જ કરે. વગડામાં રહીએ એટલે સાપ, વીંછી, કાનખજૂરા, બીજાં જીવજંતુ આવ્યા જ કરે. આરોગ્યધામમાં મારાં પત્ની ખાળ ધોતાં ધોતાં અજગરને અડકીને ભડકેલાં. મોટાભાઈ કહે : આજે ફલાણી જગ્યાએ સાપભાઈનો ભેટો થઈ ગયો.

આમ, નિર્ભયતા કેળવાતી ગઈ. એક વાર શર્મિષ્ઠા તળાવ પાસેના કૂવેથી હરિજનોના પાણી ભરવાના પ્રસંગે, એક વાર હિંદુ-મુસલમાનના રમખાણ વખતે, એક વાર ડૉ. વસંતભાઈ પરીખને રાષ્ટ્રીય સ્વયંસેવક તરીકેની ભૂમિકા માટે ગ્રામજનોનો વિરોધ થયેલો —આ બધા પ્રસંગે મોટાભાઈની મક્કમતા, દૃઢતા, નિર્ભયતા, નિર્ણયને વળગી રહેવાની ધીરજની કસોટીઓ થયેલી. પણ સિદ્ધાંતો સાથે એમણે સમાધાન ન કર્યું. આવે પ્રસંગે અક્ષરજ્ઞાન વિહોણાં પણ કોઠાજ્ઞાન ધરાવતાં રતનબહેનનું ખમીર ઝળકી ઊઠતું. ત્યારનો એમનો પુણ્યપ્રકોપ અદ્‌ભુત જોવા મળતો. મોટાભાઈ-રતનબહેનનું દામ્પત્ય ધન્ય-ધન્ય હતું. ધનમાં

આળોટેલાં રતનબહેનનાં ત્યાગ અને તપે એમને અનેરાં શક્તિશાળી બનાવેલાં. ઘરના, કુટુંબના, સાસુ-વહુના ઝઘડા એ ક્યારેક પ્રેમથી તો ક્યારેક ધમકાવીને પણ પતાવતાં. ના પતે તો જ્યોતિ સંઘની મદદ મેળવતાં. આ દંપતીનું જીવન આદર્શ રહ્યું છે.

કપરી કસોટીના પ્રસંગો મોટાભાઈની જીવનયાત્રામાં આવ્યા છે, પણ સ્થિતપ્રજ્ઞની ભૂમિકાથી એ વટાવી જતા. કસોટી વેળા હાર્યા નથી, વ્યવહાર-શુદ્ધિ સદા જાળવી છે. અવમાનના પ્રસંગે તેમ માનના પ્રસંગોમાં પણ એ જળકમળવત્ રહ્યા છે. આજોલમાં કાર્યકરોની શિબિર હતી. વચ્ચે એમનો ૫૧મો જન્મદિન આવ્યો. સૌએ એમની પ્રશંસા કરતાં વચનો કહ્યાં. ત્યારે જાણે એ બીજા કોઈનો પ્રસંગ હોય એમ તટસ્થતાપૂર્વક સ્થિરબુદ્ધિથી જોઈ રહેલા. ગીતાના સ્થિતપ્રજ્ઞ અને નરસૈયાના વૈષ્ણવજનની ઝલક મોટાભાઈમાં જોવા મળે છે.

ગાંધીહત્યાએ મહેસાણા જિલ્લામાં એક ત્રિકોણ સર્જ્યો. સતલાસણામાં વડોદરાના ન્યાયમૂર્તિનું પદ છોડી અવધૂત સમા નર્મદાશંકર ભટ્ટે, આસન જમાવ્યું. વિસનગરના વકીલ રતિભાઈ જોષીએ વકીલાત છોડી, વાલમનો સર્વોદય આશ્રમ વિકસાવ્યો. મુંબઈની ધીકતી કમાણી છોડી ડૉ. દ્વારકાદાસ જોષી વડનગર અને પછી મહેસાણા જિલ્લામાં, ગુજરાતમાં અને દેશમાં સર્વોદયના યજ્ઞમાં આહુતિ આપતા રહ્યા. ચોથે ખૂણે સણાલીમાં પોલીસ વિભાગના અકબરભાઈ અને જોહરાબહેન ચાવડાએ સર્વોદયનું થાણું સ્થાપ્યું.

મોટાભાઈ કેટકેટલા ગૃહસ્થોને, સરકારી કર્મચારીઓ, અધિકારીઓ, વેપારીઓને તેમનાં કામ છોડાવીને સર્વોદયના સમુદ્રમાં ખેંચી લાવ્યા છે ! આ એક પ્રકરણનો વિષય છે. જ્યાં જ્યાં એ જતા ત્યાં ત્યાં ત્યાગ, તપ, સેવા, સ્નેહ, સમર્પણ, પ્રેમભાવની પ્રેરણા એમના દ્વારા પ્રગટતી.

આવા પ્રાચીનકાળના ઋષિ સમા, વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય કરતા, વિચાર ને આચાર અને પ્રચાર ને સંચાર વચ્ચેનો ભેદ મિટાવનાર, કર્મ, જ્ઞાન અને ભક્તિની ત્રિવેણીનાં દર્શન જેમના જીવનમાં થયાં છે એવા સ્થિતપ્રજ્ઞ, વૈષ્ણવજન નિરામય સો વર્ષનું જીવન જીવી આપણને પ્રેરણા આપતા રહો, એ પ્રભુપ્રાર્થના. એ સંતનાં ચરણોમાં વિનમ્ર વંદના.

૦ અમૃત મોદી



(વિનય ત્રિવેદી)

નિર્ગ્રંથ વ્યક્તિત્વ

શ્રીમદ ભગવદ્‌ગીતામાં કૃષ્ણ ભગવાને જ્ઞાની, ભક્ત, સ્થિતપ્રજ્ઞ, યોગી, કર્મયોગી એવા પુરુષોનાં લક્ષણોનું વર્ણન કર્યું છે. જેની પ્રજ્ઞા સ્થિર થઈ હોય તેવો પુરુષ બોલે, રહે, ફરે કેમ ? એવા જિજ્ઞાસુ અને ઋજુબુદ્ધિના અર્જુનના પ્રશ્નના જવાબમાં ભગવાન વર્ણવે છે તે બીજા અધ્યાયના છેલ્લા ૧૭ શ્લોકોનો પાઠ ગાંધી-વિનોબાના ઘણા આશ્રમોમાં સાંજની પ્રાર્થનામાં થાય છે. એ લક્ષણો મુજબ આજે આપણે માપવા નીકળીએ તો તેમાં ઘણે અંશે બંધ બેસે તેવા મહાનુભાવોમાં ડૉક્ટર દ્વારકાદાસ જોષી એક લાગે.

તેમની નજીકના માણસો તેમને મોટાભાઈ કહે છે તેમ હું યે તેમને મોટાભાઈ જ કહું છું. પચાસેક વર્ષથી હું તેમને જોતો આવ્યો છું. તેઓ જીવનસાધક છે, પણ નિષ્ક્રિય નથી. તેઓ કર્મશીલ છે, પણ કર્મઠ નથી. તેઓ જ્ઞાની છે પણ લુખ્ખા બુદ્ધિજીવી નથી. તેમની વિશેષતા એ છે કે તેઓ દેહમાં છે છતાં દેહથી પર છે. અત્યંત સૂક્ષ્મ અહંકાર તેમનામાં કદાચ રહ્યો હોય તો તેની તેમને જ ખબર હોય, બાકી તેઓ પહેલા પુરુષ એકવચનમાં પોતાને કદી જોતા નથી; અન્યને જુએ છે તેમ તટસ્થ રીતે, સાક્ષીભાવે ત્રીજા પુરુષ એકવચનમાં જ પોતાને પણ જુએ છે.

એક વાર (ચાલીસેક વરસ અગાઉનો પ્રસંગ હશે) મિટિંગમાં સૌ સર્વોદય કાર્યકરો બેસીને ગ્રામસ્વરાજના આંદોલનને મૂલવતા હતા, તેમાં કયી કયી ટુકડીએ કયાં કયાં કામો કર્યાં – ન કર્યાં તેની વાત ચાલતી હતી. 'ડૉ. જોષીએ અમુક જાતનું વલણ લીધું તે ઠીક ન કર્યું' તેવું એક જુવાને કહ્યું. શાંત ચિત્તે ચર્ચા સાંભળનારા મોટાભાઈએ કહ્યું, ''અલ્યા ગટુજી, તારી વાત સાચી લાગે છે, ડૉક્ટર જોષી વધુ પડતા વિશ્વાસમાં રહ્યા એવું લાગે છે.'' કોઈક પ્રવૃત્તિ પછી તેનાં લેખાં જોખાં લેવાનો રિવાજ સર્વોદય મંડળમાં

સાધકોનો, કાર્યકરોનો અન્યોન્ય અનુરાગ હેતુરહિત હશે. એમનો પરસ્પર સંબંધ કેવો હોવો જોઈએ ? તુકારામ મહારાજે કહ્યું છે, *'तुका म्हणे, आम्हीं एका देहाचे अवयव'* —આપણે એક જ દેહના અવયવ છીએ. સાધકોને એવું લાગવું જોઈએ કે દેહનો એક અવયવ બીજા અવયવને સ્નેહ કરે છે —પગમાં કાંટો વાગ્યો, તો હાથ તુરત ત્યાં દોડે છે, એવો પ્યાર જોઈએ.

દેહના અવયવોનો સંબંધ અત્યંત સ્વાભાવિક છે, કેમ કે એક અવયવને બીજા અવયવ માટે અત્યંત પ્યાર છે, બંને એક જ દેહના છે, એવી પ્રતીતિ છે, સભાનતા છે. એવો જ પ્યાર કાર્યકર-સાથીઓએ આપસમાં એકબીજા માટે અનુભવવો જોઈએ. એ હેતુરહિત સ્નેહ છે.

સ્નેહમાં શું-શું આવે છે ? પ્રેમ, વિશ્વાસ, આદર. આ ત્રણેય મળીને સ્નેહ બને છે.

૦ વિનોબા ૦

હોઈ તે વખતે જેને જે સાચું-ખોટું લાગે તે કોઈની શેહ-શરમ રાખ્યા વિના નિખાલસતાથી રજૂ કરે તેવો સિલસિલો મંડળે પાડેલો. સામાન્ય રીતે કર્મઠ લોકોમાં બીજાની ટીકા થાય ત્યારે આક્ષેપબાજી અને બચાવનામાં થાય પણ મોટાભાઈ જેવાની હાજરીમાં તટસ્થ અવલોકન હળવાશથી, પ્રેમ અને માનપૂર્વક થઈ શકે છે.

જોકે મોટાભાઈ પોતે મહાપુરુષ થઈને જ ટપકી પડ્યા છે તેવું નથી. તેમણે સતત જાગૃતિપૂર્વક પોતાની મર્યાદાઓને ધીમે ધીમે દૂર કરી છે. કામ-ક્રોધ-લોભ-મોહ-મદ અને મત્સર ઓછે-વત્તે અંશે બધામાં જ હોય છે. મોટાભાઈ માટે કહી શકાય કે તેમણે ધીમે ધીમે તે બધાને વશ કર્યા છે. હા, કોઈના ભલા માટે તેમણે આયોજનપૂર્વક ગુસ્સો કર્યો હોય તેવું મેં જોયું છે. '૫૯-'૬૦માં લગભગ એક વરસ મોટાભાઈની સાથે સાબરકાંઠા-બનાસકાંઠા-મહેસાણાના ત્રિભેટામાં ગ્રામદાની ગામોની પુષ્ટિ માટે મારે ફરવાનું થયેલું. તે ગાળામાં અનેક પ્રસંગોમાં મેં મોટાભાઈને નજીકથી નિહાળેલા.

એક વાર અમે સતલાસણાથી પગપાળા સણાલી જતા હતા. સમગ્ર ઉત્તર ગુજરાતમાં 'વડનગરના મોટા દાક્તર સાહેબ'ની મોટાભાઈની ઓળખાણ. પદયાત્રામાં પણ તેઓ આંખના દર્દીને તપાસવાનાં સાધનો રાખતા. એક ગામે એક ગરીબ-શ્રમજીવી પરિવારના એક નાનકડા (૩-૪ વરસનો હશે) દીકરાને લઈને તેની મા આવી. તેને માથામાં ગૂમડું થયેલું. છોકરો બહુ રિબાય. દવાખાને લઈ જવાનો સમય નહીં ને પૈસાયે નહીં હોય તેથી ઘેર બેઠા ગંગા આવી એમ મોટાભાઈ પાસે બાળકને લાવવામાં આવ્યો. મોટાભાઈએ જોયું કે સેપ્ટિક થઈ ગયું છે. જો તાત્કાલિક ગૂમડું ફોડી-સાફ કરી દવા ન મુકાય તો ચેપ માથામાં ફેલાઈ જાય તેમ છે. તેમણે તેનાં મા-બાપને કહ્યું કે, ''કાપો મૂકવો પડશે ને છોકરો રાડારાડ કરશે. તમારે તેને પકડી રાખવો પડશે.'' પેલા કહે, ''સાહેબ, તમે જ ભગવાન, જે કરવા જેવું લાગે તે કરો પણ તેનું દરદ મટાડો.'' મોટાભાઈ મને કહે, ''અત્યારે આવી વાત કરે છે પણ કાપો મૂકીશું ને છોકરો વલોપાત કરશે ત્યારે 'રહેવા દો-રહેવા દો' એમ કહેશે. તે વખતે મારે બનાવટી ગુસ્સો કરવો પડશે ને તારે જ બાળકને બરાબર ઝાલી રાખવો પડશે.''

મોટાભાઈએ તો હજામતની નવી બ્લેડ કાઢી પેલાઓને તપેલીમાં ચોખ્ખું પાણી લાવી તેમાં બ્લેડ નાખી ઉકાળવા કહ્યું. રૂ સાથે જ હતું. ઘામાં ભભરાવવાનો પાઉડર, ટેપ, કાતર વગેરે કાઢ્યાં અને ખાટલામાં જ ઓપરેશન શરૂ કર્યું. કોઈ જાતની ઘેનની દવા કે ઇંજેક્શનની ગેરહાજરીમાં ૩-૪ વરસનો છોકરો કેટલું સહન કરે ! દાક્તરે બ્લેડથી ઝટપટ ચીરો મૂકી દબાવી દબાવીને પરુ કાઢી નાખ્યું. શરૂ શરૂમાં તેના બાપ ને સગાં ખમા-ખમા કરતાં રહ્યાં પણ વેદના અસહ્ય થતાં બાળક તરફડવા માંડ્યો ત્યારે, 'બસ દાક્તર સાહેબ ! હવે રહેવા દો.' એમ કહેવા માંડ્યાં. પણ મોટાભાઈ તો આ લોકોના પાકા અનુભવી. મને સૂચના આપી રાખેલી તેમ પેલાઓ ઢીલા પડ્યા એટલે મેં છોકરાને સજ્જડ પકડી રાખ્યો. થોડી વારમાં પેલાઓ તો વીફર્યા. 'બંધ કરો, બંધ કરો, છોકરો મરી જશે' એમ કહેવા માંડ્યા. હવે મોટાભાઈનો પિત્તો ઊછળ્યો, બલ્કે તેમણે ઉછાળ્યો એમ કહેવું જોઈએ. સખત અને મોટા અવાજે પેલાઓને ધમકાવવા માંડ્યા. ''તમારે છોકરાને મારી નાંખવો છે ? આટલું મોટું ગૂમડું થયું તોયે દવાખાને જતા નથી ને હું તેનું દરદ મટાડું છું તો વચ્ચે આવો છો ?'' અને ભાઈ, સતત તેમણે તો ગુસ્સાભેર ભાષણ ચાલુ જ રાખ્યું. બીજી બાજુ તેમનો હાથ સીફતપૂર્વક ડ્રેસિંગમાં ફરતો રહ્યો. પરુ કાઢી નાખ્યું, મરેલી ચામડી કાતરથી કાપી નાખી, રૂનાં પૂમડાં મૂકીને પરુ ને ગંદું લોહી લૂછવા માંડ્યું. અંદર કાણું દેખાયું ત્યાં પાઉડર ભભરાવી ગોઝ ને રૂ મૂકી પટ્ટીઓ મારી દીધી. ચીસાચીસ કરનારો છોકરો શાંત પડી ગયો. લગભગ ૧૫ મિનિટ સુધી મોટાભાઈએ

પેલાઓને જે ધમકાવ્યા છે, જે ધમકાવ્યા છે ! તે દૃશ્ય આજે ય મારી આંખ સામે આવી જાય છે. દાક્તરને આવા રાતા-પીળા થતા તે જ વખતે મેં જોયા છે. તેમણે આયોજનપૂર્વક આણેલો તે ગુસ્સો તરત જ શમી ગયો. બાળક શાંત થયો કે પેલા ખુશખુશ થઈ ગયા. ખોળો પાથરી દાક્તરના ઓવારણાં લેવા માંડ્યા. કાંઈ કહેવાયું હોય તો માફ કરવા કાકલૂદી કરવા માંડ્યા. મોટાભાઈ મરક મરક હસતા હતા. કંઈ કેટલાય દિવસ પછી તે છોકરો ગાઢ ઊંઘમાં સરી પડેલો.

આવો જ ગુસ્સાનો બીજો એક પ્રસંગ માઉન્ટ આબુના રેલવે સ્ટેશને બન્યો. અમે ત્યાંથી મહેસાણા આવવા ટ્રેનમાં બેસવાના હતા. ગાડી આવી પણ સખત ભીડ. એક ડબામાં ઘણી જગ્યા ને મિલિટરીનો એક માણસ. અમે તેમાં પેસવા ગયા. પેલો રોકે. મોટાભાઈ તો પેલાને અવગણીને બગલથેલા સાથે ચડી ગયા. બન્ને વચ્ચે ગરમાગરમ ચર્ચા થઈ. છેવટે પેલાએ ધક્કો મારી મોટાભાઈને બહાર ફેંક્યા. મોટાભાઈના થેલા મેં ઉપાડી લીધા. કપડાં ખંખેરી મને કહે, ''આજે ખોટું થયું. મેં નાહક ગુસ્સો કર્યો. પેલો પગાર લઈને જતો હતો તેથી તે ડબ્બામાં કોઈને ન ચડવા દે તે તેની વાત વાજબી હતી.'' દાક્તરને ફેંક્યા તેથી હું તો શિયાવિયા થઈ ગયેલો. મોટાભાઈની જાગૃતિ જોઈ મને તેમને માટે ઓર માન વધ્યું.

ચિત્તમાં વિચારોનું ઘમસાણ ન ચાલવું જોઈએ, નિર્વિચાર સ્થિતિ હોવી જોઈએ. ઇચ્છીએ ત્યારે વિચાર આવે ને ન ઇચ્છીએ ત્યારે ન આવે તેવું થવું જોઈએ —એવું તેઓ માને. વિચારોનું ઘમસાણ ઘટાડવા નામસ્મરણ કરવું જોઈએ જેથી ચિત્ત અનેકાગ્રતામાંથી એકાગ્રતામાં રહે અને પછી તેને શૂન્યતામાં લઈ જવાય. આવો ઉપાય વિનોબાએ બતાવેલો. તેથી દાક્તર સતત નામસ્મરણ કરતા રહે. મનોમન તે ચાલે, પ્રગટ ન ચાલે. અમે બન્ને પગપાળા ડુંગરોમાં જતા હોઈએ ને મારે તેમની સાથે વાત કરવી હોય તો તેમને જાણે ઢંઢોળવા પડે. તે તો નામસ્મરણમાં જ એકાગ્ર હોય. એક વાર રસ્તે એક ગામ આવ્યું. તેનું નામ 'ગોઠુ'. દાક્તરે શરૂ કર્યું 'ગોઠુ'. જાતજાતના રાગમાં, સંગીતમાં 'ગોઠુ-ગોઠુ' તેમણે તો આલાપવા માંડ્યું. થોડી વાર સાંભળ્યા પછી મેં મોટાભાઈને ઢંઢોળ્યા. ઝબકીને જાગ્યા પછી મને કહે, ''પેલું નામસ્મરણ ચાલે છે તેમાં કોઈ એક રટણ જરૂરી હોય છે. નામમાં કાંઈ નથી, રટણને કારણે એકાગ્રતા આવે છે. આજે વળી 'ગોઠુ' જીભે ચડી ગયું.'' અને અમે બંને હસી પડ્યા.

પગદંડી ઉપર કલાકો સુધી ચાલતાં ખૂલી આંખે ઊંઘતા મેં મોટાભાઈને જોયા છે. વાહનમાં ૧૦-૧૫ મિનિટ માટે પોતે ઊંઘી જશે એમ કહી બીજી મિનિટે નસકોરાં બોલતાં હોય ને બરાબર ૧૦-૧૫ મિનિટે જાગતા મેં જોયા છે.

જમવા બેસે ત્યારે ક્યારેક અનેક વાનગીઓ હોય. મોટાભાઈ કેલરી ગણીને ખાય. હાથમાં ભાખરી લઈ વજનની કલ્પના કરે. મને હસવું આવે. ''ભલા માણસ, ભૂખ હોય તેટલું ખાવાનું, પણ તેમાં ગણગણ શું કરવાનું —'' એમ હું કહું તો પછી મને સ્વાદ-અતિઆહાર વગેરેની વાતો સમજાવે.

મોટાભાઈને કોઈ વહાલા કે કોઈ વેરી નથી. જેને જે કાંઈ કહેવા જેવું લાગે તે પૂરા પ્રેમથી પાસે બેસાડીને ટુંકાણમાં અને સ્પષ્ટતાપૂર્વક મક્કમ અવાજે કહે. તેઓ ભોળા નથી, તેમને બધી સમજણ પડે છે. પણ ડગલે ને પગલે ટોકવાનું, સલાહ-સૂચન કરવાનું તેઓ ન કરે. કોઈને માટે દુર્ભાવ ન રાખે. કહેતી વખતે કહી દે પણ પૂર્વગ્રહ ન રાખે. નિર્ગ્રંથ કહેવાય છે તેવી સ્થિતિ. વ્યક્તિનું તટસ્થતાપૂર્વક વિશ્લેષણ કરે પણ રાગદ્વેષ ન થવા દે. સમતા ન ગુમાવે.

એક સારું એવું પુસ્તક ભરાય તેટલા પ્રસંગો ને તેમાંથી તેમણે ઘડેલા જીવનની વાતો મને યાદ આવે છે, પણ લેખની મર્યાદા સમજી આવા સાધક ને લોકોત્તર પુરુષનો સહવાસ મળ્યાના સંતોષથી વિરમું.

o જગદીશ શાહ

વરિષ્ઠ સાથી

માબાપ કે ફોઈબા સિવાય કદાચ ભાગ્યે જ કોઈએ એમને 'દ્વારકાદાસ' કહીને સંબોધ્યા હશે, આવા નામસૂના ડૉ. જોષી કે માત્ર 'ડૉક્ટર' કે 'મોટાભાઈ' એટલે શું, તે વિચારું છું તો નજર સામે એક ખળખળ વહેતી નદીની પવિત્ર પ્રસન્નતા ફેલાઈ જાય છે !

'મોટાભાઈ' એટલે પ્રસન્નતાનું ઝરણું ! નિર્મળતાનું નિર્ઝર ! સાવ પારદર્શક વ્યક્તિત્વ ! વચ્ચે કોઈ ખૂણો-ખાંચો આડો ન આવે ! સડસડાટ સીધી નાકની અણીએ ભીતર હૃદય સુધી પહોંચી જવાય એવો સરિયામ રસ્તો એમના દિલનો ! 'દિલની ધડકન' એ જ એમના જીવનનું અધ્યાત્મ. ગ્રંથો-શાસ્ત્રો-પુરાણો-સિદ્ધાંતો જાણવા-સમજવાનાં જરૂર, પણ ચરણ ચાલે ત્યાં, જ્યાં હૈયું સાખ પૂરે !

હા, 'ચરણ' શબ્દ આવ્યો ત્યાં મોટાભાઈનું આ બીજું રૂપ પણ સામે આવ્યું. ડૉક્ટર એટલે સતત ચાલતો પથિક. સતત ચાલતા રહેવા માટે તો એમણે મોહમયી મુંબઈની માયા તજી, મહામૂલે મેળવેલી કારકિર્દી તજી વતન વડનગરની ધૂળ માથે ચઢાવી. 'અમે ચાલતા રહ્યા'....ના ગીતની જેમ સતત ચાલતા રહ્યા. પદયાત્રામાં ભાન ગુમાવી ઢળી પડ્યા ત્યાં સુધી એમનાં ચરણ થોભ્યાં નહીં ! 'चरैवेति चरैवेति' એમનો જીવનમંત્ર ! ગુજરાતભરમાં તો કેટકેટલી પદયાત્રાઓ કરી, ભારતભરમાં બિહાર-બંગાળની ધૂળ પણ માથે ચઢાવતા રહ્યા. વળી, આ ચરણને ચલાવતાં ચલાવતાં 'चर' ધાતુનાં સઘળાં રૂપો સાથે દોસ્તી કેળવતા રહ્યા. 'વિચાર-સંચાર-પ્રચાર-આચાર'નાં ક્ષેત્રને પણ પોતીકાં ક્ષેત્ર બનાવ્યાં. ભવિષ્યમાં કોઈ એમની ખાંભી રચવાનું કહે તો હું એમને કહું કે આ ખાંભી પર બીજી કોઈ લાંબી કવિતા ન લખશો. નામ-ઠામની પણ જરૂર નથી ! માત્ર 'ચરણ' પૂરતાં છે, એમની ઓળખ માટે !

પચાસથી પણ વધુ વર્ષોનો એમનો સથવારો ! એ કાંઈ માત્ર આંદોલનના સાથી-રાહબર તો નહોતા ! એ તો દિલબર હતા. દિલના સંબંધે જોડાયેલા. ભલે ને મળવાનું ક્યારેક થાય, લખવાનું પણ નિમિત્તે જ થાય, છતાં ય જે હૃદયમાં વસી જાય છે તેનું ધ્રુવપદ હોય છે. આકાશના ધ્રુવતારકને રોજેરોજ ભલે ન જોતા રહીએ, પરંતુ એનું સ્થાન-અચ્યુત ! મોટાભાઈ દિલમાં એક વાર બેસે, પછી એમની પલાંઠી ન છૂટે !

ભૂદાનયુગની અમારી યુવાન ટોળકીના તો એ વયસ્ક સાથી ! વડીલ કહેવાય એટલે સ્તો 'મોટાભાઈ'. પણ ભલે ને મોટાભાઈ અમારા સૌના વડેરા હોય કે ગુજરાત સર્વોદય મંડળના વરિષ્ઠ અધ્યક્ષ હોય ! એમની અધ્યક્ષતા કદીય અમને કશું ય કહેતાં વારી ન શકે એવી અમાસી અધ્યક્ષતા ! અમાસની રાતે નાનામાં નાના તારલિયાને પણ પોતાનું તેજ-સામ્રાજ્ય ફેલાવવાનો પર્યાપ્ત અવસર ! ત્યાં વિનોબા પાસે પણ એ જ ઉછેર અને અહીં મોટાભાઈના રાજમાં પણ એ જ લીલા લહેર, અમે તો લીલી નાઘેરની જેમ કોળ્યાં તે એવાં કોળ્યાં કે કોઈ કાળક્રમે મંડળમાં કોઈ પૂનમનો ચાંદ બનીને સામ્રાજ્ય ફેલાવવા જાય તો ય સૌ કાર્યકર આ ચોપડા બહારના અધ્યક્ષને જ પૂછતા રહે. ડૉ. જોષી અમારા કાયમી અધ્યક્ષ — વર તે વર, બાકી સૌ અવર ! અથવા તો કહો, અણવર ! અમે પોતે અધ્યક્ષ હોઈએ, તો પણ અણવર જ. વરિષ્ઠ તો તે એક જ. આવા અમારાં સૌનાં દિલથી વરાયેલા વરિષ્ઠ રાહબર ! એમને અમે ગમે તે કહી શકીએ. એમની સાથે લડી-ઝઘડી પણ શકીએ !

એક વાર અમે દશેક કાર્યકરો બિહારના સહરસા જિલ્લામાં ત્રણ મહિના માટે થાણું નાંખીને બેઠેલા. અમારા ભાગે સાવ નેપાળી સરહદ પરનો બલુઆબાઝાર વિસ્તાર આવેલો. બિહારની જમીનદારી હજારોની નહીં, લાખોની જમીનદારી ! લક્ષ્મીબાબુ અને રાજાબાબુ એ વિસ્તારના ચક્રવર્તી સમ્રાટ ! ત્યારે ભૂદાન-આંદોલનનું 'બીઘા-કઠ્ઠા-પર્વ' ચાલતું હતું, એટલે ભૂદાનમાં મળેલી વીઘે-વીસું જમીનનું વિતરણ કરવાનું હતું ! પૂરા ત્રણ મહિના ત્યાં રહેવાનું હતું એટલે

રાજબાબુના પ્રયત્નો થકી જ અમને રહેવા માટે બે-ત્રણ ઓરડાનું એક ઘર મળી ગયું હતું.

એક વાર અમે નજીકના ગામડાના ભૂમિ-વિતરણ માટે ગયેલાં. જે-તે ભૂમિહીનને જમીન સોંપી તલાટી પાસે કાગળિયાં કરવા પણ અપાઈ ગયાં. ખેતમજૂરો સાથેની વાતચીતમાં બાસગીત એટલે કે રહેણાકની જમીન અંગે વાત નીકળી કે સરકાર તરફથી કાયમી ગણોતિયા કે ખેતમજૂરને ખેતર પર જ રહેણાકની જમીન કાયદેસર મળે. અમે એ રહેણાકની જમીનના કાગળિયાં જોવા માંગ્યાં તો એ લોકો કહે —''વો સારે કાગજ તો માલિક કે પાસ હૈં।'' તો માલિક પાસે એ કાગળિયાં માંગી રાખવાનું કહ્યું તો ગભરાઈને કહે —''વો હમ નહીં કરેંગે । હમારે સારે કાગજ ઉન્હીં કે પાસ રહતે હૈં।''

''અરે, પણ તમારી જમીનનાં કાયદેસરનાં કાગળિયાં તો તમારી પાસે હોવાં જોઈએ ને ?'' — અધીરા થઈને મેં કહેલું.

''બહેન, તમે જાણો છો, હજુ આજે પણ એમના મકાન પાસેથી અમે ચાલીએ છીએ ત્યારે અમારાં જૂતાં અમારા હાથમાં લઈ લઈએ છીએ !''

અને પછી હૈયાની વરાળ છૂટી.... કેટકેટલા જુલમ ! દાદાગીરી ! અમાનવીયતા ! તેમાં ય રાજબાબુ તો 'ભલા માનુષ' કહેવાય છતાં ય માલિક તે માલિક અને વસવાયાં તે વસવાયાં.

ત્યાં અરુણે દરખાસ્ત મૂકી : ''ચાલો, તમે સૌ તૈયાર થતા હો તો અમે સાથે આવીએ અને આ કાગળિયાં લઈ આવીએ.''

પણ એકેય જણ આગળ ન આવે ! તમે તો આજે છો, કાલે જતાં રહેવાનાં ! એમની સાથે કાયમ તો અમારે જ રહેવાનું છે ! ઘણી મહેનત કરી, પણ પરિણામ મીંડું, અંતે અકળાઈને અરુણનું જુવાન લોહી કકળી ઊઠ્યું —''તો મરો સાલ્લાઓ ! તમે એ જ લાગના છો !''

અમે તો ભૂદાન-કાર્યકર હતાં, સામ્યવાદી કુળના તો અમે નહોતા, અમે કાંઈ વર્ગ સંઘર્ષ કરવા નહોતા નીકળ્યા, પ્રેમભાવે આપેલા ભૂદાનનું વિતરણ કરવા નીકળ્યા હતા. તો ય મોટાભાઈ જેવાથી પણ બોલાઈ ગયું, ''સાલ્લાઓ ! એકેકને ગોળીએ દેવા જોઈએ.''

મુકામ પર પહોંચ્યા પછી પણ લોહી તપેલું હતું. રસોઈ કરી, જમી-પરવારી, આડે પડખે થઈ બપોરી આરામ પૂરો થયો, ત્યાં વિનોબા પર લખાયેલા મોટાભાઈના પત્રનું સહવાચન થયું —''યહાં વાતાવરણ ખૂબ અનુકૂલ હૈ। જમીન-વિતરણ કે કાર્ય મેં જમીંદાર ભી પૂરા સહયોગ કરતે હૈં । દાતા-આદાતા કે મિલન કા એક સુંદર સુયોગ ઉપસ્થિત હોતા હૈ ।'' વગેરે વગેરે....

પત્ર સાંભળીને મારાથી ન રહેવાયું ! ''મોટાભાઈ, આવું અસત્ય !.... સવારે તો તમે ગોળીએ મારવાની વાત કરતા હતા અને બાબાને લખો છો કે એમનો પૂરો સાથ સહકાર છે ! આંદોલનના નેતાને તો સાચી વાત કહેવી જોઈએ ને !''

ત્યારે મોટાભાઈ કહે.... ''સાચી વાત તારી, બહેન ! બાબાને આપણે 'આપણી' વાત નથી લખવાની, 'સાચી' વાત લખવાની છે. સવારની એ ક્ષણોમાં 'મારું સત્ય' મને જમીનદારોને ગોળીએ દેવા પ્રેરતું હતું, પરંતુ એ ક્ષણોના ઊભરા વહી ગયા પછીના નીતર્યા જળનું સત્ય આ છે કે પરિસ્થિતિ અનુકૂળ છે, માલિક-મજૂર વચ્ચે સેતુ બાંધી શકાય તેમ છે, દિલના દરવાજા ખુલ્લા છે ! તું કેમ ભૂલી જાય છે કે આપણા માટે રહેવાનું મકાન અને આ રેશન વગેરેનો પ્રબંધ રાજબાબુ જ કરે છે અને એમની દીકરીનાં લગ્ન વખતે તો એમણે તને એમના ઘરે જ રહેવા બોલાવી લીધી છે. એટલે કે આ કામ માટે તેઓ પ્રતિકૂળ નથી અને એમનામાંયે આપણા જેવું જ માનવ-દિલ છે. આપણે તે દિલમાં પ્રવેશ કરીને ખોટા સંસ્કારો ને ખોટી વ્યવસ્થાઓના પાશમાંથી એમને

છોડાવવાના છે અને એમની પાસે આ કામ કરાવવાનું છે. આપણે ભાગે તો ઉંદરકાર્ય છે, નાનકડું કાણું પણ અંદર ઘૂસવા માટે બસ ગણાય. એમનોય રામ જાગશે જ એવી શ્રદ્ધા સાથે જ આ કામ થઈ શકશે. વિનોબાને લખ્યું છે, તેમાં કાંઈ અસત્ય નથી.''

સામે પ્રાયમસ સળગતો હતો, તોય મોટાભાઈના શબ્દે હું ટાઢી પડી ! ત્યારે મને સમજાયું કે સત્ય હંમેશાં ખાંડાની ધાર સમું લોહી કાઢે તેવું જ ન હોઈ શકે, એ દૂધની ધાર સમું મીઠું-મધુર અને તુષ્ટિ-પુષ્ટિ-દાયક પણ હોઈ શકે !

ઘણું બધું લખી શકાય. પ્રિયજન માટે માત્ર પ્રેમ જ પર્યાપ્ત છે. છતાં ય એ પ્રેમ સાથે જ્યારે સદ્‌ગુણોના ગુણાકાર થાય છે ત્યારે એ પ્રેમના તેજે હૈયું ઝળહળે છે ! મોટાભાઈના આ સત્ત્વ-પ્રકાશે અમારું નાનકડું મંડળ ઊજળું-ઊજળું છે ! એટલે સ્તો શું વડનગર કે શું વિસનગર, અમારા માટે તીર્થધામ છે, જ્યાં વહ્યે જાય છે —નીતર્યાં નિર્મલ જીવનજળ !

૦ મીરા ભટ્ટ

સૌજન્યમૂર્તિ

મુંબઈ છોડીને ૧૯૫૭માં અમે ગુજરાત આવ્યાં, ત્યારે ડૉક્ટર જોષીનું નામ સાંભળેલું. બહુ મોટા બાહોશ ડૉક્ટર છે. મુંબઈની ધીકતી પ્રેક્ટિસ છોડીને ભૂદાન કામમાં આવ્યા છે. એમનાં પત્ની પણ એમની સાથે છે. બંને બહુ સેવાભાવી છે. ત્યાગી છે. બહુ મોટા માણસ છે, એવી મનમાં છાપ ઊભી થયેલી.

જ્યારે એમને રૂબરૂ મળવાનું થયું, ત્યારે આ છાપ ખોટી છે, એમ તો ન લાગ્યું, પણ અધૂરી જરૂર લાગી. નજરોનજર જોયા, ત્યારે મૂળમાં તો એમની સૌમ્ય સૌજન્યમૂર્તિ મનમાં વસી ગઈ. ગૌર વર્ણ, હસતો ચહેરો, બધાં સાથે સહજ, સરળ વ્યવહાર. મુંબઈ છોડીને આવેલા અને પૂરા સેવાભાવી હતા; પરંતુ એ ત્યાગનો કે સેવાનો લગીરે બોજ નહીં કે અભિમાન નહીં. મોટા માણસ ખરા, પણ મોટપનો કશો ભાર નહીં કે અતડાપણું નહીં. બિલકુલ સ્વજન જેવા, પ્રેમાળ કુટુંબીજન જેવા. મોટા ખરા, પણ મોટાભાઈ જેવા. અને જ્યારે જાણ્યું કે એમને નિકટથી ઓળખનારા-જાણનારા સહુ એમને 'મોટાભાઈ' જ કહે છે, ત્યારે થયું કે એ જ એમની સમુચિત ઓળખ છે. એ સહુના મોટાભાઈ જ છે. આજે આટલાં વરસે પણ એમની એ જ છાપ હૃદયમાં દૃઢપણે અંકિત થયેલી છે.

સરળતા, સહજતા, સૌમ્યતા એમનો મોટામાં મોટો ગુણ. એમને ક્યારેય ઉશ્કેરાયેલા નથી જોયા, ઉદ્વેગમાં નથી જોયા, કોઈના ઉપર ગુસ્સો કરતા નથી જોયા. અજાતશત્રુ કહેવાય છે ને ! અજાતશત્રુ કેવા હોય, તેનું ઉત્તમ ઉદાહરણ મોટાભાઈ પૂરું પાડે છે.

એમની સાથે ભૂદાન આંદોલનમાં કામ કરતાં કરતાં નિકટનો પરિચય થતો ગયો. ગુજરાત સર્વોદય મંડળની રચના થઈ, ત્યારે તેના પહેલા પ્રમુખ તરીકે એમની જ સ્વાભાવિક પસંદગી થઈ. આંદોલનનાં કામોમાં એ હમેશાં મોખરે રહ્યા. વિનોબાજીએ જ્યારે તૂફાન અભિયાન શરૂ કર્યું, ત્યારે ગુજરાતમાં તૂફાનનું બીડું ઝડપ્યું ડૉક્ટર જોષીએ જ. ચાર-પાંચ વરસ સુધી એમણે ગુજરાતભરમાં વિનોબાજીનો ગ્રામદાનનો સંદેશો ચારેકોર ફેલાવી દીધો. એ ચાર-પાંચ વરસ ન તો એ જરીકે જંપીને બેઠા, ન અમને કોઈને એમણે બેસવા દીધાં.

ત્યારે ગુજરાતમાં જિલ્લે જિલ્લે પદયાત્રાઓ યોજાતી. પ્રારંભમાં એક દિવસનો શિબિર, પછી આઠ દિવસ ટુકડીઓમાં વહેંચાઈને ગામડે-ગામડે પદયાત્રા, અને છેવટે ફરી એક દિવસનો પૂર્ણાહુતિ શિબિર. દર મહિને આવા બબ્બે કાર્યક્રમ. આમ ૨૦-૨૨ દિવસ ગામડે ગામડે ફરવાનું થતું. વચ્ચે-વચ્ચે વળી વ્યાપકપણે સામૂહિક પદયાત્રાઓનું આયોજન અને સંમેલનો. ગુજરાતમાં આ રીતે

ગ્રામસ્વરાજની વાત વ્યાપકપણે ફેલાઈ, તેનું મુખ્ય શ્રેય મોટાભાઈને જ છે.

અમને ધરમપુર તાલુકાના ડુંગરાળ વિસ્તારનો પરિચય થયો, તે પણ આને જ કારણે. ૨૩૭ ગામોના એ આદિવાસી તાલુકામાં અમે સહુ કાર્યકરો પગપાળા ગામે-ગામ ફરી વળેલાં. ત્યારે કાન્તાબહેન અને નવનીતભાઈની ટુકડી પિંડવળ વિસ્તારમાં ગયેલી. ત્યાંનો અત્યંત અભાવગ્રસ્ત વિસ્તાર જોઈને ત્યાં જઈને સઘન કામ કરવાની પ્રેરણા થયેલી. ત્યારે વિનોબાજીએ કહેલી વાતનું અમને સ્મરણ થયેલું. ભૂદાન આંદોલન મંદ પડેલું. એમણે અમને કહેલું, ''ભાવનગરમાં નહિ, અભાવનગરમાં જઈને વસો.'' ત્યાર બાદ વડોદરા છોડીને અમે ૧૯૬૮ થી ત્યાં થાણું જમાવ્યું. અને પિંડવળમાં રહીને એ વિસ્તારનાં લગભગ ૧૫૦ જેટલાં ગામોમાં ત્યાંની ગરીબ આદિવાસી પ્રજાને જીવનની પ્રાથમિક જરૂરિયાતો, જેવી કે અન્ન, વસ્ત્ર, આવાસ, આરોગ્ય, શિક્ષણ, રોજગારી મળી રહે, તે માટે લોકાધારિત આર્થિક વ્યવસ્થા ઊભી કરીને ત્યાં વ્યાપક રીતે આટલું બધું કામ વિકસાવ્યું. લોકોમાં વ્યસનમુક્તિ, ચેતનાની જાગૃતિ, સંસ્કારસિંચન થાય, તે માટે પ્રયત્નો કર્યા. ગ્રામસ્વરાજની વાતો સમજાવતાં રહ્યાં. તેના મૂળમાં મોટાભાઈની રાહબરી નીચે ચાલેલું આ ગ્રામસ્વરાજ અભિયાન નિમિત્ત બન્યું.

ગ્રામસ્વરાજ એ એમનો જીવનમંત્ર બની ગયો છે. ચાર દાયકાથી રાત ને દિવસ એનું એ જ રટણ ચાલ્યા કરે છે. ગ્રામદાન-પદયાત્રા બાદ એમણે ભરૂચ જિલ્લામાં કેન્દ્ર કરીને તે માટે અવિરત પ્રયત્નો કર્યા. આમોદ તાલુકાનાં ૮-૧૦ ગામડાંઓમાં અમે કાર્યકરોએ કેન્દ્ર કરીને ગ્રામસ્વરાજની વાતો લોકોને સમજાવી. આ નિમિત્તે બદરીભાઈ જોષી જેવા નિષ્ઠાવાન કાર્યકર્તા પણ મળ્યા.

બાદમાં મહેસાણા જિલ્લાના સમી તાલુકામાં થાણું નાખ્યું. ગામલોકોને ગ્રામસ્વરાજની વાત એકધારી કર્યા કરવી. સમજાવતા રહેવું કે તમારું ભાવિ તમારા જ હાથમાં છે. બીજું કોઈ આવીને તમારો ઉદ્ધાર કરી દેવાનું નથી. ગામ જ ભેળું મળીને પોતાનો ગ્રામ-પરિવાર બનાવે અને પરિવારની પ્રેમની ભાવના ગામમાં ફેલાવે. ગામમાં કોઈ ભૂખ્યું-તરસ્યું ન રહે. ગામ આખું ભેળું મળીને ગામમાં બનતી કાચી સાધન-સામગ્રીમાંથી શક્ય તેટલી વધુમાં વધુ સામગ્રીમાંથી પાકો માલ ગામમાં જ બનાવે. ગામમાં પક્ષાપક્ષીને કારણે તડાં ન પડવા દે. આ રીતે ગાંધી-વિનોબાના માર્ગે ગામડાંને બેઠાં કરવાં, પગભર કરવાં, સ્વ-નિર્ભર કરવાં, એ જ સાચો વિકાસ છે. ગ્રામસ્વરાજની આ જ વાત ડૉક્ટર સતત ઘૂંટતા રહે છે. ફરી-ફરીને આ જ વાત કરતા તેઓ કદી થાકતા નથી. આજે તો ઉંમરને કારણે હવે બહાર ફરી શકતા નથી, છતાં કોઈ પણ મળવા જાય, તો ડૉક્ટર જોષીના મોઢે તો આ જ વાત હોય. આ જ એમનું ચિંતન-સર્વસ્વ.

એમનું અધ્યયન પણ સતત ચાલતું રહે છે. નવું નવું કાંઈ ને કાંઈ વાંચતા રહે અને સારું લાગે તે સહુને વહેંચતા રહે. કાંતતા પણ રહે. નિયમિત અને સંયમિત જીવનને કારણે આજે જૈફ ઉંમરે પણ એમનું ચિત્ત તાજું છે. વીસેક વરસ પહેલાં એમને ભારે ગંભીર હાર્ટ એટેક આવી ગયો. પરંતુ તેમાંથી બહાર આવીને એમણે પોતાની પ્રવૃત્તિ ચાલુ જ રાખી. ગામડે-ગામડે ફરવાનુંયે ત્યાર બાદ વરસો સુધી ચાલુ રહ્યું. થોડું-થોડું શ્રમકાર્ય પણ એમનું ચાલતું. આને લીધે જ તન ને મનથી એ સદાય સ્વસ્થ રહ્યા છે. અને એમનું ચિત્ત પણ સજગ ને સ્ફૂર્તિમય રહ્યું છે. આળસ એમની પાસે ફૂકી શકે જ નહિ.

વડનગરની નાગરિક મંડળની આંખની હોસ્પિટલ એમણે સરસ રીતે ચલાવી. ભૂદાન આંદોલનમાં આવ્યા પછી ૧૫ દિવસ હોસ્પિટલને આપતા અને ૧૫ દિવસ ભૂદાન કાર્યમાં આપતા હતા. પછી તો પૂરો સમય આંદોલન કાર્યમાં જ આપતા. અને હોસ્પિટલ ડૉ. વસંતભાઈ પરીખ અને રત્નપ્રભાબહેનને સોંપી દીધી. બંને જણાં મોટાભાઈ

અને નનનનાં (રતનબહેનનું વ્હાલસોયું નામ) વહાલાં દીકરા-દીકરી જેવાં જ. બંનેએ હૉસ્પિટલ સરખી રીતે સેવાભાવથી સંભાળી લીધી. પછી તો ભાઈ મિહિરે પણ આંખના ડૉક્ટર થઈને એમનો વારસો સાચવ્યો છે. મોટાભાઈ જેવો જ સૌમ્ય છે. દર્દીઓ સાથે પ્રેમથી કામ લે છે. વિસનગરમાં 'જ્યોતિ' આંખની હૉસ્પિટલ એ ચલાવે છે. એની પત્ની બહેન હેમલતા પણ ઘર ચલાવતી, સાથે સાથે હૉસ્પિટલમાં પણ શક્ય તેટલી મદદરૂપ થતી. દીકરી ધેનુએ સર્વોદય વિચાર ઝીલેલો. વિસનગરમાં સર્વોદયપાત્રનું કામ કરતી. દીકરો વિતાન હજી અભ્યાસ કરી રહ્યો છે. આ નાનકડું કિલ્લોલ કરતું કુટુંબ બહેન હેમુના કેન્સરથી થયેલા અકાળે અવસાનથી સ્તબ્ધ બન્યું. પરંતુ તટસ્થતાપૂર્વક બધાંએ આ આઘાતને જીરવ્યો છે. મોટાભાઈ અને રતનબહેન વડનગર છોડીને હવે તો ઘણાં વરસથી વિસનગર મિહિરના કુટુંબ સાથે જ રહે છે. કુટુંબમાં પણ બધા ભાઈઓમાં ડૉક્ટર મોટાભાઈ. એમનો કુટુંબમેળો દર વરસે થતો રહે. ગયા વરસે એમના કુટુંબે ભેગા થઈને મોટાભાઈ અને રતનબહેનનું ગુણકીર્તન કર્યું, એ આનંદની વાત છે.

મોટાભાઈનો વધુ નિકટનો પરિચય અમને વડોદરાના નિવાસ દરમિયાન થયો. ૧૯૬૧ થી વિનોબાજીના કહેવાથી વડોદરાને સર્વોદયનગરી બનાવવાનું અભિયાન ચાર-પાંચ વરસ સુધી વડોદરામાં ચલાવ્યું. ગુજરાતનાં લગભગ બધાં જ કાર્યકર ભાઈ-બહેનો ત્યાં ભેગાં થયેલાં. તેમાં પણ આગેવાની ડૉક્ટર જોષીની. કાન્તાબહેને 'ભૂમિપુત્ર'ના હજારો ગ્રાહકો વિનોબાજીની ગુજરાત પદયાત્રામાં અને વડોદરા શહેરમાં નોંધવાની આગેવાની લીધેલી. મોટાભાઈ પણ મોટી સંખ્યામાં ગ્રાહકો નોંધતા રહેતા. સાહિત્ય-વેચાણનું કામ પણ બધાં સાથે મળીને કરતાં રહેતાં. ત્યારે કાર્યકર્તા નિવાસમાં અમે સાથે રહેતાં. ડૉક્ટર હોય ત્યાં પ્રાર્થના, નિયમિત ટાઈમટેબલ હોય, ચર્ચા-વિચારણા હોય. સાથે રહેતાં, સાથે રસોઈ પાણી કરતાં. તે વખતે નાનાં-મોટાં ઘરકામમાં મદદ કરવા માટે સદાય તત્પર. પણ રતનબહેને એમને કરવા દીધેલું જ નહિ એટલે ઓછું ફાવે. અમે એમનાં કપડાં ધોઈ આપીએ, તેઓ કપડાં સૂકવી દે. રસોડાનું કે બીજું કોઈ પણ 'અનસ્કીલ્ડ વર્ક' ઉપાડી લેવા ભાઈઓએ તત્પર રહેવું જોઈએ એવું માને. એટલે શક્ય તેટલી મદદ કરે.

ડૉક્ટરની સાથે રતનબહેનને પણ યાદ કરવા જ રહ્યાં. એમનો ડૉક્ટરને પૂરેપૂરો સાથ. ઓછું ભણેલાં પણ કોઠાસૂઝ જબરી. મંડળની બેઠકમાં અને ડૉક્ટર સાથેની ચર્ચાઓમાં રતનબહેન મોટે ભાગે મૌન જ હોય, છતાં ક્યારેક એવું કહી નાખે કે બધાંય માટે સરસ માર્ગદર્શન રૂપ બની રહે. સુખ સેજમાં રહેલાં રતનબહેન દાગીના કે બીજી સગવડો છોડવામાં ડૉક્ટરની સાથે જ રહ્યાં. પદયાત્રાઓમાં પણ આવતાં રહેતાં. મોટીબહેન અને માની ગરજ સારતાં. વિનોબાજીના કહેવાથી બધાં બિહારના સહરસા જિલ્લામાં ગ્રામદાન તૂફાનના કામ માટે ગયાં ત્યારે પણ રતનબહેન સાથે જ હતાં.

બહેન હેમુના ગયા પછી વિસનગરની ઘરની જવાબદારી એમના માથે આવી પડી. એ પણ સ્વસ્થતાપૂર્વક સુપેરે સંભાળી લીધી. ઘરકામ-રસોઈમાં કોઈ બહેનની મદદ લઈને બધું કરતાં રહે. અઠવાડિયા પહેલાંના મોટાભાઈના પત્ર દ્વારા જાણવા મળ્યું કે હવે એમને પણ હૃદયની તકલીફ શરૂ થઈ છે એથી હવે ખાસ કામ કરી શકતાં નથી. પરંતુ ડૉક્ટરની માંદગી, હેમુની માંદગીની પણ એમણે મોટી ઉંમરમાં સારી ઝીંક ઝીલી. અંતકડીમાં ઊલટભેર ગીત-ભજન ગાતાં, મુક્ત હાસ્ય વેરતાં રતનબહેનનું વ્યક્તિત્વ પણ પ્રેરક છે. મોટાભાઈ અને રતનબહેનનું પ્રસન્ન-મધુર દીર્ઘ દાંપત્યજીવન જોઈને કાળજું ઠરે છે.

આવા આપણા સહુના મોટાભાઈ અને મોટાબહેનને દિલથી ભાવપૂર્વક વંદન! એમના જીવનમાંથી સંત સમી પ્રેરક સૌરભ સમાજમાં પ્રસરતી રહી છે અને અનેકોને પાવનકારી શાતા પમાડતી રહી છે.

૦ હરવિલાસબહેન

અધ્યાત્મ-પ્રવણ વ્યક્તિત્વ

ડૉ. દ્વારકાદાસ જોષીને ભૂદાન-આંદોલનના આરંભના દિવસોમાં મળ્યો હતો એવું યાદ છે. પરંતુ કંઈ ખાસ સ્મરણીય બન્યું હોય તેવું યાદ નથી. ત્યાર બાદ ગ્રામદાનની ઝુંબેશના સમયમાં ભરૂચ જિલ્લામાં સઘન પદયાત્રા એમણે કરી હતી એવું યાદ છે. એ જે કામ હાથ ધરે તેમાં એ પૂરું ચિંતન રેડતા અને કાર્યકર્તાઓનું એક જૂથ એમની સાથે હમેશાં રહેતું એવું પણ સ્મરણ છે. આ બધાં કામોમાં એમને મળેલી સફળતા-નિષ્ફળતા વિષે આજે તો કશું સ્મરણ નથી. પરંતુ એમણે દાકતરી છોડી ભૂદાન-ગ્રામદાન-ગ્રામસ્વરાજ આંદોલનમાં ઝંપલાવ્યા બાદ એમાં એ સાતત્યપૂર્વક લાગેલા રહ્યા તેવું સ્પષ્ટ સ્મરણ છે. આ બધા ગાળામાં હું ભૂમિપુત્ર કાર્યાલયમાં, ત્યાર બાદ કાશી અને ત્યાર બાદ આસામ, બિહાર, ઉત્તર પ્રદેશ અને પાછો ભૂમિપુત્ર કાર્યાલયમાં એમ રોકાયેલો રહ્યો. ક્ષેત્રમાં આંદોલન અને યાત્રા નિમિત્તે જવાનું બહુ ઓછું બન્યું, એને કારણે ડૉ. જોષી સાથે સંપર્ક કેટલાંક વર્ષો તો તદ્દન જ નહીં અને ક્યારેક જ નહીંવત્ થતો રહ્યો.

છેલ્લે એમને ગ્રામસ્વરાજની રટણા લાગી. આ દરમ્યાન એ ઉત્તર ગુજરાતનાં ગામડાંઓની યાત્રા કરતા રહ્યા. સમી તાલુકાના રાફુ ગામને કેન્દ્ર કરીને કામ કરતા રહ્યા. ગ્રામ-વસ્ત્ર-સ્વાવલંબનની દૃષ્ટિએ એમણે પાછળથી અંબર ચરખા પણ એ ક્ષેત્રમાં ચાલતા કર્યા, જે આજે પણ ચાલે છે.

આસામથી ગુજરાત આવ્યા બાદ એમની પાસે મારે ક્યારેક જવાનું થતું. હું પણ એમની જેમ જ સામાજિક કામમાં પડ્યો છું પરંતુ એક સામાજિક કાર્યકરમાં પોતાના કાર્ય અંગે એક આત્મ-વિશ્વાસનો ભાવ જોઈએ તે મારામાં નથી. મને લાગતું કે સામો માણસ મારા કામમાં જે સહકાર આપે છે તે બદલ હું એનો આભારી છું. આભારની લાગણી અનુભવવી

સર્વોદયનો સેવક કેવો હોય ? આપણો સેવક મેટ્રિક, બી.એ. વગેરે પાસ કરેલો હોય, એવું જરૂરી નથી. આપણને પદવીની નહીં, ગુણોની જરૂર છે. સેવકમાં કેટલાક ગુણો હોવા જોઈએ. તેમાં સૌથી મોટો ગુણ છે, નમ્રતા. સેવકમાં નમ્રતા જોઈએ. કોઈના હૃદયને પોતાના દ્વારા દુઃખ ન પહોંચે, તે સેવકે જોવું જોઈએ. સેવક પ્રેમથી બોલે-ચાલે, પ્રેમથી બધા સાથે વહેવાર કરે. મૂળમાં નમ્રતા હશે, તો જ આવું પ્રેમભર્યું વર્તન થઈ શકશે.

આવી સહજ નમ્રતા સેવકના સ્વભાવમાં પચી જવી જોઈએ. પોતાનામાં કદીયે ઘમંડ ન આવી જાય, તે સેવકે હમેશાં જોવું જોઈએ. ઉપરાંત, આગળ આવવાનીયે કોશિશ તેણે ન કરવી. આપણે સેવકો સમાજ પાસે જઈને ભૂદાન વગેરે માગીએ છીએ, તો આપણે પોતે સમાજને શું આપીશું ? કાર્યકર પોતે ક્યું દાન આપશે ? તો હું કહીશ કે કાર્યકર્તા 'યશદાન' આપશે. આપણે જે કાંઈ કરીએ, તેનો યશ આપણે ન લેવો, યશ બીજાને દેવો. આને માટે નિર્મળ હૃદય અને વ્યાપક ભક્તિભાવ જોઈશે. આપણા હૃદયની નિર્મળતા સહુને આપણી તરફ આકર્ષશે.

૦ વિનોબા ૦

તે ખોટું નથી, પણ એનો વધારે પડતો ભાર હોય તો તે ખોટું છે. પોતે સાચું અને સારું કામ કરે તો તેમાંથી આત્મ-વિશ્વાસ પ્રકટવો જોઈએ. આ મેં ડૉ જોષીમાં જોયું. વડનગર રહેતા હતા ત્યારે એમનો નિવાસ ટી.બી. સેનેટોરિયમમાં —આરોગ્યધામમાં હતો. ત્યાં એમની સાથે હંમેશાંની જેમ જ કેટલાક કાર્યકર્તાઓ હતા. રોજ નિયમિત ચરખો ચલાવવો, પ્રાર્થના કરવી, સ્વાધ્યાય કરવો એ એમના જીવનનો ક્રમ બની ગયો હતો. કદાચ એ પહેલેથી જ હતો. આ સાતત્ય અને પ્રાર્થનાનો ગુણ મારામાં નથી તેથી મારા મન પર એની છાપ સારી અને ઊંડી રહી છે, અને મારી સાધનાનો વિષય રહ્યો છે.

હા, હું વાત આત્મ-વિશ્વાસની કરતો હતો. ડૉ જોષીએ પોતાની ડૉક્ટર તરીકેની પ્રેક્ટિસ છોડી અને ભૂદાન આંદોલનમાં ઝંપલાવ્યું અને ત્યાર બાદ વડનગરના સેનેટોરિયમમાં સ્થિર થયા. મને એવી છાપ છે કે સેનેટોરિયમને ઊભું કરવામાં અને વ્યવસ્થિત ચલાવવામાં એમનો મોટો ફાળો હતો. એ પોતે ત્યાં એક મકાનમાં રહેતા. કાર્યકર્તાઓ બાજુમાં બીજાં નાનાં મકાનોમાં રહેતા. એક તબક્કે ડૉ જોષી સેનેટોરિયમના કામમાંથી મુક્ત થયા ત્યારે જે લોકોએ ત્યાંનો કાર્યભાર સંભાળ્યો તેમણે ડૉ જોષીને કહ્યું હશે કે હવે એ જે મકાનમાં રહે છે તે એમણે બીજાને માટે ખાલી કરી આપવું જોઈએ. હું હોઉં તો સમાજે આપેલી વસ્તુ કોઈ અધિકારી વ્યક્તિ પાછી માગે તો પાછી આપી દઉં —એમ કરવું મને ન ગમતું હોય અને આપી દીધા બાદ મારી હાલત ખરાબ થઈ જશે એ જાણવા સમજવા છતાં આપી દઉં. એમાં આત્મવિશ્વાસને બદલે આત્મ-અવિશ્વાસ જ વધારે છે. ડૉક્ટરે ખાલી કરવાનું સૂચવનારા વહીવટકર્તાઓને કહ્યું, સેનેટોરિયમને ઊભું કરવામાં અને સામાજિક કામો કરવામાં મેં જે વર્ષો ગાળ્યાં તેટલાં વર્ષ મેં પ્રેક્ટીસ કરી હોત તો હું મારું ઘર બનાવી શક્યો હોત. હવે હું ક્યાં જાઉં ?! હું તો અહીં જ રહીશ ! પોતે જે સામાજિક કામ કર્યું તેમાં સમાજની પણ એક ભૂમિકા હોવી જોઈએ. સમાજનું એ કામ હતું, એણે ન બજાવ્યું તેથી સેવકે બજાવ્યું છે અને એ વિષેની સભાનતા (ગુરુતા ગ્રંથિ નહીં) હોવી જરૂરી છે, નહીં તો એ સમાજમાં ભૂલ કરનારાઓની શેહમાં દબાઈ જાય. ડૉ જોષીમાં પોતાની સેવાકાર્ય અંગે કોઈ ગુરુતા-ગ્રંથિ નહીં પણ સભાનતા જરૂર હતી. મારામાં એ આજે પણ બહુ ઓછી છે એનું ભાન હોવાથી એ માટે મારે મથવું જોઈએ એમ મને હંમેશાં લાગ્યું છે.

ત્રીજો ગુણ જે મને કોઈ પણ જીવન-સાધક માટે અત્યંત આવશ્યક લાગ્યો છે અને જે ડૉ જોષીમાં છે તે એમની અનાગ્રહી વૃત્તિ. ગીતાની અનાસક્તિ તે એ જ હશે કે કેમ તે નિર્ણયપૂર્વક કહી શકતો નથી, પરંતુ એ અનાગ્રહ તો છે જ છે. અનાગ્રહ પોતાના મનમાંની અપેક્ષા વિષે, આપવા વિષે નહીં. ડૉક્ટર પોતાની સેવા બરાબર સાતત્યપૂર્વક આપતા રહ્યા છે, પરંતુ બીજાઓએ એમાં સહકાર આપવો જ જોઈએ એવો આગ્રહ મેં એમનામાં નથી જોયો. ફરી હું મારી સાથે સરખાવું તો હું આપણા સર્વોદય સંગઠનનું કામ, જેની આવશ્યકતા સર્વ-સ્વીકાર્ય હોય તેવું લઈને આંદોલન કરતો હોઉં તો મને અપેક્ષા રહે કે બીજાઓ પણ એમાં સાથ આપે. ન આપે તો હું એમની ટીકા કરું અને કદાચ નિંદા કહી શકાય તે હદે પણ પહોંચી જવાતું હશે તો તેની ના નથી કહી શકતો. ડૉક્ટરનું એવું ક્યારેય જાણ્યું નથી. એમની વાત તમે સ્વીકારો તો એમનામાં અપેક્ષાભાવ જાગતો હશે અને તેથી એ પૂછે પણ ખરા કે બોલો, ત્યારે હવે આમાં શું કરશો ? વગેરે. પરંતુ તમે હા પાડ્યા છતાં પણ ન કરો તો તમારા સ્વીકારને એ ભૂલી ગયા હોય એટલી જ સહજતા અને સરળતાથી તમારી સાથે એમનો વહેવાર રહે. પોતાને થયેલા અપેક્ષાભાવ વિષે સ્મરણ અને સભાનતા ખરી, પણ આગ્રહ નહીં. 'કેમ ન કરે ?' એવો આક્રોશ તો લગીરેય નહીં. ફરી મળો ત્યારે એ જ હસતે મોઢે સ્વાગત અને એ જ સહજ સરળ વર્તન !

એમને છેલ્લે ગ્રામસ્વરાજની રટણા લાગી હતી તે મેં આગળ કહ્યું. સાતત્યપૂર્વક એને માટે એ પ્રયત્ન કરતા રહ્યા. એમને વિચારની અને શબ્દની શક્તિમાં ભારે ભરોસો હશે. એટલે એ ગ્રામસ્વરાજની વાત ગામડાંઓમાં જઈને કહેતા. એ જે ધીરે ધીરે શાંતિ અને સ્થિરતાપૂર્વક પોતાની વાત કહેતા તે લોકો સાંભળતા. અનુકૂળ પ્રતિભાવ પણ આપતા, પરંતુ કંઈ કરવા-મૂકવાનું નહીં, નક્કર કાર્યક્રમ નહીં એટલે વાત ત્યાં જ પૂરી થતી. સાંભળનારાની સંખ્યા પણ બહુ ઓછી રહેતી. પરંતુ સત્યનો જય થવાનો જ છે એવી ધારણા સાથે સાતત્યપૂર્વક એમના પ્રયત્નો ચાલુ રહેતા.

પછી તો ઉંમરની સાથે અશક્તિ આવતી ગઈ. ફરવાનું ઘટતું ગયું. બીજી બાજુ કૌટુંબિક કારણોસર એમને વડનગર છોડી વિસનગર આવવું પડ્યું.

આ દરમ્યાન જુદાં જ કારણોસર મેં ગ્રામસ્વરાજનું કામ ઉપાડ્યું. કોઈ પણ કહી શકે કે ડૉ. જોષીની પ્રેરણાથી કે એમના કહેવાથી આ કામ નથી ઉપાડ્યું. સ્થૂળ રીતે એમ જ કહી શકાય. પરંતુ આ બધા વિચારો સ્થૂળ રીતે, પ્રત્યક્ષ દેખાય છે તે રીતે જ કામ કરે છે એવું તો નથી. એનો સંચાર સૂક્ષ્મ રીતે પણ ચાલતો હશે, અને મારા નિર્ણયમાં એમના વિચારની અસર નહીં હોય એમ શી રીતે કહેવાય ? ગ્રામસ્વરાજના મારા કાર્યક્રમમાં લોકોએ કરવાનું અને લોકોને ગમતું કામ હતું, એટલે એણે જોર પકડવા માંડ્યું. એ જાણી એમને બહુ સારું લાગ્યું. એનો આનંદ એમની વાતોમાંથી સ્પષ્ટ વરતાતો.

તેમાંય, મેં જ્યારે ગુજરાત સરકારે ગામની પડતર જમીન ગરીબોને આપવાની નીતિને રદ કરીને ઉદ્યોગગૃહો તથા સક્ષમ ખેડૂતોને આપવાની નીતિ અપનાવી અને મેં એનો વિરોધ કર્યો, એની સામે આંદોલન ઉપાડ્યું ત્યારે એમનું બહાર નીકળવાનું લગભગ અટકી ગયેલું તેમ છતાં એ મારી મહેસાણાની સભામાં આવ્યા. ત્યાં જે પ્રતિભાવ સાંપડ્યો તેથી ખૂબ ખુશ થયા. ત્યાર પછી પણ અલગ અલગ પ્રસંગોએ એમની ખુશી વ્યક્ત થતી રહી. પરંતુ મારું કામ બીજાઓએ ઉપાડી લેવું જોઈએ તે વિષે તો એમનો અનાગ્રહ રહ્યો જ. એમના પોતાના કામ માટે અનાગ્રહ હતો અને આજે પણ છે, પણ જે એમને પોતાનું અથવા અનુકૂળ લાગ્યું તેને વિષે પણ અનાગ્રહ.

આત્મ પ્રત્યય, અનાગ્રહ, સાતત્ય, ઈશ્વરનિષ્ઠા આ બધા આધ્યાત્મિક ગુણો છે. ડૉ. જોષીમાં મને એ ભરપૂર પ્રમાણમાં દેખાયા છે. આવા એક વિરલ વ્યક્તિત્વને સન્માનવા એક ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે, તેમાં મારું પણ આ પુષ્પ !

○ ચુનીભાઈ વૈદ્ય

માનવતાનો સિક્કો જ બસ છે !

યાદ છે ત્યાં સુધી ૧૯૭૦ના દાયકામાં ડૉ. દ્વારકાદાસ જોષી, ભાદરવાના અંબાલાલ શાહ અને પોપટભાઈએ આમોદ તાલુકામાં આવી ભૂદાન-ગ્રામદાનના વિચાર-પ્રચારનું કામ આરંભેલું. આમોદ તિલક મેદાનની સામે આવેલી લાલ જીનની ઓરડીમાં રહેવાની વ્યવસ્થા કરેલી. ગામડાંઓમાં જય અને સર્વોદયની વિનોબા-ગાંધીની વાતો કરે.

અમારા તણછા ગામમાં ચંદુભા રાજ સર્વોદયનું કામ કરે. મને પણ સર્વોદયના કામ પ્રત્યે આકર્ષણ હતું. એક દિવસ હું અને નાહિયેર ગામના દિનુભાઈ પટેલ જે અમેરિકાથી પાછા આવેલા, ડૉ. દ્વારકાદાસ જોષીને મળવા આમોદ ગયા. એક-બે કલાક જેટલું બેઠા. ભૂદાન-ગ્રામદાન અને અન્ય પ્રવૃત્તિઓ સંબંધે એમની સાથે ચર્ચા કરી, ત્યારે ડૉક્ટરનો પહેલો પરિચય થયો.

આખો વિચાર ખૂબ શાંતિથી સરળ ભાષામાં સાક્ષીભાવે રજૂ કરતા. વાણીની મૃદુતા, ચહેરાનો હાવભાવ, આંખોનું તેજ અને છાતીની હિંમત ખૂબ. નીડર ભાવે વાત કરે ત્યારે એક કરુણામૂર્તિ જેવું દશ્ય ઊભું થાય.

હું અને દિનુભાઈ સ્વાધ્યાય પ્રવૃત્તિમાં થોડું કામ કરીએ. પણ જે દિવસે ડૉ દ્વારકાદાસ જોષી સાથે સંવાદ થયો ત્યારથી મારા માટે સર્વોદય વિચાર-પ્રચારનું કામ મુખ્ય રહ્યું.

ડૉકટર અને અંબાલાલભાઈ સાથે ગામડાંઓમાં જવાનું થયું. આમોદની આસપાસનાં ગામોમાં જવાનું હોય ત્યારે હું તણછાથી આમોદ જાઉં અને પછી અમે પગે ચાલીને ગામડે જતા. તણછાની આસપાસનાં ગામોમાં જવાનું થાય ત્યારે તેઓ તણછા આવે અને પછી પગે ચાલીને ગામોમાં જઈએ. રાત્રે આઠ-નવ વાગે ગ્રામસભા થાય. તે પહેલાં બે-ત્રણ કલાક લોકોને ઘરે ઘરે મળીએ અને ભૂદાન-ગ્રામદાન, ગ્રામસભામાં આવકનો ચાલીસમો હિસ્સો ગ્રામકોષમાં અને જમીનનો વીસમો હિસ્સો ભૂમિહીનોને આપવો, એવી વાતો થતી. શરૂઆતમાં અંબાલાલ શાહ વિચારની ભૂમિકા તૈયાર કરે, ત્યાર બાદ હું મારા તરફથી મારી સમજપૂર્વકની વાત કરું અને પછી છેલ્લે ડૉકટર આખો વિચાર રજૂ કરે. સાદાઈ, ખાદી, વ્યસનમુક્તિ, કુરિવાજો, અંધશ્રદ્ધા ઉપર પોતાનો પ્રકાશ પાથરે. આમ ત્રણ-ચાર વરસમાં જંબુસર, આમોદ, વાગરા અને ભરૂચ તાલુકામાં મોટાભાગનાં ગામોમાં ડૉકટરની આગેવાની હેઠળ સર્વોદય વિચાર-પ્રચારનું કામ થયું. તે તબક્કે ગુજરાતના અને દેશના ઘણા બધા સર્વોદય કાર્યકરો આ વિસ્તારમાં આવી ગયા.

૧૯૭૮ની ચૂંટણી ટાણે લોક ઉમેદવારની ભૂમિકા પણ તૈયાર થઈ. પ્રો. બંગસાહેબની 'તૂફાનયાત્રા' જંબુસરનાં ગામોમાં કરવામાં આવી. ગામડાંઓમાં ગ્રામસમિતિઓની રચના કરી ચરખા કેન્દ્રો પણ ચલાવવામાં આવ્યાં. ગ્રામકોષ, ઉપવાસદાન, સર્વોદયપાત્રો જેવી તૂટક-ફૂટક પ્રવૃત્તિઓ થઈ. તાલુકા કક્ષાનું સર્વોદય મંડળ બન્યું. દર એક મહિને જુદા જુદા ગામમાં મંડળની બેઠકો થતી, જેમાં સો-બસો જેટલાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહેતાં.

હું બાળમંડળો, યુવામંડળો, ખેતી, સહકાર અને પંચાયત ક્ષેત્રે જે કંઈ કામ કરતો તે મારા કામને ડૉ જોષીએ બિરદાવ્યું, અને એ મિત્રોને પણ સર્વોદયના કામમાં પ્રવૃત્ત કરતા રહ્યા. આજે પણ ડૉ જોષી મળે ત્યારે જૂના મિત્રોની યાદ અને ખબર પૂછે. યાદી ઘણી બધી લાંબી છે. મનાડના ઉદયસિંહ રાજ, નવેઠાના જગદીશ દેસાઈ, ગંધારના શનુભાઈ ગોહિલ, પખાજણના કેસરીસિંહભાઈ, વગેરે વગેરે. એ બધાંને યાદ કરી કરીને એવાં કેટલાંય ભાઈ-બહેનોની ખબર પૂછે.

૧૯૭૦માં કુરુક્ષેત્રમાં સર્વોદય સંમેલન મળ્યું. તેમાં બે-ત્રણ મિત્રો સાથે જવાનું થયું ને એ બહાને ઉત્તર ભારતમાં બીજાં સ્થળો પણ જોવાનાં મળ્યાં. સમય જતાં રતનબેન સાથે પણ દોસ્તી થતી રહી. યાદ છે, ચાર-પાંચ વરસ ઉપર રાધનપુરમાં એક યાત્રા ચાલે. તેમાં હું એક-દોઢ વાગે પહોંચ્યો અને તરત એસ.ટી.માં બેસી પાલનપુર થઈ મારે અમદાવાદ આવવાનું હતું. તે વખતે મારી ભૂખને જોઈને ડબ્બામાંથી બધી ભાખરીઓ અને શાક મને આપી દીધાં. એસ.ટી.માં બેઠાં બેઠાં એ ભાખરીઓ ખાધી. આજે પણ ભાખરી શબ્દ કે ભાખરી નજરે ચઢે ત્યારે રતનબેન દેખાય. આવો એમનો પ્રેમ !

કિસાન આંદોલનનું કામ ચાલે ત્યારે મેં કિસાન સંગઠનનો બિલ્લો છાતી પર લગાવેલો. સર્વોદયની મિટિંગમાં ડૉ દ્વારકાદાસ જોષી મળ્યા. મને પૂછ્યું, શાનો બિલ્લો છે ? મેં કહ્યું કિસાન સંગઠનનો. મને કહે, આપણા સર્વોદયવાળાને ખાદી અને માનવતાનો સિક્કો જ બસ છે. ત્યારથી હું કાયમ સિક્કો રાખતો હતો તે બંધ કર્યો.

બહુ લાંબા ગાળે સંસ્મરણો યાદ કરવાની જે તક મળી તેનો આનંદ છે. પ્રભુને પ્રાર્થના કે ડૉ જોષી શતાબ્દી ઊજવે, તંદુરસ્ત આરોગ્ય ભોગવે અને આપણ સૌને માર્ગદર્શન આપતા રહે.

૦ બદ્રીભાઈ જોષી

ડૉક્ટરસાહેબની મનનીય વાતો

ડૉ. જોષીસાહેબ સાથે હું પદયાત્રામાં જોડાયો ત્યારથી એમના જીવન, વિચાર અને આચારનો થોડો થોડો ખ્યાલ આવ્યો. એમના સાંનિધ્યમાં આવ્યા પછી એમનામાંથી મને જે મળ્યું કે મેં જાણ્યું, તે ટૂંકમાં અહીં રજૂ કરું છું :

(૧) જીવન તો એક સ્ત્રી જેવું કોમળ, પ્રેમાળ, માયાળુ અને કરુણાના સાગર જેવું છે. એ પોતે તો સાગર જેવા, જે બધું જ સમાવી શકે. એમને ક્રોધ તો ચઢે જ નહીં.

(૨) તેઓ કહે કે, ગાંધીજીએ જેમ પ્રયોગો કર્યા તેમ આપણે પણ પ્રયોગો કરવાના છે અને નાટકો ભજવવાનાં છે. તેનું પરિણામ જીરો કે શૂન્ય આવશે, એમ સમજીને જ આપણે નિરંતર મથ્યે રાખવાનું છે.

(૩) નાના બાળકની વાત સાચી હોય અને પોતાની સમજણમાં ફરક જણાય, તો તે વખતે જાહેર સભામાં પણ પોતે કહેતા કે આ બાળકની વાત સાચી છે, મારી સમજ ખોટી હતી. લાડોલની મિટિંગમાં જયપ્રકાશજીની વાત ઉપરથી એમણે આ વાત કરી હતી.

(૪) મને કહે, સુખા ! દરેક ગામમાંથી એક વિભીષણ આપણે ગોતવાનો છે.

(૫) સુખા, આપણે કોઈના દોષ જોવા નથી. આપણે ગુણ-ગ્રહણ અને સાર-ગ્રહણ વૃત્તિ રાખવાની છે.

(૬) આપણે બીજાને ૧૦૦ ટકા ક્ષમા આપવાની છે.

પરંતુ હજી સુધી મને આની દવા કે ઉકેલ કે જવાબ મળ્યો નથી કે આપણે સત્ય બહાર લાવવા અસત્યનો સહકાર લેવો પડે ? સારી વાતના પ્રચાર માટે ગુંડા તત્ત્વનો સહકાર કે ચોરોનો સહકાર લેવો પડે ? જેમ અત્યારે પ્રધાનો કરે છે તેમ રાજ્ય ચલાવવા ગુંડાઓને કે ત્રાસવાદીઓને રાખવા પડે ? આપણે તો આપણી વાતમાં ગમે તેટલા ઓછા માણસો હોય, ઓછા પૈસાવાળા હોય, પરંતુ સાચી નીતિ, પરસેવાથી, નિષ્ઠાથી મેળવેલ ધનવાળા માણસોનું જૂથ ઊભું કરવું છે, નહીં કે ગમે તે રીતે ધન ભેગું કરેલું હોય એવા લોકો આપણા કામમાં ટેકારૂપ થાય. ભલે આપણે એમનાથી સંબંધ ન તોડીએ, એમની ઘૃણા ન કરીએ, પણ સાચી વાત તો કહેવી પડે ને ! — 'બીજાના દોષ નહીં જોવા' તે વાતમાં આવી ગડમથલ મારા મનમાં ચાલે છે.

૦ સુખાભાઈ છગનભાઈ રાવળ



(વિનય ત્રિવેદી)

પરમેશ્વરે જો હરેકના દિલમાં બારી મૂકી હોત, તો મારા હૃદયમાં જે આગ ધીકી રહી છે તે આપ ભાળી શકત. આજની સ્થિતિ એક મિનિટ માટે પણ સહન થઈ શકે એવી નથી. જ્યાં ગરીબોની કોઈ પૂછ-પરછ નથી, એમને રોજી-રોટી, કપડાં-મકાન મળે છે કે નહીં તેની કોઈને પરવા નથી, એવી હાલત કેમ સહન થાય ? ગામડે-ગામડે હું જ્યારે ગરીબોની હાલત જોઉં છું, ત્યારે મારું દિલ રડી ઊઠે છે. હું ખાઉં છું, ત્યારે કોળિયે-કોળિયે મને ગરીબોની યાદ આવે છે.

આ ચીજ જ મને સતત ચલાવી રહી છે, મને પગ વાળીને બેસવા દેતી નથી. ગરીબોને જીવનની પ્રાથમિક જરૂરિયાતો જેટલુંયે નથી મળતું, તેનું મને ભારે દુઃખ છે. એટલા વાસ્તે હું ગામડે-ગામડે અને ઘરે-ઘરે જઈને લોકોનાં દિલને ઢંઢોળું છું. ગરીબો જમીન વિહોણા જ નહીં, જબાન વિહોણા પણ છે. હું એ જબાન વિહોણાની જબાન બન્યો છું. હું ભીખ નથી માગતો, હું એ જબાન વિહોણાઓનો હક માગું છું. કોઈ પણ યોજનામાં હું પહેલવહેલું એ જોઉં છું કે તેનાથી ગરીબોને કેટલો લાભ મળશે ?

આપણે આ ગરીબોની શૂન્ય આંખોમાં પુણ્ય-પ્રભા લાવવી છે. એ પુણ્ય-પ્રભા ત્યારે જ આવશે, જ્યારે આપણે લોકો કરુણાવાન બનીશું, એમના માટે કંઈક કરીશું.

૦ વિનોબા ૦

કચડાયેલા-દબાયેલા કાજે ઊકળતો લાવા !

ધગધગતા વૈરાગ્યના કોઈ પૂર્વ જન્મના સંસ્કાર લઈને આ ધરતીને પાવન કરવા કેટલાક આત્માઓ જન્મ લેતા હોય છે, અને તેઓ કાંઈ લેવા નહીં આપવા આવતા હોય છે. તેવો પવિત્ર આત્મા એટલે પૂજ્ય મોટાભાઈ.

મુંબઈમાં ધમધોકાર આવકનું દવાખાનું ને એ સસ્તાઈના દિવસોમાં પાંચ હજારની આવક. મિત્રો, કુટુંબ અને સ્નેહીઓ વચ્ચે આનંદ-મંગલથી રહેવાનું. આ બધું છોડી ગામડામાં જવું છે તેવો વિચાર કોને આવે ? આપણા મોટાભાઈને જ આવે ને ! બે ચોપડી ભણેલાં રતનબેન. વાત્સલ્યનો ધોધ. તેને સમજાય નહીં કે આને કેમ કંઈ મુંબઈમાં ચેન પડતું નથી. પત્ની જ પતિની ન કહેલી અકળામણ સમજી શકે ને ! પૂછ્યું, ''શું થાય છે ? તબિયત સારી નથી ?'' અને મોટાભાઈએ ફોડ પાડ્યો, ''રતન, આ બધી માયા મૂકી ગામડામાં જવું છે. ગરીબો વચ્ચે રહેવું છે ને જે થાય તે કામ ત્યાં કરવાં છે.'' જેનું નામ જ 'રતન' તે કાંઈ છાબડે ઢાંક્યું રહે ? પતિના પગલે ચાલવા તૈયાર થયાં ને મોટાભાઈએ મુંબઈ છોડ્યું. એક દિવસ વ્યારા ગામમાં નેત્રયજ્ઞમાં રતનબેને આ કહેલું, તે જેવું ને તેવું યાદ આવે છે. મારી દાઢના સખત દુઃખાવામાં 'ननन' ના ખોળામાં માથું રાખીને સૂતાં સૂતાં સાંભળેલું તે શેં ભુલાય ?

ગામડામાં ગાર ખૂંદે મોટાભાઈ ને માટીના પીંડા ઉપાડી ઉપાડી રતનબેન આપતાં જાય ને ગારાનું ઝૂંપડું તૈયાર થયું. આ આશરા નીચે 'અલખને ઓટલે' આરાધના ચાલી ને વડનગરમાં મોટી હોસ્પિટલ બની ગઈ. ટી.બી. હોસ્પિટલ બની ગઈ. નવા નવા ઉત્તમ પ્રભા-વસંતો આવી મળતાં ગયાં ને મહેસાણા જિલ્લામાં ડૉ. જોષી ને ડૉ. દોશીની જોડીએ સેંકડો

લોકોને આંખની તકલીફોમાંથી છોડાવ્યા. અને આ જોડીને કોઈ સીમાડો ક્યાં હતો ? છેક બિહારમાં પણ નેત્રયજ્ઞો થયા. અને મિહિરની વિસનગરની આંખની સર્વોદય હોસ્પિટલ સુધી તે વિસ્તર્યું.

મારાં પત્નીને અચાનક બંને આંખમાં દેખાતું બંધ થઈ ગયું. શું કરું ? મને મિહિરભાઈની યાદ આવી. કંઈ વિચાર કર્યા વિના ભાવનગરથી વિસનગરના દવાખાને પહોંચ્યો. મિહિરભાઈને જાણ થઈ. સીધા જ તેમના ઘેર દવાખાનેથી રિક્ષા કરીને લઈ ગયા. હેમુબેનને કહ્યું કે સુધાબેનની આંખ બતાવવા કીર્તિભાઈ આવ્યા છે ને ઘડીકમાં પથારી તેના ઘરમાં જ તૈયાર થઈ ગઈ. સુધાને દવાખાને લઈ જઈ તપાસી, આંખમાં ઇન્જેકશનો આપ્યાં. આઠ દિવસ તેના પરિવારમાં સાચવ્યાં. આંખે દેખતી કરી સુધાને કહે છે કે, ''આ હું જે ડૉક્ટર થયો છું તે તમારા બધા માટે જ થયો છું. દવાખાને જવાય ? મારા ઘેર જ ઊતરવાનું રખાય !'' મોટાભાઈ ને રતનબેનના આ સંસ્કાર. મોરનાં ઈંડાંને કંઈ ચીતરવાં પડે ?

ડૉ. વસંતભાઈ ચૂંટણીમાં ધારાસભ્ય થવા ઊભા રહ્યા. પ્રચાર કરતા ગામને ચોરે બેઠા હતા. ગામમાં રસ્તા ઉપરથી એક ઠાકરડા કોમની ગરીબ બહેન પાણી ભરીને માથે હેલ ઉપાડીને જતી હતી. તેને ખબર પડી કે વસંતભાઈ આવ્યા છે. રસ્તા વચ્ચે જ બીજી બહેનની મદદથી હેલ ઉતારીને મૂકી દીધી ને ચોરા ઉપર બધા વચ્ચે થઈને ડૉક્ટરને પગે પડી ! આમ કેમ કર્યું ? જાણવા મળ્યું કે, ''એક રાત્રિએ આ બહેનને પ્રસૂતીની પીડા ઊપડી. ગામડેથી દવાખાને લાવ્યા. ઓપરેશન કરવાની જરૂર પડી. લોહીની જરૂરત હતી. રાત્રિના ક્યાંથી મળે ? એટલે ડૉ. જોષી —મોટાભાઈનું બ્લડગ્રુપ અને આ બહેનનું બ્લડ ગ્રુપ એક, એમ તપાસ કરતાં માલૂમ પડ્યું. એક સેકંડનોય વિચાર કર્યા વિના પૂ. મોટાભાઈએ જરૂર મુજબનું રક્તદાન કર્યું. અને ડૉ. વસંતભાઈએ ઓપરેશન કર્યું. આ બહેન અને બાળકનો જીવ બચી ગયો. પરિવારમાં આનંદ આનંદ થઈ ગયો. હવે, આ બહેન તેને કેવી રીતે ભૂલે ? આમ, અજાણી એક ગામડાની બહેનને પોતાનું લોહી આપીને નિ:સ્વાર્થ ભાવનાથી પૂ. મોટાભાઈ જેવા ડૉક્ટર જ જીવતદાન આપી શકે.

ઘરમપુરનાં જંગલોમાં ગ્રામદાનનું કામ એક વરસ કરવાનું મંડળે નક્કી કર્યું. અને મંડળના જે જે કાર્યકરોને અનુકૂળતા હતી તેઓ ઘરમપુરના ભાડે રાખેલા મકાનમાં આવી પહોંચ્યા. સહુએ સાથે મળી રસોઈ કરવાની, સ્વચ્છતાના પાઠ શીખવાના. વહેલી સવારથી પૂ. મોટાભાઈના નેતૃત્વ નીચે કોણ કોણ ક્યાં ક્યાં ગામોમાં થાણું નાખશે તે નક્કી કરવાનું, વિચારની સમજ આપવાની વગેરે ચાલ્યું. શાક સમારવાનું ને ખીચડી બનાવવાની, તેવાં તમામ કામ મોટાભાઈ પૂરા રસ ને ચીવટથી કરે. ગીતાના શ્લોક બોલાતા જાય, રામાયણની ચોપાઈ વંચાતી જાય ને ખીચડી ચૂલે ચઢતી જાય. એવા સાંકડા મકાનમાં મોટા દિલના આ માનવીના હાથની મીઠાશભરી રસોઈ સહુ હોંશે હોંશે આરોગે. અને પછી ભાગે પડતા રસોઈનાં ને ભોજનનાં ઠામ-વાસણ સાફ કરવાનું શરૂ થાય. મોટાભાઈ મોટું વાસણ લઈને ઊટકવા પહોંચે. એમના દિલની ઉજળાશ કામમાં દેખાઈ આવે. અને આ દિવસો સુધી સતત ચાલતું રહે. અજાણ્યા કોણ જાણે કે આ આંખના મોટા ડૉક્ટર આવું કામ કરી રહ્યા છે ! આ એક વરસના ઘરમપુરના અભિયાનમાં તેમની પાસેથી માતૃત્વની હૂંફ મળેલી તે ભુલાય તેવી નથી.

'બિહાર ધસો' –પૂ. બાબાએ એલાન કર્યું ને આખું સર્વોદય મંડળ સહરસામાં પહોંચ્યું. તેમાં મોટાભાઈનું આવું જ અભિયાન. બપોરના રામાયણ પાઠ ચાલે. ટુકડીઓ પડે ને સહુ નીકળી પડે. તેમાં પદયાત્રામાં આઠ-દસ માઈલ ખભે થેલો લઈને પૂરી મસ્તીથી તેઓ ઘૂમે અને ગરીબોની ઝૂંપડીમાં ઉતારો કરે. સહુને ભેગા કરે. આંખ તપાસવાનાં સાધનો સાથે રાખે. આંખ તપાસે, સલાહ આપે, અને દારુણ ગરીબી જોઈને ઊકળી ઊઠે. પોતાની વાણીમાં આક્રોશ

વ્યક્ત કરે અને સંગઠિત બની અન્યાય સામે ઝઝૂમવા હાકલ કરે.

ગાંધી શતાબ્દી વર્ષમાં ગુજરાતવ્યાપી પદયાત્રા કરવાનું મંડળે નક્કી કરેલું. દાંડીથી પોરબંદરની ગાંધી શતાબ્દી પદયાત્રા. મોટાભાઈ નિયમિત દર મહિને સાત દિવસ આવી જ પહોંચે. સૌરાષ્ટ્ર-ગોહિલવાડ એટલે દરબારો-ગરાસદારોનો ત્રાસ. ચોમલ-માનગઢ ગારિયાધાર તાલુકાનાં ગામોમાં આ ત્રાસ વધારે હતો. તે ગામમાંથી યાત્રા પસાર થઈ. ચોમલના ગરાશિયાઓએ માનગઢના ૮ ખેડૂતોને બંદૂકની ગોળીએ દઈ ત્રણ વર્ષ પહેલાં જ મારી નાંખેલા ને કોઈથી કંઈ બોલાય નહીં તેવો ત્રાસ. માનગઢની સભામાં આની સામે આક્રોશ વ્યક્ત કરતા મોટાભાઈ બોલી ઊઠેલા —''તમે ગ્રામજનોએ બંગડી પહેરી છે ? બાયલા બની ગયા છો ? તેઓને ભગવાને હાથ આપ્યા છે ને તમારા હાથ નથી ? કાયર બની અન્યાયનો મુકાબલો ન કરીને તમે ભગવાનના ગુનેગાર બનો છો. હું પદયાત્રા કરતો તમારા ગામે આવ્યો છું. અને ગ્રામજનો ઉપર હજુ પણ ત્રાસ ચાલુ છે તે વાતો મેં સાંભળી છે. આજે હું એક દિવસનો ઉપવાસ કરવાનો છું ને ભગવાનને પ્રાર્થના કરવાનો છું કે તમને અન્યાયનો સામનો કરવાની શક્તિ આપે. પદયાત્રા આગળ વધશે. હું અહીં રોકાઈ જઈશ.'' તેઓ રોકાયા. માથાભારે તત્ત્વોએ તેઓની અને ગામ સમસ્તની જાહેર સભામાં માફી માગી. અન્યાય જોઈને તેમના દિલમાં વેદના થતી જોઈને ઊકળતો લાવા ભભૂકી ઊઠતો. માનગઢ નિવાસીઓ આજે પણ મોટાભાઈની વાણીને ભૂલ્યા નથી.

'ચરૈવેતિ, ચરૈવેતિ'નો મંત્ર લઈ ગામેગામ ફરતા જ રહ્યા, ફરતા જ રહ્યા, ફરતા જ રહ્યા. ન અટક્યા, ન થાક્યા. આજે પણ 'અલખને ઓટલે' જે આરાધના વરસો પહેલાં શરૂ કરેલી, તે સાતત્યપૂર્વક ચાલુ જ છે. અનેક કાર્યકર્તા ભાઈ-બહેનોને પ્રેરણાનાં પીયૂષ પાનાર આ 'પરબ'ને આખું ગુજરાત ઓળખે છે.

૦ કીર્તિભાઈ પંડ્યા

નિરંતર ગરીબોનું જ ચિંતન

હું ૧૯૫૦માં વાલમ આશ્રમમાં જોડાયો, ત્યારે પૂ. મોટાભાઈ વડનગર નજીક નવાપુરા ગામે રહેતા હતા. ત્યાં એમણે ૧૫-૨૦ દિવસનો કાર્યકર્તાઓ માટેનો તાલીમ શિબિર રાખ્યો હતો. તેમાં વાલમ આશ્રમ તરફથી હું ગયેલો. ત્યારે હું પહેલ વહેલો પૂ. મોટાભાઈના સંપર્કમાં આવ્યો. ગામડાંમાં જઈને લોકોની વચ્ચે કેવી રીતે કામ કરવું, તેનું માર્ગદર્શન મને આ શિબિરમાં મળ્યું.

ત્યાર બાદ તો ભૂદાન-ગ્રામદાન આંદોલન આખા દેશમાં શરૂ થયું. મહેસાણા જિલ્લામાં જોષીસાહેબે યાત્રા શરૂ કરી. ૧૯૫૮માં વિનોબાજીની ગુજરાતયાત્રા વખતે મહેસાણા જિલ્લામાંયે એમની યાત્રા થયેલી. જોષીસાહેબે પણ જિલ્લામાં પદયાત્રાઓ કરીને ભૂદાન, સંપત્તિદાન ને સાધનદાન મેળવેલાં. ભૂદાનની જમીનની વહેંચણી પણ કરેલી. ભૂમિહીનોને રોજી-રોટી મેળવવા આ રીતે જમીનનું સાધન મળ્યું. હું પણ અવારનવાર જોષીસાહેબ સાથે પદયાત્રાઓમાં જોડાતો. અમે ગામમાં સફાઈ કરતા, શાળાઓમાં જતા, પ્રાર્થના કરતા, રાતે સભા કરતા. સભામાં મુખ્યત્વે ભૂદાનની વાતો કરતા અને ભૂદાન આપવા લોકોને હાકલ કરતા. જે જમીન મળે, તે મોટેભાગે ત્યાં જ સભામાં વહેંચી દેતા.

આ રીતે આમ તો પૂજ્ય મોટાભાઈ આંખના ડૉક્ટર, પણ એમણે મુખ્ય કામ જનતાની આંખો ઉઘાડવાનું ને સુધારવાનું કર્યું છે.. લોકોની આંખનાં પડળો દૂર કરવા માટે તેઓ સતત મથામણ કરતા રહ્યા છે. આ મથામણ એમની આજે આટલી ઉંમરે પણ ચાલુ જ છે. આ માટે એમણે સેંકડો પદયાત્રાઓ કરી છે, ગામડે ગામડે જઈને લોકોને જગાડ્યા છે. ગરીબો માટે એમના દિલમાં અપાર કરુણા છે. એમનું ચિંતન ગરીબો માટે જ નિરંતર ચાલતું રહે છે.

મને એક પ્રસંગ યાદ આવે છે. મહેસાણા સર્વોદય છાત્રાલયમાં સર્વોદયની મિટિંગ રાખી હતી. હું પણ તેમાં ગયો હતો. બપોરે ભોજન વખતે હું ત્યાં એમની સાથે ભોજન લેવા બેઠો. જમવામાં ઘઉંના મોટા જાડા રોટલા અને બટાટાનું અત્યંત તીખું શાક હતું. મોટાભાઈ શાકનો વાટકો મને આપીને કહે કે આ ધોઈ લાવ. હું ધોઈ લાવ્યો. આવું ધોયેલું શાક અને જાડા-જાડા રોટલા એમણે ખાધા. આવો ખોરાક એમને માટે ખાવો અઘરો હતો. પણ મેં જોયું કે કશી ફરિયાદ કર્યા વિના તે એમણે ખૂબ પ્રેમથી અમારા બધાની સાથે બેસીને ખાધું. આવાં તો એમણે કેટકેટલાં કષ્ટ વેઠ્યાં છે. ખરેખર, એમણે ઘણી તપસ્યા કરી છે. દરિદ્રનારાયણની સેવામાં એમણે પોતાની જાત ઘસી નાખી છે.

આવા તપસ્વી પુરુષનું મને સાંનિધ્ય મળ્યું અને એમની સાથે થોડું કામ કરવાનો મોકો મળ્યો, તેને હું ઈશ્વરનો મોટો ઉપકાર માનું છું. એમના દીકરા ડૉ. મિહિરભાઈ પણ પિતાના જ પગલે ચાલીને ગરીબોના હામી બની રહ્યા છે.

૦ ડાહ્યાભાઈ જેઠાભાઈ પટેલ

માણસોનાં હૃદયમાં પ્રવેશ મેળવવો છે

જેમણે માણસને માનવીય દૃષ્ટિકોણથી જ નિહાળ્યો છે એવા ડૉ. દ્વારકાદાસ જોષી મુંબઈ છોડી વડનગર આવ્યા. વડનગર નાગરિક મંડળ રચી વડનગરમાં દવાખાનું કર્યું. પણ તેઓ માત્ર રોગના જ ડૉક્ટર નહોતા, પણ માણસના મનને સ્પર્શી માણસ તરીકે વર્તવા પ્રેરણા આપવા માગતા હતા.

એક વાર અમને ચાર મિત્રોને એમણે સર્વોદયનો સંદેશ આપવા સતલાસણા વિભાગમાં મોકલ્યા. ત્યાં અમે જોયું કે મોટા મકાનમાં રહેતો નગરશેઠ હોય કે પછી ઝૂંપડામાં રહેતો ઠાકોર હોય, રાઠવા હોય કે કનોડિયા હોય, અમે જ્યાં ગયા ત્યાં 'જોષીસાહેબના માણસ' તરીકે અમને બધે પ્રેમભાવ જ મળ્યો. આને લીધે અમે લાગણીસભર બની ગયા અને મુખ્ય વાત માણસના હૃદયમાં પ્રવેશ મેળવવાની છે, એવું અમે સમજ્યા. આપણે જોષીસાહેબના જીવનમાંથી આ જ શીખવાનું છે.

નાગરિક મંડળના દવાખાનામાં ગામડામાંથી આવતો સામાન્ય ગ્રામજન પણ પૂરા સંતોષ-સમાધાન સાથે પાછો જતો અને વરસે દહાડે ગામેગામથી અનાજ ઉઘરાવી જોષીસાહેબને દવાખાના માટે આપી જતો. આવો પ્રેમ લોકોમાં ઊભો કરવો એ સામાન્ય વાત નથી. તેઓ પછી તો દવાખાનામાંથી નિવૃત્ત થઈ વિનોબાજીનો સંદેશ ગામેગામ પહોંચાડવા સક્રિય બન્યા.

એક વાર પ્રશ્ન ઊઠેલો વડનગરમાં પાણીની વ્યવસ્થાનો. વૉટર વર્કસની યોજના પાર પાડવા માટે નાણાંની જરૂર હતી. ત્યારે ડૉક્ટર સાહેબે બીડું ઉપાડ્યું. જ્યાં જ્યાં વસે વડનગરી, ત્યાં ત્યાં એ પહોંચી ગયા. કલકત્તા ગયા, પૂના ગયા, કોલ્હાપુર ગયા. મુંબઈ-અમદાવાદ તો ખરાં જ. અને એમણે વૉટર વર્કસની યોજના માટે જરૂરી રકમ એકઠી કરી આપી. વડનગરના નાગરિકો આ માટે ડૉ. જોષીને કદી ભૂલી શકશે નહીં.

તમને આજે ડૉ. મિહિરભાઈના કામમાં પણ ડૉ. જોષી જોવા મળશે. એમના અને રતનબહેનના સંસ્કાર આવા જ હોય ને !

જોષીસાહેબ સો વરસ સારા સ્વાસ્થ્ય સાથે જીવન ગુજરો અને સામાન્ય જનને પ્રેરણારૂપ બનતા રહો !

૦ રસિકલાલ દવે

જોષીસાહેબની મનોભૂમિકા : એક આચમન

પ્લેટોના નામે મેં એક વિધાન વાંચ્યાનું યાદ આવે છે. ''માણસની સાથે ચાલીસ વર્ષ સુધી રહીએ તો પણ; તેને પૂરેપૂરો ઓળખી ન શકીએ, એમ બને.'' આ વિધાન સૂચવી જાય છે કે માણસનું મન અતિ ગહન છે. તેનો પાર પામવાનું એટલા માટે દુષ્કર છે કે તે પરિવર્તનશીલ છે અને મનની પરિવર્તનશીલતાનાં અનેક કારણો છે. મન ઉપર અનેક પરિબળો અસર કરે છે.

મનોવિજ્ઞાન માણસના મનનો અભ્યાસ કરે છે. તેમ છતાં મનના અભ્યાસની મર્યાદાઓ છે. મન ઉપર વિવિધ અસર કરનારાં પરિબળોને સંપૂર્ણ રીતે નિયંત્રિત કરી શકાતાં નથી. તેથી મનનો સંપૂર્ણ અભ્યાસ કરવો શક્ય નથી.

આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો રજનીશ કહે છે કે 'મન' એ જ પરમાત્મા છે. મન જ્યારે નિસ્તરંગ બની જાય છે, એટલે કે મનની, ચિત્તની વૃત્તિઓનો જ્યારે લય થઈ જાય છે, ત્યારે જે અનુભવ થાય છે તે બ્રહ્મનો અનુભવ છે. આ સ્થિતિ, આ અવસ્થા કોઈક વિરલાને જ ઉપલબ્ધ થાય છે. મનની આ સ્થિતિએ વૈખરી શાન્ત બની જાય છે. તેથી તો એ અવસ્થા અતલ મૌનની અવસ્થા બને છે, એમ યોગીઓ કહે છે.

તેથી મારે અતિનમ્રતાપૂર્વક કહેવું છે કે ડૉ. જોષીસાહેબના મનની ભૂમિકાને સમજી જવાનો મારો લેશમાત્ર પણ દાવો નથી. આ તો તેમના થોડાક સંપર્કમાં આવવાથી મારા ઉપર જે આછીપાતળી છાપ પડી છે તે 'આત્મનો મોક્ષાય જગતો હિતાય' રજૂ કરવાનો એક અલ્પ પ્રયાસ માત્ર છે. એક આચમન માત્ર છે.

ડૉ. જોષીસાહેબનું જીવન ઠીક ઠીક વિશાળ છે. મને તેમના અંતેવાસી થવાનું સદ્‌ભાગ્ય સાંપડેલું

કાર્યકર્તાઓમાં આધ્યાત્મિક ભાવના વિકસતી રહેવી જોઈએ. તો જ એમને અંદરથી શક્તિ મળશે. આપણે કામ માત્ર સ્થૂળ દૃષ્ટિએ જ કરતા રહીએ છીએ, તો આવી આંતરિક શક્તિનો અનુભવ આપણને થતો નથી. એટલે નિરંતર આપણો સ્વાધ્યાય ચાલવો જોઈએ.

હવે, સ્વાધ્યાયનો અર્થ માત્ર એટલો ન માનવો કે અમુક પુસ્તકોનું અધ્યયન કરવું છે. પુસ્તકોના અધ્યયનની વાત તો જાણે તેમાં છે જ, પરંતુ તે તો પછીથી આવે છે, તે તો ઉપરની વાત છે. 'સ્વ' એટલે આપણે પોતે, અને 'સ્વાધ્યાય' એટલે આપણા પોતાનું અધ્યયન, આપણા શુદ્ધ નિર્મળ સ્વરૂપનું અધ્યયન. સ્વાધ્યાયમાં પહેલાં તો આપણે આપણા પોતાના સ્વરૂપનું જ અધ્યયન કરવાનું છે.

૦ વિનોબા ૦

જોષીસાહેબની મનોભૂમિકા : એક આચમન

પ્લેટોના નામે મેં એક વિધાન વાંચ્યાનું યાદ આવે છે. ''માણસની સાથે ચાલીસ વર્ષ સુધી રહીએ તો પણ; તેને પૂરેપૂરો ઓળખી ન શકીએ, એમ બને.'' આ વિધાન સૂચવી જાય છે કે માણસનું મન અતિ ગહન છે. તેનો પાર પામવાનું એટલા માટે દુષ્કર છે કે તે પરિવર્તનશીલ છે અને મનની પરિવર્તનશીલતાનાં અનેક કારણો છે. મન ઉપર અનેક પરિબળો અસર કરે છે.

મનોવિજ્ઞાન માણસના મનનો અભ્યાસ કરે છે. તેમ છતાં મનના અભ્યાસની મર્યાદાઓ છે. મન ઉપર વિવિધ અસર કરનારાં પરિબળોને સંપૂર્ણ રીતે નિયંત્રિત કરી શકાતાં નથી. તેથી મનનો સંપૂર્ણ અભ્યાસ કરવો શક્ય નથી.

આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો રજનીશ કહે છે કે 'મન' એ જ પરમાત્મા છે. મન જ્યારે નિસ્તરંગ બની જાય છે, એટલે કે મનની, ચિત્તની વૃત્તિઓનો જ્યારે લય થઈ જાય છે, ત્યારે જે અનુભવ થાય છે તે બ્રહ્મનો અનુભવ છે. આ સ્થિતિ, આ અવસ્થા કોઈક વિરલાને જ ઉપલબ્ધ થાય છે. મનની આ સ્થિતિએ વૈખરી શાન્ત બની જાય છે. તેથી તો એ અવસ્થા અતલ મૌનની અવસ્થા બને છે, એમ યોગીઓ કહે છે.

તેથી મારે અતિનમ્રતાપૂર્વક કહેવું છે કે ડૉ. જોષીસાહેબના મનની ભૂમિકાને સમજી જવાનો મારો લેશમાત્ર પણ દાવો નથી. આ તો તેમના થોડાક સંપર્કમાં આવવાથી મારા ઉપર જે આછીપાતળી છાપ પડી છે તે 'આત્મનો મોક્ષાય જગતો હિતાય' રજૂ કરવાનો એક અલ્પ પ્રયાસ માત્ર છે. એક આચમન માત્ર છે.

ડૉ. જોષીસાહેબનું જીવન ઠીક ઠીક વિશાળ છે. મને તેમના અંતેવાસી થવાનું સદ્‌ભાગ્ય સાંપડેલું

કાર્યકર્તાઓમાં આધ્યાત્મિક ભાવના વિકસતી રહેવી જોઈએ. તો જ એમને અંદરથી શક્તિ મળશે. આપણે કામ માત્ર સ્થૂળ દૃષ્ટિએ જ કરતા રહીએ છીએ, તો આવી આંતરિક શક્તિનો અનુભવ આપણને થતો નથી. એટલે નિરંતર આપણો સ્વાધ્યાય ચાલવો જોઈએ.

હવે, સ્વાધ્યાયનો અર્થ માત્ર એટલો ન માનવો કે અમુક પુસ્તકોનું અધ્યયન કરવું છે. પુસ્તકોના અધ્યયનની વાત તો જાણે તેમાં છે જ, પરંતુ તે તો પછીથી આવે છે, તે તો ઉપરની વાત છે. 'સ્વ' એટલે આપણે પોતે, અને 'સ્વાધ્યાય' એટલે આપણા પોતાનું અધ્યયન, આપણા શુદ્ધ નિર્મળ સ્વરૂપનું અધ્યયન. સ્વાધ્યાયમાં પહેલાં તો આપણે આપણા પોતાના સ્વરૂપનું જ અધ્યયન કરવાનું છે.

૦ વિનોબા ૦

નથી. તેથી તેમના જીવનના પ્રેરણાત્મક પ્રસંગોની મને ખાસ ખબર નથી. પણ તેમના જીવનના આધ્યાત્મિક પાસાની મારા મન ઉપર જે છાપ પડી છે તેને ઉપસાવવાનો આ યત્કિંચિત્ પ્રયાસ માત્ર છે.

ડૉ. જોષીસાહેબ એક શ્રેયસાધક છે. તેમની સહજ કર્મયોગની સાધના ચાલે છે. કહો કે તે એક સહજયોગી છે. 'સાધો સહજ સમાધ ભલી'. તેમની સાધના નિષ્કામ કર્મયોગની ચાલે છે. તેથી, તે બધાં જ દેખીતાં કાર્યો કરે છે ખરા, પણ તે તેમાં લેપાતા નથી. તેમનું વ્યક્તિત્વ 'જલકમલવત્' બની ગયું છે. તે ગ્રામસ્વરાજ્યના કાર્યમાં અને ચિંતનમાં ગળાડૂબ લાગે છે, પણ અંતત: તો તે આ બધાથી અલિપ્ત જ છે. તેઓ ઘણી વાર કહે છે કે 'આ તો નાટક છે'. કામો આવે છે અને જાય છે. આપણે તો આ નાટકમાં એક અભિનેતા માત્ર છીએ. આપણે ફાળે આવેલ પાત્ર આપણે એક સહજ-કર્મ તરીકે ભજવવાનું છે. નાટક પૂરું થયે અભિનય પણ પૂરો થઈ જાય છે. પછી અભિનેતા નિર્લેપ બની જાય છે. શેક્સપીયર કહે છે તેમ, ''આ દુનિયા એક સુંદર રંગભૂમિ છે. તેમાં આપણે અભિનેતા છીએ. આપણે ફાળે આવેલું પાત્ર આપણે સુંદર રીતે ભજવી જવાનું છે.'' આ તત્ત્વજ્ઞાન ડૉ. સાહેબ સારી રીતે પામી ગયેલા છે તેમ તેમના સંપર્કમાં આવેલાને લાગ્યા વિના રહેતું નથી. ડૉ. સાહેબ એક અનાસક્ત યોગી છે.

અહીં યોગ સાધનાની વાત આવી છે તો આપણે સાધકની ચાર અવસ્થાઓ સમજવી ઉપયોગી થશે : ૧. કર્માવસ્થા, ૨. વિચારાવસ્થા, ૩. ભાવાવસ્થા અને ૪. સાક્ષી અવસ્થા. ગીતાની પરિભાષામાં સમજીએ તો ૧. કર્મયોગ, ૨. જ્ઞાનયોગ, ૩. ભક્તિયોગ અને ૪. સાક્ષીયોગ. આ ચોથી અવસ્થા એ પહેલી ત્રણ અવસ્થાઓનો પરિપાક છે. તે સાધના નથી. જ્યારે સાધના છૂટી જાય છે ત્યારે સાક્ષી અવસ્થા આપોઆપ ઉપલબ્ધ થાય છે.

આમ ક્યારે બને ? આચાર્ય શ્રી રજનીશ કહે છે તેમ આ ત્રણે પ્રકારની સાધનામાં ધ્યાનને જોડી દઈએ ત્યારે. એટલે કર્મ + ધ્યાન = કર્મયોગ. જ્ઞાન + ધ્યાન = જ્ઞાનયોગ. ભક્તિ+ધ્યાન = ભક્તિયોગ. અને આગળ જણાવ્યું તેમ ધ્યાન પણ છૂટી જાય એટલે આયાસ માત્ર છૂટી જાય, ત્યારે જે ફલિત થાય તે સાક્ષીત્વ. અહીં માત્ર હોશ –જાગૃતિ જ બાકી રહે છે. જે. કૃષ્ણમૂર્તિના મતે 'Awareness.'

ડૉ. જોષીસાહેબ આ અવસ્થાએ કદાચને પહોંચી ગયા હોય તેમ લાગે છે. ડૉ. સાહેબનો યોગ એકાંગી યોગ નથી. તેમના જીવનમાં ધ્યાનપૂર્ણ કર્મયોગ, ધ્યાનપૂર્ણ જ્ઞાનયોગ અને ધ્યાનપૂર્ણ ભક્તિયોગનો સમન્વય થયો છે. તેમણે મને એક વાર વાતવાતમાં કહેલું કે પંદરેક મિનિટ સુધી તેઓ નિર્વિચાર સ્થિતિમાં રહી શકે છે. આ સ્થિતિ એ જ સાક્ષીત્વની સ્થિતિ છે.

આ સ્થિતિએ પહોંચવા માટે યોગસાધના કેવી હોય ? તો શાસ્ત્ર કહે છે કે તે ૧. આદરપૂર્ણ, ૨. પ્રેમપૂર્ણ, ૩. સાતત્યપૂર્ણ અને ૪. નિયમિત હોય. ડૉ. સાહેબની જીવનસાધનામાં આ ચારે લક્ષણો સાકાર થયેલાં લાગે છે. તેમણે એક જીવનસાધક તરીકે જે તે અવસ્થામાં જે જે સંકલ્પો કર્યા છે, તેને પોતાના જીવનમાં ઉતારવા ઉપરના ચારે ગુણોને અનુસરીને ચાલ્યા છે. તેમણે છેલ્લે છેલ્લે રાફુ વિસ્તારમાં સામૂહિક શક્તિ લગાડીને ગ્રામસ્વરાજ્યનો પ્રયોગ હાથ ધર્યો. તેમાં તેમણે સાતત્યપૂર્વક, પ્રેમપૂર્ણ બનીને, કામ પ્રત્યે આદરભાવથી ભરપૂર બનીને નિયમિતતા દાખવીને કામ કર્યું. હવે તેમનું શરીર કામ આપે એવું રહ્યું નથી. એટલે નક્કી કરેલાં ગામોના આગેવાનોને સાતત્યપૂર્વક પત્રો લખે છે. વિનોબાજીના સાહિત્યમાંથી પ્રેરણાપૂર્ણ લખાણો પત્ર રૂપે છાપીને નિયત સમયે મોકલતા રહે છે. માસિક મિલનમાં સાતત્યપૂર્વક હાજરી આપે છે. કાર્યકરોને પ્રેરણા આપતા રહે છે. આ તેમની સાધનાનો જ એક ભાગ છે.

સાધક જ્યારે અમુક અવસ્થાએ પહોંચે છે ત્યારે તે નિર્ગ્રંથ બની જાય છે. શ્રીમદ્ રાજચંદ્ર ગાય છે તેમ –

''અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો.''

અહીં ગ્રંથના બે અર્થ છે. એક છે શબ્દાર્થ. ગ્રંથ એટલે કોઈક ધર્મગ્રંથ. સંપ્રદાયોમાં ધર્મગ્રંથ-પરસ્તી હોય છે. તેમાંથી મુક્તિ. કેમ કે નરસિંહ મહેતા કહે છે તેમ, 'ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી.'

બીજો વ્યંજનાર્થ છે તે મનની ગ્રંથિઓ. આપણા આગ્રહો, આપણા પૂર્વગ્રહો, આપણા ઉપર થતા આઘાતો, તેમાંથી જન્મતા પ્રત્યાઘાતો, તર્ક-વિતર્કો, આપણી અનેક પ્રકારની લાગણીઓ, આવેગોમાંથી પેદા થતી ગ્રંથિઓ. આ બધામાંથી મુક્ત થવું તે નિર્ગ્રંથ અવસ્થા છે. આ અપૂર્વ અવસર છે. તે ક્યારે આવશે તેની વાત શ્રીમદ્ રાજચંદ્ર કરે છે.

આ અપૂર્વ અવસર તો કોઈક વિરલાના જ જીવનમાં આવે છે. મારા મન ઉપર એવી છાપ પડી છે કે ડૉ. સાહેબના જીવનમાં આ અપૂર્વ અવસર કદાચને આવી ગયો છે. હું 'કદાચને' શબ્દ એટલા માટે પ્રયોજું છું કે આ તેમના મનની ગહન અવસ્થા છે. તેને તે પોતે જ પામી શકે. આપણા ઉપર તો તેની આભાની ઝાંય માત્ર જ પડે.

માણસ ગ્રંથિઓથી મુક્ત થઈ ગયો છે તેની નિશાની શી ? તેની નિશાની છે, તેના ચિત્તની નિર્મળતામાંથી સ્ફૂટ થતું નિર્દોષ, બાલસહજ સ્મિત. તેનો તનાવમુક્ત પ્રસન્ન ચહેરો. તેની આંખોમાંથી ટપકતો પ્રેમ. તેના સામીપ્ય માત્રથી આસપાસ અનુભવાતી એક પ્રકારની અસીમ શાન્તિ. ડૉ. સાહેબ સામે તમે ખરેખર જોશો તો આ બધાનો અનુભવ થયા વિના તમને નહીં રહે. આ તો 'માંહી પડ્યા તે મહાસુખ પામે' એવી સ્થિતિ છે. આ મીઠાશ લેવી હોય તો માત્ર મન મૂકીને આવી મૂર્તિને નીરખો. આ તો 'દેખે દેખનહારા'નો ખેલ છે. આવા નિર્ગ્રંથ, પ્રેમળ, નિર્મલમૂર્તિ, પૂજ્ય ડૉ. દ્વારકાદાસ જોષીની ભીતર બેઠેલા પરમાત્માને મારા મનોમન વંદન !

૦ વિઠ્ઠલભાઈ પી. પ્રજાપતિ

મન રે મૂકીને તમે આવો મેદાનમાં !

ડૉ. જોષીસાહેબ વિષે વિચારું એટલે ગંગાસતીના પદની ઉપરોક્ત કડી યાદ આવે. આમ તો નિકટના પરિચયમાં રહેવાનું સૌભાગ્ય પ્રાપ્ત નથી થયું, પણ અલ્પ પરિચયે પણ એવું વરતાય કે આ વ્યક્તિ મનમાંથી અ-મન પ્રતિ જાણે ગતિ કરી રહી છે. એટલે જ એમને કોઈ 'સ્થિતપ્રજ્ઞ' કહે તો કોઈ 'અનાસક્ત' કે 'વિરક્ત' કહે, તે સ્વાભાવિક છે. એમના વિશે થોડું સાંભળેલું કે ધીકતી કમાણી અને સુખસાહ્યબી છોડીને ફકીરી સ્વીકારી છે. તેમને તેનો કોઈ ફાંકો નહીં. એ કાળમાં આ પ્રકારે ત્યાગ કરનાર અન્ય પણ હતા, છતાં એક સહજ-સરળ, સાલસ-નિરલસ, સત્ત્વશીલ-સમત્વભર્યું વ્યક્તિત્વ ડૉ. જોષીસાહેબને જ્યારે પણ મળાયું ત્યારે અનુભવાયું છે. અને મારા માટે તો તે એક વિશ્વાસ વધારનારું બની રહ્યું છે.

૧૯૭૦-૭૪માં સિદ્ધપુર પાસેની સરસ્વતી ગ્રામવિદ્યાપીઠમાં હું કામ કરતો હતો અને ત્યારે ગુજરાતભરમાંથી વિદ્વદ્જનો, કર્મશીલો, લેખકો આદિને વિદ્યાર્થીઓ-કાર્યકરો સાથે ગોષ્ઠિ અને વાર્તાલાપ અર્થે બોલાવવાનો ઉપક્રમ રાખેલો. એ સંદર્ભે જોષીસાહેબને પણ બોલાવેલા. ડૉ. જોષીસાહેબ આવ્યા. વિદ્યાર્થીઓ-કાર્યકરોની આંખો તપાસી, માર્ગદર્શન આપ્યું, કાર્યકરો સાથે ગોષ્ઠિ કરી અને પછી સંમેલનમાં વાતો કરી. આ બધો સમય એવું લાગે કે આ વ્યક્તિ ભીતરની કશી નિસબતથી જીવે છે. સામી વ્યક્તિને આંજવા માટે નહીં પણ અંદરથી પોતે પોતાની જાતને માંજતા હોય તે રીતે બોલે છે. કેવળ ચર્મચક્ષુ ખોલવાનું નહીં પણ આંતરચક્ષુ ખીલવવાનું પણ કામ કરે છે. એ

વખતે તેમણે વિજ્ઞાનની પણ વાતો કરેલી અને સર્વોદયની તો હોય જ. સર્વોદયનું ક્ષેત્ર એ જાણે પ્રયોગ-વીરોનું ક્ષેત્ર છે ! સર્વોદય કાર્યકરો અવનવા પ્રયોગો કરતા જોવા મળે ! ક્યારેક એ પ્રયોગો બીજાના હિસાબે અને જોખમેય થતા હોય. પણ ડૉ. જોષીસાહેબમાં અનુભવ્યું કે આ વ્યક્તિ પ્રયોગમાંથી યોગ તરફ જઈ રહી છે. એક પ્રતિબદ્ધતા છતાં સરળતા. તેમનામાં જાણે એક સહજ સ્વીકૃતિનો મહિમા મહોરી-મઘમઘી રહ્યો છે એવું જણાય. તેમના પ્રસન્ન-નિર્દંશ વ્યક્તિત્વની મુદ્રા આપણને આનંદ અને પ્રેરણા આપે. એ પછી પણ મળવાનું થયું છે. વડનગર અને છેલ્લે વડોદરા, જગદીશભાઈને ત્યાં વિનોબા આશ્રમમાં. અને છેલ્લે મળ્યા ત્યારે તો હૃદયની બીમારી. ઘણી તકલીફ. પુનરાવતાર જ જાણે. છતાં એ જ પ્રસન્ન, સહજ અને નિર્મળ વ્યક્તિત્વ. નાના-મોટાના ભેદ વિના સહુ સાથે અંતરની ભીનાશથી બંધાતો નાતો અને થતી વાતો પુણ્યની કમાઈ જેવી જ મેળવનારને લાગે.

અને ભાંગેલી તબિયતે પણ તેમનું યાત્રાચક્ર તો ચાલુ જ હોય. જાણે અમૃતચક્ર ! દેહી છતાં દશા દેહાતીત એવો અનુભવ થાય. એક લગની અને લગાવથી પ્રસન્નતાપૂર્વક પરિવ્રાજકની જેમ ફર્યા કરવું એ કેવી તો સાધના છે, તપ છે !

ગુજરાત સર્વોદય પરિવારને અને તેમના સંપર્કમાં આવનાર અનેકને તેમની પત્રવૃષ્ટિથી પુષ્ટિ અને સંતુષ્ટિ મળ્યા જ કરી છે. પોતાના સ્વાધ્યાયના સહભાગી સહુને બનાવતા રહ્યા છે. વિનોબા ગ્રંથોમાંથી સારવણી-તારવણી, ઉદ્ધરણ-અવતરણ, દોહન-પાથેય સતત મળતું રહ્યું છે. જાણે તેઓ વિવાદ-વિખવાદના માણસ જ નથી, સ્નેહ-સદ્‌ભાવ અને સંવાદના જ માણસ છે. એક અજાતશત્રુ, અહંકારમુક્ત વ્યક્તિત્વ. અંતરની આ કેવી તો રૂડી અમીરાઈ !

ડૉ. જોષીસાહેબ એટલે ગુજરાતના સંસ્કાર જીવનમાં પ્રચ્છન્ન વહેતો શુભ્રધવલ પ્રવાહ. ભીતરની ભીનાશથી ભર્યાભર્યા. આ ભીનાશ એ જ ભક્તિ, સતત સેવારત. નિરંતર સ્વાધ્યાય એ જ જ્ઞાન. ડૉ. જોષીસાહેબ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ હોવું એટલે આ ત્રિવેણીસ્નાનનો પુનિત-મંગલ લહાવો લેવો. પરમ વૈષ્ણવજન ડૉ. જોષીસાહેબને આ તકે મન-અંતરથી ભાવભર્યા વંદન પાઠવું છું.

૦ રમેશ સંઘવી

સંચાર કરો સકલ કર્મે, શાંત તોમાર છંદ !

ઈશુનો સેવાકાળ ૩ વર્ષનો ગણાવાય છે, પણ તે પહેલાં વરસો સુધી એમણે જે ગુપ્ત સાધના કરી, તેની દુનિયાને જાણ નથી. તેમ ડૉ. જોષીના આંતર-કલેવરનું ઘડતર પણ એ સેવાકાર્યમાં આવ્યા તે પહેલાંથી ચાલતું જ હશે. જીવન અખંડિત છે. તે સજીવપણે પાંગરતું રહે છે. તેમાં split personality —વિચ્છિન્ન વ્યક્તિત્વ નથી હોતું. જેમ બીજ-પડથી સુરક્ષાયેલું મીંજ જ સ્ફૂરણનું કારણ છે. મગફળીના દાણાનાં બે ફાડિયાં કરો અને એક ફાડિયાને મીંજ ચોટેલું રહ્યું હોય, તે ફાડિયું વાવો તો તે ઊગે નહીં. તેમ જીવન અકબંધ છે, તેનાં ફાડિયાં ન કરાય. સેવાકાર્યવાળું જીવન પણ અગાઉના આંતરકલેવરનું જ પરિણામ છે તથા સેવાકાર્યની સાથોસાથ પણ એ આંતરકલેવર પાંગરતું જ રહે છે.

હું ૧૯૫૫થી જોષીસાહેબના પરિચયમાં આવ્યો. એમની સાથે રહીને એમની આખી દિનચર્યા પણ મેં જોઈ છે. આ આખી દિનચર્યા દરમ્યાન કઈ સેર અખંડ ચાલી રહી હશે, તેનો મેં વિચાર કર્યો તો મને લાગ્યું કે મૂળ હેતુ ચિત્તશુદ્ધિનો. તેને રામકૃષ્ણ પરમહંસે મનશુદ્ધિ —બુદ્ધિશુદ્ધિ એ જ આત્મ-દર્શન કહ્યું. કબીરે "કબીરા મન નિર્મલ ભયો, જૈસે ગંગાનીર; આગે પીછે પીછે હરિ ફિરે, કહત કબીર કબીર" કહ્યું. આ માટેનો માર્ગ માનવસેવાનો અને સાધન

સમતાનું, સંયમનું. ડૉક્ટરની દિનચર્યામાં આ ત્રણેય ચીજ વણાયેલી જોવા મળે છે.

આ ત્રણેય જીવનમાં ઉતારવા માટેની પ્રાર્થનામાં તેઓ શું ઝંખતા હશે ? ચિત્તશુદ્ધિ માટે સર્વ મલિનતાઓના બંધનનો ત્યાગ. એમની પ્રાર્થના હશે, ''મુકત કરો હે બંધ.'' તો એમની બીજી પ્રાર્થના હશે, ''યુકત કરો હે સબાર સંગ.'' સેવામાર્ગ ઊજળો કરવા — ''દેહી સતસંગ નિજ અંગ શ્રીરંગ'' અને અહં-નિરસન માટે ''સંચાર કરો સકલ કર્મે, શાંત તોમાર છંદ.'' અને આની સાથે પ્રેમપૂર્વક ઈશ્વર-સમર્પણ. આ પ્રેમતત્ત્વ એમનું ધ્રુવપદ. આમાંથી જ આત્મ-નિવેદન પણ નીપજતું હશે.

આત્મ-નિવેદન સાચા અર્થમાં એ જ કરી શકે, જે સાધકની અંતર-મથામણ, અંદરના ખૂણે-ખાંચરેથી બધી જ મલિનતાઓ વાળી-ચોળી ધોઈ નાખવા કૃતનિશ્ચયી હોય. સાથે સાથે નિર્દંભતા. નવધા ભક્તિમાં આત્મ-નિવેદનને ઊંચામાં ઊંચું સોપાન એટલા માટે જ કહ્યું છે. ગાંધીજીએ 'સત્યના પ્રયોગો' મારફત પોતાની આત્મકથા પ્રગટ કરી. પોતે હતા તેવા અને શું થવા માગે છે તે દુનિયા સામે પ્રગટ કરી દીધું. લાખો સ્ત્રી-પુરુષો એ આત્મ-નિવેદન વાંચી કંઈ ને કંઈ શુભ પામ્યાં. આટલા બધા ખુલ્લા થયા છતાં તેમના નગ્ન સત્યથી કોઈ અભડાયા ? ઊલટાના કાદવમાં પણ કમળનાં મૂળ હોઈ શકે તેવું લઘુગ્રંથિ-છેદન માટે મહા આશ્વાસન લઈ શકયા.

અમે બંને શાકભાજીના વાડોલિયામાં નિંદામણ કરી ઊભા થયા. ત્યાં કોણ જાણે શ્રમકાર્ય દરમ્યાન ચાલેલા ચિંતન વખતે તેમના મનમાં શુદ્ધ ચિંતન ચાલ્યું હશે તે એકાએક મને કહે, ''લાલજીભાઈ, અપરિગ્રહ આદિ વ્રતોનું ઠીક ઠીક પાલન થઈ શકે છે, પણ કામ-દહન હજી કસોટી કરી રહ્યું છે.'' ઉપરથી નાની સરખી લાગતી વાતમાં આત્મ-સંશોધનની કેવી તીવ્ર ઝંખના ઊભરતી હતી ! આમ તો પ્રભુ પાસે લાખો-કરોડો આત્મ-નિવેદન કરે છે, પણ તે પોતા અને પ્રભુ પૂરતું જ ગોપનીય. આ ગોપનીયતા બીજા આગળ પ્રગટ કરતાં કીર્તિ-અપયશ-લજ્જા-ભય આદિ જાણે પોતાને ફાડી ખાશે ! આને જે ઓળંગશે, એ જ સાચું આત્મ-નિવેદન કરી શકશે. લઘુગ્રંથિથી પીડાતી બિચારી વ્યક્તિ જ્યાં-ત્યાં બકવાસમાં નિવેદન કરે તો તેનો શો અર્થ ?

ડૉક્ટરનું ચાલકબળ પ્રેમ છે. જેમ ન સત્યાત્ પરમો ધર્મ, તેમ આમને માટે પ્રેમ એવ ધર્મ, પ્રેમ એવ પરમ તત્ત્વ, પ્રેમ એવ પરમ જ્ઞાન, પ્રેમ એવ પરમો ગતિ.

આજે ચારેક દાયકા પહેલાંનો એક પ્રસંગ યાદ આવે છે. તેમાં ડૉક્ટરના ચિત્તની એકાગ્રતાના ઊંડાણનો સંકેત મળે છે. ૧૯૬૫ આસપાસ ગ્રામદાન અભિયાન અંગેનો એક શિબિર હતો. રાતે અમે સૂતા ત્યારે ઉપરની બાજુ ડૉક્ટર અને નીચે બીજી હરોળમાં હું. ડૉક્ટરના પગ પાસે મારું માથું. ત્યારે અમારા સહુના માથે ગ્રામદાન-ગ્રામદાનની ધૂન સવાર થઈ હતી. મને સપનું આવ્યું. સપનામાં 'ગ્રામદાન-ગ્રામદાન' એમ સતત સંભળાય. ક્યાંથી આવે છે આ રટણ ? તો મને થયું કે ડૉક્ટરના પગના અંગૂઠામાંથી આ અવાજ આવે છે. ત્યાં એકાએક મારું સપનું તૂટ્યું.

હતું તો એ માત્ર સપનું, પણ ખરેખર સત્ય હતું. ત્યારે ડૉક્ટરના અંગેઅંગમાંથી આ જ ધૂન પ્રગટતી હતી. અને તેથી જ મને સપનામાંયે એની અનુભૂતિ થઈ. ભાન થયું કે ક્યાં એમની તીવ્ર એકાગ્રતા અને ક્યાં મારા જેવાની અનેકાગ્રતા !

ગુજરાત ભાગ્યશાળી છે કે રવિશંકરદાદા, જુગતરામકાકા, બબલભાઈ અને ડૉ. જોષી જેવા રાહબર તેને મળ્યા. આવી વિભૂતિઓને શત શત પ્રણામ !

૦ લાલજીભાઈ પટેલ

યથાર્થ મૂલ્યાંકન થવું ઘટે

ડૉ. જોષીસાહેબ સાથે અમારે પણ પ્રેમ-સંબંધ રહ્યો છે. અમારા કામને એમના અને ડૉ. મિહિરભાઈના આશીર્વાદ મળતા રહ્યા છે.

૩૦ જાન્યુઆરીએ રક્તપિત્ત નિયંત્રણ દિન નિમિત્તે દેશભરમાં કાર્યક્રમો યોજાય છે. અમે પણ રક્તપિત્તગ્રસ્ત ને મંદબુદ્ધિગ્રસ્ત જનોના બનેલા અમારા આ નૂતન ગ્રામમાં દર વરસે કાર્યક્રમ યોજીએ છીએ. એક વરસે ડૉ. જોષીસાહેબ પણ તેમાં આવેલા. રતનબહેન પણ સાથે હતાં. મંદબુદ્ધિ બહેનોના મકાનનું ઉદ્‌ઘાટન એમના હાથે કરાવેલું.

મને લાગે છે કે એમના જીવનનાં બે અગત્યનાં પાસાં છે : એક, આંખના ડૉક્ટર તરીકેનું અને બીજું, સર્વોદયી આગેવાન તરીકેનું. એમણે માત્ર ડૉક્ટર તરીકે જ સેવાઓ બજાવી હોત, તો પણ એ મહાન છે જ. બાબા આમટેની જેટલી કદર થઈ છે, એટલી કદર આપણા ગુજરાતના ડૉ. જોષીસાહેબ જેવાની થઈ નથી.

એમના ભૂદાનના ને સર્વોદયના કામનુંયે યથાર્થ મૂલ્યાંકન થવું જોઈએ. ભૂદાનમાં મળેલી જમીન, તે જમીનોની અત્યારની સ્થિતિ, તે દ્વારા કેટલા ને કેવા ગરીબ માણસોની કેવી ને કેટલી આર્થિક કાયાપલટ થઈ, તેનો વિગતે અભ્યાસ કરીને, સંશોધન કરીને અહેવાલ બહાર પાડવો જોઈએ. એ રીતે ડાક્ટરી સિવાયની એમની કામગીરીની અસર-વ્યાપ જાણી શકાય.

મારા મનમાં સવાલ જાગે છે કે એમણે માત્ર ડૉક્ટર તરીકે જ કામ કર્યું હોત તો ? કેટલાક ઘણા સારા અને મહાન સેવકો પાછલી ઉંમરે અધ્યાત્મ તરફ ઢળે છે. તેનાથી સમાજને લાભ થાય છે કે નુકસાન ? શું સેવાકાર્ય પૂરતું નથી ? બંનેનો સમન્વય થઈ શકે ?

એમના જીવનકાર્યમાંથી આપણને સૌને પ્રેરણા મળે, એવી શુભ કામના !

○ સુરેશ સોની

(હકુ શાહ)





દાંપત્ય





બૃહદ્ પરિવારમાં બોલાતું નામ — નનન.
પ્રેમના વિંઝણે શાતા આપે.
બહેન-માનો પાવન સ્પર્શ.
હાક પડે એ પહેલાં હડી કાઢે.
છણકો કરે, રણકો 'મા'નો.















શરીર વિશે બેખબર ને બેફિકર રહીએ,
તે ન ચાલે.
શરીરને બરાબર સમજી લેવું,
તેની ઉત્તમ કાળજી રાખવી,
અને સહુની સેવામાં તેને સમર્પિત કરવું.

શંકરાચાર્યે કહ્યું છે :
આપણા શરીરનું જ જ્ઞાન આપણને ન રહ્યું,
તો પરમાર્થની તો વાત જ શી ?

૦ વિનોબા

































જ્ઞાનયજ્ઞ











સહૃદયતાનો સેતુ























ફૂલ તો એની ફોરમ ઢોળી રાજી !

ફોટો : દત્તા ભેડે • સ્નેહા ભાવસાર • ચુનીલાલ ઠક્કર / લેખાંક : પારસ

નિમણૂક-પત્ર નહીં, તામ્રપત્ર

મુંબઈની K.E.M.માં આંખ વિશે શીખવા ગયો. આંખના ઓપરેશન જોવા રામવાડી આંખની હોસ્પિટલે ગયો, તો ધુત્કારી કાઢેલો : D.A.S.F. એટલે કે Do not allow such fools કહી ને ! દ્રોણાચાર્યનો આ દેશ રહ્યો છે ને !

આંખ વિભાગના વડા ડૉ. કૂપર. એમના કાને વાત નાંખી. ડૉ. કૂપર એટલે આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત સર્જ્યન. એમણે કહ્યું, ડૉ. પરીખ તમે ગામડામાં જઈ આંખનું કામ કરવાના જ છો અને ત્યાં માર્ગદર્શન આપનારું કોઈ ન હોય, તેથી મને લાગે છે કે તમે ઉત્તમ કામ કરી શકો એવી તાલીમ તમને આપવી જોઈએ.

પૂરા પાંચ માસ પુત્રવત્ શિક્ષિત-દીક્ષિત કર્યો. સવારે જે ભાવથી ગરીબ દર્દીને તપાસે એ જ ભાવે બપોરે બે વાગે છેલ્લા મરીજને. પારસી સંસ્કૃતિની સૌમ્યતા, મીઠાશ, વિવેક, નમ્રતા અને સમભાવ જોઈને થાય : આ જ સાચા તબીબ. ડૉ. કૂપર ખાદી કદીયે ના પહેરે, તોયે ખાદી-ધર્મી ! ખાદી-ધારી નહીં, પણ ખાદી-ધર્મી.

*

લીંબડીમાં સરકારી નોકરી મળી. ૧૯૫૪માં લીંબડીના જીનમાં ભયંકર આગ લાગી. ૬૫ નાગરિકો બળી ખાક થઈ ગયેલા. ૧૩૫ ખૂબ દાઝેલા. લાયબંબા પણ સળગી ગયેલા !

એ ટાણે સૌરાષ્ટ્રની આપણી લાગે એવી સરકાર. પણ અમારી જમાત..... ઘણા ખરા રજા પર ઊતરી ગયા !

સવારના છથી શરૂ કરો કામ, તે રાત્રે બે વાગે ખાવાનીય ફુરસદ નહિ. નવોસવો ઉત્સાહ. ભાવ ભરપૂર. આવડત ઓછી. વચ્ચે થાક ખાવા

સેવકોએ તેમજ સાધકોએ સાધના ને સેવા વિશે મનમાં કશીયે દ્વિધા રાખ્યા વિના કામમાં ઓતપ્રોત થઈ જવું જોઈએ. તેનાથી સેવા તેમ જ સાધના આપોઆપ સધાતી રહેશે. જે કામ કરીએ તે પૂર્ણ એકાગ્રતાથી કરીએ, પછી તે ભંગીકામ હોય કે બીજું કોઈ સામાજિક કામ હોય. આપણા કામનું જે ભગવત્-અનુસંધાન કાયમ રહેશે, તો શક્તિનો સ્રોત આપણને અંદરથી જ સતત મળ્યા કરશે.

આપણે જે કાંઈ કરીએ છીએ તે ઈશ્વરની આ સૃષ્ટિની સેવારૂપે કરીએ છીએ એવી ગાંઠ પાકી હશે, તો કામ કરતાં-કરતાં ઈશ્વર-સ્મરણ અખંડ ચાલતું રહેશે. પછી સાધના માટે એકાંતમાં જવાની જરૂર નહીં રહે. આ સૃષ્ટિ સાથે અદ્વૈતની ભાવના કેળવતા રહીને સહુની સાથે રહીને જ એકાંતનો પણ અનુભવ કરી શકાશે. તેને બદલે આ સૃષ્ટિથી અળગા થઈને એકાંત મેળવવા જઈશું, તો તે એકાંત નહીં શૂન્યાંત હશે.

૦ વિનોબા ૦

ઊભીએ ત્યાં દર્દીનાં સગાં ઊભા ગ્લાસમાં કંઈ ને કંઈ લઈને ઊભાં હોય, હાથેથી પકડાય નહીં. એટલે અમને પાય. નકરું અમૃત.

હજી કેરીના રસનો સ્વાદ એને આંબી શક્યો નથી, છલોછલ પ્યાલામાં તબીબ તરફની ભાવોર્મિઓનું ફીણ... એ પીણાંઓએ હજુ સુધી જાણે મારું કૌવત જાળવ્યું છે.

*

પૂ ડૉ જોષીજીનો પત્ર આવ્યો. વડનગર આવે તો અહીંનું સંભાળે. બસ, મૂક્યું રાજીનામું. ટચૂકડું પોસ્ટકાર્ડ.

અમારા ઉપરી અધિકારી કહે, અલ્યા રાજીનામું મૂકે છે તે તારી પાસે કોઈ બીજો એપોઈન્ટમેન્ટ લેટર છે ?

મેં કહ્યું, નિમણૂક પત્ર નથી, પણ આ તો તામ્રપત્ર છે. વડનગર આવી ગયો.

'ક્યારેક મળતો મારગ ઘોરી,
ક્યારેક જડતી કેડી;
ઘરનું અમી માણતાં કદીક,
ક્ષિતિજ લઉં છું ખેડી.'

–નો અહેસાસ થતો ગયો.

*

પૂજ્ય ડૉ શ્રી દ્વારકાદાસ જોષીના આત્મવૈભવ અને પૂજ્યા રતનબહેનના અનોડ વાત્સલ્યને, શત શત પ્રણામ !

જીવનનાં તમામ ચઢાણ કે ઉતરાણ-પછડાટ કે પ્રાપ્તિ —બધા ટાણે એમનો હાથ પીઠ પર ફરતો રહ્યો છે.

પ્રભા તો 'શીળી છાયા' જે મળી છે —એ 'રણછોડ કૃપા' માનતી. અભિવંદના ઉત્સવે, એમનો અંતરથી ઋણ સ્વીકાર કરું છું.

૦ ડૉ. વસંત પરીખ

સર્વમંગલમ્ પથે સંચરી

એક મૂંઝવણ અનુભવું છું. સાગરને ડહોળવાનું કામ કેવી રીતે થાય ? કેટકેટલાં મોતી વીણી શકાય ? કેટલાંક મોતી વીણવાનો પ્રયત્ન કરું છું, જેણે મારા જીવનમાં પ્રત્યક્ષ વિશેષ અસર કરી અને મને જીવવાનું બળ પૂરું પાડ્યું.

૧૯૫૪માં એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કર્યા પછી મારે પોંડીચેરી જઈને રહેવાનું હતું. પોંડીચેરી જવું નક્કી હતું, કારણ કે શ્રી અરવિંદ અને શ્રી માતાજીનું ખેંચાણ વારસાગત હતું.

૧૯૫૬માં પૂ મોટાભાઈનો પરિચય થયો. મુ. ગિરિજાબહેન ત્રિવેદીને ત્યાં પાટણમાં ૧૯૫૭ની પદયાત્રામાં વાતચીત દરમિયાન મોટાભાઈએ પૂછ્યું, ''રમીલા, તું પોંડીચેરી જવાની છે ?'' મેં કહ્યું, 'હા', ત્યારે મોટાભાઈ કહે, ''પોંડીચેરી શા માટે જવાનું ? તે એક મોટું બંદર છે, દરિયાકિનારો છે એટલા માટે કે શ્રી માતાજી ત્યાં છે માટે ?'' મેં કહ્યું, ''મારે માતાજી પાસે રહેવું છે.'' ત્યારે મોટાભાઈએ કહ્યું, ''આજે દેશનાં ગામડાંને બેઠાં કરવાનાં છે. અહીં ગામડાંઓ માટે કેટલા બધા માણસોની જરૂર છે ! શું તું અહીં રહીને માતાજી જેવું જીવન જીવવાનું ન કરી શકે ? શ્રી અરવિંદ અને શ્રી માતાજીનું જીવન પોંડીચેરીમાં છે માટે તેનું મહત્ત્વ છે, નહિ કે બીજા કારણથી....'' બસ, આ પીપરમીંટની ગોળી ગળે તુરત જ ઊતરી ગઈ અને આજે....

*

પછી હું સર્વમંગલમ્માં હતી. મોટાભાઈ સર્વ-મંગલમ્ ટ્રસ્ટના પ્રમુખ હતા. એક વાર ત્યાં ખૂબ તકલીફ હતી. છાત્રાલયનાં બાળકોને સવાર-સાંજ શું ખવડાવવું ? મેં ટ્રસ્ટની તાત્કાલિક મિટિંગ બોલાવેલી. મોટાભાઈનું પોસ્ટકાર્ડ તુરત જ હારીજથી આવ્યું કે બા બહુ બીમાર છે, હું હારીજ છું. મુંબઈથી ભાઈ

રમેશ આવશે એટલે હું નીકળી આવીશ. પરંતુ નક્કી કહી શકતો નથી.

તેમ છતાં મોટાભાઈ આવ્યા. મારી પરિસ્થિતિ જોઈને કહે કે, ચાલ સવારે પાટણ ગંજબજારમાં જઈએ, જરૂરિયાત મેળવી લઈએ. મોટાભાઈ, હું અને શ્યામસુંદરભાઈ પાટણ ગંજબજારમાં ફર્યાં, ફંડ મેળવ્યું. તકલીફ દૂર થઈ. બીજે દિવસે સવારે હારીજની બસ પકડવા માટે શ્યામસુંદરભાઈ ને મોટાભાઈ સાગોડિયાથી સવારે ૪-૦૦ વાગે ચાલી નીકળ્યા. મોટાભાઈ ઘેર પહોંચ્યા ત્યારે પૂ. બા વૈકુંઠનિવાસી થઈ ગયેલાં. અને અગ્નિસંસ્કાર માટે મોટાભાઈની રાહ જોવાતી હતી. મારા જીવનમાં આ ઘટનાની અસર આજે પણ 'પત્થર કી લકીર' જેવી છે.

*

૧૯૭૪માં સિદ્ધપુર પાસે ખોલવાડા - ગણેશપુરા ગામ વચ્ચે યોગાંજલિ આશ્રમની શરૂઆત કરી. ત્યારે સ્થાપિત હિતો અને ગામડાંના રાજકારણને કારણે મારી સામે બહુ જ મોટો સંઘર્ષ આવ્યો, જમીન માટે.... ત્યારે મોટાભાઈ અઠવાડિયે - દસ દિવસે મારી સ્થિતિની ખબર જોવા માટે આવતા. એક વાર તો પરિસ્થિતિ એટલી વણસેલી હતી કે મોટાભાઈ કહે, ''રમીલા, હવે હું તારે માટે અહી રહેવાનું યોગ્ય ગણતો નથી. વડનગર આવી જા. મારી પાસે જ રહેવાનું. એકલી તને મુકાય નહિ. વડનગર તારું ઘર. ધ્યાન કરવું હોય તો ધ્યાન કરજે અને સર્વોદયનું કામ કરવું હોય તો કામ કરજે.''

*

પિતા જેવું હૃદય. પૂ. નનન અને મોટાભાઈનો પ્રેમ એટલે કે.... શબ્દ નથી.... મારા માટે મોટાભાઈ સત્ય-પ્રેમ અને કરુણાની સાક્ષાત્ મૂર્તિ ! તેમની આંખોમાંથી કરુણાની ધારા સતત વહેતી હોય છે. આવા કરુણામૂર્તિ બુદ્ધને કોટિ કોટિ પ્રણામ !

૦ રમીલાબહેન ગાંધી

સંતના સાંનિધ્યે જીવન ઉજાળી શકી

મોટા ભાઈને મેં પહેલવહેલા મારા ગામના મંદિરના ઓટલા ઉપર બેઠેલા જોયા. મારી ઉંમર ત્યારે દસ-અગિયાર વરસની હશે. ભૂદાનની સભા હતી. મારા બાપુજીએ મને ભૂમિદાનનાં ગીતો શીખવેલાં. મને ગીતો ગાવા બોલાવેલી. મેં ગીતો ગાયાં. આ નિમિત્તે મને મોટાભાઈને મળવાનું અને નજીકથી જોવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું.

પછી તો ૧૯૫૭માં મોટાભાઈની પદયાત્રા સમી તાલુકામાં ચાલતી હતી. મારા બાપુજી મને તે યાત્રામાં લઈ ગયા. બાપુજી તો બે દિવસ રહી પાછા ગયા, હું મોટાભાઈ સાથે પદયાત્રામાં રહી. આજે પણ ત્યારનાં કેટલાં બધાં સંભારણાં મને યાદ આવે છે ! મોટાભાઈના કેટલા બધા ગુણો આંખો સામે તરવરે છે ! કેટલા પ્રેમથી આપણને ઘરના ખબરઅંતર પૂછે !

આ યાત્રામાં મેં જોયું કે મોટાભાઈ પોતાનું કામ કોઈનેય કરવા નહીં દે. અમારે નહાવા તળાવે જવાનું હતું. તળાવમાં બાર-પંદર ફૂટ ઊંડા માટીમાં ખોદેલા કૂવામાંથી પાણી ખેંચીને નહાવાનું હતું. મને આવા કામની આદત. એટલે મેં ડોલ ને દોરડું માગ્યાં. પણ ન આપ્યાં. મેં બહુ આગ્રહ કર્યો. પરંતુ મોટાભાઈ તો કૂવામાંથી પાણી જાતે ખેંચીને જ નાહ્યા. ત્યાં પડેલા પથરા ઉપર પોતાનાં કપડાં પણ જાતે જ ધોયાં. મુંબઈના આંખના એક મોટા ડૉક્ટર હતા, તેની કોઈ મોટાઈ નહીં. ત્યાં ખેડૂતોના ઘરે મોટા જાડા રોટલા, શાક ને છાશ પણ એમણે પ્રેમથી ખાધાં.

આ પદયાત્રામાં હું બહુ નાની વયે પણ ઘણું શીખી. બધું કામ જાતે કરવું. સ્વાવલંબી બનવું. બીજાના દુ:ખમાં ભાગીદાર થવું. બીજાના માટે કંઈક કરી છૂટવું. સાદાઈથી જીવવું. આ બધા પાયાના સંસ્કાર મને મોટાભાઈ પાસેથી મળ્યા.

સમીમાં જીનમાં નેત્રયજ્ઞ યોજાયેલો. મને તેમાં સ્વયંસેવિકા તરીકે કામ કરવા બોલાવેલી. મેં બહુ હોંશભેર એ કામ કર્યું. ત્યાં મેં મોટાભાઈને આંખનાં ઓપરેશનો

કરતાં જોયા. કેટલા ભાવપૂર્વક અને કાળજીથી તેઓ આ ઓપરેશનો કરતા હતા ! દરદીઓ સાથે પણ કેટલા પ્રેમથી વર્તતા હતા ! આની બહુ શીળી મીઠી છાપ મારા દિલમાં સંઘરાયેલી છે.

લગભગ ૧૯૫૯માં ઉનાળાની રજાઓમાં વડનગરમાં કુબેરવાડી હાઈસ્કૂલમાં એક ૧૫ દિવસનો મહિલા શિબિર રાખેલો. ત્યાં મને બોલાવેલી. મને ત્યારે જીવનનું ઘણું ભાથું મળ્યું. સવારે સફાઈકામમાં જોડાવાનું. પગ ન મુકાય એવા મળ. મોટાભાઈ સાવરણો અને ટોપલો લઈ સફાઈ કરે, અને અમે પણ તેમાં ભળીએ. મોટાભાઈ મળ જાતે ભરીને ખાડામાં નાખવા જાય. પહેલાં જાતે કરીને બીજાને શીખવતા મેં એમને જોયા. સહુને સર્વોદયના સાચા રસ્તે વાળતા મેં એમને જોયા. ગાંધીવિચારના રંગે પૂરા રંગાયેલા અને બીજાને રંગતા મેં એમને જોયા. સાદું જીવન અને ઉચ્ચ વિચારના જીવતાજાગતા ઉદાહરણ રૂપે મેં એમને જોયા. જીવનનાં આવાં ઘણાં ઉચ્ચ મૂલ્યો હું એમની પાસેથી શીખી.

શ્રીકૃષ્ણે ગાયેલી ગીતા એક જીવન-દર્શન છે. તેમણે જે ગીતા ગાઈ તે પૂર્ણ છે. અનેક વ્યક્તિઓ આ ગીતા જીવ્યા હશે. અનેક વ્યક્તિઓએ આ ગીતા પોતાના જીવનમાં ઉતારી હશે અને હજીયે ઉતારતા હશે. એવી વ્યક્તિઓમાં મારી દૃષ્ટિએ આપણા મુરબ્બી ડૉક્ટર જોષીસાહેબ એક છે.

વડનગરના આ મહિલા શિબિર પછી એમણે મને ત્યાં શીવણ કલાસમાં સિલાઈનું શિક્ષણ અપાવ્યું. આ વાત નાની નથી. કોણ આવી રીતે કોઈના બાળક માટે નિ:સ્વાર્થ ચિંતા કરે છે ? બધો ખર્ચ પણ તેમણે કરેલો. નનન પણ મને દીકરીના ભાવથી અને વહાલથી રાખે.

પછી મોટાભાઈ મને બોચાસણ આશ્રમમાં પૂજ્ય રવિશંકરદાદા પાસે લઈ ગયા. ત્યાં ત્યારે શિવાકાકા સંચાલક અને મગનભાઈ જે. પટેલ દાદાના મંત્રી હતા, એવું મને યાદ છે. પંડિતજી, ગીતા, સૂરજબા, ગંગાબા વગેરે પણ હતાં. ત્યાંનાં બધાં સંસ્મરણો અત્યારે યાદ આવે છે.

ત્યાંથી પછી મને ચારેક મહિના રવિશંકર મહારાજની પદયાત્રામાં જોડાવાનું સૌભાગ્ય સાંપડ્યું. દાદા ધગધગતા તાપમાં પગરખાં વગર ઉઘાડા પગે ચાલે. એમને પગરખાં ન પહેરવાનો નિયમ હતો. પણ અમારી ખૂબ કાળજી રાખે. ત્યારે ગાંધીધામ સભાના મંચ ઉપર વિનોબાજીનાં પ્રથમ વાર દર્શન થયાં અને અંજાર થઈ ભુજ સુધી વિનોબાની વાણી સાંભળવાનો લહાવો મળ્યો. આ બધા સંસ્કારનું સિંચન મારામાં પૂજ્ય મોટાભાઈને લીધે જ થયું.

આ બધું આજે યાદ આવે છે અને ગદ્‌ગદ્‌ થઈ જવાય છે, હૈયું ભરાઈ આવે છે. મોટાભાઈએ મને સ્વાવલંબી બનાવી, મને પગભર કરી, જીવનમાં ક્યારેય કોઈની પરાધીનતા ન વેઠવી પડે એવા પાયાના સંસ્કાર મને આપ્યા. માણસો બધા પોતપોતાના માટે જીવે છે. એ તો એક સામાન્ય જીવન છે, ગૌણ બાબત છે. પરંતુ બીજાના માટે કંઈક કરી છૂટનાર તો મરીનેય જીવે છે અને અમર બની જાય છે. આવા આપણા મોટાભાઈ છે. મેં એમને મોટાં કામો કરતાંયે જોયા છે અને બગીચામાં શાકભાજીની ખેતી કરતાંયે જોયા છે. સદાય મેં એમને ઋષિતુલ્ય અનાસક્તિ સાથે જીવતા અને નિરંતર નમ્ર મીઠું હસતા જોયા છે. હંમેશાં મૃદુભાષી. આવા સેવક મળે તે ગુજરાતનું મોટું સૌભાગ્ય છે. પૂજ્ય ડૉક્ટર જોષીસાહેબ શતાયુ થાઓ !

ભૂદાનનાં એ ગીતો, જેણે મને આવા મારા મોટાભાઈનો સંગાથ કરાવ્યો, તે ગીતો આજેય યાદ આવે છે.

ગાડું છોડી ગાડી છોડી ભટકે ભવ્ય ભિખારી
ભૂમિ આપો, ભૂમિ આપો, જગનાં હો નરનારી
આ ભૂમિ પ્રભુની સારી.
રાજાઓએ રાજ્યો આપ્યાં ને રંકે આપી વાડી
આ ભૂમિ પ્રભુની સારી.

કેવો હતો એ જમાનો !

૦ માલતીબહેન જેઈતાભાઈ ચૌધરી

બાળકોનું ઘડતર આવી રીતે થાય

('કેવો હતો એ જમાનો !' — આ લખતાં-લખતાં માલતીબહેન પોતાના બાળપણમાં સરી જાય છે. પોતાના ઘરના સંસ્કાર કેવા હતા, પોતાને કેવો વારસો મળ્યો છે, તેનું પુનિત સ્મરણ એમને થાય છે. એટલે ઉપરના લેખની પૂર્તિમાં તેઓ તેનું થોડું વિવરણ કરે છે. તે પણ આપણે જાણવા જેવું છે. ખરેખર, હજી તો પચાસેક વરસ પહેલાં જ કેવો હતો એ જમાનો !)

મારું બાળપણ પાકિસ્તાનની સરહદે આવેલા સાંતલપુર તાલુકાના ઝેકડા ગામે વીત્યું. મારા બાપુએ તો ગુલામીનો કાળ જોયેલો. અજ્ઞાન, અસ્પૃશ્યતા, ઊંચનીચનો અંધકાર. પીવાના પાણીનો પણ પોકાર. વારે વારે દુકાળ ડોકિયાં કરે.

અમારા આ છેવાડાના વિસ્તારના સગા એટલે પૂજ્ય રવિશંકર મહારાજ. અવારનવાર મુલાકાત લે, ગરીબોની સેવા કરે, ગાંધીબાપુની વાતો કરે, આઝાદીની લડાઈના સમાચાર આપે. મારા બાપુજી પાસેથી મેં આ બધું સાંભળેલું. એમનાં હૈયે ને હોઠે આ બધી વાતો. આઝાદીનાં ગીતો અને વિનોબાજીના ભૂદાનના સંદેશાની વાતો. ગામમાં દીવાલ ઉપર પણ આ બધું લખે. મશરૂવાળા, મહાદેવ દેસાઈ, ગાંધીબાપુ વગેરેનાં સુવાક્યો લખે. હજી હમણાં સુધી એવું બધું લખાણ એક નાનાં ગામડા ગામમાં રહેતા સામાન્ય ગામડિયા એવા મારા બાપુજીની રાષ્ટ્રીય પ્રવૃત્તિનું સાક્ષી હતું.

મારા બાપુ 'હરિજનબંધુ' પેપર મંગાવે. તે પેપરને નાખી ન દે કે ફાડી ન નાખે. એક માટીની મોટી કોઠીમાં ભરે. પછી 'ભૂમિપુત્ર' મંગાવતા. પોતે ધ્યાનથી વાંચે અને વંચાવે. ગામનાં કામો એકલા કરે. ગામના રસ્તાઓમાં ખાડા હોય તો પોતે જાતે ગાડામાં માટી લાવીને ખાડા પૂરે. ઘરના કપાસનું રૂ જાતે પીંજે.થાળી કે ઓરસિયા ઉપર પૂણી બનાવે. અમને પણ આ બધું શીખવે. મોટા રેંટિયે કાંતે. બા પાસે કંતાવે. પોતાના મિત્ર એવા એક વણકર પાસે ગામમાં વણાવે. કપડાંને જાતે જેવા તેવા ટાંકા મારી ઝભ્ભો ને ટોપી સીવે અને પહેરે. પછી તો બધું સારું સીવતા થઈ ગયા હતા.

રોજ અડધો સમય હરિજનો સાથે વીતાવે. એમનાં સુખદુ:ખમાં ભાગીદાર બને. મારી બાને પહેલાં આ ન ગમે. બા એમને વઢે. પણ બાપુ તો કહે, સાચા હરિના જન તો આ જ છે, જેઓ તમારું મેલું સાફ કરે છે અને તમારાં જાતજાતનાં નીચાં ગણાતાં કામો કરે છે. બાપુ હરિજનોને વાવણી વખતે બિયારણ આપે, વરસાદની હેલીમાં પોતાનાં ઘરે ભરેલું સૂકું ઘાસ એમના બળદ માટે આપે. પૂજ્ય રવિશંકરદાદાનાં કામો ઠેઠ દૂર દૂર વાગડમાં જઈને કરે. (આની તો મને પાછળથી દાદાના એમના ઉપરના પત્રો ઉપરથી ખબર પડી.)

દાદાએ અમારા ગામમાં બાંધેલિયો કૂવો બંધાવ્યો. તે કામ મારા બાપુએ કરેલું. મને એક દિવસ હાથે કપડાં સીવતાં જોઈ, તો દાદાએ મારી સાથે વાત કર્યા વિના વારાહીના લચ્છીરામ બાપાને કહીને મારા ઘરે સીવવાનું મશીન મોકલી દીધું. મારા માથે દાદાના આ કેવા મોટા આશીર્વાદ ! આ સીવવાની કળા મને જીવનમાં કેટલી બધી કામ લાગી !

પૂજ્ય દાદાના હાથના લખેલા પત્રો મારી પાસે છે, જે બાપુજીએ સાચવેલા. હું નાની હતી ત્યારે પૂછતી કે આ કાગળો તમે કેમ ભરાવી રાખો છો? તો કહે, બેટા, મોટા માણસોના કાગળ ફાડી ન નખાય. એટલે મેં પણ કોઈ મોટા માણસોના પત્રો નહીં ફાડ્યા. તે બધા પત્રો મને મારાં સંશોધનોની નોંધ રૂપે ઓળખના આધાર-સ્તંભો બન્યા, જેને લીધે મને ઘણા એવોર્ડ મળ્યા.

આવું બધું યાદ રાખવું, તેને હું મનોવિજ્ઞાન સમજું છું. જીવનનું ઘડતર કેમ થાય છે, તેનું આ વિજ્ઞાન છે. પેલું વિજ્ઞાન, તેમ આ પણ વિજ્ઞાન જ છે. મારું ઘડતર આ રીતે થયું છે. મારા ગામમાં એ

વખતે દીકરી ભણે તેમાંની હું એક જ હતી. મારા બાપુએ મને ચાર ધોરણ ભણાવી.

હું નાની હતી ત્યારે રોજ રાત્રે બાપુ મને આંગણામાં આકાશ-દર્શન કરાવે. આ ધ્રુવનો તારો, આ વીંછુડો, આ સપ્તર્ષિ. તળાવમાં લઈ જઈને તરતાં શીખવે. અમારા ઘરમાં દીકરા-દીકરીનો જરીકે ભેદ નહીં. ધીરે ધીરે મારી બા પણ બાપુની પ્રવૃત્તિઓમાં સામેલ થઈ અને આ જ સાચા હરિના જન છે, એમ એ પણ બોલતી થઈ, અને હરિજન બહેનો સાથે કામ કરતી થઈ. મારી બા ખંત, ખુમારી, હિંમત, નીડરતા ને સત્ય-નિષ્ઠાવાળી હતી, ખડતલ હતી.

આ બધા સંસ્કારો મને વારસામાં મળ્યા છે. આજે મારી પશુપાલન પ્રવૃત્તિ દ્વારા દેશ અને દુનિયા મને ઓળખે છે, તે આ સંસ્કારોને કારણે. મને પૂજ્ય મોટાભાઈ જેવા સંતનું સાંનિધ્ય મળ્યું અને તેનાથી હું મારું જીવન ઉજાળી શકી, તે આ સંસ્કારોને કારણે. દરેક ઘરમાં બાળકોનું ઘડતર આવી રીતે થવું જોઈએ.

૦ માલતી

[અન્યથી અનોખો તરી આવે એવો આ લેખ ગામડા ગામમાં સામાન્ય ખેડૂતના ઘરે ઊછરેલી અને માત્ર ચાર ચોપડી ભણેલી એક બહેનનો છે. હૈયાની ઊલટથી એમણે આ બધું લખ્યું છે. ભાષા સાવ ગામડિયણ ને વણઘડાયેલી, પરંતુ શબ્દો એમના હૃદયના પુનિત ભાવથી સભર બન્યા છે.

ઉપરાંત, આમાં એક તળપદું ખમીર છે, નિર્મળ નિરાગસ હૃદયની પાવનતા છે. ચૌદેક વરસની ઉંમરે પૂ મોટાભાઈની ભૂદાન પદયાત્રામાં સાથે ફરેલાં આ બહેન એમનું વાત્સલ્ય ને વિશેષ કાળજી પામ્યાં છે. મોટા થઈને એમણે ગોપાલનમાં ભારે નામના મેળવી છે. ગાયનાં ખાણ-દાણ-પાણી-સાર-સંભાળમાં એમની અવ્વલ દરજ્જાની માવજતની કદર રૂપે યથોચિત સન્માન પણ પામ્યાં છે. દૂધસાગર ડેરી તરફથી પ્રોત્સાહક ઈનામ, અસ્પી ફાઉન્ડેશન તરફથી 'લાઈવસ્ટોક ડેવલપમેન્ટ ઍન્ડ મિલ્ક માર્કેટિંગનો લાખ રૂપિયાનો ઍવોર્ડ, ઇન્ડિયન ડેરી એસોસિએશન તરફથી 'અપગ્રેડેશન ઑફ ફાર્મ ડેરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર'નો લાખ રૂપિયાનો ઍવૉર્ડ વગેરે. આજે ગૂજરાત વિદ્યાપીઠના કૃષિ-પશુપાલન વિજ્ઞાન કેન્દ્રમાં તેમજ દૂધસાગર ડેરી, રેડીઓ-દૂરદર્શન વગેરેમાં સલાહકાર રૂપે પણ સેવા આપી રહ્યાં છે.

પૂ મોટાભાઈ ગ્રામ-સ્વરાજનું રટણ કાંઈ અમથું નથી કરતા. ગામડાં સાચું સ્વરાજ ભોગવે, સ્વાશ્રયી ને સ્વ-નિર્ભર થાય, એમનું તળપદું કૌવત પ્રગટે, એમની અસ્મિતા જાગે, તો આવી અનેક માલતીઓ સમાજ-નિર્માણ ને રાષ્ટ્ર-નિર્માણમાં પોતાનું યથોચિત યોગદાન નિર્બંધપણે સરળતાથી આપી શકે.]

સેવાધર્મની મને દીક્ષા મળી

અમે પાટણમાં વરસો સુધી રોજ પ્રાર્થનામાં ગીતાના બીજા અધ્યાયના સ્થિતપ્રજ્ઞના શ્લોકો નિયમિત બોલતા, ત્યારે થતું કે આ ગુણો કવિની કલ્પના છે, આવી ગુણસંપન્ન વ્યક્તિ કોઈ હોય જ નહીં. પરંતુ પૂજ્ય મોટાભાઈમાં મને સ્થિતપ્રજ્ઞ સંતપુરુષનાં દર્શન થયાં. મને એમની સાથે પદયાત્રામાં, હોસ્પિટલમાં, સર્વોદય સંમેલનોમાં, નેત્રયજ્ઞોમાં અને એમના ઘરમાં એમના અંતેવાસી બનવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે. પૂરાં ૧૨ વરસ હું એમનો નિકટનો સેવક રહ્યો છું.

મારી પત્ની અને નાની મારી દીકરી ધરતી સાથે મારું હેડક્વાર્ટર – નિવાસ એમનું ઘર હતું. વરસો સુધી અમારું એક જ રસોડું હતું. બંને પરિવાર સહેજ પણ કડવાશ વગર આમ સાથે રહી શક્યા તેમાં પૂજ્ય રતનબહેનનો પ્રેમાળ વાત્સલ્યપૂર્ણ સ્વભાવ વિશેષ કારણભૂત છે. એમનો દીકરો મિહિર ત્યારે મોટે ભાગે મોસાળમાં રહેતો. તેથી ઘણા મહેમાનો મને એમનો દીકરો સમજતા. આનું ગૌરવ હું આજે પણ અનુભવું છું. એમનું ઘર મારા માટે તીર્થધામ છે.

મહાત્મા ગાંધી અને સંત વિનોબાના વિચારોને આત્મસાત્ કરનાર, ત્યાગી-તપસ્વી જીવન જીવનાર, પ્રેમાળ, મારા જેવા અનેક સાથે કુટુંબભાવ રાખનાર, સહુ સાથે એકત્વ ને અદ્વૈતનો અનુભવ કરનાર, નિર્મળ પ્રેમ વહાવનાર આ વ્યક્તિમાં હું સ્થિતપ્રજ્ઞનાં દર્શન કરું છું. એમની આંતરિક જાગૃતિ અને હૃદયસ્પર્શી જીવનનો હું સાક્ષી છું. મેં એમને ક્યારેય ગુસ્સે થયેલા, મજાકમાં પણ અસત્ય બોલતા, નિરાશ કે કંટાળેલા,

વિરોધ કે ઝઘડાની ભાષા બોલતા જોયા કે સાંભળ્યા નથી. એમનામાં હું મહાન વિભૂતિનાં દર્શન કરું છું. એમનું જીવન દરેક ગૃહસ્થને આદર્શ ગૃહસ્થનું તથા આધ્યાત્મિક માર્ગે પદાર્પણ કરનાર દરેક સાધકને આદર્શ સાધકનું ઉદાહરણ પૂરું પાડે છે.

એમની આધ્યાત્મિક ઉચ્ચ અવસ્થાને મેં નજરોનજર નિહાળી છે, અનુભવી છે. એમની દિનચર્યા, સ્વભાવ અને સદાય પ્રવૃત્ત જીવનથી હું રજેરજ પરિચિત થયેલ છું. આ વ્યક્તિ મૂઠી ઊંચેરો માનવી જ નહીં, પણ જેની કોઈ સાથે સરખામણી ન કરી શકાય એવો માણસ છે. એમના અનેકાનેક ગુણો મારા હૃદયને સ્પર્શી ગયા છે અને મને હરપળ પ્રેરણા આપતા રહ્યા છે. એમના ગુણોનું હું નિત્ય સ્મરણ કરું છું.

આ અગાઉ હું ગુજરાતના સર્વોદય કાર્યકરોની સપ્તમી સભામાં વરસો સુધી નિયમિત ગયો છું. આજે પણ જિલ્લાની ત્રીજા રવિવારની માસિક મિટિંગોમાં પણ નિયમિત જાઉં છું. મારા એક મિત્ર મને વારંવાર કહે કે આ બધી મિટિંગોમાં તમે તો મૌન જેવા જ રહો છો, તમારાં કામોનો રિપોર્ટ પણ આપતા નથી, તો પછી જાઓ છો શું કામ ? હું કહું છું કે હું કેવળ મોટાભાઈનાં દર્શન માટે જાઉં છું. સાથે સાથે બીજા કેટલાક સમર્પિત કાર્યકરોનાં દર્શન થઈ જાય છે. ખરું કહું તો દ્વારકા, ડાકોર કે અમારા ગામના દ્વારિકાધીશના મંદિરે જઈને ભગવાનનાં દર્શન કરતાં વિશેષ આનંદ એમનાં દર્શનથી મને થાય છે. માટે કેવળ એમનાં દર્શન માટે જાઉં છું. મારે મન 'દર્શન' શબ્દ કેવળ મંદિર માટે સીમિત નથી. ગુણસંપન્ન વ્યક્તિમાં પણ પ્રભુદર્શનની ઝાંખી થાય છે. દર્શન એટલે શ્રદ્ધા, સ્થિતપ્રજ્ઞભાવ અને ગુણ-સમૃદ્ધિનાં દર્શન.

આ સંતપુરુષનું સાંનિધ્ય મને મળ્યું, તેને હું મારા જીવનની ઉત્તમ ઉપલબ્ધિ માનું છું. તેથી હું ધન્ય થયો છું. એમની પાસેથી મને અખંડ આનંદમાં, સંતોષમાં અને સેવામાં તન્મય રહેવાનો વારસો મળ્યો છે. તેથી હું ખૂબ સંપન્ન બન્યો છું.

નમ્રતા, સૌમ્યતા, નિરહંકારિતા તથા સેવા-સમર્પણનાં પગથિયાં વટાવી તેઓ નિષ્કામ કર્મયોગના યાત્રિક બન્યા છે તથા વરસો સુધી એમણે 'ચરૈવેતિ-ચરૈવેતિ' મંત્રને જીવનમાં સાકાર કર્યો છે. વિનોબા-પ્રણીત ગ્રામદાન પ્રવૃત્તિના ગુજરાતમાં તેઓ મુખ્ય પ્રેરક-સંચાલક બળ છે. સ્થૂળ આંખોના બાહ્ય રોગોને દૂર કરવામાં તેઓ નિષ્ણાત છે જ. પણ લોકોનાં બિડાયેલાં આંતરચક્ષુઓને ઉઘાડીને મુક્તિપ્રેરક જ્ઞાનનું તેજ આપવામાં તેમને વધારે રસ પડ્યો. અને આજે એમનો મોટા ભાગનો સમય તેમાં જ વીતી રહ્યો છે.

તેઓ જે છે તે ભગવાનની ભેટ છે. પરંતુ તેઓ આજે જે બન્યા છે, તે સમાજને અને ભગવાનને એમની ભેટ છે. એમનું જીવન ચિરકાળ સુધી સ્મરણીય રહેશે અને પ્રેરણા આપતું રહેશે.

૦ શ્યામસુંદર પરીખ

'એકત્વ કા દર્શન નિરંતર જો કરે !'

ઈશોપનિષદના સાતમા શ્લોકમાં ઉપરના અર્થવાળી એક પંક્તિ છે. ડૉક્ટર જોષીને ત્યાં સવાર-સાંજ પ્રાર્થના થાય. સવારે પ્રાર્થનામાં ઈશોપનિષદ બોલાય. સાંજના સ્થિતપ્રજ્ઞના શ્લોક બોલાય. વર્ષોથી મોટાભાઈના જીવનમાં નિયમિતરૂપે આ ક્રમ ચાલ્યા કરે. ઘણી સંસ્થાઓ અને ઘરોમાં આ પ્રાર્થના થતી જ હોય છે અને આપણે તે રોજ ગણગણીએ છીએ. પણ ડૉક્ટરના જીવનમાં અને ઘરમાં તે આપણને ચરિતાર્થ થયાનો અનુભવ થયા વગર ના રહે.

ડૉ. જોષી અને નનન (મુ. રતનબેન) પહેલાં વડનગર રહેતાં. વડનગર પણ અમારે અવાર-નવાર જવાનું થતું. ત્યારે ય એમના હાથની રસોઈ જમવા મળતી. કોઈ પણ કાર્યકર્તા હોય, કામ કરનાર બહેનો કે ભાઈઓ બધાં માટે એક જ પ્રકારની રસોઈ બને અને જમાડવામાં પણ એકસરખો જ વ્યવહાર. ઊંચનીચના, જાતિના, ઉમ્મરના કે ગરીબ, પૈસાદાર, ઓફિસર કે શ્રમ કરનાર હોય, કોઈ જાતના ભેદભાવ નહીં. મુ. રતનબેન જાતે જ રસોઈ કરી બધાંને પોતે જ પીરસે.

હવે મુ. મોટાભાઈ અને મુ. રતનબેન વિસનગર રહે છે. ઉંમરને કારણે જાતે રસોઈ ના થાય. બીજાં બધાં કામ કરવા માટે પણ એક-બે બહેનો આવે. થોડા દિવસો પહેલાંની વાત છે. હું અને જગદીશભાઈ વિસનગર બે-ત્રણ દિવસ મોટાભાઈ પાસે રહેવા ગયાં હતાં. રસોઈ કરનાર બહેનને તે દિવસે અગિયારસ. અમારા માટે રસોઈ બનાવી પછી પોતાના માટે અગિયારસમાં લેવાય તેવું ફરાળ પોતાને ઘેર બનાવે તેમ બનાવી લીધું. આપણને આશ્ચર્ય થાય કે રસોઈ કરનાર બેનને એટલું બધું પોતાપણું લાગે કે પોતાના માટે જે ખાવું-પીવું હોય તે માટે કોઈને પૂછવું જ ના પડે ! થોડી વાર પછી વાસણ કપડાં કરનાર બેન

જનસેવા માટે કે સાર્વજનિક કામ માટે આપણે આપણો સમય આપીએ છીએ, આપણી બુદ્ધિ તેમજ આપણી શક્તિ વાપરીએ છીએ. એ તો બરાબર જ છે, પણ એટલું પૂરતું નથી. જે સેવા કરવા નીકળ્યો છે, તેને માટે એ જરૂરી છે કે તે આની સાથોસાથ પોતાની ચિત્તશુદ્ધિ પણ કરતો રહે, નિરહંકાર બનવાની સાધના કરતો રહે. પરોપકાર કે લોકસેવા તેના પરિમાણ પર કે તેના વ્યાપ પર નહીં, હૃદયશુદ્ધિ પર અને સાચા પ્રેમભાવ પર નિર્ભર છે. એટલા વાસ્તે એમ જ કહેવું પડે છે કે ચિત્તશુદ્ધિ કરવી, એ જ સાચી સાર્વજનિક સેવા છે.

સાર્વજનિક સેવા માટે આપણે ગમે તેટલો સમય આપીએ, ગમે તેટલી આપણી બુદ્ધિ વાપરીએ, ગમે તેટલી શક્તિ આપણી તેમાં લગાડીએ, તેમ છતાં આટલાથી કામ થતું નથી. સેવાનું કામ કરતાં-કરતાં આપણી ચિત્તશુદ્ધિ નિરંતર થતી રહેવી જોઈએ. અને આપણા કામની કસોટી પણ એ જ હોવી જોઈએ.

આ ચિત્તશુદ્ધિની વ્યાવહારિક પ્રક્રિયા એ છે કે આપણું નિરંતર આત્મ-પરીક્ષણ કરતા રહેવું. જે દોષ દેખાય, તેનું નિવારણ કરતા જવું. જે ભૂલ જણાય, તે ફરી ન થાય તેવો નિશ્ચય કરીને મથતા રહેવું. ઈશ્વરને સમર્પણ કરવું. કામ કરતાં-કરતાં ચિત્તમાં વમળો ન ઊઠે, એવી કોશિશ કરવી. મનનાં સ્પંદનો વિશે સતત સતર્ક રહેવું. નામ-સ્મરણ કરવું.

૦ વિનોબા ૦

આવી. મોટે ભાગે તે ઠાકોર જ્ઞાતિની હશે. તેણે આવીને તરત જ પૂછ્યું કે "મારી ચા બનાવી કે નહિં ?" અમે ચા બનાવવાનું ભૂલી ગયાં હતાં તો તેણે કહ્યું, "કાંઈ વાંધો નહિ, હું કેળાં ખાઈ લઈશ." મને આ સંવાદ સાંભળીને થયું કે આ ઘરમાં બધાં જ કેવી આત્મીયતાનો અનુભવ કરે છે ! આ લખું છું ત્યારે થાય છે કે આ બધો સદ્‌વ્યવહારનો યશ નનનને (મુ. રતનબહેનને) જાય છે. નનનની ગળથૂથીમાં આ સંસ્કારોનું સિંચન થયું છે. તેમના માટે આ વ્યવહાર એકદમ સ્વાભાવિક છે. મોટાભાઈના ઘરમાં આવીને આ ગુણો ફૂલીફાલીને વિકસિત થયા અને રોજ પ્રાર્થનામાં બોલાતો શ્લોક 'એકત્વ કા દર્શન નિરંતર જો કરે'ના રટણનું દર્શન રોજબરોજના વ્યવહારમાં અનુભવાયું.

આવી યોગી વિભૂતિને વંદન.

૦ મંજુલા શાહ

પ્રસન્નચિત્ત યજ્ઞમય જીવન

ડૉક્ટર જોષીસાહેબ સાથે ભરૂચ અને વલસાડ જિલ્લાના આદિવાસી વિસ્તારની પદયાત્રાઓ કરવાનો સુયોગ મળ્યો. અમારો મુકામ આદિવાસીઓની ઝૂંપડીઓમાં રહેતો. ભોજનમાં પણ લુખ્ખો-સૂકો રોટલો હોય. તેવું જ સૂવા-બેસવા વગેરેમાં પણ. આવા પ્રસંગે તેઓ જે સહજ આવી મળે, તે પ્રેમપૂર્વક સ્વીકારે. બધી જ પરિસ્થિતિમાં આપણને એમની પ્રસન્નચિત્તતા એવી ને એવી એકસરખી જોવા મળે. ક્યારેય કોઈ વિશેષ સગવડની માંગ નહીં. ક્યારેય પોતે કંઈ વિશેષ છે, તેવું કોઈને લાગે નહીં. સાવ સામાન્ય થઈને જ જીવે. સભામાં પણ પોતાના સાથીને બોલવા માટે આગળ કરે, પોતે પાછળ રહે. બોલવું થોડું, કરવું વધારે એ તેમનો સહજ સ્વભાવ.

એમનાં વાણી-વર્તન એવાં કે કોઈને એવો ભાવ ન થાય કે એક નિષ્ણાત ડૉક્ટર મોટો ત્યાગ કરીને ગામડાંમાં ફરે છે. તેમને મેં ક્યારેય ગુસ્સે થતા જોયા નથી. હમેશાં જોવા મળે નમ્રતાયુક્ત હસતો ચહેરો. કોઈની પણ સાથે એમને મનમેળ નથી, એમ જોવા ન મળે.

સમી તાલુકામાં પણ અમે સાથે પદયાત્રા કરી. ઉત્તરાવસ્થામાં પણ તેમનો કર્મયોગ ચાલતો રહ્યો. ત્યાં ગુજરાતના બધા મિત્રોને બોલાવીને સમૂહ પદયાત્રાઓ પણ રાખેલી અને શિબિર-સંમેલન પણ કરેલાં. તાલુકાનાં કેટલાંક ગામોમાં સઘન કામનું પણ આયોજન કર્યું. મંડળે હમણાં જ્યારે સર્વોદય-મિત્રો બનાવવાનું અભિયાન ઉપાડ્યું, તો આ ઉંમરે પણ તેઓ વિસનગરની શેરીએ શેરીએ ફરેલા. મહેસાણા, પાટણ અને બનાસકાંઠાના કાર્યકરોને પ્રેરણા આપતા રહી એમને સક્રિય રહેવાનું બળ તેઓ આપતા રહે છે. પ્રવાસ આદિની મર્યાદા આવી, તો એમણે પત્ર-અભિયાન શરૂ કર્યું. જે ગામો ગ્રામ-પરિવારની દિશામાં વળેલાં, તેમને પત્રો દ્વારા પ્રોત્સાહન આપતા રહેતા. કાર્યકરોને પણ પત્રો દ્વારા સાબદા રાખતા.

એક વાર એક સંસ્થામાં બે મુખ્ય કાર્યકર્તા વચ્ચે મનદુ:ખ થયેલ. આ પ્રસંગે મને એમની ધીરજ અને કુશળતાનું દર્શન થયું. બંનેને સાંભળીને સંસ્થાના બધા સ્થાનિક સેવકોને નિર્ણય કરવા સૂચવ્યું અને છેવટે એકમેકને ક્ષમા આપવા પ્રેરણા આપીને 'ઘીના ઠામમાં ઘી પડી રહ્યું' –ની કહેવત મુજબ બંનેને પ્રેમથી કામ કરતા કર્યા. ત્યારે મેં એમને એક કુશળ વિષ્ટિકાર તરીકે જોયા.

આજે ડૉક્ટરસાહેબની જેમ મિહિરભાઈએ પણ આંખના નિષ્ણાત ડૉક્ટર બની પૈસા નહીં પણ પ્રેમ કમાવા સેવાયજ્ઞની ધૂણી ધખાવી છે. મારી એવી સમજ છે કે જ્યાં નિષ્કામ સેવાયજ્ઞ ચાલે છે, ત્યાં તેમનાં સંતાનો પણ તે પ્રવાહને ચાલુ રાખે છે. ડૉક્ટરની સાથે દીદી રતનબહેનને પણ યાદ કરવાં જ રહ્યાં.

ડૉક્ટરના યજ્ઞમય જીવનના પાયામાં રતનબહેન છે. તેઓ હંમેશાં એમની સાથે ને સાથે રહ્યાં છે.

૦ કરસનદાસ વાછાણી

પ્રસન્નાત્મા

"ગુજરાતમાં આવે ત્યારે એક દિવસ માટે પણ વિસનગર આવી જવું" —મોટાભાઈનું પ્રેમાળ આમંત્રણ ઊભું જ હોય છે. અને આ માર્ચ (૨૦૦૫) મહિનામાં તે અવસર મળ્યો. મોટાભાઈ-રતનબેનની પ્રેમળ છાયામાં થોડા કલાક જ વીતાવ્યા પણ તેમાં જે વાત્સલ્યનું ભાથું મળ્યું તેણે ભર્યા-ભર્યા કરી દીધાં. ઉપરાંત તેમની નિત્યની સાદગી, સચ્ચાઈ, સહજતા તથા સાતત્યનો સ્પર્શ ભીતરી સંપન્નતાને અજવાળી ગયો.

એકનિષ્ઠ અખંડભાવે તેઓ ગાંધી-વિનોબાના કામ અને વિચારને સમર્પિત. ગાંધી-વિનોબાએ ચીંધેલાં સામાજિક કામ તેઓ અપ્રમત્ત વૃત્તિથી કરતા રહ્યા. જે કામ હાથમાં લીધું તેને ફળનિરપેક્ષતા ને સાતત્યપૂર્વક કરતાં રહેવું એ તેમનો સહજ સ્વભાવ. સફળતા મળી ન મળી, આપણે આપણું કર્તવ્યકર્મ કરતા રહેવાનું —આ વૃત્તિ હોવાથી જીવનમાં ક્યારેય ક્ષોભ ન પ્રવેશે. કશું ય તેમને વિચલિત ન કરે. માન-સન્માનની કોઈ ચાહ નહીં. અપમાનનો કોઈ ભાર નહીં. સુખ-દુ:ખની માનસિકતાથી ઉપર ઊઠેલું વ્યક્તિત્વ.

જીવનની બેઠક સ્વાધ્યાય-પ્રાર્થનાની. તેની સાથે સાથે સમાંતરભાવે રચનાત્મક કામ પણ ચાલતું રહ્યું. શાંતિ તેમના સ્વભાવનું સહજ અંગ. ક્રાંતિકાર્યનું પણ તેવું જ આકર્ષણ. એટલે દાકતરીની ધીખતી પ્રેક્ટિસ છોડીને મુંબઈથી ગામડે જઈને વસ્યા અને ત્યાં જ સ્થિર થયા. ક્રાંતિની તમન્ના અને આધ્યાત્મિક સાધના, બંને પાસાંઓનું આજીવન અનન્યભાવે સેવન થતું રહ્યું અને એમના વ્યક્તિત્વને અંતર્બાહ્ય અજવાળતું ગયું. એમની સૌમ્ય-સાત્ત્વિક વૃત્તિની આભા સદા એમના ચહેરા પર ઝળહળતી ભાળી છે.

વિનોબાજીના આધ્યાત્મિક વિચારોનું ઊંડાણ તેમને સ્પર્શે છે. સ્વાધ્યાય-પ્રાર્થના-કતાઈનો તેમનો ક્રમ છૂટે નહીં અને ગ્રામસ્વરાજ-ગ્રામ પરિવારનો મંત્ર ક્યારેય વિસારે પડે નહીં. શરીર સાથ આપે તેટલું કામ કરતા રહેવાનું. શરીરનો સાથ ન હોય ત્યાંયે માનસિક જપ તો ચાલુ રહેવાનો જ. તેમના તપ:પૂત જીવનને કારણે એ જપ પણ પોતાનું કામ કરે જ.

નિત્ય સ્વાધ્યાય તેમને નિત્ય તાજા રાખે છે. 'મૈત્રી' પત્રિકાનો કોઈ પણ લેખ ગમ્યો કે તરત સંબંધિત વ્યક્તિને પત્ર લખ્યો જ છે. અત્યંત નિખાલસભાવે ગુણગ્રહણ વૃત્તિ ત્યાં પ્રકટ થઈ હોય. તો ક્યારેક નમ્રતાભાવે જિજ્ઞાસા ડોકાતી હોય. તેમનું સ્મરણ થતાં ભગવદ્ગીતાના દૈવી સંપત્તિના ગુણોનું સહજ સ્મરણ થઈ આવે — અમાનિત્વં અદંભિત્વં અહિંસા શાંતિર્ આર્જવમ્....

શંકરાચાર્યનો આદેશ છે, गेयं गीतानामसहस्रम् —ગીતા અને વિષ્ણુસહસ્રનામ સદા ગાતા રહો. ગીતાનું ચિંતન-મનન અને તદનુસાર આચરણનો પ્રયત્ન તથા વિષ્ણુસહસ્રનામનો પાઠ મોટાભાઈ રોજ કરતા હોય છે. અમે ગયા તે દિવસે ૧૦-૩૦ થયા કે કહ્યું, ચાલો હવે વિષ્ણુસહસ્રનામનો પાઠ કરીએ. અને તેમની પાવન સંનિધિમાં તે દિવસે વિષ્ણુસહસ્રનામનો પાઠ થયો. વિષ્ણુસહસ્રનામમાં ભગવાનનું એક નામ છે – પ્રસન્નાત્મા. વિનોબાજીએ પ્રસન્નાત્માનો અર્થ બતાવ્યો છે — રજોગુણ અને તમોગુણથી પૂર્ણતયા મુક્ત. કેવળ શુદ્ધ સત્ત્વગુણથી પરિપૂર્ણ.

સાત્ત્વિકતાની મૂર્તિ એવા મોટાભાઈનાં ચરણોમાં શતશ: પ્રણામ.

૦ ઉષા વોરા

સોનાની શલાકા

૧૯૭૦ પછીના દશકામાં મુંબઈમાં ગીતાઈ-પ્રચાર માટે ફરતાં ફરતાં સાયન ક્ષેત્ર એક રીતે અમારું કેન્દ્ર બન્યું. સાયનમાં એક સુગંધ ચોગરદમ ફેલાયેલી,

એક નિષ્ણાત આંખના ડૉક્ટરની. લોકો કહે, ''સર્વતો ભદ્ર વ્યક્તિત્વ ને સર્વ-હિતની લાય લાગેલા ભેખધારી. ધીખતો ધંધો છોડી વડનગર જઈ બેઠા છે.''

વિનોબાજીએ 'મુંબઈ-પૂના ક્ષેત્ર' પર એકાગ્ર થવા કહેલું તેથી ગુજરાતમાં જવા પર મેં રોક રાખેલી તેનું પહેલું તાળું આ ડૉક્ટરકાકાએ જ ખોલાવ્યું. ''૧૮ દિવસમાં અમને ૧૮ અધ્યાયનું ભક્તિ-ચિંતન સંભળાવ'' અને હું વડનગર પહોંચી. ને વ્હાલાં નનને અઢળક પ્રેમથી ભીંજવી દીધી. ડૉક્ટરકાકા એટલે જીવતી ભક્તિની ફરતી તળાવડી. એમના સત્સંગમાં આખું વડનગર ન્હાતું. હું પણ જીવ પરોવીને શીખતી ગઈ.

તે સમયમાં ડૉક્ટરકાકા 'ભગવાન'નું નામ ન લેતા. 'પરમ તત્ત્વ' 'પરમ તત્ત્વ' એમ નિરન્તર જપે. એમણે કોઈને ય વિરોધ ન થાય એવો મંત્ર પોતાને માટે શોધી લીધેલો. સવારે પ્રાર્થનાથી દિવસ ઊઘડે ત્યારે બાબાનું કંઈ જરૂર વાંચે.

રોજ સાંજે આસપાસનાં ગામડાંમાં એમની સાથે જવાનું થતું. મુસલમાન ગામોમાં ખાસ કરીને દરેકની ખબર પૂછે. બધાં હળી-મળીને રહીએ એવા સર્વોદયના નાના નાના કાર્યક્રમો સૂચવે. બધાંયની અનંત સમસ્યાઓ, પરિસ્થિતિના અદમ્ય ગુંચવાડાઓ, કંઈ કેટલાયે રોગો, દુ:ખો, વિષમતાઓ, બધું ડૉક્ટરકાકા પાસે ઉલેચાઈ જાય. કાકા આ બધાંયના ઘરના વડદાદા ને સ્વર્ગથી ઊતરી આવેલા સંત ! ડૉક્ટરકાકા વડનગરને ઘેર ઘેર લઈ જાય ને હર જાતિ-કોમના ઊંબરાઓ એમના સ્વાગતના ઊમળકે ઊજળા થાય.

તે દિવસથી આજે ત્રીસ વરસ થયાં, પવનારથી જ્યારે જ્યારે આવું ત્યારે એમનું વાત્સલ્ય-ભીનું ઘર મારા માટે સદાય ખુલ્લું રહ્યું છે. વસંતભાઈ-રત્નપ્રભા ને મિહિરભાઈ-હેમાએ પણ પોતીકા સ્વજનનો જ મને અનુભવ કરાવ્યો છે.

ડૉક્ટરકાકા એટલે અઢળક શાંતિ. ડૉક્ટરકાકા એટલે નમ્રતાની સીમા. ડૉક્ટરકાકા એટલે તદ્દન સ્વનિર્ભર સ્વતંત્ર વ્યક્તિત્વ. એમને કોઈ ગમે તેટલું વઢે, શબ્દો પહાડ સાથે અથડાઈ વેરાઈ જાય. એમને કોઈ ગમે તેટલું કોઈના પણ વિરુદ્ધ ચઢાવે, કાનથી આગળ કોઈ નિંદાનો એકે ય અક્ષર મન સુધી જવાના બધા રસ્તા તોતીંગ દરવાજાઓથી બંધ. કોઈ એમને ગમે તેટલું તત્ત્વજ્ઞાન પીવડાવે કે આપણાથી આમ થાય ને આમ ન જ થાય, આપણાથી અમુકને બિરદાવાય ને અમુકને ન બિરદાવાય, આપણાથી ચોગરદમ ખુલ્લા ન રહેવાય, સાચવીને વર્તાય ને તોળીને અપાય ને દુનિયાને સમજીને જિવાય ઇત્યાદિ, પણ ડૉક્ટરકાકાનો ભાવપ્રદેશ ચોમાસાની પ્રસન્ન ડોલતી સમૃદ્ધ હરિયાળી માટેનો અતલ સ્રોત પામી ચૂકેલો. એમને પોતાના હૃદયના શુદ્ધ ભાવ સાથે ને ''સૌનું કરો કલ્યાણ''ના વ્રત સાથે મતલબ. સર્વત્ર ભગવદ્‌ભાવથી આ ભટ્ટજી અધિક જ ભોળા થયેલા. તેમાં વળી ગાંધી-વિનોબાનો સર્વોદયનો સુરો પીધો, પછી પૂછવું જ શું ?

આવું વ્યક્તિત્વ કેટલાય જનમનાં તપથી સર્જાયું હશે, તેની કલ્પના કેમ કરવી ? તેમણે ક્ષણે ક્ષણે કેટલાં ગરલ ગળવાં-પચાવવાં પડ્યાં હશે, તેનું ગણિત-સરવાળો કોણ કરે ? એ તો એટલા બધા માટી સાથે ઝૂકીને એકરૂપ થયેલા કે તેમને 'મૂઠી ઊંચેરા માનવી'ય ન કહેવાય ! વડલારૂપેય ન કહેવાય. એમને માટે શી ઉપમા અપાય ? એમને અંજલિરૂપે શું ભેટ ધરાય ? જીવનમાં જે કોઈ વ્યક્તિને એ મળ્યા હશે, તેમના હૃદયાકાશમાં એક અહેસાસ જીવી ગયો હશે —એક ઉજ્જવલ શલાકાની અમર સ્મૃતિ કે અહો ! અમને એક માણસ એવું મળેલું કે જેણે અમને પરિપૂર્ણ સ્વીકાર કરેલ ને અહેતુક સ્નેહ-કૃપાઓથી અમને શીખવેલ કે 'માણસ આમ બનાય.' આવા ય માણસનાં દર્શન સહચરને જીવનમાં શક્ય બને છે, એ આશાનો કેટલો મોટો મિનારો બને છે આજના યુગમાં !

o પ્રવીણા દેસાઈ

કોઈનો ન પડે પડછાયો

બ્રહ્મવિદ્યામંદિરમાં આવી તે વર્ષે જ એક સમ્મેલન થયું. દેશભરના અનેક સજ્જનોને મળવાનું. એક લહાવો જ હતો. આ આસામના અમલપ્રભા બાઈદેવ ....આ ગુજરાતના ડૉ. જોષી .... આ ઓરિસ્સાના ચુનીઅપ્પા..... ભારતની ભદ્રતા અને સજ્જનતા ત્યાં એકઠી થઈ હતી.

ડૉ. જોષીને મળી. પહેલી મુલાકાતમાં જ સાધના વિષે ચર્ચા શરૂ થઈ —

''દુનિયામાં જે સારું છે તેને જોઈને આનંદ થાય છે. જે ગુણરૂપે છે તેને જીવનમાં લાવવા પ્રયત્ન કરવો. અને જે સ્થૂળ રૂપે છે તે મને મળે તેવો ભાવ જાગૃત ન થવા દેવો. જે જ્યાં છે તે મારું જ છે, એવો ભાવ રાખવો. આ અસંગ્રહ વ્રત માટે જરૂરી છે....'' પહેલી મુલાકાતમાં આવા અનેક વિચારો પર ચર્ચા થઈ.

ત્યાર પછી તો જ્યારે જ્યારે અમદાવાદ જવાનું થાય, ત્યારે ડૉક્ટરકાકાને મળવા સત્સંગ માટે વિસનગર કે વડનગર જાઉં જ. પોતાના ઘરે જ ગઈ હોઉં તેવો ભાવ નનનનો અને પોતાપણું છતાં નિર્લિપ્તતા, તે કાકાનો ભાવ. એમની શાંત ગરિમા પોતાની મેળે જ અંતરમાં ઊતરે.

લોકોના બોલવાની ચિત્ત પર અસર કેમ ન પડવા દેવી, સમત્વ રાખવા શું કરવું, મનની શાંતિ કેમ અવિચળ રહે..... વગેરે. દર વખતે આવી અનેક વાતો પર સત્સંગ સ્વ-અનુભવને આધારે થાય.

''બ્રહ્મવિદ્યામંદિરને ૪૫ વર્ષ પૂરાં થયાં. આટલાં વર્ષો સ્થિતપ્રજ્ઞના શ્લોકો બોલો છો તો બધી બહેનોના રાગ દ્વેષ ગયાં કે ? —આ તો સાધનાની શરૂઆત છે.'' છેલ્લે મળી ત્યારે તેમનો પ્રશ્ન હતો. અને પછી ઉદાહરણો દ્વારા ચર્ચા. તેમની સતત જાગૃતિ તેમના સત્સંગમાં આપણને પણ ઝકઝોરી જાય અને ઉત્સાહ આવે આગળ વધવાનો.

બધાં સાથે એમને પોતાપણું લાગે. મન ક્યાંય વચ્ચે ન આવે. બધાંની આર્થિક, શારીરિક, માનસિક, આધ્યાત્મિક, ઉન્નતિ થતી રહે એ જ એમનો ભાવ.

મારો સદાનો એક જ અનુભવ રહ્યો. આ એક એવા માનવ છે જેની ઉપર કશો પડછાયો પડી જ શકતો નથી. કોઈ સંગ એમને એમની સ્થિર ને સ્વતંત્ર ભલાઈ-ભૂમિકામાંથી હલાવી શકતો નથી. એમને ભાવભર્યા પ્રણામ !

૦ ભાવિની

ભીતર-બાહર એક હી જનો !

૧૯૮૦માં 'ગુજરાત સમાચાર'માં વિનોબાના ફોટા સાથે 'ગીતા પ્રવચનો'ના પ્રચાર માટે લખાણ આવ્યું હતું. મેં ઊંઝાના વાસુદેવભાઈને વાત કરી. એમણે ગોપાલભાઈને બોલાવ્યા. અમે 'ગીતા પ્રવચનો' મંગાવ્યાં અને સંબંધી મુમુક્ષોને વહેંચ્યાં.

ગોપાલભાઈ મને વડનગર જોષીસાહેબ પાસે લઈ ગયા. એમણે ખાદી પહેરવાનું અને રેંટિયો કાંતવાનું સૂચન કર્યું. અગાઉ જોષીસાહેબ નવાપુરામાં રહેલા, ત્યાં હવે કાન્તિભાઈ શાહ રહીને ખેતી તથા ગામમાં સામાજિક કામો કરતા. અમે અવારનવાર ત્યાં જતા.

પછી વિનોબાજીના આદેશ મુજબ ગોહત્યાબંદી માટેનું કામ જોષીસાહેબે ઉપાડ્યું. અમે સાથે થયા. બળદ-ગાડું રાખી ચિત્રો, ચાર્ટ વગેરે સાથે ફરતા. પગપાળા જતા. રતનબહેન પણ સાથે રહેતાં. પ્રાર્થના, ગ્રામસફાઈ, નિશાળમાં કાર્યક્રમ, લોકોને મળવું, રાતે સભા કરવી. ડૉક્ટરસાહેબ ગોહત્યાબંધી અને ગોસેવા અંગે સરસ રીતે સમજાવતા.

જોષીસાહેબ સાથે ગોપનાથ શિબિરમાં ગયો. કમ્પાઉન્ડમાં પડેલો કચરો સાફ કરે. દેવનારના સત્યાગ્રહમાં પણ એમની સાથે મુંબઈ ગયેલો. એમનું ગાયના દૂધનું વ્રત. તેનું ચુસ્તપણે પાલન કરે. સાદું જીવન. રોજ નિયમિત રેંટિયો કાંતે.

૧૯૮૫-૮૬માં બે વર્ષ સમી તાલુકાના દુકાળ વખતે એમની સાથે ફંડ માટે ફરવાનું થયું. લોકોએ ઘણો સહકાર આપ્યો. ૧૪ થી ૧૫ લાખનું બાજરીનું વિતરણ ગામડે-ગામડે કર્યું. સત્યના આગ્રહી. એક વખત કંઈક અંગત ખર્ચ હતું, તે સંસ્થામાંથી લેવાની ના પાડી. ફાળા માટે જાય ત્યાં બધે કામની વિગત સમજાવે. કોઈને આગ્રહ કરે નહીં. જે આપે તે પ્રેમથી લેવાનું. ન આપે તોયે પ્રેમ જ.

આળસ જરાયે નહીં. સવારે પાંચ વાગે ઊઠે. નક્કી દિનચર્યા પ્રમાણે જ બધું કરે. ખેતીવાડીનુંયે કામ કરે. સમૂહ વાચન વગેરે પણ ચાલે. પદયાત્રામાંયે બધો કાર્યક્રમ નિયમિત ચાલે. દરેકની અંગત સંભાળ રાખે. જઈએ એટલે પૂછે —શું વાંચો છો ? શું પ્રવૃત્તિ કરો છો ? અને સાચો રાહ બતાવે. એમની નિકટ રહ્યો. એમનામાં કયારેય લોભ-મોહ જેવું કંઈ જોયું નહીં. એમના મોઢેથી કોઈની નિંદા કદી સાંભળી નથી. એમનાં પ્રવચનો સાંભળી આપણામાં ભાવના જાગે. પરમાર્થ સિવાય કોઈ વાત એમની પાસે હોય નહીં. હિસાબી કામ પણ બહુ કાળજીથી કરે અને અમારી પાસે પણ કરાવે.

મેં જોયું કે તેઓ સતત પ્રભુમય ચિંતનમાં જ રહે છે અને કામ કરે છે. કોઈને મન-વચન-કર્મથી એમણે દુઃખી કર્યા નથી. 'હું કંઈ છું' — એવું એમનામાં લગીરે નથી. કોઈના ઉપર વિચારો લાદે નહીં. સહુના ઉપર પ્રેમ રાખે.

એમણે મારા જેવા અનેક માણસોને સત્ય-પ્રેમ-કરુણાના પાઠ શીખવ્યા. સતત પરમાર્થનાં કામો કરી લોકોને પ્રેરણા આપી. એમના હૃદયમાં પ્રભુ અને બહાર પણ પ્રભુ જ દેખાય છે. પૂ. મોટાભાઈએ શરૂમાં લોકોની આંખો સારી કરી એમને દેખતા કર્યા અને પછીથી લોકોનાં હૃદયને પ્રભુમય કરી જાગતા કરીને એમની પાસે પરમાર્થનાં કામો કરાવ્યાં. લોકોનાં જીવનમાં સદ્‌ગુણો પ્રસરતા રહે તે માટે તેઓ સતત મથતા રહ્યા.

પ્રભુ એમને લાંબું આયુષ્ય આપે અને એમની પ્રેરણાથી લોકો સારાં કામો કરતા રહે, એ જ પ્રાર્થના !

૦ હીરાભાઈ

સાકર અને તેની મીઠાશ

ડૉ. જોષીસાહેબની પ્રથમ મુલાકાત સાવરકુંડલા તાલુકામાં ૧૯૫૭માં થઈ અને પછી જુદા જુદા વિસ્તારોમાં પદયાત્રાઓ યોજાતી, તેમાં એમની સાથે રહેવાનું થતું. સાથે રતનબહેન પણ અચૂક હોય. ૧૯૬૩માં ઉપલેટા તાલુકામાં પદયાત્રાઓ થયેલી, ત્યારે પણ બંને આવેલાં. ૧૯૭૨માં બિહારમાં જવાની વિનોબાજીએ અને ધીરેનદાએ હાકલ કરેલી. ત્યારે અમુલખભાઈએ આયોજન કરીને ગુજરાતમાંથી ટુકડીઓ મોકલેલી. ત્યારે એક ટુકડીમાં મારે પણ જોષીસાહેબ સાથે રહેવાનું થયેલું. અમારી ટુકડીનો કેમ્પ સિંહેશ્વર તાલુકામાં હતો. એક શાળામાં અમારો મુકામ. તે વખતે દિવસો સુધી ડૉ. જોષીસાહેબ અને રતનબહેન સાથે પદયાત્રા કરવાનું અને રહેવાનું થયું.

ત્યાર બાદ ભરૂચ જિલ્લામાં ગ્રામદાન અભિયાન વખતે પણ અમે સાથે જ હતા. આ રીતે મને ડૉ. જોષીસાહેબ પાસેથી સદ્‌ગુણોનું ઘણું બધું ભાથું મળેલ છે.

હું ડૉ. જોષીને સાકરની ઉપમા આપું છું અને રતનબહેનને સાકરની મીઠાશની. સાકર અને તેની મીઠાશ જુદાં પાડી શકાતાં નથી. એવી રીતે મારી જેટલી શ્રદ્ધા ડૉ. જોષી ઉપર છે, તેટલી જ રતનબહેન ઉપર પણ છે.

લખવા બેસીએ તો ઘણું લખાય. પણ શ્રદ્ધા-સુમન રૂપે આટલી મારી પુષ્પાંજલિ સમર્પિત કરું છું.

૦ હીરજીભાઈ પટેલ

નમ્રતાની સાક્ષાત્ મૂર્તિ સમા

ડૉ. દ્વારકાદાસભાઈના જીવનનું મૂલ્યાંકન તો કોઈ માલમી કે કસબી જ કરી શકે. મારું એવું ગજું નથી, એમ કહું તો તેમાં મારી નમ્રતા નથી, પરંતુ એવી મારી લાગણી છે.

ડૉક્ટરશ્રીને નજીકથી જોવાની મને તક મળી નથી. વધુ સાચું એ છે કે મેં એ તક ઝડપવા કોશિશ કરી નથી. પરંતુ મારા ચિત્ત ઉપર એમની અસર એક સંત કોટીની રહી છે. સાપ કાંચળી ઉતારી નાંખે તેટલી સહજતાથી તેમણે દબદબાભરી સાહ્યબી, તેમની ધીકતી કમાણી છોડીને કમંડળ હાથમાં પકડ્યું. તેમનાં પત્ની રતનબેન પણ રાજરાણીની સાહ્યબી છોડીને ખભે થેલો નાંખીને નીકળી પડ્યાં. આવું એમનું ત્યાગભર્યું દાંપત્ય છે. આની જોડી જડવી મુશ્કેલ છે.

બીજું, મને એક એવી સચોટ છાપ પડી કે તેઓ નમ્રતાની સાક્ષાત્ મૂર્તિસમા છે. અહંકારથી મહદ્ અંશે અળગા બની ગયા છે. સાધુજીવનમાં પણ અહંકારમુક્તિ મુશ્કેલ હોય છે, ત્યારે ડૉક્ટર દંપતી માટે એ સહજ સ્વાભાવિક બની જવા પામ્યું છે. એનો અર્થ એ કે એ વસ્તુ એમને આત્મસાત્ બની જવા પામી છે. એમણે કરેલો ત્યાગ પણ એટલો જ સહજ સ્વાભાવિક બની રહ્યો છે. હર્ષ-શોકની લાગણીથી પર એવી એમની માનસિક ભૂમિકા સર્જાઈ ચૂકી છે. જીવન સહજભાવે જીવી જવું. હર્ષ-શોકથી ઉપર ઊઠી જવું. આ એમના જીવનની ખૂબી છે એમ મને લાગ્યું છે.

"હર્ષ-શોકની હેડકી ના આવે ને,
આઠે પહોર આનંદ રે."

આવી એક ઉચ્ચ ભૂમિકા એમણે પ્રાપ્ત કરી હોય તેવી મારા મન ઉપર છાપ પડી છે.

બીજાનું સારું કામ જોઈને આપણને આનંદ થવો જોઈએ અને તેમાંથી પ્રેરણા મળવી જોઈએ. સેવાના ક્ષેત્રમાં મત્સર શું કામ હોય ? તેના જેવી શક્તિ જો આપણામાં ન હોય, તો તેનાથી આપણને ઈર્ષા થવી ન જોઈએ. બલ્કે, તેના પ્રત્યે આદર થવો જોઈએ.

જો મત્સર થતો હોય, તો એમ માનવું કે આપણી પોતાની દુર્બળતાનું તેમ જ આપણા અહંભાવનું તે લક્ષણ છે, આપણી પોતાની પુરુષાર્થહીનતાનું લક્ષણ છે.

માટે બીજાનું સારું જોઈને મત્સર નહીં, આદર જ થવો જોઈએ. આવો આદર હૃદયની એકરસતા વિના નહીં પાંગરે.

૦ વિનોબા ૦

તેમણે જીવનપર્યંત લોકહિતાર્થે જે જે કાર્યો કર્યાં તેની યાદી નથી લખતી. બીજા મિત્રોના લેખોમાં તેનો સમાવેશ થયો જ હશે.

આંખના એક બાહોશ ડૉક્ટર તરીકે લોકોની આંખોનાં દુઃખ-દર્દોના નિવારણ માટે ભરચક કોશિશ તેમણે તો કરી જ છે, પરંતુ જ્યારથી તેમનું આંતર-બાહ્ય ક્લેવર પરિવર્તન પામ્યું ત્યારે લોકોનાં આંતર ચક્ષુઓના બદલાવ માટે પોતાનું જીવન સમર્પિત કરી દઈને ડૉક્ટર દંપતી પોતાનું જીવન ધન્ય કરી જ ગયું, એટલું જ નહિ પરંતુ તેમના જીવનમાંથી પ્રેરણા લઈને અનેક નવજુવાનો દીક્ષિત થયા, જેઓ આજે ચોમેર પ્રકાશ પાથરી રહ્યા છે.

ડૉક્ટર દંપતીને વંદના સાથે વિરમું છું.

૦ જયાબહેન શાહ

મહારાજની હરોળના

પાંચેક દાયકા પહેલાં કે તેની આસપાસમાં મહેસાણા જિલ્લાના ખેરાળુમાં મારા બનેવી શ્રી કે. જે. દેસાઈ ન્યાયાધીશ હતા, ત્યારે મારે ખેરાળુ જવાનું થયેલ. હું ત્યારે યુવાન વિદ્યાર્થી હતો અને રાજકોટમાં વજુભાઈ શાહ પાસે રહીને, સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિમાં સૌરાષ્ટ્રનું ભૂમિદાનનું કામ સંભાળતો. મારા બનેવીએ મને કહ્યું, આપણે વડનગર હાટકેશ્વર મહાદેવનાં દર્શન કરવા જઈશું અને ભૂદાન પ્રવૃત્તિ સાથે જોડાયેલા સેવાભાવી ડૉક્ટર શ્રી દ્વારકાદાસભાઈ જોષીને મળશું. એ પછી ડૉ. જોષીસાહેબ અંગે એમણે કહ્યું, ''મારો ભાણેજ અહીં આવેલો. અચાનક બીમાર પડી ગયો હતો. તે વખતે ખેરાળુમાં સરકારી ડૉક્ટર રાજકોટના ડૉ. ધોળકિયા હતા. તેમણે સલાહ આપી કે આપણે ડૉ. દ્વારકાદાસ જોષીને વડનગરથી બોલાવીએ અને તેમની સલાહ લઈએ. ડૉક્ટર જોષીસાહેબનો સંપર્ક કર્યો અને એમને અનુકૂળ હોય ત્યારે અમે તેમને વાહન મોકલીએ તેમ જણાવ્યું. એમણે તુરત જ પ્રતિભાવ આપ્યો કે, જરૂર આજે જ આવી જઉં છું. વાહન ન મોકલશો. હું ચાલીને જવાનું પસંદ કરું છું. ખેરાળુ પાસેના એક ગામમાં મારે હરિજનભાઈને ત્યાં અને બીજે જવાનું છે ત્યાંથી હું આવી જઉં છું.

કહ્યા મુજબ ડૉ. જોષી ચાલીને આવી ગયા. ૭-૮ કિલોમીટરની આજુબાજુનું અંતર હશે. નિદાન કર્યું, દવા આપી. પછી દર્દીને સારું પણ થઈ ગયું.'' આ પ્રસંગ કહીને તેમણે કહ્યું કે, આવા સેવાભાવી ડૉક્ટર પણ હોય છે.

ડૉ. જોષીસાહેબ સાથે સીધા કામ કરવાનું તો મને મળ્યું નથી. પરંતુ દુષ્કાળ અને અતિવૃષ્ટિ જેવી આફતોમાં તેમના કામ અંગે, ભૂમિદાનની પદયાત્રા અંગે અને જુદે જુદે સમયે જુદા જુદા પ્રસંગોએ યોજાયેલી બેઠકોમાં અને શિબિરોમાં એમના શાંત, સૌમ્ય અને નિરાભિમાની વ્યક્તિત્વની ઝાંખી થઈ છે.

મેં મારા બનેવી પાસેથી અહીં વર્ણવેલો આ પ્રસંગ સાંભળેલો, ત્યારથી જ તેમના ઉમદા અને પ્રેરણાદાયી સેવાકાર્ય અંગે જાણવાની ઇચ્છા હતી. પરંતુ અમે વડનગર ગયા ત્યારે તેઓ દાકતરી વ્યવસાય અંગે વડનગર બહાર દર્દીને જોવા ગયા હતા, જેથી ત્યારે મળી શકાયું નહોતું. પરંતુ એ પછી એમને એમના ડૉક્ટરી વ્યવસાયના માનવસેવાના અને ગાંધી-વિનોબાના કામના સેવાયજ્ઞ, પદયાત્રાઓ અંગે રિખવદાસભાઈ શાહ અમારી સાથે જિલ્લા પંચાયતમાં હતા તેમની પાસેથી અને મોતીભાઈ ચૌધરી વગેરે પાસેથી જાણવા મળતું, ત્યારે મને હંમેશાં શાંત, સૌમ્ય, નિરાભિમાની અને સાદાઈને વરેલા અને સાદાઈના પરિવ્રાજક અને મૂકસેવક રવિશંકરદાદા અને બબલભાઈ મહેતાનું સ્મરણ થતું. એમની હરોળમાં બેસી શકે અને એમના જેવા ગુણ ધરાવતા ડૉ. જોષીસાહેબનાં ચરણોમાં મનોમન મારા વંદન કરી કૃતાર્થતા અનુભવું છું.

૦ દેવેન્દ્રકુમાર ર. દેસાઈ

સૌમ્ય મૂર્તિ જોષીસાહેબ

લગભગ ૫૫ વર્ષની સમયાવધિ વીંધીને તે ક્ષણ અત્યારે સાક્ષાત્ થાય છે, જ્યારે જોષીસાહેબનાં પ્રથમ દર્શન વેડછી આશ્રમમાં થયેલાં. મધ્યમસરનું કાઠું, ભાવવાહી આંખો, કારુણ્ય નીતરતો ચહેરો, ગૌર વર્ણ. નરી સૌમ્યતા અને સાદગીની મૂર્તિ. પહેરવેશમાં ખાદીનો જાંગીઓ (હાફ-પેન્ટ) અને બાંડિયું. એઓ મુંબઈની એમની ધીખતી દાક્તરી પ્રેક્ટીસ છોડી સીધા જ વેડછી આવેલા. આથી જબરા આકર્ષણનું કેન્દ્ર હતા.

વેડછી આશ્રમમાં ત્યારે સમાજસેવાના કામમાં કૂદી પડવા થનગનતાં ૩૦૦ યુવક-યુવતીઓનો કાર્યકર તાલીમ શિબિર યોજાયેલો. સંત વિનોબાજી પણ ત્યારે પધારેલા. અમારું વાલોડનું જૂથ આ શિબિરમાં જોડાયેલું. ગુજરાતને આ શિબિરે ઘણા નિષ્ઠાવાન અને ત્યાગી કાર્યકરો આપ્યા તેમાં જોષીસાહેબ આજે સૌથી વરિષ્ઠ અને મૂઠી ઊંચેરા છે.

પછી તો વારંવાર ભૂમિદાન પ્રવૃત્તિ અંગેના શિબિર-સંવાદોમાં અલપઝલપ મળવાનું થતું. પ્રેમ એટલો બધો કે નહિ પૂછો વાત ! મને તુંકારે બોલાવે તે બહુ ગમે. પછી લાંબો સમય મળવાનો યોગ આવ્યો નહિ, પણ અમે ધરમપુર તરફ વળ્યા અને ત્યાં યત્-કિંચિત્ કામગીરી કરી તેના અનુસંધાનમાં જોષીસાહેબની પૃચ્છા આવેલી. એમનો અંત્યોદય માટેનો આવો જીવંત રસ.

મહેસાણા જિલ્લાનું 'સર્વોદય અભિયાન' સામયિક હું નિયિમત વાંચું. એમાંથી જોષીસાહેબના વિચાર-જગતનો પરિચય મળ્યા કરે. ત્યારે વેડછીના પ્રથમ મિલનમાં ભાળેલા અને ધારેલા તેવા જોષીસાહેબ અક્ષુણ્ણ અને મારે માટે પ્રેરક રહ્યા, એ વાતનો આજે પરમ સંતોષ છે.

આજે આવા Role Model કાર્યકરોની અછત વરતાય છે, ત્યારે તેમનું જીવન આપણી સામે દીવાદાંડી રૂપ ઝળહળે છે. તેઓ લાંબો સમય પથપ્રદર્શન કરતા રહેશે, એવી અભિલાષા છે.

૦ ભીખુ વ્યાસ

સાચા સેવક ને સાચા આગેવાન

દ્વારકાદાસભાઈ સાથે છેલ્લાં ૬૦ વર્ષનો જીવંત સંબંધ રહ્યો છે. કેટલીક રેલીઓમાં, વિચાર-ગોષ્ઠીઓમાં, પદયાત્રામાં અનેક સ્થળે અમે સાથે રહ્યા છીએ, અને એકબીજાને ખૂબ નિકટથી અમે જાણીએ છીએ. હમણાં થોડા વરસો પહેલાં જ દ્વારકાદાસભાઈનું આખું કુટુંબ રંગપુર આવેલું. જાણે કુટુંબ-પરિવારનું સ્નેહમિલન ગોઠવાયું હતું.

'અજાતશત્રુ'નું બિરુદ જો કોઈને આપી શકાય તો દ્વારકાદાસભાઈ એમાં મોખરે રહેશે. સર્વોદયના માર્ગે ચાલીને ગાંધીજી અને વિનોબાજી જેવું જીવન જીવ્યા એવું જ જીવન જીવીને દ્વારકાદાસભાઈએ અનેકોને પ્રેરણા પૂરી પાડી છે. દ્વારકાદાસભાઈ સમાજ અને યુવાનો માટે દિવાદાંડીરૂપ બન્યા છે. હજારો લોકોને એમના જીવનમાંથી પ્રેરણા મળી છે.

તેઓ સીધા-સાદા અને સમાજને દોરવણી આપી શકે તેવા શક્તિશાળી પુરુષ છે. આજે પણ એમની પ્રેરણા અનેક લોકોને અને કાર્યકર્તાઓને મળતી રહે છે. અને જે કોઈ લોકો કે કાર્યકર્તાઓ એમના સંપર્કમાં આવ્યા છે, તેમણે પ્રેરણા-પ્રાપ્તિનો અનુભવ કર્યો છે. એમનાં ધર્મપત્ની શ્રીમતી રતનબેનનો ફાળો પણ નાનો સૂનો નથી. હમેશાં શ્રી દ્વારકાદાસભાઈના પડછાયાની જેમ સાથે રહ્યાં છે. એમનો ચહેરો હંમેશાં હસતો જ જોવા મળ્યો છે.

અમે ઘણાં વર્ષો સાથે કામ કર્યું છે. અવારનવાર મળવાના પણ પ્રસંગો બન્યા છે. સાચા સેવક અને સાચા આગેવાન તરીકેની છાપ એમની હમેશાં રહી છે. આવો, આપણે સૌ શ્રી દ્વારકાદાસભાઈના જીવનમાંથી પ્રેરણા લઈ એમને ગમતાં કામો ચાલુ રાખીએ અને એવાં સક્રિય પગલાં ભરીએ, જે આવનારા સમાજ માટે પ્રેરણાનો સ્રોત બની રહે અને નવો સમાજ નિર્માણ કરવાના રસ્તે દોરી જાય.

૦ હરિવલ્લભ પરીખ

દીપકે અનેક દીપકો પ્રગટાવ્યા

ડૉ. દ્વારકાદાસભાઈએ સ્વાર્થ-પરાયણ જીવનકેડી ત્યજી પારમાર્થિક માર્ગે પ્રયાણ કર્યું. સમભાવ, પરિમિત જીવન, શુભ દૃષ્ટિ અને શ્રમનિષ્ઠા દ્વારા પ્રજ્વલિત આ દીપકે બીજા અનેક દીપકો પ્રગટાવ્યા. સત્ય અને અહિંસાના વિચારને આચારમાં ઉતારતાં-ઉતારતાં આ દીપજ્યોતિએ પરિવાર, મિત્રમંડળ, સમાજ અને પ્રાણીમાત્રને પ્રેમનાં પીયૂષ પાવાનું સહજપ્રાપ્ત સ્વધર્મ-કર્મ માન્યું છે. શુભ વિચારનું વાવેતર કરવા માટે પોતાના આચારને પ્રથમ સ્થાન આપ્યું છે.

સર્વોદય વિચારની પાયાની ભૂમિકા છેવાડાના માણસના પ્રથમ ઉદયમાં રહેલી છે. સામૂહિક કલ્યાણનું મૂળ પણ ગ્રામસ્વરાજમાં રહેલું છે. આ સત્યને સાચા સ્વરાજની પ્રાપ્તિ માટે જીવનકાર્ય બનાવીને નિત્ય તે વિચારબીજનું વાવેતર કરતા રહેવામાં કૃતનિશ્ચયી આ પુરુષ મારે મન માનવતાનું શ્રેષ્ઠ પ્રતીક છે.

૦ ગિજુભાઈ ત્રિવેદી

ગ્રામસંસ્કૃતિના અઠંગ ઉપાસક

સહુના મોટાભાઈ ડૉક્ટર જોષીસાહેબ પિતા-માતા-વડીલની ખોટ ના સાલવા દે તેવા સાલસ, ઉમદા ને ઉદાર-ચરિત, માનવીય ગુણસંપન્ન સાધુ પુરુષ છે. સ્વભાવે બાળસહજ નિર્દોષ, નિખાલસ અને નિરાભિમાનીની મૂર્તિ છે. વિનોબાજીના અતિ ઉત્તમ ને ચુસ્ત ભક્ત-અનુયાયી હોવા સાથે જીવનનાં ઉમદા-ઉત્તમ મૂલ્યોના અધિષ્ઠાતા છે. સર્વોદય વિચારસરણીને અનુરૂપ જીવનની ક્ષણેક્ષણ સુંદર મજાનું પ્રસન્નચિત્ત જીવન જીવી જાણે છે. એમનું મને ઘણું આકર્ષણ અને જીવનભર લગાવ રહેલ છે.

પૂજ્ય મોટાભાઈ હજીયે વયમાં ઘરડા જણાય છે ખરા ? હજીયે એવા ને એવા પ્રસન્નચિત્ત. સદાય પ્રસન્ન, તાણ-તનાવથી મુક્ત. મુંબઈથી સર્વસ્વ છોડીને આવ્યા અને સર્વને પોતાના કર્યા તેમજ પોતે સર્વના બની ગયા. એમના પ્રજાભિમુખ ઉત્તમ વ્યવહારની સુવાસ આજે સર્વત્ર પ્રસરી છે.

ગુજરાતના સર્વોદય કાર્યકરોના એ પૂજનીય આદર્શ પુરુષ છે. નગર-સંસ્કૃતિમાં ભેળું કરીને એકલા જીવો-માણો, તેના કરતાં ગ્રામસંસ્કૃતિમાં મહેનત કરીને મેળવો, એકબીજા માટે ઘસાઓ, બીજાને ખપમાં આવો, સાથે મળીને વહેંચીને ખાઓ, ઊજળા થઈ જીવો —આવી ગ્રામસ્વરાજની સર્વોદયની વાત ડૉ. જોષીસાહેબ જીવનભર ઘૂંટતા રહ્યા છે.

હું એમને સાદર વંદન કરીને તેઓ શતાયુ થાય, એવી કામના કરું છું. જય જગત્ ।

૦ પરમાનંદ રાવલ

સેવાની સુગંધ

ગાંધીયુગના આ પુરુષને આજે આનર્ત પ્રદેશમાં કોણ ઓળખતું નહીં હોય ? આનર્ત પ્રદેશ —વડનગર ને ખેરાલુ તાલુકામાં એમનાં કામોની સુવાસ અને જીવનની સુગંધ આજે મહેકી ઊઠી છે. મુંબઈ છોડી આ પ્રદેશમાં આવ્યા, ત્યારે ડૉક્ટરે અહીંની પ્રજા, તેનું જીવન, તેની આવક, તેની ગરીબી, અજ્ઞાનતા, દોરાધાગાના વહેમો વગેરેનો અભ્યાસ કરેલો. અને તે મુજબ એક એક સેવાકાર્ય તેઓ ઉપાડતા ગયા. વડનગર નાગરિક મંડળ દ્વારા ૧૯૪૯માં આંખનું દવાખાનું શરૂ કર્યું. કંઈક કરી છૂટવાની ભાવનાવાળા યુવાને ખંત, ધગશ ને સેવાભાવથી અનેક લોકોને દૃષ્ટિ આપી. ૧૯૫૦માં મારી બાનું મોતિયાનું ઑપરેશન એમણે જ કરેલું. એ વખતથી એમના સેવા, સાદગી વગેરે ગુણોથી હું પરિચિત છું. ખાદીના આગ્રહી અને ગીતાના ઉપાસક એવા મોટાભાઈ હરહંમેશ સેવાની જ વાતો કરે. એમને મન લોકસેવા એ જ પ્રભુસેવા.

૧૯૬૦માં ટી.બી.નું દવાખાનું શરૂ કર્યું. અહીંના ગરીબ માણસોને હવે સોનગઢ —ભાવનગર ન જવું પડ્યું. રહેવા, ખાવા-પીવા ને દવા-સારવારની સગવડ

અહીં જ થઈ ગઈ. એમને ડૉ. વસંતભાઈ જેવા સાથી પ્રભુકૃપાએ મળી ગયા.

આજે ૮૯ વરસે પણ પોતાનાં બધાં કામો જાતે કરી લે છે. રોજ રેંટિયો કાંતે. પોતાનાં કપડાં પૂરતું સૂતર મેળવી લે. એમની પાસે બેસીએ તો સાદગી, ઉચ્ચ આદર્શ, સેવાભાવના જ વિચારો આપણને જાણવા-સમજવા મળે. મોટાભાઈ કહેતા જ રહે કે ખાદીથી ખેડૂત, ખેત-મજૂર, કપાસ-રૂ છૂટું પાડનાર, કાંતનાર, વણનાર, દરેક વર્ગની પરોક્ષ રીતે સેવા કરી શકાય છે. કોઈને બે પૈસા આપવાની આપણી શક્તિ ન હોવા છતાં ખાદી પહેરવાથી સાચી મદદ કરી શકાય છે.

૦ કરસનભાઈ

અનેરો પ્રેરણાસ્રોત

મુ. શ્રી બબલભાઈ મહેતાની પહેલી પુણ્યતિથિએ ડૉ. જોષીકાકા સાથે ત્રણ દિવસ થામણા રહેવાનો અમને પતિ-પત્નીને સુયોગ મળેલો. બાળસહજ નિર્દોષતા, સરળતા, બ્રહ્મતેજ અને સાત્ત્વિકતાના સ્વામી એવા જોષીકાકાને વિમલાતાઈ સાથે વ્યાસપીઠ પર બિરાજેલા જોઈ બંને સંતપ્રકૃતિ માટે બહુમાન થતું.

એમની આગેવાની હેઠળ ચાલતી અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓની જાણકારી મહેસાણા જિલ્લાની માસિક પત્રિકામાંથી મળતી રહે છે, અને તેમાંથી અમારા જેવા ઘણાને મોટી પ્રેરણા મળે છે. સવિશેષ તો તેમાં સાથે આવતો ડૉ. જોષીનો સ્વાધ્યાય-પત્ર મારા માટે તો ભારે આકર્ષણની ચીજ બની રહ્યો છે. વિદ્વત્તા, સંવેદના અને તત્ત્વજ્ઞાનથી ભરેલા વિનોબાજીના અનેક વિષયો પરના વિચારોમાંથી ચૂંટીને ડૉ. જોષીકાકા અણમોલ વાનગીઓ પીરસતા રહે છે. તેમાં એમનો પણ સાચો પરિચય મળે છે. કોઈક વાર તો આપણા જેવા સામાન્ય કાર્યકર મૂંઝવણમાંથી કે દ્વિધામાંથી પસાર થતા હોય, તેમાં યથાયોગ્ય માર્ગદર્શન આ સ્વાધ્યાય-પત્રોમાંથી મળી જાય છે અને ત્યારે ભાવવિભોર થઈ જવાય છે. આ પત્રો ખરેખર સાચવી રાખવા જેવા હોય છે.

આજે પણ ડૉ. જોષીકાકા 'કરુણા દ્વારા ક્રાંતિ'નાં અનેકવિધ કામોમાં રસ લેતા રહે છે. આટલી જૈફ ઉંમરે પણ એમનો ઉત્સાહ આપણા માટે અનેરી પ્રેરણારૂપ છે. અમે પચીસેક વરસથી બાલ-શિક્ષણના કામમાં લાગેલાં છીએ. તેમાં પણ અમને ડૉ. જોષીકાકાનું જોઈને સંપૂર્ણ સમર્પિત થઈને હાથમાં લીધેલા કામમાં કેમ પૂરેપૂરા ખૂંપી જવું, તેની અનહદ પ્રેરણા મળે છે. ડૉ. જોષીકાકા આપણી મહામૂલી મૂડી છે. એમના સ્વસ્થ, પ્રગતિશીલ દીર્ઘાયુ માટે હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

૦ કાન્તિ દેસાઈ

પ્રેરણાદાયી વ્યક્તિત્વ

ડૉ. જોષીસાહેબને પ્રથમ વાર રાજકોટ ખાતે ૧૯૬૨માં જયપ્રકાશ નારાયણ સાથે મંચ ઉપર બેઠેલા જોયેલા. પ્રસંગોચિત તેમનું પ્રવચન પણ સાંભળેલું. મુંબઈમાં આંખનાં દર્દોના નિષ્ણાત ડૉક્ટર તરીકેની ધીકતી કમાણી છોડીને વિનોબાની ભૂદાન પ્રવૃત્તિમાં જોડાયા હતા. ગુજરાતમાં ભૂદાન પ્રવૃત્તિમાં તેઓએ સક્રિય રસ લઈ ખૂબ યશસ્વી કામ કરેલ છે. અવારનવાર સર્વોદયની મિટિંગોમાં મનુષ્યના ઉત્થાન અને માનવસેવા અંગેનાં એમનાં પ્રેરણાત્મક પ્રવચનો સાંભળવાનો લાભ મને મળ્યો છે. ગોવધબંધી અંગેના પ્રવાસમાં તેઓશ્રી કસાણા પણ આવેલા. તલોદ પણ ગોવધબંધી પ્રવૃત્તિ અંગે આવેલા અને મારા ઘેર તેમનાં પાવન પગલાં પડેલાં તેનો મને આનંદ છે.

ડૉ. જોષીસાહેબને મન વિશ્વ એક કુટુંબ સમાન છે. વિનોબાજીના 'એક મૂઠી ધાન દ્વારા વિશ્વ શાંતિ'ના પેગામની માફક ડૉ. જોષીસાહેબે મહિને એક ઉપવાસ દ્વારા થતી બચતથી હજારો વંચિતોની મુશ્કેલીઓ દૂર કરવાનો ઉપવાસદાનનો કાર્યક્રમ ચલાવ્યો છે.

ડૉ. જોષીસાહેબ સમાજને ઘણી ઉપયોગી દોરવણી આપે છે. તેમનું સાદું, સરળ, પ્રેમાળ એવું સંતજીવન સૌને પ્રેરણાદાયી છે.

૦ કાન્તિભાઈ ત્રિવેદી

કેટલાક યાદગાર પ્રસંગો

સને ૧૯૮૮ના નવેમ્બરમાં માંડળ પાસેના શહેર ગામે નઈ તાલીમના શિક્ષકોના સંમેલનમાં ડૉ. દ્વારકાદાસ જોષીને મળવાનો અણધાર્યો લાભ મળ્યો. એમને જોવા માત્રથી જ શાંતિનો અનુભવ થતો હોય છે. મૂલ્યોનું દેવાળું કાઢવાની અણીએ પહોંચેલો સમાજ આવા માણસોને કારણે ઊખડતો રહી જાય છે, સૂકી ધરતી નીચેનું પડ ભેદી મૂળિયાં નાખે છે.

ત્યારે માંડલમાં જીવલેણ બીમારી ચાલે. એ મેલેરિયા છે કે મેનેન્જાઈટિસ, પાણીના પ્રદૂષણનું એ પરિણામ છે કે અંધશ્રદ્ધાનું ? એ નક્કી થઈ શક્યું નહોતું. પણ ડૉક્ટર દ્વારકાદાસ જોષી જે વિષાણુઓની શોધમાં છે એ આવાતેવા રોગનાં જ નથી, ગરીબીનાં પણ છે. આંખના ડૉક્ટર તરીકે વિખ્યાત થયા હતા ત્યાં એમણે ગ્રામસેવાના સંકલ્પ સાથે મુંબઈ છોડ્યું હતું. આઝાદી પછી બીજા જ વર્ષે. માત્ર બત્રીસ વર્ષની ઉંમરે આ અનાસક્તિ !

જન્મ એગણીસ સો સત્તરના જાન્યુઆરીની વીસમી તારીખે વડનગરમાં. દાદા મુંબઈ હતા. ત્યાંથી હારીજ જઈ કાપડની દુકાન કરેલી. હારીજમાં એમનું એક ઘર ઉઘાડું. કૉલેજકાળમાં વેકેશન દરમિયાન શ્રી અમૃત મોદી અને અન્ય મિત્રો સાથે મેં સર્વોદય-યાત્રાઓ કરેલી. ભૂદાનની ભાવના સમજાવવાની અને આપણને જે મહેમાન માને તેને ત્યાં જમવાનું. હારીજમાં ત્યારે ડૉક્ટરસાહેબના પિતાજી હતા. કદાચ એમનાં ભાઈ-ભાભી પણ હતાં. એમણે અમને ગરમ ગરમ ફૂલકા રોટલીઓ ખવડાવેલી. પગપાળા પ્રવાસમાં અન્નદેવતાનો આસ્વાદ યાદગાર નીવડતો હોય છે. ડૉક્ટરસાહેબના કુટુંબના સંદર્ભ સાથે યાદ રહી ગયું છે. એ આખું વેકેશન હારીજ અને સમીનાં ગામડાં ઘૂમવાનું મળેલું. રાતનું ઠંડું વાતાવરણ અને

આપણું પોતાનું તેમ અન્યનું ગુણ-દર્શન જ કરવું. મેં આને માટે એક રૂપક બનાવ્યું છે. મનુષ્ય એક મકાન છે. દરેક મકાનમાં દીવાલો હોય છે અને દરવાજા પણ હોય છે. ગુણ દરવાજા છે અને દોષ દીવાલ છે. ગરીબમાં ગરીબ માણસ હશે, તેના ઘરનેય ઓછામાં ઓછો એક દરવાજો તો હશે જ. દરવાજા વિનાનું કોઈ મકાન હોય જ નહીં.

હવે તમે વિચારો કે તમારે જો ઘરમાં પ્રવેશ કરવો હોય, તો તમે દરવાજાથી જ પ્રવેશ કરશો ને ! દીવાલથી તો અંદર પ્રવેશી નહીં શકો. દીવાલથી પ્રવેશવા જશો, તો દીવાલ સાથે તમારું માથું ટકરાશે. તમારે અંદર પ્રવેશ કરવો હશે, તો દરવાજાથી જ કરવો પડશે. એટલે તમે જો માણસના હૃદયમાં પ્રવેશ કરવા માગો, તો એના ગુણ દ્વારા જ કરી શકો. તમે જો એના દોષ જોશો, તો તેની સાથે તમારું માથું ટકરાશે. ગુણ-ગ્રહણથી જ હૃદયમાં પ્રવેશ થઈ શકશે. મકાનના અને દરવાજા-દીવાલના રૂપથી આ વાત ઝટ ખ્યાલમાં આવશે.

૦ વિનોબા ૦

આકાશમાંથી ધરતી પર ઊતરતી ઝીણી રેતનું પણ સ્મરણ થાય છે.

મુંબઈમાં કારકિર્દીના શિખરે પહોંચ્યા પછી ડૉ. દ્વારકાદાસ જોષીએ ધૂળિયા મુલકમાં જઈને ધૂણી ધખાવી. વડનગરને સરનામું બનાવી કામ શરૂ કર્યું. ગુજરાતી પાંચ ચોપડીનો અભ્યાસ હારીજમાં પૂરો કરી, વડનગર અને વિસનગરમાં માધ્યમિક શિક્ષણ લઈ એ વડોદરા ગયા. ત્યાં કૉલેજ કરી. પહેલાં એમ.બી.બી.એસ. થયા પછી ડી.એમ.એસ. થયા. વેડછી, ઉરુલીકાંચન વગેરે સ્થળોનો સંપર્ક ચાલુ જ હતો.

૧૯૪૭માં પેરાટાઈફોઈડ થયો હતો. ત્યારે વિચારવાની જે નિરાંત મળી એમાં એવી ખાતરી થઈ કે હવે પછી મળેલું જીવન મારી એકલાની માલિકીનું નથી. બે વર્ષ પ્રૅક્ટિસ કરીને ગામડામાં જઉં. ત્યાંના પ્રજાકીય આરોગ્ય સાથે કામ પાડું. ત્યારે મહિને ચારપાંચ હજારની આવક હતી અને ટૂંક સમયમાં વરસે દહાડે લાખ રૂપિયા કમાતા થઈ જવાય એ રીતે કામ વધી રહ્યું હતું. પણ પેલા સંકલ્પ સાથે રતનબહેન પણ સંમત હતાં. ગામડાની અગવડો વેઠવાની એમની તૈયારી હતી. મિહિર તો બહુ નાનો હશે. અત્યારે એ વિસનગરમાં આંખના ડૉક્ટર તરીકે સેવા આપે છે અને અંધજનોના મંડળને કે એ પ્રકારની બીજી પ્રવૃત્તિઓને માર્ગદર્શન આપે છે.

૧૯૫૬માં હું મૅટ્રિક થયો. એ પહેલાં મોતીભાઈ અને ધેમરભાઈ પાસેથી ડૉ. દ્વારકાદાસ જોષીનું નામ સાંભળેલું. 'ચાલો ગામડે'ની ભાવના વિશે ગાંધીયુગના લેખકોમાંથી વાંચ્યું હતું. પણ મુંબઈ જેવા શહેરમાંથી ધીકતી કમાણી છોડીને સુકોમળ પત્ની-પુત્રને લઈને ગામડે આવી પોતાની પ્રસન્નતાનો અનુભવ કરાવનાર જોષીસાહેબ પહેલા હતા. એ પ્રસન્નતામાં કદી ઓટ આવી નથી. એમને જુદી જુદી પરિસ્થિતિઓમાં જોયા છે — વડનગર પાસે નવાપુરાના એમના આરોગ્યધામ આશ્રમમાં, કોઈક સભામાં, પ્રવાસમાં કે મારે ઘરઆંગણે બાપુપુરામાં. હા, એક અછતના વર્ષમાં એ દાણા ઉઘરાવવા આવેલા. અમે ખેતરે ખેતરે ફરેલા. કોઈ ખેડૂતે એના ગજા કરતાં ઓછું નહોતું આપ્યું. અનાજની આવક કરતાં પણ ખેડૂતોના હૈયાના જમા પાસાનો આ અનુભવ એમને માટે પ્રસન્નતાનું મોટું કારણ હશે. આપણે શબ્દોના પર્યાયો અને વિરોધી શબ્દો વાપરવા ટેવાયેલા છીએ. મેં દુર્વાસાને ગંભીરતાથી લીધા નથી, બહુ સહેલું છે દુર્વાસા થવું અને દુર્વાસાનો અભિનય કરવાનું તો એથીયે સહેલું છે. પણ ડૉ. દ્વારકાદાસ જોષીની પ્રસન્નતા મને વિરલ લાગી છે.

એમને ખાદી બરાબર શોભે છે. કહે છે કે મીઠાના સત્યાગ્રહમાં અને બેતાલીસના આંદોલનમાં ભાગ લીધો એ પહેલાંથી ગામડાનો વણાટ ગમતો આવ્યો છે. એમને પૂછીએ તો એ તો બધું શ્રેય ગાંધી-વિનોબાને આપે. એ ખરું છે કે બે વિભૂતિઓની વાણી એમણે કાન માંડીને સાંભળી છે. ગાંધીજી પાસે તો પ્રશ્નો લઈને પણ પહોંચી જવાનું બન્યું છે. પૂના ગયેલા. કહે : દવાઓનો ઉપયોગ કરવો જ નહીં ! પંચમહાભૂતોની રચના સમજવી. એમની સમતુલા જાળવવી અને રામનામ પર શ્રદ્ધા રાખવી. ડૉ. દ્વારકાદાસ જોષી પોતાના વ્યવસાયના વિકલ્પે ગાંધીજીના આરોગ્યચિંતનને અપનાવી શક્યા નહોતા. વિનોબા સાથે પણ મતભેદનો પ્રસંગ આવ્યો. કદાચ એ અરસામાં એમને પહેલી વાર વ્યથિત જોયેલા. આચાર્યોના અનુશાસનની વાત કરીને અને જે.પી.ના આંદોલનને સમર્થન આપવાનું ટાળીને વિનોબાજીએ કેટલાક સર્વોદય કાર્યકરોને વિમાસણમાં મૂકી દીધા હતા. ડૉ. દ્વારકાદાસ જોષીએ ત્યારે વિનોબાજી સાથે પત્રવ્યવહાર કર્યો હતો. કદાચ મળ્યા પણ હતા.

ખેરાલુ પાસે એક સભામાંથી મોતીભાઈ અને કનુભાઈ સાથે 'આરોગ્યધામ' જવાનું બનેલું. વાતો થયેલી. એ દરમિયાન વ્યથાની ક્ષણિક ઝાંખી થયેલી.

પણ પછી તો કોઈ પ્રશ્ન નહોતો. વિનોબા - જે.પી. વિવાદ પણ પછી તો શમી ગયો હતો. પ્રશ્ન એટલો જ હતો : સર્વોદય કાર્યકરે જય જગતનું સૂત્ર બાજુ પર મૂકીને રાજકીય પરિબળ બનવું કે કેમ ? પ્રજાની ત્રીજી શક્તિ બની રહેવા અંગે મતભેદ નહોતો જ. અને કેન્દ્ર સરકાર દ્વારા લાદવામાં આવેલા મૌનનો ઉપહાસ કરવાનું વિનોબાજી ચૂકયા નહોતા. ડૉક્ટરસાહેબે એ દિવસો વિશે લખવું જોઈએ.

શહેર ગામે એમના નાના ભાઈને જોયા. ખાદી પહેરે છે છેક ૧૯૪૧ થી. કૉમર્શિયલ આર્ટિસ્ટ છે અને મુંબઈમાં જાહેરખબરના ક્ષેત્રે કામ કરે છે. ખાદી, કળા, જાહેરખબર — બધું દેખીતી રીતે પરસ્પર વિરોધી લાગે ! પણ રમણભાઈ જોષીના વ્યક્તિત્વમાં સમાતા બધા વિરોધ નામશેષ થઈ ગયા છે. શું મોટાભાઈના પ્રભાવનું આ પરિણામ હશે કે આખા કુટુંબનો આ સ્વભાવ હશે ?

સમૂહજીવનનો એક વિલક્ષણ પ્રયોગ આ કુટુંબે સુખદ પરિણામ સુધી પહોંચાડ્યો છે. દર વર્ષે કારતક સુદ પાંચમથી અગિયારશ સુધી કુટુંબના બધા સભ્યોએ કોઈક સ્થળે પહોંચીને સાથે રહેવાનું. અગાઉ પવનાર રહ્યા છે. ૧૯૮૮માં ગોપનાથ રહી આવ્યા. કુટુંબ મોટું છે. સો જેટલાં સભ્યો જ્યાં હોય ત્યાંથી છ દિવસ માટે આવી પહોંચે. સ્થળ સાદું હોય પણ ત્યાં પહોંચવાનું ખર્ચ થાય. ભલે થાય. ડૉ. દ્વારકાદાસ જોષીની નિશ્રામાં વર્ષોથી આ પ્રયોગ ચાલે છે. ખુદ ડૉક્ટરસાહેબને જ એથી સંતોષ છે, તો બીજાં કુટુંબીજનોના હરખની તો સીમા જ ક્યાંથી હોય ? આ કુટુંબભાવ ટકાવી રાખવો, પ્રત્યક્ષ અનુભવવો એને ડૉક્ટરસાહેબ એક મૂલ્ય માનતા લાગે છે. એમની આત્મીયતાના સંક્રમણ સાથે એમની પ્રસન્નતા પણ સહુને વિતરિત થઈ હશે ? માત્ર હાજરીથી પણ ફેર પડતો હોય છે.

ડૉક્ટરસાહેબે જાહેરજીવનના પ્રશ્નોને સર્વોદય શૈલીએ ઉકેલવાના અખતરા પણ કર્યા છે. આપણી પક્ષીય અને પ્રદૂષિત ચૂંટણીની રીતરસમોને ટાળીને પોતાની યોગ્યતાના જોરે પ્રજાનો સેવક ધારાસભા સુધી જઈ શકે કે કેમ ? એમના શિષ્ય અને સહકાર્યકર ડૉ. વસંત પરીખે એ બીડું ઝડપ્યું હતું અને નહીંવત્ ખર્ચે ચૂંટણી જીતી બતાવી હતી. ધારાસભામાં પણ પ્રજાકીય પ્રશ્નો વિશે તટસ્થ પ્રતિભાવ આપ્યા હતા. 'આરોગ્યધામ'ની સંકલ્પના વિસ્તારી.

વિનોબાની કલ્પના આવાં આરોગ્યધામોની હતી. ડૉ. દ્વારકાદાસ જોષી, મોતીભાઈ, રિખવદાસ, વિમળાબહેન અને જી. જી. મહેતા જેવા કાર્યકરોએ ઉત્તર ગજરાતમાં સર્વોદય વિચારની ઊંચાઈ ટકાવી રાખવા સતત પુરુષાર્થ કર્યો છે. આશ્રમશાળાઓ પછાત વર્ગના છાત્રો માટે મોસાળની ગરજ સારે છે. કેટલીક ગ્રામ વિદ્યાપીઠો નિરર્થક બની ગયેલા આજના ઉચ્ચ શિક્ષણનો વિકલ્પ સૂચવે છે. ગ્રામપુનરુત્થાન વિના ભારતનો લોકશાહી સમાજ પગભર થઈ શકે નહીં, એ વાત ડૉ. દ્વારકાદાસ જોષીનો સંકલ્પ અને સાધના સૂચવે છે.

તા. ૫-૨-૯૩ના દિવસે વાલમ આશ્રમના સ્થાપક રતિભાઈ જોષીની વ્યાખ્યાનમાળામાં મારે 'વિનોબાના ધર્મચિંતન' વિશે બોલવાનું હતું. આશ્રમથી વાલજીભાઈ - ઇંદિરાબહેન ટેપરેકોર્ડર તૈયાર કરીને ભૂલી ગયાં. વિસનગરથી તો માત્ર ડૉક્ટરસાહેબને લેવાના હતા. પણ પૌત્રીએ પોતાનું ટેપરેકોર્ડર પણ સોંપ્યું.

રસ્તામાં દેશની પરિસ્થિતિના ઉકેલની વાત ચાલી. કહે : એક તો કેન્દ્રીકરણ તૂટવું જોઈએ. મોટા ભાગના પ્રશ્નોના મૂળમાં કેન્દ્રીકરણ છે. બીજું, ઝઘડાઓથી, યુદ્ધોથી પ્રશ્ન ઊકલ્યા નથી. અસર પડી છે ફક્ત શહાદતની, સમર્પણની.

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા કોમી તોફાનો પછી પુનર્વાસનું કામ ચાલતું હતું. શ્રી ચુનીભાઈ વૈદ્યને બાતમી મળી કે જોષીસાહેબ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સન્માન-સમારંભમાં જઈ શુભેચ્છા આપવાના

છે. જોષીસાહેબનો નિર્ણય બદલવા ચુનીકાકા મક્કમ હતા. ઉપવાસ કરીને પણ પોતે સફળ થશે એવું ધારતા હતા. હું સાક્ષી હતો. ચુનીકાકા માટેનો સદ્‌ભાવ સહેજે ઘટાડ્યા વિના એ એમની સાથે અસંમત રહ્યા. આ વિસ્તારનો એક છોકરો મુખ્યમંત્રી તરીકે સારું કામ કરે એવી શુભેચ્છા પોતે વ્યક્ત કરે એ ભાવ એમણે ટકાવી રાખ્યો.

એ પછી જોષીસાહેબને માથે સ્વ. મોતીભાઈ ચૌધરી અને દૂધસાગર ડેરીની સહકાર-ભાવનાની લાજ ટકાવવાની જવાબદારી આવી. અસાધારણ શારીરિક નબળાઈ અને વાતચીતમાં રહી જતી અસ્પષ્ટતાને કારણે ડેરીના ચેરમેન તરીકે મોતીભાઈ અગાઉની ક્ષમતાથી કામ કરી શકે એમ ન હતા. ડેરીના નિયામક મંડળના સભ્યો ઇચ્છતા હતા કે મોતીભાઈ નિવૃત્ત થાય અને એમના માટેનો સમાદર ટકી રહે. જોષીસાહેબે આ દરખાસ્તને ટેકો આપીને મોતીભાઈ અને એમને ઘેરી રહેલા મિત્રોને સમજાવવા પ્રયત્ન કર્યો. મોતીભાઈ એ માટે રાજી હતા પણ એમની ફરતેનો ઘેરો સહેજે ઢીલો ન થયો. જોષીસાહેબ માટે આ નિષ્ફળતા ગણાય. પણ એની સહેજે અસર નહીં. ગ્રામભારતીમાં મોતીભાઈના નામે સભાગૃહ ખુલ્લું મુકાયું ત્યારે પધાર્યા હતા. રાગ-દ્વેષ, હર્ષ-શોક, વિચારભેદ — બધાથી મુક્ત રહી કેવળ મૈત્રીરૂપ રહેવું એ સ્થિતપ્રજ્ઞનું લક્ષણ ગણાય કે એનાથી એક ડગલું આગળ ?

– રઘુવીર ચૌધરી

અજાતશત્રુ એવા ડૉ. જોષી

સર્વોદય આશ્રમ વાલમની શરૂઆતમાં સેવાદળના કાર્યકર તરીકે ઈયાસરા ગામની શ્રમશિબિર વખતે વાલમ આશ્રમના વળિયાળી અને ઘાસના પૂળાના બનાવેલા માંડવામાં તેમને પહેલી વખત સાંભળ્યા અને ગાંધીજીની અને, વિનોબાજીની પ્રવૃત્તિ વિષે તેઓએ કહેલા પ્રસંગો અને વાર્તાઓએ જીવન ઉપર અસર કરેલી. તેઓ કહેતા તે જાતે કરતા, તેમની કથની અને કરણી એક છે. ઈયાસરાની શ્રમ શિબિરનાં સ્મરણો તાજાં થાય છે. આ વાત ૧૯૫૦-૫૨ની છે.

છાબલિયા ગામમાં લોકોની વચ્ચે રહીને ગ્રામસ્વરાજના શિક્ષણમાં વિદ્યાર્થીઓને જોડતા. રેંટિયો કાંતતા જાય અને પ્રસંગો કહેતા જાય. વરેઠામાં કાર્યકરોની શિબિર જીવન-ઘડતરમાં મહત્ત્વની બની રહી. ગાંધીજીના અવસાન પછી સર્વોદય મેળા દર વર્ષે જુદીજુદી જગ્યાએ ભરાય, તેમાં વડનગરથી પદયાત્રા કરતા પહોંચે. સાથે કાર્યકર્તાઓની મંડળી પણ હોય. વચ્ચે જે ગામ આવે ત્યાં રોકાય. ગામના લોકો જ સૌને રહેવા-જમવાની સગવડ કરે. શાળાઓમાં વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ, બહેનોની સભા કરે. બહેન રતનબહેન પણ સાથે હોય જ. પ્રાર્થનાસભા થાય અને ગ્રામસભામાં ગાંધીજીવનના પ્રસંગો કહેતા જાય. જમવાનું એક રસોડે નહીં પણ જુદા જુદા ઘરે બે બે કાર્યકર્તા વહેંચાઈ જાય અને પરિવારનો સંપર્ક કરતા જાય. સૌ તેમને મોટાભાઈ જ કહે. ગમે તેવી ગુસ્સે થઈ ગયેલી વ્યક્તિ તેમને જોતાં જ શાંત થઈ જાય, એવો તેમનો પ્રભાવ પડે. સિદ્ધપુરનો સર્વોદય મેળો તો આજે પણ યાદ કરીએ છીએ.

ગરીબ-તવંગરના કોઈ ભેદભાવ ના રાખે, હરિજન-ઠાકોર કોમનાં પણ કામ કરે. દર વર્ષે જુદાજુદા સ્થળે સર્વોદય મેળો યોજાય તેમાં પણ જવાનું થતું. મુંબઈ રાજ્ય વખતે શ્રી મોરારજીભાઈ દેસાઈએ દરેક જિલ્લામાં સર્વોદય યોજનાઓ શરૂ કરેલી. તે વખતે સર્વોદય યોજનામાં ગ્રામસફાઈના તજ્‌જ્ઞ તરીકે માર્ગદર્શન કરવા જતો. આ માટે શિબિરો થાય તેમાં હાજર રહેતા.

સ્વચ્છ વડનગરની તેમની ઝુંબેશમાં આબાલ-વૃદ્ધ જોડાયા હતા અને શહેરને સ્વચ્છ અને સુંદર બનાવેલું. સફાઈકામદાર સફાઈનું કામ કરે તેટલું પૂરતું

નથી, આપણે પણ આપણું ઘર ચોખ્ખું રાખીએ, આંગણું અને શેરી ચોખ્ખી સૌ મળીને કરીએ.

ગ્રામસફાઈ અને ભંગીકષ્ટમુક્તિના રાજ્યના સલાહકાર તરીકે વડનગરમાં ભંગીકષ્ટમુક્તિ કાર્યક્રમ શરૂ કર્યો. ડબ્બા જાજરૂને પરિવર્તન કરવાનો કાર્યક્રમ હાથ ધર્યો તેમાં પણ તેઓ અગ્રેસર રહ્યા, અને એક પણ ડબ્બા જાજરૂ વડનગરમાં ન રહ્યું. તેમાં તેમનો મને સહકાર ઘણો બધો મળેલો. માથે મેલું ઉપાડવાની અમાનુષી પ્રથા દૂર કરાવી. વિસનગરમાં સ્વચ્છ શૌચાલય કાર્યક્રમમાં શ્રી સાંકળચંદભાઈ, શ્રી રમણિકભાઈને જોતર્યા. સફાઈ કામદારની હડતાલ બે માસ ચાલી, તેમાં સમાધાનનો રસ્તો કાઢવામાં પણ મદદરૂપ થયેલા.

તેમણે વડનગરના સુલતાનપુરા ગામે કેન્દ્ર શરૂ કરેલું. વાલજીભાઈ પટેલ અને ઇન્દુબહેન ત્યાં કામ કરતાં હતાં. તેમના સંપર્કમાં ગ્રામસફાઈ શિબિરોને લીધે પરિચય થયો. ડૉ. દ્વારકાદાસ જોષીએ મને વાલજીભાઈની સાળી જે વિઠ્ઠલ કન્યા વિદ્યાલય, નડિયાદમાં પી.ટી.સી. થયેલી અને મુ. શિવાભાઈ સાથે બોચાસણમાં રહી તાલીમ લીધેલી વસુધાબહેન જે સર્વોદય યોજનામાં શિક્ષિકા તરીકે કામ કરતી હતી, તેની સાથે વેવિશાળ અને લગ્ન કરવા વિચાર મૂક્યો. જેનો અમે સ્વીકાર કર્યો અને પૂ. રવિશંકર મહારાજની સાદી લગ્નવિધિથી સુલતાનપુરામાં લગ્નગ્રંથિથી ૩૧ મે ૧૯૫૯માં જોડાયાં. તેમાં ડૉ. જોષીસાહેબનો મહત્ત્વનો ફાળો અને આશીર્વાદ મળેલા. મારા જીવનમાં તેમનો ઘણો મહત્ત્વનો ફાળો માનું છું.

ગાંધીમૂલ્યોને પોતાના જીવનમાં ઉતારી તે પ્રમાણે જીવન જીવતી બહુ જ ઓછી વ્યક્તિઓ આજે મળે છે. ત્યારે ડૉ. જોષી આપણા સૌની પ્રેરણામૂર્તિ બની રહ્યા છે, તે આપણા સહુનું સદ્‌ભાગ્ય છે.

૦ ઈશ્વરભાઈ પટેલ

પુણ્યશ્લોક દંપતી

ભારતીય સંસ્કૃતિમાં પ્રાત:કાળે પરમાત્માના સ્મરણની સાથે-સાથે પુણ્યશ્લોક સ્ત્રી-પુરુષોનાં નામોનું પણ સ્મરણ કરવાનો રિવાજ છે — *'પુણ્યશ્લોકો નલોરાજા, પુણ્યશ્લોકો યુધિષ્ઠિર....'* સ્વામી આનંદ કહેતા કે આ પુણ્યશ્લોક નામાવલીમાં મેં મારા પૂરતું રવિશંકર મહારાજનું નામ ઉમેરી લીધું છે. વિનોબાજી વિષ્ણુસહસ્રનામના પાઠની સાથે કેટલાક સેવકોનાં નામ પણ યાદ કરતા. તેમાં તેમણે આપણા રવિશંકર મહારાજનું નામ પ્રથમ હરોળમાં પ્રથમ રાખેલું. આવી પુણ્યશ્લોક નામાવલીમાં બાખુશી આપણે આપણા ડૉ. જોષીસાહેબ અને રતનબહેનનાં નામ મૂકી શકીએ.

ડૉ. જોષીની સાથે જોડાતો 'સાહેબ' શબ્દ આપણને કોઈ અમલદારની નહીં પણ કબીર સાહેબની યાદ આપે એવો પાવન શબ્દ છે. સર્વોદય જગત્ એમને મોટાભાઈ કહી પોતાનો આદર પ્રદર્શિત કરે છે. અંતરંગ વર્તુળ રતનબહેન, એ વ્હાલુડી માવડી માટે 'નનન' શબ્દથી હૃદયોર્મિઓ ઠાલવે છે. આજના કળિકાળમાં આ વૃદ્ધ યુગલ પાસે જનારને, પ્રદૂષણથી ઘૂંટન અનુભવતા માનવીને હરિયાળી વચ્ચે જવાથી જાણે પ્રફુલ્લ પ્રાણવાયુ મળી રહ્યો હોય એવી અનુભૂતિ થાય છે.

જોષીસાહેબ એક તદ્દન વિરલ વ્યક્તિત્વ છે. સપ્રમાણ દેહયષ્ટિ. ગૌર વર્ણ, શ્વેત ખાદીનો ઝભ્ભો, ધોતી, માથે ગાંધીટોપી. આવો વર્ણ અને આવો લેબાસ તો બીજાઓનો પણ હોય. પણ ડૉ.સાહેબના દેખાવનું આગવાપણું તે એમનું મુખારવિંદ, મંદમંદ પવનની લહેરખીથી હળુ-હળુ મલકાતા પુષ્પ જેવું, સદા પ્રસન્ન, અખંડ મુદિતાભાવ. અંત:કરણની નિર્મળતા મોં પર પવિત્ર બનીને ઝગારા મારતી વર્તાય. એમની સમીપમાં બેસીએ એટલે મનના મેલ ધોવાઈ જાય. બોલે એટલે તો જાણે ફૂલ ઝરે. પમરાટથી ભર્યા-ભર્યા થઈ જઈએ. તેમાંયે વાત્સલ્યથી 'તું' કરીને વાત કરે ત્યારે ઓગળી

જ જવાય. દેહ પુરુષનો પણ હૃદય નારીનું. પુરુષ દેહે નારીત્વ કેવું મ્હોરી ઊઠે તે જેવું હોય તો જોષીસાહેબને જોઈ લો.

બાપુની ઊંચાઈ, વિનોબાની ઊંડાઈ કે જે.પી.ની વ્યાપકતાનો આપણે કેમ કરી તાગ કાઢી શકીએ ? પણ આ તો તદ્દન પારદર્શક મોતી. બાહ્યાંતર બિલકુલ એકરૂપ. આધ્યાત્મિકતા પચે ત્યારે તેનો રસ કેવો ઝમે તે તો જોષીસાહેબને સેવનારને સમજાય. મોટા માણસની વ્યાખ્યા એવી છે કે, જેની હાજરીનો ભાર ન વર્તાય તે માણસ મોટો. 'મોટાભાઈ' આ અર્થમાં મોટા માણસ છે. નમ્રતા માનવીનું રૂપ ધરે તો અદ્દલ જોષીસાહેબ જેવી લાગે.

હૃદયથી ભક્ત પણ બુદ્ધિથી સ્થિતપ્રજ્ઞ. કશું જ ન આભડે. નિંદા કરો, મશ્કરી કરો કે સ્તુતિ કરો. જાણે કમળ પર પડેલું જળબુંદ. અધ્યાત્મનો પરિપાક એટલે સર્વાત્મભાવ. એવો પરમોત્કર્ષ આપણે વિનોબાજીમાં જોયેલો. ગીતાના વચન મુજબ -शुनिचैव श्वपाकेच पंडिता समदर्शिनः । વિનોબાજીને ભુટ્ટો, ઇન્દિરાજી અને જે.પી. બધાં જ એકરૂપ લાગતાં. આપણા જેવાઓને ત્યારે કેવું લાગેલું ? આ બાવાનું ચસકી ગયું લાગે છે. ખોળ ને ગોળ ભેગું કરાય ? પણ આત્મદર્શી આત્માઓની વાત જ ન્યારી. એમને કોઈનો દોષ તો દેખાય જ નહીં. सबमह रम रहिया प्रभु अेक ही । આપણા જોષીસાહેબ આવા આત્મદર્શી પુરુષ છે. ભગવાનને તો આપણે જોયા નથી. પણ એને આપણે ગુણના ભંડાર રૂપે સમજ્યા છીએ. ત્યારે જે માનવીઓમાં એવા ગુણનો પ્રકર્ષ પ્રગટેલો જોવા મળે ત્યારે એમને જોઈને 'એ છે' એની સાહેદી મળી રહે છે. જોષીસાહેબ આપણી વચ્ચે આવી હાજરા-હજૂર સાહેદી છે.

મૂળે આંખના ડૉક્ટર. ગાંધીરંગ લાગતાં શહેર છોડી ગામડે આવ્યા. ઘણાંને દેખતાં કર્યાં. એ કામ માટે બે વારસ. એક, ડૉ. વસંત પરીખ. એ વળી એક જુદી જ માટીનો માનવી છે. એ અરુ-પરુ જે જુએ છે, વદે છે, કથે છે, તેની વાત કરવાનું તો મારું ગજું જ નહીં. કરવા બેસીશ તો વળી બીજે પાટે ચડી જઈશ. બીજો દીકરો ડૉ. મિહિર. કેટલાંને એણે જ્યોતિ આપી ! આજે પણ આપે જ છે ને !

જોષીસાહેબને થયું હશે કે આ સ્થૂળ આંખોએ જોતાં કરવાં એ તો સારું જ કામ છે, પણ ખરું કામ તો દિલથી દેખતાં કરવાં એ છે. અને એ માટે એમણે વિનોબાજીના ભૂદાનયજ્ઞમાં ઝંપલાવ્યું. કેટલા ભૂમિહીનોને ભૂમિ અપાવી હશે, ભૂમિવાનોના અને ભૂમિહીનોનાં દિલના દીવા પેટાવ્યા હશે એનો આંકડો કેમ કરીને મંડાય ? चरैवेति-चरैवेति। ખભે થેલો ભરાવી બસ, ચાલતા જ રહ્યા; દિવસો, માસ નહીં, વર્ષોનાં વર્ષ, કડકડતી ઠંડીમાં, ધોમધખતા તાપમાં ને વરસાદમાં પણ અખંડયાત્રા.

વિનોબાજીએ કન્યાકુમારીના જળમાં ઊભી ગ્રામસ્વરાજ્ય માટે જે અંજલિ ભરેલી તેની છાલક આપણા જોષીસાહેબને પણ એવી લાગી કે વિનોબાજીની જેમ એ પણ પગ ચાલ્યા ત્યાં સુધી ચાલતા જ રહ્યા. કોઈ ભક્ત જેમ રામનામ રટે એવી ભક્તિથી, તદાકારતાથી એમણે 'ગ્રામસ્વરાજ્ય'ને મંત્ર બનાવી, મન તો સમર્પિત હતું જ પણ તન તોડીને ગ્રામસ્વરાજ્ય માટે તપ તપ્યાં.

એમના આ કામમાં નનને પણ ખભેખભો મિલાવી સાથ આપ્યો. સર્વોદયના જે સેવકો ડૉ. જોષીસાહેબ પાસે આવે એ બધાંની એ મા થઈ ખાતરબરદાસ્ત કરે. જોષીસાહેબનો પ્રેમ પ્લાવિત કરે પણ રતનબહેન તો તમને એમના વાત્સલ્યથી તરબોળ કરી દે. બંનેને જોઈએ ને કલાપી યાદ આવે –

''અહો કેવું સુખી જોડું, કર્તાએ નિર્મ્યું દીસે !
બંનેને નીરખતાં નયનો ધરાય જ નહીં.''

જોષીસાહેબ અત્યારે સદેહે જીવનમુક્તિની મોજ માણી રહ્યા છે. જીવતે-જીવત મર્યા પછીનું નાટક જોઈ રહ્યા છે. આપણે આપણા રાજીપા માટે એમને

સન્માનીએ, જરૂર સન્માનીએ. વિનોબાજી કહેતા, કાર્યકર્તાનાં તેના જીવતાં જ સન્માન કરી એના ગુણ ગ્રહી આપણાં જીવન સભર કરીએ.

નામઘોષાના ગાયક અસમિયા સંત શંકરદેવ, જેમનો ભારત આખાને વિનોબાએ પરિચય કરાવ્યો, તેમની આ વાણી —

"ઉત્તમ જુએ કેવળ ગુણ,
અધમ જુએ કેવળ દોષ,
મધ્યમ કરે ઉભય વિચાર
ઉત્તમોઉત્તમ કરે અલ્પગુણ વિસ્તાર.

આપણામાં છુપાયેલા કોઈક અલ્પગુણનો વિસ્તાર કરનાર ડૉ. જોષી જે ઉત્તમોત્તમ પુરુષ છે; તેમને શતશઃ વંદન.

૦ ગોવિંદભાઈ રાવલ

મને લકુંબો જરૂર મળ્યો !

આજથી ૫૦ વરસ પહેલાંની વાત છે. સાબરકાંઠા જિલ્લાના તલોદ ગામે પૂ. રવિશંકર મહારાજની 'ગુજરાત ભૂદાન પદયાત્રા'નો પડાવ હતો. હું ત્યાં પહોંચ્યો. ત્યારે હું અલિયાબાડાની ગંગાજળા ગ્રામ-વિદ્યાપીઠમાં કાર્યકારી આચાર્ય હતો. પરંતુ તે છોડીને મારે ભૂદાન આંદોલનમાં ઝુકાવવું હતું. ડૉ. દ્વારકાદાસ જોષી ત્યાં હતા. એમની સાથે મેં વાત કરી. શરૂમાં તો ડૉક્ટર કહે, "આ કપરું ને દુષ્કર કામ છે. તમે કુટુંબમાં મોટા છો, તમારા માથે જવાબદારી છે. અહીં કોઈ લકુંબો (લાડવો) મળવાનો નથી. માટે નોકરી ચાલુ રાખી જે દેશસેવા થાય તે કરો."

ત્યારે મેં એમને પૂછી પાડ્યું, "મુંબઈની ધીકતી કમાણી છોડીને આપે આ આંદોલનમાં કયો લકુંબો પામવા ઝંપલાવ્યું છે ?"

ડૉ. જોષી મરકતાં-મલકતાં મને કહે, "વાત સાચી છે. અહીં કોઈ ભૌતિક લકુંબો મળવાનો નથી, પણ આધ્યાત્મિક સાધનાનો લકુંબો જરૂર મળશે."

મેં કહ્યું, "મારે એ જ જોઈએ છે. વિનોબાજીએ અને જયપ્રકાશજીએ જ્યારે આ અભિનવ ક્રાંતિના કામમાં જોડાવા યુવાનોને હાકલ કરી છે, ત્યારે શું અમે ઘરે બેઠા રહીશું ?"

ડૉ. જોષી પ્રેમથી મારી પીઠ થાબડીને બોલ્યા : "શિર સાટે નટવરને વરીએ. હોડે હોડે જુદ્દે નવ ચડીએ, જો ચડીએ તો કટકા થઈ પડીએ ! તો ઝુકાવો. તમારા જેવા ભણેલા-ગણેલા યુવાનો આમાં આવે, તે કેટલી બધી ખુશીની વાત છે !"

અને મેં પૂ. રવિશંકર મહારાજનાં ચરણોમાં આ આંદોલન માટે સમર્પણ કર્યું. મહારાજે મને આશીર્વાદ દીધા.

હું સિદ્ધપુર તાલુકામાં ડૉ. જોષી ને રતનબહેન સાથે પદયાત્રામાં ફર્યો. ઠેર ઠેર ભૂમિદાનના સંકલ્પો થતા અને મળેલી જમીનનું તુરત ભૂમિહીનોને વિતરણ થતું. એક ગામમાં વૃદ્ધ ડોશીમા આવ્યાં અને ડૉ. જોષીને કહે, "મારી પાસે અઢી વીઘાં જમીન અને ગાય-વાછરડી છે, તે દેવાનાં છે." તેમણે ભૂદાનલેખ ઉપર અંગૂઠો કર્યો, સરપંચે સાક્ષી તરીકે સહી કરી. પછી ડૉ. જોષીએ ડોશીમાને પૂછ્યું, "ગામમાં કોઈ ગરીબ, દુઃખી, મહેનતુ ભૂમિહીન છે ?"

ડોશીમા કહે, "મારા ઘર પાછળ એક રાવળ છે. શુભ પ્રસંગે ઢોલ વગાડીને માંડ-માંડ ગુજરો કરે છે. આ જમીન ને ગાય-વાછરડી તેને દો, તો મને રાજીપો થશે."

તે રાવળને બોલાવી લાવ્યાં અને તેને ભૂદાનમાં આ અઢી વીઘાં જમીન આપી. તેનો દાનલેખ થયો. પછી ડૉ. જોષી એમ પૂછે, "માડી, હવે તમારા નિર્વાહનું શું ?" માડી મૌન. ત્યાં તો પેલો રાવળ અને એની પત્ની કહે, "તમે લેશ એમની ચિંતા ન કરશો. આ માડીની અમે મરતાં સુધી સેવા-ચાકરી કરીશું."

અમે બધાં આનંદવિભોર થઈ ગયાં. સભામાં

બીજાં પાંચેક દાન ઉમેરાયાં અને સાહિત્ય-વેચાણ પણ સારું થયું.

પાટણ તાલુકામાં સામૂહિક પદયાત્રા ચાલતી હતી. ડૉ. જોષીની સૂચનાથી મને અને હર્ષકાન્ત વોરાને પાટણ શહેરમાં પદયાત્રા કરવાની જવાબદારી સોંપાઈ. અમે ત્યાંની બધી શાળા-કૉલેજોમાં જઈને ભૂદાનની વાત કરી. અમારી વાતો સાંભળી હાઈસ્કૂલમાં ઉપલા ધોરણમાં ભણતી એક દીકરીએ પોતાના કુટુંબની જમીનનો છઠ્ઠો ભાગ ભૂદાનમાં આપવાનો નિશ્ચય જાહેર કર્યો. પણ જ્યારે અમે એનાં માબાપને મળ્યાં ત્યારે શરૂમાં તો અમને ઘસીને ના પાડી, પણ દીકરી ખૂબ મક્કમ ને અડગ હતી. છેવટે એની દૃઢતા જોઈ સુખી માબાપે પોતાની જમીનનો છઠ્ઠો ભાગ ભૂદાનમાં આપ્યો. ત્યાં અમે ૧૨૫૦ વીઘાં જેટલી જમીન ત્રણસો જેટલાં ભૂમિહીન કુટુંબોને વહેંચી આપી. આ વાત જાણીને ડૉ. જોષીએ અમને પ્રેમપૂર્વક શાબાશી આપી. આ રીતે હું આ આંદોલનમાં પળોટાતો રહ્યો.

પૂ. મહારાજની ગુજરાત ભૂદાન પદયાત્રાની પાંચ વરસે અમદાવાદમાં પૂર્ણાહુતિ થઈ. ત્યારે મહારાજે હાકલ કરી કે ''કોઈ મને તાળી આપો. આ પદયાત્રાને આખા ગુજરાતમાં ચાલુ રાખો.'' ત્યારે મેં ગુજરાતના બધા જિલ્લાઓમાં સાડા ત્રણ વરસ સતત પદયાત્રા કરવાનો સંકલ્પ કર્યો. અને મેં પૂ. બબલભાઈ અને ડૉ. જોષીના સાંનિધ્યમાં ખેડા જિલ્લાના વાડાસિનોર ગામેથી પદયાત્રાનો પ્રારંભ કર્યો હતો.

એક વાર ડૉ. જોષી ગોવંશની રક્ષા અને ગોસેવા માટે મહેસાણા ને સાબરકાંઠા જિલ્લામાં પદયાત્રા કરતા હતા. ત્યારે હું મોડાસા કૉલેજમાં પ્રાધ્યાપક હતો. હું ડૉ. જોષીની પદયાત્રામાં શક્ય તેટલો સાથ-સહકાર આપતો. તેવામાં બન્યું એવું કે ડૉ. જોષીને એકાએક હાર્ટ ઍટેક આવ્યો અને એમને વિસનગર લઈ જવા પડ્યા. ત્યારે મેં કૉલેજમાં રજા મૂકીને ૧૫ દિવસ એ પદયાત્રાનું સંચાલન કર્યું. તે વખતે ડૉ. જોષીએ પ્રેમપૂર્વક કહેલું, ''જ્યારે જ્યારે જરૂર પડી છે, ત્યારે તમારો સાથ મને મળતો રહ્યો છે.''

ડૉ. જોષી સાથે આવો અત્યંત પ્રેમભર્યો નાતો રહ્યો છે. આજે એ જ પ્રાર્થના કે પ્રભુ એમને સુખ-શાંતિ-આરોગ્ય-તંદુરસ્તી સાથે શતાયુ કરો ! શુભ મંગલ હો !

૦ હરીશ વ્યાસ

ઉચ્ચ કક્ષાના ગાંધીવાદી

ઊંઝાના સેવાભાવી ડૉ. વાસુદેવ જે. રાવલ અને ડૉ. દ્વારકાદાસ જોષીસાહેબ, બંને લોકસેવકો. બંને વચ્ચે પ્રેમાળ મિત્રાચારી. ડૉ. વાસુદેવભાઈ દીન-દુખિયાં દર્દીઓની સેવા કરે, સાધુ-સંતોની વિનામૂલ્યે સેવા કરે. તેઓ દર્દીઓના મસીહા બની ગયેલા. અમે ડૉ. જોષીસાહેબને બોલાવીને ડૉ. રાવલસાહેબનું સન્માન પણ કરેલું અને થેલી અર્પણ કરેલી.

ભૂદાનનું કામ હોય, નેત્રયજ્ઞનું કામ હોય કે કોઈ પણ લોકસેવાનું કામ હોય, ત્યારે ડૉ. જોષીસાહેબ અને રતનબહેન ઊંઝા પધારે, સેવાભાવી ડૉ. વાસુદેવભાઈને મળે અને ડૉ. વાસુદેવભાઈ એમને લઈને ઊંઝામાં ફરી વળે, તેમજ ડૉ. જોષીસાહેબે હાથમાં લીધેલું કામ પાર પાડવામાં પૂરેપૂરી મદદ કરે.

ડૉ. દ્વારકાદાસ જોષી સાહેબ ખરેખર ઉત્તર ગુજરાતના ઘરદીવડા છે. સાદગી, સેવા અને સ્વાશ્રયના સદ્‌ગુણોનો એમનામાં ત્રિવેણીસંગમ થયેલો છે. ડૉક્ટરી લાઈન જેવો ધીકતો ધંધો છોડી એમણે દરિદ્રનારાયણની સેવામાં જીવન સમર્પી દીધું છે. એમણે જનહૃદયમાં સ્થાન મેળવ્યું છે. આવા સંતપુરુષના સાંનિધ્યમાં આવવું, એ જીવનનો અનેરો લહાવો છે. ઉત્તર ગુજરાતમાં સર્વોદયની સુગંધ એમણે ચારેકોર ફેલાવી છે. એ ઉચ્ચ કક્ષાના ગાંધીવાદી માનવી છે. ઈશ્વર એમને દીર્ઘાયુ બક્ષો અને ઉત્તમ સ્વાસ્થ્ય આપો !

૦ જશવંત મણિલાલ દાણી

આપણા સાચા રાહબર

ડૉ. જોષીસાહેબના હૃદયમાંથી હમેશાં પ્રેમનું ઝરણું વહ્યા કરે છે. એમના જીવનમાંથી અમારા જેવા અનેક કાર્યકરો ઘણી પ્રેરણા લે છે. તેમની ઘસાઈ છૂટવાની વૃત્તિ, સૂતેલાને બેઠા કરવાની તમન્ના વગેરે આપણને ખૂબ પ્રભાવિત કરે છે.

તેઓ આપણને સર્વોદયની વાત કરતા હોય, ત્યારે સર્વોદયનું કામ કરવાની કળા ખૂબ કુશળતાથી સમજાવે. ગ્રામસ્વરાજની વાત કરતા હોય, ત્યારે ખૂબ જ ચિંતન કરીને સમજાવે. સર્વોદય અભિયાનની અમારી માસિક બેઠકોમાં તેઓ બોલે ત્યારે એમની વાત આપણા દિલમાં ઊતરી જાય. એવી સમજ આપે, જે દરેકને ગમે જ ગમે.

ઉપવાસદાન વિશે એમનું ખૂબ જ ચિંતન છે. આપણને ઉપવાસ કરીને તેની બચત સમાજસેવાના કામમાં આપવાનું સમજાવે. આ ઉપરાંત, આપણી કમાણીમાંથી થોડાક ટકા ભાગ સમાજના હિતાર્થે વપરાય, એવું તેઓ ઇચ્છે. એમની વાતો સાંભળી આપણને પણ કંઈક કરી છૂટવાની ભાવના જાગે અને એમની વાતને અમલમાં મૂકવાની પ્રેરણા મળે. આ રીતે આપણને સારા વિચારો અને સાચી સમજ આપનારા જોષીસાહેબ આપણા સહુના સાચા રાહબર છે, આપણા સહુની પ્રેરણામૂર્તિ છે.

૦ હરિભાઈ દ. ચૌધરી

સુગંધનું સરનામું – જોષીસાહેબ

'એક જ અરમાન છે મને, મારું જીવન સુગંધી બને.' —આ ઉક્તિને સાર્થક કરે છે જોષીસાહેબ. એમને વિશેષ રીતે જોવા-જાણવાનો અવસર મળ્યો એમના ૩૩મા પરિવાર મિલનમાં. એક જ માળાના મણકા જેવા એમના બૃહદ્ પરિવારનું સ્નેહમિલન યોજાયું હતું અંબાજી પાસે સંબલપાણીના લોકનિકેતન આશ્રમમાં. ત્યાં બે દિવસનો સહવાસ —નહીં, સહજીવન જોવા-માણવા મળ્યું. પરિવારની માળાના મણકાઓમાં મેરુ તરીકે સ્થાન શોભાવી રહેલ જોષીસાહેબને જોઈ અનહદ આનંદ અનુભવ્યો. એમના પરિવાર તરફથી એમના થયેલ બહુમાન પ્રસંગે રઘુવંશની યાદ અપાવે એવું ગીત મેં ગાયું —

રઘુકુળ તારું રાખજે સ્મરણમાં, ભૂલીશ નહીં
કોઈ પળમાં તેજ પીવા તું આવ્યો જગે,
મુખ મરડીશ ના

ત્યાં જોષી પરિવારે ગાયું —'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયે વહ્યા કરો....' મને લાગ્યું કે જોષી કુળે 'ધરા કો ઉઠાયા, ગગન કો ઝુકાયા, મિલન એક અદ્‌ભુત તૂને રચાયા !' —નું બીડું ઝડપ્યું છે કે શું ? પૃથ્વી ઉપરના મનુષ્યોને દેવ બનાવવા અને આકાશના દેવોને નીચે ઉતારવા 'મૈત્રીભાવનું પવિત્ર ઝરણું' જ કામ આવે. પૃથ્વી ઉપરના માણસોનું બ્રહ્મીકરણ અને દેવોનું માનુષીકરણ !

આજથી ૫૦ વરસ પહેલાં પૂજ્ય જોષીસાહેબ નારાયણ દેસાઈ અને ચમનભાઈ ભાવસાર સાથે અમારા ગામે ભૂદાન માટે આવેલા, ત્યારે એમને પહેલવહેલા જોયેલા. આજે ચમનભાઈ તો હયાત નથી, પણ એમની ત્રીજી પેઢીના સુરેશભાઈ આજે પણ જોષીસાહેબ સાથે જોડાયેલા છે.

'નિર્મળ ગુણો ધરાવનાર નરને હો નમન ! કર્મથી કૌવત કળાતું માનવીનું'. વિચાર, વાણી અને વર્તનની એકરૂપતા જ માણસને મહાનતા બક્ષે છે. મંગળ વિચારો, મધુર વાણી અને માયાળુ વ્યવહાર માનવીને મહિમાવંતો બનાવે છે. 'વિચાર-વાણી-વર્તનમાં જે વ્યક્ત થાય તે વ્યક્તિ, પાછળ રહી જે પ્રેરે તેને જાણો ઈશની શક્તિ.' તેથી આવા માનવીના મહિમાનો સ્વીકાર, એ જ સાચી ઈશપૂજા છે.

જોષીસાહેબે ગાંધી-વિનોબાના વિચારમાં જીવન-મૂલ્યોને સહારે સહારે છેવાડાના માણસની સેવા કાજે જીવન સમર્પિત કર્યું છે. વિનોબા ઇચ્છે છે એવા એ 'સત્યાગ્રહી' કરતાં 'સત્યગ્રાહી' વિશેષ બની શક્યા છે. એમને મન જનસેવા એ જ પ્રભુસેવા. તેઓ

ગ્રામસ્વરાજ અભિયાનના સુકાની બન્યા છે. એમની જીવનયાત્રા આજે ૮૯ વરસે પહોંચી છે. જીવનમાં વરસો તો ઉમેરાતાં રહે, એ સ્વાભાવિક છે. પણ જોષીસાહેબ પોતાના જીવનનાં વરસોમાં જીવંત જીવન ઉમેરતા રહ્યા છે. તેમાં એમનું કર્તૃત્વ છે. ગાંધી-વિનોબાનો આત્મા ગ્રામસ્વરાજમાં રહેલો છે એવી પ્રતીતિ એમને થયેલી છે. એમની ધૂન સેવાની, એમનું ચિંતન સંસ્કૃતિનું, એમની સાધના ભક્ત-હૃદયની છે. અહંને ઓગાળીને અલખના ધણીની અહાલેક જગવતા એમના અંતરના એકતારાનો ઝંકાર સાંભળવા જેવો છે —

ગાંધી તારા રેંટિયાના તારે મારે ગ્રામસ્વરાજ લાવવું છે,
ગ્રામસ્વરાજ કેવું ને ક્યારે આવે, તે તારે જોવાનું છે.

આમ, કાળની કેડીએ ગાંધીના આત્માનું અમૃત લઈને નીકળેલા જોષીસાહેબના જીવનના ઘડીક સંગમાં ગાંધી-વિચારનાં મૂલ્યોનો રંગ લાગી જાય છે. ગાંધી-મૂલ્યોનો જીવનમાં વધારો કરતાં-કરતાં આચાર ને વિચારથી વિભૂષિત થતા રહે છે. ખરેખર ગાંધીજન કેવો હોય, તેની ઝાંખી કરાવતા રહે છે.

જોષીસાહેબનું જીવન એક કાવ્ય જેવું છે. એમણે ચતુરાઈ કરતાં ચારિત્ર્યને વધુ મહત્ત્વ આપેલું હોવાથી એમની હાજરીમાં સૌ હળવાશ અનુભવે છે. જોષીસાહેબનું સન્માન એ એમની કાયામાં ભગવાન આવીને વસ્યો છે એનું તથા એમના વ્યક્તિત્વમાં ગાંધીનાં નૈતિક મૂલ્યો ભરેલાં છે તે મૂલ્યોનું સન્માન છે, એમની જીવન-સૌરભનું સન્માન છે. મને ખરેખર એમ લાગે છે કે જોષીસાહેબ એ સુગંધનું સરનામું છે.

૦ શંકરભાઈ ખોડાભાઈ ચૌધરી

સત્ત્વગુણી સૌમ્ય વ્યક્તિત્વ

વર્તમાન સમયમાં પ્રાકૃતિક વાતાવરણ જ્યારે દૂષિત બને ત્યારે શ્વાસ રુંધાય, મન અકળાઈ ઊઠે, જીવનમાં પણ નીતિરહિત જીવનશૈલીથી યેનકેન પ્રકારેણ ધનનો સંચય કરવાની લાલસા જાગે, જીવનમૂલ્યોનો યત્ર-તત્ર હ્રાસ થતો દેખાય, ત્યારે નિર્વાત સ્થાનમાં અકમ્પિત દીપશિખા જેવા જ્યોતિ પ્રસરાવતા સજ્જનોનાં દર્શન કરતાં મન વિનમ્રભાવે ઝૂકી જાય છે. આવા એક સત્પુરુષ છે : વડનગરના ડૉ. દ્વારકાદાસ જોષી.

ગીતામાં યોગ્ય કહ્યું છે કે જ્યારે દેહમાં અને ઇન્દ્રિયોરૂપી બધાં દ્વારોમાં પ્રકાશ (સ્વચ્છતા) અને જ્ઞાન (વિવેક) પ્રગટે છે ત્યારે સત્ત્વગુણની વૃદ્ધિ થઈ છે એમ જાણવું. સત્ત્વગુણની વૃદ્ધિ સાથે જ શરીર અને મનની વૃત્તિઓમાં તેનો પ્રકાશ પ્રગટે છે. આને પરિણામે નિરભિમાનપણું, વિનમ્રતા અને સહજતા જેવાં લક્ષણો આપમેળે પ્રકાશિત થતાં જણાય છે. ગીતાના સોળમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે બતાવેલાં દૈવી સંપત્તિવાળા મનુષ્યનાં લક્ષણો આના જેવાં છે. અંત:કરણની શુદ્ધિથી શરીર, મન અને વાણીની સરળતા, સત્યભાષિતા, ક્રોધનો અભાવ, પ્રાણીઓ પર દયા, કોમળ ચિત્ત અને શરીર અને મનની પવિત્રતાથી આખું શરીરક્ષેત્ર પ્રકાશિત થઈ જાય છે. મુ. ડૉ. જોશીસાહેબમાં આવું બધું સ્વાભાવિક દૃષ્ટિગત થાય છે. તેમને પ્રથમ વાર જોનારને પણ આનંદ થાય છે. ઇસ્ત્રી વગરનાં ખાદીનાં કપડાંમાં, ધૂળિયો રસ્તો ખૂંદતા આ સેવાવ્રતધારી પદયાત્રીને શરીર અને કપડાં પર ધૂળનો રંગ લાગેલા જોવા તે લહાવો છે. બીજી બાજુ ઝાકઝમાળ મોંઘીદાટ ખાદીનાં કપડાંમાં આવેષ્ટિત તથાકથિત નેતાઓનું દર્શન મનને વ્યથિત બનાવી દે છે.

ડૉ. જોષીસાહેબને નાનપણમાં વતન ધીણોજમાં પ્રથમ વાર જોયેલા તેવું યાદ છે. અમારી મોઢ બ્રાહ્મણ જ્ઞાતિનાં બે-ચાર ગામ. તેમાં તેઓ વડનગરના ઠીક ઠીક સુખી ગણાય તેવા ઘરના. તેમનાં લગ્ન પણ થયાં વડનગરમાં એક શ્રીમંત ઘરમાં. તેમનાં જીવનસાથી શ્રીમતી રતનબહેન ડૉ.સાહેબના જીવનપથમાં રત્ન સમાન નીવડ્યાં છે. જ્ઞાતિ, વર્ણ, ધર્મ નિર્વિશેષ તેઓ માનવધર્મનાં ઉપાસક છે. તેઓ બંને સુખદુ:ખના ટાણે આવીને ઊભાં રહે, પણ

પરંપરાગત, રૂઢિગત શિષ્ટાચારથી અળગાં રહી નવી જ કેડી પર ચાલે. ડૉ. જોષીસાહેબ મુલાયમ તન, મન અને પ્રકૃતિના માણસ. દાક્તરી વિદ્યા પ્રાપ્ત કરી આંખના સર્જન થયા પછી મુંબઈમાં ઠરીઠામ થયા. ગાયવાડીમાં તેમનું આંખનું દવાખાનું ધમધોકાર ચાલે, હજારોની કમાણી તે દિવસોમાં. વૈભવશાળી જીવન ઇચ્છનાર માટે મુંબઈથી વધુ સારી જગ્યા કઈ હોઈ શકે ? પણ ભરયુવાનીમાં માંહ્યલો 'રામ' જાગ્યો અને અંદરથી એવો ધક્કો લાગ્યો કે ધીકતી કમાણીને રામરામ કરી યોગ્ય ડોકટરને પોતાનું કાર્ય સોંપી, વતન વડનગરમાં આવી ગયા. વડનગરમાં જ નાગરિક મંડળ દ્વારા સંચાલિત આંખની હોસ્પિટલમાં તનમનથી લાગી ગયા.

એમનું સેવાકાર્ય ધીરે ધીરે વિસ્તરતું ગયું. બનાસકાંઠાના રાધનપુર પરગણામાં મધ્યમ વર્ગ, ગરીબ જનતા માટે મફત નિદાનયજ્ઞો શરૂ થયા અને આંખનાં ઓપરેશન પણ. આ સેવાકાર્ય પાછળ ન હતી કોઈ દ્રવ્યની આશા, ન કીર્તિની ખેવના; મનમાં હતી પીડિત મનુષ્ય પ્રત્યેની કર્તવ્યભાવના. હેતુની શુદ્ધતા, ધૈર્ય અને ખંતથી કાર્યમાં લાગ્યા રહેવાની તેમની નિષ્ઠાએ સેવાવ્રતનું માહાત્મ્ય સાચા અર્થમાં પ્રગટ કર્યું.

ગાંધી-વિનોબાનો પ્રભાવ પૂર્ણ રીતે ઝીલી અને એને પોતાના જીવનમાં આચરણ દ્વારા પ્રગટ કરી શકે તેવી ધાતુના આ સત્પુરુષે ગ્રામસ્વરાજ અભિયાનને લક્ષ્ય રાખી ગામડાંને સ્વાવલંબી, સ્વનિર્ભર, ઉદ્યમી અને વ્યસનમુક્ત બનાવવામાં કોઈ કસર બાકી ન રાખી. વિનોબાજીના ભૂદાનયજ્ઞની પ્રવૃત્તિમાં પણ લાગી રહ્યા. રવિશંકર મહારાજની સાથે બળબળતા બપોરે ખભે સામાન રાખી, ગામડે-ગામડે જોષીસાહેબને ઘૂમતા જોયાનો ખ્યાલ છે. સાચી વાત આ છે કે આ મહાપુરુષોના પેગડામાં પગ મૂકી, વિનમ્ર ભાવથી સેવાધર્મને લક્ષ્યમાં રાખી અનોખા પદયાત્રી બનવાનો પ્રયાસ તેઓ કરતા રહ્યા છે.

યાદ છે, સન ૧૯૬૮માં ધરમપુર વિસ્તારમાં દુષ્કાળને કારણે પાણી ને અનાજનું અભૂતપૂર્વ સંકટ ઊભું થયું. તેઓ વડનગરથી વલસાડ દોડી આવ્યા. હું તે સમયે આર્ટ્સ કૉલેજ, વલસાડમાં વ્યાખ્યાતા. સીધા મારે ઘેર આવી આવા કાર્યમાં સાથ આપવા ઇજન આપ્યું. અમે વલસાડના શ્રેષ્ઠીઓ, ડૉક્ટરોને મળ્યા. સારું એવું દાન અને અનાજ લઈ જાતે જ ધરમપુર વિસ્તારમાં વિતરણ કરવાનું માથે લીધું.

મારા વતન ધીણોજમાં સમૂહ યજ્ઞોપવીત પ્રસંગે તેમને અચાનક આવવાનું થયું. બટુકોને અને સર્વે ભાઈ-બહેનોને ભારતીય સંસ્કારોની મહત્તા તો તેમણે સમજાવી, સાથે આધુનિક પરિવેશમાં પણ સેવા, સાદગી અને ત્યાગનાં મૂલ્યો કેટલાં ઉપકારક બની શકે છે તેની સીધી, સરળ ભાષામાં વાત કરી.

આજે પણ ૮૯ વર્ષની પાકટ વયે ડૉ. જોષી સાહેબની મુખમુદ્રા પ્રસન્નતાની દ્યોતક છે. વયને કારણે થતી નાની મોટી તકલીફો વચ્ચે પણ કાર્યરત રહેવામાં તેઓ પાછી પાની કરતા નથી. 'ગ્રામ સ્વરાજ અભિયાન'ની તેમની પ્રવૃત્તિ આજે પણ ચાલુ છે. સર્વશ્રી ચુનીભાઈ વૈદ્ય, ઈશ્વરભાઈ પટેલ, શ્યામસુંદર પરીખ વગેરેનો તેમને સારો સાથ છે. પરમેશ્વરને પ્રાર્થીએ કે તેમને નિરામય શતાયુ બનાવી શેષ જીવન વ્યતીત કરવાની શક્તિ આપે.

૦ ડૉ. બચુભાઈ આચાર્ય

સાદાઈ-સચ્ચાઈ ને આચરણના માણસ

૧૯૫૦માં અમારાં ફોઈબા કોદરીબાને ત્યાં અમારે બે ભાઈઓએ અભ્યાસાર્થે રહેવાનું થયું. પ્રેમશંકર શુકલ કોદરીબાના દિયરના દીકરા. એ અમારી વિદ્યાર્થી-અવસ્થામાં અમારા પ્રેરક બન્યા. શુદ્ધ ખાદીધારી. વડનગર સહકારી સંઘમાં કામ કરે. એમની પાસેથી ગાંધીજીની વાતો સાંભળી, સફાઈ, નશાબંધી, વગેરે કામો વિશે જાણ્યું. એમની પાસેથી વડનગરના જોષીસાહેબ વિશેયે જાણ્યું.

એક દિવસ જોષીસાહેબ અને રતનબહેન આવ્યાં. અમને નવી પોળનાં છોકરાંવને ભેળાં કર્યાં : અમને ગાંધીબાપુની વાતો કરી. નવાપુરા, છાબલિયા, સુલતાનપુરામાં થતાં કામોની વાતો કરી. શિક્ષણ સાથે સમાજસેવા પણ કરવી જોઈએ તેની વાતો કરી. ગ્રામસફાઈમાં અમને સહુનેય સાથે લીધાં. આ મારી જોષીસાહેબની પહેલી ઝલક.

એ દિવસોમાં જ ફરી એક વાર મેં એમને જોયા પ્રાર્થના કરતા. બાર-પંદર ખાદીધારી સમૂહમાં પ્રાર્થના કરતા બેઠા હતા. હું પણ તેમાં સામેલ થઈ ગયો. ત્યારે 'સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો' વગેરેની કશી ખબર નહોતી. પણ પ્રાર્થનામાં ગવાતા એ શ્લોકોની અને છેલ્લે શાંતિમંત્ર વગેરેની મારા મન ઉપર ઘેરી અસર થઈ. મનમાં અપાર શાંતિ મેં અનુભવી. આ બધું જ છેવટે ગાંધી ભણી દોરી ગયું.

મારે મન તો રતનબહેન અને જોષીસાહેબ મારાં માતા-પિતા જ છે. પિતાને તો મેં જોયાનું યાદ નથી, કેમકે હું ચાર વરસનો હતો, ત્યારે જ એ ગુજરી ગયેલા. મેં જોષીસાહેબને જ પિતા ગણી મુશ્કેલીમાં કે કામકાજમાં જરૂર પડે ત્યારે રૂબરૂ મળીને કે પત્રવ્યવહાર દ્વારા એમની સલાહ લીધી છે. એમનું માર્ગદર્શન મને દરેક વખત ઘણું ઉપયોગી નીવડ્યું છે. સી.એન. વિદ્યાવિહાર, અમદાવાદમાં આચાર્ય હતો ત્યારે પાસે ફોર સ્ટાર હોટેલ થતી હતી. ત્યારે મેં તેની સામે લડત માટે જોષીસાહેબને પત્ર લખ્યો. તેમણે લખ્યું કે અવશ્ય લડાઈ આપવી જ. કડાદરા સત્યાગ્રહમાંયે અમે સાથે રહ્યા. વડનગર-વિસનગર ઘણી વાર જવાનું થયું છે. અને જોષીસાહેબ, રતનબેન અને મિહિરભાઈનો પ્રેમ મને મળ્યો છે.

જોષીસાહેબ સાદાઈ, સચ્ચાઈ અને આચરણના માણસ છે, જવલ્લે જ મળે એવા ગાંધીજન છે. તેઓ ૧૦૦ વરસ તંદુરસ્તીભર્યું જીવન જીવે, એ જ પ્રાર્થના !

૦ બુદ્ધિધન ત્રિવેદી

✣

હે દ્વારકેશ !

નખશીખ તપોપૂત હે દ્વારકેશ !
તન મન શુદ્ધ અનાસક્ત,
હૃદય તવ ક્ષણ ક્ષણ મુદિત
માનવ હૃદય પુલકિત !

ચહ્યું ના પદ સંપદા
ઉજ્જ્વલ તપોમય જીવન સર્વદા
સમાજે સમર્પિત
કેવું મુખરિત સુવર્ણ ચરિત.... હે દ્વારકેશ

સમાગમે તું સંત,
સહૃદયા તું સખ્ય,
તવ શબ્દ સ્પર્શે ભીગો ભીગો
તવ હૃદય સ્પર્શે ભીગો ભીગો....હે દ્વારકેશ

ન દ્વારકા કેદારાક્ત છતાંય તું દ્વારકેશ !
અનાસક્ત કર્મયોગી તું દ્વારકેશ !
હૈયે હૈયાં સ્પંદને છલકંત
હે દ્વારકેશ, હે દ્વારકેશ !

રતન કૂખ રતન પ્રકટ,
શિવ-ગૌરી-સુતસમ સર્વ પૂજંત,
હે દ્વારકેશ
નમો નમ: નમો નમ:

— બેમરભાઈ

કેટલાંક સંસ્મરણો

ખોટું કામ કરતા નહીં

તેમણે આપેલી શીખ હજી યાદ છે : ''ખોટું કામ કરતા નહીં.''

પૂજ્ય દ્વારકાદાસ જોષી અને વાસુદેવ રાવલ અમારી પેઢીએ આવેલા. એમના આગમનથી જ અમે ધન્ય થઈ ગયા. જ્યારે નીચે ઊતર્યા ત્યારે ત્યાં તલનો મોટો ઢગલો હતો. બજારમાંથી જે તલ ખરીદીએ, તે બધો ઢગલો ભેગો કરતા હતા અને પછી બાજુની દુકાને પંખો, ચારણો લગાવી સાફ કરીને કંડલા બંદરે મોકલતા હતા. ઢગલામાં બજારથી ખરીદેલો માલ, એટલે તેમાં દરેક જાતનો માલ હોય અને માટી, પાંખડીઓ વગેરે પણ હોય. આ જોઈને બોલ્યા, ''ખોટું કામ કરતા નહીં.'' પછી થોડા આગળ વધ્યા, ત્યારે પંખો-ચારણો કરી તૈયાર કરેલો માલ જોઈને ફરી કહ્યું : ''ગુરુ કુટુંબના છો એટલે ખોટું તો નહીં જ કરતા હોવ. સ્વ. મોહનલાલ ગુરુ (મારા પિતાશ્રી) તથા સ્વ. ત્રિભોવનદાસ ગુરુ (મારા મોટાભાઈ)ને હું જાણું છું. તેઓ કદી ખોટું કરે નહીં. તમે પણ કદી ખોટું કરતા નહીં.''

તેઓશ્રી અમારા કુટુંબને આટલા નજીકથી જાણે છે, તે ત્યારે જ ખબર પડી. ઊંઝાના શ્રી ગોપાલભાઈ પટેલ પણ સાથે હતા. અમારા કુટુંબ પ્રત્યે ડૉ. જોષીસાહેબ જેવાને આવું માન હોય, તો અમારાથી કદી ખોટું થઈ જ ન શકે, એવું આવતી અમારી પેઢીને પણ કહેતા જઈશું. જોષીસાહેબને દીર્ઘાયુષ્ય ઇચ્છીએ છીએ.

૦ કાન્તિલાલ ગુરુ

દ્વારિકાના દાસને વંદન !

મુ. દ્વારકાદાસભાઈને પ્રથમ પ્રથમ જોયા, ૧૯૫૦ની આસપાસ કોઈ સર્વોદય સંમેલનમાં. સાંભળ્યું કે, તેઓ મોટા દાક્તર છે, મુંબઈની મહાનગરીનો મોહ

સામાજિક સેવકોમાં ભાવના ને બુદ્ધિ બેઉ જોઈએ, તેમ જ એમનામાં વ્યવહારકુશળતા પણ જોઈએ. વિચારોની પણ સ્પષ્ટતા હોય. સેવકને પોતાના કાર્ય, ધ્યેય, તેના સિદ્ધાંતો, તેનું તંત્ર વગેરેની પૂરી જાણકારી હોય અને સાચી દૃષ્ટિ હોય. તેનામાં લોકોની શંકાઓનું સમાધાન કરવાની ક્ષમતા હોય. આપણું કાર્ય કેવળ ભાવનાનું નથી, તેમાં બુદ્ધિની અને કુશળતાનીયે એટલી જ આવશ્યકતા છે.

ખરું જોતાં, ભાવના અને બુદ્ધિ વચ્ચે કોઈ વિરોધ નથી, બંને એક જ સિક્કાનાં બે પાસાં જેવાં છે. સામાજિક સેવકમાં ભાવના ને બુદ્ધિનો સમન્વય થયેલો હોય.

૦ વિનોબા ૦

છોડી ભાંગતાં ગામડાંમાં આવીને વસ્યા છે. વડનગરને એમણે પોતાની સેવાનું મુખ્ય કેન્દ્ર બનાવ્યું છે.

વડનગર – એટલે નાગરોનું હાટકેશ તીર્થ. પ્રત્યેક નાગરને, પછી તે ગમે તે સ્થળે વસતો હોય, પણ જીવનમાં એક વખત પોતાના ઇષ્ટદેવ હાટકેશ-દર્શનની ઝંખના રહેતી હોય છે.

૧૯૮૦ પહેલાંની આ વાત છે. મેં પણ અમારા પરિવાર સાથે હાટકેશ દર્શનની યાત્રા ગોઠવી હતી. સવારે દર્શન પતાવી, બપોર પછી દ્વારકાદાસભાઈના સત્સંગ-મિલનનો સમય ગોઠવ્યો હતો. અમારા બધાંનું ભોજન એમણે પોતાને ત્યાં ગોઠવ્યું હતું. વડનગરની નાગરિક ઇસ્પિતાલ, વસંતભાઈની મુલાકાત, ખાદીભંડાર, જૂનાં દેવળો વગેરે જોઈ ફરી અમે સાંજના તેમને ત્યાં પહોંચી ગયાં. પરિવારમાં હું અને અમારી ત્રણેય દીકરીઓ સાથે હતી. ભારતીબહેન તો હોય જ. આમ, અમારી પંચપુટી હતી. સૂર્યકૂકરથી તૈયાર થયેલ રસોઈ અમે પ્રથમ વાર રતનબહેનને હાથે જમ્યાં. સમૂહભોજનથી જે આત્મીયતા બંધાય છે તે સભા-સંમેલનથી નથી બંધાતી. તેમાં પણ પરસ્પરનાં કુટુંબો સાથે હોય ત્યારે તો તેની મજા ઓર હોય છે. એ દિવસે મેં મારાં સેવા-સંસ્મરણો સંભળાવ્યાં અને એમણે પ્રેમથી ઝીલ્યાં.

રચનાત્મક કામમાં પડ્યા પછી મારા જીવનના આદર્શ પુરુષોમાં —એક બબલભાઈ મહેતા અને બીજા દ્વારકાદાસભાઈ રહ્યા છે. બંનેના જીવનની સુરભિ.... સેવા... સેવા.... અને સેવા જ રહી છે. માનવ પોતાની ભક્તિનો સર્વોત્તમ આવિષ્કાર પ્રત્યક્ષ સેવા દ્વારા જ પ્રગટ કરી શકે છે. પોતે માનવજીવનનું ઉત્તમ કાર્ય કરતા છતાં પોતાની જાતને હંમેશાં અલ્પકથિત અથવા મૂક રાખે. કામને જ બોલવા દે. મૂક સેવકોના દૃષ્ટાંતમાં હું આ બે પુરુષોને મારો આદર્શ ગણું છું.

હમણાં મહેસાણા જિલ્લાની સર્વોદય પત્રિકાની સાથોસાથ એનો એક વધારો - નાની ધ્યાનાકર્ષક પત્રિકા - સેવકના ઘડતરના પાથેય તરીકે કેટલાક સમયથી નિયમિત બહાર પડે છે. અમે પણ આ પત્રિકાનો 'જીવનસ્મૃતિમાં' અવાર-નવાર ઉપયોગ કરીએ છીએ. આ પત્રિકાની ખૂબી એ છે કે તેમાં દ્વારકાદાસભાઈનો એક શબ્દેય નથી હોતો, પરંતુ તેમના હૃદયના ભાવ, વિનોબાની હૃદયગંગામાંથી જે પ્રગટ થતા રહ્યા છે, તે સેવકને માટે એક સાચા પાથેયરૂપ બની રહે છે. અમારી પ્રવૃત્તિઓમાં પણ આવાં વચનામૃતોથી અમને બળ મળતું રહ્યું છે.

'જીવનસ્મૃતિ'નાં દસ વર્ષ પૂરાં થયાં ત્યારે અમે મૃત સ્વજનોની શ્રદ્ધાંજલિઓનું એક પુસ્તક —'ચાલો મળીએ આપણા સ્વજનોને....' પ્રગટ કર્યું હતું. તે દ્વારકાદાસભાઈને પણ મોકલ્યું હતું.

તેમનો પ્રત્યુત્તર હતો :

''પુસ્તક મળ્યું. આભાર ! પુસ્તકમાં ઘણા બધા આપણા સ્વજનોને મળવાનું થયું. ૧૦૫ જેટલા સ્વજનોને મળવાનું થયું. બહુ જ સારું, યોગ્ય સંકલન થયું છે. ધન્યવાદ ! મારી તબિયત સારી છે. ૮૭મું વર્ષ ચાલે છે. શારીરિક મર્યાદા-ચાલવાની, સાંભળવાની થોડી ખામી.''

અમારાં પ્રત્યેક પુસ્તકને વાંચ્યા પછી પોતે સ્વહસ્તે પ્રત્યુત્તર અને પ્રતિભાવ પાઠવે, જેથી અમારો ઉત્સાહ વધે છે.

માણસનું વ્યક્તિત્વ એના વિચારમાં નહીં, પરંતુ તેના કર્તવ્યમાં છે. માણસ જે પળે પોતાનું વ્યક્તિત્વ બનાવવા ઇચ્છે છે તે જ પળે પોતાના હૃદયમાં રહેલી નીતિને આચારધર્મ એટલે કે કર્તવ્યમાં જાગ્રત કરતો રહે છે. દ્વારકાદાસભાઈના જીવનમાં આપણ સૌને એનાં દર્શન થતાં રહ્યાં છે. તેમનો ગુણોત્કર્ષ સ્થિતપ્રજ્ઞ રૂપે અથવા નરસિંહ મહેતાએ ગાયેલ વૈષ્ણવજનનાં લક્ષણોમાં આપણને હરપળે પ્રત્યક્ષ થયા કરે છે. આ બધું એમણે લોક-હિતૈષણાને અર્પણ કર્યું છે.

આપણી વચ્ચે આવો લોકોત્તર પુરુષ પોતાની મૌનમઢી ભાષામાં સમજાવે છે કે — 'માણસે તાત્કાલિક અને વ્યક્તિગત સુખ-દુ:ખને મહત્ત્વ ન આપતાં, સામુદાયિક સુખદુ:ખનો વિચાર કરીને ચિત્તની શુદ્ધિ અને સદ્‌ગુણોની વૃદ્ધિનો આગ્રહ રાખીને માનવ- સેવા એટલે કે માનવતા સાધવાનો વિચાર અને પ્રયત્ન કરવો જોઈએ.

આ પ્રસંગે આદરણીય બહેન રતનબહેનની પ્રેમાળ, માતૃ-વત્સલતાભરી હૂંફ યાદ આવ્યા જ કરે છે. અને પિતાને પગલે અનેક જ્યોતિઓને નવ-જ્યોતિમાં પરિવર્તન કરતા ભાઈ મિહિરભાઈને તો કેમ ભુલાય !

સર્વોદય સમાજના ઋષિવર, દ્વારિકાના શ્રીકૃષ્ણના દાસનાયે દાસ એવા ડૉકટરસાહેબ દ્વારકાદાસભાઈને અમારા શત શત વંદન !

૦ મનુ પંડિત

એ ધન્ય પળ !

અમારા દાદા નાથાભાઈ ધોણિયા સ્વાતંત્ર્ય-સેનાની હતા. તબિયતે સાથ આપ્યો ત્યાં સુધી તેઓ દરેક શિબિર સંમેલનમાં ડૉ. જોષીસાહેબ પાસે જતા. દાદા અમને જોષીબાપાની સેવાની ને ભાવનાની બધી વાતો કરે. સેવાની ધૂણી ધખાવીને બેઠા છે, કમાણી પણ લોક-કલ્યાણમાં હોમી દીધી છે. એમનાં પત્ની રતનબહેન પણ મન, કર્મ, વચનથી એમની સાથે જ છે. આ બધી વાતો અમે દાદા પાસેથી ઘણી વાર સાંભળેલી. અને તેની અમારા જીવન પર ખૂબ જ ઊંડી અસર થયેલી.

મનેય આનો રંગ લાગ્યો. હું ત્યારે ખેતી કરતો. 'ભૂમિપુત્ર' વાંચતો. સૌરાષ્ટ્રમાં અમારા વિસ્તારમાં શિબિરો થાય, પદયાત્રાઓ થાય, ત્યારે ભાગ લેતો. એ અરસામાં એક વાર જોષીબાપા અને રતનબા અરણી આવેલાં, ત્યારે એમનાં દર્શન પહેલી વાર મને થયેલાં.

ત્યાં લીલાધરભાઈ હતા. મેં પાંચ સંકલ્પો કરેલા એ વાત એમણે જોષીબાપાને કરી. એટલે જોષીબાપાએ મારા બંને ખભા પર પોતાના બંને હાથ મૂકીને મને આશીર્વાદ આપેલા. એ મારા જીવનની રોમાંચક, ધન્ય અને અવિસ્મરણીય પળ છે. સત્ય, પ્રેમ, કરુણાના એ પુન્નરી પાસેથી મને ઘણા વિચારો મળતા રહ્યા છે. ગુજરાત સર્વોદય મંડળના વરિષ્ઠ અને ભીષ્મ પિતામહ સમા જોષીબાપાને મારા શત શત વંદન !

૦ બેચરભાઈ ધરમસીભાઈ ધોણિયા

અમે એક જ તાંસળીમાં ખાધું !

ગુજરાતમાં ગ્રામદાન-ઝુંબેશ વેળા ડૉ. જોષી અમૃત મોદી અને બીજા એક મિત્ર સાથે કચ્છ આવેલા. નીલપર આશ્રમમાં મારે ત્યાં મથક રાખીને અમો ચારેય મિત્રો ગામડે-ગામડે ફરીને ગ્રામદાનની અમારી વાતો લોકોને સમજાવતા. એક દિવસ ફરતાં-ફરતાં અમો શંભુ કોલીની વાંઢે પહોંચ્યા. (વાંઢે એટલે નાનું ગામ) ખરા બપોર થઈ ગયેલા. શંભુભાઈ કે તેમના ચાર દીકરામાંથી કોઈ પણ ઘેર ન હતા. મજૂરીએ ગયેલા. ઘેર તાજા જ પરણેલા નાના દીકરાની વહુ હતાં. તેણે આગ્રહપૂર્વક અમને રોકયા. ઉતાવળે બાજરાના રોટલા અને કોરડ (મઠ)નું શાક તૈયાર કર્યાં. એક નાના પાટલા પર રોટલાની થપ્પી અને એક તાંસળીમાં (મઠનું) શાક અમારી પાસે મૂક્યું. ઘરમાં એક જ તાંસળી હતી. અમે એકાદ મિનિટ તો મૂંઝાયા, પણ તરત જ રસ્તો શોધી કાઢ્યો. રોટલાના બટકા ઉપર શાક ચડાવીને બટકું સીધું જ મોમાં મૂકવાનું ! અને આમ એક જ તાંસળીમાં અમે ચારેય મિત્રો મોજથી જમ્યા ! એ બહેને અમને પ્રેમથી જમાડ્યા. ગામડાની દારુણ ગરીબી. અને એવી કારમી ગરીબીમાં પણ અતિથિને ભાવપૂર્વક સાચવવાના સંસ્કારો આવા અભણ લોકોમાં પણ કેવા સચવાઈ રહ્યા છે, તેનાં પ્રત્યક્ષ દર્શન થયાં.

એક માસની આ ગ્રામદાન-પદયાત્રામાં એક પણ ગ્રામદાન અમો કરાવી ના શકયા. પણ ગરીબમાં ગરીબ લોકોમાં પડેલ ઊંડી આતિથ્ય-ભાવનાનાં ઘણે ઠેકાણે અમને દર્શન થયાં. તેની પ્રસન્નતા તો જોષીસાહેબ અને અમ સર્વ મિત્રોમાં રહી. જોષીસાહેબનો તે વખતે જે પરિચય થયો તે એ કે તેઓ એક ભકત-હૃદયી સાધુપુરુષ છે. 'શમે ના વેરથી વેર, અવેરે જ શમે વેર' એ જીવનમંત્ર એમના જીવનમાં સારા પ્રમાણમાં સધાયો છે તથા સંત વિનોબાના એ પરમ ભકત છે.

શહેરનું સુખ-વૈભવવાળું જીવન છોડીને આવા અભાવગ્રસ્ત લોકોની ભલાઈ માટે જીવન ખર્ચવામાં આનંદ માણનાર પ્રિય ડૉ. દ્વારકાદાસભાઈને સસ્નેહ પ્રણામ.

૦ મણિભાઈ સંઘવી

સ્વાધ્યાય-પત્રોનો સુધારસ

વિનોબાજી કહેતા કે સમાજસેવા-અધ્યાત્મ = શૂન્ય. વિમલાતાઈએ પણ સર્વોદયના કાર્યકર્તાઓને 'કાર્યકર્તા મટો, સાધક બનો'નું સૂત્ર આપેલું છે. દાદા ધર્માધિકારીએ પણ સતત સ્વાધ્યાય, મનન-ચિંતન કરતા રહેવા પર ભાર મૂકેલો. આપણામાંના ઘણા નિયમિત રીતે આ પ્રકારની પ્રવૃત્તિ કરતા જ હશે, પરંતુ પૂ. મોટાભાઈએ જે સાતત્યપૂર્વક 'સ્વાધ્યાયપત્રો' દ્વારા સ્વાધ્યાય કર્યો-કરાવ્યો છે, તે ગુજરાતના સર્વોદય જગતમાં આગવી ભાત ધરાવે છે.

'જીવનતીર્થ'ના કાર્યાલયના સોફ્ટ બોર્ડ પર તેમના સ્વાધ્યાય-પત્રો સતત સ્થાન પામતા રહ્યા છે. તેનું નિયમિત વાચન અમે કરીએ છીએ. 'કાર્યકર્તા પાથેય'ના વિનોબાજીના વિચારોનું ખૂબ જ સુંદર રીતે ચયન કરીને એક પ્રેમાળ માતા જેમ ખોરાકને સુપાચ્ય રીતે રાંધીને પીરસે તેમ પૂ. મોટાભાઈ આપણી સામે પત્રપ્રસાદીરૂપે નિયમિત પ્રેરક વિચારો અને ભાવોનું ભાથું પીરસતા રહ્યા છે.

વ્યકિતગત રીતે વાત કરીએ તો વિસનગર જવાનું સૌથી મોટું આકર્ષણ અમારા માટે પૂ. નનન અને પૂ. મોટાભાઈનું સાંનિધ્ય રહ્યું છે. જે પ્રેમથી તે, આજકાલ શું કરો છો ? શેનું ચિંતન ચાલે છે ? તેમ પૂછી આપણા નાનકડા પ્રયાસોને પણ બિરદાવે છે તેથી બળ મળે છે.

સાચું કહીએ તો હાલ તો અમારા માટે તેમના 'સ્વાધ્યાય-પત્રો' જ સર્વોદય જગત સાથેના વિચારોનો એકમાત્ર સંપર્કસેતુ રહ્યો છે. અન્ય સાહિત્ય વાંચન કે સર્વોદય મંડળ સાથે જોડાયેલા મિત્રોનો સંપર્ક કાળાંતરે છૂટતો ગયો છે. મહદ્ અંશે તેમાં અમારી જ મર્યાદા હશે. તેમ છતાં પૂ. મોટાભાઈ તરફથી જે નિર્વ્યાજ પ્રેમ અને પત્રપ્રસાદી મળતાં રહ્યાં છે, તેના અમે ઋણી છીએ. પ્રેમાદર સાથે તેમનાં ચરણોમાં પ્રણામ.

૦ રાજુ-દીપ્તિ

માણસની પરખ વર્તનથી

માણસની પરખ એના વર્તનથી જ થાય છે ને !

૧૯૫૯માં મારી તબિયત ઘણી જ ખરાબ હતી. પૂ. જોષીસાહેબ જોવા આવ્યા. લોહી તપાસવા માટે લોહી લેવા પ્રયત્ન કર્યા. પરંતુ લોહી ઓછું હશે તેથી મને કહે, ''આટલી નાની ઉંમરમાં રકતદાન કરી આવી છે કે શું ?'' એ શબ્દો એટલા લાગણીથી ઉચ્ચારેલા કે મારી આંખમાં આંસુ આવી ગયાં.

તરત જ તેઓ મને અને મારાં બન્ને બાળકોને પોતાને ત્યાં જીનમાં લઈ ગયા. ત્યાં પૂ. રતનબેનના મા-સમા આવકારે મારી તબિયત તરત જ અઠવાડિયામાં સારી થઈ ગઈ. એ હૂંફ, એ આવકાર મારી જિંદગીનું અમૂલ્ય ભાથું બની ગયું છે.

પૂ. રતનબેન પણ તે વખતે સમાજમાં બહેનોનું ખૂબ કામ કરતાં. ઘણી વખત મને તેડવા આવે. હું તૈયાર થાઉં ત્યાં સુધી બાળકોને સાચવે ને સાથે લઈ

જાય. આ એ સમયની વાત છે, જ્યારે પૂ. જોષી સાહેબ અને રતનબેનનો જમાનો હતો. સાથે શર્મિષ્ઠાબેન અને ઇન્દુબેન વોરા પણ હોય. એ લોકોની કામ કરવાની ધગશે કેટલીયે બહેનોને કામ કરતી કરી હતી. તેમનો પડ્યો બોલ ઝિલાતો. આજે તેઓ ભલે વૃદ્ધાવસ્થાને આરે હોય, પણ તેમની ચેતનાએ વડનગરને ઘણું આપ્યું છે.

મિહિરભાઈ જેવો હીરલો —તેમના વિષે શું કહેવું, એ ખબર પડતી નથી. એટલું જ ઇચ્છું કે બાપ કરતાં બેટો સવાયો થાઓ !

અને પૂ. જોષીસાહેબ તથા પૂ. રતનબેનને ભગવાન સાજાંમાજાં ને દીર્ઘાયુષી બનાવે.

૦ સરલાબેન દવે

— તો કેવી મજા !

હું હરીશભાઈ વ્યાસના નેતૃત્વ હેઠળ ચાલતી ગુજરાત સર્વોદય પદયાત્રામાં સાથે હતો. વિસનગરમાં અમારો મુકામ. ડૉ. જોષી, રતનબહેન અને મિહિરભાઈએ બધી વ્યવસ્થા કરેલી.

તેમાં વાઘરીવાસમાં થયેલી અમારી સભા મને બહુ યાદ રહી ગઈ છે. તે વખતે ત્યાં પૂ. પાંડુરંગ શાસ્ત્રીની પ્રેરણાથી સ્વાધ્યાય પ્રવૃત્તિઓ ચાલતી. અમે ગયાં તો વાઘરી ભાઈ-બહેનોએ બાજરીના રોટલા, ખીચડી, શાક અને છાશનું ભોજન કરાવ્યું. સભામાં સમૂહ પ્રાર્થના થઈ. વાઘરીવાસનું મેદાન ચિક્કાર ભરાયેલું. ડૉ. જોષીસાહેબે આખી ટુકડીનો પરિચય કરાવ્યો. મિહિરભાઈએ પણ પોતાની સાદી સરળ શૈલીમાં પ્રાસંગિક વાત કરી. પછી મારે બોલવાનું થયું. મેં ગાંધીજીની વાત કરી કે આપણે માત્ર સર્વોદય માટે જ નહીં, પણ સર્વના કલ્યાણ માટેયે મથવાનું છે. પૂજ્ય રવિશંકર મહારાજ કહે છે તેમ બીજા માટે ઘસાઈ છૂટવાનું છે. સત્કર્મ, સેવાકર્મ કરીએ તે પ્રભુનાં ચરણોમાં સમર્પિત કરી દેવાનું છે. મહાત્મા થોરોની પણ વાતો કરી. વ્યસનમુક્તિની વાતો કરી. સ્વાધ્યાય એટલે 'સ્વ'નું, પોતાનું તટસ્થ ભાવે આત્મ-નિરીક્ષણ.

સભામાં પ્રશ્નોત્તરી પણ થઈ અને કેટલાંક ભાઈ-બહેનોએ સંકલ્પો પણ કર્યા. સર્વોદય સાહિત્ય વેચાયું અને 'ભૂમિપુત્ર'ના ગ્રાહકો થયા. બહુ સરસ વાતાવરણ થયું હતું. લોકોમાં ઉત્સાહ ઘણો હતો.

ડૉક્ટરસાહેબને પણ ઘણી ખુશી થઈ હતી. મુકામે પાછા ફરતાં કહેતા હતા : ''આવાં સત્કાર્યો, સેવાકાર્યો અને સર્વોદયનાં કાર્યો છેલ્લી ક્ષણ સુધી પ્રસન્નતાથી કરતા રહીએ, અને આ જીવન પ્રભુ-ચરણે સમર્પિત કરીએ, તો કેવી મજા આવે !'' આમ બોલતાં-બોલતાં ભાવવિભોર થઈ ગયા.

આ ડૉક્ટરસાહેબની સાચી ઓળખાણ છે. એમને શત શત પ્રણામ !

૦ સુમન્તભાઈ વ્યાસ

ડૉક્ટરસાહેબના આશીર્વાદ મળ્યા

મારા પતિ હરીશભાઈ વ્યાસની ગુજરાત સર્વોદય પદયાત્રા ચાલે. મારે ઘરની જવાબદારી, પણ હું અવારનવાર તેમાં ભળતી. વચ્ચે વડનગર ને વિસનગરમાં એક એક સપ્તાહનો મુકામ. ડૉ. જોષી અને રતનબહેનના ઘરે જ યાત્રાનો ઉતારો. હું ત્યાં ગયેલી. તે વખતે આ બંનેનો મને વધુ નિકટથી પરિચય થયો.

ડૉક્ટરસાહેબે મને સપ્રેમ આજ્ઞા કરી, ''આજે મંદિરમાં મહિલા સભા રાખી છે. તેમાં તારે સ્ત્રીશક્તિ-જાગૃતિ અને સર્વોદય વિશે વ્યાખ્યાન કરવાનું. રતન તારી સાથે આવશે. તને ફાવશે ને ?''

રતનબહેને મને પ્રોત્સાહન આપ્યું : ''તમે પુરુષો અમારા વિશે શું સમજો છો ? હું એનો પરિચય કરાવીશ અને આ સત્યવાન સાવિત્રી હરીશભાઈની જેમ જ વાતો કરશે. તમે લોકો નિશ્ચિંત

રહેજો. તમારા કાર્યક્રમોમાંથી વહેલા છૂટો તો અમારી સભામાં આવજો. તમને મહિલા-શક્તિનો પરચો મળશે.''

અમે સભા-સ્થળે પહોંચ્યાં ત્યારે મંદિર બહેનોથી ખીચોખીચ ચિક્કાર હતું. રતનબહેને પોતાની સાદી સરળ ભાષામાં રસિક ઢબે મારો પરિચય કરાવ્યો અને મને ઊભી કરી. મેં ગાંધીજી, વિનોબાજી, વિવેકાનંદ વગેરેના પ્રસંગો કહ્યા તથા જાતજાતના સમાજ-સુધારાની વાતો કરી અને વ્યસનમુક્તિ માટે પણ હાકલ કરી. ત્યારે વીસેક બહેનોએ ઊભા થઈને વ્યસનમુક્તિના સંકલ્પો કર્યા. પંદરેક બહેનોએ બાળલગ્ન, લગ્ન-મરણ વખતે થતા ખોટા ખરચા, પૈઠણ વગેરે બંધ કરવાના નિર્ણયો કર્યા. પચીસ-ત્રીસ બહેનોએ દીકરા-દીકરીના ઉછેરમાં કશો ભેદભાવ ન રાખવાની પ્રતિજ્ઞા કરી. બહેનોએ સાહિત્ય પણ ખરીદ્યું અને દસેક બહેનો 'ભૂમિપુત્ર'ની ગ્રાહક થઈ.

આ બધું જોઈ-જાણી ડૉ. જોષીસાહેબને ઘણો સંતોષ થયો અને એમણે બહેનોને ધન્યવાદ આપ્યા. મને પણ પ્રેમપૂર્વક આશીર્વાદ આપ્યા. એમને મારા ભાવપૂર્વક પ્રણામ.

૦ સાવિત્રી વ્યાસ

તેન ત્યક્તેન ભુંજીથા:

મારા ગુરુમહારાજ પરમ વંદનીય પૂ શ્રી પ્રેમ અવધૂતજીએ પૂ શ્રી રતનબહેન (નનન)ની અંતરની ઇચ્છાને જાણીને તા. ૭-૭-૦૨ના રોજ માઉન્ટ આબુ જતાં વિસનગર મોટાભાઈને મળવાનું ગોઠવ્યું.

યોગી અને કર્મયોગીનું સહદર્શન થયું. જેણે જોયું તેણે માણ્યું, તેવો આ પ્રસંગ હતો. મિહિરભાઈના ઘરમાં આ મિલનથી દિવ્ય ચેતનાને બધા જ માણી રહ્યા. બરાબર ૨૦ મિનિટની આ બંને વચ્ચેની બેઠક રહી. વિદાયવેળાએ પ્રેમ અવધૂતજીએ જોષીસાહેબને કહ્યું : ''આ શિવાલયને સાચવજો.'' જોષીસાહેબના શબ્દોમાં —''ભગવાન સાચવશે ત્યાં સુધી સચવાશે.'' પરમાત્મા પ્રત્યેની કેવી પૂર્ણ શ્રદ્ધા !

ડૉ. જોષીસાહેબનો ૧૯૫૦થી અમારા કુટુંબ સાથે સંબંધ. રતનબહેન તથા મારાં બા ગોમતીબહેનની મિત્રતાના કારણે આ સંબંધો વધુ ગાઢ થયા.

ડૉ. સાહેબ વિષે શું લખવું એ એક મોટો પ્રશ્ન છે. કારણ, એમણે જે મેળવ્યું છે તે એટલું બધું ઊંડું છે કે તેમાં ડૂબકી મારવી સહેલી નથી. છતાં બચપણથી અત્યાર સુધીમાં એમનું જે સાંનિધ્ય મળ્યું, એ જ સંસ્મરણો વ્યક્ત કરું છું. તેમનું જીવન એટલે– *''આચાર પરમો ધર્મ'', ''ત્યાગીને ભોગવી જાણો, ''વાંચ્છો મા ધન અન્યનું.''*

લગભગ ૧૯૫૦ પછી જ્યારે જ્યારે તેઓ ચાણસ્મા તાલુકામાં ભૂદાન પ્રવૃત્તિ અને સર્વોદયના કામે આવતા, ત્યારે તેમના પ્રિયજનો એટલે કે દરિદ્ર નારાયણને કોઈ દિવસ ભૂલ્યા નથી. આંખના દર્દીઓને તેઓ દરરોજ બેથી ત્રણ કલાક સુધી તપાસતા. ઘણી વખતે તો લાંબી લાઈન લાગે. છેલ્લામાં છેલ્લો દર્દી આવી ન જાય ત્યાં સુધી તપાસે. અને જેને જેવી જરૂરિયાત. ચિકિત્સા પ્રમાણે દવાઓ વિનામૂલ્યે આપે.

સમગ્ર મહેસાણા જિલ્લામાં તેમજ ગુજરાત અને ભારતમાં ફરી ફરીને મોટાભાઈએ ખૂબ જ સેવા-કાર્યો કર્યાં છે. અને તે પણ નિષ્કામ સેવા સમાજને અર્પણ કરી છે. ખૂબ જ નજીકથી જોઈને વિચારીએ તો ગીતાના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વર્ણવ્યાં છે, તે સર્વે તેમણે આત્મસાત્ કર્યાં છે. અને તેમનું સમગ્ર જીવન એ રીતે જ જીવ્યા છે. ગીતાના બ્રહ્મવાક્યને સમજવું હોય તો ડૉ. જોષીસાહેબનાં દર્શન કરવો જ રહ્યાં.

નિ:સ્પૃહતા કેવું કામ કરે છે, તેનો દાખલો અમારા ચાણસ્મા તાલુકાના વડાવલી ગામે બની ગયો.

જોષીસાહેબની નિ:સ્પૃહ ભાવનાને લીધે જ ૧૯૫૨થી ચાણસ્મા તાલુકામાં સર્વોદય અને ભૂદાનકાર્યે જોર પકડ્યું, અને વિનોબાજીના આ કાર્યક્રમનું એક અનોખું વાતાવરણ સર્જાયું. વડાવલી જેવા નાના ગામમાં અનેક ખેડૂતોએ તેમની જમીન ભૂદાનમાં આપેલી. તેમાં ખેંગારજી દરબાર અગ્રેસર રહ્યા. તેમના ભાગની જમીનમાંથી પોતાના કુટુંબના નિર્વાહ પૂરતી જમીન રાખીને તમામ જમીન ભૂદાનમાં જોષીસાહેબને અર્પણ કરી અને તે પણ જાહેર મેળાવડો કરીને આપી, જેથી બીજાને પ્રેરણા મળે. સાથે સાથે વિનોબાજી તથા ગાંધીજીની જેમ સીવેલાં કપડાં ન પહેરવાની જાહેરમાં પ્રતિજ્ઞા લીધી અને જાહેર સભામાં જ સીવેલાં કપડાં ઉતારી ચિમનભાઈ ભાવસારના ખોળામાં મૂક્યાં અને માત્ર ધોતી અને ઉપવસ્ત્ર પહેરી લીધાં. જોષીસાહેબના સાંનિધ્યથી આવેલું પરિવર્તન અને સાદગીથી જીવવાની ઉદાત્ત ભાવના અને ઓછામાં ઓછી જરૂરિયાતથી કેવી રીતે જીવવું, તે આ જ સમયે શ્રી ખેંગારજી દરબારે નક્કી કરી નાખ્યું અને તેઓ જીવ્યા ત્યાં સુધી ખૂબ જ સાદગીપૂર્ણ રીતે રહીને, રેંટિયો કાંતીને પોતાના હાથે કાંતેલી ખાદી પહેરીને જીવન વીતાવ્યું.

જોષીસાહેબના વ્યક્તિત્વમાં રતનબહેનનો ફાળો અમૂલ્ય રહ્યો છે. તેઓની નાનામાં નાની જરૂરિયાતો તેમજ તેમના વિચારોની આપ-લેમાં, ચર્ચા-વિચારણામાં પણ રતનબહેન આજ સુધી સતત સાથ આપી રહ્યાં છે. જ્યાં જ્યાં જોષીસાહેબ હોય ત્યાં ત્યાં શ્રી રતનબહેન પણ અચૂક હોય જ... પછી તે ચાણસ્મામાં આવવાનું હોય કે વર્ધા - આસામ-બિહાર કે કલકત્તા જવાનું હોય, તેઓ સાથે જ હોય. આમ, રતનબેનનો સાથ જોષીસાહેબના જીવનમાં વધુ ને વધુ ઉપયોગી થવાય તેવો રહ્યો છે.

મને જોષીસાહેબનું કેટલુંક વિશિષ્ટ દર્શન થયું છે, તે કહું —

ઊંઘ : અવારનવાર જોષીસાહેબને ચાણસ્મા આવવાનું થતું જ. મારા પિતાજી અને જોષીસાહેબ ગામડેથી થાકીને આવ્યા હોય ત્યારે જમ્યા પછી આરામ કરવાની વાત થાય, ત્યારે જોષીસાહેબ કહે, હું ૧૦ મિનિટ સૂઈ જાઉં છું. નવમી મિનિટે કામસર ઉપર જવાનું થાય ત્યારે જોષીસાહેબ ઘસઘસાટ ઊંઘતા હોય, અને ૧૧મી મિનિટે જવાનું થાય ત્યારે તેમનું કામ કરતા હોય.

અસ્વાદ : જોષીસાહેબનો ખોરાક નહીંવત્ અથવા બિલકુલ મરચા વિનાનો ખોરાક. બહાર જવાનું થાય અને જમવાનું થાય ત્યાં ખોરાક ખૂબ જ મરચાવાળો અને તીખો હોય, ત્યારે વાડકામાં પાણી રેડીને રાંધેલાં શાકભાજી ધોઈ નાખે જેથી મરચાની તીખાશ ઘટે. સાથે સાથે મીઠાનો સ્વાદ પણ ઘટે અને આમ સ્વાદ વગરનાં શાકભાજી રોટલી કે રોટલા સાથે આરોગે. આમ કરવાથી સામેવાળી વ્યક્તિનો ભાવ જળવાય અને તેને નવી વસ્તુ બનાવવાની તકલીફ પણ ના પડે.

એક વખત જોષીસાહેબને ઝીલીઆથી ચાણસ્મા આવવાનું થયું. તેમને જમવાનું બાકી હતું. આ દિવસે શીતળા સાતમ એટલે ઘરમાં બધું ઠંડું ખાવાનું હોય. ગોમતીબહેને ગરમ રસોઈ બનાવવાની વાત કરી ત્યારે કહ્યું કે જે હશે તે ચાલશે. આજે ગરમ ન બનાવાય. આમ, ઠંડી ઘેંસ-ઢેબરાં-દૂધ વગેરે જમ્યા, પણ યજમાનને તકલીફ ન આપી. અહીં પણ રસેન્દ્રિયો પર તેમનો કાબૂ કેવો હતો, તેનાં દર્શન થયાં.

કુટુંબ મિલન : સમગ્રતા માટે જીવન વીતાવનાર ડૉક્ટર સાહેબે તેમની સમગ્રતાની વ્યાખ્યામાં તેમના વિશાળ કુટુંબને પણ વણી લીધું અને આજથી ૩૫ વર્ષ પહેલાં કુટુંબમેળાનો વિચાર ઘરના વડીલો સમક્ષ મૂક્યો અને તે જ વખતે સાકાર બન્યો. કુટુંબના સભ્યોએ વર્ષમાં પાંચ-સાત દિવસ કોઈ આધ્યાત્મિક આંદોલનવાળી જગ્યાએ અથવા

સારી જગ્યાએ ભેગા થવું, અને સાથે રહેવું. હવે એવું થાય છે કે કુટુંબનાં બધાં બાળકો આ દિવસની રાહ જુએ છે કે ક્યારે કુટુંબમેળો થાય. સેંબલપાણીમાં કેટલાક સર્વોદય મિત્રોને આ કુટુંબમેળો માણવાનો લ્હાવો મળેલ છે.

સ્વચ્છતા : મૂળે ડૉક્ટર એટલે સ્વચ્છતા તો જીવનમાં વણાઈ ગયેલી. ગોમતીબહેન કહેતાં કે વર્ષો પહેલાં ગંગાપુરામાં રવિશંકર મહારાજ, શ્રી બબલભાઈ મહેતા, જોષીસાહેબ, રતનબહેને માટીના ખોરડામાં મુકામ કરેલો. દિવસે ગામમાં ફરીને ગંદાં બાળકોને સ્નાન કરાવી સ્વચ્છ કરતા અને આમ બાળકોની માતાઓને સ્વચ્છતાનું શિક્ષણ પણ બોલ્યા સિવાય આપતા. સાથે સાથે ગ્રામસફાઈ તો ખરી જ.

દિનચર્યા : સામાન્ય રીતે સવારે પ્રાર્થના, પ્રાર્થના સાથે પુસ્તકોમાંથી વાંચનની વિશિષ્ટ પદ્ધતિ. શ્રમકાર્ય-ધ્યાન - યોગ - વિવિધ આસનો કરવાં - પત્રલેખન - ડાયરીલેખન - આગામી દિવસોનું આયોજન - લોકસંપર્ક - સાંજે જમ્યા પછી પ્રાર્થના તથા નવરાશના સમયે ગૃહકાર્યમાં રતનબહેનને મદદરૂપ થવું - તેમાંયે જમ્યા પછી વાસણો માંજવા, અને અન્ય કુટુંબીજનો તથા આવેલ મહેમાનો તેનું અનુકરણ કરે, જેથી ઘરમાં માણસોનો કામનો બોજ હળવો થાય. અને આ દિનચર્યા જ્યાં જાય ત્યાં તેમના જીવનમાં સહજ જોવા મળે. આમ જોષીસાહેબ સર્વને માટે, સર્વના ઉદય માટે વાણી-વર્તનમાં સમતા રાખીને દર્શનીય જીવન કર્મયોગી બનીને વીતાવે છે.

અહીં મહર્ષિ શ્રી રંગઅવધૂત ગુરુમહારાજના કાવ્યની પંક્તિઓ સહજ રીતે સરી પડે છે....

"વાણી-વર્તન વાકયે સમતા, નિરહંકૃતિ ના જેને મમતા
વણમાગે રંગ મળે પ્રભુતા, તેના સુખને ક્યાંય વિરામ નથી."

૦ સુરેશભાઈ ચિમનલાલ ભાવસાર

કામ સિવાયની આલતુફાલતુ વાતો નહીં

૧૯૮૭માં ઉત્તર બુનિયાદી વિદ્યાલય, છાબલિયામાં શિક્ષક તરીકે જોડાયો, ત્યારે પૂજ્ય જોષીસાહેબ અમારી શાળામાં પ્રથમ વખત આવેલા. જોષીસાહેબે તે વખતે જાપાનની પગથિયાં ખેતીપદ્ધતિ વિષે વાતો કરી હતી. ત્યાર બાદ રણશીપુર, તા૦ વિજાપુરના સર્વોદયમેળામાં મળેલા.

લાકરોડા, તા૦ માણસા અને છાબલિયાના સર્વોદય-મેળામાં મંચ ઉપર પૂજ્ય જોષીસાહેબ પાસે, હોર્મોનિયમના સૂરો સાથે ભાવવાહી શૈલીમાં ગાંધીબાપુને પ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેને કહીએ' તથા વૈતાલિક પ્રાર્થના ગાવાનો ગર્વ અને આનંદ મને પ્રાપ્ત થયો છે.

પૂજ્ય જોષીસાહેબ ગાયને માતા ગણી આજે પણ ગાયના ઘીનો જ પોતાના આહારમાં ઉપયોગ કરે છે. છાબલિયા સર્વોદય-મેળામાં તેમના ઉતારા ઉપરથી એક નાના બાળકની જેમ હડી મૂકીને ગાયના ઘીની બરણી લાવી આપવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે.

પૂજ્યના નિવાસ-સ્થાન વિસનગર ખાતે મારા કાવ્ય-સંગ્રહ 'ગીત-ગુર્જરી'ની નકલ આપવા ગયો, તો તેઓશ્રીએ મારા ખાદીના શર્ટને સ્પર્શ કરી, ખાતરી કરી કે બુનિયાદીનો શિક્ષક ખાદી પહેરે છે કે નહિ ?

પૂજ્ય જોષીસાહેબ કામ સિવાય આલતુ-ફાલતુ વાતો કરતા નથી. ગ્રામ-સ્વરાજ્ય તેમનો જીવન-મંત્ર છે. ચાલુ કાર્યક્રમ દરમિયાન રેંટિયા ઉપર કાંતણ કરતા જોષીસાહેબને અમે જોયા છે. જીવનના નવ દાયકા વટાવ્યા બાદ પણ આજે તંદુરસ્ત તન અને મનથી, કોઈનો ટેકો મેળવ્યા વગર મંચનાં ચાર પગથિયાં ચઢતા જોષીસાહેબને જોયા છે. ગુજરાતના સર્વોદય અભિયાનમાં બુનિયાદીના શિક્ષકો અને બાળકોને આપશ્રીનો અવિરત લાભ મળતો રહે, એ જ પ્રાર્થના !

૦ નટવરલાલ બાબુલાલ રાવળ

આપણે કર્મયોગમાં પડ્યા છીએ. કર્મયોગમાં જેમ લાભ છે, તેમ નુકસાન પણ છે. ગોસેવા કરવી છે, તો તે માટે કાંઈ કેટલુંયે કરવું પડશે. ગાયો જોઈએ, જમીન જોઈએ, ઘાસચારાની વ્યવસ્થા કરવી પડે, દૂધના નિકાલની વ્યવસ્થા કરવી પડે, આગળ જતાં ચર્માલય વગેરે પણ ખોલવું પડે. ગોસેવાની સાથોસાથ આ બધું પણ આવે જ. તેને માટે પાંચ-પચાસ માણસો પણ આવે. આ બધું કરતાં-કરતાં ખાસ્સો એક સંસાર જ ઊભો થઈ જાય. અને ત્યારે એવુંયે બને કે કામ ભારેખમ બનતું જાય અને તેનું મુખ્ય તત્ત્વ ગાયબ થઈ જાય. કર્મયોગમાં આવું જોખમ જરૂર છે.

એટલે જ તો અગાઉ મોટા ભાગના સાધકોએ વ્રતનિષ્ઠા, પ્રાર્થના, આધ્યાત્મિક વૃત્તિ વગેરે પર વધારે ભાર મૂક્યો અને કર્મયોગ પર ઓછો. પરંતુ આપણે કર્મયોગને આગળ કરીને ચાલ્યા. આવો સુધારો બહુ જરૂરી હતો. પણ આની સાથોસાથ મૂળ તત્ત્વને સાચવી રાખવાની જવાબદારી આપણા ઉપર આવે છે, એ વિશે બહુ જ સભાન રહેવાની જરૂર છે. જો તત્ત્વ નહીં રહે, તો કર્મ ગમે તેટલું મોટું થતું જશે, પણ તેમાં પ્રાણ નહીં રહે. કર્મની વ્યાપકતાને કારણે આપણી વિચારનિષ્ઠા ને તત્ત્વનિષ્ઠા ઓછી ન થવી જોઈએ.

૦ વિનોબા ૦

આનું શ્રેય ડૉક્ટરસાહેબને

ડૉક્ટરસાહેબનું પ્રથમ દર્શન મને થયું સેવાદળના કાર્યકરોના અમારા મિલનમાં. ત્યારે એમને પૂછ્યું, ''મુંબઈ જેવા શહેરમાં ચાલતું દવાખાનું છોડીને તમે જિલ્લામાં આવ્યા. તમે ત્યાં દવાખાનામાં કેટકેટલા દરદીઓની સેવા કરતા હતા! એ આ તમારી ભૂમિદાનની ગ્રામસભાઓ કરતાં ઘણું ઉત્તમ સેવાકાર્ય નહોતું ?''

ખૂબ જ સૌમ્યતાપૂર્વક તેમના ઉદ્‌ગારો સરી પડ્યા : ''દરદીઓની સેવા માટે તો ઘણાં દવાખાનાં ચાલે છે અને ચાલશે. દવાખાનાથી માત્ર દરદીના શરીરની માવજત થતી હોય છે. મારે તો શરીરની નહીં, મનની માવજત કરવી છે, માણસોનાં મન બદલવાં છે. માણસનું મન કેળવવાનું વધારે મહત્ત્વનું છે. એ કામ કરવા માટે મુંબઈ છોડ્યું.''

પછી તો સેવાદળની શિબિરોમાં, કેન્દ્રોમાં, રાત્રિ ગ્રામસભાઓમાં ને શ્રમયજ્ઞોમાં ડૉ. જોષીસાહેબ છવાઈ ગયા. એ સમયે મહેસાણા જિલ્લો સેવાદળની પ્રવૃત્તિથી ધમધમતો. લગભગ ગામેગામ સેવાદળનાં કેન્દ્રો, તાલીમ શિબિરો, શ્રમશિબિરો, પદયાત્રાઓ, પગપાળા પ્રવાસો વગેરે એવું ચાલે કે મહેસાણા જિલ્લો રાષ્ટ્રીય પ્રવૃત્તિઓથી ગુંજતો થઈ ગયો. આ બધામાં જોષીસાહેબનો સહયોગ અને સાંનિધ્ય. સેવાદળ, સર્વોદય અને ભૂમિદાન પ્રવૃત્તિ એકરૂપ થઈ ગયાં. જિલ્લામાં કેટલીક રચનાત્મક સંસ્થાઓ અને નઈ તાલીમની સંસ્થાઓ શરૂ થઈ.

માણસોનાં મનને કેળવવાનું લક્ષ્ય લઈને આવેલા ડૉક્ટરસાહેબને આ બધાંએ પોતાના શ્રદ્ધેય માર્ગદર્શક તરીકે પ્રસ્થાપ્યા. ઘણી સંસ્થાઓ તો પોતાનાં ટ્રસ્ટોમાં તેમને ખેંચી ગઈ. શિક્ષણ, સહકારની પ્રવૃત્તિઓની સાથોસાથ આધ્યાત્મિક વિકાસની એમની પ્રવૃત્તિથી કાર્યકરો સવિશેષ આકર્ષાયા. લોકોનાં મનને ઘડવાની સાથે એમણે પોતે પણ આત્મિક સાધના

ચલાવી. 'મારું જીવન એ જ મારો સંદેશ' —એ સૂત્રને ચરિતાર્થ કર્યું. ધર્મ અને અધ્યાત્મની ઘણી ઊંચી ભૂમિકાએ પહોંચ્યા. સેગાંવની જેમ નવાપુરામાં જઈને વસ્યા. ગર્ભશ્રીમંત ડૉક્ટરસાહેબે સાદગીપૂર્ણ શ્રમજીવી થવાના પ્રયોગો કર્યા. એમનું વડનગરનું આરોગ્યધામ જિલ્લાના બૃહદ્ સર્વોદય પરિવારનું ઘર બની ગયું. ન કુટુંબ, ન પરિવાર, સમાજ એ જ એમનો પરિવાર. મારે કહેવું છે કે જિલ્લામાં એક વિશિષ્ટ પ્રકારનો સર્વોદય પરિવાર ઊભો કરવાનું શ્રેય ડૉક્ટરસાહેબને છે.

ગાંધી-વિનોબાની વિચારધારાએ સર્વોદયી સમાજરચનામાં લાગેલા કાર્યકર્તાઓના ઘડતર માટે એમણે કેટલીક સુંદર પ્રણાલિકાઓ ઊભી કરી છે. તેમાંની એક છે, ત્રીજા રવિવારનું સર્વોદયી મિત્ર-મિલન. મહિનાના દર ત્રીજા રવિવારે જિલ્લાના સર્વોદય-પ્રિય કાર્યકરો ડૉક્ટરસાહેબના સાંનિધ્યમાં મળે. સહુ પોતપોતાનું ભાથું સાથે લઈ આવે. મિલનના એજન્ડામાં પ્રાર્થના, કતાઈ, વાંચન, ચર્ચા, સમાજના પ્રશ્નો વગેરે સંબંધી વિચાર-વિમર્શ ચાલે. દરેક કાર્યકર્તા પોતાની પ્રવૃત્તિનો હેવાલ આપે. બસ, મળતા રહેવું. તમે ઓછું કરો છો, આવું-આવું કરો —એવો કોઈ ઉપદેશ નહીં. શીખ એક જ, અનાસક્ત રહેવું અને આપણે કર્મ કરતા રહેવું. પરિણામ ઈશ્વર ઉપર છોડવું. સાથી કાર્યકરોથી, કોઈ સંસ્થાથી આપણે ન ઇચ્છતા હોઈએ એવું કંઈ થઈ જાય, તો તેનો મનમાં ઉદ્વેગ ન કરવો. બીજાઓ માટેના નકારાત્મક વિચારો કદી ન કરવા.

આ મિલનમાં મારી શરૂમાં ગેરહાજરી, છતાં તેઓ વારેવારે મને યાદ પહોંચાડે, ખબરઅંતર પુછાવે, સમાચાર કહેવડાવે. એ સમયે હું માનસિક રીતે અસ્વસ્થ રહેતો. મનમાં ઉદ્વેગ રહેતો. પછી ડૉક્ટરસાહેબના પ્રેમને લીધે હું એક રવિવારીમાં ચાહીને સહભાગી થયો. એ રવિવારી માણીને સાંજે હું ઘેર આવ્યો, ત્યારે મારા આનંદનો પાર નહોતો. ઘણા દિવસનો માનસિક સંતાપ દૂર થયો. ખૂબ જ પ્રફુલ્લિતતા અનુભવી. આનંદની વિરલ અનુભૂતિ થઈ. મનને ખૂબ જ શાંતિ મળી. ડૉક્ટર સાહેબના આ સાંનિધ્યથી જે સ્વસ્થતા ને સાંત્વન મળ્યાં, તે અગાઉ ક્યારેય મળ્યાં નહોતાં. ડૉક્ટરસાહેબની આ સંતસમાગમ ગંગામાં ડૂબકી દઈ પાવન થઈ ગયો.

૦ બેમરભાઈ લા. ચૌધરી

ઝીલીઆ અને જોષીસાહેબ

મહેસાણા જિલ્લો વડોદરા રાજ્યનો ભાગ હતો. તેથી આ જિલ્લામાં સ્વરાજની મોટી લડતો થઈ ન હતી. ગાંધીવિચારની અસર પણ બહુ થોડા માણસો પર હતી. વડનગર નજીક નવાપુરા નામના નાના ગામડામાં આવીને ડૉ. જોષી બેઠા. તેમની સેવા અને સર્વોદય વિચાર પ્રમાણેના જીવનથી જિલ્લામાં સર્વોદય વિચારને એક આદર્શ પ્રાપ્ત થયો.

ગાંધી આશ્રમ ઝીલીઆના પાયાનું ખાતમુહૂર્ત આદર્શ ગાંધીવાદી પુરુષોના શુભ હસ્તે કરાવવાનો વિચાર અમે કર્યો. ડૉ. જોષીસાહેબના અધ્યક્ષસ્થાને ગુજરાતના લોકસેવક બબલભાઈ મહેતાના વરદ હસ્તે તે શુભ કાર્ય સંપન્ન થયું. આમ, ગાંધી આશ્રમ ઝીલીઆના પાયાના પ્રેરક પુરુષ ડૉ. જોષીસાહેબ છે. આશ્રમની સ્થાપનાથી તેઓએ પણ આ સંસ્થાને પોતાની માની છે.

જોષીસાહેબ કરુણાવાન પુરુષ છે. અમારા પાડોશના સમી, રાધનપુર અને સાંતલપુર તાલુકાઓ વરસાદની અછતવાળા પ્રદેશો છે. અવારનવાર ત્યાં દુષ્કાળ પડે ત્યારે જોષીસાહેબ તે પ્રદેશોમાં મદદ કરવા દોડી જાય. તેમનાં સેવાકાર્યોમાં જરૂર પડે ગાંધી આશ્રમ ઝીલીઆના કાર્યકરો અને વિદ્યાર્થીઓનો સહયોગ તેઓ લેતા રહે છે.

સમી, રાધનપુર અને સાંતલપુરમાં માધ્યમિક શિક્ષણની સુવિધાઓ ઘણી ઓછી હોવાથી તેઓએ ગાંધી આશ્રમ ઝીલીઆ દ્વારા તે તાલુકાઓમાં ઉત્તર બુનિયાદી વિદ્યાલયો શરૂ કરવા અમારી સંસ્થાને આગ્રહ કર્યો. એટલે સાંતલપુર તાલુકાના સરહદી વિસ્તારના વૌવામાં, રાધનપુર

તાલુકામાં ગોતરકામાં, સમી તાલુકામાં નાની ચંદ્રુર, મોટી ચંદ્રુર અને બાસ્પામાં ઉ.બુ. વિદ્યાલયો શરૂ કર્યાં.

ગાંધી આશ્રમ ઝીલીઆમાં ઘણા પ્રસંગો એમના સાંનિધ્યમાં સંપન્ન થયા છે. સંસ્થાના પૂર્વ સંચાલક બાબુભાઈ શાહની પુણ્ય સ્મૃતિમાં બનાવેલા પ્રાર્થના મંદિરના પાયાનું ખાત મુહૂર્ત તેમના વરદ હસ્તે કરેલું હતું. બાબુભાઈ શાહ વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન આપવા તેઓ પધારેલા. બાબુભાઈ મ. શાહ ગ્રામવિદ્યાપીઠનો પદવીદાન સમારંભ પણ તેમના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલો.

સર્વોદય જગતના રાષ્ટ્રીય નેતાઓ સાથે તેઓ ઝીલીઆની મુલાકાત લેતા રહે છે. શિવાજી ભાવે, ઠાકુરદાસ બંગ સાથે પણ તેઓ આવ્યા હતા. સંસ્થાને ૨૫ વર્ષ થતાં પૂજ્ય વિમલાતાઈના સાંનિધ્યમાં ઊજવાયેલા રજતજયંતી સમારોહમાં પણ તેઓ હાજર રહેલા છે.

ગ્રામસ્વરાજ માટેના શિબિરો પણ તેમના સાંનિધ્યમાં ઝીલઆમાં યોજાયા. આખા ચાણસ્મા તાલુકાના દરેક ગામમાં ગ્રામસ્વરાજનો સંદેશો પહોંચાડી ગ્રામસ્વરાજ માટે લોકસમર્થન મેળવવા સહીઓ એકઠી કરવાનું કામ જિલ્લાના કાર્યકરો સાથે રહી ઝીલીઆના કાર્યકરો દ્વારા તેઓએ પૂરું કરાવેલું. ચાણસ્મા તાલુકાનાં સો ગામોમાંથી દસ હજાર કરતાં વધારે નાગરિકોની સહીઓ લઈ તેમને આપેલી, જે આખા ગુજરાતમાંથી આ રીતે એકઠી કરેલી સહીઓ લઈ ગૂજરાત વિદ્યાપીઠથી કોચરબ આશ્રમ સુધી સરઘસ આકારે જઈ ગુજરાત સરકારને પહોંચાડેલી.

સુવર્ણ જયંતી પ્રસંગે સમી તાલુકાના દરેક ગામે ગ્રામસ્વરાજનો સંદેશો પહોંચાડવાના તેમના કાર્યક્રમને સફળ કરવામાં ઝીલીઆ ગ્રામ વિદ્યાપીઠના કાર્યકરો અને વિદ્યાર્થીઓએ સંપૂર્ણ સહયોગ આપ્યો હતો.

ડૉક્ટરસાહેબની તબિયત નરમ થતાં ગ્રામ-સ્વરાજનું કામ તેઓએ ચુનીભાઈ વૈદ્ય અને શ્યામસુંદર-ભાઈ પરીખને સોંપ્યું છે. તેમના આયોજન પ્રમાણે સમી અને રાધનપુર બંને તાલુકામાં ગામેગામ ફરી અમારા ગ્રામવિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ ગ્રામસ્વરાજનો સંદેશો પહોંચાડ્યો છે. અને દરેક ગામે કાર્યકરોની યાદી બનાવી છે.

આશ્રમના પાયાથી ૧૯૬૫ થી ૨૦૦૫ સુધી ૪૦ વર્ષથી તેઓ અમારા શ્રદ્ધેય, રાહબર અને શુભ ચિંતક છે. તેમના નિરામય દીર્ઘાયુ માટે પ્રભુને પ્રાર્થના.

૦ માલજીભાઈ દેસાઈ

ગ્રામસ્વરાજનો મંત્ર ગુંજતો રાખ્યો

મને સેવાભાવી અને તપસ્વી એવા પૂ. મોટાભાઈના સાંનિધ્યમાં એક તપ જેટલો સમય રહેવાનો લહાવો મળ્યો છે. મને રચનાત્મક પ્રવૃત્તિઓમાં રસ હોવાથી જ્યારે દૂધસાગર ડેરીની સેવાઓમાંથી છૂટો થયો, ત્યારે શ્રી રામુભાઈ સાથે સર્વોદય આશ્રમ-માઢીની સ્થાપનામાં સહયોગ આપ્યો. આશ્રમની મુખ્ય પ્રવૃત્તિ ગ્રામવિસ્તારમાં બેકાર હાથોને રોજગારી મળે તે માટે ખાદી-ગ્રામોદ્યોગ ચલાવવા. પણ આ બધું સરકાર-આધારિત ચાલે. ગ્રામ-સ્વાવલંબન અને ગ્રામસ્વરાજનો પાયાનો વિચાર પકડાય નહીં. તે કેમ પકડાય, તે અંગે વિચારોનું મંથન ચાલ્યા કરે.

છેવટે પૂ. મોટાભાઈ સાથે વિચાર-વિમર્શ કરી વડનગરમાં ગ્રામસ્વરાજની દૃષ્ટિએ રચનાત્મક કામો ગોઠવવા ગ્રામસ્વરાજ સમિતિ –વડનગર મારફત પ્રયોગ શરૂ કર્યો.

આમાં શરૂઆતથી જ મોટાભાઈ અને એમના પરિવારે જ નહીં, પણ વડનગરની પ્રજાએ પણ મને પોતાનો માની પૂર્ણ સહકાર આપ્યો. ગામ એક કુટુંબ છે, એવી પરિવાર ભાવનાનો વિકાસ કરવાની પ્રેરણા મને મોટાભાઈ પાસેથી મળી. એમણે પોતાની દાક્તરી પ્રવૃત્તિ ધીરે ધીરે અનાસક્ત ભાવે ઓછી કરી અને ગ્રામસ્વરાજની પ્રવૃત્તિને વિશેષ બળ મળે તે માટે જ વધુ સમય આપવા માંડ્યો. મહેસાણા જિલ્લાના

રચનાત્મક કાર્યકરોને પ્રેરણા મળે તે દૃષ્ટિએ એમના સાંનિધ્યમાં માસિક મિટિંગો ગોઠવાતી ગઈ. આનાથી અમને બધાંને બહુ જ લાભ થયો છે.

એમનું પ્રત્યક્ષ જીવન અને એમની સેવા-પરાયણતા જોઈને સહુને અપાર પ્રેરણા મળે છે. તેઓ કરુણામૂર્તિ છે. ગો સેવા, ગેસપ્લાન્ટ, સૂર્ય ઊર્જા વગેરેના પ્રયોગો માટે તેઓ સતત પ્રોત્સાહન આપતા જ રહે છે.

કર્મમાં અકર્મ અને નિવૃત્તિમાં પ્રવૃત્તિ, એ એમના જીવનનો વિશેષ આયામ છે. જિલ્લામાં ને ગુજરાતમાં ગ્રામસ્વરાજનો મંત્ર ગુંજતો રાખનાર તપસ્વી, પ્રેરણામૂર્તિ પૂ. મોટાભાઈને મારા શત શત વંદન !

૦ કાન્તિભાઈ શાહ

જિલ્લા સર્વોદય મંડળની જવાબદારી

શ્રદ્ધેય મોટાભાઈ (ડૉ. દ્વારકાદાસ જોષી)ને કયારે પ્રથમ જોયા-સાંભળ્યા-મળ્યો, એ યાદ આવતું નથી. ઊંઝામાં માધ્યમિક અભ્યાસ દરમ્યાન એમને વિશે સાંભળેલું કે મુંબઈમાં આંખના સર્જનની જામેલી પ્રેક્ટીસ છોડીને તેઓ ગ્રામસેવાર્થે વડનગર તરફ રહેવા આવ્યા છે. જશવંત દાણી સંપાદિત 'ઉત્તર ગુજરાતના ઘરદીવડા'માં પણ એમને વિશે વાંચેલું. ત્યારથી એમના તરફ સહજ આદરભાવ જન્મેલો, જે આજપર્યંત એકધારો રહ્યો છે.

૧૯૫૬-૫૭ના અરસામાં ભૂદાન આંદોલને વેગ પકડેલો ત્યારે હારીજમાં એમણે એક શિબિર રાખેલો. એમાં શિબિરાર્થી તરીકે સહભાગી થવાની તક મને મળેલી. આ શિબિર દરમ્યાન, વચ્ચે એક દિવસ એમણે મને વડનગર સર્વોદય-સાહિત્ય લઈ આવવા સારુ મોકલેલો. શિબિરાંતે શિબિરાર્થીઓની કેટલીક ટુકડીઓ પાડી હારીજ-સમી વિસ્તારનાં કેટલાંક ગામોની પદયાત્રાઓ સર્વોદય વિચારના પ્રસારણ સારુ ગોઠવાયેલી. એક ટુકડીમાં શ્યામસુંદર પરીખ, અમૃત મોદી સાથે હું હતો.

આ પછી શ્રદ્ધેય મોટાભાઈ ને નનન (રતનબહેન) જ્યાં રહેવા ગયેલ એ નવાપુરા (વડનગર નજીક) તથા વડોદરા, વેડછી વગેરે સ્થળે કોઈ ને કોઈ નિમિત્તે એમને મળતા રહેવાનું બનતું. ૧૯૬૮માં સરસ્વતી ગ્રામવિદ્યાપીઠના ઉદ્‌ઘાટન સમારોહમાં પણ તેઓ પધારેલા. એ દિવસોમાં તેઓ આંખ-તપાસનાં સાધનો પણ સાથે રાખતા ને કેટલાકની આંખો તપાસી પણ આપતા.

૧૯૭૩થી મારે નોકરી અર્થે વડનગર રહેવાનું બન્યું એટલે સ્વાભાવિક રીતે એમની વધારે નિકટ અવાયું. ૧૯૭૫ની કટોકટી વેળા વડનગરના કાપડ બજારમાં એમણે જાહેર પ્રવચન આપી હિંમતભરી ઠંડી તાકાત બતાવી હતી. એ અરસામાં 'ભૂમિપુત્ર' પર તવાઈ હતી. સંપાદકોની ધરપકડ થવા સંભવ હતો. ત્યારે મોટાભાઈએ આ હિંમત બતાવેલી.

વડનગરની નોકરી દરમ્યાન વચ્ચે છ વર્ષ અમે નજીકના ગામ સીપોર રહેવા ગયેલાં. ત્યાંથી ૧૯૮૫માં એક દિવસ વાઘજીભાઈ સોલંકી, મનુભાઈ પટેલ, બાબુલાલ વૈદ્ય ને હું મોટાભાઈને મળવા ગયેલ. એ દિવસે મહેસાણા જિલ્લા સર્વોદય મંડળની બેઠક હતી. એ પૂરી થઈ ગઈ હશે ને અમે પહોંચ્યા. મોટાભાઈ ને રાજાભાઈ પટેલ બેઠા હતા. રાજાભાઈ જિલ્લા સર્વોદય મંડળની જવાબદારી છોડવા આગ્રહી હતા એટલે મોટાભાઈએ મને સૂચવ્યું કે આ જવાબદારી તું લે. મેં કહ્યું કે, નથી હું લોકસેવક કે નથી હું સર્વોદય મિત્ર. વળી, પદાધિકારી થવાનો ઉત્સાહ પણ નથી. આમ છતાં મોટાભાઈએ સપ્રેમ આગ્રહ કર્યો એટલે એ જવાબદારી મેં સ્વીકારી.

પછી અમે બધા મિત્રોએ મળીને લોકસેવક-સર્વોદય મિત્રોની સંખ્યા તથા 'ભૂમિપુત્ર'ના ગ્રાહકોની સંખ્યા ઠીક ઠીક વધારી. પરિણામે સર્વોદય મંડળની કારોબારી સભા હોય તો સામાન્યત: ૩૦-૩૫ જણ

અને સામાન્ય સભા હોય તો ૭૫-૮૦ જણ હાજર રહેતા. એક સામાન્ય સભામાં સર્વસેવા સંઘના રામચંદ્ર રાહી પધારેલા. એમણે મને કહેલું કે મેં સંખ્યા ગણી તો પૂરા ૮૦ મિત્રો હાજર હતા.

એક દિવસ મોટાભાઈએ સૂચવ્યું કે આપણા પરિવારો સાથેનું એકાદ મિલન રાખવું જોઈએ. એ પ્રમાણે તારંગાનું પરિવાર-પર્યટન ગોઠવાયેલું અને એમાં ઠીકઠીક સંખ્યા જોડાયેલી.

આમ, સંગઠન, સંપર્કો તથા પ્રવૃત્તિઓની દૃષ્ટિએ મોટાભાઈની રાહબરી હેઠળ સંતોષકારક કામ ચાલતું હતું. બે વર્ષ બાદ સંયોજક તરીકેની જવાબદારી મેં આગ્રહપૂર્વક છોડી. મોટાભાઈ અને સાથીઓ એ સમયે પણ 'બિનસભાસદ એવા અપવાદી' સંયોજક તરીકે મને ચાલુ રાખવા ઇચ્છતા હતા, પણ મેં પદ છોડવા છતાં સક્રિયતા ઓછી ન કરવાનું કહ્યું એટલે એમણે સંમતિ આપી ને એ જવાબદારી રમીલાબહેન ગાંધીને સોંપાઈ.

મોટાભાઈ અવારનવાર અમારે ઘેર આવતા. કોઈ કામ હોય તો બોલાવવાનું ઓછું, જાતે મળવા આવવાનું તેઓ વધુ પસંદ કરતા. આશરે ૧૯૯૧નું વર્ષ હશે. હું ફરવા નીકળેલો. હાઈસ્કૂલ નજીક મોટાભાઈ સામા મળ્યા. કહે, ''તારે ઘેર જ આવતો હતો.'' મેં કહ્યું, ''બોલો, શું કામ હતું ?'' એમણે મને જ્યોર્જ ફર્નાન્ડીસનો કાગળ જેટલો લાંબો તાર આપ્યો. અમદાવાદમાં સ્વદેશી-સ્વાવલંબન અંગેના એક પરિસંવાદમાં હાજર રહેવાનું મોટાભાઈ પર આગ્રહભર્યું નિમંત્રણ હતું. તાર વાંચી મેં કહ્યું, ''હવે શું કરવાનું છે ?'' મોટાભાઈ કહે, ''કોઈકે જવું તો જોઈએ. મારા વતી તું જાય તો ?'' મેં કહ્યું, ''ભલે, હું જઈશ.'' એ પરિસંવાદમાંથી પાછા ફરી મેં અહેવાલ આપ્યો ત્યારે એમણે સંતોષ વ્યક્ત કરેલો.

મોટાભાઈને જોડણી-સુધારણા અંગેનું સઘળું સાહિત્ય, તાજેતરમાં પ્રકાશિત 'ઉંઝા જોડણી પરીષદ : એક દસ્તાવેજ' સહિત, આપતો/મોકલતો આવ્યો છું. આ સંદર્ભે એમણે સ્પષ્ટ મંતવ્ય હજી સુધી જાહેર કર્યું નથી. અલબત્ત, મૌખિક વાતચીતમાં એમણે કદી વિરોધ કર્યો નથી અને મિહિરભાઈએ તો ઊંઝા જોડણીનું સમર્થન કર્યું જ છે.

મોટાભાઈના પ્રિય શબ્દો : સત્ય, પ્રેમ, કરુણા. આ ત્રણે ગુણો એમનામાં એકદમ સાકાર થઈ ગયેલા છે એમ પણ કહી શકાય કે સત્ય, પ્રેમ, કરુણાનો એક માનવ-દેહાવતાર એટલે ડૉ. દ્વારકાદાસ જોષી !

૦ રામજીભાઈ પટેલ

સતત માર્ગદર્શન

ઈશ્વરકૃપાએ પૂ. મોટાભાઈના સાંનિધ્યમાં રહેવાનું તેમજ સર્વોદયની પ્રવૃત્તિમાં જોડાવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું છે. મહેસાણા જિલ્લાના સાથી-મિત્રોનો પ્રેમ, સદ્‌ભાવ પણ પ્રાપ્ત થયો છે. માઢી આશ્રમમાં નિયમિત કતાઈ, પ્રાર્થના, સફાઈ, ખેતીકામ, સ્વાધ્યાય, લોકસંપર્ક વગેરે તેમની પ્રેરણાથી ચાલી રહ્યું છે. મને ગમતી સત્ સાહિત્ય-પ્રસારની પ્રવૃત્તિમાં પણ એમનું માર્ગદર્શન મળતું રહે છે. સર્વોદયની બાળપોથી, પ્રાર્થનાપોથી, ગીતા પ્રવચનો, ગાંધીબાપુ, આત્મકથા-સત્યના પ્રયોગો, ગીતાબોધ, મંગળપ્રભાત, અનાસક્તિયોગ, રામનામ, આરોગ્યની ચાવી, ગ્રામસ્વરાજ, હિંદસ્વરાજ, આશ્રમ-ભજનાવલિ વગેરેનું મોટા પાયા પર રાહત દરે વિતરણ ચાલે છે.

ગોસેવાની પ્રવૃત્તિમાં પણ એમની પ્રેરણા રહેલી છે. જિલ્લામાં 'ભૂમિપુત્ર'ના ગ્રાહકો નોંધવાનું, સર્વોદય મિત્રો, લોકસેવકો, ઉપવાસદાની, સર્વોદયપાત્રો કે રાહત પ્રવૃત્તિમાં સામૂહિક શક્તિથી જરૂરી કાર્ય સંપન્ન થાય છે. દર માસે ત્રીજા રવિવારે નિયમિત મંડળની બેઠક યોજાય છે, જેથી સાથીઓને મોટાભાઈનું સક્રિય માર્ગદર્શન મળી રહે છે.

સમી તાલુકામાં ગ્રામસ્વરાજનું કામ સમૂહ-શક્તિથી ગોઠવાય એ માટે સતત ત્રણેક વર્ષ સમજાવતા રહ્યા. પોતે અસ્વસ્થ તબિયત હોવા છતાં એક વર્ષ સમી-રાફુમાં મિત્રો સાથે પરિશ્રમ લીધો. એના પ્રતાપે જ શ્રી રામુભાઈ તથા ગુજરાતના સર્વોદય મિત્રોએ મળીને ૭૫ ગામોમાં ગ્રામસ્વરાજને ગ્રામાભિમુખ ખાદીકામ ગોઠવવાનો સંકલ્પ કર્યો છે. આશા છે, પ્રભુકૃપાથી તે પૂરો થશે.

બિહારમાં પૂરરાહત વખતે ગુજરાત રાહત સમિતિના સહયોગથી જિલ્લામાંથી ત્રણેક સાથીઓને રૂબરૂ ત્યાં જઈને અસરગ્રસ્ત વ્યક્તિઓને મદદરૂપ થવા પ્રેરણા આપી મોકલ્યા. એ રીતે અહીં સમીમાં ભૂકંપગ્રસ્તોને મદદરૂપ થવાનું ગોઠવાયું.

૦ વસંતભાઈ શાહ

ભગવાં વિનાના સાધુ

વાતને વર્ષો વહી ગયાં. વડનગરમાં શિક્ષક હતો, ત્યારે વાતો ચાલતી હતી કે એક આંખના ડૉક્ટર જેમની ધીકતી કમાણી મુંબઈમાં હતી તે છોડીને વડનગર આવ્યા છે. નજીકના ગામમાં બાળકોને નવરાવે છે, સફાઈ કરે છે, શિક્ષણની, સહકારની વાતો કરતા રહે છે. ઘેર ઘંટીએ દળણું દળે છે. આવા મહાનુભાવને મળવાનું મન તો થાય જ ને !

ઉનાળો ધોમ ધખતો હતો. માથે છત્રી હતી. ચશ્માં પહેરેલાં હતાં. શાંત મુદ્રામાં ચાલતા જોયા. કોઈકે કહ્યું કે આ ડૉક્ટર જોષીસાહેબ છે. તેઓને વંદન કર્યાં. પ્રસન્ન મુખે મારો થોડો પરિચય લીધો. મળતા રહેવા કહેતા ગયા. પછી તો અવારનવાર મુલાકાતનો દોર ચાલતો રહ્યો.

તેમની સાદાઈ, સુઘડતા, શાંત-પ્રસન્ન મુદ્રા, સ્નેહનીતરતી દૃષ્ટિ માણવા મળી. ગીતા-ઉપનિષદના અભ્યાસી કહું એના કરતાં તે બધું તેમના જીવનમાં વણાઈ ગયેલું છે.

નમ્રતા, નિખાલસતા, જ્ઞાન અને સેવાના કોઈ જ દંભ-આડંબર વિનાના જોષીએ ઘણાઓનાં જીવનમાં અહાલેક જગાવ્યો છે. સતત ગામડાંઓનું ચિંતન અને ચિંતામાં ડૉ. જોષીસાહેબ કાયમ રત હોય છે. ગામડાં ભાંગતાં જાય છે, શહેરમાં ઝૂંપડપટ્ટી વધતી જાય છે. તેથી ગ્રામસ્વરાજની વાતો ઋષિની ભાષામાં સાંભળવા મળે છે, ત્યારે અંતરના ઊંડાણમાં અમૃતવાણીનો સંચાર થાય છે.

આવા જેમણે ભગવાં ધારણ કર્યાં નથી, શ્વેત ખાદીના લેબાશમાં એક સંતઋષિ છુપાયેલા છે. તેમનું વર્ણન કરવાની મારી હેસિયત નથી. કેટકેટલા મહાનુભાવોને સંતગતિમાં ભેળવ્યા છે. અને તે દ્વારા સર્વોદય પ્રવૃત્તિ સમી તાલુકાનાં અંતરિયાળ ગામોમાં પણ ધબકતી રહે છે.

નવજીવન આશ્રમ મણુંદમાં પીવાના પાણી માટે અને વિકાસ માટે તેઓશ્રી સમક્ષ રજૂઆત કરેલી. તેને ભૂલ્યા સિવાય મારી ગેરહાજરી હતી તોયે આશ્રમની અણઘારી મુલાકાત લીધી. તેઓના આશિષથી પ્રશ્નો પતી શક્યા. આવી કરુણા કોણ કરી શકે ? સમાજનો વિકાસ આવા ડોળ વિનાના, કોઈ પ્રસિદ્ધિ નહિ ઇચ્છતા સંતો જ કરી શકે.

સ્વ. શ્રી દલસુખભાઈ પરમાર એક પછાત વર્ગના આગેવાન હતા. તેમણે શર્મિષ્ઠા તળાવની પાળે કૂવો છે, ત્યાં દલિતવર્ગના લોકોને લઈ જઈ પાણી ભરવાનો કાર્યક્રમ રાખ્યો. તેનો વિરોધ કરનારા પણ હોય જ ને. ત્યારે ડૉ. જોષીસાહેબ તેમને કોઈ હરકત ના થાય તે માટે ત્યાં પહોંચી ગયા અને સારી રીતે રક્ષણ આપ્યું. ત્યારે શ્રી દલસુખભાઈ જોષીસાહેબની પ્રશંસા કરતાં થાકતા નહોતા. એમને માટે અતિ આદર.

લોકોનાં કેટકેટલાં કામો કર્યાં હશે ! તેની યાદીની જરૂર નથી. તેઓ સ્વયં-પ્રકાશિત છે.

તેઓશ્રીનાં ચરણોમાં માથું નમાવું છું. શત્ શત વંદન સાથે વિરમું છું. તેમનું સ્વાસ્થ્ય સારું રહે,

દીર્ઘ જીવન જીવે અને તેઓના આશિષ અમને સૌને મળતા રહો, તેવી અભિલાષા સહ વંદન.

૦ શંભુભાઈ યોગી

સત્‌પુરુષની ઓળખ

સત્‌પુરુષો પોતાના માટે જીવતા નથી હોતા, બીજા માટે જીવતા હોય છે. પૂજ્ય દ્વારકાદાસ જોષીસાહેબ એવા અદના સત્‌પુરુષ છે. એમના વિશે લખવા માટે મારો પનો ટૂંકો પડે. છતાં જેમણે આમ જનતાના ઉત્કર્ષનાં કાર્યો વડે પોતાના જીવનને શણગાર્યું છે, તેમના વિશે કંઈક લખવાની પ્રબળ ઉત્કંઠા જાગે, તે મારા જેવા માટે સ્વાભાવિક છે.

મને તેમનો પ્રથમ સંપર્ક વાલમ સર્વોદય આશ્રમમાં થયો. ગુજરાત સરકારે તે સમયે સર્વોદય યોજના દ્વારા ગામડાંઓમાં લોકોના કલ્યાણ અર્થે ઘણી યોજનાઓ શરૂ કરેલી. આ સર્વોદય આશ્રમ દ્વારા મહેસાણા જિલ્લામાં લોકોપયોગી ઘણાં કામો થતાં હતાં. તે સમયે સર્વોદય ખાતું શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ સંભાળતા હતા. વાલમ આશ્રમના સંચાલક તરીકે શ્રી રતિભાઈ જોષી હતા. ત્યારે પૂ. જોષીસાહેબના માર્ગદર્શન પ્રમાણે સર્વોદયનું કામ સારી રીતે ચાલતું હતું.

તે કામમાં નક્કરતા આવે તે માટે અને લોકો ઉદાર બને, બાળકોમાં સંસ્કાર પડે કે બીજાને આપીને ખાવું, એ રીતે સર્વોદય-પાત્રની વિશેષતા જોષીસાહેબ પોતાની આગવી લાક્ષણિકતાથી બધાને સમજાવતા, અને તેના કારણે ઘણાં સર્વોદય-પાત્રો ઘેર-ઘેર મુકાયાં હતાં. ગામડાંઓમાં આરોગ્યની સુવિધા પૂરી પડે તે માટે તે વખતે રૂપિયા સાઠમાં દવાઓ માટેની પેટી આપવામાં આવતી અને તેનો ઉપયોગ ગામડાંઓમાં સારી રીતે થતો હતો. આ ઉપરાંત અનેકવિધ પ્રવૃત્તિઓમાં પૂ. જોષીસાહેબનાં નક્કર સૂચનો વહીવટી કામકાજમાં ખૂબ જ ઉપયોગી બનતાં હતાં. મહેસાણા જિલ્લાનાં સર્વોદયનાં કાર્યોમાં અમારા એ મુખ્ય નેતા હતા અને છે. સત્ય, પ્રેમ અને કરુણા એમનો જીવનમંત્ર છે. તેમના સદ્‌ગુણોની ઝાલર ડગલે ને પગલે રણકતી જણાઈ રહી છે.

મૈત્રી જ જેમની ભક્તિ છે, સેવા જેમનો મંત્ર છે, સંયમ જેમની શક્તિ છે અને અહિંસા જેમનો ધર્મ છે, તેવા પૂજ્ય જોષીસાહેબ દીર્ઘાયુ જીવો, અને સમાજને તેમનો લાભ મળતો રહે, તેવી ભાવના સાથે તેમને વંદન કરીને રજા લઉં છું.

૦ સઈબેન ઈ. પટેલ

શ્રદ્ધાનો કળશ

૯૦ વરસની જૈફ વયે તદ્દન સ્વસ્થતા સાથે રોજ રેંટિયો કાંતવાનો, તે સૂતરમાંથી બનેલી ખાદી વાપરવાની. વાંચન અને ચિંતનનો નિત્યક્રમ. હૃદયે ચિંતા દેશની, સર્વના ઉદયની. સર્વોદય એ જ એમનું મિશન —આવા ડૉ. દ્વારકાદાસ જોષી માનવીના રૂપમાં ઋષિ છે. એમને મોટાભાઈ કહી સંબોધવામાં આવે છે.

તેઓ આમ તો આંખના ડૉક્ટર છે. પણ મુંબઈની ધીકતી દાક્તરી કમાણી છોડી વડનગરમાં એમણે ગરીબોની સારવાર માટે હોસ્પિટલ ચલાવી. અને પછી એ બધું પણ છોડીને વિનોબાના આંદોલનમાં એમણે પોતાનું સર્વસ્વ હોમી દીધું.

આજે એમનું એક જ રટણ છે —ગ્રામસ્વરાજ. એમને સત્તાના કેન્દ્રીકરણમાં વિશ્વાસ નથી. ગામે પોતાનો વહીવટ કરવાનો. રાજ્ય સરકારે ફક્ત દેખરેખ જ રાખવાની. વિકાસનું મધ્યબિંદુ ગામ છે. ગામ સુખી તો દેશ ઉન્નત. મોટાભાઈ માને છે કે કેન્દ્રીકરણથી જ બધું બગડ્યું છે. ભ્રષ્ટાચાર તેમાંથી જ વધ્યો છે. માટે લોકોની સક્રિયતા, એ જ ગુરુચાવી છે.

મોટાભાઈ ભૂદાન આંદોલન પછી આજ સુધી ગ્રામસ્વરાજ સમિતિઓ ગામેગામ બનાવવા માટે સક્રિય

રહ્યા છે. સમી તાલુકાનાં ૭૦ ગામોમાં ગ્રામસ્વરાજ સમિતિઓ બનાવી. સમી તાલુકાના રાફુ ગામે કેન્દ્ર રાખ્યું. સર્વોદય-મિત્રો બનાવ્યા. એ બધાને સક્રિય બનાવવા મથતા રહ્યા.

મોટાભાઈની શ્રદ્ધા હજી ડગી નથી. તેઓ શ્રદ્ધાવાન છે. દુનિયામાં સારા-ખરાબનું ચક્ર તો કાયમ ચાલ્યા કરે છે. તેમાં ક્યારેક શૂન્યાવકાશ સર્જાય. હાલ શૂન્યાવકાશની પરિસ્થિતિ છે. છતાં મોટાભાઈને ઉમેદ છે કે થોડાં વરસોમાં ફરી આ પરિસ્થિતિમાં પલટો આવશે અને ગાંધી-વિનોબાનાં વિચાર-બીજો વ્યાપકપણે ઊગી નીકળશે.

નવી પેઢીએ ગાંધી-વિનોબાને રાજકારણી-ઓના માધ્યમથી જોયા છે. તેથી નવી પેઢી પાસે ગાંધી-વિનોબાનું સાચું દર્શન નથી. જેમને એમનું સાચું દર્શન કરવું હશે, તેમણે મોટાભાઈ જેવા ગાંધી-વિનોબાના સાચા ઉપાસકોને જોવા પડશે, સમજવા પડશે. આવા માણસો નેપથ્યમાં રહીને કામ કરે છે. પ્રસિદ્ધિથી તેઓ જોજનો દૂર રહે છે. મોટાભાઈ એવા જ છે. અત્યંત સરળ અને ઋજુ એમનું વ્યક્તિત્વ છે. આટલું બધું કામ કર્યું છે, તેનોયે એમને કોઈ ભાર નથી. પુનર્જન્મ હોય તો ફરી માનવ થવું ગમે, એમ કહે છે. સૂરજ ન થવાય તો કંઈ નહીં, કોડિયું બનવું. દીવો જલતો હશે, તો પ્રકાશ જરૂરથી પથરાશે. એમને સત્ય, પ્રેમ કરુણામાં અવિચળ આસ્થા છે.

૦ મહેન્દ્ર જે. પટેલ

ગુજરાતના ને દેશનાયે

અમારો એમની સાથેનો સંબંધ વડનગરના કારણે. અમે અને તેઓ વડનગરધારી. ગામ વડનગર અમારા બંને પરિવારનું. અમે તો પછી વડનગરની બહાર રહ્યા. પરંતુ તેમણે મોહમયી મુંબઈ નગરીમાં ડૉક્ટર તરીકેની એમની ધીકતી કમાણી ચાલતી હતી, તે છોડીને વડનગરને અને પછી ગુજરાતને અને ભારતને પોતાની સેવા-પ્રવૃત્તિનાં કેન્દ્ર બનાવ્યાં.

ડૉક્ટરસાહેબ અને રતનબહેન બંને શ્વેત ખાદીધારી. લગભગ બધેય સાથે હોય. મેં તેઓને રેંટિયો કાંતતાં જોયાં છે, સેવાકાર્યમાં ભાગંભાગ કરતાં જોયાં છે, અને અનેક વાર તેઓની મહેમાનગતિ પણ માણી છે. જ્યારે જ્યારે મારે વડનગર જવાનું થાય, ત્યારે ત્યારે મારે હૈયે ત્રણ ધામનાં દર્શન કરવાનાં હોય જ. અને તે હાટકેશ્વર મહાદેવ, ડૉ. જોષીસાહેબને ત્યાં જવું અને ડૉ. વસંત પરીખને મળવું. કેવળ એક જ દિવસ માટે વડનગર જવાનું થાય તોયે વડનગરમાં આ ત્રણેય ધામનાં દર્શન કરું ત્યારે જ મને સંતોષ થાય, અને મારો વડનગરનો ફેરો સફળ થાય.

અમારો પારિવારિક સંબંધ પણ હતો જ. મારી નાની વયે જ પિતાજી ગુજરી ગયેલા એટલે મને એમનો કશો જ ખ્યાલ નથી, પરંતુ ડૉ. જોષીસાહેબ મારા પિતાજીને અને માતુશ્રીને ઓળખે. અમારા ઘર ભણી પણ એમની મીઠી નજર હોય જ. મારા મોટાભાઈ એકલા ને અલગારી જીવ. વારેવારે વડનગર જાય અને દિવસો સુધી ડૉ. જોષીસાહેબ ને રતનબહેનની મહેમાનગતિ માણે. ૨૦૦૨માં એમનું એકાએક અવસાન થયું, ત્યારે ડૉક્ટરસાહેબનો પત્ર પણ આવેલો.

અહીં ટૂંકમાં એટલું જ કહું કે અમારા વડનગરની છતાં ગુજરાત અને રાષ્ટ્રની આ અદ્‌ભુત પ્રતિભા શતાયુ બને, આરોગ્યપ્રદ આયુષ્ય ભોગવે, એવી હાર્દિક શુભેચ્છા મારી અને અમારા પરિવારની. ગુજરાત ને રાષ્ટ્ર આવા પ્રખર સમર્પિત સમાજ-સેવકથી ગૌરવાન્વિત બની શકે.

૦ ડૉ. રજનીકાન્ત જોષી

ગુજરાત ને ભારતનું ગૌરવ

પૂજ્ય મોટાભાઈ વિષે લખવાનું મારું ગજું કેટલું ? જેમણે પોતાના જીવનની પ્રત્યેક ક્ષણ ચિંતન કરીને ચિંતા કરી છે. કોની ચિંતા ? સમાજને ઊંચે ઉઠાવવાની. સમાજમાં જે છેવાડે રહી ગયો છે તેની. આવા મહાસાગર દરિયાવ દિલના માનવી એટલે ડૉ. જોષી.

મારા જીવનના મધ્યાહ્ને એમનો જે સથવારો મને મળ્યો, તેનાથી મારું જીવન ધન્ય બની ગયું. ૧૯૭૫માં જે.પી.ની હાકલ પડી, ત્યારે ગુજરાતમાં ઠેર ઠેર લોકસમિતિઓની રચના થઈ. મહેસાણા જિલ્લાની આવી લોકસમિતિના અધ્યક્ષ પૂ. મોટાભાઈ અને તેના સંયોજક તરીકે મને જે કામ કરવાની તક મળી તેનાથી મારા જીવનનો રાહ બદલાઈ ગયો. મારી કામ કરવાની રીત બદલાઈ ગઈ. બંગાળ, બિહાર અને ઓરિસ્સામાં ગોવધબંધી માટે તેમની સાથે કામ કરવાની જે તક મળી, તે મારા જીવનનું અમૂલ્ય સંભારણું બની રહ્યું છે.

જરા પણ વિહ્વળતા અનુભવ્યા વિના ઠંડા કલેજે સતત સમાજનું ચિંતન કરનાર ભાગ્યે જ મળે. ખૂબ જ સલૂકાઈથી અને સહજ રીતે જગતના મોટા મોટા પ્રશ્નો અને તેનો અત્યંત સરળ ઉપાય બતાવનાર મોટાભાઈએ ગુજરાતના અસંખ્ય સર્વોદય કાર્યકરોનાં જીવનને ઢંઢોળ્યાં છે. અસંખ્ય વૈયક્તિક અને સામૂહિક જીવન તેમની વાણીથી અને તેમના સંસર્ગથી ધન્ય બન્યાં છે. મોટાભાઈ એ ફક્ત વડનગર કે ફક્ત ઉત્તર ગુજરાતનું જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત અને ભારતનું ગૌરવ છે. તેમના સંસર્ગની સરવાણીમાં સ્નાન કરનાર સૌ કોઈને મોટાભાઈ પોતાના જ લાગે છે.

ગુજરાતની અસ્મિતા અને આનર્તના આ મોતીને કોટિકોટિ વંદન !

૦ રાજાભાઈ પટેલ
૦ આયશાબેન પટેલ

વડનગર કો ધન્ય બનાયો !

ડૉ. દ્વારકાદાસ જોષીસાહેબ આનર્ત પ્રદેશનું મહામૂલ્યું રતન છે. સાંદીપનિ ઋષિની યાદ તાજી કરાવતા આજીવન સેવાના ભેખધારી છે. એમના માર્ગદર્શનમાં એમની દોરવણી મુજબ જીવન ચરિતાર્થ કરનારા બેઉ કૃષ્ણ-સુદામાની જોડી સમાન એમના વારસદારો જેવા ડૉ. વસંતભાઈ અને ડૉ. મિહિરભાઈ છે. બંને એમની સેવાના પરિપાક રૂપ ગણાય.

આ પ્રસંગે હું લખવા પ્રેરાઉં છું કે —

જુઓ જગ-ઇતિહાસ, કંચનને કાટ કદી નથી ચઢતો
સેવા તણા કરનારને, બાધ ઉંમરનો નથી નડતો.
કદમ અસ્થિર હોય તેને, રસ્તો કદી નથી જડતો
અડગ મનના મુસાફરને, હિમાલય પણ નથી નડતો.
બડો બડાઈ ના કરે, બડા ન બોલે બોલ
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ.

વડનગર એ એક પ્રસિદ્ધ અને પુરાણું જાત્રાનું સ્થળ એવું મહાનગર છે. અહીં ઘણા જ મહામાનવોએ ત્રિવેણી સમો ઇતિહાસ સરજ્યો છે. આ મહાનગરમાં પ્રસિદ્ધ પુરાણું નાગરોના ઇષ્ટદેવ એવા હાટકેશ્વર મહાદેવનું પ્રખ્યાત મંદિર આવેલું છે. શહેરની વચ્ચે જ શર્મિષ્ઠા નામે સરોવર અને તેના તીરે જ્યાં તાના-રીરીએ મલ્હાર રાગ ગાયો હતો, તે બંને પ્રખ્યાત દેરીઓ પણ હાલમાં મોજૂદ જોવા મળે છે. વળી, શ્રી નાગરભક્ત નરસિંહ મહેતાએ તેમના પુત્ર શામળશાને આ નગરમાં પરણાવેલ, તેના પુરાવા રૂપે અહીં ચોરી, તોરણ વગેરે મોજૂદ છે. જો તમારે ત્યાગની મૂર્તિ અને આજીવન સેવાના ભેખધારીનાં દર્શન કરવાં હોય, તો ડૉ. દ્વારકાદાસ જોષીસાહેબનો અચૂક લાભ લેવો જોઈએ.

યે વડનગર કી વૃદ્ધિ કે પીછે બહોત બડો ઇતિહાસ છુપાયો
તો નાગર બ્રાહ્મન ઈષ્ટદેવ હાટકેશ્વર મંદિર જહાં આયો
ગાંવ કે બીચમેં શ્રેષ્ઠ સરોવર શર્મિષ્ઠા નિજનામ કહાયો
યે હી તાલ મેં પ્રસિદ્ધ દેરી જહાં તાનારીરીને મલ્હાર ગાયો
નાગરભક્ત નરસિંહ મહેતા કો પુત્ર શામળશા યહીં પરણાયો
યે ચોરી-તોરણપૂરે ગવાહી કૃષ્ણયુગ પુરાવો કહાયો
યે હી નગર કે બડે ભાગ્ય સે ઈશ દુ ફીરસ્તો આયો
આજીવન સેવા કો ભેખધારી દ્વારકાદાસ જોષી નામ કહાયો
કહે કવિ ચિમનલાલ યે મહામાનવને વડનગર કો ધન્ય બનાયો.

૦ કવિ ચિમનલાલ જે. મોદી

રગેરગમાં વ્યાપી ગયેલ સુસંસ્કારો

ડૉ. જોષીસાહેબ અને રતનબહેનની પધરામણી અમારે ત્યાં થઈ હોય, ત્યારે એમની સેવા-સુશ્રૂષા કરવાની જવાબદારી અમને બાળકોને સોંપાઈ હોય. અમે તે પ્રેમથી ઉપાડી લેતા. અમને તે બોજરૂપ નહોતી લાગતી. તેઓ એ જમાનાના મહેમાનોની સરખામણીમાં કંઈક જુદા જ લાગતા. ત્યારે મને એમનો ગાયનાં દૂધ-ઘીનો આગ્રહ વિશિષ્ટ લાગતો. એક વાર મેં રતનબહેનને આ વિશે પૂછ્યું. તેમણે મને તેનું મહત્ત્વ સમજાવ્યું, ત્યારથી તે મારા ગળે ઊતરી ગયું. પછી તો હું મોટો થયો. મેં ગાયમાં માતાનું સ્વરૂપ જોયું, અને તે પછી મારા ઘરે અમે કદાપિ ભેંસ લાવ્યા નથી. હું, મારાં પત્ની અને બાળકો, બધાં જ ગાયનાં દૂધ-ઘીનાં આગ્રહી થઈ ગયાં છીએ.

હું ગાયો રાખતો, તેમની સાર-સંભાળ જાતે લેતો, બીજાઓને તે કરવાની શરમ તૂટે તે ખાતર જાતે ખેતરે બાંધવા-છોડવા જતો. આ ગોસેવાથી મને ઘણો જ ફાયદો થયો છે. આ બધું જોષીસાહેબ અને રતનબહેનની અમારા કુટુંબમાં અવારનાર મુલાકાતનું પરિણામ છે.

જોષીસાહેબ અમને બાળકોને નર્ક અને સ્વર્ગની એક વાત કરતા, તે મેં મારા અનેક વિદ્યાર્થી-મિત્રોને પણ કરી છે. ત્યારથી મારા માનસમાં નર્ક અને સ્વર્ગનો તફાવત તથા સ્વર્ગ ભોગવવું હોય તો કેમ ભોગવાય, તેની પાકી સમજ અંકિત થઈ ગઈ છે. જ્યાં સાથ અને સહકારની ભાવના હોય, બીજાને ખવડાવીને ખાવાની ટેવ હોય, ત્યાં જ સ્વર્ગ હોય. બસ, આટલું સમજાઈ ગયું. આ બીજ રોપનાર પણ જોષીસાહેબ. તેથી જ મેં મોટા થઈને ભારત સેવક સમાજના રાવજીભાઈના સંપર્કમાં રહેવાનું વધારે પસંદ કર્યું, જાતે

માણસના જીવનમાં શ્વાસનું જે મહત્ત્વ છે, એવું જ મહત્ત્વ સમાજ-જીવનમાં વિશ્વાસનું છે. જો શ્વાસ ઊડી ગયો તો શરીર ગયું, તેમ સમાજમાં જો વિશ્વાસ ન રહ્યો, તો સમાજ મરી ગયો. પરસ્પર અવિશ્વાસ હશે, તો સમાજ ચાલવો મુશ્કેલ છે. એટલે જે સ્થાન શરીરમાં શ્વાસનું છે, તે જ સ્થાન સમાજમાં વિશ્વાસનું છે.

આ વિશ્વાસશક્તિને આપણે આપણા રોજબરોજના જીવન-વ્યવહારમાંયે ઉતારવાની છે. શંકાશીલતા હમેશાં બાધારૂપ બની રહે છે, સેવા-કાર્યમાં તો વિશેષ. આજે મોટા ભાગના ખટરાગનું મુખ્ય કારણ અવિશ્વાસ છે, એકબીજા વિશેનો સંશય છે. સંશય છોડીએ, અવિશ્વાસ દૂર કરીએ, તો ઘણા ખરા ખટરાગ દૂર થઈ જશે.

૦ વિનોબા ૦

ખાદી અપનાવી અને ગ્રામજીવનને જ વહાલું ગણ્યું. આના મૂળમાં આ યુગલ તરફથી બાળપણમાં મળેલું શિક્ષણ હતું.

હું ઘણા બધા સમાજ-સેવકો, લોકસેવકો, રાજકીય નેતાઓ વગેરેના સંપર્કમાં આવ્યો છું અને હાલ પણ છું. પરંતુ મને રતનબહેન અને જોષીસાહેબ એક અનેરું દૈવી યુગલ જણાય છે. ઘણાની વાતો સુફિયાણી હોય, પણ એમનું ઘરેલુ જીવન કંઈક જુદું અને બેહૂદું જ હોય ! ઘણા લોકો પોતે સ્વાશ્રયી, સેવાભાવી, ખાદીધારી વગેરે હોય, પરંતુ આમાંનું લેશમાત્ર એમનાં બાળકોમાં કે પત્નીમાં કે ઘરમાં ન દેખાય. વળી, વાણી-વર્તન-વ્યવહાર એકરૂપ ન હોય. એવા પણ ઘણા મિત્રો છે, જેમના મરણ પછી એમના કુટુંબમાં એમના સંસ્કાર નામમાત્રનાયે ન રહ્યા હોય. બધું જ ભુંસાઈ જાય અને એમની પાછળની પેઢી એશઆરામ, વૈભવ અને દેશદ્રોહી-સમાજદ્રોહી પ્રવૃત્તિઓમાં પડી ગઈ હોય.

જ્યારે હું વરસોથી જોષીસાહેબ તેમજ એમના કુટુંબને ઘણા નિકટથી જોતો આવ્યો છું. મને જણાયું છે કે એમના સંસ્કારો એમના આખા કુટુંબમાં વ્યાપી ગયા છે. એમણે પોતાનો આ ઉમદા વારસો પોતાના આખા કુટુંબને આપેલો છે. કેટલાંક કુટુંબોમાં લોહીના ગુણો ઊતરે, જ્યારે આ કુટુંબમાં જીન્સના ગુણો રગેરગમાં ઊતર્યા છે.

આપણે ખોરાક લઈએ, ખાઈએ, પચાવીએ, તેનું લોહી થાય અને તેમાંથી હાડ-માંસ વગેરે તંત્રોનું ગઠન થાય, ત્યાર પછી જે ઊંચામાં ઊંચો પાચનનો અર્ક રહે, તેનાથી સ્વભાવ-સંસ્કાર બંધાય. એટલે જ તો કહે છે કે 'અન્ન તેવો ઓડકાર.' જોષીસાહેબે જે વખતે ત્યાગ કર્યો હશે, તનમનથી સમજ કેળવી હશે, એ જ વખતથી એમના માનસતંત્રમાં આ ત્યાગ ને સેવાનું એવું પાચન થયેલ છે, તે એમની રગેરગમાં વ્યાપી ગયેલ છે. અને તેની જ અસર ડૉ. મિહિરભાઈ વગેરે ઉપર છે. મિહિરભાઈને જે સાથીઓ મળ્યા, તે પણ આ પુણ્યને લીધે, એમ જરૂર કહી શકાય. પરમાત્મા સીધું આપતો નથી, પણ આપણાં કર્મોનું ફળ આડકતરી ઉત્તમ રીતે પૂરું પાડે છે.

ટૂંકમાં, ડૉ. જોષીસાહેબે ત્યાગ ને સેવાનું જે વૃક્ષ વાવ્યું, તે આજે વટવૃક્ષ જેવું બની ગયું છે, અને તેની શાખા-પ્રશાખાઓ સમગ્ર ગુજરાતમાં ને ગુજરાત બહાર પણ ફેલાઈ છે. આમ, મૂળમાં શુદ્ધિ હોય, તો સમગ્રમાં પણ શુદ્ધિ ને સાત્વિકતા આવે અને તે સમગ્ર સમાજને મીઠાશ ને શક્તિ અર્પે. ડૉ. જોષીસાહેબ અને રતનબહેનની બેલડીનો અજર, અમર, અવિનાશી પ્રેમ સમાજને સદાય પ્રેમ-હૂંફ-સંસ્કાર આપતો રહેશે.

૦ હરિપ્રસાદ નરસિંહદાસ પટેલ

સાચા સંતપુરુષ

મારા પિતાશ્રી દામોદરભાઈ ભાવસાર. તેઓ પૂજ્ય ડૉ. દ્વારકાદાસ જોષીના સમર્પણ, ચારિત્ર્ય અને સતત સેવાકાર્યોથી ખૂબ જ પ્રભાવિત હતા. અવારનવાર તેઓ વડનગર જઈ થોડાક દિવસ તેમના સમીપમાં રહેતા. ડૉ. જોષીસાહેબનું સાંનિધ્ય તેમને ખૂબ જ ગમતું. તેમના જીવનમાંથી પ્રેરણા અને સમાધાન મળતું.

મને તેઓ કહેતા કે ''આ એક સાચા સંતપુરુષ છે. સંતના સંગ અને સાંનિધ્યથી આપણા દોષો દૂર થાય છે અને શુદ્ધ જીવન જીવવાની પ્રેરણા મળે છે.'' આથી જ્યારે તેઓ વડનગર પૂ. દ્વારકાદાસકાકાની પાસે રહેવા માટે જાય ત્યારે મને પણ લઈ જતા. પૂ. રતનબહેન તેમજ પૂ. કાકાશ્રી મારા પર ખૂબ પ્રેમ વરસાવતા. પાસે બેસાડીને ગીતા, રામાયણ, ઉપનિષદનો સાર સંભળાવતા. ''સતત રામનામ સ્મરણથી ખોટાં કામ કરતાં અટકી જવાય છે અને પરમાત્મામાં પ્રેમ અને ભક્તિ પ્રગટે છે'' – એવું મને કહેતા.

તેઓ નિયમિત કતાઈ, શરીરશ્રમ અને પ્રાર્થનાના હિમાયતી. હું નાનપણમાં રેંટિયો કાંતવામાં પાવરધો હતો. અનેક ઈનામો મળેલાં. મારા પિતાશ્રી નિયમિત રેંટિયો કાંતે. હું પણ પચીસેક વર્ષથી ફરી નિયમિત કાંતતો થયો, તેમના સંસર્ગને પરિણામે.

મારા પિતાશ્રીએ જિંદગીનાં પાછલાં સાઠ વર્ષ ગાયમાતાનાં જ દૂધ-ઘી આદિ વાપરવાનું વ્રત પાળ્યું. હું પણ મારા પિતાશ્રીના કહેવાથી તેમજ ડૉ. દ્વારકાદાસકાકાના સૂચનથી છેલ્લાં દસ વર્ષથી ગાયનાં જ ઘી-દૂધ વગેરેનો વ્રતધારી થયો છું.

મારા જીવનના બે મહત્ત્વના પ્રસંગો ઉલ્લેખનીય છે. મારા પૂજ્ય દાદાજી અને પૂ. પિતાશ્રીના વારસામાં મને જન્મથી જ શુદ્ધ ખાદીનાં વસ્ત્રો પહેરવાનો શુભ યોગ પ્રાપ્ત થયો છે. મારી ૪૦ વર્ષની ઉંમરે જ્યારે હું બાંધકામનો વ્યવસાય કરતો ત્યારે અવારનવાર મારે વડોદરા મારા મિત્રને ત્યાં લાંબો સમય રોકાવાનું થતું. મારાં ખાદીનાં જાડાં અને વજનદાર કપડાં ધોવામાં મારા મિત્ર-સંબંધીઓને ત્યાં તેમનાં પત્ની અને કામવાળી બહેનોને મુશ્કેલી પડતી. આવું અવારનવાર બનતું. વળી, ખાદીનાં કપડાંને બરાબર અસ્ત્રી કરી ન હોય તો સુઘડ લાગે પણ નહીં. આવાં ક્ષુલ્લક કારણો (બહાનાં)ની ઓથે સુંવાળાં અને ભપકાદાર કપડાં પહેરવાના મોહમાં હું ફસાયો. બેત્રણ જોડી ટેરીકોટનનાં વસ્ત્રો સીવડાવ્યાં અને અવારનવાર પહેરવા લાગ્યો.

મારા પિતાશ્રીને જ્યારે આ વાતની જાણ થઈ, ત્યારે ગાંધીજીના સહવાસમાં રહેલા ચુસ્ત ગાંધીવાદી મારા પિતાશ્રીને ખૂબ દુ:ખ થયું. પરંતુ તેમણે મને ઠપકો કે આગ્રહ ન કર્યો. પણ જ્યારે અમે ડૉ. જોષીકાકા સાથે રહેવા માટે વડનગર ગયા ત્યારે પૂ. કાકાશ્રીએ ખૂબ જ પ્રેમપૂર્વક મને સમજાવ્યો અને મારે ખાદી સિવાયનું વસ્ત્ર ન વાપરવું એવી સમજણ –શિખામણ આપી. એમની આ ટૂંકી સૂચનાનો મારા મન પર અત્યંત પ્રભાવ પડ્યો. તે જ ક્ષણે મેં ખાદી સિવાયનાં વસ્ત્રોનો ત્યાગ કર્યો.

સંત પારસમણિ સમાન હોય છે. તેમનો એક વખતનો સ્પર્શ કથીરને સોનું બનાવી દેવાનું સામર્થ્ય ધરાવે છે.

મારા પિતાશ્રી ડૉ. જોષીસાહેબ કરતાં ઉંમરમાં દશ વર્ષ મોટા, પણ હમેશાં તેમને ખૂબ આદર આપતા અને તેમના માટે પૂજ્યભાવની લાગણી રાખતા. મહેસાણા જિલ્લા સર્વોદય મંડળ જ્યારથી મહેસાણામાં કૉંગ્રેસ ભવન ત્રીજા માળે મિટિંગ થતી ત્યારથી તેમના જીવનનાં છેલ્લાં દસ વર્ષ સુધી ચાલવાની મુશ્કેલી છતાં પણ ખૂબ જ હિંમતપૂર્વક ત્રણ માળનાં પગથિયાં પરાણે ચઢીને મિટિંગમાં આવતા, પૂ. જોષીસાહેબનું સાંનિધ્ય માણતા.

પિતાજી છેલ્લી અવસ્થામાં પથારીવશ હતા ત્યારે ત્રણેક માસ સુધી ડૉ. કાકાનાં દર્શન નહીં થતાં ખૂબ બેચેન રહેતા. અંતિમ દિવસે અચાનક પૂ. દ્વારકાદાસ કાકા વિસનગરથી મહેસાણા લાયન્સ હોસ્પિટલમાં તેમની પોતાની તબિયત બતાવવા શ્રી મિહિરભાઈની સાથે ગાડીમાં આવેલા. ત્યારે અમે તેમને વિનંતી કરી. સમયનો અભાવ હતો તેમ છતાં તેઓ અમારે ઘેર પધાર્યા. મારા પિતાશ્રીની પથારી પર તેમની સન્મુખ બેઠા, વાતચીત કરી. તેમના હાથે પ્રસાદ ગ્રહણ કર્યો. તેમના મનને સંતોષ આપીને પછી વિદાય લીધી. સંતદર્શનથી મારા પિતાશ્રી સંતૃપ્ત થયા અને ત્રણ ચાર કલાકમાં સ્વધામ સિધાવ્યા.

આવા સંતની સર્વોદય મંડળમાં મારા પર વિશેષ કૃપા છે અને સર્વોદયપાત્ર અને ઉપવાસદાનની કામગીરી માટે મને લાભ આપ્યો છે. હું તેમનો અત્યંત ઋણી, આભારી છું.

૦ જયંત ભાવસાર

એમની પ્રેરણા મળતી રહી છે

ડૉ. જોષીસાહેબ સાથે મારી પ્રથમ મુલાકાત સને ૧૯૫૧માં વડનગરથી ત્રણ કિલોમીટર દૂર નવાપુરા નામના ઠાકોર ભાઈઓના એક નાનકડા ગામમાં થયેલી. ફક્ત ૩૦-૩૫ ઘરનું ગરીબ ઠાકોર ભાઈઓનું એ ગામ. મુંબઈ છોડી જોષીસાહેબ આ નાનકડા નવાપુરા ગામમાં આવીને રહેવા લાગ્યા. મને આ સમાચાર મળતાં તેમને મળવા સારુ હું ઊંઝાથી નવાપુરા ગયો. રતનબેન પણ ત્યાં હતાં. મારી ઉંમર તે વખતે ૨૪-૨૫ વર્ષની હતી.

સાંજના પૂ. મોટાભાઈ અને હું ફરવા નીકળ્યા. નવાપુરાથી અડધો કિલોમીટર દૂર વગડામાં શર્મિષ્ઠા ફીડરના કાંઠે ઓઘડનાથનું એક નાનું જરીપુરાણું મંદિર હતું. ત્યાં ઊભા રહ્યા. મંદિરની બાજુમાં એક નાની ઓરડી હતી. બાજુમાં વડનું ઝાડ હતું. મોટાભાઈ મને કહે, ''તમારે ગામડાના લોકોની સેવા કરવા ઇચ્છા હોય તો રહેવા માટે આ જગ્યા છે.'' વડના થડની આજુબાજુ સાપનાં ઘણાં દર હતાં. ત્યાંથી અમે થોડે દૂર ઠાકોર ભાઈઓનું ચાંપા નામનું ગામ હતું ત્યાં ગયા. ગામના ગોંદરે બાળકોને એકઠાં કરી ગીતો ગાઈ તથા રમતો રમાડી અમે નવાપુરા પરત આવ્યા.

બીજા દિવસે સવારમાં પૂ. મોટાભાઈ તથા રતનબેન વડનગર ગયાં. હું ફરીથી ઓઘડનાથના મંદિરે ગયો. મારી ત્યાં રહેવાની હિંમત ચાલી નહિ. સાંજના ઊંઝા પરત આવ્યો. પાટણ તાલુકાના ચારૂપ ગામમાં પ્રાથમિક શાળામાં મને શિક્ષકની નોકરી મળી.

ત્યાર પછી મોટાભાઈ સાથે મારી બીજી મુલાકાત સને ૧૯૫૮માં ડિસેમ્બરની ૨૪ તારીખે મહેસાણા જિલ્લાના ડાંગરવા ગામે થઈ. પૂજ્ય વિનોબાજીની પદયાત્રાનો મુકામ તે દિવસે ડાંગરવામાં હતો. ઊંઝાથી હું ડાંગરવા ગયો. તે વખતે પૂ. મોટાભાઈ અને પૂજ્ય નારાયણભાઈ દેસાઈ હાઈસ્કૂલના ઓટલા ઉપર બેઠા હતા. હું તેમને મળ્યો અને કહ્યું, ''મારે વિનોબાજીની શાંતિસેનામાં જોડાવું છે.'' તેમણે કહ્યું, ''તમારું નિષ્ઠાપત્ર ભરીને આપો.'' મેં નિષ્ઠાપત્ર ભરીને આપ્યું. તે તેમણે વિનોબાજીને આપ્યું. ત્યાર પછી તેમની સાથે ૧૫ દિવસ હું પૂજ્ય બાબાની યાત્રામાં રહ્યો અને ઊંઝા આવી સર્વોદય પ્રવૃત્તિ શરૂ કરી.

મોટાભાઈ ફંડફાળા માટે ઊંઝા આવતા અને મારે ત્યાં રહેતા. આમ, ૧૯૫૯ થી તેમની સાથે મારો પરિચય વધતો ગયો. ૧૯૭૯માં હું તેમના સાંનિધ્યમાં રહેવા વડનગર ગયો. વડનગરથી ગામડાંમાં પદયાત્રાઓ કરવાનો અમારો મુખ્ય કાર્યક્રમ રહેતો. સને ૧૯૯૦થી ઊંઝા સ્થિર રહી પ્રવૃત્તિ કરું છું. પરંતુ તેમની સાથે મારો સંપર્ક ચાલુ છે. અવારનવાર તેમને મળવા વિસનગર જાઉં છું.

તેમનું જીવન એક ઋષિના જેવું છે, અત્યારે તેમની ૮૯ વર્ષની ઉંમર છતાં નિયમિત સવારે પ્રાર્થના, વાંચન, કતાઈ કરતા હોય છે. પત્રો પણ લખે છે. મહિનામાં એક વાર વિસનગર મિટિંગ થાય છે, તેમાં પણ હાજરી આપે છે.

પરમાત્મા પૂ. મોટાભાઈ અને પૂજ્ય રતનબેનનું આરોગ્ય સારું રાખે અને સો વરસનું આયુષ્ય કરે, એવી પ્રાર્થના સહ વિરમું છું.

૦ ગોપાલભાઈ પટેલ

જીવનનું ખરું શિક્ષણ પામ્યો

ડૉ. જોષીસાહેબ એટલે તેજસ્વિતા, પ્રસન્નતા અને સેવાપરાયણતાનો સુભગ સમન્વય. તેઓ સદ્‌ભાવનાના આગ્રહી, સત્કર્મના કર્મઠ અને ચારિત્ર્ય-નિર્માણના જ્યોતિર્ધર છે. ગાંધી-વિનોબાના વિચારો અને આદર્શોને જીવનમાં સાંગોપાંગ ઉતારનાર પ્રેરક પ્રતિભા છે. ડૉ. જોષીસાહેબ એટલે પારસમણિ. એમના સંપર્કની શુભ અસરનાં કેટલાંયે જીવંત ઉદાહરણો રજૂ કરી શકાય.

મારા વિદ્યાર્થીકાળમાં એમનો પરિચય મને પરોક્ષ રીતે થયેલો હતો, પણ સંગતમાં રહીને અંગત પરિચયમાં આવ્યો ૧૯૯૦માં આચાર્ય તરીકેની નિવૃત્તિ પછી. મારા વતન ઉમતામાં અને મારા ઘરમાં મને સાંપડેલું

એમનું સાંનિધ્ય મારા જીવનની ધન્ય ઘડીઓ બની. ઉમતામાં રહીને જોષીસાહેબ સાથે આજુબાજુનાં દસેક ગામોમાં જવાનું સૌભાગ્ય મળ્યું. મને પ્રત્યક્ષ ઘણું જાણવા-માણવા મળ્યું. ત્યારે લોકોનોયે સારો પ્રતિભાવ સાંપડ્યો. એટલે સર્વોદય કાર્યમાં મારો રસ વધતો ગયો.

પછી તો અવારનવાર મહેસાણા-વિસનગરમાં સર્વોદય મંડળના ઉપક્રમે મળવાનું થતું રહ્યું. તેમના પ્રત્યે હું ભીતરથી ભીંજાયો. આ પહેલાં મેં ગાંધી-વિનોબાનાં પાંચ-છ પુસ્તકો વાંચેલાં. પણ માત્ર વાંચેલાં જ, તેનું મનન-ચિંતન તો જોષીસાહેબના નિકટના સાંનિધ્ય પછી જ શરૂ થયું. મારામાં ધીરે ધીરે પરિવર્તન આવતું ગયું. જોષીસાહેબ પાસે હું જે શીખતો ગયો, તે ધીરે ધીરે આચરતો ગયો.

જોષીસાહેબે મારામાં વિશ્વાસ મૂકી મને વિસનગર તાલુકાનો સંયોજક બનાવ્યો. ગાંધીજીનાં મૂલ્યોનું સ્થાપન થાય, આજના વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવનાનું સિંચન થાય, એમના ચારિત્ર્યનું ઘડતર થાય, લોકો ગ્રામસ્વરાજનું હાર્દ સમજે —આ માટે બધી સર્વોદય પ્રવૃત્તિઓ સતત ચાલુ રાખવાની હતી. યાત્રાઓ કરવી, સભા-વાર્તાલાપો કરવા, સાહિત્યનો પ્રચાર-પ્રસાર કરવો. આમ કરતાં-કરતાં સત્કાર્યો પ્રત્યે મારી અભિમુખતા વધતી ગઈ. આ રીતે જોષીસાહેબે જ મને ઘડ્યો છે. તાલુકાનાં ૬૪ ગામોમાં સર્વોદયની પ્રવૃત્તિઓ કરવામાં હું કંઈક અંશે ઉપયોગી બની શક્યો, તેની મને બહુ ખુશી છે. મારું વતન અને ઘર વિસનગર તાલુકાના સર્વોદય મંડળનું કેન્દ્ર બન્યું. ડૉક્ટરસાહેબની સાથોસાથ ઈશ્વરભાઈ, કનુભાઈ, ડાહ્યાભાઈ જેવા અનુભવી સેવકોનુંયે મને સાંનિધ્ય મળ્યું.

હું પોતે શિક્ષક હતો, આચાર્ય પણ થયેલો, પરંતુ આજે એવું અનુભવું છું કે જીવનનું ખરું શિક્ષણ હું જોષીસાહેબ અને એમના આ બધા સાથીઓ પાસેથી પામ્યો છું. પૂજ્ય જોષીસાહેબનું શેષ જીવન નિરામય રહો, એવી પ્રભુને પ્રાર્થના !

○ મફતભાઈ પટેલ

આ બધું જોષીસાહેબના જ પ્રતાપે

મારી નોકરીના આરંભમાં જ ૧૯૫૪માં જોષીસાહેબ ભૂદાન માટે પદયાત્રા કરતા અમારી શાળામાં આવેલા, ત્યારે એમનો પરિચય થયો. ગાંધી-વિનોબાનો સર્વોદયનો વિચાર મેં પહેલવહેલો એમની પાસેથી સાંભળ્યો. તેની અસર મારા ઉપર કાયમ રહી. નોકરી દરમ્યાન ગાંધી-વિનોબાનાં પુસ્તકો અને અન્ય સાહિત્યનું વાંચન કરી સર્વોદયનો વિચાર સમજવા તત્પર રહેતો.

શિક્ષક તરીકે નિવૃત્ત થયો પછી શું કરવું તેની શોધમાં હતો. ત્યારે ૧૯૯૪માં સર્વોદયની એક સભા વાલમમાં હતી. તેમાં હું ગયો. તે સભામાં જોષીસાહેબે એક સંકલ્પ લેવાનું કહ્યું કે દરેક જણ સમાજસેવા માટે રોજ એક કલાક કે મહિનામાં એક દિવસ આપે તથા પોતાની એક દિવસની કમાણી સમાજસેવા માટે વાપરે. મને આ ગમ્યું. મેં આવો સંકલ્પ લીધો. દર મહિને પુસ્તકો ખરીદી તેને લોકોમાં ફરી-ફરીને વંચાવવા લાગ્યો. 'ગીતા પ્રવચનો' જેવાં પુસ્તકો હું ઘણાને ભેટ પણ આપતો. આનો એક ફાયદો એ થયો કે હું આ નિમિત્તે એક પુસ્તકાલય ઊભું કરી શક્યો અને તે મારી બાના નામે આજે પણ ચાલુ છે.

દર મહિનાના ત્રીજા રવિવારે મળતી કાર્યકરોની સભામાંયે હું નિયમિત જવા લાગ્યો. ગ્રામસ્વરાજના વિચારને ગામેગામ પહોંચાડવા પદયાત્રાઓ યોજાઈ. ઝિલિયા ગાંધી આશ્રમમાં બે દિવસનો શિબિર થયો તેમાં સારી સમજ આપવામાં આવી. પછી ચાણસ્મા, કડી, ખેરાળુ, વિસનગર અને રાધનપુર તાલુકાઓમાં પદયાત્રાઓ થઈ. આને કારણે ગ્રામસમાજની વાસ્તવિક ભૂમિકાની મને પ્રત્યક્ષ તાલીમ મળી.

આ વિચારનો પ્રચાર બીજાં ગામોમાં કરું છું, તો મારા ગામમાં પણ મારે કરવો જોઈએ, એમ માની મેં જોષીસાહેબના પ્રમુખપદે મારા ગામમાં સભા રાખી. જોષીસાહેબે બહુ સારી રીતે વિગતે સમજ આપી અને

ગામમાં એક ગ્રામસ્વરાજ સમિતિની રચના થઈ. પછી તો બીજાયે ઘણા સર્વોદયના અગ્રણીઓને મેં ગામમાં બોલાવ્યા.

ઝીણાભાઈ દરજી અને રામુભાઈએ મળીને ગાંધીજીના 'કાંતે તે પહેરે અને પહેરે તે કાંતે'ના વિચારને યથાર્થ સ્વરૂપે ચરિતાર્થ કરવા 'વસ્ત્ર-સ્વાવલંબન મંડળ'ની રચના કરી. રામુભાઈએ વાલમ આશ્રમમાં કતાઈ શિબિર રાખ્યો. તેમાં મેં ૧૦ દિવસ તાલીમ લીધી. રામુભાઈએ અમને સંકલ્પ કરાવ્યો કે તાલીમ લીધેલ દરેક જણ પોતાને ત્યાં આવો ૧૦ દિવસનો કતાઈ શિબિર રાખે. મેં મારા ગામમાં મારા જ નિવાસે પૂ. જોષીસાહેબના પ્રમુખસ્થાને આવો શિબિર રાખ્યો. એમની હૂંફ અને આશીર્વાદને લીધે જ હું આ કાર્ય કરી શક્યો.

સર્વોદય મંડળે સજીવ ખેતીને પ્રાધાન્ય આપ્યું. તે અનુસાર મેં મારા ગામે કપિલભાઈ શાહ અને મહેન્દ્રભાઈ ભટ્ટને બોલાવ્યા. તે બંને મહાનુભાવોના સાંનિધ્યમાં ગઈ સાલ સજીવ ખેતી ખેડૂત શિબિર પણ યોજ્યો. આવી જ રીતે મારી તબિયત સારી ન હોવા છતાં સર્વોદય મંડળના આદેશથી સર્વોદય-મિત્રો નોંધવા પણ મેં કોશિશ કરી. ત્યારે દશરથભાઈ શાહે આવીને ગામના સર્વાંગી વિકાસમાં સર્વોદય વિચાર કેટલો જરૂરી છે તેની યથાર્થતા સરસ રીતે સમજાવી.

આ બધા જોષીસાહેબના પ્રતાપ છે. મારા જેવાને જો જોષીસાહેબની પ્રેરણા, હૂંફ ને માર્ગદર્શન ન મળ્યું હોત તો સર્વોદય વિચારને મારા ગામમાં લઈ આવવામાં હું સફળ નહીં થઈ શક્યો હોત. અને સર્વોદય વિચારના પ્રતાપે જ હું ગામમાં નાનાથી મોટા સહુની સાથે હળી-ભળી શક્યો છું. પૂ. જોષીસાહેબ અને ગાંધી-વિનોબાની કૃપાથી જ આ શક્ય બન્યું. પૂ. જોષીસાહેબને વંદન કરી વિરમું છું.

૦ પશાભાઈ કાળાભાઈ સોલંકી

✣

એના કદમ કદમ પર કાશી

ચરણ અટકે ત્યાં સર્જાતું કાશી, એનાં દર્શન પાપ વિનાશી
એના..... કદમ..... કદમ..... પર..... કાશી૦

શુદ્ધ સ્વસ્થ જીવન છે એનું, સ્વલ્પ નહીં આભાસી
સરળ બની વિચરે એ જગમાં, શ્વેતવસ્ત્ર સંન્યાસી.... એના૦

સ્વાદ સકલ રસનો જાણે, પણ રહેતો ના અભિલાષી
ભોગ તણો આશક ના બનતો, માણે રહી ઉપવાસી.... એના૦

સંગ નહીં લાગે જગનો, છો ને એ જગનો વાસી
ગામડામાં રહેતા ગામજનોને નીરખે ખુદ અવિનાશી... એના૦

નગરજનોને મળતો સ્નેહે, તોય વળી વનવાસી
દ્વારકાદાસ તો વિચરે જગમાં, થઈ દ્વારકાધામનો વાસી.... એના૦

૦ શંકરભાઈ ચૌધરી

મોટાભાઈની રાહબરી હેઠળ

ભરૂચ જિલ્લામાં

વિનોબાજીનએ 'જય ગ્રામદાન-જયજગત'નો મંત્ર આપ્યો છે. આ મંત્રને સાકાર કરવામાં પૂ. મોટાભાઈએ પોતાનું સંપૂર્ણ જીવન સમર્પિત કરી દીધું છે. ૧૯૭૩માં હું જ્યારે સર્વોદયના કામમાં આવી, ત્યારે મને એમનો નિકટનો પરિચય થયો. એમના સાંનિધ્યમાં રહેવાનો, એમના માર્ગદર્શનમાં કામ કરવાનો મને લહાવો મળ્યો. મને એમનો સ્નેહ પ્રાપ્ત થયો.

ત્યારે અમે ચાર યુવામિત્રો —રાવતાજી, મુકુંદ પંડ્યા, પ્રતાપભાઈ અને હું સર્વોદય મંડળમાં જોડાયાં હતાં. ભરૂચ જિલ્લાનાં ગામડાંઓમાં પગપાળા ફરવાનું અને મોટાભાઈ કહે તેમ કામ કરવાનું. ભરૂચ જિલ્લાના ગામડે ગામડે મોટાભાઈ સાથે અમે પદયાત્રાઓ કરી.

મેં જોયું કે તેઓ હમેશાં સદ્‌વિચાર ને સદ્‌ચિંતન કરનારા હરિના જન છે. સમાજના છેલ્લામાં છેલ્લા માણસની એમને ફિકર છે. જાતે કાંતેલ સૂતરમાંથી બનેલાં ખાદીનાં શ્વેત વસ્ત્રો કફની-પહેરણ-ધોતિયું, માથે ગાંધી ટોપી, અને કફનીના ઉપરના ખિસ્સામાં નાનું ઘડિયાળ હોય, હાથમાં નાનો રેંટિયો અને બગલથેલામાં સદ્‌વાંચનનાં પુસ્તકો હોય. આવા અમારા મોટાભાઈ એવા તો શોભે ! અને સાથે એમના પડછાયા સમાં રતનબહેન પણ હોય. નામ એવા જ એમના ગુણ. રતન એટલે ખરું રતન જ !

ડૉ. જોષીએ ભરૂચ જિલ્લામાં બધી શક્તિ લગાડીને ગ્રામદાન-ગ્રામસ્વરાજના કામને આગળ વધારવાનું નક્કી કરેલું. અમારું થાણું ભરૂચ શહેરમાં બળેલી ખો ઉપર હતું. ત્યાં અમે બધાં સાથે રહેતાં. ગુજરાતના ઘણા કાર્યકર-મિત્રો પણ અવારનવાર આવીને અમારા કામમાં ભળતા. આવું સમૂહજીવન

જેમ અન્ન વિના શરીર નથી ટકતું, તેમ જ્ઞાન વિના આત્મા પુષ્ટ નથી થતો. એટલા વાસ્તે દરરોજ જ્ઞાન મેળવતા રહેવાની યોજના હોવી જોઈએ. જેમ આપણે ખાધા વિના રહેતા નથી, તેમ અધ્યયન વિનાયે ન રહીએ. આધ્યાત્મિક અન્ન-સેવન વિના આપણો એક દિવસ નહીં જવો જોઈએ.

દરરોજ એક કલાક અધ્યયન માટે ખાસ જુદો કાઢો, અને ત્યારે બધાં કામોથી અળગા થઈને અધ્યયન, ધ્યાન વગેરેમાં તમારી જાતને પરોવી દો. દિવસમાં એક કલાક, અઠવાડિયામાં એક દિવસ, અને વરસમાં એક મહિનો. ત્યારે કામ-બામ કાંઈ જ નહીં. બસ, અધ્યયન, મનન, ચિંતન, ધ્યાન વગેરે જ. વરસે મહિનો કાઢો. તેમાં સેમિનાર, સામૂહિક ચિંતન વગેરે પણ થઈ શકે. પણ તેમાં રોજબરોજની કામની ચર્ચા નહીં. તેમાં આધ્યાત્મિક ચર્ચા, નિરીક્ષણ, પરીક્ષણ, ચિંતન, મનન વગેરે જ હોય. સહ-અધ્યયન થાય. આમ કરવાથી કાર્યકરોની શક્તિ વધશે.

સ્વસ્થપણે અર્થપૂર્ણ કામ કરવા માટે વિચાર-સફાઈ અત્યંત જરૂરી છે. દ્વંદ્વ-નિરસન અને દ્વિધામુક્ત ચિત્ત જ સંતુલન જાળવી શકશે.

૦ વિનોબા ૦

જીવવાની અને સાથે કામ કરવાની ખૂબ મજા પડતી. પૂ. મોટાભાઈની શીતળ છત્રછાયામાં અમારું, નવા જોડાયેલા નાના કાર્યકર-મિત્રોનું સરસ જીવન-ઘડતર થતું. મોટાભાઈ અમને બધાંને વૈચારિક ભાથું અને આધ્યાત્મિક ભાથું પીરસતા રહેતા. સવાર-સાંજ પ્રાર્થના થતી, સમૂહકાંતણ ચાલતું, સ્વાધ્યાય ચાલતો, સત્સંગ ચાલતો. પદયાત્રામાંયે આવો જ ક્રમ રહેતો. તેમાં વળી, લોકસંપર્ક માટેની તાલીમ મળતી.

મારા જેવીએ તો ત્યાં સુધી ખેતીકામને જ પ્રાધાન્ય આપેલું. શ્રમકાર્ય જેવી મજા કે સંતોષ મને બૌદ્ધિક કે વૈચારિક કામમાં નહોતાં મળતાં. પરંતુ મોટાભાઈ મને સમજાવતા કે સર્વોદયના વિચાર-પ્રચાર માટે સમાજની અંદર આપણે જવાનું થાય, ત્યારે સાવ કોરા દિમાગ સાથે ન જવાય. વૈચારિક અને જ્ઞાનનું ભાથું આપણે સાથે લઈ જવું પડે. તેથી કાર્યકર માટે એ પણ એક મોટું કર્મ જ છે. આ રીતે મને પણ વાંચનની અને બૌદ્ધિક વાતોની ધીરે ધીરે ટેવ પડવા માંડી.

એક વખત મેં મોટાભાઈને પૂછ્યું કે મારા ઘરમાં પૂર્ણ વ્યસનમુક્તિ નથી, તો મને સર્વોદયનું કાર્ય કરવાનો અને વિચાર-પ્રચાર કરવાનો શો અધિકાર ? ત્યારે મોટાભાઈએ પ્રેમપૂર્વક આશ્વાસન આપીને સમજણ પાડી કે સમાજની અંદર આપણું ઘર પણ આવી જ જાય. સમાજમાં જેમ ધીરે ધીરે પરિવર્તન આવશે, તેમ આપણા ઘરમાંયે પરિવર્તન આવશે. જેમ આપણે સમાજને સમજાવતા રહીએ છીએ, તેમ ઘરનાંઓનેય સમજાવતા રહેવું અને ભગવાનને સતત પ્રાર્થના કરતા રહેવી કે 'સબ કો સન્મતિ દે ભગવાન !' આપણો પ્રયત્ન અને ભગવાનની કૃપા.

હું ગાંધી વિદ્યાપીઠ, વેડછીમાં ચોથા એટલે કે છેલ્લા વર્ષમાં હતી, ત્યારે કરાડીના શાંતિસેના વિદ્યાલયમાં અમને શાંતિસેનાની તાલીમ માટે બે વખત લઈ ગયેલા. ત્યાં મેં ગ્રામાભિમુખ ત્રિવિધ કામો — ગ્રામદાન, શાંતિસેના અને ખાદી-ગ્રામોદ્યોગની વાત સાંભળેલી. મને ત્યારે થતું કે આવાં કંઈક કામો કરવાનું મને સદ્‌ભાગ્ય મળે તો કેવું સારું ! અહીં ભરૂચ જિલ્લામાં મારી આ ઇચ્છા પૂર્ણ થઈ. મોટાભાઈ પાસે રહીને આ બધાં કામો વિશે મારી બહુ સારી સમજણ કેળવાઈ. એમનું કાયમ ગ્રામસ્વરાજનું રટણ રહેતું. આજે જૈફ ઉંમરે અને નાજુક તબિયતે પણ એમણે એ રટણ હજી છોડ્યું નથી.

અમે ભરૂચ શહેરમાં રહેતાં ત્યારે સવારના પહોરમાં ગલીએ ગલીએ ફરીને પ્રભાતિયાં ગાતાં — 'નવલાં વાણાં વાયાં રે, જાગો રે જાગો !' નારાઓ બોલતાં ને સૂત્રો પોકારતાં. આને લીધે સારો લોકસંપર્ક થતો. લોકોને કુતૂહલ થતું કે આ કોણ લોકો છે ? અને ઘણા અમારા કાર્યાલયે પણ આવતા થયેલા. પછી અમે શહેરની નિશાળોમાં જઈને વિદ્યાર્થીઓ વચ્ચે જાતજાતના કાર્યક્રમો કરતા. વિદ્યાર્થીઓ રસ્તે મળે તો અમને ઓળખતા થઈ ગયેલા. ત્યાર બાદ અમે ગામડે ગામડે પદયાત્રાઓ કરી અને સર્વોદય ને ગ્રામસ્વરાજનો સંદેશો પહોંચાડ્યો. આ બધામાં અમને માર્ગદર્શન મોટાભાઈનું જ મળતું રહેતું.

અમારી પદયાત્રાઓમાં કેટલાક કૉલેજના યુવાનો પણ જોડાતા. એમણે ગરીબી વિશે વાંચ્યું હોય, પણ ગામડાંમાં એ ગરીબીનાં સાક્ષાત્ દર્શન થાય, ત્યારે એમનામાં સેવાની ભાવના જાગતી. પૂ. મોટાભાઈનું પ્રત્યક્ષ જીવન જોઈને પણ એમને ઘણી પ્રેરણા મળતી. તેઓ મોટાભાઈ સાથે વાતો કરતા, તેને લીધે એમના વિચારોની ઘણી સફાઈ થતી. અમે સાહિત્યનોયે ઘણો પ્રચાર કરતા, 'ભૂમિપુત્ર'ના ગ્રાહકો નોંધતા.

આમ, આખા જિલ્લામાં સારી લોકજાગૃતિ આવી હતી. સર્વોદયનું એક વાતાવરણ ઊભું થયું હતું. વાગરા, જંબુસર, હાંસોટ, આમોદ વગેરે તાલુકાઓમાં અમે ઘણું ફર્યાં. તે વખતે ઘણા સર્વોદય-

મિત્ર મળેલા. તેમાંથી કેટલાક તો આજે પણ સેવાકાર્યમાં લાગેલા છે.

આ ગામોમાં ફરતી વખતે મોટાભાઈનું આંખના ડૉક્ટર તરીકેનું કામ પણ સાથોસાથ ચાલે. કેટલાયની આંખો જોઈ દે, સારવાર માટે સલાહ આપે. આંખ તપાસતાં-તપાસતાં એમની અને ગામની ઘણી બધી માહિતી પણ જાણી લે. મોટાભાઈને સૌથી પહેલી ચિંતા છેવાડે પડેલા માણસની. એટલે ગામમાં પ્રવેશે કે કોઈને પણ મળે, તો એમનો પહેલો પ્રશ્ન હોય —''અહીં હરિજનોનાં કેટલાં ઘરો છે ? તેઓ પાસે જમીન છે ? મજૂરી કરવા જાય, તેમાં એમને કેટલી રોજી મળે છે ? બીજો કોઈ કામધંધો એમને છે ?''... વગેરે. ગામના હરિજનવાસમાં જઈને એમને મળવાનું પહેલું પસંદ કરે. અને હરિજનવાસમાં જ રહેવાનું થઈ શકે, તો એમને વિશેષ ખુશી થાય.

મારે મોટાભાઈ સાથે આવી રીતે ત્રણેક વરસ રહેવાનું થયું. પછી સ્વામી કુટ્ટીજીની યાત્રા ગુજરાતમાં આવી, ત્યારે એમની સાથે રહેવાનું થયું. મોટાભાઈ પણ એ યાત્રામાં આવતા. મહેસાણા જિલ્લામાં તો ઘણું સાથે રહ્યા. મોટાભાઈએ કુટ્ટીજીની શક્તિ બરાબર જાણી લીધી હતી. એટલે લોકજાગૃતિ, લોકશિક્ષણ અને ગ્રામસ્વરાજને કેન્દ્રમાં રાખીને એમણે કુટ્ટીજીની યાત્રાનો પૂરેપૂરો લાભ લીધો.

આજે હવે મોટાભાઈ મારાથી દૂર રહે છે, છતાં સાથે જ છે એવી અનુભૂતિ થાય છે. એમના દિલમાં કાર્યકરો માટે હમેશાં કૂણી લાગણી રહી છે. દરેકને એમ જ લાગે કે તેઓ મારા પોતીકા મોટાભાઈ છે. મને તો એમની પાસેથી ઘણું ઘણું શીખવાનું મળ્યું છે. આજે પણ 'સર્વોદય અભિયાન' પત્રિકા સાથે આવતા એમના સ્વાધ્યાય-પત્રો મને ખૂબ પ્રેરણા આપી જાય છે. એમનાં ચરણોમાં મારું મસ્તક નમાવું છું.

૦ જમુબહેન ચૌધરી

થોડુંક મુંબઈમાં

પૂ. મોટાભાઈ અને અમારા કુટુંબનો નાતો ઘણાં વરસો જૂનો. મુંબઈમાં અમે રામવાડીમાં રહેતા અને એમનું રહેઠાણ ને દવાખાનું ગાયવાડીમાં હતું. એ વખતે એટલે કે ૧૯૪૭માં એમની પાસે મોટર, દવાખાનું અને મહિને દહાડે ૬ થી ૭ હજારની આવક હતી, એવું જાણ્યું છે.

હું સમજણો થયો ત્યારે તો એ મુંબઈ છોડી વડનગર જતા રહ્યા હતા. પણ વડનગરથી આવતા-જતા ઘણા લોકો અમારે ત્યાં ઊતરતા. મારા બાપુજી, કાકા, માસા વગેરે વડનગરના કામની આર્થિક વ્યવસ્થા ગોઠવવામાં મદદરૂપ થતા. એટલે વડનગર નાગરિક મંડળના ઘણા કાર્યકરોનો સંપર્ક થતો. મોટાભાઈ મુંબઈ આવે ત્યારે અચૂક અમારે ત્યાં આવતા. મારી બા કહેતાં, ''સાચે જ સેવાભાવી. અહીં હતા, ત્યારે આપણા ઘરમાં પણ ગંદકી જોતા, તો કોઈ પણ જાતની શરમ વિના જાતે સાફ કરી નાખતા.''

કાળનો પ્રવાહ વહેતો ગયો, અને પછી એમનું ગળાડૂબ ભૂદાન પ્રવૃત્તિમાં અને પ્રવાસમાં રહેવું, એટલે ત્યારે સંપર્ક સામાન્ય રહેતો. પછી ૧૯૬૮-૬૯માં મિહિરનું M.D. માટે મુંબઈમાં આવવું અને હેમુ સાથે મળવું. હેમુ મારી ફોઈની દીકરી બહેન થાય. બંનેએ જીવવું તો સાથે જ જીવવું, એવો નિર્ણય લઈ લીધો. બંને પાત્રો મજાનાં ને એકબીજાને પૂરક. પણ મારાં ફોઈ રૂઢિચુસ્ત વૈષ્ણવ. એ પરજ્ઞાતિમાં હેમુનાં લગ્ન ન કરવાની હઠ પકડીને બેઠાં, અને બે-ત્રણ વરસ સુધી ટસનાં મસ ન થયાં. અહીં હેમુ અને મિહિર પણ મક્કમ. એક દિવસ રતનબહેને મારા બાપુજીને કહ્યું, ''તમારાં બહેન ન માનતાં હોય તો તમે જવાબદારી લઈને આ પ્રસંગ પાર ના પાડી શકો ?'' આની અસર થઈ. આમ તો મારી મોટીબહેનને અમારી જ જ્ઞાતિમાં પ્રેમલગ્ન કરવાં હતાં. પણ ત્યારે બાપુજીની ચોખ્ખી

ના. અને છેવટે મોટીબહેનનાં આર્યસમાજની વિધિથી લગ્ન પાર પડ્યાં, ત્યારે બાપુજી તેમાં ઘરાર હાજર નહોતા રહેલા. પરંતુ રતનબહેન-મોટાભાઈનું પુણ્ય કામ કરી ગયું અને બાપુજીએ પોતાની બહેનની મરજી વિરુદ્ધ બધી જવાબદારી પોતે લઈ હેમુ-મિહિરનાં લગ્ન કરાવી આપ્યાં ! મારાં ફોઈ લગ્નને દિવસે જ મુંબઈ છોડી મીરજ જતાં રહેલાં.

પછી અવારનવાર વડનગર-વિસનગર જવાનું થતું, ત્યારે પૂ. મોટાભાઈનો સહવાસ મળતો. એમની વાતોમાં હમેશાં સત્ય-પ્રેમ-કરુણાની જ વાતો હોય અને ગ્રામ-વિકાસ અંગેનું જ ચિંતન હોય.

મારો એમની સાથેનો વ્યક્તિગત સંપર્ક વધ્યો ૧૯૯૪ની આસપાસ. ૧૯૯૧ થી એમણે વડનગરમાં 'ગ્રામસ્વરાજ મંડળ' બનાવેલું. તેની મારફત વડનગર અને આજુબાજુનાં ગામડાંઓના ૧૦૦ જેટલા ગરીબ, વૃદ્ધ ને અપંગોને આર્થિક સહાય, અનાજની સહાય તથા ખાદીકામ અને ગૃહ-ઉદ્યોગ, વગેરે કામો થતાં. એ વખતે એક યુવાન રાજુભાઈ એમને આ કામોમાં બહુ મદદરૂપ થતો. તેને સંજોગાધીન મુંબઈ આવવાનું થયું, અને વડનગરમાં ચાલતી પ્રવૃત્તિઓ થોડી મંદ પડી. આર્થિક સંકડામણ પણ ઊભી થઈ.

એક દિવસ મોટાભાઈનો સહજ પત્ર આવ્યો. તેમાં વડનગરના કામ માટે આર્થિક સહાય કરવાની વાત લખેલી. આ પત્ર વ્યક્તિગત મારા ઉપર હતો, પણ હું સમજ્યો જુદું. મેં મારા બે-ત્રણ મિત્રોને વાત કરી અને એક અપીલનો પત્ર તૈયાર કરીને અમારા બધાના પરિચિતજનોને મોકલ્યો. તેમાં મોટાભાઈનો થોડો પરિચય તથા એમની પ્રવૃત્તિઓ વિશે જણાવેલું. આનો ૧૦૦ ટકા પ્રતિભાવ મળ્યો. મોટાભાઈનું કામ જ બોલતું હતું. અમારો ઉત્સાહ વધ્યો.

અમને થયું, વડનગરના કામ માટે આપણે મુંબઈમાં રહ્યાં-રહ્યાં પણ આટલું તો કરી શકીએ. અમે એક આવેદનપત્ર તૈયાર કર્યો. તેનો ડ્રાફ્ટ પહેલાં જોવા મોકલ્યો. અમે લખેલા આંકડાઓમાં કંઈક આઘુંપાછું હતું. તુરત મોટાભાઈએ જણાવ્યું કે આંકડા ચોક્કસ ને સત્ય-આધારિત જ હોવા જોઈએ. અમને એક બોધપાઠ મળ્યો.

અમે આવેદનપત્ર છપાવીને જરીક બહોળા વર્તુળમાં મોકલ્યો. આવી રીતે ખોજ ટ્રસ્ટમાં કામ કરતા અમારા એક પરિચિત મિત્રનેય આપેલો. તો થોડા દિવસ પછી એમનો ફોન આવ્યો કે રૂ. ૬૦ હજારનો ચેક છે, તે કોના નામે મોકલું ? અમે તો ત્યારે રોજના બે રૂપિયા લેખે વરસના રૂ. ૭૫૦ જેવું સામાન્યપણે લેતા. પરંતુ આ તો વરસના રૂ. ૬૦૦ લેખે ૧૦૦ કુટુંબો માટે રૂ. ૬૦ હજાર આપવા તૈયાર થયા ! આમ, અમને બહુ જ સારો પ્રતિસાદ મળ્યો. બીજે વરસે પણ એવું જ થયું. કોઈને કાંઈ કહેવું ન પડ્યું. લગભગ બેએક લાખ રૂપિયાની રકમ મળી. આ બધું અમને નહીં, મોટાભાઈને અને એમની ઉમદા પ્રવૃત્તિને મળ્યું હતું. ત્યારે નામનો મહિમા શું નથી કરી શકતો, તેનો અહેસાસ અમને થયો. જ્યારે વાર્ષિક જરૂરિયાત કરતાં વધારે ફંડ થયું ત્યારે મોટાભાઈએ અમને જણાવ્યું કે હમણાં પૈસા છે, વધારે ઊઘરાવતા નહીં. આ પણ અમારા માટે એક બોધપાઠ હતો.

લોકોમાં સારી ભાવના પડેલી છે, તે વિશે અમને વિશ્વાસ બેઠો. આપણો લોકો સાથેનો સંપર્ક ચાલુ રહેવો જોઈએ. આ દૃષ્ટિએ અમે એક નાની માસિક પત્રિકા શરૂ કરી. તેમાં પહેલા પાને મોટાભાઈનો પત્ર રહેતો. તેમાં મોટાભાઈ ગાંધી-વિનોબાના વિચારો લખી મોકલતા. પત્રિકા લોકોને પસંદ પડી. જો કે મુંબઈના વ્યસ્ત જીવનમાં આ પત્રિકા અમે વરસેકથી વધારે નહોતા ચલાવી શક્યા. આ પત્રિકાના હિસાબ-કિતાબ, અહેવાલ વગેરેમાં પેલો આંકડા અંગેની ચીવટનો બોધપાઠ અમને બહુ ઉપયોગી થયો.

મોટાભાઈ મુંબઈ આવતા ત્યારે અમે એમનો લાભ લેતા. એક વાર અમારા નવજવાન મંડળના મિત્રોનું મિલન એમની સાથે ગોઠવેલું. એવી જ રીતે કાંદિવલીમાં અભ્યાસ વર્તુળની શરૂઆત પણ અમે સહુ મિત્રોએ એમની હાજરી સાથે કરેલી.

મોટાભાઈની ચીવટનો એક પ્રસંગ યાદ આવે છે. એ મુંબઈ આવેલા. એક લગ્નમાં વરરાજાને વિનોબાનું 'ગીતા પ્રવચનો' અને ગાંધીજીનું 'નિત્ય મનન' એ બે પુસ્તકો પહોંચાડવા મને કહેલું. મેં પહોંચાડ્યાં. આઠેક દિવસે વડનગરથી રૂ. ૧૫નો મનીઑર્ડર આવ્યો. તેમાં નોંધ હતી —''પુસ્તકો પહોંચાડ્યાં, તેના પૈસા મોકલું છું. પણ ખોટું લગાડતો નહીં.'' આ 'ખોટું લગાડતો નહીં' એ વાક્યે મને થોડીક રાહત આપી.

પછી તો બહેન હેમુની જીવલેણ કૅન્સરની બીમારી અને આખરે અકાળ મૃત્યુ. આ દરમ્યાન મોટાભાઈને ઘણા નજીકથી જોવાનું થયું. એમની મુદ્રામાં ક્યારેય ફરક પડ્યો નથી. ફક્ત હેમુના દેહવિલય વખતે એક ટીપું આંસુ પાડતાં હું એમને જોઈ ગયેલો.

જ્યારે સહકુટુંબ વિસનગર જવાનું થાય ત્યારે બાળકોને ખાસ એમની પાસે લઈ જઉં. એમને પ્રતીતિ કરાવવા કે જે ગાંધીને જોયા નથી એ કેવા હશે !

અને છેલ્લે ક્યાંક વાંચેલું —

ત્યાગના બિંદુની સામે રાગનો સિંધુ ના ટકે
જીવવાની જડીબુટ્ટી અનાસક્તિ થકી મળે
સમતા અને સંવાદવાળું આચરણ જેનું રહ્યું
તે સ્થાન પામે વિશ્વમાં નક્કી મહામાનવ તણું.

○ સુરેશ મણિયાર

(ફોટો : અશ્વિન મહેતા)

એક ઉત્તમ મિત્ર જેવા

દાદા મને ખૂબ ગમે. હમેશાં વહાલ કર્યા કરે. કોઈ દિવસ વઢે નહીં. હું નાની હતી ત્યારે મારી ભગવાન પાસે એવી જીદ હતી કે મને મારા દાદા જેવી નીલી આંખો મળે. હું નાની હતી ત્યારે દાદા મને 'ગટુજી' કહી બોલાવતા. કહે, ''ગટુજી આવ્યા.... ગટુજી આવ્યા !' મને તેડી લેતા. પણ પછી થોડી મોટી થઈ ત્યારે મને થતું, હું કાંઈ હવે નાની થોડી છું કે હજી મને ગટુજી કહી બોલાવે છે !

દાદામાં ગુણોનો ખજાનો છે. પણ તેનું વિશ્લેષણ કરવાની મને સમજ નથી પડતી. દાદા સંસ્કારોનું સિંચન પોતાની આગવી રીતે કરતા. એક વાર નિશાળમાં હું જુઠ્ઠું બોલી. ઘરે બધાંને તેની ખબર પડી. તે દિવસ મમ્મી રડી અને દાદા જમ્યા નહીં. ત્યારથી મારા મનમાં પાક્કું બેસી ગયું કે જુઠ્ઠું બોલાય નહીં. દાદા વાર્તા કહીનેય સંસ્કાર આપતા.

દાદા મને બહુ વહાલા લાગે છે. એમણે પોતાના વિચારો મારી ઉપર કદી લાદ્યા નથી, કદી કોઈ બાબત બળજબરી કરી નથી. દાદાને ગમે ખરું કે અમે ખાદીનાં જ કપડાં પહેરીએ. તેમ છતાં અમે ખાદીને બદલે મિલનાં કપડાં પહેરીએ, તો દાદા કહે નહીં કે કેમ મિલનાં કપડાં પહેર્યાં ? પણ દાદાને તો ખાદીનાં કપડાં જ ગમે છે, તેની મને ખબર છે. એટલે ખાદીનાં કપડાં પણ પહેરું છું. દાદા અમારા ઉપર કશું લાદતા નહીં કે બસ, આ રીતે જ જીવો.

મને દાદા-દાદી વચ્ચે થતા મીઠા ઝઘડા બહુ ગમતા. દાદા પોતાની દિનચર્યામાં મસ્ત હોય. દાદી કીધા કરે કે નહાવા જાવ, પણ દાદા સાંભળે નહીં, પોતાનું જે કરતા હોય તે કર્યા કરે. અને ત્યારે બંને વચ્ચે યુદ્ધ ફાટી નીકળે ! તે જોવાની અમને બહુ જ મજા પડે.

દાદા પદયાત્રા કરતા, ત્યારે વેકેશનમાં હું પણ જોડાતી. ત્યારે દાદાએ મને ચાલતાં-ચાલતાં

મારા દાદા ગણેશ ચતુર્થીને દિવસે અમારા ઘરમાં ગણપતિની મૂર્તિની સ્થાપના કરતા. ગણેશજીની મૂર્તિ દાદા અમારી બાળકોની મદદથી જાતે બનાવતા. અમારી પાસે ચંદન ઘસાવતા અને તેની મૂર્તિ બનાવતા. તેની પ્રતિષ્ઠાપના થતી, રોજ પૂજા-આરતી થતી. દસ દિવસ સુધી ઘરમાં ઉત્સવનું વાતાવરણ રહેતું.

પરંતુ પછી દસમે દિવસે તે મૂર્તિનું વિસર્જન થતું, મૂર્તિ પાણીમાં ડુબાડી દેવામાં આવતી. આટલો પરિશ્રમ કરીને જે મૂર્તિ બનાવી, દસ દિવસ સુધી જેની પૂજા-અર્ચના કરી, તેને ડુબાડી દેવાની ! —અને તે પણ ઉત્સવ ઊજવીને. આથી અમને બાળકોને બહુ દુઃખ થતું.

પાછળથી સમજમાં આવ્યું કે આમ કરવા પાછળ એક હેતુ છે. હિંદુ ધર્મમાં મૂર્તિપૂજાની સાથોસાથ મૂર્તિ-ગૌણતાનીયે યુક્તિ સમજાવી છે. મૂર્તિ-ભંજન નથી કરવાનું, પણ સાદર મૂર્તિ-વિસર્જન કરવાનું છે. આવાહન-વિસર્જનની આ બેવડી ક્રિયા બહુ જ સુંદર છે. જેનું સર્જન કર્યું, તેનું જ વિસર્જન કરવાની શક્તિ, એટલે કે અનાસક્તિ આપણામાં આવવી જોઈએ.

૦ વિનોબા ૦

'વિષ્ણુસહસ્રનામ' શીખવાડેલું. 'ઈશાવાસ્ય ઉપનિષદ'ના અમુક શ્લોકો મને સમજાતા નહોતા, ત્યારે તે પણ મને સરસ રીતે સમજાવેલા.

દાદાનું જીવન બહુ નિયમિત. દિનચર્યા બનાવે અને તે મુજબ જ બધું કરે. દાદાએ જીવનમાં કદી બચત કરવાનો વિચાર કર્યો નથી. બસ, ઈશ્વર-આધીન જીવન જીવ્યા છે. દાદા ખેતીકામ કરે, ગાયની સેવા કરે અને અમને પણ સાથે રાખે, જેથી અમે પણ શીખીએ. દાદીને ક્યારેક બહાર જવું હોય તો દાદાનો જમવાનો બંદોબસ્ત કરીને જાય. પણ દાદાને ઘણી વાર થાય કે લાવ, હું કંઈક બનાવું. આવી રીતે એક વાર કઢી બનાવી — ચણાના લોટને બદલે ઘઉંના લોટની ! કેવી મજ્જા !

જો કે મારી એક મૂંઝવણ છે. દાદાએ આખું જીવન સર્વોદયને સમર્પિત કર્યું. બસ, ગાંધી-વિચાર પ્રમાણે જીવ્યા. મને ક્યારેક થાય કે બસ, ગાંધી-વિનોબાજી પાછળ જ કેમ પડ્યા છો ? તમને તો ભગવાનમાં આટલી શ્રદ્ધા છે. કહે છે કે ભગવાનની મરજી વગર પાંદડું પણ હાલતું નથી. તો આવી દોડધામ શાને ? સમાજને સુધારી નાખનારા આપણે કોણ ? ભગવાનની યોજના મુજબ થવાનું હોય ત્યારે થાય જ છે. ઉત્ક્રાંતિ અહર્નિશ ચાલ્યા જ કરે છે. મને નથી લાગતું કે સમાજ-સુધારણા માટે કોઈ ઉદ્ધારક કે કોઈ વિચાર-સરણી પાછળ પડવું જોઈએ. ઘણી વાર મને એમ પણ થાય કે ગાંધી-વિનોબા સિવાય પણ જીવન છે કે નહીં ?

હું મારી જ વાત કરું. વચ્ચે હું ઘણી અસ્વસ્થ થઈ ગઈ. તે વખતે મને એવું લાગતું કે આખી દુનિયાનો ભાર મારા માથા ઉપર છે અને દુનિયા હું ચલાવું છું. ત્યારે દાદાએ મારી બહુ જ સંભાળ લીધેલી. ત્યારે દાદાએ મને સમજાવ્યું કે 'હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે !' ગાડા નીચે કૂતરું ચાલે. તેને એમ લાગે કે ગાડાનો ભાર મારી ઉપર છે, હું જ આ ગાડું ચલાવું છું ! વાસ્તવમાં, ગાડું તો બળદ હાંકે છે. આ દિવસોમાં દાદા સાથે મારી ખૂબ ચર્ચા થઈ હતી. દાદા લગભગ આખો વખત મારી સાથે જ રહ્યા હતા. કેટકેટલું એમણે ત્યારે મને સમજાવેલું ! દાદા ખૂબ સરળ છે. એમને આપણા મનની બધી જ વાતો કહી શકાય. એક ઉત્તમ મિત્ર જેવા છે.

મારી મમ્મી સ્વર્ગે સિધાવી, ત્યારે દાદાને મેં રડતા જોયેલા. દાદા બહુ લાગણીવાળા છે. ઘરમાં જો કોઈ માંદું પડે, તો તેની સેવા કરવા દાદા ખડે પગે હાજર જ હોય. હું કહી શકું કે દાદાએ ઘરના ભોગે સમાજસેવા કરી નથી. મને મારી મમ્મી માટે પણ આદર ને ગર્વ છે. મમ્મી દાદા-દાદીની બહુ સેવા કરતી. તે જોઈ હું શીખી છું કે આવી રીતે હંમેશાં આપણે મોટાની સેવા કરવી જોઈએ.

આજે અમને બધે દાદાને કારણે માન મળે છે. હું ચોક્કસ માનું છું કે અમે આજે સુખી છીએ, કેમ કે દાદા-દાદીએ આખી જિંદગી લોકોની સેવા કરી છે, તેના આશીર્વાદ રૂપે અમે સુખી છીએ. લોકો કહે છે, આ દાદાની દીકરી છે. દાદાનો વારસો મળ્યો છે, તેનો અવશ્ય મને ગર્વ છે. તેમ છતાં દાદા-દાદી જીવ્યાં એવું જીવવાની તાકાત મારામાં જરાય નથી. ખરું કહું તો, દાદા જેવું જીવવાની હિંમતેય નથી.

o ધેનુબહેન

મારા દાદા : થોડું ખાટું-મીઠું !

મને કહેવામાં આવ્યું છે કે દાદા માટે તું પણ કાંઈક લખ. પણ બધાની જેમ માત્ર ગળ્યું ગળ્યું નહીં કાંઈક અલગ લખ. માટે હું અહીં મારાથી બને એટલું ખાટુંમીઠું લખીશ.

મારા બચપણમાં હું દાદાની સૌથી નજીક રહ્યો છું. કારણ કે જ્યારે હું વડનગર રજામાં જાઉં એટલે દરેક બાબતોમાં દાદાનું અનુકરણ કરવાનું. અને દાદાને પણ ગટુજી તેમની સાથે રહે એમાં મજા આવે. તેમણે મને કામ કરવાની મજા આવે તે માટે ખેતીકામથી માંડીને કચરો વાળવા, છોડને પાણી પીવડાવવા માટેનાં નાનાં સાધનો વસાવી રાખ્યાં હતાં. માટે ગટુજી સવારથી દાદા જોડે ટી.બી. હોસ્પિટલમાં જુદાં જુદાં કામ કરે.

અરે, દાઢીથી માંડીને નહાવા સુધી પણ દાદાનું અનુકરણ કરે.

બપોર થાય પછી ગટુજીનો પક્ષપલટો થાય. કારણ કે બપોરે જમ્યા પછી દાદા વાંચન કરવા બેસે અને મને પણ ભણવા બેસાડે. ત્યારે હું પાણી પીવાના બહાને રસોડામાં જઉં અને ત્યાંથી પાછળથી બહાર. દાદાને પણ ખબર હોય, એટલે એ પણ પછી સૂઈ જાય. પણ સાંજે ઘરે આવતા પાછી બીક લાગતી હોય. એટલે ગભરાતાં-ગભરાતાં ઘરમાં આવું. ત્યારે જાણે કશું બન્યું જ ના હોય તેમ દાદા કહે, ''કેમ, ગટુજી આવી ગયા ?'' પણ દાદાના આટલા સવાલથી પણ હું ગભરાતો.

પછી તો રાત્રીભોજન થાય અને પછી પ્રાર્થના. તેમાં પણ હું તો 'ૐ તત્સત્'થી જ ગાવાનું ચાલુ કરું. જ્યારે દાદા પૂછે કે આમ કેમ ? તો કહું કે 'ૐ તત્સત્'એ અમારી બાળકોની પ્રાર્થના છે, જ્યારે 'યં બ્રહ્મા' એ તમારી મોટાઓની પ્રાર્થના છે. આના માટે કોઈ કારણ નહીં, પણ બસ, આવી મારી માન્યતા ! પછી દરરોજ દાદા મને એવું નથી એમ સમજાવે, પણ સરવાળે બીજા દિવસે પણ એવું ને એવું ! ઘણા વખત પછી હું પૂરી પ્રાર્થના કરવા લાગ્યો. પણ દાદા દરરોજ મને જરાય અકળાયા વગર સમજાવે.

તેવું જ પ્રાર્થના પછીના 'ગીતા પ્રવચનો'ના પઠન વખતે થતું. દાદા દરરોજ એક પાનું મારી પાસે વંચાવે. પણ મને બધામાં ખાલી અધ્યાય ૯ માંની પેલી કૃષ્ણાર્પણવાળી બહેનની વાર્તા વાંચવી જ બહુ ગમે. માટે હું હંમેશ તે જ પાનું કાઢું અને વાંચું. બધાં મને કહે કે ક્યારેક તો નવું વાંચ. પણ દાદા જરાય અકળાયા વગર મને દર વખતે તેનો અર્થ સમજાવે. આનાથી મને બીજો કોઈ ફાયદો થયો કે નહીં તેની મને ખબર નથી, બધું કૃષ્ણાર્પણ કરવું તેમ પણ નથી સ્વીકાર્યું, પણ એટલું સ્વીકાર્યું છે કે તે જે કરશે તે સારું કરશે.

આ હતું મારું દાદા સાથેનું બચપણ. પણ હું જેવો થોડો મોટો થયો તેવો દાદા અને મારી ઉંમર વચ્ચેનું અંતર મને દાદાથી થોડું દૂર લઈ ગયું. કારણ કે પહેલાં તો દાદા કહે તે જ ખરું, પણ હવે હું પોતે પણ મારા વિચારો ધરાવતો થયો હતો, જે આજના જમાનાના હતા. છતાં તેમના માટેનું માન-સન્માન હજી પણ યથાવત્ છે. હવે હું તેમનું અનુકરણ નથી કરતો, પણ જાણું છું કે તે ખોટા નથી.

પરંતુ ઘણી વાર તેમને મારું વર્તન ન ગમે. અને આ જ કારણથી કુટુંબમાં હું જ એક એવો છું કે જેણે દાદાનો ગુસ્સો પણ સહન કર્યો છે. થયું એવું કે મને ટીવી જોવાની બહુ આદત, જે દાદાને બિલકુલ ગમે નહીં. માટે તેમણે મને તે દિવસે સાંજે સમજાવ્યું અને હું માની પણ ગયો. અને મારો ઈરાદો પણ નહોતો, રાત્રે ટીવી ચાલુ કરવાનો. પણ એ જ દિવસે મારા ભીયા (પપ્પા)ને એક મૂવી જોવાની ઇચ્છા થઈ અને તેમણે મને ટીવી ખોલવા કહ્યું. હવે, મેં તેમને પણ દાદાની વાત કરી. પણ તેમને પરિસ્થિતિની ગંભીરતાની ખબર નહીં. તેથી તેમણે મને ચાલુ કરવાનું કહ્યું. હવે, મેં ચાલુ કરતાં તો કરી દીધું, પણ હજી હું પોતે બીજા રૂમમાં જઉં તે પહેલાં તો દાદાનો ભારે ગુસ્સો મારા પર ત્રાટકી ચૂક્યો હતો ! મને એ વાતનો ગુસ્સો હતો કે મારી તો ઇચ્છા ન હતી. આ જોઈતું હતું બીજાને અને ગુસ્સો મારા પર કેમ ? પણ તેમને તો કાંઈ કહેવાય નહીં. મેં થાય તેટલો ગુસ્સો પપ્પા ઉપર કાઢ્યો. બે દિવસ સુધી દાદા સાથે બોલ્યો નહીં. પણ થાય શું ? છેવટે મારે જ સમજીને હથિયાર હેઠાં મૂકવાં પડ્યાં.

જો કે હું એટલું કહું કે આટલા અંતર છતાં જ્યારે ગટુજી માંદા પડ્યા હોય, કે હું જ્યારે મુંબઈ અને બેંગલોર ભણતો હતો, ત્યારે મારો ફોન ના આવે, તો તેઓ પાછા એ જ દાદાના રોલમાં પાછા આવી જતા. મારી પાસે આવીને આખો દિવસ મારી પાસે બેસે અને હાથ ફેરવે કે પછી ભીયા પાસે મને મારી હોસ્ટેલે ફોન કરાવડાવે.

આટલા પછી છેલ્લે હું એટલું જ કહીશ કે મારા દાદા એટલે બસ, મારા દાદા ! તેમના જેવો રૂઆબ, નામ બીજાનું ભાગ્યે જ જોવા મળે. અને મને જે રસ્તામાં મળે તે એમ જ કહે કે ''તારે તારા દાદા જેવા થવાનું છે.'' ત્યારે મને બીક લાગે. અને સામેવાળાને કહેવાની ઇચ્છા થાય કે ભાઈ, આ મારા દાદુ છે...

૦ વિતાન જોષી

નવી પેઢી જે હોય છે, તે આપણા ખભા પર બેઠી હોય છે. બાળકો પિતાના ખભા પર બેઠા હોય છે, તેથી પિતા જેટલું દૂર જોઈ શકે છે, તેના કરતાં તેનાં બાળકો વધુ દૂરનું જોઈ શકે છે.

જો કે મારી આ વાત સાંભળીને મારા એક મિત્ર ગોપાલરાવ એક વાર બોલ્યા, "વિનોબા, તમારી વાત તો સાચી છે, ઘણી સારી ઉપમા તમે દીધી. પરંતુ એ જે તરુણ પિતાના ખભા ઉપર બેઠો છે, તે જો આંધળો હોય તો શું જોવાનો ? માટે એ વધુ દૂરનું જોશે એ વાત સાચી, પણ શરત એટલી જ કે, તે આંધળો નહીં, આંખવાળો હોય." આ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે. તરુણ જો આંખવાળો હશે, તો જ તે વધુ દૂરનું જોઈ શકશે.

તરુણોમાં હોય છે જોશ, અને વૃદ્ધોમાં હોય છે હોશ. આપણને બંને જોઈએ છે, હોશ અને જોશ. એટલે તરુણો ને વૃદ્ધો બંને જોઈએ. વળી, હું તો કહીશ કે બંનેમાં હોશ ને જોશ બેઉ જોઈએ, ત્યારે કામ થાય છે.

તરુણોને હું કહું છું કે તમારામાં જે ઉત્સાહ છે, તે મને બહુ ગમે છે, તે મને બહુ પ્રિય છે; પરંતુ થોડોક સંયમ રાખો અને વૃદ્ધો પાસેથી તમારે જે લેવાનું છે, તે લઈને આગળ વધો. ભૂમિતિના સિદ્ધાંતોની ખોજ કરવા નીકળ્યા છો, તે સારી વાત છે; પરંતુ અત્યાર સુધીમાં યુક્લિડ વગેરે જે ખોજ કરી ચૂક્યા છે, તે બરાબર સમજી લો અને પછી તેનાથી આગળ વધો, તમારે જે કાંઈ નવા-નવા સિદ્ધાંતો શોધવા હોય તે શોધો. યુક્લિડ વગેરેની ખોજને સમજી લીધા વિના તમે ભૂમિતિની ખોજ કરવા જશો, તો તે ઠીક નહીં થાય. એટલે વૃદ્ધો પાસેથી જે લેવાનું છે, તે પહેલાં લો અને પછી તેને આગળ વધારો.

૦ વિનોબા ૦

આનાથી અમને કેટકેટલું મળ્યું છે !

આખરાની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે ?

એકલતાથી હિજરાતી પશ્ચિમની પ્રજા અને હુતો-હુતીના લપસણા માર્ગે સરકતા ભારતીય સમાજને બૃહદ્ પારિવારિકતાના સુખસાગરનો ખ્યાલ ક્યાંથી આવે ? પ્રેમ પારાવારામાં માનવતા કેવી મહોરે છે, વિવિધતામાં વિકાસ કેવો કોળે છે અને સંયુક્ત કુટુંબમાં કેટકેટલા સંસ્કારોનું સંવર્ધન થાય છે, એ તો 'માંહી પડ્યા તે મહાસુખ માણે' જેવી વાત છે. હરિનો મારગ છે. આ વાતનો અનુભવ કરવાનો જે યત્કિંચિત્ લાભ અમારા વિશાળ પરિવારને મળી રહ્યો છે, તે જણાવતાં આનંદ થાય છે.

મારા દાદા પૂજ્ય ડાહ્યાલાલ બાલમુકુન્દ જોષીએ પરિવારમિલનનો પુનિત વિચાર મારા પરમ પૂજ્ય પિતા ડૉ. દ્વારકાદાસ જોષીને આપ્યો. પિતાજીએ સ્નેહ-સાતત્યથી તે સાકાર કર્યો. દાદી દેવ થયાં ત્યારે દાદાના સાન્નિધ્યમાં સૌ મળ્યાં. નક્કી થયું કે છ ભાઈ અને એક બહેન, બધાંના પરિવારો દર વરસે પાંચેક દિવસ મળે. તે સારુ દાદાએ આર્થિક જોગવાઈ પણ કરી દીધી. દોઢ લાખ રૂપિયા એ ખાતે અલગ મૂકી દીધા. વ્યાજમાં ચાલે. હમણાં વ્યાજ ઘટ્યાં છે. અમે બધાએ મળીને ત્રણ લાખ કરી દીધા છે.

સને ૧૯૭૦ના દિવાળી વેકેશનમાં પ્રથમ મિલનનું આયોજન થયું, જે સતત ચાલતું જ રહ્યું. છેલ્લું ૩૪મું મિલન મા અંબાના ગબ્બરથી આઠ કિલોમીટરના અંતરે એકાન્ત આશ્રમશાળામાં મળેલું. ચાલુ વરસે ૩૫મું પરિવારમિલન બનાસકાંઠાના પાટણ મુકામે મળશે. બંને શુભસ્થળ સ્નેહીશ્રી હરિસિંહ ચાવડાની શિક્ષણસંસ્થાઓ.

સંમેલનના સ્થળની પસંદગી સૌંદર્ય અને શાન્તિયુક્ત રહે છે. નદી, સરોવર કે દરિયાદેવનું પ્રકૃતિધામ પહેલી પસંદગી પામે છે. મંદિર, ધર્મશાળા

કે શિક્ષણસંકુલ વધુ અનુકૂળ આવે છે. જગતની ઝંઝટથી દૂર એકાન્તનો આનંદ લેવાનું કોને ના ગમે ?

છતાં 'આવું જ સ્થળ જોઈએ' એવો આગ્રહ કોઈનો નહિ. એક વખત દમણગંગા કિનારે જ્યાં સ્મશાન હતું, ત્યાં મંદિર પાસે ઊતરેલા. ડાઘુઓ આવે અને જાય. સૌને સહજ સેલ્વાસના જંગલમાં અંતરિયાળ ભાગમાં પણ મિલન થયું છે. ગેસ કે વીજળી નહીં ! ચૂલો સળગાવવો કેમ ? મુસીબતોની મોજ પણ કાંઈ ઓર હોય છે. રસોઈના મુખ્ય ભાર માટે રસોયો લઈ જઈએ છીએ, પણ ઘણી બધી બાબતોમાં સ્વાવલંબનનો લહાવો લઈએ છીએ. જુદાં જુદાં કામની ટુકડીઓ પડી જાય અને કામ ઉપાડી લે. સામાન ઉપાડવા, કચરો વાળવા, પાણી ભરવા, શાક સમારવા, વાનગી પીરસવા, પતરાળાં ઉઠાવવા અને વાસણ માંજવા અમારા જુવાનિયા સદા તત્પર.

વખતના વહેણની સાથે પરિવારની સંવૃદ્ધિ થતી રહી છે. પિતાજી ૧૯૧૭માં જન્મેલા. આજે અઠ્ઠાશી વર્ષના છે. ચાર પેઢીનાં આબાલવૃદ્ધ મળી ૧૧૬ની સંખ્યા થાય છે. ૨૦ જણાં પરદેશ રહે છે. બીજાં મુંબઈ, મદ્રાસ વગેરે સ્થળે. દેશ કે દુનિયાના કોઈ પણ ખૂણે હોય, પરિવારમિલનમાં સહભાગી થવાની સૌને ઝંખના. ૨૦૦૪ના સેંબલપાણી-સંમેલનમાં ૮૦ પરિવારજનો હતા તો ૪૦ જેટલા સ્નેહીઓ, સર્વોદયમિત્રો અને તેમનાં પરિવારજનો હતાં.

આ મિલન સર્વથા વિશેષ રહ્યું. જેમની છત્રછાયામાં બૃહદ્ પરિવાર સંસ્કારસમૃદ્ધ, સ્નેહસભર અને પરસ્પર પૂરક-પોષક રહ્યો તે પૂજ્ય મોટાભાઈ અને પૂ. નનનનું પરિવાર તરફથી બહુમાન હતું. સૌ સભ્યો થનગની રહ્યા હતા. પ્રાર્થના-પ્રવચન, ગીત-ભજન, બાલટૂચકા-જોકસ, પુષ્પો-રંગોળીની રંગપૂરણી, નૃત્ય-સંગીત, સંસ્કાર-સાહિત્યની જાણે હોડ ચાલી રહી હતી.

ચાણસ્માથી સ્વ. પૂજ્ય ચીમનકાકાનાં પરિવારજનો, છેક વેરાવળવાળા જગુભાઈ શાહનો પરિવાર, પાટણથી જિલ્લા સર્વોદય મંડળના સંયોજક શ્રી કનુભાઈ રાવલ, વડનગરથી કૉલેજના નિવૃત્ત પ્રાચાર્ય શ્રી પ્રતાપભાઈ સોલંકી, માણસા-માણેકપુરથી શ્રી મોટા ઘેમરભાઈ, ગ્રામભારતીના શ્રી ઈશ્વરભાઈ વગેરે તો હાજર હતા જ. આવા પ્રસંગે ગમે તેમ કરી આવી પહોંચવા અધીરા શ્રી હરિસિંહ ચાવડા અને બેન પુષ્પાબહેન સીધાં દિલ્હીથી મોકાસર આવી પહોંચ્યાં ! યુવા આલમનાં માનીતાં શ્રી સંજય-તુલા, મોટાભાઈના ભક્ત એવા કડી સંકુલના શ્રી મનુભાઈ પટેલ અને અનન્ય આત્મીય અંતેવાસી વડનગરના વસંતભાઈ પરીખ જેવા ઘણા રહી ગયેલા !

મા. હરિસિંહને પ્રમુખ બનાવ્યા. મધુરી પ્રાર્થનાની પાર્શ્વભૂમિ પછી ફૂલહાર અને સૂતરની આંટીઓથી પૂ. મોટાભાઈને, પૂ. નનનને અને પ્રમુખશ્રીને વધાવ્યા. મોટાભાઈનાં નાનાંમોટાં સૌ પરિવારજનોએ મોટાભાઈ માટેનો પ્રેમાદર ભરપેટ પ્રકટ કર્યો. પ્રતાપભાઈ સોલંકીએ સાહિત્યિક ગુણાનુવાદથી સૌને પ્રભાવિત કર્યાં. મોટા ઘેમરભાઈએ તળપદી ભાષામાં મોટાભાઈને સપ્રેમ વખાણ્યા અને સપ્રેમ વખોડ્યા ! સ્નેહસેવા માટે ખૂબ બિરદાવ્યા અને જનકપુત્રી સીતાસમાં ગર્ભશ્રીમંત રતનબેનને સર્વોદયવનનાં દુઃખ દેવા માટે ઉપાલંભ આપ્યો. સાથે જ આવા પુનિત દંપતીનો અભિવંદના ગ્રંથ આજ સુધી બહાર નહિ પાડવા બદલ સૌને ઠપકાર્યા. તે સાથે ગ્રંથની નક્કર યોજના પણ સૂચવી. મોટાભાઈનાં કામ ઉપાડી લેવા ઈશ્વરભાઈ વગેરે સાથીઓને અનુરોધ કર્યો. હરિસિંહ જેવા પુરુષને હવે રાજકારણ છોડી સર્વોદય સાધવા અપીલ કરી. ઈશ્વરભાઈએ પોતાના પ્રતિભાવમાં જણાવ્યું કે આવા પરિવારો અને તેમનાં મિલનો એક બાજુ ભારતીય સમાજમાં પેઢીઓનાં અંતર generation gap પૂરી દે છે, તો બીજી તરફ પશ્ચિમી જગતને સ્નેહાસકત પારિવારિક સામાજિકતાનો જબરદસ્ત સંદેશ આપે છે.

પૂ. મોટાભાઈ અને પૂ. નનન તો વત્સલભાવે અને જલકમલવત્ નજરે, જાણે નાનાં ભૂલકાંની ઘરઘરની

રમત નીરખી રહ્યાં હતાં ! જાણે કહી રહ્યાં હતાં – 'આ બધું નાટક છે'. છતાં તેમણે સૌને સત્ત્વવૃત્તિ માટે સ્નેહથી બિરદાવ્યાં. વાત્સલ્યભાવે સન્માન સ્વીકાર્યું.

આદરણીય હરિસિંહ ચાવડાએ મોટાભાઈને વંદીને ધન્યતા અનુભવી. પોતાની સર્વોદય માટે પ્રતિબદ્ધ થવાની ભાવના વ્યક્ત કરી. પોતાને આંગણે આવા અવસરો અવારનવાર યોજવા આમંત્રણ આપ્યું.

આવાં પરિવારમિલનો અને વડીલોના પ્રેમ-ત્યાગપૂર્ણ વ્યવહારથી અમને કેટકેટલું મળ્યું છે ! પારિવારિક, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો મળ્યાં છે. વ્યક્તિગત ગુણવિકાસ સારા પ્રમાણમાં થયો છે. કુટુંબના કોઈ પણ સભ્યને કોઈ પણ પ્રકારની એબ લાગી નથી. પારિવારિક મિલનોનું આ બહુ મોટું યોગદાન છે. કુટુંબમાં વ્યક્તિ વ્યક્તિ વચ્ચે સ્નેહના તાંતણાનું અતૂટ બંધન છે. સામાજિક પ્રશ્નો અંગે મુક્ત ચિંતન થતું રહ્યું છે. તદનુસાર આચરણ કરવા સહજ છૂટ રહી છે. પરિણામે પરિવારમાં આંતરપ્રાંતીય તેમજ આંતરજ્ઞાતીય લગ્નો થયાં છે. તેમનાં સ્વસ્થ-પ્રસન્ન જીવન વહી રહ્યાં છે. પેઢી દર પેઢી વચ્ચેનું સંકલન સચવાઈ રહ્યું છે. પરિણામે આજે સમાજમાં જે પેઢીફેર generation gap ચર્ચાય છે તેનો અમારા પરિવારમાં કોઈ ભાવ ઊભો થવા પામ્યો નથી. પરિવાર વ્યસનોથી સર્વથા મુક્ત છે. Easy Moneyમાં રાતોરાત માલદાર થઈ જવામાં કોઈ નથી પડ્યું.

બધા જ ગુજરાતી માધ્યમમાં ભણ્યા છે. ડૉક્ટર-ઈજનેર પણ થયા છે. નરવા આંતરિક પ્રવાહો આગળ પ્રબળ બાહ્ય પ્રવાહોનું પણ ઘણું ઓછું ચાલ્યું છે. મૂંઝવણોમાં માર્ગ મળતા રહ્યા છે. વિદેશ છોડીને પણ પોતાના પરિવારનાં સુખશાન્તિ માટે દેશમાં ઠરીઠામ થવાનું બન્યું છે. વિશાળ ખુલ્લી દૃષ્ટિ સાંપડતી રહી છે. આવશ્યકતાનુસાર નેતૃત્વપરિવર્તન થતું રહ્યું છે. પહેલાં શ્રી જગન્નાથકાકા બધું આયોજન કરતા. ૧૦ વરસ મેં સંભાળ્યું. હવે મારા કાકાનો દીકરો સંભાળે છે. જીવનના પરોઢથી આજ સુધી પરિવાર-મિલનથી દીક્ષિત થતો આવ્યો છું. આજે પંચાવન વરસનો પુખ્ત છું.

મારી ટ્રસ્ટીશિપની નિષ્ઠા અને દૃષ્ટિ ખીલતી રહી છે. આંખની હોસ્પિટલ અને પ્રસૂતિગૃહ ટ્રસ્ટનાં છે, મારાં નથી. હું નિશ્ચિત વેતન લઉં છું. સાઈકલ પર જઉં છું. દરદી પાસે પંદરવીસ આંટા ફરું છું. તેમને બને તેટલી સસ્તી સેવા સુલભ કરવા મથું છું. સાઈકલ પર જતાં અને દવાખાનામાં ફરતાં ઘણા કહે છે – ''ભગવાનનો માણસ છે''. મને કદી પૈસાની ખેંચ પડી નથી. પત્રો આવે છે –''પૈસાની ચિંતા ના કરતા.''

આ બધી પરમ પૂજ્ય પિતાશ્રીની પ્રસાદી છે. પ્રભુની કૃપા છે.

૦ ડૉ. મિહિર જોષી

ડૉક્ટરસાહેબના પરિવાર-મિલનમાં

બેએક વરસ પહેલાં અંબાજી પાસે હરિસિંહ ચાવડાની સંસ્થા સેંબલપાણીમાં થયેલ ડૉક્ટર સાહેબના પરિવાર મિલનમાં જવાનું થયું. ડૉક્ટરસાહેબનો ઠેર ઠેર વસતો પરિવાર આ રીતે દર વરસે મળતો હોય છે. તેમાં દુબઈ, અમેરિકા અને બીજે રહેનારા સ[illegible] પણ નિયમિત આવે જ આવે. કિલકિલાટ ખિલખિલાટ કરતાં નાનાં બાળકો, મોટેરાં અને [illegible] તમામ આવે. કેટલાંક એવાં હોય જેમણે આંતરજ્ઞાતીય લગ્ન કરેલાં હોય. એ તમામ ભાંડુઓ ચારેક દિવસ સાથે રહે. બસ, બીજું કાંઈ નહીં, બધાં માત્ર સાથે રહે. ખાય-પીએ, હરેફરે, બંને વખતે પ્રાર્થના કરે, ગપશપ કરે. આ સિવાય બીજું કંઈ જ નહીં. મુક્તિ જ મુક્તિ. છતાં આમાંથી બીજું ઘણું બધું સહજ ભાવે કેળવાઈ જાય.

અમે થોડા મોડા રાતે પહોંચ્યા. બધાં સાથે જમ્યાં. પ્રાર્થનાનો વળગાડ ખરો જ. અને જ્યાં પ્રાર્થના શરૂ થઈ, ત્યાં તો ૐ તત્ સત્, મૈત્રીભાવનું પવિત્ર ઝરણું..... જાણે સર્વોદયના શિબિરમાં જ હોઈએ એમ

અનુભવ્યું. બધું સંચાલન મિહિરભાઈનું હતું. છેલ્લે થોડુંક મનોરંજન પણ રહેતું. ખૂબ હસ્યા અને હસાવ્યા.

આ વખતે ડૉક્ટર સાહેબનો પારિવારિક સત્કાર સમારંભ રાખેલો. એમના નાના ભાઈ અને નામે પણ નાનુભાઈએ ખાસ ગોઠવેલો. એમણે સન્માનપત્ર અર્પણ કર્યું. બધી જ નાની-મોટી બહેનો બોલી. બીજા પણ બોલ્યા. આ બધું પણ ડૉક્ટરસાહેબે ભાવપૂર્વક માણ્યું. ભાષણો થતાં હતાં, ત્યારે મેં એમને નાનુભાઈએ અર્પણ કરેલું સન્માન-પત્ર નિર્લેપભાવે વાંચતા જોયેલા.

બધાના આગ્રહે મેં પણ થોડુંક ભરડ્યું. તેમાંનું કેટલુંક ઈશ્વરભાઈને ગમી ગયું હશે એટલે તે અહીં લખી દેવાનો એમણે ખૂબ આગ્રહ કર્યો છે. એટલે થોડીક વાનગી પીરસું છું.

મેં કહ્યું કે મને દયા આવે છે, ડાહ્યાબાપા (ડૉક્ટરના બાપા), જોષીના વેવાઈ (રતનબહેનના પિતાશ્રી)ની. રતનબાગમાં (એમના પિતાએ એમના બાગનું નામ રતનબાગ રાખેલું) ઊછરેલી રતનને ઘણાં ઘણાં અરમાનો સાથે ડૉક્ટરસાહેબ સાથે પરણાવી. શરૂમાં તો મુંબઈની મોજ માણવા મુંબઈ પણ ગયેલી. ડૉક્ટરસાહેબ ૧૯૪૨ની ક્રાંતિમાં તો પૂરું ભણેલા, બીજા યુવાનોની જેમ લાગણીશીલ થઈ ભણતર છોડી દીધેલું નહીં. એટલે ભણીગણી ડૉક્ટર થઈને ધીકતી કમાણી કરતા હતા. પરંતુ પછી ગાંધી-વિનોબાના વિચારો પચાવતા ગયા અને છેલ્લે આ વિચારોના પરિપાકને પરિણામે મુંબઈ છોડી દીધું, અને સીધા નવાપુરા ગામમાં ડેરા નાખી દીધા, તદ્દન માટીના ઝૂંપડામાં. ત્યારે મને થયું કે જનક રાજાએ પોતાની પુત્રીને સુખી કરવા અયોધ્યા નગરીમાં પરણાવેલી. પણ એમને ક્યાં ખબર હતી કે આ રાજકુમારીને અયોધ્યાની રાજગાદીએ મહારાણી બનવાને બદલે ચૌદ વરસનો વનવાસ ભોગવવાની વેળા આવશે ? પણ એમનું આ રતન પણ ક્યાં સીતાથી ઊતરે એવું હતું ? જ્યાં પંડ, ત્યાં પડછાયો ! ડૉક્ટરસાહેબના વિચારને એમણે પોતે પણ ૧૦૦ ટકા આચારમાં મૂકી દીધો. અને આને કારણે તમારો આ જે નાનકડો પરિવાર છે, તેવો જ ડૉક્ટરસાહેબનો જિલ્લાભરમાં અને ગુજરાતમાં એક મોટો પરિવાર આજે બની ગયો છે. તમે બધાં શહેરોમાં ને પરદેશમાં વસતા અહીં આવ્યા છો. આ અરવલ્લીની ટેકરીમાં આ શિબિર રાખ્યો છે, તેની પાછળ તમારા ઘડતરનીયે એક દૃષ્ટિ છે. બપોર પછીના ગાળામાં આ આદિવાસીઓનાં છાપરાંઓની મુલાકાત લેજો. એમનું સાદું ને સરળ જીવન, એમની સાવ ઓછી જરૂરિયાતો વગેરે જોજો અને તમારી જાત સાથે, તમારા જીવન સાથે સરખાવજો. ભગવાન આ ગરીબોની ઝૂંપડીઓમાં વસે છે. એ દરિદ્રનારાયણની સેવા માટે આ તમારા ને અમારા પૂજ્ય મોટાભાઈએ મુંબઈ છોડ્યું છે.

ત્યાં બધાને મારી આ વાતો ગમી, એમ એમના ચહેરા ઉપરના ભાવો પરથી સમજાતું હતું.

અમે ઘણી વાર ડૉક્ટરસાહેબને કહેતા કે "સાહેબ, તમે મોટી કમાણી છોડીને શું કરવા આ રવાડે ચઢી ગયા ? ત્યાંથી કમાઈ-કમાઈને અમને પૈસા મોકલવા હતા ને ! અમે આ બધાં કામો સંભાળી લેત." પણ અમે એ અમે છીએ અને ડૉક્ટરસાહેબ એ ડૉક્ટરસાહેબ છે ! એમનો મારે બહુ ગુણાનુવાદ કરવો નથી.

પદયાત્રામાં અમે સાથે હોઈએ. ડૉક્ટરસાહેબ તો ૧૦ ની સભા હોય કે ૧૦૦ની હોય કે ૧૦૦૦ની હોય, ડૉક્ટરસાહેબ પ્રસન્ન ચિત્તથી પોતાની આખીયે વાત વિગતે પ્રેમથી સમજાવે જ. અમને થાય : ડૉક્ટરસાહેબની શક્તિ આમાં ખોટી રીતે વેડફાઈ તો નથી રહી ને ! પણ ડૉક્ટરસાહેબની એક જ વાત. આપણે તો આ વિનોબાના વિચારો, ગ્રામસ્વરાજ અને ગ્રામ-સ્વાવલંબનના વિચારો લોકો પાસે ઘૂંટતા જ રહેવાના છે. આ બીજને ટકાવી રાખવાનું છે. આ દેશને સુખી ને સમૃદ્ધ કરવા માટે આના સિવાય બીજો ઉપાય નથી.

ડૉક્ટરસાહેબનો પુરુષાર્થ અવિરત ચાલુ જ છે. હવે ચાલી નથી શકાતું તો અંગત પત્રો તેમજ સ્વાધ્યાય-પત્રો લખીને આપણને સહુને સદાય ઢંઢોળતા રહે છે. ડૉક્ટરસાહેબના હૈયે આ જે સર્વોદય વિચાર છે, તેના પ્રત્યેની આપણી નિષ્ઠા ને શ્રદ્ધા કાયમ જળવાઈ રહે, એ જ પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના !

૦ ચેમરભાઈ (મોટા)

સાર્થક કર્યું બિરુદ મોટાભાઈનું

અમારું જોષી કુટુંબ વટવૃક્ષ જેવું વિશાળ છે. તેના ૧૧૫ સભ્યો છે. આ વડલા જેવા કુટુંબના મુખ્ય વડીલ મારા પૂજ્ય સસરાજી, એટલે કે પૂ. મોટાભાઈના પિતાજી. પિતાજી ડાહ્યાલાલભાઈ ધંધે કાપડના વેપારી. કર્મનિષ્ઠ, શ્રમનિષ્ઠ. શ્રમનો મહિમા ગાનારા નહીં, પણ શ્રમ કરનારા. એમના સમયમાં ઘણા આગળની વિચારધારા ધરાવનારા કહેવાય. દેહ સુંદર. ઊજળો વાન. ગર્વીલી પર્સનાલિટીવાળા પુરુષ. માતા કસ્તૂરબેન સાદાં, સરળ, ભક્તિમાર્ગી, કુટુંબવત્સલ નારી હતાં. આપણા ઇતિહાસમાં જોઈએ તો પૂતળીબાઈ ભક્તિવાળાં અને ભણતર નહીં ગણતરવાળાં. તેમણે આપણને ગાંધીબાપુ આપ્યા. રૂખમાઈ — રૂક્મિણીબાઈ ઈશ્વર-પરાયણ, સેવા-પરાયણ. તેમણે આપણને વિનોબાજી આપ્યા. આમ, સમાજ જ્યારે કોઈ મહાપુરુષ મેળવે છે, ત્યારે જરૂર એનું શ્રેય એનાં માતાપિતાને જાય છે.

ડાહ્યાલાલભાઈને છ દીકરા અને એક દીકરી. દ્વારકાદાસભાઈ સૌથી મોટા હોવાથી કુટુંબમાં બધાં એમને મોટાભાઈ કહેતાં. હવે તો તેઓ એમના બૃહદ્ કુટુંબમાં પણ સહુના મોટાભાઈ બની ગયા છે. બધાં એમને મોટાભાઈ તરીકે જ વધારે ઓળખે છે.

મેં એમને બહુ નાની ઉંમરે જોયા હતા. ૧૯૪૯માં વડનગરના રસ્તા ઉપર મને એમનાં પહેલાં દર્શન થયાં. ત્યારે હું ૧૩ વરસની વિદ્યાર્થિની. ધોરણ નવમાં ભણતી. શુદ્ધ, સ્વચ્છ, સફેદ ખાદીના પરિવેશમાં મોટાભાઈને મેં જોયા. મુખ ઉપર નિર્મળ હાસ્ય, શુદ્ધ બુદ્ધિ-પ્રતિભા. વારસાગત સુસંસ્કારો એમને મળેલા. હું જાણતી હતી કે તેઓ ડૉક્ટર છે અને મુંબઈ છોડીને પ્રજાની સેવા કરવા અહીં આવ્યા છે. ત્યારથી હું એમને ઓળખું. એમનાં પત્ની રતનબહેન. એક ગર્ભશ્રીમંત કુટુંબનાં દીકરી. લાડકોડમાં, વૈભવમાં ઊછરેલાં. પરંતુ એમણે પણ સાપ જેમ કાંચળી ઉતારે તેમ બધું છોડીને પતિ સાથે ભેખ લીધો છે.

આવા ખાનદાન, સંસ્કારી ને સેવાભાવી કુટુંબની હું પણ એક સભ્ય બનીશ, તેની ત્યારે મને ખબર નહીં. પણ પછી મેં ૧૯ વર્ષની વયે મોટાભાઈના સૌથી નાના અનુજ નાનાભાઈ સાથે લગ્ન કર્યાં અને હું મોટાભાઈના બહોળા કુટુંબની એક સભ્ય બની. હવે તો અમારો મિહિર પણ આંખનો ડૉક્ટર બન્યો છે. અમારું કુટુંબ મોટાભાઈની જેમ મિહિર માટેયે ગૌરવ લઈ શકે એવી રીતે એ મોટાભાઈના પગલે પગલે ચાલ્યો છે.

મેં પૂ. મોટાભાઈને ઓળખ્યા છે, જાણ્યા છે. એક મુક્તક દ્વારા અહીં હું મારી ભાવના વ્યક્ત કરું છું —

સાર્થક કર્યું બિરુદ મોટાભાઈનું
લીધી સંભાળ નિજ અનુજની
નિજ પુત્ર સમી
લીધી સંભાળ નિજ વતનની
નિજ કુટુંબ સમી
લીધી સંભાળ આમ જનની
નિજ સ્વજન સમી
નમું હું, નમું હું એ સર્વ વતી
આપને, છું પાગલ

૦ વિદ્યાબહેન નાનુભાઈ જોષી

મોટાભાઈએ પરિપુષ્ટ કરેલું

અમારું સર્વોદય મંડળ

સમાજનું સદાય સંસ્કાર-સિંચન

પૂજ્ય મોટાભાઈના સૌજન્યે સ્વરાજની સવારથી માંડીને આજ સુધી મહેસાણા જિલ્લાને સર્વોદયની સુવાસથી મહેકતો રાખ્યો છે. એમનું જીવન એ તો ધીરગંભીર ગંગાજીનો પ્રવાહ છે, જે સમાજનું સદાય સંસ્કાર-સિંચન કરતો રહ્યો છે, ત્યાગ અને સેવાનાં પ્રેરણાવારિ પાઈ રહ્યો છે. મુંબઈની ધીકતી ડૉક્ટરી કમાણી છોડી વડનગરને તેમ જ તેની પાસેના ઠાકોરોના ૩૦ ઘરના નાનકડા નવાપુરા ગામને સેવામથક બનાવ્યું. ત્યારથી મોટા મહેસાણા જિલ્લાને, બૃહદ્ ગુજરાતને અને કંઈક અંશે ભારતને પણ સર્વોદય પ્રવૃત્તિઓથી લાભાન્વિત કર્યાં. મુંબઈથી થયેલા મહાભિનિષ્ક્રમણ બાદ એમની જીવનગંગાનો પુણ્યપ્રવાહ જાણે હરદ્વાર છોડીને સર્વોદયના મેદાની પ્રદેશમાં વિશાળ પટમાં વહી રહ્યો.

તૃતીય રવિવારી મિલન

મહેસાણા સર્વોદય મંડળ એમનું લાડકું સંતાન કહી શકાય. તેને એમના અપાર પ્રેમનો, પ્રવૃત્તિઓનો, સાંનિધ્યનો સૌથી વધારે અને પ્રત્યક્ષ લાભ મળ્યો છે. આ મંડળ શરૂઆતમાં ભલે યદાકદા મળતું હોય, પણ પછી તો દર બે માસે નિયમિત રીતે વરસો સુધી મળતું રહ્યું. ગાંધી સવાસોના વર્ષ ૧૯૯૪થી તો દર મહિનાના ત્રીજા રવિવારે 'તૃતીય રવિવારી મિલન' તરીકે નિયમિત ને અચૂક મળતું રહ્યું છે. એ દિવસ ભલે દિવાળીનો હોય કે હોળીનો, રામનવમીનો હોય કે જન્માષ્ટમીનો, મળવાનું એટલે મળવાનું જ. સાતત્યયોગની સાધના.

મિલનની મોજ પણ અનેરી. ઘરનું ભાતું, ગાંઠનું ભાડું અને સમય-શક્તિ-સમૃદ્ધિનું દાન. ઘસાવાની

મારી એક ખોજ છે. ગીતામાં વિશ્વરૂપ-દર્શનનું વર્ણન કર્યું છે. તે વિશ્વરૂપમાં અનંત આંખ છે, અનંત હાથ છે, અનંત પગ વગેરે બધું છે. તેમાં માથાં પણ અનંત છે, એટલે કે અનંત બુદ્ધિઓ છે. પરંતુ હૃદય એક છે. વિશ્વરૂપમાં તમે એમ નહીં જુઓ કે *'અનંત હૃદયાનિ.' 'વિશ્વત: ચક્ષુ: વિશ્વતો મુખ: વિશ્વતો બાહુ: વિશ્વતોપાત્ સહસ્રપાત્'* ઇત્યાદિ બધું છે; પરંતુ એવું નથી કે હૃદય પણ અનેક છે. આ બધું હોવા છતાં હૃદય તો એક જ છે. જો હૃદય પણ વિશ્વરૂપમાં અલગ-અલગ હોત, તો દુનિયાની દશા બહુ ભયાનક થઈ જાત ! પરંતુ ભગવાને પોતાના વિશ્વરૂપમાં હૃદય તો એક જ રાખ્યું.

તો, આપણા સહુનું હૃદય એક રહે અને બુદ્ધિમાં વિવેક અને ભિન્નતા હોય. કાર્યકરોના સમૂહ સામે આવો એકહૃદય થઈને કામ કરવાનો આદર્શ રહેવો જોઈએ.

૦ વિનોબા ૦

જ વાત. ક્યાંય સ્વાર્થની ગંધ ન મળે. છતાં આનંદ મંગળ. વહેંચીને ખાવાનું. એકબીજાનાં સુખદુ:ખના સાથી થવાનું. સમાજમાં સુખદુ:ખને પોતાનાં કરવા અહર્નિશ મથવાનું. જિલ્લામાં, રાજ્યમાં, દેશમાં કે દુનિયામાં કોઈ આપત્તિ આવે, તો દ્રવિત થવાનું. મોટાભાઈ સંવેદનાનું સાકાર સ્વરૂપ. એમના સાદે મંડળના સાથીઓ સાબદા. ફાળો, સાધન-સામગ્રી કે પ્રત્યક્ષ સેવા. જેને જેવી અનુકૂળતા. ઉત્તર ગુજરાતની અનાવૃષ્ટિ હો કે દક્ષિણ ગુજરાતની અતિવૃષ્ટિ, બિહારનો દુષ્કાળ હો કે ઓરિસ્સાની જળ-હોનારત, કચ્છનો ભૂકંપ કે તામિલનાડુનું સુનામી, અનામત આંદોલન હો કે કોમી દાવાનળ, ગોરક્ષા હો કે વ્યસનમુક્તિ, લોકસેવક નોંધવાના હો કે સર્વોદય-મિત્ર, ભૂમિપુત્રના ગ્રાહક બનાવવાના હો કે વિનોબા-સાહિત્યના આગોતરા ગ્રાહક —બધામાં તનમનધનથી ઊજળા થવાની મોજ !

અમારી આ તૃતીય રવિવારી સવારે ૧૦ થી બપોર પછી ૪ સુધી મળે. જે આવે તે વસંતભાઈ શાહે બિછાવેલ સાહિત્ય-સંસાર જુએ, હિસાબ પતાવે કે અરસપરસ મળે. પ્રાર્થનાથી બેઠકની શરૂઆત થાય. તે માસનાં 'મૈત્રી', 'ભૂમિપુત્ર' કે બીજાં સામયિકોમાંથી પસંદગીનો લેખ વંચાય. તે અંગે વિચારવિમર્શ પણ થાય. સહુ પોતપોતાનું ચિંતન રજૂ કરે. મોટાભાઈ કેટલાકને ખાસ પૂછે પણ. સૌના વક્તવ્યની નોંધ લેવાતી જાય.

તે પછી દરેકે વીતેલા માસની પોતાની કામગીરી જણાવવાની. તેમાં સેવાકાર્યો અને સંગઠનની વાતો મુખ્ય હોય. સર્વોદય-પાત્ર, ઉપવાસદાન, સજીવ ખેતી, ગોસંવર્ધન, ગ્રામસ્વરાજ, સ્વદેશી વગેરે પ્રાસંગિક બાબતો પણ હોય. દરેક મિલનમાં કોઈ ને કોઈ મહેમાન કે વ્યક્તિવિશેષ મળી રહે. એમના દ્વારા વિશેષ પ્રવૃત્તિ કે પ્રસંગોની પ્રસ્તુતિ થતી રહે.

જિલ્લાના બે પીઢ આગેવાનો —મોતીભાઈ અને રિખવદાસ સદા પૂરક-પોષક. નરવા પશુપાલનની અને નરવા વહીવટની લ્હાણ ને જાણ મળે. ખાદી-ગ્રામોદ્યોગ માટે રામુભાઈ સદા તૈયાર. સજીવ ખેતી માટે મહેન્દ્રભાઈ કે કપિલભાઈ જરૂર પડ્યે હાજર. ઉષાબહેન, વિનુભાઈ, વલ્લભભાઈ, કાન્તિભાઈ રૂપે પાડોશી જિલ્લા પણ આવી રહે. મણિભાઈ રૂપે કચ્છડો કે પિનાકિનભાઈ રૂપે સૌરાષ્ટ્ર પણ ક્યારેક ડોકિયું કરી જાય. ચુનીભાઈ વૈદ્ય જળ, જમીન, જંગલના આંદોલનની વાત લઈને આવે. કૃષ્ણવદન શાહ રવિશંકરદાદાની 'ગીતા-બોધવાણી'ના પ્રચારની વાતો કરી જાય. દશરથભાઈ આવીને સર્વ સેવા સંઘની ગતિવિધિના સમાચાર આપી જાય. રમેશભાઈ શાહની પંચાયતરાજની કે નર્મદાનાં નીરની રજૂઆતો હોય. કેટકેટલી નવીનતા ! મોટાભાઈ સહુનાં સ્વાગત-સન્માન કરતા જાય અને અમને સહુનો લાભ અપાવતા જાય. પોતે સમીક્ષા, અભિપ્રાય, ઉપસંહાર, ચિંતન, સંવાદ વગેરે કરતા જાય. અમારી મિલન-નિયમિતતા એવી કે વગર સૂચનાએ હાલ્યા આવો તોયે ધક્કો ન પડે.

ચરૈવેતિ... ચરૈવેતિ

મોટાભાઈ સંસારી સાધક. એમનામાં પરિવ્રાજકતાની પરિસીમા. ચરૈવેતિ એમનો જીવનમંત્ર. સંત વિનોબાની ભૂદાન-ગ્રામદાન પદયાત્રાઓએ તેમાં રંગ લાવી દીધો. મુંબઈની સ્થાયી જિંદગી છોડી ત્યારથી મોટાભાઈ સમાજ વચ્ચે સતત ફરતા રહ્યા છે અને આપણને સહુને ફરતા રહેવાનું કહેતા રહ્યા છે. સમાજરૂપી ઈશ્વરની આરાધનાનો એ રાજયોગ. મોટાભાઈના જીવનમાં પદયાત્રાઓ અને યાત્રા-અભિયાનોની હારમાળા ચાલી છે.

ભૂદાન-ગ્રામદાન અભિયાન

મોટાભાઈએ કેટકેટલી પદયાત્રાઓ કરી છે ! શરૂમાં ભૂદાન પદયાત્રા. ભૂદાનગંગાની આરાધના થઈ. જમીનો મળી અને જમીનો વહેંચાઈ. જગતમાં જે જન્મ્યો તેને માતાના ખોળાની જેમ ભૂમિમાતાના ખોળાનો અધિકાર, પરસેવો પાડીને આજીવિકા

રળવાનો અધિકાર. જેની પાસે છે, તે સહુ આપે. પેટવરામાંથી પુણ્યવરો કરે. આની સાથે સંપત્તિદાન, સાધનદાન, કૂપદાન જેવા સહચારી દાનપ્રવાહો ભૂદાનગંગાને પુષ્ટ કરતા જાય. પછી વડોદરાને સર્વોદયનગરી બનાવવાનું અભિયાન ચાલ્યું. દેશમાં તૂફાન આંદોલન અને ગ્રામદાનનું વાતાવરણ ગાજી ઊઠ્યું, તેને પગલે ગુજરાતમાં જિલ્લે જિલ્લે પદયાત્રાઓ યોજાઈ. મહેસાણા જિલ્લાના ત્રણ તાલુકાનાં ૩૬૦ ગામોમાં અઢીસો-ત્રણસો ભાઈ-બહેનોની ટુકડીઓ પગપાળા ફરી વળી અને ગ્રામદાનનો સંદેશો બધે પહોંચાડી આવી. ધરમપુરના આદિવાસી તાલુકાના એકેએક ગામે પદયાત્રા કરતા કાર્યકરો પહોંચી ગયા. ભરૂચ જિલ્લામાં ગ્રામદાનની ઝુંબેશ ઉપાડાઈ અને પછી ત્યાં થાણું નાખી ગ્રામસ્વરાજનો સઘન કાર્યક્રમ ચાલ્યો.

ગોરક્ષા-ગોસેવા અભિયાન

એક બળદની ગાડી એટલે એકો. એકામાં પદયાત્રીઓનો સામાન અને સાહિત્ય. અને હીરાભાઈ-ગોપાળભાઈ જેવા સાથીઓને લઈને મોટાભાઈ ઉત્તર ગુજરાતમાં ગામેગામ ઘૂમી વળેલા. ગોસેવા અને ગોપાલનનું મહત્ત્વ સમજાવતા જાય. ગાયનાં દૂધ-ઘી, ગોબર-ગોમૂત્રની વૈજ્ઞાનિકતા કહેતા જાય. ગામની ગોરક્ષા સમિતિ રચતા જાય. ગાયને કતલખાને જતી રોકવા લોકોને ઢંઢોળતા જાય. ગોરક્ષા ને ગોસંવર્ધન માટે મોટાભાઈએ ભગીરથ પુરુષાર્થ કર્યો છે. પોતે ગાયનાં ઘી-દૂધ વાપરવાનું વ્રત લીધું છે. માત્ર ગાયને ઘાસ નાખવામાં કે તેનું પૂછડું આંખે લગાડવામાં જ ગોભક્તિ નથી, પણ ગાયને આત્મવત્ પાળવાથી જ ગાયનું, આપણું અને સંસારનું કલ્યાણ છે, એ વાત લોકોને ઘૂંટી-ઘૂંટીને સમજાવતા રહ્યા છે. સાથોસાથ એમણે રૂપીફંડની જનજન સુધી પહોંચવાની પ્રવૃત્તિયે ઉપાડેલી. મહેસાણા જિલ્લામાં આ રૂપીફંડ અભિયાન તો ગોભક્તિનું ચિરસ્મરણીય ઉદાહરણ બની ગયું. ગોવંશ-સંવર્ધનની વાત સમજાવવી અને એક રૂપિયો લેવો.

આ રીતે રૂપીફંડમાં મોટાભાઈ પાસે ૩૦ હજાર થયા. વિદ્યાર્થીઓ અને શિક્ષકો પાસેથી ત્રીસેક હજાર મેળવ્યા. ત્રણેક હજાર ભેગા કરી વાલમનાં ઇન્દુબહેન-વાલજીભાઈ આપી ગયાં. મોતીભાઈની તમન્નાથી દૂધસાગર ડેરીના સુપરવાઈઝર મિત્રોએ જિલ્લાના પશુપાલકો પાસેથી છપ્પન હજાર ભેગા કર્યા. અન્ય કાર્યકરોએ ૨૨ હજાર કર્યા. એક એક રૂપિયો લઈને આટલા બધા લોકો પાસે પહોંચાયું અને એમના સુધી ગોસેવા-ગોરક્ષાનો સંદેશો પહોંચાડાયો.

મોતીભાઈ તો મોટાભાઈને ગુરુ ગણે. આ ગોપાલનની વાત એમના ગળે બરાબર ઊતરી ગઈ. દૂધ-ઉત્પાદનની ક્ષમતા, આરોગ્યરક્ષાની ગુણવત્તા અને આત્મબળની વૃદ્ધિની દૃષ્ટિએ ગાયનાં ઘી-દૂધાદિનું મૂલ્ય એમની નજરમાં વસી ગયેલું. એમણે ગાયના દૂધમાં ફેટ ઉપરાંતનાં અન્ય મહત્ત્વનાં તત્ત્વોને પ્રમાણ્યાં. એટલું જ નહીં શ્વેતક્રાંતિના સર્જક ડૉ. કુરિયનના ગળે પણ આ વાત ઉતારી. દૂધસાગર ડેરીનું દેશની ડેરીઓમાં આ અતિ મહત્ત્વનું ને હિંમતભર્યું કદમ છે. મોતીભાઈએ ભેંસના દૂધની ફેટના પ્રમાણમાં ગાયના દૂધની ફેટના ભાવ વધારે આપીને ગોપાલનને ઉત્તેજન આપ્યું. દેશી કાંકરેજી ગાયની ઓલાદની સુધારણા તેમજ સંવર્ધનની સાથે સાથે તેના વિદેશી દૂધાળ ઓલાદો સાથેના સંકરીકરણના પ્રયોગને પ્રોત્સાહન આપ્યું. આજે જિલ્લામાં ભેંસના દૂધ કરતાં ગાયનું દૂધ વધારે ભરનારાં અનેક ગામો છે. આમાં મોટાભાઈની પ્રેરણાયે ઘણું કામ કરી ગઈ.

ગ્રામસ્વરાજ અભિયાન

મોટાભાઈના મનમાં રાત ને દહાડો ગ્રામ-સ્વરાજના જ વિચારો આવે. બસ, રામનામની રઢ જેવું. જિલ્લાના ગામેગામ જવું અને ગ્રામસ્વરાજની વાત સમજાવવી. ગામમાં પરિવારભાવના વધે, સક્ષમ પરિવારો ગરીબ પરિવારોની સંભાળ રાખે, ગામમાં કોઈ ભૂખ્યું ના સૂએ, કોઈ કામધંધા વિનાનું ના રહે,

ગામનો વહીવટ ગ્રામસભા કરે, ગામના વિકાસનું આયોજન ગામ કરે, ગ્રામકક્ષાના ક્ષેત્રીય સેવકો — શિક્ષક, તલાટી, ગ્રામસેવક વગેરે ગામને જવાબદાર રહે, તેમનાં વેતનનું ચૂકવણું ગામ કરે, તાલુકા-જિલ્લાનાં તંત્રો ગામને મદદ-માર્ગદર્શન આપે, પણ નિર્ણય ને જવાબદારી ગામનાં જ હોય, ગામનાં જળ, જંગલ, જમીન, ખનિજ વગેરે ઉપર પ્રથમ અધિકાર ગામનો —આ બધું ગ્રામ સ્વરાજનું ચિંતન મોટાભાઈનું કાયમ ચાલતું રહે અને લોકો પાસે એકધારું મુકાતું રહે. સભામાં સર્વસંમતિથી ગામની ગ્રામસ્વરાજ સમિતિની રચના થાય. તેમાં સર્વ વર્ગ, વર્ણ, વ્યવસાયનું પ્રતિનિધિત્વ હોય. આને માટે શિબિરો કર્યા, કાર્યકરોને તાલીમ આપી, ગામેગામ ટુકડીઓ મોકલી.

ગ્રામસ્વરાજ સમિતિઓ બની. એમની સાથે કાયમનો સંપર્ક જળવાઈ રહે, તે માટે જાતજાતના પ્રયાસો કર્યા. જિલ્લાના વડા મથક મહેસાણામાં વિધિસર કાર્યાલય શરૂ કર્યું. એક માસિક પત્રિકા શરૂ કરી. આજની 'સર્વોદય અભિયાન' પત્રિકાનો જન્મ આમાંથી જ થયો. પહેલાં તો 'ગ્રામસ્વરાજ'ના નામે ચાલી. આજે તો હવે તે અમારા સમગ્ર કામની ને પ્રવૃત્તિઓની એક કાયમની સરસ પત્રિકા બની ગઈ છે. તેના દ્વારા જિલ્લામાં જ નહીં, જિલ્લા બહાર સમસ્ત ગુજરાતમાં પણ સહુ મિત્રો-શુભેચ્છકો સાથેનો અમારો સંપર્ક જળવાઈ રહે છે. કનુભાઈ રાવલ (૧૯-૨૦ રાધાકૃષ્ણ સોસાયટી, પાટણ, ૩૮૪૨૬૫) તેનું સંપાદન-પ્રકાશન સુપેરે સંભાળે છે. દર માસની દસમી તારીખે રવાના થાય છે અને અત્યારે તેની અઢારસો નકલ જાય છે.

આ પત્રિકા સાથે દર મહિને એક સ્વાધ્યાય-પત્ર મોકલાય છે. મોટાભાઈનું વાચન-મનન સતત ચાલતું રહે છે. પોતે વાંચે છે અને બીજાને વાંચવાની પ્રેરણા આપતા રહે છે.

મળીએ ત્યારે એમનો પ્રશ્ન હોય જ —'હમણાં શું વાંચે છે ?' પોતે વેદ-ઉપનિષદ, ગીતા-કુરાન, વિનોબા ગ્રંથાવલી, યજ્ઞ પ્રકાશનનાં પુસ્તકો વગેરે વાંચતા જાય અને તેમાંથી પ્રેરણાદાયી સામગ્રી ઉદ્ધૃત કરીને પીરસતા જાય. આ બને છે, દર મહિને મોકલાતો 'સ્વાધ્યાય-પત્ર'. તે બહુ જ લોકપ્રિય થયો છે. ઘણાં વર્તુળોમાં ને મિત્રવૃંદોમાં તેનું સામૂહિક વાંચન પણ થાય છે. ઘણા તેને ફાઈલ કરીને સાચવી રાખે છે. કાર્યકરોને તેમાંથી સારું માર્ગદર્શન ને પ્રેરણા મળે છે.

અન્ય અભિયાનો

આ ઉપરાંત, સર્વોદય-પાત્ર અને ઉપવાસ-દાનનાં અભિયાનો પણ મોટાભાઈની પ્રેરણાથી ચાલ્યાં. તેની વિગત અન્યત્ર અપાઈ છે.

ભૂદાન-ગ્રામદાન અને ગાંધી-શતાબ્દીનાં અભિયાનો અગાઉ ચાલેલાં તો ગાંધી સવાસો, વિનોબા-શતાબ્દી અને જયપ્રકાશ-શતાબ્દીનાં અભિયાનો છેલ્લાં દસ-પંદર વરસોમાં ચાલ્યાં. શતાબ્દી ઊજવવી એટલે સભા-સંમેલનોથી પત્યું એમ નહીં, તેનું હાર્દ સચવાય, વાતાવરણ સર્જાય, પ્રજાજીવન કંઈક પામે, એવું આયોજન થવું જોઈએ. સર્વ સેવા સંઘ અને સર્વોદય મંડળ આવાં અભિયાનો ઉપાડે, ત્યારે મહેસાણા જિલ્લો હમેશાં તેમાં અગ્રેસર હોય. પરિપત્રો નીકળે, બેઠકો થાય, આયોજન વિચારાય, વ્યવસ્થા ને તાલીમ માટે શિબિરો થાય. સહુનો સાથ લેવાય. અને ટુકડીઓ નીકળી પડે, ગામેગામ ફરી વળે. આમાં ઘણા નવજવાનો અને વિદ્યાર્થીઓ પણ ભળે.

આવાં અભિયાનો વખતે સફાઈઝુંબેશ પણ તેનું એક મુખ્ય અંગ રહે. ગામના રસ્તાઓની સફાઈ થાય, કચરાના ઢગ કંપોસ્ટ કે ઊકરડા ભેગા થાય, ક્યાંક શોષખાડા થાય, મૂતરડી-સંડાસનાં બાવાં-જાળાં દૂર થાય, ગટર-મોરીની આડશો અળગી કરાય. બિચારી ગટરો-મોરીઓ ! એમનો આટલો પ્રેમાદર આપણા સિવાય કોણ કરે ? સફાઈ કામદાર કે વેતનભોગી કર્મચારી આવો સફાઈ-પ્રેમ ક્યાંથી લાવે ? આપણે ત્યાં

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'નાં સૂત્રો ભલે લખાય, પણ આપણાં ગામડાં ને શહેરો ભારે ગંદાં. દુનિયા આપણને સ્વચ્છ લોકોનો ગંદો દેશ કહે છે !

સાહિત્ય અભિયાનો

કોઈ પણ અભિયાન હોય, તેની સાથે સાહિત્ય-પ્રચાર ને પ્રસારની ઝુંબેશ તો ખરી જ. અને તેમાં લાગતાવળગતા સહુ કોઈનો સહયોગ લેવાય. ગાંધી સવાસો વખતે જિલ્લા પંચાયતના સહયોગથી જિલ્લાની તમામ અગિયારસો જેટલી પ્રાથમિક શાળાઓનાં ૪ થી ૭ ધોરણનાં તમામ બાળકોને નવજીવન પ્રકાશન મંદિરનું બે રૂપિયાનું 'ગાંધીબાપુ' પુસ્તક પહોંચાડ્યું હતું. એક લાખ અને આડત્રીસ હજાર નકલો આ રીતે ખીલી રહેલાં બાળ-પુષ્પો પાસે પહોંચી. ગાંધી-વિચારની ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા લેવાતી પરીક્ષામાં આ પુસ્તક પાઠ્યપુસ્તકનું સ્થાન પામેલ છે. આવી જ રીતે ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા મોતીભાઈના સહકારથી દૂધસાગર ડેરીએ જિલ્લાના એક લાખ પશુપાલકોને પહોંચતી કરેલી. અન્ય ગાંધી-સાહિત્યનો પણ સારો એવો પ્રચાર થયેલો. કાન્તિ શાહનું 'ગાંધીનો પડકાર' પુસ્તક સ્વાધ્યાય-પોથી બની ગયેલ.

વિનોબા શતાબ્દી વખતે અમે ૫૦ હજાર ગુજરાતી 'ગીતા પ્રવચનો' પરંધામ પ્રકાશન, પવનારમાં છપાવીને પડતર ભાવે જિલ્લામાં વેચેલાં. વિનોબા ગ્રંથાવલીના આગોતરા ગ્રાહક નોંધવામાં પણ મહેસાણા જિલ્લો અગ્રેસર હતો. 'વિનોબા-દર્શન' ચિત્રાવલીમાં પણ હમણાં એમ જ થયું. વેરાવળના જગુભાઈ શાહે ગાંધીજીની આત્મકથા અડધી કીમતે સર્વસુલભ કરી આપી, તેનોયે લાભ મહેસાણા જિલ્લાએ જ કદાચ સૌથી વધારે લીધો.

મહેસાણા જિલ્લાના સર્વોદય આશ્રમ, માદીવાળા વસંતભાઈ શાહ સાહિત્ય-વેચાણ સતત કરતા રહે છે. માદી અને વિજાપુર આશ્રમે તો પુસ્તકો રાખે ને વેચે, પણ જ્યાં-જ્યાં સભા-સંમેલન કે નાનું મિલન, ત્યાં ત્યાં વસંતભાઈનો સાહિત્ય ભંડાર. અમારા રવિવારીય મિલનમાં પણ વસંતભાઈ પોતાનાં પુસ્તકો સાથે હોય જ. પડતર કીમતે જ વેચે. રાહતભાવે મળેલાં એ ભાવે જ આપે. ભેટ પુસ્તકો મળ્યાં હોય તો તેની લ્હાણી કરે.

જિલ્લામાં 'ભૂમિપુત્ર', 'મૈત્રી' વગેરેના ગ્રાહકો નોંધવાનુંયે સતત ચાલે. દૂધસાગર ડેરીના સહકારથી તેના સુપરવાઈઝર મિત્રોએ ચારસો-પાંચસો દૂધ મંડળીઓને આજીવન ગ્રાહક બનાવી છે. જે.પી. શતાબ્દી વખતે પણ યાત્રા સાથે સાહિત્ય-પ્રચારનું કામ ઘણું થયું અને ફરતું પ્રદર્શન પણ સાથે રહ્યું.

રાહત અભિયાનો

અણધાર્યા અભિયાન પણ કાંઈ ઓછાં નથી થયાં. ગમે તેવી કુદરતી આપત્તિ વખતે રાહતકાર્યમાં મહેસાણા જિલ્લો કંઈક ને કંઈક યોગદાન આપ્યા વિના રહ્યો નથી. ઓરિસ્સાના દરિયાઈ વાવાઝોડાનો વિનાશ હોય કે આંધ્ર-તામિલનાડના સુનામીનો કાંઠા પરનો કાળો કેર હોય, દક્ષિણમાં લાતુરનો ભૂકંપ હોય, જિલ્લામાં રાહતની હલચલ થઈ જ છે. કચ્છનો ભૂકંપ ઘર આંગણાનો. તેની અસર ઠેઠ સમી-રાધનપુર સુધી. તેમાં પ્રત્યક્ષ ને પરોક્ષ રાહતકાર્યોનું સારું એવું કામ થયું. સંજય-તુલા અને 'વિશ્વગ્રામ' સંસ્થાનું કંથરોટ છાવણીનું વ્યવસ્થિત સર્વાંગી કામ દીપી ઊઠેલું અને પુરસ્કૃત થયેલું. એમનું સુનામીનું છ માસનું ત્યાંની પ્રજાને સ્વસ્થ અને પગભર કરતું વિવિધલક્ષી કામ પણ દાદ માગી લે એવું થયેલું. હમણાં કશ્મીર-ભૂકંપ વખતે પણ તેઓ ત્યાં રાહતકાર્ય માટે દોડી ગયેલા. કોમી એખલાસના સંદર્ભમાં પણ તેઓ સતત મથી રહ્યાં છે. અનામત આંદોલનના અને કોમી તોફાનોના સંકટગ્રસ્તોને થાળે પાડવામાં પણ મંડળે ઘણું કામ કર્યું છે.

રચના અભિયાનો

કતાઈ, ખાદી, વ્યસનમુક્તિ વગેરે અભિયાનો અવારનવાર થતાં રહ્યાં છે. ખાદી માટે સર્વોદય આશ્રમ,

વાલમ, માઢી, સુલતાનપુરા અને ઝિલિયાએ સારું કામ કર્યું છે. હમણાં રામુભાઈને ૭૫ વરસ થતાં એમણે સરકારી સહાય-રિબેટ મુક્ત ખાદી ચલાવવાનો સંકલ્પ કર્યો છે. કતાઈની મજૂરીને બદલે ખાદી આપવાની યોજના કરી છે. તે મુજબ રાકુના વિસ્તારમાં સવાસો જેટલા ચરખા ચાલે છે અને હજીયે વધશે એમ લાગે છે.

વ્યસનમુક્તિ માટે અનેક જણ અભિયાનો ચલાવે છે. સર્વોદય મંડળના બાબુભાઈ શંકરભાઈ પટેલ જેતલવાસણાવાળા તેમાં દત્તચિત્ત થઈ ગયા છે. તે માટે તો એમણે હાઈસ્કૂલના આચાર્યપદેથી વહેલી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી. તેઓ ફરી-ફરીને સેંકડો શાળાઓના હજારો વિદ્યાર્થીઓને વ્યસનો છોડાવે છે. મેળાઓ, સંમેલનો, શિબિરોમાં આસન જમાવે છે. ઘરના ખરચે, ઘરનું સીધું લઈને, પોતાનાં વાની અસરવાળાં પત્નીને એકામાં બેસાડીને પોતે પગપાળા અંબાજીથી સોમનાથ અને ગાંધી આશ્રમ, સાબરમતીથી ગાંધી-જન્મભૂમિ પોરબંદર સુધીની વ્યસનમુક્તિ યાત્રા તેઓ કરી ચૂક્યા છે.

ફાળા અભિયાનો

મોટાભાઈ અને મહેસાણા જિલ્લો કોઈ પણ કામમાં પૈસે ટકે ઘસાઈ છૂટવા તત્પર. કહી શકાય કે ફંડફાળા અભિયાનો તો અહીં સોપારીના કકડાની જેમ ચાલ્યાં છે. એક તો મોટાભાઈની સુવાસ એવી. અને એવી જ સારી શિક્ષણ સંસ્થાઓ. ઊંઝા માર્કેટ યાર્ડ, દૂધસાગર ડેરી, સહકારી બૅન્ક જેવી માતબર સંસ્થાઓ એટલે જરૂર પડે ત્યારે જોઈતાં નાણાં મળી રહે.

મોટાભાઈ પોતે અકિંચન. અનાગ્રહી પણ એવા જ. ઝાઝું માગે નહીં. સંગ્રહ કરે નહીં, કરવા દે નહીં. સામેવાળો સહર્ષ આપે, જરૂર જેટલું આપ્યા વિના રહે નહીં. સામેથી પૂછે, કેટલા આપવાના છે ? મોટાભાઈ કહે, આવું આવું કામ છે અને આટલાની જરૂર છે, તમે આપી શકો તે આપો.

શિક્ષણ સંસ્થાઓનું યે મંડળને ભારે સુખ. શિબિર-સંમેલનની વ્યવસ્થા કરવા દરેક સંસ્થા હોંશેહોંશે તૈયાર. ઝિલિયા, ગ્રામભારતી, લોકનિકેતન વગેરેને કહેવાની જ વાર. પૈસાયે લે નહીં. ઊલટાના પોતાની સંસ્થાને આવી તક આપવા બદલ અહોભાવ સેવે ! છેલ્લે મોટાભાઈની ધન્યવાદની ટપલી પડે ને કૃતકૃત્ય થઈ જાય !

જિલ્લા સર્વોદય મંડળને પત્રવ્યવહાર ચલાવવા સિવાય ખર્ચ નહીં. કાર્યકરો બધા સ્વૈચ્છિક અને અનુકૂળતા કરી ઊમટી પડે તેવા. માસિક મિલનો બધાં સ્વાવલંબી-સ્વૈચ્છિક. કાર્યાલય કે મિટિંગ હૉલનું ભાડું નહીં. ઊલટાના સ્વાગત-સરભરા કરવા તૈયાર. અમારે પૈસા જોઈએ તે તો ગરીબને ગૌરવભેર બેઠો કરવા કે અસરગ્રસ્તોને રાહત પહોંચાડવા. બાકી તો જરૂર હોય તો પરસ્પર મદદ કરે. મંડળને માથે કોઈ ખર્ચ ના પડે તેની સૌ કાળજી રાખે.

મોટાભાઈના સાંનિધ્યમાં

સરવાળે, જિલ્લા સર્વોદય મંડળનું સારું એવું ઘડતર થયું છે. ઉત્તમ પ્રણાલિકાઓ પડી છે.એક એકથી ચઢિયાતા જિલ્લા સંયોજકો સાંપડ્યા છે. આગવી સૂઝ અને સમર્પિત ભાવવાળા મિત્રોએ જિલ્લા સર્વોદય મંડળને અહર્નિશ કાર્ય કરતું રાખ્યું છે. એ બધા મોટાભાઈના જમણા હાથ જેવા રહ્યા છે. એ સહુને પ્રેરણા ને માર્ગદર્શન સતત પૂ. મોટાભાઈનું મળ્યું છે. મોટાભાઈએ એમનું ઘડતર કર્યું છે, અમારા સર્વોદય મંડળનુંયે ઘડતર કર્યું છે. મોટાભાઈએ અમારા મંડળને પરિપુષ્ટ કર્યું છે. મોટાભાઈએ અર્ધ શતાબ્દીથીયે વધુ કાળથી મહેસાણા, પાટણ, ગાંધીનગર જિલ્લાને અને ઉત્તર ગુજરાતને સર્વોદયની સુવાસથી મહેકતું રાખ્યું છે. અને આ સુવાસ આ બધા સીમાડાયે પાર કરી જઈને સમસ્ત ગુજરાતમાં તેમ જ દેશભરમાં પ્રસરી છે.

૦ ઈશ્વરભાઈ શિ. પટેલ

બસ, સમજાવતા જ રહેવું !

સમી તાલુકામાં વિકાસની હવા હજી બહુ પહોંચી નથી. ત્યાંના લોકો હજીયે ઘણા ભાવિક ને પ્રેમાળ. એમનું જીવન સાદું, સરળ અને શહેરની હવાથી અભડાયા વિનાનું. પણ અંધશ્રદ્ધા, વહેમો, રૂઢિરિવાજોની એમના પર ઘણી પકડ. આભડછેટ હજીય જોવા મળે.

આવા વિસ્તારમાં ગ્રામસ્વરાજનું કામ થવું જોઈએ, એવી મોટાભાઈને તીવ્ર ઇચ્છા. ત્યાંના અંતરિયાળ ક્ષેત્રમાં રાફુ ગામે જઈને બેસવું જોઈએ, એમ અમારી ત્રીજા રવિવારની બેઠકમાં વારે વારે કહ્યા કરે. અને એક વાર ઉત્સાહમાં અમે એમ કરવાનું નક્કી કરી દીધું.

મોટાભાઈની આગેવાની હેઠળ અમે દસેક જણ રાફુ પહોંચ્યા. રામજી મંદિરમાં સારી એવી સંખ્યામાં લોકો ભેળા થયા. મોટાભાઈએ અંતરના ઊંડા પ્રેમથી ગ્રામસ્વરાજ અને પરિવાર-ભાવનાની વાત મૂકી. અને અમારું કેન્દ્ર ત્યાં શરૂ થયું.

સર્વોદય મંડળના મિત્રો દસ-દસ દિવસ આપતા. વ્યસનમુક્તિ, સર્વોદય-પાત્ર, વસ્ત્ર-સ્વાવલંબન જેવા કાર્યક્રમો શરૂ થયા. તેમાં વસ્ત્ર-સ્વાવલંબન માટે આઠ ત્રાકના અંબર ચરખા ઉપર કાંતવાનું કામ સારું ચાલ્યું અને હજીય ચાલે છે. રામુભાઈના પ્રયત્નોથી તે કામ બાજુના અનવરપુરા અને કોડધા ગામમાં પણ વિસ્તર્યું છે.

પણ દિવસો જતાં મિત્રોના ઉત્સાહમાં ઓટ આવવા લાગી. તેમાં ઉંમર, સ્વાસ્થ્ય, અન્ય સામાજિક જવાબદારીઓ, ધૈર્યનો અભાવ, વગેરે કારણભૂત હતાં. લોકોનો પ્રતિભાવ પણ થોડો મંદ પડતો જતો હતો. લોકોમાં સ્વાર્થી વૃત્તિ એટલી ઘર કરી ગઈ છે કે સર્વોદયનો વિચાર ઝટ પકડાતો નથી. આમ, અમારી સંખ્યા ઘટતી ગઈ. એક વખત એવો આવ્યો કે મોટાભાઈને બાદ કરતાં બીજા માંડ બે-ત્રણ જણ જ રાફુ કેન્દ્રમાં હોય.

એક વાર મોટાભાઈ સાથે અમે કુલ ચાર જણ જ હતા. તેમાંના બે જણ તો ઉંમરે ને તબિયતે આવી રહેલા. મોટાભાઈનો ઉત્સાહ ભારે, પણ ઉંમરની અસર એમનેય વર્તાય. બાકી રહ્યો હું. એક દિવસ પ્રાર્થના પછી મોટાભાઈએ રાફુનું સાતત્ય જાળવવાની અને વધુ સમય આપવાની વાત કરી. લોકોની સંકુચિત ને સ્વાર્થી વૃત્તિ, તેને પહોંચી વળવાની મારી અક્ષમતા અને અન્ય સાથીઓના ઓસરતા જતા રસને લીધે હું ઘૂંઘવાયેલો હતો. એટલે આવેશમાં ને આવેશમાં મેં કહી દીધું કે, ''બીજા કોઈને રહેવું હોય તો ભલે રહે, હું અહીં નહીં રહું. મને તો લાગે છે કે લોકોને સેવા જોઈતી નથી, આપણે પરાણે આપવા માગીએ છીએ !''

મોટાભાઈ એક ક્ષણ તો કંઈ ન બોલ્યા, પણ એમને દુ:ખ થયું, તે મેં જોયું. એમનો મારા પર ઘણો વિશ્વાસ ને પ્રેમ. મને પસ્તાવો થયો. હું ભોંઠો પડ્યો. પછી મને પ્રેમથી કહે, ''તું તો ગાંડો છે. આ લોકોને ખબર નથી કે એમને શાની જરૂર છે. આપણે એમને એ જ તો સમજાવવાનું છે, સમજાવતા રહેવાનું છે. તેની અસર થઈ કે ન થઈ, તેની ચિંતા ન કરવી.''

હમેશાં એમનું આ જ વલણ. નિષ્કામ ભાવે સેવા કર્યા કરવી, ફળની સ્પૃહા લગીરે ન રાખવી. ફંડફાળો ઊઘરાવવા જઈએ. ઘણા ન પણ આપે. એક વાર એક વેપારીએ સાફ-સાફ ઇન્કાર કરી દીધો. હું સાથે હતો. મારું મોઢું લેવાઈ ગયું. પણ મોટાભાઈ કહે, ''બધા જ આપે એવું થોડું છે ? કોઈક ના પણ આપે. તેનું દુ:ખ ન રાખવું.''

આવું તો ઘણું એમની પાસેથી શીખવા જેવું છે. હું કંઈ એમને થોડો જ છોડી શકું એમ હતો ? 'સર્વોદય અભિયાન', સ્વાધ્યાય-પત્ર, ઉપવાસ-દાન પત્રિકા વગેરે દ્વારા એમના વિચારો ને ભાવના લોકો સુધી પહોંચાડવાનો યત્કિંચિત પ્રયત્ન કરતો રહું છું.

૦ કનુભાઈ રાવલ

સર્વોદય-પાત્ર અભિયાન

દરેક ઘરમાં એક-એક સર્વોદય-પાત્ર હોવું જોઈએ. પોતાના ઘરના બાળકના હાથે એક મુઠ્ઠી અનાજ તેમાં નખાય. રોજ ખાતા પહેલાં બાળક આ કામ કરે. મોટા માણસની મુઠ્ઠી નથી જોઈતી. તેનાથી વધારે અનાજ મળશે. પણ મને વધારેનો લોભ નથી. મને તો બાળકની મુઠ્ઠી જોઈએ. કાર્યકરો નીકળે અને ઘરેઘર, ગામેગામ જાય. આ કાર્યકરોને કોણ ઊભા કરશે ? તો, દરેક ઘરમાં રહેનારું આ સર્વોદય-પાત્ર. આને લીધે કોઈના ઉપર ભાર નહીં પડે અને બાળકોની કેળવણી થશે કે સમાજને માટે આપ્યા વિના ખાવું નહીં જોઈએ. ગરીબ હોય, તોયે તેના ઘરમાં આ સર્વોદય-પાત્ર હશે. આ રીતે બહુ મોટું કામ થશે.

સર્વોદય-પાત્રનો વિચાર મેં કર્ણાટકની પદયાત્રામાં (તા. ૧-૨-૧૯૫૮) પહેલવહેલો રજૂ કર્યો. બ્રહ્મદેવને સૃષ્ટિનું નિર્માણ કરતી વખતે અંતમાં જેમ ઋત અને સત્ય પ્રાપ્ત થયાં અને એમને અત્યંત આનંદ થયો, તેમ સર્વોદય-પાત્રની કલ્પના સૂઝતાં મને આનંદ થયો. મને થયું કે હું ઋષિ બની ગયો !

જે દિવસે પહેલું ભૂદાન મળ્યું, તે દિવસ એમ જ લાગ્યું કે આ તો ભગવાને સુઝાડ્યું અને એ જ મને આ કામ કરવા માટે મજબૂર કરી રહ્યો હતો. હું તો મનમાં ડરી રહ્યો હતો કે આટલું મોટું કામ મારાથી નહીં થાય, એટલે મારે તે નહીં લેવું જોઈએ. પણ ભગવાને જ મને તે કામ કરવા પ્રેર્યો. પરંતુ આ સર્વોદયપાત્રનો વિચાર મને સૂઝ્યો. અને ત્યારે મને થયું કે આજ હું ઋષિ બની ગયો ! મને દર્શન થયું, *'ઋષિર્દ્રષ્ટા'*.

૦ વિનોબા ૦

ડૉ. જોષીએ સર્વોદય-પાત્રનું કામ અગાઉ પણ કરેલું. ખાસ કરીને વડોદરામાં તેનું અભિયાન ચલાવેલું. પરંતુ તાજેતરમાં વિનોબાની જન્મ-શતાબ્દી નિમિત્તે ૧૯૯૬માં એમણે ફરી સર્વોદય-પાત્રનું એક અભિયાન ચલાવ્યું. તેનું થોડું વિવરણ તે પ્રવૃત્તિના સંયોજક એવા જયંતભાઈ ભાવસારે અહીં આપ્યું છે. સંભવ છે કે તેમાં વિનોબાજીની મૂળ કલ્પના જેવી ને તેવી ઝિલાઈ ન પણ હોય, છતાં તેનો ભાવ અવશ્ય ઝિલાયો છે. જયંતભાઈએ આ અભિયાન પાછળની ભાવના સારી રીતે વ્યક્ત કરી છે.

આમાં એમણે સંખ્યા અને ગામનાં નામ જણાવ્યાં છે. ઘણાં વરસો સુધી એ ચાલુ રહ્યું. પરંતુ હાલમાં હવે થોડાંક જ પાત્રો ચાલે છે. તેમ છતાં આ બધા પરિવારો સાથેના સંપર્કને લીધે સર્વોદયની જુદી જુદી પ્રવૃત્તિઓમાં એ બધાંનો ઘણો બધો સહયોગ મળતો રહે છે. તેઓ આ બધી પ્રવૃત્તિઓમાં સહભાગી થાય છે. જયંતભાઈ આ પ્રવૃત્તિનો હેવાલ ને હિસાબ 'સર્વોદય અભિયાન' માસિક પત્રિકામાં નિયમિત આપતા રહે છે.

સર્વોદયપાત્ર માટે ચિંતન અને અભિયાન

સર્વોદયપાત્ર એ આધ્યાત્મિક શક્તિ તેમજ ભૌતિક શક્તિ પેદા કરવાની સાધના છે.

આ કાર્ય માનવધર્મ છે. આમાં હિંદુ, મુસલમાન, શીખ, ઈસાઈ વગેરે બધા જ આવે.

સર્વોદય એટલે સર્વનો ઉદય. કોઈ ભૂખ્યો ન રહે - કોઈ કામ વગરનો ન રહે. સહુના હૃદયમાં સત્ય, પ્રેમ, કરુણાના વિચારોનો ઉદય થાય.

જેવી રીતે દેહને ખવરાવવાની ક્રિયા સતત ચાલુ રહે છે, એવી જ રીતે સમાજરૂપી દેહને ચલાવવા માટે કંઈક દાનની પ્રક્રિયા પણ સતત ચાલવી જોઈએ. ત્યાગથી લાગણી, શાંતિ પ્રાપ્ત થાય છે. જ્યારે સ્વાર્થ અને ભોગથી મહાભારત (ક્લેશ) સર્જાય છે.

સર્વોદયપાત્ર એટલે ભીખ કે ઉપકાર નહીં, એ તો છે સંસ્કૃતિનું ચિહ્ન. ત્યાગીને ભોગવી જાણો.

સત્ય, પ્રેમ, કરુણાના મંત્ર દ્વારા ઘરથી માંડીને સમગ્ર વિશ્વમાં શાંતિનો જયઘોષ છે.

પિંડે તે જ બ્રહ્માંડે. ઘરમાં, ગામમાં શાંતિ, તો જગતમાં શાંતિ.

નિત્ય સંકલ્પ

''અમે આજના શુભ દિને, સર્વોદય વિચારનું ચિંતન કરીને, (સહુનું હિત થાઓ એવી ભાવના કરીને) આ સર્વોદયપાત્રમાં સિક્કો કે અનાજ પધરાવીએ છીએ.... (પધરાવવું)... હે ઈશ્વર ! અમારામાં સત્ય, પ્રેમ, કરુણાના ગુણોનો વિકાસ થાય, તે માટે શક્તિ-ભક્તિ-પ્રેરણા આપો. સત્ય, પ્રેમ, કરુણા, સત્ય, પ્રેમ, કરુણા, સત્ય, પ્રેમ, કરુણા.''

થોડા કે વધુ ત્યાગથી તુરત જ શાંતિ પ્રાપ્ત થાય છે. સર્વોદયપાત્રની સ્થાપના એટલે ઘરમાં, ગામમાં વિશ્વમાં સુખશાંતિ અને સંસ્કારની સ્થાપના. બાળપણથી જ ત્યાગ અને પ્રેમના સંસ્કારનું સિંચન.

મંત્ર બોલીને ઘરનું નાનું બાળક સર્વોદયપાત્રમાં દરરોજ મૂઠી અનાજ પધરાવે છે કે સિક્કો પધરાવે છે. આપણે કુટુંબો દ્વારા સમાજમાં સત્ય, પ્રેમ, કરુણાની ભાવના સર્વત્ર ફેલાવવા માગીએ છીએ. પ્રતીક રૂપે ઘરઘરમાંથી એક મૂઠી અનાજ મળે. એ મૂઠીભર અનાજમાં જીવનશક્તિ છે. આમાંથી આપણે જનશક્તિનું નિર્માણ કરી શકીએ છીએ.

સમાજને અર્પણ કર્યા પછી અન્ન ગ્રહણ કરવાનો સંસ્કાર, કુટુંબના નાના-મોટા સહુને અનાયાસે જ મળશે. હું એકલો ન ભોગવું કે ખાઉં, પણ જે મળ્યું છે તે વહેંચીને વાપરવું એવી ભાવનાનો વિકાસ થાય તે માટે સર્વોદયપાત્ર પ્રેરણા આપે છે.

પૂ. ડૉ. જોષીસાહેબે પ્રેરણા આપીને સર્વોદયપાત્રો શરૂ કરાવ્યાં —

વડનગરમાં	૧૦૦૦	મહેસાણામાં	૧૫૦
વિજાપુરમાં	૨૫	ગ્રામભારતીમાં	૧૨૫
રાકુમાં	૧૨૫	ઉમતામાં	૧૧
સેવાળામાં	૧૦	મણુંદમાં	૦૫

૦ જયંત ભાવસાર

ઉપવાસ-દાન અભિયાન

સર્વ સેવા સંઘના ખર્ચ માટે આપણને વરસે દહાડે લગભગ દસ લાખ રૂપિયાની જરૂર પડતી હશે. મને થયું, આપણા સાથીઓ, કાર્યકરો, સહયોગીઓ, સર્વોદય વિચારમાં શ્રદ્ધા રાખનારા જેટલા લોકો દેશમાં છે, તે બધા મહિનામાં એક ઉપવાસ કરે અને તેને લીધે સાલભરમાં જે બચત થાય તે આ કામ માટે આપે, તો બહુ મોટું કામ થશે. ૨૫ રૂપિયાની સરેરાશ માનીએ તો ૧૦ લાખ રૂપિયાની રકમ પૂરી કરવા માટે ૪૦ હજાર માણસોએ ઉપવાસ કરવા પડે. મને લાગે છે કે દેશમાં તો આવા ઉપવાસ-પ્રેમી લાખો મળશે.

આ રીતે જે દાન દેવામાં આવશે, તે પવિત્ર દાન હશે. આવા પવિત્ર દાનનો ખર્ચ પણ સારી રીતે થશે. ખોટી રીતે ખર્ચ થવાની સંભાવના ઓછી થશે.

મારો આ ઉપવાસ-દાનનો વિચાર જાણીને જર્મનની સ્ટુટગાર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને થયું કે વાત સારી છે. તો એ લોકોએ આ રીતે અઠવાડિયે એક ટંક ખાવાનું છોડીને જે પૈસા ભેળા થયા તે મને મોકલવાનું શરૂ કર્યું. તે પૈસા બરાબર મારી પાસે આવે છે અને તેનો ઉપયોગ પણ સારા કામમાં થઈ રહ્યો છે. મેં અહીં આ વિચાર મૂક્યો, અને ત્યાં જર્મનીમાં આટલે દૂર ત્યાંના વિદ્યાર્થીઓએ તેનો અમલ શરૂ કર્યો !

ઉપવાસ કરીને જે બચ્યું, તેનું દાન આપીએ, તો તે પવિત્ર દાન થઈ જાય છે. આજ સુધી આપણે આપણાં કામોના ખર્ચ માટે અનેકોની મદદ લીધી. કોઈ પણ માણસ કેવોયે પૈસો આપે, જેની પાસેથી જે પણ મળ્યું અને જેટલું પણ મળ્યું, તે આપણે લીધું. તેમાં આપણે કોઈ ભૂલ કરી હોય, એવુંયે મને નથી લાગતું. તે આપણે 'સર્વ બ્રહ્મ'ની ઉપાસના કરી. હવે આપણે વિમલ, સ્વચ્છ, 'શુદ્ધ બ્રહ્મ'ની ઉપાસના કરવી છે. 'સર્વ' ભગવાનની સેવા કરી શકતા હતા, તે અત્યાર સુધી કરી. હવે 'શુદ્ધ' ભગવાનની સેવા કરીશું. હવે સર્વોદયમાં માનનારો દરેક માણસ દર મહિને એક પૂર્ણ ઉપવાસ કરે અને તેને લીધે જે બચત થાય, તે દાનમાં આપે. આ પ્રક્રિયાથી સામૂહિક સમાધિ પ્રાપ્ત કરી શકાય છે.

કોઈ કરોડપતિ મહિનામાં એક ઉપવાસ કરશે. તેના બાર ઉપવાસના કદાચ સો રૂપિયા થશે. એટલું દાન તે દેશે. તે ભલે કરોડપતિ હોય, પણ આપણે તેની પાસેથી સો રૂપિયા જેટલું જ મેળવીશું. એ હશે શુદ્ધ, સ્વચ્છ, નિર્મળ દાન.

૦ વિનોબા ૦

પૂજ્ય ડૉ. દ્વારકાદાસ જોષીસાહેબે ઑક્ટોબર ૧૯૯૮માં તેમના ચિંતનને જિલ્લા સર્વોદય મંડળની મિટિંગમાં રજૂ કરતાં જણાવ્યું કે આપણે જે કાંઈ સામાજિક કાર્યક્રમો-પ્રવૃત્તિઓ કરીએ છીએ તેના માટે જરૂર પડતાં નાણાં માટે જાહેરમાં જનતા પાસે વારંવાર ફાળો ઉઘરાવવાને બદલે, આપણે કાર્યકરોએ પોતે તેમજ સર્વોદય કાર્યના શુભેચ્છક મિત્રોએ પોતે સંયમ તપ કરીને, પોતાના ખર્ચમાંથી બચત કરીને નિયમિત રીતે સર્વોદય મંડળને રકમ જમા કરાવવી.

આવી રીતે મળેલ આપણું પોતાનું ભંડોળ જ આપણે સમાજસેવાનાં કાર્યો, જેવાં કે સત્ સાહિત્ય ઘેર ઘેર વંચાતું થાય તે માટે, ગોરક્ષા-ગોસેવા માટે, કુદરતી આફતો વેળાએ અસરગ્રસ્તોની સહાયનાં કાર્યો માટે તેમજ સર્વોદય મંડળની બીજી પ્રવૃત્તિઓ માટે પણ ઉપયોગમાં લઈ શકીએ.

તા. ૯-૧૦-૧૯૯૮ના રોજ શુભ શરૂઆત કરી. આને ઉપવાસદાન એવું નામ આપી ઉપવાસદાનીઓ નોંધવાની જવાબદારી જયંતભાઈ ભાવસારને સોંપી. ડૉ. જોષીસાહેબના નિકટ વર્તુળના ૧૧ સભ્યો-મિત્રોએ નામ નોંધાવ્યાં. બીજા વર્ષે ૧૯૯૯માં વડનગર ગામમાંથી તેમજ મુંબઈ વગેરે બહારના સ્થળે રહેતા તેમના સંબંધીઓને ઉપવાસ-દાનીઓ બનાવ્યા. સંખ્યા ૭૦ ની થઈ. અને ત્યાર બાદ તેમાં સર્વોદય કાર્યકરો-મિત્રો જોડાતાં સંખ્યા ૩૫૦ ઉપર પહોંચી ગઈ.

ઉપવાસદાનનો પાયાનો વિચાર એવો છે કે જે કોઈ સમાજહિતની સેવાભાવી પ્રવૃત્તિ કરવી હોય, તેમાં શુદ્ધ સાત્ત્વિક દાનમાંથી મળેલી રકમ વપરાય, તો કામ વધુ ઊગી નીકળે.

સંત વિનોબાના આ શુદ્ધ સાત્ત્વિક દાનના વિચારને ઘૂંટી ઘૂંટીને પૂ. જોષીસાહેબે સહુની સમક્ષ રજૂ કર્યો. ઉપવાસદાનમાં યજ્ઞ, તપ અને દાન ત્રણેયનો સમાવેશ થાય છે. ઉપવાસના દિવસે વ્યક્તિ પોતે ઈશ્વરના સાંનિધ્યમાં છે એમ સમજીને અસત્ય-અનિષ્ટ કાર્યથી બચવાની સાવધાની રાખે છે. સર્વના અંતર્યામી પરમાત્માને યાદ કરે છે કે નામ સ્મરણ કરે છે, અને ઉપવાસ કરીને થયેલી અન્ન આદિની બચત દાનમાં આપે છે.

ડિસેમ્બર ૨૦૦૦માં 'શુદ્ધ સાત્ત્વિક દાન માટે અપીલ' સંકલ્પપત્રની સાથે છપાવીને - વહેંચીને શુભેચ્છકોને ઉપવાસદાની થવા માટે નિમંત્રણ આપ્યું.

દર માસે એક દિવસનો ઉપવાસ કરવો. પણ જેનાથી આખો ઉપવાસ ન થઈ શકતો હોય, તે મહિનામાં બે એકટાણાં કરે તોયે તે એક ઉપવાસના સમકક્ષ ગણાય. આમ, ઉપવાસથી આપણે જે બચત કરી, તેટલી રકમ આપણે શુદ્ધ સાત્ત્વિક દાન સ્વરૂપે સત્કાર્યો, સામાજિક કાર્યો, સદ્‌વિચારના પ્રચાર હેતુ સર્વોદય મંડળને ઉપવાસદાન તરીકે આપીએ.

કોઈને રૂ. ૧૦ બચે તો કોઈને ૨૫, ૫૦ કે ૧૦૦ રૂપિયા બચતા હોય. જેવું જેનું જીવનધોરણ - પરંતુ ન્યૂનતમ રૂ. ૧૦ની બચત એક ઉપવાસની ગણતાં વર્ષના બાર માસની બચત રૂ. ૧૨૦ ઉપવાસદાની આપે એવી અપેક્ષા રાખેલી છે.

વળી, વિશેષ વાત તો એ છે કે તમામ ઉપવાસદાની ભાઈ-બહેનોને શરૂઆતથી જ દર માસે એક ટપાલ — ઉપવાસદાનપત્ર નિયમિતપણે મોકલવામાં આવે છે. ઑગસ્ટ ૨૦૦૫માં ૮૧મો ઉપવાસ દાન-પત્ર મોકલાયો. આ પત્રમાં ઉત્તમ વિચાર-કણિકાઓ તેમજ સંતો અને ભક્તોએ કરેલું ચિંતન, આધ્યાત્મિક બોધ વગેરે હતું. આ ઉપરાંત, ઉત્તમ સાહિત્ય પહોંચાડાય છે.

૦ જયંત ભાવસાર

સુખને દુ:ખમાં શું કામ પલટી નાખો છો ?

ભગવાને મનુષ્યનું જીવન દુ:ખી નથી બનાવ્યું. કયો બાપ પોતાના બાળક માટે દુ:ખી જીવન રાખશે ? કોઈ બાપ એમ ઇચ્છશે ખરો કે પોતાનો દીકરો દુ:ખી રહે ? તો શું ભગવાન એમ ઇચ્છતો હશે કે આપણે બધાં તેનાં બાળકો દુ:ખી રહીએ ? હરગિજ નહીં. પરંતુ આપણે આપણા માટે જે સુખની યોજના બનાવી તેને આપણે દુ:ખની યોજનામાં પલટી નાખી ! વાસ્તવમાં દુનિયા દુ:ખમય નથી, સુખમય જ છે. એ સુખનું આપણે દુ:ખ બનાવી નાખીએ છીએ.

આપણે સુખ ઇચ્છીએ છીએ, તો તેમાં આપણી કોઈ ભૂલ નથી. પરંતુ ભૂલ તેમાં છે કે આપણે આપણું એકલાનું સુખ ઇચ્છીએ છીએ. જે સહુનું સુખ ઇચ્છશે, તે સુખી થશે. જે માત્ર પોતાનું જ સુખ ઇચ્છશે, તે દુખી થશે. આ મારું ઘર, આ મારું ખેતર, તેનો હું માલિક, તેમાં હું બીજા કોઈને ભાગ નહીં આપું —આવી મનોવૃત્તિ એ સુખનો રસ્તો નથી, એ દુ:ખનો રસ્તો છે.

કોઈ માણસ કહે છે કે, "મારા ઘરની અંદર જે હવા છે, તેનો માલિક હું છું. તે હવાને હું બહાર નહીં જવા દઉં." એ દરવાજો બંધ કરી દે છે.

"કેમ, ભાઈ ! દરવાજો કેમ બંધ કરી દે છે ?"

"મારા ઘરની હવા હું બહાર જવા દેવા માગતો નથી."

"અરે મૂર્ખ ! તું દરવાજો બંધ કરીને બેઠો છે, તો તેમાં તારે ખોવાનું છે કે મેળવવાનું છે ? દરવાજો બંધ કરી દે છે, તો બહારની ખુલ્લી હવા અંદર નહીં આવે. ખોલી નાખ, તારા ઘરના દરવાજા ! વહેવા દે સારી હવા, તો દુનિયા આખીની ખુલ્લી હવા તારા ઘરમાં આવશે. તું તારા બે હાથે આપ, તો અનેકોના અનંત હાથે તું મેળવીશ. આપીશ તો બે જ હાથે, પરંતુ મેળવીશ સહસ્ર હાથે. બે હાથની મુઠ્ઠી બાંધી રાખીશ તો હજારો હાથે મેળવી શકીશ નહીં."

તો સમજવાની વાત એ છે કે સુખની ઇચ્છા રાખવામાં કાંઈ ખોટું નથી. પરંતુ હું જો મારા એકલા માટે સુખ ઇચ્છું છું, તો જરૂર દુ:ખ જ મારે પલ્લે પડશે. પણ સહુને માટે જે સુખ ઇચ્છશે, તે પોતે પણ સુખી બનશે. જે પોતાને માટે જ સુખ ઇચ્છશે તે પોતે પણ દુ:ખી બનશે, અને બીજાનેય દુ:ખી બનાવશે. ભૂલ સુખની ઇચ્છા રાખવામાં નથી, કેવળ પોતાના માટે જ સુખ ઇચ્છવામાં છે.

૦ વિનોબા ૦

વિનોબાજી કહેતા કે માત્ર એક વાર કંઈક ધન આપી દીધું, એમ નહીં, દાનની સતત અખંડ ધારા વહેતી રહેવી જોઈએ. આ માટે ડૉ. જોષીની પ્રેરણાથી વડનગરમાં ગ્રામસ્વરાજ મંડળ બન્યું. તેમાં નીચેની પત્રિકા અમે લોકોમાં વહેંચતા —

આપણે હંમેશા ખાતા રહીએ છીએ. તેના લીધે આપણા ઉપર અનેકોના ઉપકાર થયા છે. આ પરિસ્થિતિમાં આપણે સમાજ માટે કંઈ ને કંઈ આપતા રહીએ, એવી દાનક્રિયા આપણા જીવનમાં સતત ચાલતી રહેવી જોઈએ. જેમ આપણે દરરોજ ભોજન કરીએ છીએ, ત્યારે એમ નથી વિચારતા કે ક્યાં સુધી ખાતા રહીશું, બહુ દિવસ ખાધું, હવે ખાવાનું છોડીએ....

જેવી રીતે દેહને ખવરાવવાની ક્રિયા સતત ચાલુ રહે છે એવી રીતે સમાજ રૂપી દેહને ચલાવવા માટે દાનની ક્રિયા પણ સતત ચાલવી જોઈએ.

પગમાં કાંટો વાગે છે, તો હાથ તરત જ તેને ખેંચી કાઢવા માટે પહોંચી જાય છે. તેવી રીતે વ્યાપક સમાજ રૂપી શરીરના અંગ કે અવયવ ઉપર કષ્ટ હોય તો તેને દૂર કરવા માટે, કોઈ ચીજની આવશ્યકતા - જરૂર હોય તો પૂરી કરવા માટે, હાથની માફક જ સ્વાભાવિકતાથી પહોંચી જવું જોઈએ.

આ છે દાનની મીમાંસા – વિચારધારા

દાન બહુ વ્યાપક શબ્દ છે. જો સમાજમાં દાનધારાની પ્રવૃત્તિ ચાલે તો બહુ લાભ થાય. ધર્મનો સાર દાનમાં આવી જાય છે. દાન દરેક મનુષ્ય આપી શકે છે. તેમાં ગરીબ-તવંગરનો ભેદ નથી.

જે હાથ કોઈને પણ ગુલાબ આપે છે, તેની હથેળીમાં ગુલાબની સુગંધ આવે છે, જીવન તાજગી-ભર્યું, સુગંધિત, શાંતિમય અને પ્રસન્નતાથી ભરેલું રાખવામાં દાન ખૂબ સહાયક છે. કેમ કે દાનમાં બીજાનો વિચાર છે.

ઈશ્વર દ્વારા આપેલું પરત ન કરતાં જે ખાય છે, તે ચોર છે. મતલબ કે તે સત્યનિષ્ઠ નથી. સત્યની પૂર્તિ દાનથી થશે. ધમ્મપદમાં દેવતાઓ સુધી પહોંચવા માટે ત્રણ વાતો કહી છે. સત્ય-અહિંસા અને દાન. સત્ય-અહિંસા સાથે દાનને જોડ્યું, કેમ કે જે સત્યનિષ્ઠ છે, તેણે કૃતજ્ઞ થવા, સામાજિક ઋણથી મુક્ત થવા માટે તેને જે મળ્યું છે તેમાંથી કંઈ આપતા રહેવું જોઈએ; તે વિના સત્યની પૂર્તિ ન થાય. સત્યનિષ્ઠા અને અહિંસાનું મૂર્ત સ્વરૂપ છે, દાન.

ઇસ્લામમાં પણ કહ્યું છે કે ખેરાત અને જકાત આપે છે તે સત્યપ્રિય અને ઈશ્વર-પરાયણ લોક છે.

અને લોકો પાસે નીચેનો સંકલ્પ-પત્ર ભરાવતા—

સંકલ્પ-પત્ર

હું સંકલ્પ કરું છું કે મારી આવકમાંથી દર મહિને/દર વર્ષે ૪૦ મો હિસ્સો દાનમાં આપીશ. તેનો ઉપયોગ હું જરૂરિયાતવાળાને આપવામાં કરીશ. તેનો માસિક/વાર્ષિક અહેવાલ મહેસાણા-પાટણ-ગાંધીનગર જિલ્લા સર્વોદય મંડળને નિયમિત રીતે પોસ્ટકાર્ડ લખીને મોકલાવીશ.

આ રીતે સમાજમાં લોકોને દાનના સંસ્કાર આપતા રહેવાનો અમારો પ્રયત્ન રહ્યો છે.

૦ જયંત ભાવસાર

મોટાભાઈ : હાઈકુમાં

હરિના જન

નાવ હંકારે
ગાંધી વિનોબા રંગે
સૌમ્ય મૂર્તિ આ

ધારે જે મને
મથે અહોરાત એ
પાર ઉતારે

દ્વારકાદાસ
મોહમયી છોડી, ગ્યા
વડનગરે

કર કોમળ
ખોલે આંખ મીચેલી
હૈયે આનંદ

નિત્ય મનન
પઠન ગુંજારવે
પ્રજ્ઞા પાંગરે

કાંતે ને ખેડે
જીવન પરિશ્રમે
કોળે મનડાં

કર્મને સીંચે
જ્ઞાન-વિજ્ઞાન મંત્રે
હળવા ફૂલ

અન્યને લખે
કૈં કૈં, પ્રેમે જોતરે
આરોહણમાં

ભક્તિ વિશુદ્ધ
ઈંગલા ને પિંગલા
રેલે કરુણા

કરુણા ભાવે
બને શાંતિ સૈનિક
અશાંતિ શમે.

લાગી લગન
ગ્રામદાન તૂફાને
દળ હલાવે.

સમી, આમોદ,
ધરમપુર ખૂંદે
તાલુકા દાને.

આંદોલનને
નાટક વદી ભજવે
જીવન રસે

લક્ષાંક સેવે
ફાળવી સમયને
મસ્ત સંકલ્પે

શીરે કો છત્રી
ઉરે ઊમટે ગીતાઈ
વિચરે સંત

યોજે મિલન
પરિવારજનોનું
ખીલવે સૌને

વટાવે એંશી
ન કંઈ ખ્યાસ બાકી
ઝરે ખુશાલી

હરિના જન
દીઠા આ જગે મીઠા
ઉજ્જવળ યોગી.

૦ મહેન્દ્ર ભટ્ટ

કાવ્યનો હેતુ :

(૧) હરિનો યશ ગાવો.

(૨) જીવનનો અર્થ કરવો.

(૩) કર્તવ્યની દિશા દેખાડવી.

(૪) ચિત્તનો મેલ ધોવો.

*

કહે છે, *'રીડ બિટવીન ધ લાઇન્સ'* —બે લાઈનની વચ્ચેનું વાંચો, વચ્ચે જે કોરો ભાગ છે, તે વાંચો !

એક ભાઈએ એક સુંદર કાવ્યગ્રંથ મને મોકલેલો. તેમાં આખા પાનમાં લખાણ બહુ ઓછું હતું, અને ઘણી બધી જગ્યા કોરી હતી. કવિતા સુંદર હતી, પણ આ કોરો ભાગ વધારે સુંદર હતો, કોરા ભાગમાં વધારે કાવ્ય હતું !

૦ વિનોબા ૦

વૈષ્ણવજન : દ્વારકાદાસ

અજાતશત્રુ
સર્વ વત્સલ પિતૃ
દ્વારકાદાસ

નયને નેહ
અવ્વલ ને અદ્વલ
દ્વારકાદાસ

પ્રેમશાયડે
હૃદયકૂપ ભરે
દ્વારકાદાસ

અદના-આલા
સેવા સાદગી મૂર્તિ
દ્વારકાદાસ

સભર ભરી
દાઝ ગરીબ તણી
દ્વારકાદાસ

બાલસહજ
નિર્મલ હૃદયકુંજ
દ્વારકાદાસ

નાટક માની
કરે પ્રવૃત્તિ સારી
દ્વારકાદાસ

ના ફલાસક્તિ
સમય દાન ભક્તિ
દ્વારકાદાસ

ગાંધી વિનોબા
ગ્રામ સ્વરાજ ઘેલા
દ્વારકાદાસ

સ્નેહસભર
સર્વોદય મંડળ
દ્વારકાદાસ

પ્રેમ પુલકે
વિશાળ પરિવારે
દ્વારકાદાસ

ભૂદાન ગંગા
સદા સમાજ ગંગા
દ્વારકાદાસ

પ્રેરણાયુક્ત
સદા આગ્રહ મુક્ત
દ્વારકાદાસ

ગીતાબોધજ્ઞ
ધન્ય જીવન યજ્ઞ
દ્વારકાદાસ

શું સામ્યસૂત્ર
આતમરામ પવિત્ર
દ્વારકાદાસ

નિર્મળ રામ
સર્વનું સુખ ધામ
દ્વારકાદાસ

પરમાનંદ
સર્વાવસ્થા આનંદ
દ્વારકાદાસ

સદાબહાર
કરે સૌને નિહાલ
દ્વારકાદાસ

સ્વહસ્ત કામે
સ્વમુખ રામ નામે
દ્વારકાદાસ

સ્વાધ્યાય રત
સૂત્રયજ્ઞ સમસ્ત
દ્વારકાદાસ

સૂચન કોળે
માનવતા મહોરે
દ્વારકાદાસ

એના સાન્નિધ્યે
મારું તારું ઓગળે
દ્વારકાદાસ

સન્માનતા સૌ
પક્ષો-જ્ઞાતિઓ-ધર્મો
દ્વારકાદાસ

મિલન મધ્યે
કેટલા કાંતે પ્રશ્ને
દ્વારકાદાસ

સંવાદ સાધે
મિષ્ટ વક્તવ્ય વાધે
દ્વારકાદાસ

પ્રણિપાતેન
સેવ્ય પરિપ્રશ્નેન
દ્વારકાદાસ

ન આધિ વ્યાધિ
સૂતાં સદા સમાધિ
દ્વારકાદાસ

વેદ વ્યાસંગે
સંત મહાત્મા રંગે
દ્વારકાદાસ

સૌની અસ્મિતા
ખીલે સાન્નિધ્ય હિતા
દ્વારકાદાસ

વૈષ્ણવજન
સર્વહિત ભજન
દ્વારકાદાસ

વાચન-રસે
ખીલે-ખીલવે કસે
દ્વારકાદાસ

વડનગરે
આશ્રમ ને આરોગ્યે
દ્વારકાદાસ

વડનગર
સર્વોદયનું ઘર
દ્વારકાદાસ

આરોગ્યધામ
તન મન વિરામ
દ્વારકાદાસ

પુનિતધામ
સ્વગૃહે સૌ સમાન
દ્વારકાદાસ

ગૃહમંદિરે
લાગે પોતાનું સૌને
દ્વારકાદાસ

રતન સીતા
જીવનસાથી-સંગી ગીતા
દ્વારકાદાસ

મિહિરપુત્ર
સમાજ જ્યોતિ સૂત્ર
દ્વારકાદાસ

દાન સૂંડલી
સુપૌત્રી ધેનુ ઘેલી
દ્વારકાદાસ

વિતાન બંકો
સુપૌત્ર દાદા ડંકો
દ્વારકાદાસ

o ઈશ્વરભાઈ પટેલ

ગ્રામ-સ્વરાજનું મંદિર નિર્માણ કરવાનું છે

સ્વરાજ દિલ્લીમાં આવ્યું, ગાંધીનગરમાં આવ્યું. લંડનમાં હતું, તેને બદલે દિલ્લીમાં રાજ આવ્યું. પરંતુ આ સ્વરાજ હજી ગામડાંઓમાં ક્યાં આવ્યું ?

ધારો કે દિલ્લીમાં સૂર્યોદય થઈ ગયો અને ત્યાંથી તમારા ગામમાં તાર આવ્યો કે અહીં સૂર્યોદય થઈ ગયો છે. તો તમે કહેશો કે ભાઈ, સૂર્યોદય જ્યાં સુધી અમારા ગામમાં ન થાય, ત્યાં સુધી દિલ્લીનો સૂર્યોદય અમારે શા કામનો ? અમે સૂર્યોદય થયેલો તો ત્યારે માનીએ, જ્યારે અમારા ગામમાં દરેક ઘર સામે સૂર્યનારાયણનાં દર્શન થતાં હોય અને તેનાં કિરણો દરેક ઘરમાં પ્રવેશીને રોશની ફેલાવતાં હોય.

આવી જ રીતે જ્યારે બધા લોકોના અનુભવમાં સ્વરાજ આવશે, ત્યારે જ એમને સમાધાન થશે. સ્વરાજનો અનુભવ ગામેગામ અને ઘરેઘર થવો જોઈએ. ત્યાં સુધી દેશમાં સ્વરાજ આવ્યું છે તેનો શો ફાયદો ?

માટે સ્વરાજ ભલે આવ્યું પણ હવે ગ્રામસ્વરાજ લાવવાનું છે. ભારતની અસલ શક્તિ તેનાં ગામડાંમાં છે. ગ્રામસંસ્કૃતિને આધારે આપણો દેશ ઊભો છે. આપણો દેશ જો ટક્યો હોય, તો તે આ ગ્રામસંસ્કૃતિને આધારે. આજે આપણે આપણી આ ગ્રામસંસ્કૃતિનું નવસંસ્કરણ કરવાનું છે, અને તેને પરિપુષ્ટ કરવાની છે. ગામડાંને પરિપુષ્ટ કરીને એમનામાં પરિપુષ્ટ વિશ્વનું દર્શન કરાવવાનું છે. વેદમાં કહ્યું છે, *'વિશ્વં પુષ્ટં ગ્રામે અસ્મિન અનાતુરમ્'* —અમારા આ ગામમાં પરિપુષ્ટ ને નિરામય વિશ્વનું દર્શન થાઓ !

૦ વિનોબા ૦

આઝાદ ગામોનો આઝાદ દેશ જોઈએ

દાદાભાઈ નવરોજીએ ૧૯૦૬માં 'સ્વરાજ્ય' શબ્દ આપ્યો. 'સ્વરાજ્ય મારો જન્મસિદ્ધ હક્ક છે' —કહી લોકમાન્ય તિલકે તેને મંત્ર બનાવી દીધો. બાપુએ સ્વરાજ્યની સાધના કરી, જનતાને તૈયાર કરી. અને આઝાદી પછી વિનોબાએ આર્થિક સમાનતા લાવવા ભૂદાનની ભેરી બજાવી. તેમણે ગ્રામદાન-ગ્રામ-સ્વરાજ્યનું આંદોલન ઉપાડ્યું. આપણે તેને પરિપૂર્ણ કરવાનું છે.

આ આઝાદ ગામોનો આઝાદ દેશ હતો. મુસલમાનોના કાળમાં આઝાદ ગામોનો ગુલામ દેશ હતો. અંગ્રેજોના જમાનામાં ગુલામ ગામોનો ગુલામ દેશ થયો. તેમના ગયા પછી ગુલામ ગામોનો આઝાદ દેશ થયો છે. આપણે ફરીથી ગામોને આઝાદ કરી સાચી આઝાદી હાંસલ કરવાની છે.

પંચાયતરાજના નામે સરકારે ગામ પંચાયતને કેટલાક અધિકારો આપ્યા છે, પણ તે નાટક છે. જમીન, જળ ને જંગલ તથા ન્યાય ને રક્ષણના અધિકારો ગામ પાસે હોય. પોતાની જરૂરિયાતની બાબતમાં ગામ બને તેટલું સ્વાવલંબી હોય તો જ ખરું ગામ સ્વરાજ્ય ગણાય. આજે જમીન, હવા, પાણી પ્રદૂષિત થઈ ગયાં છે. જંગલો નાશ પામ્યાં છે. સરકારી નોકરો ગામના ધણી થઈ બેઠા છે. કેન્દ્રીકરણ, ભ્રષ્ટાચાર, ઉદ્યોગીકરણ વધ્યાં છે. પરિણામે ગામડાં બેહાલ થયાં છે, શોષણ ને અસમાનતા વધ્યાં છે.

આજે દેશની આર્થિક સ્થિતિ કફોડી છે. દેશ દેવાદાર થઈ ગયો છે. બહુરાષ્ટ્રીય કંપનીઓનું સામ્રાજ્ય ફેલાઈ રહ્યું છે. બધા જ રાજકીય પક્ષો ને તેમના આગેવાનો તેમને આમંત્રણ આપવામાં જાણે એકમેકની હરીફાઈ કરી રહ્યા છે. કાળું નાળું વધ્યું છે. ચૂંટણીઓમાં ભ્રષ્ટાચાર ચાલે છે. ભોગવાદ

પાંગર્યો છે. નીતિ-ધર્મ રસાતળ થઈ રહ્યાં છે.

બીજી બાજુ, સ્ત્રીઓમાં જાગૃતિ આવી છે. આંધ્ર, હરિયાણા, ઉત્તરાખંડમાં દારૂ સામે સ્ત્રીશક્તિ ખડી થઈ છે. ગુજરાતના ભરૂચ જિલ્લામાં ગામનાં પાણી ઉપર ગામે પોતાનો અધિકાર સ્થાપી મોટા કારખાનાને હાર આપી છે. મધ્યપ્રદેશમાં બ્રહ્મદેવ શર્મા 'આપણા ગામમાં આપણું રાજ' આંદોલન જોરદાર રીતે ચલાવી રહ્યા છે.

આપણે સૌએ સંગઠિત થઈ ગાંધી-વિનોબાના કામને પૂર્ણ કરવાનું છે, ગ્રામસ્વરાજ્ય હાંસલ કરવાનું છે. વિચાર-પ્રચાર નિષ્ઠાપૂર્વક કરવાનો છે. ગામોને પોતાનું આયોજન, શિક્ષણ, કાચા માલમાંથી પાકો માલ બનાવવાનું જ્ઞાન મળવું જોઈએ ને તેમ કરવામાં શાસનની કે કોઈ બીજા તંત્રની અડચણ ન આવવી જોઈએ. ગામનો ન્યાય, ગામનું રક્ષણ, ગામમાં ખેતી-ઉત્પાદન ને વધારેનો વિનિયોગ ગામે કરવાનો છે. તે માટે ગામનો પરિવાર બનાવવો છે. ૨૦૦૧માં પહેલા ભૂદાનને ૫૦ વર્ષ પૂરાં થાય ત્યાં સુધીમાં સૌની સંગઠિત શક્તિ લગાડી ગ્રામસ્વરાજના સંકલ્પો લેવડાવવા છે. ગ્રામસ્વરાજ્યના મંદિરનું નિર્માણ કરવાનું છે.

ડૉ. દ્વારકાદાસ જોષી

[સાકેગાંવ (જલગાંવ-મહારાષ્ટ્ર)માં મળેલ અ૰ ભા૰ સર્વોદય સમાજ સંમેલનમાં તા. ૧૫-૫-૧૯૯૭માં આપેલ અધ્યક્ષીય પ્રવચન]

આપણે સમાજ-વિજ્ઞાનીઓ છીએ

ગીતામાં કર્મનાં પાંચ સાધનો કહ્યાં છે, તે પાંચેય ગ્રામસ્વરાજ્યમાં આવી જાય છે. પરિવારમાં સ્વતંત્રતા, સમાનતા, ઉદારતા, બંધુતા જેવા ગુણોનો વિકાસ કરવાનો છે. છાંદોગ્ય ઉપનિષદમાં સત્યકામ જાબાલની કથા આવે છે. તે વખતે કુળનું મહત્ત્વ હતું. ત્યારથી પરિવાર ભાવના જામતી ગઈ. ઔદ્યોગિક ક્રાંતિએ તેને તોડી, આપણે ફરીથી તે ભાવના બળવત્તર કરવા ગ્રામસ્વરાજ્યનું આંદોલન ચલાવવાનું છે. આ વિજ્ઞાનનો જમાનો છે. જૂના વખતમાં ફેરફાર થતાં હજારો વર્ષ નીકળી જતાં. આ વિજ્ઞાનયુગમાં ઝડપ કરવાની છે. આપણી પાસે પ્રેમની શક્તિ છે. તે શક્તિનો વિકાસ ગામમાં કરવો છે. આપણે કાર્યકરો તો સમાજવિજ્ઞાનીઓ છીએ. ભૌતિક વિજ્ઞાનથી આગળ વધીને સંશોધન કરવાનું છે. તે માટે મુક્ત, અસંગ, અનહંવાદી બનવાનું છે. યુવાનોમાં ઉત્સાહ છે ને વૃદ્ધોમાં ધીરજ છે. તે બન્નેનો સમન્વય કરી ધૃતિ-ઉત્સાહ સમન્વિત થવાનું છે.

ભારતમાં આપણું કામ અને કાર્યકર્તાની સંખ્યા ન જેવી છે. ચોમેર અંધકાર વચ્ચે આપણો નાનકડો દીપક ગ્રામસ્વરાજ્યનો છે. આપણું કામ સ્થૂળ નથી, દિલથી દિલને જોડવાનું ભગીરથ કાર્ય છે. આપણે કામમાં ઊંડાયે ઊતરવાનું છે, તે સાથે વ્યાપક કાર્ય પણ કરવાનું છે. આપણું સતત ચિંતન ગ્રામસ્વરાજ્યનું હોવું જોઈએ. મહિને એક દિવસ, એક વર્ષે અઠવાડિયું આત્મચિંતનમાં કાઢીએ. આપણે એક વિજ્ઞાની જેટલી ધીરજ રાખવાની છે. ૧૭ વર્ષો સુધી ૩૪ દેશોના ૪૪૦ વિજ્ઞાનીઓ મથ્યા ત્યારે પ્રોટોન, ન્યુટ્રોન, ઈલેક્ટ્રોન શોધ્યા. આપણે પણ સંશોધન કરનારા સમાજવિજ્ઞાનીઓ છીએ. સાતત્યપૂર્વક ધીરજ રાખીને કામ કરીશું. આ કામ ભારત માટે જ નથી. દુનિયાભરમાં આ વિચાર જ છેવટે જીતવાનો છે. ઈશ્વર આપણને શક્તિ-ભક્તિ અને પ્રેરણા આપે.

૦ **ડૉ. દ્વારકાદાસ જોષી**

(સર્વોદય સંમેલનનું સમાપન પ્રવચન : તા. ૧૭-૫-૧૯૯૭)

પત્ર-પરાગ

[મોટાભાઈના પત્રો એટલે બારમાસીનાં ફૂલ. નિત્ય-નૂતન. બારેમાસ. સદાબહાર. અપરંપાર. અનાસક્ત. પ્રેમલ. ક્યાંય રૂપ, રસ, ગંધની અતિશયતા કે આડંબર નહિ. શિષ્ટાચાર કે અલ્પાચાર પણ નહિ, જરૂર જેટલું જરૂર લખે. આયાસને અવકાશ નહિ. સાહજિકતા પ્રધાન લક્ષણ.

હસ્તાક્ષર મધ્યમ. મરોડ માપનો. જોડણીમાં ભૂલ પડે. વાક્યરચના આઘીપાછી થાય. વિરામચિહ્નોની ઝાઝી પરવા નહિ. અને છતાં ભાવ અને અર્થ પૂરા પરખાય. જાણે લાઘવમાં પૂર્ણતા !

એમણે કેટકેટલાને પત્રો લખ્યા હશે ! કેટલી વાર લખ્યા હશે ! પ્રત્યુત્તર પામવાયોગ્ય પત્ર ભાગ્યે જ પ્રતિભાવ પામ્યા વગર રહ્યો હશે. નાના મોટાના અપવાદ વગર.

શિબિર હો કે સંમેલન, યજ્ઞ હો કે લગ્ન, જન્મ હો કે મરણ, કોઈ પણ પ્રસંગ કે આમંત્રણ હો એમનો વત્સલ પ્રતિભાવ પહોંચ્યો જ હોય. પત્રભાગીનાં આપ્તજનો કે મિત્રવર્ગને પણ યાદ પાઠવી હોય. નાનામોટા સૌને દ્વારકાદાસના સપ્રેમ પ્રણામ કે સસ્નેહ વંદન થયાં હોય.

તમામ પત્રો ભેગા કરીએતો કદાચ ટોપલા ભરાય. કેટલું સંવેદનશીલ હશે હૈયું ! સામા માણસ માટે કેટલાં માન-પ્રેમ ! આદમી અને અવસરનો કેટલો આદર ! પ્રવૃત્તિ અને પ્રગતિની કેટલી કાળજી ! હરવા-ફરવામાં મર્યાદા આવી ગઈ છતાં કામ અંગેની ચિંતા-ચિંતન ચાલુ જ.

ફાયદાના વેપારનું નામોનિશાન નહિ. આપણા પ્રમાદને પણ ખંખેરી નાખે. શું ચાલે છે કે હમણાં તમારો પત્ર નથી, એટલું લખે એટલે થાય કે આપણાથી ક્યાંક આળસ કે શરતચૂક થઈ રહી છે. શું વાંચે છે કે કેટલું કાંત્યું એમ પૂછે એટલે આપણી ઢીલાશની કસૂર ખ્યાલમાં આવી જ જાય. સ્વાસ્થ્યના સમાચારનું આદાન-પ્રદાન પણ હોય. સારા કામ માટે, ઉત્તમ વક્તવ્ય સારુ કે ઉમદા ચિંતનને પ્રમોદ્યા વિના ના રહે. છતાં ક્યાંક અત્યુક્તિ કે અલ્પોક્તિ નહિ. અતિ આગ્રહ કે આસક્તિ નહિ. બધું સહજ.

થાય કે આ સાહજિકતા જન્મજાત હશે કે અર્જિત ?
થાય કે આમને ખોળે ગમે તેમ આળોટો, ક્યાંય ખૂંચે નહિ ?
થાય કે આ પ્રેતાત્મા અન્યના કાજે કેટલો આતુર છે !

કોક વાર પૂછીએ, ''મોટાભાઈ, ફલાણું આમંત્રણ મળ્યું ?'' કહેશે- ''હા, જઈ શકાય એવી સ્થિતિ નથી, જવાબ લખી દીધો છે.'' ઘણાં ખરાં મિલનોમાં પ્રથમ પ્રતિભાવ પૂજ્ય મોટાભાઈનો મળી રહેતો હશે.

પત્રોથી જે મળે છે, તે કોઈ ગ્રંથ, પ્રવચન, સમાચારપત્ર કે લેખથી નથી મળતું. પત્ર અંગત સ્વરૂપનો હોય છે. એટલા માટે સત્ય તેમાં ઉત્કટ પ્રેમના રૂપમાં પ્રગટ થાય છે. તે એક વ્યક્તિવિશેષ માટે લખાયો હોવાને કારણે ઠીક બોધ આપે છે. આવા પત્રો અમૂલ્ય નિધિ, નિરંતર મિત્ર અને સંકટકાળમાં સાથી બની શકે છે.

૦ વિનોબા ૦

આવા લખાયેલા અનેકાનેક પત્રોમાંથી જે થોડાઘણા હાથ આવ્યા તેની પ્રસાદી આપણે આસ્વાદીએ. –ઈ.]

વડનગર, ૭-૨-૮૨

પૂજ્ય કુટ્ટીજી/જમુબેન

તમારો પત્ર મળ્યો છે, વાંચી આનંદ થયો છે. મને પણ ૨૩-૧-૮૨ના રોજ એન્જાઈનાનો ઍટેક આવ્યો. હવે તો સ્વાસ્થ્ય સારું છે, પણ હરવા-ફરવાની મર્યાદા આવી ગઈ છે. અહીં આશ્રમ આરોગ્યધામમાં રહે રહે જે કામ થઈ શકશે, તે કામ કરી શકાશે. ફંડ માટે અહીં જરૂરથી પ્રયત્ન કરીશું.

જમુ, તારું તેમજ કુટ્ટીજીનું માસિક ખર્ચ કેટલું સામાન્ય રીતે આવે છે તેના આંકડા મોકલજે, જેથી તે અંગે વિચારી શકાય.

હમણાં તો ગોરક્ષા સૌમ્ય સત્યાગ્રહ અને 'ગીતા પ્રવચનો' અંગેની પ્રવૃત્તિઓ ચાલે છે. ખેરાળુ તાલુકામાં ઘરે ઘરે ખાદીનો પ્રચાર થાય અને પ્રાર્થના થાય તે માટે ચિંતન ચાલે છે.

રતન તમને પ્રણામ લખાવે છે. મિહિર, હેમુ, ધેનુ, વસંત, રત્નપ્રભા બધાં મજામાં છે.

ઈશ્વર-સ્મરણ એ જ તારક છે.

દ્વારકાદાસના પ્રણામ

૧૯-૭-૮૯

કરસનભાઈ પોપટભાઈ તથા મિત્રો

પત્રિકા મળી. વાંચી આનંદ થયો. કર્મયોગનો જેમ વિકાસ થાય સાથે સાથે કાર્યકર્તાઓમાં જ્ઞાનયોગ અને ભક્તિયોગનો પણ વિકાસ થવો જોઈએ. તો સંસ્થામાં તેજ રહ્યા કરે.....

દ્વારકાદાસના વંદન

૨૫-૩-૮૮

પ્રિય કરસનભાઈ

....હવે પાણીનો પ્રશ્ન પ્રાણપ્રશ્ન બન્યો છે. હમણાં તા. ૧૮ થી ૨૨ પાંચ દિવસ સમી તાલુકાનાં ૧૨ ગામોમાં પદયાત્રા કરી. સવારે ૧ ગામ, સાંજે ૧ ગામ. ત્રણ-ચાર કિ.મી. દૂર હતાં. તેમાં ૮ ગામોમાં ટેન્કરથી પાણી અપાય છે. અને ચાર ગામોમાં પણ પાણીની તકલીફ તો છે. .....હવે આ બાજુ કેટલાંક ગામડાંમાંથી લોકો બહાર જાય છે. વેપારીઓ પણ ગામ છોડી જાય છે. ઉનાળાના ત્રણ મહિના મુશ્કેલીમાં જશે. પ્રયત્નો કરી છૂટીએ. વૃક્ષોનું વાવેતર ગુજરાતમાં સમૂહ રૂપે થાય. બે મહિના બધી હાઈસ્કૂલો, કૉલેજો કામે લાગે તો બે-પાંચ વરસે વાતાવરણમાં ફેર પડે. આપણી શક્તિભક્તિ પ્રમાણે કાર્ય કરીએ.

૭૦૦૦૦ બળદોને ખાણદાણ આપ્યું. હજી બીજા ૬૦૦ બળદોને આપીશું. ગામડાં સાવ બેહાલ થયાં છે. ગ્રામોદ્યોગ નષ્ટ થયા છે. યંત્રવાદના બેફામ ઉપયોગથી દેશની સ્થિતિ બહુ જ ખરાબ થઈ છે. ગાંધી-વિનોબાની વાત લોકો ક્યારે પકડશે ? ઠોકર ખાઈને ખરે રસ્તે જવું પડશે.....

દ્વારકાદાસના વંદન

૯-૧૧-૯૦

ગિરજાશંકરભાઈ

ગોરક્ષા સત્યાગ્રહ સમર્થન માટેના કાર્યક્રમ અંગે આપણે વિચારવું છે. તા. ૧૫-૧૧-૯૦ ગુરુવારના રોજ સવારે ૧૦ વાગે ગાંધી આશ્રમ, ઝિલિયા 'ગાંધી પડકાર અભિયાન' અંગે મળવાનું રાખ્યું છે. જો તમે તે દિવસે ઝિલિયા આવી શકો તો તે અંગે વિચારીએ....

દ્વારકાદાસના વંદન

૩૦-૫-૯૧

કરસનભાઈ

....કાર્યકર્તા સ્વાધ્યાય શિબિરો સારો વિચાર છે. તે અવારનવાર કરવા જેવા છે. તેનાથી ઊંડાણ આવે છે. છેવટે વિચાર જ એક શક્તિ છે. ફળ તો ઈશ્વરને સમર્પણ.

દ્વારકાદાસના વંદન

૧૧-૫-૯૧

કરસનભાઈ

.....૭૫મું વર્ષ શરૂ થયું છે. સંન્યસ્ત વૃત્તિનું ચિંતન ચાલે છે. ગ્રામસ્વરાજ્ય અંગે ખાસ મહિનામાં દસ દિવસ યાત્રા કરવી એવો વિચાર ચાલે છે. હીરાભાઈ, ગોપાળભાઈ સાથમાં છે. ગોરક્ષા સમર્થનના ૧ લાખ થયા છે. ઉ.બુ. વિદ્યાલયો, હાઈસ્કૂલોના વિદ્યાર્થીઓએ સારી મહેનત કરી. દૂધસાગરની ૪૫૦-૫૦૦ મંડળીઓએ પણ ભાગ લીધો. ૬૦-૭૦ ભાઈબહેનોએ પણ ભાગ લીધો.

લગભગ ચાર-પાંચ મહિના પ્રવૃત્તિ ચાલી. પણ આ બધી પ્રવૃત્તિઓનાં મૂળ ક્યાંય જામતાં નથી. અત્યારે એમ લાગે છે કે જાણે સામાન્ય જનતા પાસે પૈસો મેળવવો એ જ ધ્યેય. અને કેટલાક સત્તાકાંક્ષી છે. આપણે તો વિચાર-પ્રચાર કરતા રહેવો. જ્યારે અનુકૂળ પરિસ્થિતિ થશે ત્યારે પાંગરશે....

દ્વારકાદાસના વંદન

૨૫-૮-૯૨

પ્રિય કરસનભાઈ

....તા. ૧૬ થી ૨૧નો જે કાર્યક્રમ છે તે અંગે મારું જે લાઉડ થિંકિંગ છે તે લખી જણાવું છું.

શરીર છે પણ તે આત્માના આધારે છે. એમ આ કર્મ પણ શરીર છે અને તેનો ભાવ અંતરનો તે આત્મા છે.

હું સમજ્યો છું ત્યાં સુધી ગ્રામસ્વરાજનું બાહ્ય કર્મ તે તેનું શરીર છે, પણ ગામમાં પારિવારિક ભાવના સ્થપાય તે તેનો આત્મા છે. આ પારિવારિક ભાવના ગામમાં કેમ નિર્માણ થાય તેના અંગે ચિંતન, મનન, પ્રયત્નો ચાલવા જોઈએ. આલંબન જેમ બાબાએ ભૂદાનનું લીધું હતું તેમ આલંબન વૃક્ષારોપણ, ચેકડેમ, ગોસદન, સજીવ ખેતી કે આરોગ્ય-સ્વાવલંબન લઈએ, પણ મૂળમાં તેના દ્વારા પારિવારિક ભાવના જાગવી જોઈએ. તે માટે દરેક ગામમાં બેપાંચ ભાઈ-બહેનો પરિવારમાં જેમ માતાપિતા હોય છે તેમ ગામનાં માતાપિતા બને, તો પારિવારિક ભાવના સ્થાપવામાં મદદ થાય. આ તો માત્ર અસ્ફૂટ વિચારો છે.

સ્વાસ્થ્ય તો સારું છે. લગભગ દરરોજ એક પત્ર સહૃદય મિત્રોને ગ્રામસ્વરાજની પત્રિકા સાથે લખું છું.

દ્વારકાદાસના વંદન

૩૦-૭-૯૩

રાજુભાઈ

તમારો પત્ર મળ્યો છે. વાંચી આનંદ થયો. સારી રીતે લખ્યો છે. એક્સપ્રેશન-ભાવ, ભાષા પણ સરસ ભાવવાળી છે. તમારામાં જે ધર્મભાવના, સેવાભાવના, આધ્યાત્મિક ભાવ છે, તેનો ઉત્તરોત્તર વિકાસ થાઓ.

વડનગરમાં હતા ત્યાં સુધી ગ્રામસ્વરાજ મંડળની જે સેવા કરી છે —પ્રામાણિકતાથી હિસાબ વગેરે રાખ્યા —ફરી ફરીને ફંડ ભેગું કર્યું, તે કાર્યની બહુ સારી છાપ પડી.

આશા છે કે તમે જ્યાં હશો ત્યાં સહજ રીતે જે તે સંસ્થાનું કામ કરશો. તેમાં તમારા બધા સુંદર ગુણોનો અનુભવ ત્યાંના કાર્યકર્તાઓને પણ થશે.

આવી રીતે પત્ર લખતા રહેજો.....

દ્વારકાદાસના વંદન

૨૭-૧-૯૪

કરસનભાઈ

.....સાતત્યપૂર્વકની અને નિષ્ઠાપૂર્વકની પ્રવૃત્તિ ફળદાયી થાય છે જ. અનુકૂળ મિત્રો મળ્યા જ કરે છે. ઈશ્વરે નિર્માણ કરેલું જ છે. સારા કામનો, સાચી વાતનો ધીરે ધીરે પણ વ્યાપ થાય જ છે.

હમણાં જિલ્લામાં ગાંધી સવાસોનો કાર્યક્રમ

ચાલે છે. માર્ચ ૧લી થી ૩૧ મહિના યાત્રા (વાહન) શરૂ કરવા વિચાર્યું છે.....

દ્વારકાદાસના વંદન

૯-૧૨-૯૪

રાજુ - મિત્રો

તારો પત્ર મળ્યો. તારી પ્રવૃત્તિઓ અનુભવી. અને ભોગીભાઈ કહેતા હતા કે દર રવિવારે આ પ્રવૃત્તિ માટે જ સમય આપે છે. આ બધું જાણી આનંદ થાય છે અને આદરની લાગણી થાય છે.

હવે તો તું કવિ પણ થતો જાય છે. સારા સાહિત્યનું, ભક્તિ તત્ત્વનું પણ વાંચન કરવું. તેમાંથી આપણને જે સત્ય લાગે તેટલું જ આચરવું.....

અપીલનું લખાણ સુધારા સાથે મોકલાવું છું. તેમાં અતિશયોક્તિ પણ ન હોય, આંકડામાં તેમ જ હકીકતમાં પણ સત્ય હોય. સહજ રીતે જે થાય તે કરવું. માનભેર કરવું, ક્યાંય લઘુતાગ્રંથિ ન દાખવવી....

દ્વારકાદાસના વંદન

૨૩-૧૨-૯૪

સુરેશ, રાજુ અને મિત્રો

તમે જે પ્રયત્નો કરો છો, તે સ્તુત્ય છે....

દર મહિને એક દિવસ સમાજસેવા માટે આપે, દર મહિને એક દિવસની કમાણી સમાજસેવા માટે આપે, એવા મિત્રો તૈયાર કરો. રકમનો ઉપયોગ જાતે જ યોગ્ય લાગે તે રીતે કરે. સમાનતા અને ટ્રસ્ટીશિપનો એક પ્રવાહ શરૂ થયો. અહેવાલ મોકલજો.

દ્વારકાદાસના વંદન

૩૧-૧-૯૫

સુરેશભાઈ
રાજુ સર્વ મિત્રો

તમારી બધાની અંત:કરણની લાગણી અને નિષ્કામ ભાવના અનુભવી. ધન્ય થવાય છે. કનુભાઈએ સારો પ્રયત્ન કર્યો. ઈશ્વરે દરેકના હૃદયમાં કરુણા મૂકી જ છે.....

'સ્વરાજ' પત્રિકાનું બાહ્ય અને આંતર કલેવર સુંદર છે. નવકાર ગ્રાફિકવાળા સારા સહૃદયી મિત્રો મળ્યા છે....

ત્યાં લેટરહેડ છપાવો અને તમે જ બધા વિધિ કરો. તમે જ આ પ્રવૃત્તિના ખરા ભાગીદાર છો....

દ્વારકાદાસના વંદન

૮-૧૦-૯૬

રાજુ, સ્વાતિ સર્વ પરિવાર

તારો પત્ર મળ્યો છે. મિચ્છામિ દુક્કડમ્. પર્યુષણમાં ક્યાં વ્રતો કર્યાં ? આંબિલ કર્યા ? ઉપવાસ કર્યા ?

નગરવિકાસ સમિતિ માટે પ્રયત્નો કરીએ છીએ. હમણાં ગુજરાતમાં ગામેગામ ગ્રામ સ્વરાજ સમિતિઓ થાય તે માટે પ્રયત્ન ચાલે છે. સમાજ અગત્યની રાજકીય, આર્થિક, નૈતિક પરિસ્થિતિથી ચિંતિત છે. લોકશાહીમાં પરિવર્તન કરવાની વેળા આવી લાગે છે.....

દ્વારકાદાસના સ્નેહવંદન

૧૪-૧૦-૯૬

કરસનભાઈ

.....૯મી તારીખે ડાબી આંખનું મોતિયાનું ઓપરેશન કરાવ્યું. સારું છે... વચ્ચે ૧૧ દિવસ વિસનગર તાલુકામાં ૧૫ ગામોમાં ગ્રામસ્વરાજ સમિતિઓ બનાવી. લોકો અત્યારની પરિસ્થિતિથી ચિંતિત છે. ગ્રામસ્વરાજના વિચારને સમજવાનો પ્રયત્ન કરે છે. વાતાવરણ અનુકૂળ થતું જાય છે. પાણી જે રીતે ઓછાં થઈ રહ્યાં છે, જમીન રાસાયણિક ખાતરોથી બગડી રહી છે તેનો ખ્યાલ આવતો જાય છે.....

દ્વારકાદાસના વંદન

૮-૨-૯૮

લાભુભાઈ –મિત્રો

ઘાટકોપર ગોરક્ષા સત્યાગ્રહ સમિતિ તરફથી પત્ર છે કે બે સત્યાગ્રહ માટે બે ભાઈ-બહેનોની જરૂર છે, દર પંદર દિવસે આવે. તો જો શક્ય હોય તો જરૂરથી પ્રયત્ન કરજો.

ઠંડી પડે છે. પૂ. અચ્યુતકાકાની તબિયત સાધારણ છે. સત્યાગ્રહને સોળ વર્ષ થયાં. સાતત્ય, ધીરજ અને ઉત્સાહથી ચાલ્યા કરીશું તો યથા સમયે મુકામ આવશે.....

દ્વારકાદાસના વંદન

૩૦-૧૨-૯૮

રાજુભાઈ

.....તમારો બધાનો ઉત્સાહ જોઈ આનંદ થાય છે. ઉત્સાહ સાથે ધીરજ અને સાતત્ય જોઈએ. નહીંતર ઊભરા જેવું થાય તે યોગ્ય નહીં. શ્રદ્ધા છે કે શાંતિથી, ધીરજથી, વિવેકથી, સાતત્યપૂર્વક કરશો તો સારું પરિણામ આવશે. બધા વિષયોનો સ્વાધ્યાય પણ કરવો જોઈએ.....

દ્વારકાદાસના વંદન

૨૫-૧૧-૨૦૦૦

પ્રિય લાભશંકર – સર્વ પરિવાર

તમારો પત્ર મળ્યો છે. ગિરજાશંકરભાઈનું કાર્ય સારી રીતે સંભાળી રહ્યા છો અને આગળ વિકાસ કરી રહ્યા છો જાણી આનંદ.

હમણાં સર્વોદય પ્રવૃત્તિ અને ગ્રામસ્વરાજની પ્રવૃત્તિ માટે સમી તાલુકો પસંદ કર્યો છે. અત્યારે રાફુમાં કેન્દ્ર રાખ્યું છે. ૧લી તારીખથી ૧૫ તારીખ સુધી લગભગ રાફુ રહેવાનું થાય છે. સાથે ઈશ્વરભાઈ, કનુભાઈ, હાલુસિંહ વગેરે મિત્રો મહિને દસ-દસ દિવસો આપે છે. ગુટકાબંધી, દારૂબંધી, વ્યસનમુક્તિ તેમ જ ગામ —બધા મળીને ગ્રામકોષ કાઢે, વસ્ત્રસ્વાવલંબનની દૃષ્ટિએ ખાદી પણ દરેક ગામે ઉત્પન્ન થાય, તે માટેની કોશિશ ચાલે છે. બાની તબિયત સારી હશે. મોટાભાઈ મજામાં હશે. સર્વેને યાદ.

દ્વારકાદાસના વંદન

૮-૧૧-૯૯

કાન્તાબહેન હરવિલાસ
કાન્તિભાઈ નવનીત

નૂતન વર્ષે શુભ કામનાઓ.

કાન્તાબેનની તબિયત કેમ છે ? .....ઈદોર આવી શકીશ નહીં. હવે લાંબી મુસાફરી કરવાની વૃત્તિ થતી નથી. સ્વાસ્થ્ય સારું છે.

તમે બધા પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ શ્રદ્ધાપૂર્વક ઉત્સાહપૂર્વક બહુ સારું કામ કરો છો, એમ અનુભવી આનંદ થાય છે. ઈશ્વરે જે સાધન આપ્યું છે, તેનો બહુ સારો ઉપયોગ થાય છે. બધાંને ધન્યવાદ.

દ્વારકાદાસના વંદન

૬-૯-૯૯

કાન્તાબેન હરવિલાસ
કાન્તિભાઈ નવનીત

સર્વોદય પરિવાર ટ્રસ્ટનું કાર્ય-વિવરણ ૧૯૯૮-૯૯નું મળ્યું. આ વર્ષે ૭૬ લાખ રાહતકામો તેમજ વિદ્યાલય-છાત્રાલયમાં ખર્ચાયા. ૭૮ લાખની આવક થઈ. આ વર્ષે બહુ જ સારું કામ થયું. શિક્ષણનું કામ શરૂ કર્યું છે, તે પાયાનું કામ થયું છે. ભારતમાં આદર્શ કામ એક તાલુકાનું થઈ રહ્યું છે. ઈશ્વર જે પ્રેરણા આપે તે કરવું. તમે જે કામ કરો છો તેનો પ્રતિભાવ સમાજ તરફથી પણ સારો મળે છે. નિષ્કામ ભાવે કર્મ કર્યા કરવું.

હેમુબેનની તબિયત સારી છે. મારું સ્વાસ્થ્ય સારું છે. હમણાં 'ભૂમિપુત્ર'ના ગ્રાહકો બનાવવાની પ્રવૃત્તિ જિલ્લામાં ચાલે છે. ગ્રામસભાઓ કંઈક કાર્ય

કરતી થાય તે માટે મનોમંથન ચાલે છે. બધા મજામાં છે.....

તમે બધા અભિનંદનને પાત્ર છો. કાન્તિ તેના લેખન-ચિંતનના સમયમાંથી સારો એવો સમય આમાં આપે છે.

દ્વારકાદાસના વંદન

વિસનગર, ૨૩-૫-૦૧

પ્રિય ઈશ્વરભાઈ

આંખે ઓપરેશન સારી રીતે થઈ ગયું હશે. ડૉ. વસંતભાઈને હૃદયની બાયપાસ સર્જરી બે દિવસ પહેલાં અમદાવાદમાં થઈ ગઈ. સારું છે. હમણાં હું અહીંયા જ છું. કનુભાઈ આવી ગયા. ધેમરભાઈને ભૂકંપ રાહત માટે સમી તાલુકામાં સમય આપવા લખ્યું છે. હું ધારું છું કે લાખ રૂપિયા જેટલા ભૂકંપ રાહત માટે થયા હશે. જયંતભાઈ (દિલ્હી)ના સમાચાર હતા કે બીજી રકમ જોઈએ તો લખજો.....

દ્વારકાદાસના વંદન

૧૫-૮-૦૧

પ્રિય ઈશ્વરભાઈ,
દશરથભાઈ મિત્રો

ગુ. સર્વોદય મંડળની કારોબારીની મિટિંગનો પત્ર મળ્યો. હવે બીપીની સમસ્યા થઈ છે. માથામાં જે દુખતું હતું તે હવે દવાથી સારું છે, પણ અશક્તિ વધતી જાય છે. લાકડી લઈને પણ થોડું જ ચલાય છે. સ્વાસ્થ્ય સારું છે. હવે શારીરિક મર્યાદા તેમજ માનસિક મર્યાદાઓને લીધે મુક્ત થાઉં છું, અને મુક્ત કરશો. વાંચવામાં ગીતાઈ-ચિંતનિકા, વેદના મંત્રો વગેરે વંચાય છે.

હવે સમય મળે અનુકૂળતા હોય તો વિસનગર આવવું. સત્સંગ થશે. ગમશે.

સર્વ મિત્રોને સપ્રેમ પ્રણામ. પદ્મા-દીપિકા સર્વેને યાદ.

દ્વારકાદાસના વંદન

૨૮-૮-૦૧

પ્રિય કાન્તિ
હરવિલાસ (હરિશ્ચંદ્ર), ધુવભાઈ, સુજાતા
– સર્વોદય પરિવાર

'ધરમપુરના ડુંગરોમાં' અહેવાલ મળ્યો. આ વર્ષની પ્રવૃત્તિઓ વાંચી. તમારી પ્રવૃત્તિઓ જાણી કયા શબ્દોથી વર્ણવવી એ જ પ્રશ્ન છે. ૩૩ વર્ષથી એકધારી સતત નિષ્ઠાથી સમજણપૂર્વક સર્વાંગી સેવા કરો છો. આ સેવા નથી પણ સંપૂર્ણ સમાજ-જીવન સાથે આત્મીયતા છે. તમારા કામથી સમાજને પણ પ્રેરણા મળશે.

કાન્તિ તો ક્રાન્તદર્શી કવિ વશી વ્યાપક સ્વતંત્ર છે. હરવિલાસ પ્રેમાળ સાલસ વિવેકી ધીરજ અને આત્મૌપમ્ય ભાવથી સમાજમાં એકરસ થાય છે. કાન્તાની ભક્તિ અને નવનીતની ભક્તિ છે. આ બધા ગુણો એકબીજા એવા તાણાવાણામાં વણાઈ ગયા છે કે સરસ વણાયેલું વસ્ત્ર થયું છે અને તે સમાજરૂપી ઈશ્વરને સમર્પિત થયું છે. તમને બધાંને 'શતં જીવ શરદો વર્ધમાનઃ'ના આશિષ આપવાનું જ થાય.

મારું સ્વાસ્થ્ય હવે સારું છે. માથાનો દુખાવો હવે બિલકુલ નથી. દવાઓથી ઘણી રાહત છે. પણ હવે થોડું ચાલું તો એન્જાઈનલ પેઈન થાય છે. એટલે ચાલવાનું ઓછું છે. મિહિરભાઈ બહુ સાર-સંભાળ રાખે છે. રતનબેન, વિતાન બધા મજામાં. અમદાવાદ બાજુ આવો તો આ બાજુ એકાદ દિવસ આવો.

હરવિલાસને છાતીમાં પેચ હતો, તે હવે કેમ છે ? ત્યાંનું ભેજવાળું વાતાવરણ. ડાયથરપીનો શેક લીધો હતો ?

દ્વારકાદાસના સપ્રેમ પ્રણામ

૧૭-૯-૦૧

પ્રિય ઈશ્વરભાઈ

મણુંદમાં તમે બહુ સારું પ્રવચન આપ્યું. અભિનંદન.

હવે મુનીભાઈએ ગ્રામસભાઓને અધિકારો આપવા જે ઝુંબેશ ઉપાડી છે, તેમાં મહેસાણા-પાટણ-ગાંધીનગર જિલ્લાનાં ૨૦૦૦ ગામોમાં સહીઓ વ્યવસ્થિત રીતે થાય તે માટે પૂરો સહકાર આપવો જોઈએ. ચુનીભાઈને મળીને આયોજન કરવું જોઈએ. ૨૫-૩૦ હજાર ખર્ચ થાય પણ કરવા જેવું ખરું....

દ્વારકાદાસના સપ્રેમ પ્રણામ

૧૩-૯-૦૧

પ્રિય ઈશ્વરભાઈ

હમણાં તમારા કંઈ સમાચાર નથી. શું પ્રવૃત્તિમાં રમમાણ છો ? કનુભાઈનો ટેલીફોન હતો. તમે મુક્ત થયા છો અને રજની દવે યુક્ત થયા છે. સારું થયું. તમે હવે બીજી ઉપયોગી પ્રવૃત્તિ કરી શકશો. કોડધા અંગે શું વિચાર્યું ? અભેરાજજી કાલે આવ્યા હતા. તે તમને મદદ કરે એમ છે.....

સ્વાસ્થ્ય સારું છે. સ્ફૂર્તિ સારી છે. વિનોબાનું આધ્યાત્મિક સાહિત્ય વંચાય છે. ૧ કલાક કંતાય છે. ૦ા કલાક નજીકમાં જ ફરું છું. અહીંયાં બધાં મજામાં. સર્વ પરિવારને યાદ. મોતીભાઈને કેમ છે ? ન્યુરો-ફિઝિશિયનને બતાવ્યું ?

અમેરિકામાં ન ધારેલું થયું. વેરથી વેર વધશે.

દ્વારકાદાસના સપ્રેમ પ્રણામ

૨૮-૯-૦૧

પ્રિય ઈશ્વરભાઈ

પિંડવળથી આ વર્ષનો એમની પ્રવૃત્તિઓનો અહેવાલ આવ્યો છે. સારો વિકાસ થઈ રહ્યો છે. નવાં નવાં ક્ષેત્રો ખૂલતાં જાય છે. ૩૩ વર્ષથી સાતત્યપૂર્વક એકનિષ્ઠાથી સમાજના સર્વાંગી વિકાસ માટે ભગીરથ પ્રયત્નો કરે છે. તમે કોડધા માટે વિચારો છો તેમાં આ અહેવાલ નવા વિચારો આપશે.

મારું સ્વાસ્થ્ય સારું છે. માથાના દુખાવામાં તો દવાઓથી ઘણું સારું છે. પણ ગાયત્રી મંદિર જતાં એન્જાઈનલ દુખાવો થાય છે. હવે ચાલવાનું ઓછું થઈ ગયું છે.

રોજ બે કલાક વિનોબાનું આધ્યાત્મિક સાહિત્ય વંચાય છે. સ્ફૂર્તિ સારી છે.

દ્વારકાદાસના સપ્રેમ પ્રણામ

૫-૧૧-૦૧

પ્રિય ઈશ્વરભાઈ
રમેશભાઈ સર્વ પરિવાર

....સમી તાલુકામાં ગામડાંમાં વિષમ પરિસ્થિતિ છે. વરસાદ નથી. ઘાસચારાની બહુ તકલીફ છે. કેટલાંયે ગામોથી પત્રો આવે છે કે ઘાસચારા માટે શું કરવું. ગામમાં કોઈ મજૂરી નથી. ઘણા લોકો બહારગામ જાય છે. ઘાસચારા બાબતમાં આપણે જે-તે મંત્રી-અધિકારીઓને પૂછીને ઘાસચારા માટે શું યોજના છે, કેવી રીતે આપશે, જાણી લઈએ. જરૂર પડે નરેન્દ્ર મોદીને પણ મળાય. કેમ કે ઘાસચારો જલદી મળે તો ઢોરને ખાવાનું મળે, દૂધ મળે અને તેમાંથી ઢોરવાળા પોતાનું પોષણ કરે.

તદુપરાંત બૂઢાં, ઘરડાં, અપંગને માટે અનાજની પણ વ્યવસ્થા કરવી પડે. આમાં સરકાર કંઈ ફ્રી રેશન કાઢવાની છે. તો દુષ્કાળ માટે સરકાર કયાંથી મદદ કરવાની છે અને શું મદદ કરવાની છે, તે સચિવાલયમાં જઈ બધું જાણી લેજો અને જલદી કંઈ કરે તે માટે જાગૃત કરજો. પત્ર લખજો. મારી તો મર્યાદાઓ છે, પણ તમે કોઈક સાથે હોય તો ફંડ માટે પ્રયત્ન કરાય. હવે દવેસાહેબ તો ના પાડે

છે ફરવાની, પણ બીજાં શહેરોમાં પ્રયત્નો થઈ શકે. સ્વાસ્થ્ય સારું હશે.

દ્વારકાદાસના સપ્રેમ પ્રણામ

૪-૧૦-૦૧

પ્રિય ઈશ્વરભાઈ

નારાયણભાઈની 'જાહેર વિનંતી'ની પત્રિકા તમારી પાસે આવી ગઈ હશે. મહુપાગાં જિલ્લામાં આ બાબતમાં શું થઈ શકે ? બીજી ઑક્ટોબર તો ગઈ. પણ વ્યાપક રીતે સહીઓ એક મહિનામાં લેવી હોય તો 'યુદ્ધ ખપે જ નહીં' —એવી પત્રિકા છપાવી આપણા કાર્યકર્તાઓ, ગ્રામ વિદ્યાપીઠો, કૉલેજો, ઉ.બુ. આશ્રમો, N.S.S. વગેરેમાં વ્યાપક પ્રચાર કરી સહીઓ લઈ બાજપાઈજીને મોકલાવે. બીજી બે નકલ કરી નારાયણભાઈને મોકલાવે. આવું થઈ શકશે. શક્ય હોય તો વિચારજો. સર્વને યાદ.

દ્વારકાદાસના સપ્રેમ પ્રણામ

૩-૧૦-૦૨

હરવિલાસબેન / કાન્તિભાઈ

ધરમપુરનો રિપોર્ટ મળ્યો. ધરમપુર તાલુકામાં તમે ઉત્તમ કામ કર્યું છે. તેની અસર તો વર્ષો પછી પડશે. આ સાથે વિમળાબહેને આચાર્ય રામમૂર્તિને જે પત્ર લખ્યો છે તેની ઝેરોક્ષ મોકલાવું છું. ગુજરાતમાં પણ બહેનોના શાંતિસૈનિક દળની તાતી જરૂર છે. ઇલાબહેનની સેવા સંસ્થાના પાંચ લાખ સભ્યો છે. તેમને મળીને શાંતિસૈનિક અંગે પણ વિચારે અને ભારતીને પણ લખ્યું છે કે ગુજરાતમાં આ પ્રવૃત્તિ સ્થાયી થાય તે માટે પ્રયત્નો કરવા જોઈએ.....

રતનબેન, મિહિર, ધેનુ, વિતાન મજામાં. હમણા ધેનુ દુબઈથી અહીં આવી છે. મહિના પછી જશે.

તમારું બંનેનું સ્વાસ્થ્ય સારું હશે. કાન્તિનો પત્ર 'હું હિંદુ છું' વગેરેના પુસ્તક અંગે આવ્યો છે. વચ્ચે અરુણભાઈનો પત્ર હતો કે ભાવનગરમાં દસ હજાર પુસ્તકો જાય તેમ કરીશું. અડધા ભાવે આપવા માટે ડોનેશન લેવાનો પ્રયત્ન કરશે.

દ્વારકાદાસના સપ્રેમ પ્રણામ

૩-૩-૦૩

પ્રિય કરસનભાઈ મુક્તાબેન તથા સર્વ પરિવાર

.....મારું સ્વાસ્થ્ય ઠીક છે. ૮૭મું ચાલે છે. ચાલવાની મર્યાદા આવી છે. હવે સમી કે ક્યાંય જવાતું નથી. અહીં રહે રહે ત્યાંની ગ્રામસ્વરાજ સમિતિઓને પત્ર લખું છું. આ વરસે પણ ત્યાં દુષ્કાળ છે. બીજી કંઈ પ્રવૃત્તિ નથી. માસિક મિટિંગ થાય છે. પણ ક્યાંય ચરૈવેતિ ચાલતું નથી. હમણાં સર્વોદયની પ્રવૃત્તિ મંદ છે. બહેનો મૈત્રીયાત્રા વગરે કરે છે તે સારું છે. બહેનો હવે વધારે સક્રિય થાય તો અહિંસક સમાજ થવામાં મદદ થાય.

.....હવે બધા ૭૫ ઉપર પહોંચ્યા છે એટલે શક્તિ મર્યાદિત થઈ જાય. હવે નવી પેઢી સમય આવે નવું પરાક્રમ કરશે. ગ્રામસ્વરાજ અને સર્વોદયનું ધ્યેય હજી સમાજ સમક્ષ આવ્યું નથી. હમણાં તો પૈસો અને સત્તા તરફ જુવાનિયાઓનું, સામાન્ય જનતાનું લક્ષ છે. પૂ. વિનોબાજીએ તો વીસ વર્ષ ભારતભરમાં ફરી અહિંસક સમાજરચના ને ગ્રામસ્વરાજની વાતો કરી છે. મૂળિયાં ઊંડાં ગયાં છે. સમય આવે તેમાંથી ઊગશે. આપણે એમાં ખાતર-પાણીની વ્યવસ્થા કરવી....

દ્વારકાદાસના પ્રણામ

૨૫-૯-૦૪

પ્રિય ઈશ્વરભાઈ

.....બંગસાહેબે 'સર્વોદય-મિત્ર' બનાવવા કહ્યું હતું, તે ઠીક છે. આપણા જિલ્લામાં પણ તે માટે પ્રયત્ન કરીએ. તમે એક તેને આનુષંગી પત્રિકા લખી મોકલાવો. તેમાં સર્વોદય એટલે શું, સર્વોદયમિત્ર

શા માટે ? તેમનું કાર્ય અથવા તમને સૂઝે તે પ્રમાણે લખી મોકલાવશો. એ જ, બધાં મન્નમાં. સર્વ પરિવાર મિત્રોને યાદ.

દ્વારકાદાસના સપ્રેમ વંદન

૩-૧૧-૦૪

પ્રિય કરસનભાઈ

હમણાં તમારા કંઈ સમાચાર નથી. સ્વાસ્થ્ય સારું હશે. હમણાં શું પ્રવૃત્તિ ચાલે છે ? મારું સ્વાસ્થ્ય સારું છે. પ્રવૃત્તિમાં સમી તાલુકામાં ગ્રામસ્વરાજ સમિતિઓને પત્ર લખું છું.

બીજું, બંગસાહેબ અમદાવાદ આવ્યા હતા ત્યારે સર્વોદય-મિત્રો બનાવવાનો વિચાર આપ્યો હતો. દેશમાં એક ટકો એટલે એક કરોડ સર્વોદય-મિત્ર બનાવવાની યોજના વિચારી છે. પણ કોણ એ કામ ઉપાડશે ? ખેર, પણ આ વિચાર સારો છે. તે બહાને ઘરે ઘરે જવાય, તેમને સર્વોદયની વાત સમજાવાય. સહજ રીતે મિત્ર બને તે માટે પ્રયત્નો કરવા.

હમણાં આ વિચાર ચાલે છે. મારાથી હવે ક્યાંય બહાર જવાતું નથી. ચાલવાની પણ તકલીફ રહે છે. એટલે વિસનગરમાં જ સર્વોદય-મિત્ર બનાવવાનો પ્રયત્ન કરવો. શુદ્ધ રીતે પ્રયત્ન કરવો. જોઈએ કેવો રીસ્પોન્સ મળે છે. જો સમજીને સારા પ્રમાણમાં થાય તો સર્વોદય વિચારનાં ભાઈ-બહેનોનું સંગઠન થાય અને સર્વોદય વિચારનો પ્રચાર થાય.....

દ્વારકાદાસના સપ્રેમ વંદન

૧-૧૨-૦૪

પ્રિય ઈશ્વરભાઈ

મને વિચાર આવે છે. બે-ત્રણ વર્ષથી આપણા મંડળનો હિસાબ બહાર પાડ્યો નથી. આ વખતે આ બે-ત્રણ વર્ષમાં કેટલી મદદ આપણને કોના તરફથી મળી અને ક્યાં ક્યાં ખરચી અને હવે આપણી પાસે કેટલી રકમ છે, કેમ કે હમણાં ઘરો બાંધવાનું પણ ચાલતું નથી. આ બાબતમાં આપણે વિચારી લઈએ. તો કનુભાઈને પણ જણાવજો.

હમણાં શું પ્રવૃત્તિ ચાલે છે ?

દ્વારકાદાસના સપ્રેમ વંદન

૨૨-૨-૦૫

પ્રિય ઈશ્વરભાઈ

ઠંડી સારી એવી પડે છે. મહેન્દ્રે વાલમમાં સારી વાતો કરી. મારા વિશે તમે જે લખવાનું વિચારો છો, પણ વિચારતાં લાગે છે કે તે વ્યાજબી નથી. હવે એ દિશામાં કંઈ પ્રગતિ ન કરવા વિનંતી. તમારો પ્રેમ અને ભાવ સમજી શકું છું, પણ મારી યોગ્યતા જોતાં એ ઠીક નથી. એ જ.

દ્વારકાદાસના સપ્રેમ વંદન

૨૩-૭-૦૫

પ્રિય ઈશ્વરભાઈ અને મિત્રો

'ગામની જમીન ગામની'નો પરિપત્ર આવ્યો છે. બીજો પરિપત્ર ગુજરાત સર્વોદય મંડળનો મીઠા અંગે સત્યાગ્રહનો આવ્યો છે. તે માટે ચર્ચા-વિચારણા કરી ત્રણે જિલ્લામાં કાર્યક્રમ ઘડવા સક્રિય કાર્યકર્તાઓ તેમજ સંજય ભાવસાર, રમીલા ગાંધી જેવાની એક મિટિંગ વિસનગર બોલાવો અને કાર્યક્રમ નક્કી કરીએ. કનુભાઈને સાથે રાખી મિટિંગની તારીખ નક્કી કરો. તો આ બધામાં જરૂરી તરત જ કરશો.

દ્વારકાદાસના સપ્રેમ વંદન

૨૦-૬-૦૫

હરવિલાસ/કાન્તિ

તમારો પત્ર મળ્યો. 'શતં જીવ શરદો વર્ધમાનઃ'. હાર્દિક શુભેચ્છાઓ. શરીર બધી રીતે સારું હશે. ત્રણ ભાગની જિંદગી પૂરી થઈ. ઈશ્વરે આપણને બહુ સારા સંયોગો આપ્યા. સમાજ દ્વારા ઈશ્વરની સેવા થઈ

શકી. હાર્દિક સમાધાન રહ્યું. મને ૮૯મું ચાલે છે. હવે ચાલવાની-સાંભળવાની તકલીફ થવા માંડી છે. પણ સામાન્ય રીતે સ્વાસ્થ્ય સારું છે. હવે સાધન વગર ક્યાંય બહાર જઈ શકાતું નથી. રતનબેનને પણ હૃદયની તકલીફ શરૂ થઈ છે. નબળાઈ આવી છે. હમણાં અમદાવાદ હાર્ટ હોસ્પિટલમાં એન્જયોગ્રાફી કરાવ્યું. હૃદયની નસો કઠણ થઈ છે. ઘરમાં હરી-ફરી શકે, પણ ઘણો ખરો સમય પથારીમાં જ રહેવું પડે છે.

હમણાં ગંગુબેન અહીંયા છે. મિહિરભાઈની તબિયત સારી છે. એની પ્રવૃત્તિ સારી ચાલે છે. ધેનુ દુબઈ છે. વિતાન મુંબઈ Opth. physicionનું ભણે છે.

હવે સમી કે ક્યાંય જવાતું નથી. વિમલાબહેને Quit Village —'ગામ છોડો' (સરકારી અમલદારોને) સ્લોગન આપ્યું છે. જોઈએ, તેનો કેવો રીસ્પોન્સ આવે છે.

કાન્તિની તબિયત સારી હશે. એ પણ ૭૦-૭૫ પહોંચવા આવ્યો હશે. એ પત્ર લખે. સુજાતાની પ્રવૃત્તિ સારી ચાલતી હશે. પત્ર તો જરૂર લખતા રહેજો. પ્રત્યક્ષ મળવાનું થાય તો જ્યારે બને ત્યારે ખરું !

દ્વારકાદાસના સપ્રેમ વંદન

૩૦-૯-૦૫

પ્રિય કાન્તિ - હરવિલાસ

ધરમપુર ક્ષેત્રના કામનો અહેવાલ-મદદનો અહેવાલ મળ્યો. કેટલાંય વર્ષોથી સાતત્યપૂર્વક ત્યાંની પ્રજાની જરૂરિયાતો પૂરી પાડવામાં અથાગ પ્રયત્ન કરો છો અને તેનું સારું પરિણામ દેખાય છે. તમને ધન્યવાદ અને એ જ ભાવના કે શતં જીવ શરદો વર્ધમાનઃ.

મારું સ્વાસ્થ્ય સારું છે. રતનબેનનું પણ સારું છે. મિહિરભાઈની પ્રવૃત્તિ સારી રીતે ચાલે છે.

સમય કાઢીને બે-ત્રણ દિવસ અહીંયા રહેવા આવો એવી ઇચ્છા.

તમારું બંનેનું સ્વાસ્થ્ય સારું હશે. સુજાતાને યાદ. આનંદ અને અમી મજામાં.

દ્વારકાદાસના સપ્રેમ વંદન

— * * —

પ્રસંગોપાત્ મોટાભાઈએ મોકલેલા
કેટલાક સંદેશા

સાંકળચંદભાઈની હાજરી એટલે સતત સ્મિત. હસતું છતાંય ગંભીર મુખ. વેધક આંખો ને નમ્રતાભર્યો તેમનો વ્યવહાર પ્રેરક હતો. સમાનતા માટેની અને અંત્યોદય માટેની તેમની સતત લગન ઉત્સાહવર્ધક હતી.

(૧૯૯૧)

પ્રતાપસિંહ સોલંકીને મારા આશિષ.

'શતમ્ જીવ શરદો વર્ધમાનઃ' વર્ધમાન થતાં થતાં સો વરસ જીવો !

વર્ધમાન એટલે માનસિક, શારીરિક ને ચિંતનમાં પણ આગળ વધે. તેમનો લાભ નિવૃત્ત થયા પછી સમાજને પણ મળે.

માણસ કામ કરતાં કરતાં સો વર્ષ જીવે. એ સિવાય રસ્તો નથી. કર્મ નિષ્ફળ જતું નથી. પણ ફળની આશા ક્યારેક નિષ્ફળ જતાં દુઃખ થાય.

*

મોતીભાઈ ચૌધરી સુંદર, સ્વચ્છ મોતી જેવા છે. મોતી જેમ ગોળ, સ્વચ્છ, સુંદર છે, તેમ મોતીભાઈ પારદર્શક, ડાઘડુઘ વગરના, અનેક ગુણસંપન્ન છે. મોતી વિંધાય છે, પણ જે પહેરે તેને શોભા આપે છે. તેમ મોતીભાઈ સમાજનાં સુખદુઃખથી વિંધાય છે અને સમાજમાં જ્યાં જાય ત્યાં શોભા આપે છે. એવા મોતીભાઈ માટે એ જ પ્રાર્થના કે : શતં જીવ શરદો વર્ધમાનઃ

૦ ડૉ. દ્વારકાદાસ જોષી

તા. ૨૨ - ૩ - ૧૯૯૭

કુ. ભક્તિ ભાઈ

આશરાજી નાં લેખકો ઉપરછિપરા પત્રો વાંચ્યા બધો વાંચ્યાનો સાર
વિનોદા નો વિચારો લક્ષ્મા વિચારક્રાંતિ નો પ્રવાહ - અસ્પષ્ટતા
રૂપે સરસ્ માલ્યા પરંતુ બસ્પષ્ટતા ને લગતા બધા પ્રવાહો ઉપર લેખોનું
સિંચન છે એને ગતિ આપવા છે તેમ આ પુસ્તક પૂર્ણ માનવના
માટે પણ પ્રેરણાદાયી પુસ્તક છે

બીજા વાચકો ગમે તેવા પક્ષો અધ્યાયમાં જે સ્થાન છે તેમાં કાયદો
લેખો આનંદ આપશે

राज्ञः सत्यस्य सत्यस्य सेवादक्षं जितक्रमं अदूषयत्।
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ॥ १६ ॥

આ જાહેરાતમાં જે વિચાર આવ્યો તે લખું છું
આ પુસ્તકનું કોંસ્પેક્ટ પુસ્તિકામાં સંક્ષિપ્તરૂપે કારણના દરેક
પાના પાનામાં છપાય તો તેનું ધ્યેય બનાવી જે વાંચશે તેમાં વિચાર
સંક્રાંતિનું બળ રહેશે

લેખકના વિશ્વના દૃષ્ટિમાં - તેનું સંક્ષિપ્તરૂપ, ઘણા ઓછા
માં છપાય પણ દુનિયાના બધા પાનામાં છપાય તો
માનવ સમાજમાં વિચારના ક્રાંતિમાં સારી સ્પષ્ટતા થશે.
અને સત્યપ્રેમીઓનું રાજ આવશે - ઘર ઘરનો ખ્યાલ
બાકી આંબાવાડી છે.

ચુનીભાઈ
ના
વંદન

સંકલ્પ માટે - ના નિયમો - ૧ સંકલ્પો ઓછા કરવા પ્રયત્નો કરવા

૨ - પ્રસંગ પ્રમાણે શક્તિ ખુશ્કેર આપવું

૩ વિચાર પૂર્વક અને આવશ્યકતા પૂરતો સંકલ્પ

કરવો જો તે નિષ્ફળ જાય તો પ્રયત્ન પરાક્રમ

અસફળ થવાનું પણ પડે છે - અને સંકલ્પ લેવા પછી

ગભરાઈ ન જવું

૪ ખૂબ સંકલ્પ કરી વારંવાર કરવાં આપણાને

સ્વયં ઉપર ભય ઉત્પન્ન થાય છે અને મનોબળ

ઓછું થાય - ઉત્સાહ અને પ્રફુલ્લતા ઘટે છે.

૫ મહત્વના વિચારો સંકલ્પ કરો તેનાં પ્રથમ ભાવુક

વિચારો વિધાયક અને નિષેધાત્મક ભાવુક

શબ્દોમાં મુકો - સ્પષ્ટતા પૂર્વક અને

તમારી રીતે - રાખો -

૬ - નિશ્ચિત ટાઈમ ટેબલ રાખો - શક્ય હોય તેવો જ નિર્ણય કરો અને ખોટા

નિર્ણયોથી બચવા ઉપર સદા ધ્યાન આપો

૭ સ્પષ્ટ શબ્દોમાં - નિર્ણયો - જનરલ - વ્યાપક, નિર્ણયો

જે કંઈ સારો નિર્ણય થયો હોય તે બધા વિચારો ભૂલી જાવ

- કંઈ પણ કાર્ય કરીએ ત્યારે વિઘ્ન - મોટું પણ અવરોધ જે કંઈ આવે

પ્રથમ નિર્ણય ને ધ્યાનમાં - રાખી દૃઢતા - રાખો -

બીજો - કંઈ પણ - શ્રેષ્ઠ - માટે - મારા - તમારા ને આપણે

સંકલ્પ માટે વિચારો

૮ વધારે ભાવુક નિર્ણયો - અને ભાવુક હોવું તે વધે તેવો

તેવા ઉત્સાહ વધે - અને નિર્ણય સ્વભાવનું પણ બને

૯ - સંકલ્પ નિર્ણયમાં આવે તો - અને નિર્ણય જે સંકલ્પમાં મદદ તે

પ્રમાણે તો

૧૦ - સંકલ્પ પૂરા કરવા - વિચાર દૃઢ કરવા - પાળવા

માટેનું તપ - અને આદર - વધારો - અને દૃઢ વ્યવસાયિક ભાવ

મનોબળ - અને દાવડા ને દૂર કરવા

૧૧ - સતત યાદ રહે તેવા રીતે તમારો સંકલ્પ તમારા

જીવન વારે ઘડીએ તમારી આંખ સામે આવે

૧૨ - Never say never - શબ્દો ક્યારે અને પ્રસંગોમાં તરફેણમાં

સંકલ્પો - જાતા જાતા સંકલ્પોમાંથી કોઈ સંકલ્પ વારંવાર

૧૩ જો વધારે સંકલ્પમાંથી ચૂક થઈ - ફરીવાર કરીએ તો

તે સંકલ્પ છોડી ન દેવો પૂરા મનોબળ ને પ્રયાસ પાછા

તરતજ એ સંકલ્પ ને પાર પાડવા તૈયાર થવું

અંતરંગ પરિચય

(ગાંધીજી રોજનીશી રાખવા ઉપર બહુ ભાર મૂકતા. ડૉક્ટર પણ રોજનીશી રાખતા, એમ જણાય છે. ક્યારથી રાખતા અને કેટલી નિયમિત રખાઈ છે, તે ખબર નથી. બધી ડાયરીઓ સચવાઈ પણ નથી. કુલ ૧૯ વરસની ડાયરીઓ હાથમાં આવી છે. પહેલી ડાયરી ૧૯૭૨ની છે અને છેલ્લી ૨૦૦૪ની છે.

આ ડાયરીઓ ડૉક્ટર જેવી જ સાવ સાદી-સીધી-સરળ અને નિરાડંબરી છે. સામાન્ય દિનચર્યા અને કામની ટૂંકી નોંધો છે. છતાં વચ્ચે વચ્ચે થોડુંક ચિંતન પણ બે-પાંચ-સાત વાક્યોમાં નોંધાયેલું છે. વિશેષ તો અંતર-નિરીક્ષણ થયું છે, જે એમના અંતર્મુખી વ્યક્તિત્વની ઝાંખી કરાવી જાય છે. એ સદાય એક જાગૃત સાધક રહ્યા છે.

કુલ ૧૯ વરસોની આવી ડાયરીઓમાંથી સારવીને થોડુંક નોંધપાત્ર એવું નીચે આપ્યું છે. ડૉક્ટરના અંતરંગ પરિચય માટે આ ઉપયોગી થશે.)

મનમાં ચિંતન ગીતાનું અહર્નિશ કરવું. કર્મમાં મન દઈને કરવું. અને ઈશ્વરની આર્તતાપૂર્વક પ્રાર્થના કરવી. બુદ્ધિ દેનારો તે છે.

(૧૪-૧-૧૯૭૭)

આર્તતાપૂર્વક ભક્તિ, ઈશ્વર ઉપર પૂર્ણ શ્રદ્ધા, તે શાંતિ આપે છે.

(૧૫-૧-૧૯૭૭)

મન ઉદ્વેગરહિત ને પ્રસન્ન રહે તે માટે સખત તળમળ રહેવી જોઈએ. તે માટે ઈશ્વર-સમર્પણભાવ અને કર્મમાં વિકર્મ પૂરું હોવું જોઈએ.

(૧૬-૧-૧૯૭૭)

મનની વ્યગ્રતા, અહંકાર ઓછા થાય છે — જો સાતત્યપૂર્વક ચિત્તની એકાગ્રતા, માનસિક પરિમિતતા ને મંગલ દૃષ્ટિ હોય.

(૨૧-૧-૧૯૯૭૭)

હમણાં વડનગરમાં ગ્રામસ્વાવલંબી ખાદી માટે પ્રયત્ન કરું છું. દોઢ વરસ થયું. ધીમે ધીમે કામ ચાલે છે. ૫૦ બહેનો કાંતે છે. ખાદી ગામના જ લોકો ખરીદે,

શું જોયું
શું સાંભળ્યું
શું વાંચ્યું
શું વિચાર્યું
શું કર્યું

—આ પાંચ વાતો પર લખો
ચિંતનની પ્રક્રિયા શરૂ થશે.

•

ગુણ-સ્મરણ
ગુણ-ગ્રહણ
ગુણ-વર્ધન

તે માટે પ્રયત્ન કરું છું. તેના માટે ગામના લોકો ઘરખર્ચમાંથી અડધો ટકો ગામના ઉદ્યોગો માટે આપે, એવો પ્રયત્ન કરું છું. રૂ. ૩૨ હજાર ખાદીકામ માટે દાન ગામમાંથી મળ્યું છે. ગયા વરસે રૂ. ૬૦ હજારની ખાદી ગામમાં વેચાઈ. વસ્ત્ર-સ્વાવલંબી કુટુંબો કે વ્યક્તિઓ માટે પ્રયત્ન ચાલુ છે.

(૯-૩-૧૯૭૭)

હમણાં ફરવાની વૃત્તિ થતી નથી એટલે વડનગરમાં જ સ્થિર રહી પ્રવૃત્તિ કરું છું. તે ૨૦ હજારની વસ્તીવાળું ગામ છે. જિલ્લા સર્વોદય મંડળ દ્વારા જિલ્લામાં સર્વોદયની પ્રવૃત્તિ ચાલે છે. તેમાં મુખ્ય સાહિત્ય-પ્રચાર અને નૈમિત્તિક કાર્યો. વડનગરમાં ગ્રામ-સ્વરાજનું ચિત્ર ઊપસે અને જિલ્લામાં તેને આનુષંગિક જે થઈ શકે તે કરવું, એવી વૃત્તિ છે.

મનમાં ઊઠતા વિચારો ઉપર કાબૂ રહે, બાહ્ય પ્રવૃત્તિ કરતાં-કરતાં પણ મન આત્મામાં જ રમમાણ રહે, તે માટે શું કરવું ? અભ્યાસ તો ખરો જ, પણ રોજ ને રોજ કેવો કાર્યક્રમ થઈ શકે ? દર કલાકે ૧૦ મિનિટ ધ્યાનમાં બેસવું ? અથવા શું કરવું ?

(૧૧-૩-૧૯૭૭)

હવે શરીરની મર્યાદા આવતી જાય છે. તે પ્રમાણે કામ કરવું જોઈએ. ગ્રામસ્વરાજનું કામ મરતાં સુધી કરવાનું ગમે. એ દિશામાં જતાં તે કામ કરતાં-કરતાં આત્મ-સાક્ષાત્કાર તરફ જવું.

રાતે વહેલો સૂઈ ગયો. ઊંઘ સારી આવે છે. સાડા ચાર વાગે ઊઠી જવાયું.

(૪-૪-૧૯૭૭)

'રામ હરિ' ઘણી વાર બોલાયા કરે છે. મનને ક્ષોભ ઉત્પન્ન ન થાય તેમાં મદદ કરે છે. 'રામ હરિ' શ્વાસોશ્વાસની માફક થઈ જાય, તેવી ઈશ્વર-કૃપા ઇચ્છું છું.

(૯-૪-૧૯૭૭)

'રામ હરિ'નું સ્મરણ રહ્યા કરે છે, તે શક્તિ આપે છે. ધીરજ અને ઉત્સાહ 'રામ હરિ' જ આપે છે.

(૧૧-૪-૧૯૭૭)

સતત નામસ્મરણ વિકારોમાંથી, કાલ્પનિક ભયમાંથી મુક્ત કરે છે.

(૧૬-૪-૧૯૭૭)

બાહ્ય પ્રવૃત્તિ કરવા છતાં મન સતત આત્મામાં જ સ્થિર રહે તે માટે શું કરવું જોઈએ ? 'રામ હરિ' વગેરેનો જાપ.

(૨૯-૫-૧૯૭૭)

સવારે ઊઠ્યો ત્યારે આગલો દાંત પડવાની તૈયારીમાં. આવી રીતે ક્ષણમાં મૃત્યુ છે. ક્યારે આવશે તે કહેવાય નહીં. તૈયારી હર ક્ષણે રાખવી જોઈએ. તે માટે મનની તૈયારી કરવી જોઈએ. તે માટે સતત ચિંતન ચાલે.

(૧૯-૧-૧૯૭૮)

ઈશ્વરની કળા અકળ છે. તેના ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખવો જોઈએ.

(૨૭-૧-૧૯૭૮)

હમણાં ચિંતન મનના અંગે. અલિપ્તતા, ક્ષોભરહિતતા, નવો વિચાર અલિપ્તતા તરફ. જ્ઞાન વિશે ચિંતન. રામનામ વિશે સભાનતા. હજી તો ઘણો પંથ ખેડવાનો છે. રાતે શરૂઆતની ઊંઘ સારી આવે છે. પોણા ત્રણ વાગે ઊઠી જવાયું.

(૨૮-૩-૧૯૭૮)

રાત્રે જાહેર સભા. વધારે સમય લીધો. ૪૫ મિનિટથી વધારે ન બોલવું જોઈએ.

રાત્રે ઊંઘ મોડી આવી. શાક ન ખાવાથી. પેટનું ઠીક.

(૧૧-૪-૧૯૭૮)

સૂર્ય નિયમિત છે. ચંદ્ર-તારા નિયમિત છે. વૃક્ષ ફૂલે-ફાલે નિયમિત રીતે. બધું નિયમિત, પણ સ્વભાવ

નિયમિત નથી એટલે તે આપણા કામમાં અનિયમિતતા લાવે છે. ધીરે ધીરે થશે, પાંચ મિનિટમાં શું ? — તે સ્વભાવ. માટે સમયપત્રક નક્કી કરી ચાલવું જોઈએ.

(૪-૫-૧૯૭૮)

જમવામાં બહુ સંયમ જરૂરી છે. કોળિયે કોળિયે નામ-સ્મરણ સહેલું લાગે, પણ શું ખાવું અને શું ન ખાવું, તેનો વિવેક મહા કપરો છે.

(૧૧-૫-૧૯૭૮)

મનમાં વિકારો ન આવે તે માટે બધી ઇંદ્રિયોનું બ્રહ્મચર્ય અને સમય-પાલનતા જરૂરી છે.

(૧૯-૫-૧૯૭૮)

વ્યવસ્થા સારી હોવી જોઈએ. હિસાબી કામ પણ વ્યવસ્થિત હોવું જોઈએ. મનમાં વિચારો માટે હર પળે હરક્ષણે જાગૃત રહેવું જોઈએ.

(૨૩-૫-૧૯૭૮)

ધીમે ધીમે વ્યવસ્થા આવતી જાય છે. રોજનું કામ રોજ કરી નાખવું, જેથી છૂટા ને છૂટા. સહજ રીતે થવા દેવું.

(૨૭-૫-૧૯૭૮)

સૂક્ષ્મમાં જવાના વિચારો આવ્યા. આવતા દશેરાથી જવું, એમ વિચાર આવે છે. બધું છોડતા જવાના વિચારો આવે છે. પૂર્ણ ફલત્યાગ. કોઈ જાતની વૃત્તિ નથી. આ રહી ગયું, તે રહી ગયું, એવું કંઈ નથી. પ્રવાહ-પતિત કર્મ સુંદર, સુચારુ, સુવ્યવસ્થિત, નિયમિત કરી ઈશ્વરને સમર્પણ કરવું. રાત્રે ઈશ્વર પાસે પહોંચવાની તૈયારી રાખવી.

(૨૯-૫-૧૯૭૮)

સર્વોદય વિચારનો વિકાસ. સફાઈ, સ્વચ્છતા, અપરિગ્રહ —આ બધા ગુણો એકબીજામાં ઓતપ્રોત થયેલા છે. સ્વચ્છતા ક્યારે રહે કે જ્યારે ઓછામાં ઓછી વસ્તુઓનો સંગ્રહ હોય. બધે જીવનમાં અપરિગ્રહ અને સ્વચ્છતા હોવાં જોઈએ. તેવી રીતે વિચારોમાં પણ અપરિગ્રહ ને સ્વચ્છતા જોઈએ. એટલે વાંચનમાં પણ મર્યાદા. અને જરૂરી જ વાંચન.

(૧૧-૭-૧૯૭૮)

ગઈ કાલે જે થયું તે આળસને લીધે થયું. તેથી બધાનો સમય બગડ્યો. દરદીઓને ખર્ચ થયું. બધાની મહેનત માથે પડી. ભૂલ મારી હતી. આળસમાં સમય કાઢ્યો. અને વાંક કાઢવો બીજાનો કે ટેકસી કરો કે આ કરો. પણ મૂળમાં વાંક તો આપણો જ છે. સમયસર પહોંચ્યો હોત તો આખું વાતાવરણ બદલાઈ જાત. ઈશ્વર ! તું પણ કેવો છે ? તારી વાત સાચી છે. જેવું વાવશો તેવું લણશો. સૂક્ષ્મ રીતે જોતાં કેટલો અહંકાર, કેટલું આળસ ! બે દિવસ પહેલાં ખબર તો પડી હતી. મનમાં પણ ડગુમગુ હતું કે મોટર કદાચ થોડી મોડી પહોંચે તો પછી મુશ્કેલી ખરી.

(૨૩-૧૧-૧૯૭૮)

મા આનંદમયીનું પુસ્તક વાંચ્યું. તેમનું એક વાક્ય ગમ્યું. બધો સમય નિશ્ચિત કરી ઈશ્વરને સમર્પણ કરો, દિવસનો કાર્યક્રમ ઘડો, અને જે જે સમય નિશ્ચિત કરો તે સમયે તે જ કામ અને તે ઈશ્વરનું જ કામ છે એમ સમજીને કરો, તો નિશ્ચિંત જ નિશ્ચિંત.

(૨૪-૧૧-૧૯૭૮)

અક્ષરો સારા નથી. ખાવા ઉપર પૂરતો સંયમ નથી. હવે ધીમે ધીમે બીજાં કામ છોડવાં પડશે. બસની લાંબી મુસાફરી કરવી ગમતી નથી. જે આવે તે અને જે કંઈ સૂઝે તે કર્યા કરવું.

(૪-૧૨-૧૯૭૮)

રામનામ યાદ રહે છે. સતત જાગૃત રહેવાનો પ્રયત્ન કરું છું. મનમાં ક્ષોભ ઓછો થાય છે, એમ લાગે છે. ઈશ્વર તું જ ચાલક છે.

(૫-૧૨-૧૯૭૮)

હજી કંઈ ચાલતું નથી. હવે ડાયનેમિક થવું

જોઈએ. કાર્યક્રમો ગોઠવવા જોઈએ. ચિંતન, મનન અને કાર્ય હોવું જોઈએ. ઘાઈ ન હોય, પણ કામ તો થવું જોઈએ.

(૭-૧૨-૧૯૭૮)

'રામ હરિ'નો જાપ કરવાનો પ્રયત્ન કરવો. દરેકમાં નારાયણ જોવાનો પ્રયત્ન કરવો.

(૨૪-૩-૧૯૮૯)

સર્વમાં પરમેશ્વર છે, તે ભાવ સતત રહેવો જોઈએ. સતત નામ-સ્મરણના સંસ્કાર પડવા જોઈએ. અને સર્વમાં સર્વત્ર પરમેશ્વર ભાવ થવો જોઈએ.

(૧૧-૪-૧૯૮૯)

બધું પડતું મૂકો. ઘર, સંસ્થા વગેરે છોડો. સપ્તમી સભા માફક મહિનામાં ત્રણ દિવસ મળો. કાર્યક્રમ ઘડો. ગામેગામ ફરો. વ્યાપક વિચાર કેમ થાય તે વિચારો. 'ભૂમિપુત્ર' જેવી પત્રિકા વ્યાપક થાય. ઓછામાં ઓછી ૧ લાખ નકલો જાય તે માટે પ્રયત્ન. ગ્રામસ્વરાજ માટે ચિંતન-મનન. એક જ કાર્યક્રમ. બીજું કંઈ જ નહીં. એવું કંઈક કરી શકીએ તો કાંઈક થાય.

(૨૪-૪-૧૯૮૯)

ઈશ્વર બધું યોગ્ય જ કરે છે. માથે ભાર ન રાખવો. સહજ રીતે કર્યા કરો.

(૩૧-૫-૧૯૮૯)

સવારે ચાર વાગે ઊઠ્યો. ઈશ્વર જ આ શરીર રૂપી સાધન દ્વારા કામ કરાવે છે. દરેકને સ્વતંત્ર જુદી જ જાતની શક્તિ આપે છે. તેની દોરવણી પ્રમાણે કરીએ તો સમાધાન. પણ તેમાં આપણો અહં, કામ, ક્રોધ, લોભ, મદ, મોહ આવ્યો અને તેની દોરવણીમાં કામ કરીએ, તો દુ:ખી-દુ:ખી થઈ જઈએ. ઈશ્વર ઉપર પૂર્ણ શ્રદ્ધા. એ જે દોરવણી આપે તે પ્રમાણે કામ કર્યા કરવું. એ જે પ્રેરણા આપે, તે પ્રમાણે કામ કર્યા જ કરો. એને આ સાધનનો ઉપયોગ હશે ત્યાં સુધી કરાવશે. પછી જ્યારે એને લાગશે કે આ સાધને પૂરતું કામ કર્યું છે, અથવા કામ કરવાને લાયક હશે ત્યાં સુધી શરીર રહેશે, પછી એને બીજું શરીર આપવું હશે તો આપશે. પણ આપણે સતત જાગૃત રહેવું જોઈએ કે ઈશ્વરનો જ આદેશ મળે, અહંનો આદેશ ન મળે.

(૯-૬-૧૯૮૯)

જુગાર, વરલી બેટિંગ, લોટરી વગેરે દ્વારા વગર મહેનતે જે પૈસા મેળવવાની ઇચ્છા કરીએ છીએ, તે પાપ કરીએ છીએ. રમાડનાર, વેચનાર અને રમનાર ને લેનાર ગીતાના કહ્યા પ્રમાણે ચોરીનું અન્ન ખાય છે. તેમાંથી ઘણા અનર્થો પેદા થાય છે. સમાજનું નૈતિક સ્તર નીચે ઊતરે છે. તેનાથી દૂર રહેવું જોઈએ.

(૧૭-૭-૧૯૮૯)

હમણાં આત્મ-શક્તિ અંગે ચિંતન ચાલે છે.

એટમ —ઇલેક્ટ્રોન, પ્રોટોન, ન્યુટ્રોન. હવે પ્રોટોનનું પણ વિભાજન કરવાનો પ્રયત્ન ચાલે છે.

આત્મા —સત્ય, પ્રેમ, કરુણા. તેમાં વ્યાપકતા કેમ આવે, દરેકમાં આ શક્તિ પડી છે, પણ કામ-ક્રોધ-લોભના આવરણથી ઢંકાયેલી. કામ-ક્રોધ-લોભને દૂર કરીએ ત્યારે સત્ય, પ્રેમ, કરુણા કંઈક દેખાય. પછી તેને જેમ વધારે સ્વચ્છ કરીએ અને તેને પ્રવાહિત કરીએ, તેમ તેમ તેની વ્યાપકતા દેખાય અને તે પ્રમાણે તેની શક્તિ પ્રગટ થાય.

(૫-૧૦-૧૯૮૯)

કાન્તિભાઈનો ટેલિફોન —અમૃત મહોત્સવ ઊજવવા માટે. હમણાં કાંઈ ઉત્સાહ નથી. વાંચવાનું ઘણું ઓછું થયું છે.

કંઈ ખાસ ચિંતન નથી. વેજીટેટિવ (નિષ્ક્રિય, નીરસ) જિંદગી જિવાયા કરે છે.

ચૂંટણીનું પરિણામ બહાર પડ્યું છે. કોઈ પાર્ટીને બહુમતી મળી નથી. રાજીવને કૉંગ્રેસનો નેતા ચૂંટ્યો છે. પણ તે માણસ લાયક લાગતો નથી. તેનામાં જે

પીઢતા, વિવેક વગેરે જોઈએ, તે બહુ અનુભવાતું નથી. જોઈએ, શું થાય છે.

(૩૦-૧૧-૧૯૮૯)

હમણાં ચિંતન જાણે મૃત્યુ પામ્યું છે ! બધાંથી મુક્ત રહેવું. શરીરથી મુક્ત, મન-બુદ્ધિ-ઇન્દ્રિયો બધાંથી મુક્ત, એવી ભાવના કેળવવી.

(૭-૧૨-૧૯૮૯)

ઈશ્વરે આપેલા સાધન વિશે ચિંતન. અંદર જે શક્તિ છે, ક્યારે જાય છે. સાધન બગડે તો અંદરની શક્તિ ચાલી જાય છે. સાધન એવું થઈ જાય કે અંદરની શક્તિ કંઈ ઉપયોગ જ ન કરી શકે. તોય કેટલાય લકવાવાળા કેટલોય વખત કાઢે છે ! ઈશ્વરની ગહન, અગમ્ય કોઈ કળા છે !

(૯-૧૨-૧૯૮૯)

સાંજે ધાણા વાવ્યા. મેથી અને ધાણાને નહેરનું પાણી આપ્યું. શરીર રૂપી સાધનનું ચિંતન.

(૧૨-૧૨-૧૯૮૯)

ભંગીવાસમાં વાતો કરી. ૪ મહિનાથી પગાર નથી. ૨૫ ટકા વ્યાજે પૈસા લાવે. ઠાકોર, ભંગી વગેરેમાં ઘણું કામ કરવાની જરૂર છે.

(૧૫-૧૨-૧૯૮૯)

હમણાં કાંતવા વગેરે ઉપર, વાંચવા ઉપર બહુ વૃત્તિ થતી નથી. ચિંતન ચાલ્યા કરે છે, જાણે કે હવે કોઈ પ્રવૃત્તિનો ભાર લેવાનું મન થતું નથી. સહજ ભાવથી જીવ્યા કરવું. મન નિર્વિચાર રહે, તે માટે અભ્યાસ. હવે શારીરિક મજૂરી કરવાની વૃત્તિ રહે છે.

(૨૦-૧૨-૧૯૮૯)

અમીરગઢમાં સર્વ સેવા સંઘનું અધિવેશન. છેલ્લો દિવસ. બધી ચર્ચા સાંભળ્યા પછી મારો નિષ્કર્ષ—

ગ્રામસ્વરાજનો વિચાર પ્રચાર. ગીતા પ્રવચનો, મંગળ પ્રભાત, ભૂમિપુત્રનો પ્રચાર ૧૯૯૫ સુધી. સૂતાંજલિ, ગ્રામસ્વરાજ, યુવાનોનું સંગઠન, ચૂંટણીમાં મર્યાદાઓ—આ અંગે પત્રિકાઓ. ૧૯૯૫માં વિનોબા-જન્મ-શતાબ્દી. આ નિમિત્તે કાંચનમુક્તિ. થાય એટલું કરવાનું શરીરથી. બીજા જે કરે તે ખરું.

(૧-૧-૧૯૯૦)

ઈશ્વરના નોકર મન-વચન-કાયાથી. કાયાથી જે કર્મ સુઝાડે તે કરવું. વચનથી જે બોલાવે તે બોલવું. મનથી એ જે વિચારો કરાવે તે કરવા.

(૧૨-૧-૧૯૯૦)

ખાસ વિચારો નહીં. સેક્સના વિચારો કોઈ કોઈ વખત આવે. તે પણ નિર્મૂલન થવા જોઈએ.

વિતાન માટે પૈસા ખર્ચી શકાય. તેને કંઈ માંદગી આવે, એવું સાંભળવામાં આવે, તો જીવને ઉદ્વેગ થાય. રેડિયાને તે અડકી શકે. ઘડિયાળને તે અડકી શકે. પૈસા વિશે જીવ ન બળે. નુકસાન કરે તે ખમી શકાય. તેની વ્હીમ્સ પોષાય.

(૧૫-૫-૧૯૯૦)

મનમાં વિચારો આવે છે. લખવા જઈએ છીએ ત્યારે કંઈ યાદ આવતા નથી. એટલે આવા ક્ષણિક વિચારો માટે શા માટે મન મહેનત કર્યા કરતું હશે ? પણ તેનું કામ જ વિચારો કરવા, તેમાંથી કંઈક નક્કી કરવું, અને તે કામના અનુભવ પછી બીજું કંઈ વિચારવું.

(૧૬-૫-૧૯૯૦)

વસંતને ત્યાં ગયો. મહેન્દ્ર મેઘાણી મળ્યા. વસંતની ભૂમિકા છોડવાની છે.

રાત્રે ક્યાંય સુધી ઊંઘ ન આવી. ચિંતન હોસ્પિટલની પ્રવૃત્તિ માટે રહ્યા કર્યું. હવે પહેલાં કરતાં મન શાંત રહે છે. ઉદ્વેગ ખાસ થતો નથી. રતનની ભૂમિકા સાચી છે —ઈશ્વર કરશે તે ખરું. આપણે આપણા પ્રયત્ન કર્યા કરવા.

(૨૭-૬-૧૯૯૦)

ઈશ્વર જે પરિસ્થિતિ નિર્માણ કરે છે, તેમાં તે સારું જ કરે છે. 'હું હરિનો, હરિ છે મમ રક્ષક' એ ભરોસો જાય નહીં. જે હરિ કરશે તે મમ હિતનું, એ નિશ્ચય બદલાય નહીં.

(૨૮-૬-૧૯૯૦)

ડૉ. જોષી ૭૫. વસંત ૩૫ વર્ષની સેવા. વડનગર નાગરિક મંડળ ૪૫-૪૬ વર્ષ. ૧૫ લાખનું ફંડ. વિકાસ માટે ૧૫ થી ૨૦ લાખ. અપીલ વડનગરના બધા લોકોને. વડનગર, મુંબઈ, અમદાવાદ, અમેરિકા, વડોદરા, ભારતભરમાં. ૧૦ હજારનું ખર્ચ પોસ્ટેજ, પ્રવાસ વગેરે.

(૨૯-૬-૧૯૯૦)

ચલાલા. ૧૦ થી ૧ વાગ્યા સુધી કાર્યક્રમ. ડૉ. જોષીને ૫,૦૦૦ રૂપિયા, શાલ, મેડલનો ઍવૉર્ડ. લગભગ ૭૦૦ થી ૧૦૦૦ ભાઈ-બહેનો હાજર હશે. સૌરાષ્ટ્રની તાસીર જ જુદી છે. ત્યાંથી સાંજે ખડસલી.

(૭-૭-૧૯૯૦)

ત્રણ ટિકિટોની રકમ ભાડાની લીધી નહીં. એમાં મારો સ્વભાવ પણ કારણભૂત છે.

(૯-૭-૧૯૯૦)

વસંતને પત્ર. સમગ્ર વિચાર કરતાં અંત:સ્ફુરણાથી એ નિર્ણય પર આવું છું કે

૧. તારે હમણાં હૉસ્પિટલ છોડવાની નથી.

૨. રત્નપ્રભા રસોડું-કપડાં-જનરલ સુપર-વિઝન, જરૂર પડે મેટરનિટીનું કામ કરે.

૩. મેટરનિટી માટે એક ડૉક્ટર રાખી લેવો.

(૧૨-૭-૧૯૯૦)

દરબારમાં કાન્તિભાઈ મળ્યા. સાઈટ અંગે વિચારણા.

રાત્રે ૧૦ વાગે ચંદુલાલ, રતિલાલ વગેરે ૫૦-૬૦ ભાઈઓ આવ્યા. ડૉ. વિશે. વિચાર્યું કે બેત્રણ ફૂટ પાછું પણ ખેંચી શકાય. ડૉ. સાથે સ્પષ્ટતા વગેરે ન થઈ. તેમાં અસત્ય તો થયું.

પછી તો બાર વાગે ડૉ. શાહ ૧૦ માણસો લઈને આવ્યા. તેમની સાથે વાત થઈ. પણ તેમાં અસત્યનો અંશ તો ખરો.

રાત્રે એક વાગે ઊંઘી ગયો હોઈશ. રામ હરિ અને ઊંડા શ્વાસ ઊંઘ માટે મદદ કરે છે.

(૧૭-૭-૧૯૯૦)

શાંતિની પળોમાં :

મારો બગીચો હરિયાળો રાખવાનો પ્રયત્ન કરું છું.

તેના બદલામાં મારો બગીચો મને હંમેશાં હરિયાળો રાખવામાં મદદ કરે છે.

(૧-૮-૧૯૯૦)

મેં મારા હાથ લાંબા કર્યા, અને મોટા-પહોળા કર્યા.

અનુભવાયું કે બ્રહ્માંડ મારા ફોલ્ડમાં - હાથમાં ધબકે છે.

(૨-૮-૧૯૯૦)

મસાની તકલીફ બે દિવસથી શરૂ થઈ છે. આજે થોડી વધારે છે. તેનું કારણ મારું અજ્ઞાન છે. જોર ન કરવું જોઈએ, ત્યાં જોર કરવાનો પ્રયત્ન કર્યો.

(૬-૮-૧૯૯૦)

મૌન તરફ વધારે વૃત્તિ થવી જોઈએ. ઉદ્વેગ ન થવો જોઈએ. કરીને છૂટવું. સમિતિમાં કે ક્યાંય પ્રમુખ-ટ્રસ્ટી ન થવું. અલિપ્તતા કેળવવી. બધાંને ભગવદ્-મૂર્તિ સમજવી. સહજ રીતે સત્ પ્રેરણા થાય તે શરીરની મર્યાદા અને મનની પ્રસન્નતા જોઈને કરવું. શારીરિક મર્યાદામાં સતત કાર્યશીલ રહેવું. ચિંતન કરવાનો સમય કાઢવો. 'રામહરિ' જપ ચાલુ રહે તે માટે પ્રયત્ન. ૩ થી ૪નો સમય ચિંતન. સવારે વહેલા પણ સમય કાઢવો.

(૩-૧-૧૯૯૧)

જો કે હવે મનને બહુ ધક્કો લાગતો નથી. ઈશ્વર જે કરશે તે ખરું, એવી ભૂમિકા બંધાતી જાય છે.

રાત્રે ઊંઘ સારી આવી.

(૬-૪-૧૯૯૧)

હજી સેક્સનું સ્વપ્ન આવે છે. મને કોને ખબર કેમ કે વિષયો અંગેના વિચારો અવારનવાર આવે છે. સબ-કોન્શિયસ માઈન્ડમાં પડેલું છે. ઈશ્વર ખરો છે ! કે તું એટલો જાગૃત નથી ? નિરાહારીના ટળે છે વિષયો છતાં, રસ તેમાં રહી જતો, તે ટળે પેખતાં પરં. તે માટે સતત અભ્યાસ અને વૈરાગ્યની જરૂર રહે છે. પણ એટલું તપ થતું નથી. એક બાજુ બહુ ઉદાત્ત વિચારો અને બીજી બાજુ આવા પણ વિચારો ! ખરી છે ઈશ્વરની માયા ! મિથુનિચારિણામ્..... વિષયાસક્ત માણસ સુખ મેળવવા પ્રયત્ન કરે, પણ દુ:ખ જ આવી મળે છે.

(૬-૭-૧૯૯૧)

મન પણ કેવું છે ! કોઈ વખત આનંદમય. કોઈ વખત ઉદ્વેગમય. ડૉ. જશવંતભાઈ ગયા છે, તેના લીધે પણ માનસિક ભાર. પાણી, લાઈટ, ડૉક્ટર, કાર્યક્રમ.... મન ઉપર ભાર ન આવે તે માટે શક્ય હોય તે કરવું.

(૧૩-૭-૧૯૯૧)

રતનનો જન્મ-દિવસ. ભાદરવા વદ ૮-૧૯૭૫ સંવત. શુક્રવાર. તા. ૧૭-૧૦-૧૯૧૯.

(સ્મરણીય - ૧૯૯૧)

કાન્તિભાઈ સાથે ઉતાવળે બોલવાનું. રાત્રે માફી માગી આવ્યો.

(૨૬-૭-૧૯૯૨)

૧૯૯૩ની ડાયરીના પહેલા પાને એક અંગ્રેજી અવતરણ નોંધી લીધું છે —

How to make wise choices.

1. Frame the Question.
2. Do your Home-work.
3. Look for options.
4. Take small steps.
5. Listen to your Instincts.
6. Stay Flexible.
7. Set a dead line.

(૧-૧-૧૯૯૩)

સત્ય સંયમ સેવા. સત્યમાં અહિંસા આવે, પણ તેનું અલગ મહત્ત્વ ઘણું છે. ૬ઠ્ઠી ડિસેમ્બરથી ૧૧મી જાન્યુઆરી સુધી પણ જે હિંસા, ક્રૂરતા હિંદુ-મુસ્લિમ વચ્ચે ચાલી રહી છે, તેનું કારણ ભાજપ-વિ.હિં. પરિષદ.

(૧૧-૧-૧૯૯૩)

સાચી વાત છે. મહત્ત્વ માનસિક વૃત્તિનું છે. અંદર તે વૃત્તિ હોય તો જ શાંતિ-સમાધાન રહે. ઉપરનો દેખાવ કે ભાષણ કરીએ, તેનાથી કાંઈ ન થાય.

(૧૨-૧-૧૯૯૩)

શ્રદ્ધા સવારે-બપોરે-સાંજે. શ્રદ્ધાવાન ઈશ્વર આપણને કરે. વેદાન્ત, વિજ્ઞાન, વિશ્વાસ ત્રણે ગુણો સ્થિરતા-શાંતિ લાવે. વિશ્વાસમાં શ્રદ્ધાનો ભાવ આવે છે. શ્રદ્ધા ઈશ્વર ઉપર, સદ્‌વિચારો ઉપર, યમનિયમ ઉપર, સામા માણસના શબ્દો ઉપર. શ્રદ્ધાપૂર્વક કાર્ય કરવું. ફળની ચિંતા ન કરવી. યોગ્ય લાગે તે કરવું. કડવી દવા હોય, પણ શ્રદ્ધાપૂર્વક આપણે તેનો ઉપયોગ કરીએ છીએ કે તેનાથી રોગ મટશે. માટે શ્રદ્ધા રાખવી, તે પાયાનો ગુણ છે.

(૧૩-૧-૧૯૯૩)

જેમ ટીનની ખાણમાંથી ચાંદી ન કાઢી શકો, તેમ સમજણ અને જ્ઞાન આપ્યા વગર કોઈ માણસ પાસેથી તમે ધારો એવું વર્તન ન કરાવી શકો. વિચાર આપ્યા જ કરો, વિચાર આપ્યા જ કરો. તેમાંથી જ્ઞાન-સમજણ આવશે. તેમાંથી જ સત્ય-અહિંસાનું વાતાવરણ નિર્માણ થશે.

(૧૪-૧-૧૯૯૩)

દુ:ખથી દુ:ખી ન થતાં સહજ રીતે સહન કરવું,

કેમ કે કેટલુંક આપણા હાથમાં નથી હોતું. એટલે સમત્વભાવથી જોયા કરીએ તો શાંતિ રહે.

(૧૫-૧-૧૯૯૩)

નિયમિત સમયસર કામ થાય તો ભાર લાગે નહીં. એટલે નિયમિતતા સૂર્ય જેવી જોઈએ.

(૧૬-૧-૧૯૯૩)

સત્ય છે, સત્ય જ છે. હેતુ શુદ્ધ હોય પણ સાધન પણ પૂર્ણ શુદ્ધ હોવું જોઈએ. અને તે સાધન છે, સત્ય-અહિંસા.

(૧૭-૧-૧૯૯૩)

સમ્યક્ વિચાર, સમત્વપૂર્વક વિચારણા, આચાર વગેરે તમને અહિંસા-સત્ય તરફ લઈ જાય. વિચાર કરો, આચાર કરો, તેમાં પ્રસન્નતા ભળે એ જ સત્ય અને અહિંસા.

(૧૮-૧-૧૯૯૩)

બર્નાર્ડ શોની વાત સાચી છે. મતદાર જો મૂર્ખ છે, તો તેમનો પ્રતિનિધિ ધૂર્ત જ હોઈ શકે; કેમ કે તે જ મૂર્ખ મતદારને યેનકેન પ્રકારે છેતરી શકે. એટલે સાચો રસ્તો તો દરેક ગામ પોતાનો સ્વતંત્ર વહીવટ ચલાવે એ જ પાયાની ચીજ છે. સત્તા ગામેગામ વહેંચાઈ જવી જોઈએ. તો ધૂર્ત લોકો બહુ છેતરી ન શકે.

(૧૯-૧-૧૯૯૩)

અનાસક્તિ એટલે નિષ્કામ કર્મ. પણ કર્મનિષ્ઠા મનથી અલગ અને ઉપર.

(૨૦-૧-૧૯૯૩)

બલિદાન આપવું હોય તો બળવાને આપવું જોઈએ. સહન કરવું હોય તો જાતે સહન કરવું જોઈએ. જે જાતે સહન કરે, એ જ બળવાન. જે જાતે સહન ન કરે, તે દુર્બળ.

(૨૧-૧-૧૯૯૩)

મૂર્ખ એટલે જેના વિચાર સાફ નથી, દૂર દૃષ્ટિ નથી, બુદ્ધિ વિશે આદર નથી, ઇમ્પલ્સીવ છે, આવેશ પ્રમાણે વર્તનાર છે.

(૨૨-૧-૧૯૯૩)

સ્વાર્થ વગરની સેવા—નિષ્કામ સેવા એ જીવન જીવવા માટેનો મંત્ર અને તંત્ર છે.

(૨૩-૧-૧૯૯૩)

કર્મ કરીએ તો સત્ય, અહિંસા આદિ વ્રતોની કસોટી થાય. માટે કર્મ એ આપણી આરસી છે. તમારા ગુણો, દોષો બધું દેખાઈ આવે. એટલે કાર્ય કરતાં કરતાં આ ગુણોનો વિકાસ કરવો.

(૨૪-૧-૧૯૯૩)

દાન આપવું એટલે તે બીજ છે. વાવીએ એટલે તેમાંથી અનેકગણું ઉત્પન્ન થાય. આવો દાનનો હિસાબ છે.

(૧૭-૨-૧૯૯૩)

આત્મ-વિકાસ. આપણી જે સ્વતંત્ર શક્તિ હોય તેનો વિકાસ કરો. તેની ઉપર શ્રદ્ધા રાખો.

(૮-૩-૧૯૯૩)

સેવામાં પ્રાણ ક્યારે આવે ? જ્યારે તેમાં પ્રેમ અને અહિંસા હોય. મન-ચિત્ત શુદ્ધ હોય તો બધાં કામોમાં પ્રાણ આવે.

(૧૮-૩-૧૯૯૩)

ગ્રામસ્વરાજ માટે પણ સમજણ નથી પડતી કે શું કરવું. ઈશ્વર સુઝાડે તે કરવું. બીજા બધામાંથી મનને પાછું ખેંચી લેવું.

(૧૬-૪-૧૯૯૩)

અત્યારની સમાજની પરિસ્થિતિ — આતંકવાદ. હિંદુ-મુસ્લિમ વૈમનસ્ય. શહેરોમાં પરિસ્થિતિ વિકટ થતી જાય છે. ભ્રષ્ટાચાર. સરકારની એફિશિયન્સી લો. રાજકારણ અનીતિમય. સ્વાર્થી, પૈસા-સત્તાલોલૂપ રક્ષણકર્તા જ ભક્ષણકર્તા.

ગ્લોબલાઈઝેશનમાં ગરીબ માણસોની કોઈ કીમત નથી.

(૨૩-૪-૧૯૯૩)

જનતા સરકારમુક્ત કેમ બને ? આત્મશક્તિનો સ્ફોટ કેમ થાય ? નંદિનીબહેનના રેંટિયામાં એ શક્તિ છે. ગ્રામસ્વરાજના વિચારમાં એ શક્તિ છે. એક જણની આત્મ-શક્તિનો સ્ફોટ થાય, તો ચેઈન રીએકશન થઈ શકે.

(૧૭-૬-૧૯૯૩)

હમણાંથી મન શાંત થતું જાય છે. કામમાં અહંતા મમતા ઓછાં થતાં જાય છે. મરણનો ભય કંઈક ઓછો થતો જાય છે. ક્ષોભ ઓછો. સમાધાન-વૃત્તિનો વિકાસ. સહજ પ્રવૃત્તિ.

(૭-૧૦-૧૯૯૩)

આખા વર્ષમાં શું ?

શારીરિક —ઑસ્ટીઓ આરથ્રાઈટીસ જમણા પગના ઘૂંટણનો. ચાલવાની શક્તિ ઘટી. જનરલ તબિયત સારી રહી.

માનસિક —માનસિક સ્વાસ્થ્ય સારું. શાંતિ તરફ પ્રગતિ. ક્ષુબ્ધતા ઘણી ઓછી. નિર્લેપતા તરફ વૃત્તિ. સત્ય તરફ ઠીક ઠીક પ્રયાણ. પ્રેમ તરફ ઠીક ઠીક પ્રયાણ. કરુણા ખાસ નહીં.

કાર્ય —વડનગરમાં કોઈ ભૂખ્યું ન રહે તે માટે પ્રયત્નો. જિલ્લામાં ઈશ્વરભાઈ સાથે સર્વોદય વિચારપ્રચાર. ગુજરાતમાં શક્ય એટલી મિટિંગોમાં હાજરી. કારગિલ પ્રકરણનો કાર્યક્રમ. વડનગર નાગરિક મંડળને ૫૦ વરસ પૂરાં થયાં. ૧૮ ડિસેમ્બરે મુંબઈમાં કાર્યક્રમ. ફંડ ૨૦ થી ૨૫ લાખ. મધુભાઈ, રામપ્રસાદ, શિવલાલ અને ઘણા મિત્રોએ સારું કામ કર્યું.

આખા વર્ષના અંતે —

માનસિક સ્થિરતા. અક્ષુબ્ધતા. કામના ખાસ નહીં. કંઈક નિસ્પૃહતા.

ખેતી, સફાઈ, શારીરિક શ્રમ. કાંતવાનો કાર્યક્રમ. ઈશ્વરભાઈ, મોતીભાઈ વગેરે મિત્રોનો સહયોગ સારો.

કાર્યક્રમ સ્વદેશી ભાવનાનો. ગ્રામસ્વરાજ અંગે ચિંતન-મનન.

(૩૧-૧૨-૧૯૯૩)

ઈશ્વર જે કરાવે, વિચાર આપે, પ્રેરણા આપે, તે કરવું. નામદેવની માફક પૂછવું, હે ભગવાન, તું કહે તે પ્રમાણે કરું.

(૨-૮-૧૯૯૪)

હરિનામ પાયાની ચીજ. તેમાંથી જ બધું સ્ફૂરે. હરિનામમાં જ સત્ય, અહિંસા વગેરે ગુણો સમાયેલા છે. હરિનામ એટલે જ નારાયણનું નામ. સમસ્ત જગત, જેમાં ચર-અચર બધું આવેલું છે તે ભાવ સાથે હરિનામ લેવું જોઈએ. એ ભાવ હોય કે નહીં, હરિનામ લેતાં તે ભાવ આવી જાય.

(૨-૯-૧૯૯૪)

મને લાગે છે કે આધ્યાત્મિક ભૂમિકા ઉપર જ સમાજને શિક્ષણ આપવું જોઈએ. જેમ કે આત્માના અધિષ્ઠાન ઉપર જ આ શરીર છે. શરીર અને સંસારની બાબતો ગૌણ છે. મુખ્ય તો આત્મજ્ઞાન જ છે. સત્ય, પ્રેમ, કરુણાના પાયા ઉપર જ ગ્રામ-સ્વરાજ રચાવું જોઈએ. વિનોબાજીએ સ્વતંત્ર રીતે આ વિચારને ગ્રામદાન દ્વારા વિકસાવ્યો છે, અને એ જ પાયાનો વિચાર છે. આ વિચાર કેવી રીતે પ્રત્યક્ષ સ્વરૂપ લે, તે વિચારવાનું છે.

(૭-૯-૧૯૯૪)

હે પરમ તત્ત્વ, તારું જ છે, તને જ સમર્પણ ! મન, ઇન્દ્રિયો, બુદ્ધિ, દેહ બધું તારું જ બનાવેલું છે. તેં રમત કરવા બધું બનાવ્યું છે. પણ ભૂલી જવાય છે, અને તેં જે અહંકાર મૂક્યો છે, તે બધી ધમાલ કરાવે છે. સતત એવું ધ્યાન રહે એવું કર કે તું જેમ દોરે તેમ આ તારું સાધન પ્રવૃત્તિ કરે. એ જ પ્રાર્થના !

(૨૦-૯-૧૯૯૪)

બધું સમર્પણ ઈશ્વરને. એ જે પ્રેરણા આપે તે કરવું.

મન ખરું છે ! તેને કાબૂમાં રાખવું ઘણી મહેનત માગી લે છે. મહેનત નહીં, જાગૃતિ માગી લે છે. સદા જાગૃત રહેવું, એ જ પુરુષાર્થ છે.

(૨૬-૯-૧૯૯૪)

જેમ નદી-કિનારે બેસીએ છીએ, ખળખળ પાણી વહે છે, એકચિત્તથી જોઈ રહીએ છીએ, અને આનંદની અનુભૂતિ થાય છે. હિમાલય જેવી પર્વતમાળામાં જઈએ છીએ, લીલી હરિયાળી ચારે બાજુ જોઈએ છીએ, આનંદ આવે છે. દરિયા-કિનારે શાંત બેઠા છીએ, આનંદ આવે છે. તે કોટીનો આ પરિવાર સંમેલનનો આનંદ છે. ન બોલો તોય આનંદ, બોલો તોય આનંદ. મળવાનો જે આનંદ છે, તે જ શુદ્ધ આનંદ છે. પ્રાર્થના, મિલન, રાતની પ્રાર્થના, બધું આપણને કંઈ ને કંઈ આપી જાય છે. પણ નાહક મિલન એ જ પાયાની ચીજ છે. તેમાંથી જે કાંઈ બધાની વાતોમાંથી, અનુભવમાંથી મેળવીએ, ગ્રાહ્ય રાખવા જેવાં વ્રતો આચરીએ, તે આપણી કમાણી.

(૩-૧૧-૧૯૯૪)

આજે સાંજે મિટિંગ બહેનોની કરી. તેમાં એક બહેને ગાંધી વિશે, હરિજનોને ચઢાવ્યા વગેરે વિશે, અનામત વિશે બળાપો કાઢ્યો. સર્વોદય-પાત્ર અંગે પણ ઘરે પૂછીને કરશું. તે વાત તો સાચી છે. સમજણ આપીને કરવું જોઈએ. તેમાં તો એની વાત સાચી હતી.

મનમાં કંઈ ખાસ ઉદ્વેગ ન થયો. ઈશ્વરની કૃપા છે કે જેથી વધારે જાગૃત થવાય. શબ્દોની શક્તિનું ભાન થાય. 'હિતાર્થે બોલણે સત્ય'-નું ભાન થાય.

(૨૭-૧૨-૧૯૯૪)

ઈશ્વર જે કરાવે તે કરવું. ૭૮ વર્ષ જીવનનાં પૂરાં થયાં. ઈશ્વરની કેટલી બધી કૃપા રહી ! સાચા રસ્તે લઈ જવા માટે તેણે જ સંયોગો ઉત્પન્ન કર્યા. તેણે જ પ્રેરણા આપી. હવે ઈશ્વરને પ્રાર્થના કે રજોગુણ-તમોગુણ દૂર કર. ચિત્ત શુદ્ધ કર. સતત એનું જ ધ્યાન-સ્મરણ રહે. અહંકારનું નિર્મૂલન થાય. બધું એ જ કરાવે છે. આપણને તે સાધન બનાવે છે. તો તે સાધન બરોબર કામ આપે એવું થવું જોઈએ. લગાર બુઠ્ઠું કે આડું-તેડું ન હોય. ઈશ્વર એવી શક્તિ-ભક્તિ આપે, એ જ પ્રાર્થના !

(૪-૨-૧૯૯૫)

આ શરીર આત્મા-પરમાત્માનું છે. જે હુકમ કરે તે પ્રમાણે ચાલવું જોઈએ. પ્રમાદ કરે ચાલે નહીં. અહર્નિશ એ જ ભાવ રહે કે ઈશ્વર એની જે ઇચ્છા હોય, તે પ્રમાણે આ સાધનનો ઉપયોગ કરે. તેણે બુદ્ધિ આપી છે, તે પણ એની જ પ્રેરણા પ્રમાણે વિચારે અને મન પાસે કરાવડાવે.

(૫-૨-૧૯૯૫)

ઈશ્વરનો અંશ આપણામાં. શરીર એનું સાધન છે. વિશ્વનું તે નિયમન કરે છે. આપણે તે કરાવે એ કરવું.

બાળક ભગવાન છે. તેમાં ભગવાનના ગુણો આવે એવું કરવું. જેમ પથ્થરને ઘાટ ઘડે છે તો સુંદર મૂર્તિ થાય છે, તેમ બાળક રૂપી ભગવાનને ઘડીને સુંદર મૂર્તિ અંતરંગની ઘડવી છે.

(૮-૨-૧૯૯૫)

દ્રષ્ટા થવાય. જેમ રેંટિયાના આપણે દ્રષ્ટા છીએ, તેવી રીતે શરીરના પણ દ્રષ્ટા રહેવું જોઈએ. શરીર એટલે મન, બુદ્ધિ, ઇંદ્રિયો, સર્વેના દ્રષ્ટા. તો આનંદ જ આનંદ.

(૧૫-૩-૧૯૯૫)

ચિત્તને આત્મામાંથી પોષણ મળવું જોઈએ, જેમ વૃક્ષને જમીનમાંથી પોષણ મળે છે.

(૧૬-૩-૧૯૯૫)

ચિત્તને આત્મામાંથી પ્રેરણા મળે. પણ ચિત્તશુદ્ધિ હોય તો જ અંદરથી પ્રેરણા મેળવવાને ચિત્ત અધિકારી થઈ શકે.

(૧૭-૩-૧૯૯૫)

હજી ઘણો અહંકાર છે. 'મેં કર્યું' —એવો અહંકાર પાર વગરનો છે. ઈશ્વરને પ્રાર્થના કે તું જ બધું કરાવે છે, અહંકાર ઓગાળવા માટે શક્તિ-ભક્તિ-પ્રેરણા આપ.

(૭-૪-૧૯૯૫)

પ્રેમને પ્રવાહિત કરવો, બંધિયાર ન રાખવો; નહીંતર ગંધાય.

(૧૨-૪-૧૯૯૫)

ઈશ્વરાર્પણ ભાવ. ફળ વિશે નિશ્ચિંત. કર્મ વિશે જાગૃત, દક્ષ.

(૨૨-૪-૧૯૯૫)

બીજા કોઈ નેગેટિવ વિચારો આવતા નથી. સહજ સ્વભાવ છે. ઈશ્વર તરફ પાકી શ્રદ્ધા છે, પણ તીવ્રતાની કંઈ ખબર પડતી નથી.

(૧૫-૫-૧૯૯૫)

માનસિક સ્થિતિ હવે શાંત થતી જાય છે. હાયવોય નથી. કર્મ સતત કરવું. ફળ આવવું ઘણાં પરિબળો ઉપર આધાર રાખે છે. અને જે હોય તે, તમારાં પોતાનાં પરિબળો વ્યવસ્થિત રહે તે માટે પ્રયત્ન કરવો. પછી કેટલાંક અણધાર્યાં પરિબળો આવે અને અસર કરે, તે વખતે મન બિલકુલ ક્ષુબ્ધ ન થવું જોઈએ.

(૨૧-૫-૧૯૯૫)

મનમાં હમણાં ઘણી વખત સેક્સ અંગેના અષ્ટમ્ પષ્ટમ્ વિચારો આવે. સ્વપ્નામાં એ આવ્યા. શું કરવું ? સતત જાગૃત aware રહેવું, એ જ ઉપાય. વિચારને જોવો તટસ્થતાથી.

(૨-૬-૧૯૯૫)

પ્રભુ, વિચારો ના આવે માટે શું કરવું ? સતત રામનામ સિવાય બીજો રસ્તો નથી.

(૩-૬-૧૯૯૫)

વિકારના વિચારો ન આવે તે માટે સતત જાગૃત રહેવાનું છે. હજી આ ઉંમરે પણ તે વિચારો આવે છે જુદા જુદા રૂપમાં ! પોતે તો ૨૫-૩૦ વર્ષથી નપુંસક છે. જૂની સ્મૃતિઓ આવ્યા કરે છે. પંપાળ્યા કરાય છે. જાગૃત રહો.

(૫-૬-૧૯૯૫)

સોમવારની મિટિંગના સમાચાર ન મળ્યા, તે માટે માનસિક ધક્કો. અહંકારનો ધક્કો.

'ભૂમિપુત્ર'માં સર્વોદય-પાત્રમાં નામ આવ્યું, તે માટે બે વખત વાંચ્યું. તે ગમ્યું.

ધક્કો અને ગમવાનું, બંને મનને, તેમાંય અહંકારને.

આ વૃત્તિ નિર્મૂળ થાય તે માટે પ્રયત્ન. હજી ઘણી ઘણી તપશ્ચર્યા કરવાની બાકી છે. હે પ્રભુ, તું શક્તિ આપ. લખે-બોલે શું ? તે જ શક્તિ આપશે કે અહંકાર જરાય મનમાં જ ન હોય.

(૫-૮-૧૯૯૫)

ઈશ્વર જે પ્રેરણા આપે તે ખરું. આત્મા ઈશ્વરનો પ્રતિનિધિ છે. તે આપણને પ્રેરણા આપે છે. ઇન્દ્રિયો, મન, બુદ્ધિ, શરીર, બધું તેના કાબૂમાં સોંપી દો. બધા મનુષ્યો ઈશ્વરની વિભૂતિ છે. દરેકનો સ્વભાવ છેવટે ઈશ્વર-પ્રેરિત છે. હા, દોષો દેખાય તે સ્વાર્થ અને અહંકારના હોય, તે બાદ કરવા.

(૭-૮-૧૯૯૫)

સ્થિરતા. સહજ રીતે સંકલ્પ કરેલાં કર્મ કર્યા કરવાં. મનને તાણ પડે એવી ઘાઈ ન કરવી. ઉતાવળ પણ એક જાતની હિંસા. યથા સમયે બધું થયા કરે. તમારે તો કર્તવ્ય પ્રત્યે સતત જાગૃત રહેવું. તેમાં આળસ કે ઢીલાશ ન કરવી.

(૧૭-૮-૧૯૯૫)

હું દેહથી ભિન્ન છું, તેનું સતત ભાન રહેવું જોઈએ. કર્મ કરો, ફળ લોપાયમાન થાય છે. ક્ષોભ ફળની આકાંક્ષા કરાવે છે. નક્કી કર્યું હોય તે પ્રમાણે કામ કરો. વિવેક, ચિંતન બધું જોઈએ. અને પછી જે નક્કી કરો તે પ્રમાણે સમયબદ્ધ કાર્ય કરો. ફળની ચિંતા ન કરો. કર્તવ્ય કર્મ કર્યા કરો.

(૨-૯-૧૯૯૫)

માનસિક મલિનતાનું દર્શન. સહજતા તરફ જવાની વૃત્તિ.

(૬-૧૦-૧૯૯૫)

ઈશ્વરને બધું સમર્પણ. હજી ઇંદ્રિયો ઉપર, જીભ ઉપર, મન ઉપર કાબૂ નથી.

(૨૨-૧૦-૧૯૯૫)

'વિજ્ઞાન-દર્શન'નું પુસ્તક શોધ્યું, પણ મળતું નથી. મનમાં પુસ્તક વિશે ચિંતા —ક્ષણિક.

(૨૬-૧૧-૧૯૯૫)

બધાં પુસ્તકોમાં આત્મા દેહથી ભિન્ન છે તેના વિશે સતત જાગૃત રહેવાનું કહે છે. ખરી છે આ દુનિયા ! કામ બધું કરો, પણ અલિપ્ત રહો. ફળ જે આવે તે ઈશ્વરને સમર્પણ. કર્મ-વિકર્મ-અકર્મ.

મગ વધારે ખાધા, તેની સૂક્ષ્મ અસર પેટ ઉપર. ગેસ ?

(૨૮-૧૧-૧૯૯૫)

એકાદ કલાક વાંચું છું. મને તો ૧૫-૨૦ પુસ્તકોમાંથી છેવટે સાર તો હરિનામ જ લાગે છે. હરિનામ લેતા જાઓ. હરિનું કામ કરતા જાઓ. કર્મ લેપાયમાન થતું નથી, ફળ લેપાયમાન થાય. એટલે ક્ષોભ વગેરે થાય. કર્મ મન દઈને કરો —સાતત્યપૂર્વક, વિવેકથી બુદ્ધિપૂર્વક. સારાસાર વિચાર કરતા જાઓ. સ્ફોટ જ્યારે થવાનો હશે ત્યારે થશે.

રાત્રે ઊંઘ સારી આવે છે. કોઈ કોઈ વખત સ્વપ્ન આવે છે. ખ્યાલ નથી આવતો, કેમ એવાં સ્વપ્નો આવે છે ?

(૨૯-૧૧-૧૯૯૫)

લગભગ સારાં એવાં પુસ્તકો વાંચું છું, પણ ધ્યાનમાં હરિનામ-સ્મરણ અને હરિ-ભાવના જ મુખ્ય રહે છે. સમાધાન રહે છે.

(૧-૧૨-૧૯૯૫)

બધા વાચનમાંથી છેવટે સાર રહે છે —ઈશ્વર ઉપર પૂર્ણ શ્રદ્ધા. ફળની આશા લેપાયમાન થાય, ચિંતા કરાવે. કર્મ કર્યા કરો. ફળની ચિંતા બિલકુલ ન કરવી. ઉતાવળ પણ ન કરવી. પ્રમાદ પણ ન કરવો. સાતત્યથી સ્થિર ગતિએ નિષ્કામ ભાવે સ્વધર્મની પ્રવૃત્તિ કરવી. અને પછી બધું સમર્પણ પરમ તત્ત્વને. બધું વાંચ્યા પછી સાર તો આ જ નીકળે છે.

(૨-૧૨-૧૯૯૫)

સાંજે ગળે હાથ ફેરવતાં ડાબી બાજુ સોજો લાગતાં લાગ્યું કે ગાંઠ થઈ છે. દુખતી નથી. તેમાંથી ચિંતન ચાલ્યું કે કેન્સરની ગાંઠ નથી ને ! પછી તેમાંથી ભય, મરવાનો ભય. ગમે ત્યારે તો આવવાનું જ છે. એટલે મનની શું સ્થિતિ છે, તે ખબર પડે છે. ગમે તેટલું જ્ઞાન થાય, વાતો કરીએ, પણ જ્યારે પ્રત્યક્ષ આવે, ત્યારે કેવી ગભરામણ થાય છે તેનો ખ્યાલ આવે છે. આ પણ ઈશ્વરની કૃપા છે, જેથી ભયની ભૂમિકા આવ્યા પછી મન ભયરહિત થાય. હજી ઘણું તપ કરવાની જરૂર પડશે.

(૮-૧૨-૧૯૯૫)

સવારે સ્ફૂર્તિ હતી. માથું પછી દુખતું ન હતું. ધ્યાન, ઉપાસના, ઈશ્વરની ભક્તિ —આ જરૂરી છે. વિજ્ઞાન બુદ્ધ બનાવે. નિષ્કામ સેવા શુદ્ધ બનાવે. પણ ભક્તિ તો સિદ્ધ બનાવે.

(૧૩-૧૨-૧૯૯૫)

ચિત્તમાં શાંતિ. ઈશ્વર ઉપર સંપૂર્ણ ભરોસો કેળવવાનો પ્રયત્ન. વિચાર કે બધામાંથી રાજીનામું.

(૧-૧-૧૯૯૬)

આજે 'કૃષ્ણાવતાર'નું બીજું પુસ્તક કલાકો સુધી વાંચ્યું. રાત્રે ૧૧ વાગ્યા સુધી વાંચ્યું. મગજને એનાથી ઉત્તેજના થાય છે. તેનાથી મગજના જ્ઞાનતંતુ થાકી જતા હોય, એમ અનુભવાય છે. મનમાં એવું નક્કી કરવાનું થાય છે કે આવું ન વાંચવું. ચિત્તશુદ્ધિ, ગ્રામસ્વરાજ, સર્વોદય-પાત્ર અંગે જે ચિંતન-વાચન-મનન હોય, ઈશ અને દુનિયાનું તટસ્થ અવલોકન પણ હોય. દુનિયામાં ઘણું કામ કરવાનું હોય છે, પણ તમને અંદરથી જે આદેશ થાય તે જ કરવું. તે માટે સદા જાગૃત રહેવું. રાતે ઊંઘ તો આવી ગઈ, પણ મગજમાં સ્પષ્ટતા નહીં.

(૨-૧-૧૯૯૬)

'નામ્ના સાદૃગુણ્યમ્'. નામનો જપ પૂર્તિ કરે છે. ભક્તિમાં નામ-સ્મરણ જ છે. મહાવાક્યનું ચિંતન જ્ઞાન છે, પણ સુલભ તો નામ-સ્મરણ જ છે. સૌને સુલભ અને પ્રાપ્ય છે. ચિત્તશુદ્ધિ અને ભક્તિ એ બે મનુષ્ય-જીવન માટે પાયાની ચીજ. કર્મ આરસી છે. તમે જેવા હો તેવા દેખાવ. તેમાં મન પરોવીએ અને દૃષ્ટા થઈને જોઈએ, તો ચિત્તશુદ્ધિમાં મદદ થાય. ચિત્તશુદ્ધિ થાય તેમ પ્રસન્નતા પ્રાપ્ત થાય. પ્રસન્નતા પ્રાપ્ત થાય એટલે દુ:ખ નાશ પામે, એટલે શાંતિ થાય અને શાંતિ તે જ સુખ.

(૨૯-૧-૧૯૯૬)

સંતોને આત્મ-સાક્ષાત્કાર થયો, પણ આપણે અનુભવીએ નહીં ત્યાં સુધી એનો શું અર્થ ? ગોળ ચાખીએ નહીં ત્યાં સુધી ગળ્યો છે એમ સાંભળ્યા કરીશું !

(૩૦-૧-૧૯૯૬)

ઈશ્વરની સતત સ્મૃતિ ધૂન અડધો કલાક કરવાથી મન-હૃદય-બુદ્ધિ-શરીરમાં ઈશ્વરનાં સ્પંદન થાય છે. તે શરીરનું આરોગ્ય, મનનું આરોગ્ય, બુદ્ધિની તેજસ્વિતા, આત્મસ્મૃતિ પ્રાપ્ત થાય છે. એટલે ૨૪ કલાક પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

ગ્રામસ્વરાજ માટે ગુજરાતમાં પાંચ લાખ સહીઓ, પછી બૃહત્ ગ્રામસ્વરાજ સંમેલન, પછી ૫ થી ૧૫ ઑગસ્ટ, ૧ થી ૧૧ સપ્ટેમ્બર, ૨ થી ૧૧ ઑક્ટોબર સમસ્ત ગુજરાતમાંથી જિલ્લાવાર ગાંધીનગર કૂચ, ગ્રામસભાને અધિકાર માટે મુખ્યમંત્રીને મળી માગણી —આ રીતે ભારતમાં દરેક પ્રદેશમાં થાય તો ગ્રામસ્વરાજની નજીક જવાય.

(૨-૨-૧૯૯૬)

કેટલું વંચાય છે ! યાદ કરવાનું નથી ફાવતું, પણ અંદર ઊંડું ઊતરતું અનુભવાય છે. ચિત્તશુદ્ધિ સહજ થાય છે. કામના બધી જ છૂટી જાય, નિર્ભયતા આવે, અહંકાર-મમતાથી મુક્ત થવાય, તો સહજ રીતે શાંતિ-સુખ મળે. ૨૪ કલાક પ્રસન્નતા રહેવી જોઈએ.

(૯-૨-૧૯૯૬)

ફરી-ફરીને વાત તે ઈશ્વર-સ્મરણ જ. બધામાં ઈશ્વરભાવ. કામ કરતાં-કરતાં સો વર્ષ જીવવાનું. જીવવું પણ કર્મ. કર્મમાંથી અકર્મ નીકળે છે. માટે સતત કર્મ કરતા રહેવું. મનને કાબૂમાં રાખવાનો સતત પ્રયત્ન કર્યા કરવો જોઈએ. મન આખો દહાડો થોડી થોડી વારમાં છટકી જાય છે. તે માટે સતત જાગૃતિ, સતત awareness સાધવા માટે સતત પ્રયત્ન અને તે માટે સત્યપરાયણ હોવું જોઈએ.

(૧૦-૨-૧૯૯૬)

ગંજબજારમાં સહીઓ કરાવી. જકાતનાકામાં ગમે તે બોલાયું, ખોટું પણ બોલાયું, ઉગ્રતાથી બોલાયું. હજી મનમાં કેવો કચરો પડ્યો છે, તેનું દર્શન થયું. બુદ્ધથી ગયું તે હોજથી ન સુધરે. આવી જિંદગી છે ! સતત અનુભવ થયા કરે છે. વધારે જાગૃત રહેવું પડે.

(૧૯-૨-૧૯૯૬)

સ્વાધ્યાયમાં વાંચતી વખતે આનંદ આવે છે, પણ પછી લખવાનું વિચારું છું ત્યારે કંઈ ખાસ યાદ આવતું નથી. ગ્રામસ્વરાજના વિચારમાં રમમાણ રહેવાય છે. બધી નદીઓ ગ્રામસ્વરાજ સમુદ્રમાં જાય.

(૨૨-૨-૧૯૯૬)

ઈશ્વરને બધું સોંપવું. હવે બધી પ્રવૃત્તિમાંથી રસ ઊડી જતો લાગે છે. ગ્રામસ્વરાજ અંગે જ ચિંતન, વાચન, મનન કરવું. હવે વધારે વાંચવાનો પણ કંટાળો આવે. હવે જાણે બધામાંથી મન નીકળી જવા માગે છે. સહજ સંતોષ, શાંતિ.

વિનોબાનું સાહિત્ય અજબ-ગજબનું છે. ઈશ્વર કેવો છે ! કોઈ કોઈ વખત એવા માણસોને મોકલાવે છે ! મનુષ્યજાત ઊંચી ચઢે છે. વિનોબા અદ્વિતીય છે.

(૩-૫-૧૯૯૬)

મનમાં વૃત્તિ જાગે છે કે બધામાંથી મન કાઢી નાખવું. દવાખાનામાં જે તે કરે. જાગૃત રહીએ. સૌ સૌને કામ સોંપવું પડે. હવે બધામાંથી મુક્ત થવું. દરેકને કામ સોંપી દેવું પડે. રસ્તો કાઢવો.

(૭-૬-૧૯૯૬)

સંન્યાસ અને કર્મયોગ, બંને એક જ છે તેનું પ્રતિપાદન વિનોબાજીએ 'ગીતાઈ-ચિંતનિકા'માં સારી રીતે કર્યું છે. વિશ્લેષણ-સંશ્લેષણ કરવાની તેમની શક્તિ અજબની છે. મનમાં ઇમ્પ્રેશન રહી જાય. બોલવાનું કરીએ તો બોલાય નહીં, પણ વાંચવાનું મન થયા જ કરે.

(૯-૬-૧૯૯૬)

સમતા કેળવવી. ચિંતન કંઈ ખાસ નવું સૂઝતું નથી, તો જેટલું સૂઝે છે તેટલું કર્યા કરો.

(૧૯-૬-૧૯૯૬)

હવે બધું લાહે લાહે કરવાનું. વચ્ચે દખલગીરી કરવી નહીં. સહજ જે થાય તે કરવું. ખેતીમાં સમય સવારે આપવાનું મન થાય છે. કાંતવામાં કલાક અપાય તો સારું.

(૫-૧૧-૧૯૯૬)

હવે શારીરિક મર્યાદાઓ આવતી જાય છે, માનસિક મર્યાદાઓ આવતી જાય છે. હવે વિનોબાજી કહે છે તેમ સૂક્ષ્મમાં. એટલે બધા ઊભરા-દોડધામ શાંત થતી જાય છે. લગભગ ૧૯૪૭માં સંકલ્પ કર્યો, તેને ૫૦ વરસ પૂરાં થયાં. મુંબઈ છોડે ૪૯ વરસ. હવે દોડાદોડ શાંત. હવે સહજ રીતે જે સ્ફૂર્તિ થાય એટલું કામ થાય. ઈશ્વર જે પ્રેરણા આપે, તે થઈ શકે તે કરવું. હાયવોય નહીં. સહજ રીતે થાય.

(૩-૨-૧૯૯૮)

આપણે તો બધા ઘાસનાં તણખલાં જેવા છીએ. કોઈ ગુલાબ કે મોગરો હોય, કોઈ નાનું કે મોટું ઝાડ હોય, પણ આપણે સામાન્ય રીતે તણખલાં છીએ. કંઈક ઇમ્પ્રેશન મૂકતું જાય.

(૪-૬-૧૯૯૮)

મારી જાતને જોઉં તો ગ્રામસ્વરાજ અંગે મોટી મોટી વાતો કરું છું, જાતે આ બાબતમાં શું કરું છું ? સમાજમાં આ વિચાર ક્યારે ફેલાય ? મારી જાતનો અભ્યાસ કરવો પડે. કાર્યકર્તાને શી રીતે પુછાય ? તમે જ કંઈ ન કરતા હોવ ત્યાં આ બધી લીપ-સિમ્પથી છે. સામૂહિક ભાવના જગાડવા શું કરવું ? મારી જાતને શૂન્ય બનાવવી. મારી જાતે ચિંતન કરવું જોઈએ. શરીર-પરિશ્રમ, દાન, એક કુટુંબ બને તે અંગે ચિંતન. ગામમાં સરકારમાંથી મુક્ત થવા શું કરવું જોઈએ ? મિત્ર થવા માટે કોઈ કારણ તો જોઈએ. એમ ને એમ ભૂખ કેમ લાગે ? આપણે ધારીએ ત્યારે કેમ ભૂખ લાગે ? એના સમયે લાગે.

(૧૧-૭-૧૯૯૮)

સંકલ્પની શક્તિ છે. સમજીને લેવો. તેને પાર પાડવા માટે પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઈએ. અત્યારે

મનમાં બે સંકલ્પો છે. (૧) ગ્રામસ્વરાજ કેમ મૂર્તિમંત થાય, તે માટે પ્રયત્નો. (૨) ઉપવાસદાન વ્યાપક કેમ થાય. ૧૨ ફેબ્રુઆરી સુધી ૨૦૦ ઉપવાસદાની માટે પ્રયત્ન કરવો.

(૧૯-૧૦-૧૯૯૮)

રાત્રે બરોબર ઊંઘ આવી નહીં. કંઈ ખાસ ચિંતન પણ નહીં. અષ્ટમ્ પષ્ટમ્ વિચારોની અસ્પષ્ટતા. ઈશ્વરની કૃપા વિશે ચિંતન. ગ્રામસ્વરાજ અને ઉપવાસદાન. તેનું પ્લાનિંગ કરવું જોઈએ.

જેની પાસે જે શક્તિ છે —સંપત્તિ, બુદ્ધિ, શક્તિ, ધનદોલત, એ બધાંનો એક અંશ સમાજને આપીને તેનો ભોગ કરી શકે છે. પહેલાં આપો અને પછી ખાઓ —આ ભાવના નિર્માણ કરવાની જરૂર છે.

(૨૨-૧૦-૧૯૯૮)

મગજ કેવું છે ! વાંચીએ તે વખતે લાગે કે યાદ રહ્યું, પણ થોડી વાર પછી ભૂલી જવાય. જો કે હવે ઈશ્વર ઉપરની શ્રદ્ધા પાકી થતી જાય છે. શરીરને જ્યારે જવું હોય ત્યારે જાય, તેનો મોહ ઓછો થતો જાય છે. આજનું આજ, કાલનું કાલ. આજનું કામ આજે કરવું, કાલની વાત કાલે. વ્યક્તિગત, કૌટુંબિક, આર્થિક કંઈ વિચાર આવતા નથી. સમાધાન રહે છે, શાંતિ રહે છે. કામની હાયવોય નથી. ગ્રામસ્વરાજ માટે ગામડાંમાં જવું જોઈએ, મહોલ્લામાં જવું જોઈએ. શારીરિક મર્યાદાઓ પણ છે, તો પણ જે થઈ શકે તે કરવું. શું બીજું ચિંતન કરવું તે સૂઝતું નથી. મિત્રોને પત્રો લખું છું. સમાધાન રહે છે. હવે વધારે લોકો લખતા જાય તેવું કરવું જોઈએ.

(૧૦-૧૧-૧૯૯૮)

ગામડાંમાં લોકો વચ્ચે આપણે જતા નથી. ચિંતન ચાલતું નથી. નવા વિચારો સૂઝતા નથી. પ્રત્યક્ષ ક્ષેત્રમાં જ નવા વિચારો સૂઝે.

(૧૧-૧૧-૧૯૯૮)

હજી સંયમિત જીવન થતું નથી. આજે સવારે થોડું વધારે ખાધું. ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી તપસ્યાનું કામ છે. આખો સમાજ સંયમી થાય. ઉપવાસદાન એક પગલું થઈ શકે.

(૧૩-૧૧-૧૯૯૮)

મનુષ્યનાં મન કેવાં હોય છે ! વિનોબા અને જે.પી., સર્વ સેવા સંઘ. ૧૯૭૪માં કેવા વિવાદો થાય છે ! મમ સત્યમ્. અનુભવના આધારે ખબર પડે છે. બાબા એકાગ્ર ચિત્તે ગ્રામદાન-ગ્રામસ્વરાજની વાત દોહરાવતા હતા. જે.પી.ને લાગ્યું કે ભ્રષ્ટાચાર વધ્યો છે, ધારાસભા વિખેરી નાખો. તેમાંથી કટોકટી. એક વાતાવરણ બન્યું અને પછી પાછું બદલાઈ ગયું. એટલે વેવરિંગ ન થતાં એક જે કામ લીધું હોય અને તે સારું લાગતું હોય તે કર્યા કરવું. સમાજમાં અસર જ્યારે થવાની હશે ત્યારે થશે. તમે તમારું કામ કર્યા કરો.

(૧૮-૧૧-૧૯૯૮)

ઉતાવળ કરવી તે ક્ષોભ ઉત્પન્ન કરે. મહેનત કરીને પણ જે વિચાર આવે તેને તે દિવસે જ અમલમાં મૂકવો. સમય-મર્યાદા પણ બાંધવી. સમયસર ઘડિયાળના કાંટે કામ કરવાનો પ્રયત્ન કરવો.

(૧૫-૧૨-૧૯૯૮)

ચિત્તશુદ્ધિ માટે હર ક્ષણે સતત જાગ્રત રહેવું જોઈએ. ગ્રામસ્વરાજનું કામ કરો, પ્રવચન આપવાનું કામ કરો કે ફંડ એકઠું કરવાનું કામ કરો, તેમાં દરેક ક્ષણે તમારું ચિત્ત શુદ્ધ રહે છે ? તેમાં કામ, ક્રોધ આદિ ચિત્તને કેટલાં સ્પર્શે છે ? મારું પોતાનું નિરીક્ષણ કરું તો —

કામ (વિષય) વાસના અંગે પહેલાં જે એનો ભોગ ભોગવેલો, તે તો યાદ આવે અને તે અંગે પણ જાતજાતના વિચારો આવે. તેના વિશે સતત જાગૃતિ રહે અને મૂળમાંથી તે વિચારો જાય તે માટે સતત જાગૃત રહેવું.

(૧૮-૨-૧૯૯૯)

ગઈ કાલે સાંજે મન ઉપર ભાર લાગતો હતો. આજે મુક્ત થવાનો હવે પ્રયત્ન કરવો છે. સહજ રીતે થાય તે કરવું. આ કરી નાખવું છે, એવું નહીં. થાય તે કરવું. બધા જે યોજના કરે તેમાં મદદ કરવી. હવે ફરવાની-ચાલવાની મર્યાદા આવી છે, એટલે તે પ્રમાણે હવે પ્રવૃત્તિ કરવી. બહુ ધમાલ ન કરવી. આ કરી નાખું અને તે કરી નાખું, એવું નહીં. શક્તિ-ભક્તિ પ્રમાણે સહજ એટલે યથાશક્તિ થોડુંક તપ કરીને પણ કાર્ય કરવું. કામ કરી છૂટીએ. ઘસાઈને ઊજળા થઈએ.

(૨૪-૨-૧૯૯૯)

આજે કંઈ નવું સૂઝતું નથી. મન શૂન્ય છે. ઠીક. એ પણ જરૂરી છે. થોડો આરામ મળે તો સારું.

(૨૮-૨-૧૯૯૯)

આજે પયગંબર સાહેબ અંગે વાંચ્યું. મહમ્મદ સાહેબને લોકો જ્યારે ઠીક રીતે વર્તે નહીં, ત્યારે તેમનું ચિત્ત ચલિત થાય, મૂંઝવણ થાય. લોક સમજતા નથી. તો તેમની અંદર એક તડપન થાય. ત્યારે એમને કહે કે અરે, શું તેં આ સૃષ્ટિ બનાવી છે ? નહીં. તો તું શું કરવા દુઃખી થાય છે ? તારા પર એટલી જ જવાબદારી છે કે તું લોકોની પાસે સંદેશો પહોંચાડી દે. તેનાથી વધારે જવાબદારી તારા ઉપર નથી.

વાત સાચી છે. આપણે તો સાઈનબોર્ડ જેવા છીએ, હાથ પકડીને લઈ જવાવાળા નથી. આપણે લોકોને સમજાવવાનો પ્રયત્ન કરવાનો છે. મન, બુદ્ધિ, વિજ્ઞાન, આત્મજ્ઞાન, બધાંનો સહારો લઈ સંદેશાને લોકો ઝીલે તે માટે પ્રયત્ન કરવાનો છે. બીજું, કામ તો ઈશ્વર કરશે, કેમ કે તેણે સૃષ્ટિ બનાવી છે. તેણે દરેકને કામ સોંપ્યું છે. તમને સંદેશો પહોંચાડવાનું કામ સોંપ્યું છે. તે સંદેશો પહોંચાડો. લોકો સમજે તે માટે પ્રયત્ન કરો. પણ મનમાં ઉદ્વેગ ન થવો જોઈએ. પૂરો પ્રયત્ન કરો અને સંતોષ રાખો.

(૬-૩-૧૯૯૯)

પ્રાર્થના હજી પણ ઔપચારિક રીતે જ થાય. કેટલાં વરસોથી પ્રાર્થનાનું રૂટીન રાખ્યું છે ! લગભગ ખ્યાલ આવે છે કે ૧૯૪૨થી શરૂ કર્યું હશે. પણ કરવા માટે કરાય છે. તેમાં આપણી આર્દ્રતા, ભીનાશ હોય, દૂષણો દૂર કરવા માટે ઈશ્વરની મદદ માગવાની હોય. પણ પ્રાર્થના વખતે કેટલા બધા વિચારો આવે છે ! ખ્યાલ નથી રહેતો કે ક્યારે ટપકી પડે છે. આ વિચારોનું મૂળ શામાં ? મન જ વિચારોનું ઉદ્‌ભવ-સ્થાન છે. પણ કેવી રીતે ઉદ્‌ભવ થાય છે, તે ખ્યાલ પણ નથી આવતો. પછી જાગૃત હોઈએ તો આવે. આ બાબતમાં વધારે જાગૃત રહેવું જોઈએ.

(૩-૪-૧૯૯૯)

પેટમાં કંઈ ગરબડ છે. સવારે ખાટો ઓડકાર. આવું કહેતાં કેમ શરમાય છે ? શરીર સાચવવાનું તારા હાથમાં છે. અત્યારે કંઈ સૂઝતું નથી લખવાનું, કંઈ વિચાર આવતા નથી. ગ્રામસ્વરાજ રૂટીન થઈ ગયું છે. ત્રણ દિવસ ફળાહાર, ત્રણ દિવસ ઉપવાસ અને ત્રણ દિવસ પાછળથી ફળાહાર. આવો વિચાર ચાલે છે. ગોત્રી કે ઘરે પણ ઉપચાર થાય. આજથી જ પ્રયોગ કરો. લીંબુનું ગોળ નાખી શરબત ત્રણેક વખત. અમૃત બનાવવું.

અમૃત —વિનોબાજીની ફોર્મ્યુલા : ૬ કિલો ગોળ. દોઢ લીટર પાણી. થોડા કલાક રાખી બરોબર રસ થઈ જાય પછી બરોબર હલાવીને કપડાથી ગાળી લેવું. પછી ચાર-પાંચ વાર ચૂલા ઉપર ઉકાળીને રસ બનાવવો. ગોળના દોષ-ગરમી જતી રહે છે. અને તે અમૃત દૂધમાં, પાણીમાં કરી શકાય છે.

(૭-૪-૧૯૯૯)

જ્યારે ત્રીજી ગુજરાતી હારીજમાં ભણતો હતો, ત્યાં અમથાલાલ ઠાકોર અમારા શિક્ષક હતા. તેમની પ્રામાણિકતા, વિદ્યાર્થીઓ તરફ પ્રેમ વગેરે યાદ આવે છે. વડનગર અંગ્રેજી બીજીમાં અમારા શિક્ષક નાથાલાલ રાવલ હતા. ૧૯૨૫-૨૬માં પણ શુદ્ધ ખાદીધારી હતા.

સૌમ્ય પ્રકૃતિ હતી. વિસનગર હાઈસ્કૂલમાં ભણતો, ત્યારે અમારા હેડમાસ્તર એમ.આર. શાહ હતા. સંસ્કૃત ને અંગ્રેજીના વિષયો લેતા. તે વખત ૧૯૩૦-૩૧નો મીઠાનો સત્યાગ્રહ ચાલતો. કોઈ પકડાય તો નિશાળમાં રજા ન પાડવા દે, પણ બધાને સાથે બેસાડી રામધૂન કરાવડાવે. સહૃદયી પણ હતા. મને સંસ્કૃતનું ટ્યુશન ઘરે બોલાવી એમ ને એમ આપતા.

વડોદરા કૉલેજમાં એવા પ્રોફેસર આપ્ટે ફિઝિક્સના પ્રોફેસર હતા. લગ્ન નહોતાં કર્યાં. મેં ઇન્ટર આર્ટસમાં ફોર્મ ભરી એડમિશન લીધું, પણ ૧૫ દિવસ કૉલેજ ભરી ત્યાં ફાવ્યું નહીં. એટલે ઇન્ટર સાયન્સમાં જવાની ઇચ્છા કરી. તેમને મળ્યો. અને તેમણે સારો એવો પ્રયત્ન કરી મને ઇન્ટર સાયન્સ બાયોલોજીમાં તે જ વરસે એડમિશન અપાવ્યું.

મુંબઈ મેડિકલ કૉલેજમાં હતો, ત્યારે ડૉ. જીવરાજ મહેતા ડીન હતા. એડમિનિસ્ટ્રેશન સરસ હતું. નાની નાની બાબતોમાં પણ સારું એવું ધ્યાન આપતા. ડૉ. આર. એન. કુપર અમારા સર્જરીના કલાસ લેતા. બહુ સારી રીતે લેતા અને ઉદાર પણ હતા. પારસી અને મહારાષ્ટ્રીયન પ્રોફેસરોનો અનુભવ સારો થયો.

(૯-૪-૧૯૯૯)

વિચારો કંઈ પણ હોય, સેક્સના વિચારો ટપકી પડે, કેમ કે કોને ખબર જન્મજાત વિચાર છે કે શું ! નાનો હતો ત્યારે પણ સેક્સના વિચારો આવતા. અત્યારે ૮૩ વરસનો થયો તો પણ તે વિચારો આવ્યા કરે છે. કેવી રીતે ક્યાંથી સ્ફૂરે છે, તે સમજણ પડતી નથી. બીજા વિચારો માટે મહેનત કરવી પડે છે. તે વિચારો સહજ સ્ફૂરે છે. છાપાંમાં પણ આ વિચારો વંચાય છે. ઠીક છે. ભગવાનને દિલથી પ્રાર્થના કે હવે તેની યાદ મને છોડાવે. એ સિવાય જે વિચારો —વ્યક્તિ પોતે જાતે અને માનવના વિકાસના વિચારો આપો.

(૧૧-૪-૧૯૯૯)

શરીરની મર્યાદા આવી છે એટલે ચાલવાની હવે મુશ્કેલી થવા લાગી છે. એટલે ફરીને કામ થઈ શકવાનું નથી. મિલ્ટનની માફક 'આંખો ગઈ હવે આંખોથી કંઈ કામ થવાનું નથી' —તો હવે જે શક્તિથી કામ થઈ શકે તે કરવાનું છે. ઈશ્વર તો તમારી પાસે જે શક્તિ છે તેનાથી કામ કરો એવી આશા રાખે છે. They also serve, who stand and wait. વિનોબા તો આમાં સુધારો કરીને કહે છે, They alone serve, who stand and wait. એમ જે થાય તે કરવું. બેઠે બેઠે જે થાય તે કરવું. લખવાનું થઈ શકે. વિચાર આપવાનું થઈ શકે. તે કરવું. એમ કરતાં દેહ જર્જરિત થાય પણ મન-બુદ્ધિ સાબૂત રહે, તે માટે સતત જાગૃત રહેવું જોઈએ.

(૧૯-૪-૧૯૯૯)

ન બોલવામાં નવ ગુણ. જાણે કે કોઈ બહેરો બોબડો હોય, તો શું કરે ? હવે ઉંમર થયે બહેરા બોબડા થવું સારું. એટલે સંયમિત સાંભળવું, વાંચવું, બોલવું. ગાંધીજીનું ત્રણ વાંદરાનું રમકડું. મોઢે હાથ, કાને હાથ, આંખે હાથ. બોલવાનું, સાંભળવાનું, જોવાનું માપસર. એક વખત દોષ કહેવો, પછી જે કરવું હોય તે કરે. પણ નાના છોકરાને સારી ટેવો પાડવી જોઈએ. જો ન પડી હોય તો મોટપણમાં મુશ્કેલી થાય.

(૨૫-૪-૧૯૯૯)

આજે આળસુ થઈ ગયો. કસરત ન કરી. ઠીક ઠીક પત્રો લખ્યા. રેડીઓ ઉપર દેશની પરિસ્થિતિ વિશે સાંભળ્યું.

(૨૬-૪-૧૯૯૯)

ભૂદાન-સર્વોદયનો વિચાર દેશમાં ૫૦ વરસથી ઘૂંટાય છે, પણ જાણે કાંઈ અસર જ નથી, એવું દેખાય છે. ભોગ-પરાયણતા છે. પૈસાનો મોહ છે. સરકાર-પરાયણ વૃત્તિ. વહીવટ સત્તાકાંક્ષી લોકો કરે. વિવેકશક્તિ ઓછી. લોકોમાં ધાર્મિક ભાવના ખરી, પણ વ્યવહારમાં ભોગ-વિલાસની ઇચ્છા. આમાં ગ્રામ-પરિવાર કેવી

રીતે બને, કંઈ સૂઝ પડતી નથી. સૌ સૌના સ્વાર્થમાં છે. બીજાનું ભાગ્યે જ સૂઝે છે. સામાજિક પ્રસંગે મોભો મેળવવા, વાહ વાહ કહેવડાવવા ખોટા ખરચા કરે, પણ ગરીબ માણસને સુખ-સગવડ મળે તે માટે કંઈ નહીં.

(૧૮-૫-૧૯૯૯)

બે દિવસથી વિચાર આવે છે, ગ્રામસ્વરાજ વિશે ઘણું કર્યું હવે જીવવાનું કેટલું છે, કોને ખબર ! પણ એક વર્ષ એને હમણાં હવે બહુ સંભારવું નહીં. પણ સાહિત્ય-પ્રચાર કરવો. તેમાં ભૂમિપુત્ર, ગાંધી-વિનોબા, જીવન ચરિત્રો, મંગળ પ્રભાત, અતીવ મે પ્રિયા ગીતા પ્રવચનો, વીણેલાં ફૂલ, ગ્રામસ્વરાજ પુસ્તિકા વગેરેનું વેચાણ કરવું. બધું થઈને સો રૂપિયાનું થાય એવું ગોઠવવું. હજાર માણસોને મળવું. બાર મહિના દરમ્યાન દરેક જણ વહેંચી લે ક્વોટા.

(૨૦-૫-૧૯૯૯)

હમણાં મનમાં ચિંતન ચાલે છે કે મુંબઈ છોડવાનો સંકલ્પ જે કર્યો હતો કે પહેલી જૂને મુંબઈ છોડવું, તેને ૫૦ વરસ થવા આવશે. સંકલ્પ ૧લી જૂનનો હતો, પણ છોડતાં-છોડતાં લગભગ બીજા પાંચ મહિના ગયા, અને દશેરાને દિવસે નવાપુરા પહોંચ્યો. દસ દિવસ પછી આંખની હોસ્પિટલ શરૂ કરી. હવે ૫૦ વરસ થવા આવ્યાં. ૧૯૫૧ના દિવાળીના દિવસોમાં પાંચ દિવસ ભૂદાન માટે આપવા, તેને પણ ૪૮ વરસ થવા આવશે. હવે શું ? ૫૦ વરસમાં ભૂદાન વગેરે પ્રવૃત્તિ કરી. હૉસ્પિટલનો પણ નાનો મોટો વિકાસ થયો. વસંત આવ્યો, વિકાસ કર્યો. હવે બધી પ્રવૃત્તિ છોડવી. કાને બહેરાશ એ કંઈ ખાસ તકલીફ આપતી નથી. પણ ઘૂંટીનું આરથ્રાઈટીસ તકલીફ આપે છે. ચાલવાનું સહજ બનતું નથી. એટલે હવે કાર્યક્રમોનું ચિંતન ચાલે, પણ કાર્યાન્વિત થઈ શકતા નથી. બીજી રીતે પણ સમાજની સેવા થઈ શકે.

(૨૫-૫-૧૯૯૯)

હવે રાત્રે સૂઈ જઈએ એટલે મૃત્યુનું રીહર્સલ જ છે. કેમ કે પ્રાણ એકલો ચાલે છે. ઇન્દ્રિય, મન, બુદ્ધિ બધું શાંત જ. કોઈ જાતનું જાગૃત ભાન નહીં. મૃત્યુ વખતે સારું-ખોટું કર્યું હોય તે યાદ આવે. એટલે રોજ ઓછામાં ઓછું એક કામ — સમાજ-ઉપયોગી સારું કામ કરવું. મગજમાં જે પ્રક્રિયાઓ ચાલે તેના પરત્વે સભાન રહેવું, જાગૃત રહેવું. રામ હરિ, પરમ તત્ત્વ મદદ કરે, પણ અવેરનેસ બહુ જરૂરી.

(૩૧-૫-૧૯૯૯)

હવે સાંજ પડી છે. મનનું સમાધાન છે. હવે સહજ રીતે જીવન જિવાય તેમ જીવવું. કંઈ મેળવવું, પ્રાપ્ત કરવું, કંઈ છે જ નહીં. બધું પ્રાપ્ત જ છે. મનની ગ્રંથિઓથી મુક્ત, કામનાઓથી મુક્ત, રાગ-દ્વેષ-ભયથી મુક્ત થવાનો હવે પ્રયત્ન કરવો. સંયમ, ધ્યાન, શાંતિ તરફ વૃત્તિ. સમાધાન અંદરથી બહારથી જેટલું થાય તેટલું કરવું. એક માસ માટે મીઠું બંધ કર્યું.

(૧-૬-૧૯૯૯)

જૂનું જૂનું યાદ કરીને કેટલાં બધાં સમય અને શક્તિ ખરચીએ છીએ ! ઈશ્વરે આ મગજ ખરું બનાવ્યું છે ! તેમાં કેટલું-કેટલું ભર્યું છે ! અને સતત ઊંઘ ન આવે ત્યાં સુધી ચાલ્યા જ કરે છે. કંઈ ને કંઈ અને કેટલી જાતના વિચારો આવે છે ! સેક્સ બાબતના વિચારોનું પ્રાધાન્ય નહીં, પણ ઠીક ઠીક આવ્યા કરે છે. એ સિવાય પણ કંઈ અર્થ વગરના જરૂર વગરના વિચારો આવ્યા કરે છે. નિર્વિચાર સ્થિતિ શક્તિનો સંગ્રહ કરે છે. તે માટે સતત જાગૃતિ રહે. આપણા સભાન સજાગ પ્રયત્ન અને ઈશ્વરની કૃપા.

(૧૯-૬-૧૯૯૯)

હમણાં કંઈ ખાસ વિચાર આવતા નથી. અંદરથી પ્રેરણા થાય ત્યારે કામ કરવાનું. ચાલવાની મુશ્કેલીને લીધે પ્રવૃત્તિ કરવાનું રોકાઈ જવાય. મારી વૃત્તિ તો ફરવાની, લોકોને સમજાવવાની હતી. સાહિત્ય ક્ષેત્રે તો ગજું નથી. એટલે બેઠે બેઠે કાંઈ વિચાર આવે

અને કોઈને લખવા જેવું લાગે તો લખવું. હવે શૂન્ય મનની પ્રેક્ટીસ પાડવી. વાંચવાનું ઘણું આવે છે, પણ શરીર પરિશ્રમ જે થઈ શકે તે કરવો. રેંટિયો, ખેતીમાં શાકભાજીનું કામ.

હમણાં કંઈ વિચારો આવતા નથી. પહેલાં તો વિચાર આવે, તેને અમલમાં મૂકવા પ્રયત્ન થઈ શકતો. એટલે તેના પરિણામની ખબર પડે. પણ ચાલવાનું-ફરવાનું મુખ્ય સાધન પગ હતા. હવે તે નબળા પડ્યા છે. એટલે સ્થિર રહેવું પડે છે. એટલે મનમાં કલ્પનાઓ તો ઘણી આવે, પણ મનમાં આવે અને મનમાં સમાય.

(૨૪-૬-૧૯૯૯)

આજે સવારે વિચાર આવ્યો કે હવે જિલ્લામાં કે ક્યાંય દોડાદોડી કરવી નહીં. જે કરવું હોય તે વડનગરમાં જ કરવું —સાહિત્ય-વેચાણ, ઉપવાસ-દાન, ગ્રામસ્વરાજનો વિચાર, સર્વોદય-પાત્ર, ગો સેવા, સમાજની સેવા. પણ ખાસ ચલાતું નથી એટલે અઠવાડિયામાં બે-ત્રણ દિવસ જવાનું રાખવું. ૪ થી ૭નો કાર્યક્રમ રાખવો. હમણાં સાહિત્ય પહોંચાડો, આયોજન કરો, ઓછામાં ઓછા ૧૦૦ તો 'ભૂમિપુત્ર'ના ગ્રાહક બનાવો.

(૨૫-૬-૧૯૯૯)

આજે એક જાતની વૃત્તિ થાય છે કે કોઈ કર્તવ્યનો મૂંઝારો રહેવો ન જોઈએ. શરીર પણ એને પુષ્ટિ આપે છે. હવે મન પણ પુષ્ટિ આપે છે. બુદ્ધિ પણ પુષ્ટિ આપે છે. કેમ કે કરવાનું તો ઘણું બધું છે. દૂર દૂર જવાનું છે. પણ સાધન હવે હાથવગું નથી. અંદરથી વૃત્તિઓ પણ હવે શાંત થતી જાય છે. આ કર્તવ્ય બાકી છે, તે કર્તવ્ય બાકી છે, એવું કંઈ અનુભવાતું નથી. સહજ રીતે ઉપરામ વૃત્તિ આવતી જાય છે. ઈશ્વર જે પ્રેરણા આપશે, શક્તિ આપશે, તે પ્રમાણે વર્તવું. કોઈ જાતની હાયવોય ઉચાટ કરવાની જરૂર નથી. ઈશ્વરને સમર્પણ કરવાનું. હવે બધું કૃષ્ણાર્પણ કરો. (૨૬-૬-૧૯૯૯)

આજે સવારે ઊઠ્યો ત્યારે જાણે બહુ નબળાઈ લાગતી હતી. પણ પછી તો સ્ફૂર્તિ આવી. જો કે હવે મન શાંત થતું જાય છે. તોય વિમલા ઠકાર કહે છે એવી સાયલન્સની ભૂમિકા આવતી નથી. જોઈએ હવે. પણ આ સાયલન્સની ભૂમિકા સ્થિર થાય તો એક વિશેષ અનુભવ થાય. છેવટે તો 'રામ હરિ' સારો ઉપાય છે. 'હે પરમાત્મ તત્ત્વ' એ જપ પણ સારો છે. પ્રયત્ન પણ કરવો પડે અને સહજ રીતે થાય.

(૨૭-૬-૧૯૯૯)

અત્યાર સુધી સંબંધ રાખ્યો વ્યાપક —ગુજરાત, ભારત. પછી જેમ શક્તિ ક્ષીણ થઈ તેમ સંબંધ રાખ્યો — લગભગ મહેસાણા જિલ્લો. હવે વિચાર આવ્યો કે નાનું ક્ષેત્ર વડનગર લઈ તેમાં ધીરે ધીરે સાહિત્ય પહોંચાડવું અને વડનગરને કેન્દ્ર કરવું, કેમ કે હવે ખાસ ચલાતું નથી. સાહિત્ય મોટી શક્તિ છે. લોકભોગ્ય અને કક્ષા પ્રમાણે સાહિત્ય આપવું. 'ભૂમિપુત્ર' લગભગ જે લઈ શકે તે બધાને. દર મહિને 'ભૂમિપુત્ર'ના ગ્રાહકોની મિટિંગ —ચર્ચા-વિચારણા વગેરે. ઈશ્વર તમને આ બધું કરવાની પ્રેરણા આપે છે તો જેને કરવાનું છે તેને પણ ઈશ્વર પ્રેરણા આપશે જ.

(૧૩-૭-૧૯૯૯)

ગઈ કાલે સમાચાર મળ્યા કે હેમુને જમણી બાજુ કદાચ કૅન્સરની ગાંઠ હોય. મનને શું લાગ્યું ? ક્ષોભ કે ધક્કો ન લાગ્યો. રતનને ધક્કો લાગ્યો, ક્ષોભ થયો. છેવટે આ બધું ઈશ્વરનું ઉત્પન્ન કરેલું છે. જન્મ પણ એ આપે છે અને યથા સમયે મૃત્યુ પણ એ આપે છે. કેટલાક રોગ વંશીય પણ હોય છે. કેટલાક આપણા દોષોને લીધે પણ થાય છે. પણ છેવટે મનની શાંતિ ક્યારે મળે કે આપણું જીવન ઈશ્વર સામે ખુલ્લું કરીએ જેમ રાખે તેમ રહીએ. કેમ કે એનો કર્મનો સિદ્ધાંત અટલ છે. ઈશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા છે, તેનું નામ-સ્મરણ ચિત્તમાં શાંતિ આપે છે. ભવિષ્યમાં શું છે,

તેને જ ખબર છે. આપણે તો બધી સ્થિતિમાં સંતોષ માનવો જોઈએ. બધી ઋતુઓ રમણીય છે, તેમ જીવનની બધી સ્થિતિ આનંદદાયક છે, એનું સતત ભાન રહેવું જોઈએ. તેની અશાંતિ ન રહે. સમાધિ એટલે સમત્વ. બધામાં એકત્વ. ઈશોપનિષદ સમાધિનું જ વિવેચન છે. આવી સમૂહમાં પણ તે ભાવના જાગે એટલા માટે ભૂમિદાન, ગ્રામદાન વગેરે છે. સાથે ભક્તિ પણ ભળે, ચિત્તશુદ્ધિ પણ થાય. નહીંતર મનુષ્ય લગભગ હજી પશુની અવસ્થામાં છે. વિજ્ઞાને સૃષ્ટિનું રહસ્ય ખોલવાનો ઘણો પ્રયત્ન કર્યો છે. મનુષ્યના અંતરનું રહસ્ય ખોલવા માટે ઘણા પ્રયત્નોની જરૂર છે. જ્યારે મનુષ્યના અંતરનું રહસ્ય ખૂલશે, ત્યારે મનુષ્યજાતિ એક ડગલું આગળ વધશે. તે માટેની આ મથામણ.

(૨૨-૭-૧૯૯૯)

પેટમાં જાણે કંઈક ભાર જેવું કે શું એવું લાગતું હતું. એબ્ડોમનની ચામડીમાં ફેટ વધતી હોય એમ લાગે છે. ૫૯ કિલો વજન થયું. ઓછું કેવી રીતે થાય ? ખોરાકમાં ઓછું કરવું જોઈએ.

(૨૫-૮-૧૯૯૯)

હમણાં 'ભૂમિપુત્ર'ના ગ્રાહકો બનાવવાની વૃત્તિ રહે છે. લગાર ભાર લાગતો નથી. સહજ રીતે બને છે. સાથે વીણેલાં ફૂલ, વિજ્ઞાનયુગમાં ધર્મ, ગ્રામસ્વરાજની પુસ્તિકાઓ આપું છું. સહજ રીતે પૈસા આપે છે. એટલે બતાવે છે કે સર્વોદય તરફ એક જાતની અભિરુચિ વધતી જાય છે. સમયના વહેણમાં પરિવર્તન તો આવશે. સમ્યક્ રીતે આવે તે માટે પ્રયત્નો કરવા જોઈએ. ગ્રામસ્વરાજના વિચારને મૂર્ત સ્વરૂપ મળે તે માટે પણ પ્રયત્ન કરવા જોઈએ. ચુનીભાઈનું ચિંતન સારું ચાલે છે. ઈશ્વર, તું ખરો છે !

(૨૯-૯-૧૯૯૯)

ચિત્તવૃત્તિ-નિરોધ કપરું કામ છે. મને લાગે છે કે પ્રયત્ન કર્યા કરીએ સાતત્યપૂર્વક. હર સમયે જાગૃત રહીએ તો કોઈ વખત સ્ફોટ થશે અને સહજ થશે. પછી આનંદની અનુભૂતિ થશે.

(૩૦-૯-૧૯૯૯)

હજી સ્વાદેન્દ્રિય પર કાબૂ આવતો નથી. ઘણી ઘણી ડાહી ડાહી વાતો કરે છે, પણ મન ઉપર કાબૂ આવતો નથી. કેટલીક મર્યાદાઓ મૂકી છે, તો પણ તે ઘણી અધૂરી છે. વિચારો ઉપર કાબૂ જોઈએ એવો આવતો નથી. વિકારોનું પણ એવું જ છે. ખેર, બુઝત બુઝૈ.

(૨-૧૧-૧૯૯૯)

રાત્રે અઢી વાગે જાગ્યો. ચિંતન ઈશ્વર-બ્રહ્માંડ અંગે. તેની ઉત્પત્તિ, તેના વ્યાપ, માણસ, મન, ગ્રંથિઓ, કેન્દ્રિત વ્યવસ્થા, ઘણી બધી તેના લીધે સમસ્યાઓ અને કોમ્પ્લીકેટેડ પ્રશ્નો. જેટલી વસ્તી વધે, તેટલાં મન. ૭ અબજમાં સાત અબજ મન. કંઈક સમાધાન પરિવારમાં, જ્ઞાતિમાં, ગામમાં. ઈશ્વર વિશે કલ્પનાઓ. મનની ગ્રંથિઓ. કેન્દ્રિત વહેવારના પ્રશ્નો. સમાજમાં અંદર અંદરની વ્યવસ્થાના પ્રશ્નો. બગાડવું-સુધારવું એવી ગડમથલ ચાલ્યા કરે. ભાંજગડ ગડભાંજ ચાલ્યા કરે.

(૧-૩-૨૦૦૦)

બ્રહ્માંડનું જ્ઞાન મેળવીએ છીએ, ત્યારે દ્વિધા ઉત્પન્ન થાય છે કે ઈશ્વરની કલ્પના શાના માટે છે. દરેક ધર્મ-સંસ્થાપકોએ ઈશ્વરની કલ્પના કરી છે. તે એક સ્વતંત્ર શક્તિ છે. ગાંધીજી કહે છે, સત્ય એ જ પરમેશ્વર. ઈશુ કહે છે, પ્રેમ એ જ પરમેશ્વર. પયગમ્બર કહે છે, કરુણા એ જ ભગવાન છે. આ બધા ગુણોથી પર એ પરમેશ્વર. બ્રહ્માંડનું વિચારતાં એમ લાગે છે કે ભક્તિ.

(૭-૩-૨૦૦૦)

ચુનીભાઈએ હરિજન આશ્રમની ઓરડીઓ ન તોડાય તે માટે સારી મહેનત કરી. ગુજરાતમાં એક પુરુષ છે, જે બીજા માટે, અન્યાયના પ્રતિકાર માટે સારી એવી મહેનત કરે છે.

(૮-૧-૨૦૦૨)

હમણાં ઊંઘવાનું ઠીક ફાવે છે. સવારે ૯॥-૧૦ વાગે સૂઈ જવાય છે. બપોરે પણ બે-અઢી કલાક સુવાય છે. મોઢામાં તકલીફ ઓછી છે. વાંચવાનું કંઈ મન થતું નથી. રાત્રે એક વાગે ઊંઘ ઊડી જાય છે. પછી ઊંઘ આવતી નથી. માથું પણ દુ:ખે છે.

ઘણી વખત એમ થાય છે કે હવે ભગવાન લઈ જાય તો સારું. કમ દુ:ખે. મોઢું આવી ગયું છે.જાંઘો દુ:ખે છે. જનરલ અસ્ફૂર્તિ વગેરે.

(૧૩-૧-૨૦૦૨)

આજે ગોધરા આગળ સાબરમતી એક્સપ્રેસ ટ્રેઈનમાં કારસેવકો જે ડબ્બામાં હતા, ત્યાં પેટ્રોલ બૉમ્બ, એસિડ વગેરે છાંટીને —૬૦ કારસેવકો બળીને ભડથું થયા. અત્યારે વશિષ્ઠ-વિશ્વામિત્રની યાદ આવે છે. વેરથી વેર વધે. પ્રેમથી વેર ઘટે.

(૨૭-૨-૨૦૦૨)

આજે વિસનગરમાં તોફાન. ૩-૪ માણસો મર્યા છે. કરફ્યુ રેલવેની પેલી બાજુ ગામ તરફ. ઇચ્છા શાંતિ સૈનિક તરીકે જવાની હતી, પણ કરી શક્યો નહીં.

(૨૮-૨-૨૦૦૨)

ગુજરાતની શી પરિસ્થતિ છે, તેનો ખ્યાલ નથી. આ ભયંકર છમકલાં પ્રદેશનું વાતાવરણ બગાડે છે. માણસોનાં મન ચિંતાયુક્ત ઉદ્વેગવાળાં થાય છે. પાંચ-પચાસ માણસ મરી જાય છે. વેરનો અગ્નિ સળગ્યા કરે છે. હિંદુ-મુસ્લિમ એકતા થતી નથી જ. હિંદુઓ રામમંદિરની વાત છોડતા જ નથી. કલહ વિગ્રહ વગેરે ઉત્પન્ન થયા કરે છે. આવું કેટલાય વખતથી ચાલે છે. ન ધારીએ તેવી રીતે હુમલા થયા કરે છે.

(૧-૩-૨૦૦૨)

ઘણાં ગામોના મુસલમાનો જ્યાં બીજે મુસલમાનોની વસ્તી વધારે હોય ત્યાં હિજરત કરી ગયા. આ ચિહ્ન સારું નથી. આમાંથી શું નીકળશે, કોને ખબર, ભગવાનને ખબર !

(૪-૩-૨૦૦૨)

સમાચારમાં ખાસ નહીં. નાનાં-મોટાં છમકલાં થયા કરે છે. નરેન્દ્ર મોદી અંગે ઠીક ઠીક ચર્ચાઓ થાય છે.

(૧૫-૪-૨૦૦૨)

૨૪મીથી મોટરયાત્રા —૨૯-૩૦ સુધી મહેસાણા જિલ્લામાં જ્યાં તોફાન-નુકસાન થયું હતું. કેમ્પોમાં ફરવાનું રાખ્યું છે. શ્યામસુંદરની મોટર સાથે રહેશે.

(૨૧-૪-૨૦૦૨)

વાજપેયીની પાર્લમેન્ટમાં જીત થઈ. નરેન્દ્ર મોદી ઉપર અત્યારે તો કંઈ થઈ ન શક્યું.

(૩૦-૪-૨૦૦૨)

સ્વાસ્થ્ય ઠીક. ચાલવામાં થોડી નબળાઈ. એપેથેટિક વૃત્તિ. હવે કોઈ મોહ રહ્યો નથી. રોજનું લખાણ, વાંચન, કાંતણ થાય તોય ઠીક છે અને ન થાય તો પણ ઠીક. મન ઉપર ભાર નહીં.

(૧૭-૫-૨૦૦૨)

સાંજે ચુનીભાઈ, રઘુવીર, ઈશ્વરભાઈ વગેરે આવ્યા. ચુનીભાઈએ આગ્રહ કર્યો કે નરેન્દ્રને તમે માનપત્ર ન આપજો. પછી સાંજે તે જમ્યા પણ નહીં. તેમના મનમાં ઉગ્ર અભાવ નરેન્દ્ર તરફ હતો કે તેણે જ મુસ્લિમો સામે હિંદુઓને ઉશ્કેર્યા છે. રાત્રે ચુનીભાઈ અહીં જ રહ્યા હતા.

(૨૦-૬-૨૦૦૨)

નારાયણ દેસાઈનો ટેલિફોન —માનપત્ર ન આપવા માટે. પ્રકાશ શાહનો ટેલિફોન —કંઈક કહેજો. આજે નરેન્દ્રનો કાર્યક્રમ વડનગરમાં. ૩ વાગે મોટર લેવા આવી. મિહિર, રતન સાથે કાર્યક્રમમાં વડનગર ગયાં. લગભગ ૩૦ હજાર માણસોની હાજરી. મોટો મંડપ બાંધેલો. પ્રધાનો, ધારાસભ્યો, કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી વગેરે પણ આવેલા. બધો સરકારી કાર્યક્રમ. ભાજપવાળા કેસરી સાફો, કેસરી પટા લઈને ફરે. પોલીસો પણ સારા પ્રમાણમાં. પહેલાં થોડા પ્રધાનો બોલ્યા. પછી નરેન્દ્રને સન્માન-પત્ર આપ્યું. પછી નરેન્દ્રભાઈ બોલ્યા. ત્યાંથી ૬-૭ વાગે વિસનગર. વૃદ્ધાશ્રમમાં જઈ આવ્યા.

(૨૨-૬-૨૦૦૨)

મન કબજામાં હોવું જોઈએ. ગીતા એ જ કહે છે. પાતંજલ યોગસૂત્ર કહે છે, ચિત્તવૃત્તિ-નિરોધ. પણ તે કબજામાં આવતું નથી. આવતું હોય એમ લાગે છે, પણ પાછું છટકી જાય છે. તે માટે સાતત્યપૂર્વક પ્રયત્નો સતત કરતા રહેવા જોઈએ.

(૨૮-૮-૨૦૦૨)

નાસ્તો. એકલું દૂધ લેવાનું જ વિચાર્યું હતું. ગઈ કાલે એનાથી સારું લાગતું હતું. પણ આજે સવારે એક પુડલો ખાધો, કેમ કે નવી ચીજ હતી. અને પછી દૂધ પીધું. એટલે પેટમાં ભાર લાગે. મનની નબળાઈ કેટલી બધી છે ! ઉંમર સાથે સંબંધ ના, મન સાથે સંબંધ છે. મન મજબૂત હોવું જોઈએ. ગમે તેવા પ્રલોભનમાં ખેંચાઈ ન જવું જોઈએ. સ્વાદ, નવી ચીજ વગેરે મનને નબળું કરે છે.

(૬-૯-૨૦૦૨)

નરેન્દ્ર મોદી વિશે તેની ઘણી ઊણપો દેખાઈ છે. તેના લીધે મુસલમાનોની ઘણી મોટી હત્યાઓ થઈ છે. સમદૃષ્ટિ ન રખાઈ —મુખ્ય પ્રધાન હોવા છતાં.

(૧૯-૯-૨૦૦૨)

'અનસૂયા' વાંચ્યું. બહેનો બહુ સારું કામ કરે છે. સંગઠન સારું છે. બહેનો ભાવનાથી કામ કરે છે. પુરુષો ભાગ્યે જ આવાં કામ કરતા હશે. ઈલાબહેન અને એમના સાથીદારો નમૂનાનું કામ કરે છે. વાંચીને આનંદ થયો. ૨૦ રૂપિયા લવાજમના મોકલી આપવા જોઈએ.

(૨૪-૯-૨૦૦૨)

'અનસૂયા' વાંચ્યું. બહેનોનું કામ સરસ થાય છે. ગુજરાતમાં બહેનોની બહુ સારી સંસ્થા થઈ છે. દરેક ક્ષેત્રમાં કામ કરે છે. સફાઈ, સ્વચ્છતા કામ. વિવિધ શ્રેણીઓનાં કામ, તેનાં સંગઠનો અને દરેક ખાતામાં બહેનો જ કામ કરે છે. ઘણી શક્તિઓ બહેનોમાં છે. તેનો વિકાસ થવો જોઈએ.

(૯-૧૦-૨૦૦૨)

સેવાનું કામ, સમાજની સેવા થઈ શકતી નથી. વેજીટેટીવ લાઈફ ચાલ્યા કરે છે. હે ઈશ્વર, કંઈક સુઝાડ ! સમાજનું કંઈ કામ કરું. ગ્રામસ્વરાજ મુખ્ય કામ છે, પણ તે કેવી રીતે સફળ થાય તે સુઝાડ.

(૫-૧૨-૨૦૦૨)

ગ્રામસ્વરાજ —ગામ એક કુટુંબ જેવું થાય. કાગળો લખે ઓછું થાય ? પ્રત્યક્ષ એ ગામમાં રહેવું જોઈએ, સેવા કરવી-કરાવવી જોઈએ.

(૧૭-૧૨-૨૦૦૨)

નેગેટિવ વિચારો બોલવા જ નહીં. બોલવું હોય તો પોઝિટિવ વિચારો મૂકવા. નેગેટિવ ક્યારેય બોલવું નહીં.

(૧૭-૧-૨૦૦૪)

ગ્રામસ્વરાજનો જપયજ્ઞ

(વિનોબા એક વાત સતત ઘૂંટતા રહ્યા છે : ''ગાંધી-વિચારમાં માનનારાઓ સામે મુખ્ય ધ્યેય છે, જનતાને જગાડવાનું અને રાજ્યનો ક્ષય કરવાનું. આત્મનિર્ભર ગામડાંઓ જો નહીં ઊભાં કરી શકીએ, તો ગાંધીનું નામ અને કામ બેઉ ભૂંસાઈ જશે. ગાંધી જો જીવશે, તો આવાં ગામડાંઓ મારફત જીવશે. અહિંસક સંસ્કૃતિ જો લાવવી હોય, તો તે આત્મનિર્ભર ગામડાંને આધારે જ લાવી શકાશે. આપણી પોતાની શક્તિથી ગામને ઉન્નત કરી રહ્યા છીએ, એમ લોકોને લાગવું જોઈએ.''

ગાંધીનું નામ કે કામ ઉન્નત કરવાની ખેવના રાખનાર સહુ કોઈએ વિનોબાની આ વાત કાને ધરવી જ રહી. ડૉ. જોષીને તો તે હૃદય સોંસરવી ઊતરી ગઈ છે. 'ગ્રામસ્વરાજ' એ એમને માટે 'રામનામ' જેવો જાપ બની ગયો છે. એટલે 'ગ્રામસ્વરાજ' વિશે ડાયરીઓમાં કાંઈ ને કાંઈ લખાયેલું છે. તેમાંથી થોડુંક ગ્રામસ્વરાજ વિશેની એમની સમજ ને ભાવનાને પ્રગટ કરતું આ ડાયરીઓમાંથી સારવીને એકત્રિત કરીને અહીં આપ્યું છે. ડૉ. જોષીની આ લગનને ઝીલવા-સમજવા માટે તે ઉપયોગી થશે.)

'ગ્રામ સ્વરાજ' શબ્દ આવ્યો છે, પણ વ્યાપક થયો નથી. સામાજિક ચેતના જાગી નથી. કેવી રીતે જાગે, શું કરીએ તો જાગે ? નાના મોટા સત્યાગ્રહો અન્યાયનો પ્રતિકાર કરવા કરીએ, પણ આખા સમાજને ગ્રામ-સ્વરાજની દિશામાં લઈ જવા શું કાર્યક્રમ હોય ? હજી જનતા સરકારથી ઉબાઈ નથી. તમારી વાતો સાંભળે, પણ જનતામાં નિશ્ચિત ધ્યેય જાગ્યું નથી. આ ધ્યેય જગાડવા માટે શું કરવું ? વિનોબાજીએ આદર્શ મૂક્યો છે, ક્યારે ફળીભૂત થાય, ખબર નહીં. સમય લાગશે. પણ તમારી પાસે રસ્તો અંકાઈ જવો જોઈએ. આ રસ્તે જઈએ તો સીધો રસ્તો છે. મુકામે પહોંચાશે.

ગ્રામસ્વરાજમાં પ્રેમ છે, કરુણા છે, સમાનતા છે, માનવતા છે, સ્વતંત્રતા છે, સ્વાવલંબન છે, સંસ્કાર છે. આ બધું પણ અધ્યાત્મમાં આવે છે.

આ માટે જ નિરંતર ચિંતન હોવું જોઈએ. ગ્રામસ્વરાજ પાયાની ચીજ છે, તો તેના માટે સમગ્ર શક્તિ લાગવી જોઈએ. નાનાં-મોટાં કામોમાં પડીશું, તો પાયાની ચીજ રહી જશે. એટલે ગ્રામસ્વરાજ સાથે સુસંગત હોય તેવાં કામો જ હાથમાં લેવાં. આમાં વિવેકબુદ્ધિ જોઈએ.

ગ્રામસ્વરાજમાં ગામના લોકોનું સામૂહિક ચિત્ત થાય, તે માટે શું કરવું ? પહેલાં તો ગામમાં બે-ત્રણ ભાઈ-બહેનો શોધવાં. તેમની સાથે ચર્ચા-વિચારણા કરતા રહેવી. કયા કયા કાર્યક્રમ પહેલા ઉઠાવી શકે છે તે જોવું. માલિકી-વિસર્જનનો વિચાર માન્ય થાય તે માટે મથવું. કુટુંબમાં જે ભાવ છે, તે સમાજમાં કેવી રીતે આવે. ગામમાં આ વિચાર પ્રસ્થાપિત કરવો છે.

ગ્રામસ્વરાજની કલ્પના તો બહુ મોટી છે. વિનોબાએ તો સતત વીસ વરસ રોજ ત્રણ વખતનું તેનું ભાષ્ય કર્યું છે. આની અવ્યક્ત અસર જરૂર થઈ છે, પણ એનું પ્રેક્ટિકલ સ્વરૂપ હજી હાથમાં આવતું નથી. માત્ર શબ્દોથી ને ભાષણોથી જ મન પરિવર્તન થતું નથી. બાબાએ ૨૦મો હિસ્સો જમીનનો અને ૪૦મો હિસ્સો આવકનો આપવાના સંકલ્પો કરાવ્યા. તે પ્રમાણે થવું જોઈતું હતું તે ન થયું. હવે પ્રત્યક્ષ કાર્યક્રમ શો આપવો, તે સવાલ છે. વિચારમાં કંઈ સંશોધન કરવાની જરૂર છે ? તેને કેવી રીતે લોકભોગ્ય બનાવી શકાય, તેનુંયે સતત ચિંતન ચાલે.

વ્યક્તિ, પરિવાર, ગામ એ ત્રણેમાં સામંજસ્ય સાધવું છે. યથાપિંડે તથા બ્રહ્માંડે. પિંડમાં સમાનતા, સ્વતંત્રતા, બંધુતા, પ્રેમ, વિશ્વાસ છે. પરિવાર સુધી આપણે તેનો વિકાસ કર્યો. હવે આપણે ગ્રામ-સમૂહ સુધી તેને વિસ્તારવો છે. જેમ પાણીમાં વર્તુળ મોટાં ને મોટાં થતાં જાય છે તેમ આ વર્તુળ પણ વિસ્તરતું જશે. પરસ્પરાવલંબનના ગુણોનો વિકાસ પરિવારમાં થયો છે, તે ગુણોનો વિકાસ હવે ગ્રામ-સમૂહમાં કરવો છે. આ વાત વિનોબોએ કેટકેટલી રીતે સમજાવી છે ! ગજબની એમની સમજાવવાની શક્તિ છે. કાળે કરીને આ વસ્તુ થઈને રહેવાની

છે, એવી શ્રદ્ધા એમણે વ્યક્ત કરી છે. મને પણ એવી જ શ્રદ્ધા છે.

આ પરમાણુ યુગમાં ગ્રામસ્વરાજની વાત must છે. મન હવે નાનું કર્યે ચાલે નહીં. મનથી ઉપર ઊઠીને હવે ચિંતન-મનન કરવું જોઈએ. અત્યારે દુનિયામાં લડાઈ-ઝઘડા ચાલે છે, તે મનની ભૂમિકા ઉપર છે. તેનાથી ઉપર ઊઠવાનું છે. નાનાં-નાનાં કાર્યક્ષેત્રોમાં સામંજસ્ય સાધવાના પ્રયત્ન થાય. નાનાં ક્ષેત્રોમાં સર્વસંમતિ સાધીને કામો થાય. શહેરો કરતાં ગામડાંમાં તે વધુ શક્ય બને. ત્યાંથી શરૂઆત કરવી જોઈએ. ત્યાં પ્રયોગો થાય. આ પરમાણુ યુગમાં ગ્રામ-પરિવાર જ ઉપાય છે. જો કે સામૂહિક ભાવ એક વાર ઊભો થાય છે, તે પછીયે સમરસતા ઝટ આવતી નથી. ગ્રામદાનનો કાર્યક્રમ આ માટે જ હતો. પરંતુ પેપર પ્લાન થયો, જમીન ઉપર હજી સુધી નથી ઊતરી શક્યો.

સંતો વાતો કરે છે, શિખામણ આપે છે, પણ એ તો વરસાદ વરસી જાય છે, તેના જેવું છે. તે વરસાદ વેરાન જમીન ઉપર કે ડામરની સડક ઉપર કે પથ્થરની જમીન ઉપર પડે, તો થોડી વારમાં સુકાઈ જાય, તેવી સ્થિતિ સંતોની સામાન્ય વાણીની થાય છે. ખેડાયેલી જમીનમાં પડે તો વરસાદનો ઉપયોગ થાય. માટે જનમાનસને તૈયાર કરવાનું છે.

આપણું કામ આ જ છે. ગાંધીજીએ ૪૦-૫૦ વરસ પ્રયત્ન કર્યા. વિનોબાજીએ પણ ૪૦-૫૦ વરસ પ્રયત્ન કર્યા. સંતો તો કેટલાંય વરસોથી આ કરતા આવ્યા છે. અમારા જેવા પણ ૪૦-૪૫ વરસથી પ્રયત્ન કર્યા કરીએ છીએ. 'સારું કરો છો' –એમ લોકો કહે છે. તમે પોતે પણ તમારી જાતને શાબાશી આપો છો. પણ પથ્થર ઉપર પાણી જેવું થાય છે. તો પાયામાંથી પરિવર્તન થાય એવું શું કરવું જોઈએ ?

બસ, સમજાવતા જ રહો, સમજાવતા જ રહો. જ્યાં સુધી આપણું શરીર કામ આપી શકે, ત્યાં સુધી ફરી-ફરીને સમજાવતા રહો, લખીને સમજાવો. ભૂદાન-ગ્રામદાન જેવા કાર્યક્રમો દ્વારા સમજાવો. સમજાવતા જ રહો. લોકોની વચ્ચે જવાથી નવી નવી સ્ફૂર્તિ આવે છે, નવા નવા વિચારો આવે છે.

આપણા પરિવારમાં ને ઘરમાં આપણે જેમ કોઈની દખલ સ્વીકારતા નથી, તેમ હવે આપણે આપણા ગામની વ્યવસ્થામાં, ગામની જમીનની વ્યવસ્થામાં કોઈ જાતની દખલ સ્વીકારવાની નહીં, તલાટી કે સરકારી અમલદાર કોઈની નહીં. જેમ ઘરનો વહીવટ ચાલે છે, તેમ ગામનો વહીવટ ચાલવો જોઈએ. હવે કેન્દ્રિત સરકાર અને તેના અમલદારોની સત્તામાંથી મુક્ત થવાનો નવો યુગ આવી ગયો છે. તે માટે સજ્જન, જ્ઞાની ને તજ્ઞ પુરુષો તૈયાર થવા જોઈએ. એમના માર્ગદર્શનમાં સમાજ ચાલે. આ માટે ગ્રામસ્વરાજનો સંદેશો ગામેગામ પહોંચાડી દઈએ. કાળે કરીને ગ્રામસ્વરાજ આવવાનું જ છે. આપણે મૂળમાં જે કામ કરવાનું છે, તે આ જ કરવાનું છે. લોકોની સ્વતંત્ર શક્તિ ખીલે તેવું કંઈક કરવું જોઈએ.

માણસનું મન વિકસિત થાય, મનનું પરિવર્તન થાય. તેને માટે ગામેગામ જઈને આ બધા નવા વિચારો આપવા પડશે. આ કામ માટે લાયક એવા શિક્ષકો, આચાર્યોને શોધવા પડશે. દરેક શાળા પોતાની આજુબાજુનાં સાત ગામો દત્તક લે અને તે ગામોમાં ગ્રામસ્વરાજના વિચારનો વ્યાપક પ્રચાર કરે. માણસના, સમાજના ચિત્તનું નિર્માણ કરવાનો કાર્યક્રમ આપણો મુખ્ય કાર્યક્રમ હોય. જેમ જેમ વિજ્ઞાન વિકસતું જાય છે, તેમ તેમ માણસના મનમાં ફેરફાર થવા જોઈએ. જૂનું ને જૂનું પકડી ન રખાય. માટે મનુષ્યના મનનું, ચિત્તનું પરિવર્તન કરવાનું છે. તે ઝડપથી થઈ જશે એમ લાગતું નથી. ઉતાવળે આંબા ન પાકે. માનવ-સમાજ હજારો વરસોથી છે. તેના ચિત્તનું નિર્માણ એક જાતનું થયું છે. હવે નવા યુગ અનુસાર આપણે તેમાં પરિવર્તન કરવાનું છે,

તેને સાચી દિશામાં લઈ જવાનું છે. તે માટે સતત મથ્યા કરવું પડશે.

આ વિચાર ત્વરિત ઊગે એવું હજી કંઈ દેખાતું નથી. ગ્રામસ્વરાજના ફાયદા બતાવાય, ગ્રામ-પરિવારની વાતો થાય, સમાજ તમારી વાતો સાંભળે, તમારા રહેવા-ખાવાની વ્યવસ્થા કરે, બે ચાર માણસો તમારી સાથે ગામમાં ફરે, પણ સામાન્ય જનતામાં હજી કંઈ રસ જાગ્રત થતો નથી. તો હવે કયો રસ્તો લેવો જોઈએ ? જેમ વિજ્ઞાનમાં એક વિચારથી રસ્તો ન નીકળે, તો બીજી રીતે વિચારવું પડે, તેમ સમાજ-વિજ્ઞાનમાં પણ નવી મેથડો શોધવી પડે. માત્ર પ્રચાર કામ નથી આવતો, કોઈ પ્રત્યક્ષ કામ બધા કરે, એવું કંઈક શોધવું પડે.

અત્યારે તો ભોગ, સત્તા, સંપત્તિ પાછળ બધા પડ્યા છે. પોતપોતાના સ્વાર્થની બધાને પડી છે. ગરીબો તરફ ભાગ્યે જ કોઈ જુએ છે. આ સંજોગોમાં ગ્રામ-પરિવારનો વિચાર એક પાયાની ચીજ છે. તેમાં ગ્રામસભાને અધિકાર મળવાની વાત પણ મદદ કરે છે. અધિકાર મેળવવા માટે ગામમાં એકતાનું વાતાવરણ ઊભું થાય છે. ગ્રામ પરિવારની ભાવના એકલું ભાષણ કરવાથી ન થાય. ગામના લોકો પાસે તે દિશામાં જવા માટે કંઈક દેખાય એવો કાર્યક્રમ જોઈએ. સહિયારા કામમાં ગામ લાગે. આજે તો સૌ પોતપોતાનામાં વ્યસ્ત છે.

આપણે ગ્રામસ્વરાજ સમિતિ બનાવી. પણ તે શી રીતે આગળ વધે ? કેમ કે એક વખત જઈ આવ્યા. હવે દર મહિને ભેળા મળે એવું ગોઠવવું જોઈએ. સ્વાધ્યાયમાં દર અઠવાડિયે મળે છે તેવી રીતે ગ્રામસ્વરાજ સમિતિ પણ નિયમિત મળતી રહે. આ માટે કંઈક પ્રવૃત્તિ જોઈએ. નહીં તો એમ ને એમ મળવાની વૃત્તિ ન થાય.

વળી, આવું દરેક ગામમાં ક્યારે થાય ? હવે તો કેટલાંક ગામો મિનિએચર શહેરો જેવાં થઈ ગયાં છે. હજાર-બે હજાર-પાંચ હજારની વસ્તીવાળાં ગામોમાં થોડું અનુકૂળ થાય છે. ત્યાં સુધી અમુક ગ્રામભાવના રહેતી હોય છે. વધારે થયા પછી તે ભાવના રહી શકતી નથી. સરકારે કાયદા-કાનૂન પણ એવા કર્યા છે કે સરકારી અમલદારોનું વર્ચસ્વ રહે, પંચાયતનુંયે ખાસ વર્ચસ્વ ન રહ્યું. ઉપરથી બધા નિર્ણય થાય. લોકોમાં 'આ અમારું સ્વરાજ્ય છે' – એવો ભાવ જ રહ્યો નથી. આવા બધા પ્રતિકૂળ સંજોગોમાં આપણે આ ગ્રામસ્વરાજની વાત કર્યે રાખવાની છે. તે કરતાં કદી થાકવાનું નથી. આવી પરિસ્થિતિમાં ઝટ પરિણામ જોવા ન મળે તે દેખીતું છે, સમજાય એવું છે.

ગુણ-દર્શનની દૃષ્ટિ-વૃત્તિ

(વિનોબા અસમના માધવદેવનું એક વચન વારંવાર યાદ કરતા, જેમાં કહ્યું છે કે મનુષ્યોના ચાર પ્રકાર છે. એક એવા જેઓ અન્યના દોષ જ દોષ જુએ છે. બીજા એવા કે અન્યના દોષ અને ગુણ બેઉ જુએ છે. ત્રીજા અન્યના ગુણ જ ગુણ જુએ છે. અને ચોથા એવા છે, જેઓ અન્યના અલ્પ ગુણોનો વિસ્તાર કરતા રહે છે, કોઈનામાં જરીક જેટલો ગુણ જોયો તો તેને પહાડ જેવડો બનાવી જુએ છે. આવા અધમ, મધ્યમ, ઉત્તમ અને ઉત્તમોત્તમ એવા ચાર પ્રકાર મનુષ્યોના માધવદેવે કહ્યા છે. આને ટાંકીને વિનોબા હમેશાં ગુણ-દર્શન અને ગુણ-વર્ધન કરતા રહેવાની સલાહ આપતા. ગુણગ્રહણની આવી દૃષ્ટિ તેમજ વૃત્તિથી આપણને પોતાને પણ આધ્યાત્મિક સાધનામાં ઘણો લાભ થાય છે.

વિનોબાની આ વાત પણ ડૉક્ટરને આત્મસાત્ થઈ ગઈ છે. ખરું જોતાં, આ વસ્તુ એમના પોતાના વ્યક્તિત્વમાંયે પડેલી જ હતી. વિનોબાજીના સ્પર્શે તે વધુ સભાન ને સક્રિય બની ગઈ. આ ગુણ-દર્શનના એમના અભિગમનીયે એક ઝલક આ ડાયરીઓમાંથી મળે છે. વચ્ચે એક વાર એમણે પોતાના પરિચિતો (કુટુંબીઓ, મિત્રો, સહ-કાર્યકરો)ની એક યાદી કરી. કુલ ૧૪૪ નામ થયાં. પછી એ દરેકનું ગુણદર્શન કરતાં દરેક વિશે ૫-૧૦-૧૫-૨૦ વાક્યોમાં થોડું-થોડું લખી નાખ્યું. તેમાં પોતાની જાતનોયે સમાવેશ કર્યો છે. વિનોબા કહેતા કે પોતાની જાતનાયે ગુણો જ જુઓ અને તેને વધારતા રહો. ગુણોને ઈશ્વરની વિભૂતિ જ માનો.

—તો ડૉક્ટરની આ ગુણદર્શનની પ્રક્રિયામાં ઝિલાયેલી એમની અને એમના કેટલાક સ્વજનો-સાથીઓની થોડીક છબિ અહીં જોઈએ.

આ ગુણ-દર્શનો કઈ સાલમાં લખાયેલાં, તેની નોંધ નથી. પરંતુ પૌત્રી ધેનુ અંગે લખ્યું છે તેમાં તેની ઉંમરનો ઉલ્લેખ છે.

એટલે ધેનુ ૯ વરસની હતી ત્યારે, ૧૯૮૪ની સાલમાં આ લખાયાં છે, એમ માની શકાય.)

ડૉ. દ્વારકાદાસ જોષી

દ્વારકાદાસ જોષી નાનપણથી જ શાંત પ્રકૃતિનો માણસ. ગંભીર પ્રકૃતિ. પૈસા તરફનો મોહ ધીરે ધીરે ઘણો ઓછો થઈ ગયેલો. પહેલેથી આધ્યાત્મિક વાંચન તરફ પ્રીતિ. ગાંધીજીના સત્યાગ્રહ તરફ, ખાદી તરફ નાનપણથી ભાવના. કામથી કામ. ઇન્ટ્રોવર્ટ વૃત્તિ. સાદાઈ, સંયમ તરફ પ્રીતિ. રચનાત્મક પ્રવૃત્તિ તરફ ઝોક. રાગ-દ્વેષ પ્રમાણમાં બહુ જ ઓછા. માન-અપમાન વિશે ખાસ તીવ્ર લાગણી નહીં. જે કામ લીધું તેને સાતત્યથી પકડી રાખવા તરફ વૃત્તિ. સમત્વ. તટસ્થ બુદ્ધિ તરફ ઝુકાવ. દંભશૂન્યતા તરફ વૃત્તિ. પ્રામાણિકતા. સત્ય તરફ વૃત્તિ. શરીરશ્રમ તરફ વૃત્તિ.

રતનબહેન જોષી

રતનની સાથે સગાઈ લગભગ ૧૯૩૧માં થયેલી. લગ્ન ૧૯૩૫માં થયાં. ૪૦-૪૫ વર્ષનો સહવાસ. તેનો સ્વભાવ આનંદી, ઉત્સાહી. કામ કરવાની સૂઝ સારી. રસોઈ સરસ બનાવે. નીડર, હિંમતવાન. ફંડ એકઠું કરવામાં નિર્ભય. સ્પષ્ટવકતા. ઉદાર. નિસ્પૃહી. વિવેકી. ગાંધી-વિનોબાના કાર્યમાં શ્રદ્ધા. ખાદી-ગ્રામોદ્યોગોમાં શ્રદ્ધા. કોઈ પણ મુશ્કેલીમાં હોય, ત્યારે કામ કરવા માટે તત્પર. પ્રશ્નોના ઉકેલો પણ સારા કાઢે. પત્રો પણ બહુ સારા ભાવપૂર્વક લખે. અભિવ્યક્તિ પણ સારી. પૈસાનો મોહ નહીં. મળે તે પરિસ્થિતિમાં રહેવાની ટેવ. બીજા પ્રદેશોમાં પણ સહજ રીતે આત્મીયતા કેળવે. હિંદી, મરાઠી ભાષા સારી રીતે જાણે. ઘણા ઘણા સારા ગુણો છે. નિર્દોષ અને રમતિયાળ.

મિહિરભાઈ

મિહિરભાઈ શાંત, વિવેકી. ગમે તેવી મુશ્કેલીમાં રસ્તો કાઢે. સમજદાર, તત્ત્વજ્ઞાની, ચિંતક વગેરે સારા ગુણો છે.

હેમુબહેન

હેમુ લગીરે મન પર ભાર રાખ્યા વગર હસતા મોઢે અતિથિ-સત્કાર કરે છે. ગમે તેટલા મહેમાનો આવે, તો પણ સત્કાર-શુશ્રૂષા કરે છે. ધેનુબહેનના ઘડતરમાં પણ સારો ભાગ ભજવે છે. ઉઠાડે છે ત્યારે પણ શાંતિથી. સાચા અર્થમાં ગૃહિણી છે.

ધેનુબહેન (ઉંમર ૯)

ધેનુમાં અજબની શક્તિઓ છે. તત્ત્વજ્ઞાનની પણ ભાષા બોલે છે. શબ્દો સારા એને જડે છે. તટસ્થ અને નિર્લેપ રીતે કામ કરતી હોય તેવી છાપ એની ભાષા ઉપરથી, વર્તન ઉપરથી પડે. સામાન્ય છોકરાંની માફક સિનેમા વગેરે ગમતું નથી. જમવામાં કાચું એને સારું ભાવે છે. જાગૃકતા છે. લડવાનું થતું નથી. જે કંઈ કરે છે, તે સમજીને કરે છે, એવી છાપ પડે છે.

ડૉ. વસંત પરીખ

વસંત મથુરભાઈનો ભાઈ. ૧૯૫૪માં વડનગર આવી ગયો. લીંબડીમાં સરકારી દવાખાનામાં કામ કરતો હતો. એક પોસ્ટકાર્ડ લખ્યું અને તુરત વડનગર આવી ગયો. તેનામાં આગવી સૂઝ, સમજશક્તિ, સ્પષ્ટ વિચારો, નીડરપણું. કામ એક વખત હાથમાં લીધું, તેને સારી રીતે પૂરું કરવું. વ્યાવહારિક બુદ્ધિ. વિશાળ વાંચન. સુંદર રીતે વિચારોને એકસપ્રેસ કરવાની શક્તિ. લાગણીવશ. ઘણા ઘણા ગુણો છે. ઈશ્વરે આવી શક્તિઓ થોડા માણસોમાં જ આપી છે.

રત્નપ્રભા

રત્નપ્રભામાં કલાઓ સારી છે. હોસ્પિટલની વ્યવસ્થા, સફાઈ, રસોડાનું કામ, સુવાવડ ખાતાનું કામ, બધું સારી રીતે ચીવટથી કરે છે. વાંચન પણ સારું છે. એ પણ વ્યવસ્થાશક્તિ ધરાવે છે. કાંચન-નિર્મોહતા છે. સારી કેળવાતી જાય છે.

ડૉ. રમણિકલાલ દોશી

વડનગર આવ્યા પછી ડૉ. દોશીનો સંપર્ક થયો. પહેલાં નેત્રયજ્ઞ વડનગર કર્યો. પછી ચાણસ્મા કર્યો. પછી તેમની સાથે કેટલાય નેત્રયજ્ઞોમાં કામ કર્યું. ડૉ. દોશીમાં નિષ્ઠા, બુદ્ધિ, આવડત, કામ કરવાની સૂઝ અને ઓપરેશન, ડાયગ્નોસિસમાં પણ વિશેષ શક્તિ છે. તદુપરાંત, મેનેજ કરવાની શક્તિ પણ બહુ સારી છે. અને ઈશ્વરે એમને સતત કામ કરવાનો સ્ટેમિના પણ સારો આપ્યો છે. એકધારું કામ કરે છે. આંખ ઉપરાંત ટી.બી., માલ-ન્યુટ્રીશન વગેરે કામો તો એમનાં ચાલ્યા જ કરે છે. જે કામ કરે, તેને પૈસા તો મળતા જ રહે છે. મુસાફરી કેટલી બધી કરે છે ! અને તે પણ કરકસરથી. જરૂર પડે તો જ તેમનું વાહન. નહીં તર એસ.ટી. બસમાં. સાદાઈ છે. ઈશ્વરે કેવું કેવું વિભૂતિમત્વ આપ્યું છે ! વ્યાપક દૃષ્ટિ છે. ક્વોલિટી અને ક્વોન્ટિટી બંનેનો ખ્યાલ રાખી કામ કરે છે. ભાનુબહેન પણ સંયોગવશાત્ પત્ની તરીકે સારાં મળ્યાં છે. ભારે શરીર છતાં પણ સારી રીતે સતત કામ કર્યા જ કરે છે. જે માણસ કામ કરે, તેને સાથીદારો પણ ઈશ્વર મેળવી આપે છે.

નારાયણ દેસાઈ

નારાયણ દેસાઈનું ઘડતર ગાંધીજીના સાંનિધ્યમાં આશ્રમોમાં થયું. એનામાં સંકલન, આકલન શક્તિ, રેડી વિટેડનેસ, વકતૃત્વ કળા, વિષયની સારી છણાવટ કરવાની શક્તિ છે. સંબંધો સાચવવાની વૃત્તિ અને શિક્ષણ તરફ પ્રીતિ. સ્પષ્ટ વકતા પણ છે.

અમુલખ ખીમાણી

અમુલખભાઈનું ક્રાંતિકારી જીવન છે. સ્વરાજની લડાઈમાં મેટ્રિકમાં ભણતા ત્યારથી પડ્યા. નિર્ભયતા, સાહસિકતા, તત્પરતા, કોઠાસૂઝ, હિંમત, વિવેક વગેરે ગુણો પાર એકસેલન્સ છે. જે કામ હાથમાં લે, તે સર્વાંગ સંપૂર્ણ કરવાનો પ્રયત્ન કરે. શિસ્તબદ્ધ સૈનિક છે.

કરસનભાઈ વાછાણી

કરસનભાઈ નિષ્ઠાવાન, ભકત, આધ્યાત્મિક વૃત્તિ, ઊંડાણ, સમજાવવાની શક્તિ, તિતિક્ષા, સેવામાં તત્પર, સંત સેવક તરીકેની સુવાસ, ક્ષોભ વગરની માનસિક ભૂમિકા, દૃઢ મનોબળ, નિર્ભયતા વગેરે ગુણોથી મંડિત.

કાન્તાબહેન શાહ

કાન્તાબહેન નીડર અને હિંમતવાળી બહેન. ભૂદાનમાં લગભગ ૧૯૫૭ થી આવી. તેનામાં ડાયનેમિક શક્તિ અજબની. ફંડ એકઠું કરવામાં, 'ભૂમિપુત્ર'ના ગ્રાહકો બનાવવામાં, સાહિત્ય વેચવામાં અજબની શક્તિ. બહુ જ કોન્ફિડન્સથી સામા માણસને કહી શકે, અને તે પ્રમાણે થાય. એકચિત્તથી કામ કરે અને ચીવટ પણ સારી. ખોટો પૈસો બગડે તે પણ તેને ચાલે નહીં. ઈશ્વર કેવા કેવા ગુણો એક એક મનુષ્યને આપે છે ! આ બધી શક્તિઓનો ગુણાકાર થાય, ત્યારે સત્ત્વ ગુણનું દર્શન થાય.

હરવિલાસ શાહ

કાન્તા-હરવિલાસની જોડી. બંને બહેનો સાથે જ ભૂદાનમાં આવી. હરવિલાસમાં વિવેકશક્તિ, સમજાવવાની શક્તિ, સામાની દૃષ્ટિ સમજવાનું સૌજન્ય, ગુણદર્શન, વ્યવસ્થા વગેરે ગુણો છે.

મીરા ભટ્ટ

મીરા પાટણમાં હતી ત્યારથી ભૂદાનમાં રસ લેતી. પછી તો વિનોબાજી સાથે ત્રણ-ચાર વર્ષ રહી અને રિપોર્ટિંગનું સારું કામ કર્યું. યાત્રામાં જ અરુણ સાથે અજમેર સંમેલનમાં લગ્ન કર્યાં. અધ્યાત્મ વિશે લખવામાં, સંકલિત કરવામાં, જુદા જુદા વિષયો વિશે લખવાની સારી ફાવટ આવી છે.

અરુણ ભટ્ટ

અરુણમાં ચીવટ છે. એક કામ પકડ્યું તો પછી તેને સારી રીતે પાર પાડવું. ભકત છે. સુંદર ભાવવાહી

રીતે ભજન ગાય છે. કંઠ સૂરીલો છે. નમ્રતા છે. સાતત્ય, ધીરજ અને ઉત્સાહથી કાર્ય કરે છે. શારીરિક શક્તિ પણ સારી છે. લાગણીવશ પણ છે.

જગદીશ શાહ

જગદીશ ૧૯૫૯માં ત્રિભેટામાં ગ્રામદાન અંગે સણાલી આવ્યો હતો. તરવરિયો છે. ડાયનેમિક છે. સૂઝ પણ સારી છે. સહિષ્ણુતા પણ છે. કલ્પનાશક્તિ પણ છે. અને નિષ્ઠાપૂર્વક કાર્ય કરવા પણ પ્રયત્ન કરે છે.

કાન્તિ શાહ

૧૯૬૦માં ભૂમિદાન પ્રવૃત્તિમાં આવ્યો. 'ભૂમિપુત્ર'નું કામ તેના માથે આવ્યું. ધીરે ધીરે તેની શક્તિઓનું દર્શન થયું. 'ભૂમિપુત્ર'નું સંચાલન સારી રીતે થવા માંડ્યું. એકાગ્રતાથી કામ કરવાની તેની શક્તિ છે. સમજ-વિવેક, સંકલન-આકલન કરવાની અને સમત્વ રાખવાની તેની શક્તિઓ સારી છે. મેધાશક્તિ છે. નમ્રતા પણ છે. તે વિનોબામય જ થઈ ગયો છે. વિનોબાના વિચારોનું વિશેષ દિગ્દર્શન કરાવે છે. વિનોબાભક્ત નહીં પણ તટસ્થ રીતે તેનું અવલોકન પણ કરે છે. વળી, દુનિયામાંથી ચારે બાજુથી કલ્યાણકારી મંગળ વિચારો પણ આપે છે.

નાનુ મજમુદાર

આજીવન બ્રહ્મચારી. વ્યાવહારિક રીતે પ્રામાણિકતાપૂર્વક કાર્યમાં દક્ષતા. વ્યાપક કૌટુંબિક સંબંધો. કોઈ પણ કામ તેને સોંપ્યું હોય, તો નિષ્ઠાપૂર્વક કાર્ય પૂરું પાડે. જવાબદારીપૂર્વક કરે. લગાર ખોટું ખર્ચ થતું હોય તો બૂમો પાડે. દરેકની ચિંતા કરે. સંકલ્પ કર્યો હોય તો કોઈ પણ ભોગે પાર પાડે. કોઈ પણ કામમાં ના નહીં. બધાંનું કામ કરે.

જગદીશ લાખિયા

જગદીશ-નાનુની જોડી. જગદીશ પણ આજીવન બ્રહ્મચારી. શાંત. જે કામ કરે તે નિષ્ઠાપૂર્વક કરે. નિષ્ઠાવાન. સેવાવૃત્તિ, નિરહંકારતા, સૌજન્ય, નમ્રતા વગેરે ગુણો.

મહેન્દ્ર ભટ્ટ

મહેન્દ્ર- બી.ઈ. (ઇલેક્ટ્રીક). દોઢ વર્ષ ભૂદાનમાં વડનગર રહ્યો. મહેનતુ. વૈજ્ઞાનિક દૃષ્ટિ. આગ્રહી. ધ્યેયની સ્પષ્ટતા. કલ્પનાશક્તિ સારી. તિતિક્ષાવાન. ભાવનાશાળી.

ઈશ્વરભાઈ પટેલ

ભાવનાશાળી. ગાંધી-વિનોબાના વિચારોથી રંગાયેલા. વિવેકી. સમજદાર. સામૂહિક કાર્યમાં ભાગ લેનારા. સર્વોદય વિચાર તરફ પ્રીતિ. તેનાથી કોઈ વિપરીત કરે, તો ચર્ચા પણ કરે.

રામુભાઈ પટેલ

રામુભાઈમાં આગવી સૂઝ છે. કોઈ પણ પ્રશ્ન હાથમાં લે, તે તુરત સમજી શકે છે. ગ્રામોદ્યોગો – ખાદી વિશે સારી પકડ છે. જોખમ લઈને સાહસ કરવાની વૃત્તિ છે. એકાંગી નથી. ઘણી બાબતોમાં રસ લઈ તે કામ કરવા તત્પર થાય છે.

વસંત શાહ

સાદો, સીધો, પ્રામાણિક, નિસ્પૃહી. કુદરતી ખોરાક તરફ પ્રીતિ. ટેકીલો. સાહિત્ય તરફ પ્રીતિ. પ્રેમાળ, ઉદાર.

શ્યામસુંદર પરીખ

શિક્ષક હતો પાટણમાં. ભૂદાનમાં રસ પડ્યો. શિક્ષકની નોકરી છોડી ભૂદાનમાં આવ્યો. લગભગ ૧૯૫૪ થી આવ્યો હશે. તેનામાં સ્થિરતા, ચિંતનશક્તિ, હિંમત, કોઠાસૂઝ, સંકલ્પશક્તિ, ધીરજ, ઉત્સાહ, ગમે તે પ્રસંગમાં શાંતિ વગેરે ગુણો છે.

ગંગાસ્નાનની પાવનકારી અનુભૂતિ

[આટલાં બધાં વરસોની ડાયરીઓ જોઈ, પણ તેમાં ક્યાંય ક્યારેય કશું મનોમાલિન્ય જોવા મળતું નથી. કોઈના માટે જરીકે ઘસાતો શબ્દ લખ્યો હોય કે કશુંક અશુભ કે હલકું વિચાર્યું હોય, એવો એક પણ દાખલો નથી. બસ, બધાંનું જ શુભ મંગળ વાંચ્છ્યું છે, બધું જ શુભ મંગળ જોયું છે.

અને છતાં આ બધું નર્યું ભજન-કીર્તન નથી. આમાં સતત એક ખોજ છે, એક સાધના છે, એક તડપન છે, એક તાલાવેલી છે, એક સક્રિય ચિંતનયાત્રા છે. આમાં એક એવી વ્યક્તિની ઝાંખી થાય છે, જે વ્યક્તિગત સાંસારિક ઉપાધિઓથી પર થઈ ગઈ છે, જે વ્યક્તિગત મહત્ત્વાકાંક્ષાઓ ને ઊઠવેઠથી ઉપર ઊઠી ગઈ છે, જે સંકુચિત ને સંકીર્ણ મનોદશામાંથી નીકળી જઈને સમસ્ત સમાજના ને સૃષ્ટિના હિત-ચિંતનમાં જ રત થઈ ગઈ છે. એક સામાન્ય જ વ્યક્તિ, પણ ગાંધી-વિનોબાના અને સર્વોદયના વિચારે તેને એક વિશાળ ફલક ઉપર વિચારતી ને સદાય મથ્યા કરતી કરી મૂકી છે. આ સમાજમાં પરિવર્તન આવવું જોઈએ. અર્થકારણ, રાજકારણ, સમાજકારણ બધું ધરમૂળથી બદલાવું જોઈએ. સર્વનો ઉદય સધાવો જોઈએ. બસ, પળે પળે ને ક્ષણે ક્ષણે આનું જ ચિંતન; આ અંગે જ તીવ્ર મંથન, અને આ માટે જ હરવું-ફરવું, હાલવું-ચાલવું, સમાજમાં હળવું-મળવું, જાતજાતની પ્રવૃત્તિઓ ઉપાડવી, સમાજને સાથે લેવા મથવું. એક ચિંતન સર્વસ્વ તેમજ જીવન સર્વસ્વ સમર્પિત કરી ચૂકેલો સર્વોદય કાર્યકર કેવો હોય, તેનું સુમંગલ દર્શન આમાં થાય છે.

પરંતુ આમાં ક્યાંય કહેતાં ક્યાંય કર્મનો કેફ કે રજોગુણી જોશ-જુસ્સો નથી. એક ભક્તની કર્મસ્વરૂપે નિરંતર ચાલતી આધ્યાત્મિક સાધના છે, એક અસ્ખલિત ચાલતું કીર્તન છે. વળી, તે જ્ઞાનયોગથી વંચિત નથી. આ વિચારને લગતું, આ કામને લગતું, આ જીવન-સાધનાને લગતું વાંચન એમનું સદાય ચાલતું રહ્યું છે. સતત કર્મની વચ્ચે પણ સમય કાઢીને એમણે પુસ્તકોના ઊંડા અભ્યાસ કર્યા છે, ચિંતન-મનન કર્યું છે, જાતને પર્યાપ્તપણે માહિતીસભર અને જ્ઞાનયુક્ત રાખવા કોશિશ કરી છે. આ ડાયરીઓમાં વચ્ચે વચ્ચે આવી અભ્યાસની નોંધો પણ છે અને જુદી નોટબૂકોમાં રીતસરના અધ્યયનની નોંધો પણ છે.

ઉદાહરણ રૂપે આ ડાયરીઓમાં અને અન્ય નોંધોમાં જોવા મળે છે —સંસ્કૃત ભાષા વધારે ઊંડાણથી શીખવા માટે કુલ ૧૧૧૧ ધાતુ, રૂપ, અર્થની કરેલી બૃહદ્ નોંધ. 'વિષ્ણુસહસ્રનામ'નું અધ્યયન કરતાં તેનાં નામ, શબ્દાર્થ અને ભાષ્ય સાથેની પૂરેપૂરાં હજાર નામોની ૪૬ પાન ભરેલી નોંધ. 'ગીતાઈ' (મરાઠી)નું અધ્યયન કરતાં અઢારે અઢાર અધ્યાયના અઘરા મરાઠી શબ્દોના ગુજરાતી અર્થોની નોંધણી. મૂળ સંસ્કૃત ગીતાનું અધ્યયન કરતાં આવી જ રીતે અઘરા સંસ્કૃત શબ્દોના ગુજરાતી અર્થોની નોંધણી. સંસ્કૃત-મરાઠી-હિંદી ગીતાની સરખામણી. ઈશોપનિષદ, કેનોપનિષદ, કઠોપનિષદ વગેરે ઉપનિષદોના અધ્યયનની નોંધો. 'કુરાન'ના અધ્યયનની નોંધો. વાંચેલાં પુસ્તકોમાંથી કરેલા ઉતારા. તૉલ્સ્તૉયનું 'સ્લેવરી ઑફ અવર ટાઇમ્સ' પુસ્તક વાંચીને દસેક પાનમાં ગુજરાતીમાં તારવી લીધેલો તેનો સાર. 'One Straw Revolution' વાંચીને ઉતારા અને સજીવ ખેતી વિશે વીસેક પાન ભરીને નોંધ. તેમાં ખાતર વિશે, બાયોડાયનેમિક ખેતી વિશે, ઘેર બેઠાં લીલા ચારા વિશે ઉપયોગી વિગતો. એક વાક્ય ખાસ નોંધ્યું છે— 'ખેતીનો અલ્ટીમેટ ગોલ અનાજ ઉગાડવું એટલો જ નથી, પણ ખાસ કરીને કલ્ટીવેશન ઍન્ડ પરફેક્શન ઑફ હ્યુમન બીયીંગ છે.' આ ઉપરાંત, કામ કરવા અંગેનું વિગતવાર પ્લાનિંગ, જુદી જુદી વાતો લોકો સમક્ષ કઈ રીતે મૂકવી, તે અંગેની નોંધો. કોને ખબર, બીજી આવી કેટલીય નોંધ આઘીપાછી પણ થઈ ગઈ હોય.

આ બધું જ્ઞાન-કર્મ-ભક્તિનો સુભગ સુયોગ સૂચવી જાય છે. એમનો અભિગમ વૈજ્ઞાનિક રહ્યો છે. એક સમાજ-વિજ્ઞાનીની અદાથી એમણે આંદોલનનાં કામો કર્યાં છે. તેમાં એમણે શક્તિનું બુંદ-બુંદ ખરચ્યું છે. અને આ બધું જ ઈશ્વરને સમર્પિત કરી દીધું છે. આ ડાયરીઓમાં એકધારું એક ધ્રુપદ ઘૂંટાતું રહ્યું છે —જે કરે-કરાવે છે, તે ઈશ્વર જ કરે-કરાવે છે, આ શરીર તો તેના હાથનું સાધન છે. એ જ પ્રેરણા આપે છે. આનું પરિણામ પણ એના જ હાથમાં છે. ઈશ્વર એની ઇચ્છા પ્રમાણે આ સાધનનો ઉપયોગ કરે. આપણે લગીરે પ્રમાદ કર્યા વિના ચિત્તશુદ્ધિ કર્યા કરીએ અને એના હાથના ઓજાર બની રહીએ.

ખરે જ, ડાયરીઓનું વાંચન શીતલ, શાતાદાયી, પાવનકારી ગંગાસ્નાનનો અનુભવ કરાવી જાય છે.

ક્રાન્તિ]

ગાંધી-વિચારમાં માનનારાઓ સામે
મુખ્ય ધ્યેય છે, જનતાને જગાડવાનું
અને રાજ્યનો ક્ષય કરવાનું.

આત્મ-નિર્ભર ગામડાંઓ જો નહીં ઊભાં કરી શકીએ,
તો ગાંધીનું નામ અને કામ બેઉ ભૂંસાઈ જશે.

ગાંધી જો જીવશે,
તો આવાં ગામડાંઓ મારફત જીવશે.

અહિંસક સંસ્કૃતિ જો લાવવી હશે,
તો તે આત્મનિર્ભર ગામડાંને આધારે જ લાવી શકાશે.

આપણી પોતાની શક્તિથી ગામને ઉન્નત કરી રહ્યા છીએ,
એમ લોકોને લાગવું જોઈએ.

ગ્રામ-સંસ્કૃતિ એ ભારતની અસલ સંસ્કૃતિ છે.
ગ્રામસ્વરાજમાં તેને પુનર્જીવિત કરવાની છે.

આ ગ્રામ-સંસ્કૃતિનું નવસંસ્કરણ કરવાનું છે,
અને તેને પરિપુષ્ટ કરવાની છે.

ગામડાંને પરિપુષ્ટ કરીને
એમનામાં પરિપુષ્ટ વિશ્વનું દર્શન કરાવવાનું છે.
વિશ્વં પુષ્ટં ગ્રામે અસ્મિન અનાતુરમ્.
જય ગ્રામસ્વરાજ ! જય જગત્ !

૦ વિનોબા ૦